कामंदकीय-नीतिसार

(ગુજરાતી ભાષાંતર સાથે)

ભાષાંતરકર્તા

સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ

તથા

શાસ્ત્રી પ્રાણજીવન હરિહર

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં

મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કીધું,

સાસુન બિલ્ડિંગ, સર્કલ, ફોર્ટ-**મુંબઈ**

સંવત્. ૧૯૭૧ સન. ૧૯૧૫

કિંમત રૂ. ૧-૮-૦

પ્રસિદ્ધકર્તાએ સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે

પ્રસ્તાવના

નીતિશાસ્ત્રની મહત્તા

નીતિશાસ્ત્રના મહાન્ ઉપદેશક અને વ્યવહારમાં તેને ચરિતાર્થ કરનારા, ચાણક્ય અર્થશાસ્ત્રના વિદ્યાસમુદ્દેશ નામના પ્રકરણમાં ધર્મની અને અર્થની પ્રાપ્તિ કરાવનારી ચાર વિદ્યાનું વર્ણન કરતાં કહે છે કેઃ–તત્વ વસ્તુનું સ્વરૂપ જાણવામાટે આન્વીક્ષિકી, ધર્માધર્મનું સ્વરૂપ જાણવા માટે ત્રયી, અર્થનું અને અનર્થનું સ્વરૂપ જાણવા માટે વાર્તા, અને ન્યાયાન્યાયનું સ્વરૂપ જાણવા માટે દંડનીતિ નામની વિદ્યા છે. તેમાંની પ્રથમની ત્રણ વિદ્યાના યોગનો તથા ક્ષેમનો આધાર દંડનીતિના ઉપર છે. અર્થાત્ બીજી વિદ્યાઓ દંડનીતિને આધારે ટકી રહેલી છે. આ દંડનીતિનું બીજું નામ નીતિશાસ્ત્ર છે. તે વિષય ઉપર બૃહસ્પતિએ, શુક્રે, પરાશરે, નારદે, વિશાલાક્ષે એમ ઘણા ઋષિમુનિઓએ અને પંડિતોએ ઘણા ગ્રંથો રચ્યા છે. પરંતુ તે ગ્રંથો હમણા ઉપલબ્ધ થતા નથી. માત્ર અર્વાચીન પંડિતોના રચેલા નીતિશાસ્ત્રના ગ્રંથોમાં તેઓનાં છૂટાં છવાયાં મતો સંગ્રહરૂપે દૃષ્ટિએ પડે છે. આ મતોનો સંગ્રહ ચાણક્યે રચેલા અર્થશાસ્ત્ર નામના નીતિશાસ્ત્રમાંથી મળી આવે છે. નીતિવિશારદ ચાણક્યે અર્થશાસ્ત્રમાં નીતિવિદ્યાનો વિસ્તારથી વિચાર કર્યો છે. કારણ કે નીતિશાસ્ત્ર, એ અર્થશાસ્ત્રનું એક અંગ ગણાય છે, અને તેમાં ભૂમિને સંપાદન કરવાના, સંપાદન કરેલી ભૂમિની રક્ષા કરવાના, તથા રક્ષણ કરેલી ભૂમિની વૃદ્ધિ કરવાના ઉપાયોનો તથા તેને અંગે વ્યાપારની વ્યવસ્થાના ઉપાયોનો પણ ઉપદેશ કર્યો છે. પરંતુ આ ઉપાયોનો યથાર્થ નિર્વાહ લોકવૃત્તિના નિયમનથી જ થઈ શકે છે, અને લોકવૃત્તિના નિયમનનો આધાર દંડનીતિના ઉપર છે. માટે દંડનીતિની જગતમ ઘણી જ જરૂર છે. ચાણક્ય, અર્થશાસ્ત્રમાં દંડનીતિનાં વખાણ કરતાં કહે છે કેઃ–आन्वीक्षिकीत्रयीवार्तानां योगक्षेमसाधनो दंडस्तस्य नीतिः 'दंडनीतिः' ત્રણ વિદ્યાના યોગક્ષેમનો આધાર દંડના ઉપર છે, તે દંડની નીતિ તે દંડનીતિ. આ દંડનીતિનું ચાણક્યના અર્થશાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું

છે. કામંદકે એ અર્થશાસ્ત્રમાંથી માત્ર સાર ગ્રહણ કરીને આ **નીતિસાર** નામનો ગ્રંથ રચ્યો છે, અને તેમાં રાજધર્મનો વિસ્તારથી ઉપદેશ કર્યો છે.

ગ્રંથનો વિષય

આ નીતિસારનાં એકંદર વીશ સર્ગ અને છત્રીશ પ્રકરણ છે. પ્રથમ સર્ગમાં દેશ ઉપર ધર્મનિષ્ઠ રાજાની આવશ્યકતા દર્શાવી છે; રાજાને જિતેંદ્રિય થઇને ન્યાયથી પ્રજાનું પાલન કરવાનો ઉપદેશ કર્યો છે, વિષયાધીન પ્રાચીન રાજાઓનાં દૃષ્ટાંતો આપીને વિષયાધીન રાજાનો અધઃપાત દર્શાવ્યો છે, અને વિદ્યા તથા વિનય શિખવામાટે રાજાને વિદ્યાવૃદ્ધોનો સમાગમ કરવાનો ઉપદેશ કર્યો છે.

બીજા સર્ગમાં વિદ્યાવિભાગ, વર્ણાશ્રમવ્યવસ્થા, અને દંડમાહાત્મ્યનું વર્ણન છે; તેમાં **આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા** અને **દંડનીતિ** આ ચાર વિદ્યાનું સ્વરૂપ દર્શાવ્યું છે; પ્રથમની ત્રણ વિદ્યાના યોગક્ષેમનો દંડનીતિના ઉપર આધાર દર્શાવીને દંડનીતિનાં વખાણ કર્યાં છે; વર્ણધર્મ તથા આશ્રમધર્મનો ઉપદેશ કરીને તેની રક્ષાનો ભાર રાજાના ઉપર મૂકયો છે; અને દંડમાહાત્મ્યમાં રાજાને ન્યાયથી દંડનો ઉપયોગ કરવાનો ઉપદેશ કર્યો છે.

ત્રીજા સર્ગમાં આચારની વ્યવસ્થા કહી છે, અને સત્પુરુષનાં વ્રત આચરવાનો રાજાને ઉપદેશ કર્યો છે.

ચોથા સર્ગમાં પ્રકૃતિમંડળની એટલે ૧ રાજા, ૨ અમાત્ય, ૩ રાષ્ટ્ર, ૪ કિલ્લો, ૫ કોશ (ભંડાર), ૬ સૈન્ય, અને, ૭ મિત્ર આ સાત રાજ્યનાં અંગના ગુણોનું વર્ણન કર્યું છે; રાજાના આભિગામિક ગુણોનું–જે ગુણોને લીધે બીજાઓ રાજાની પાસે આવવાને લલચાય તેવા ગુણોનું–તથા રાજાના આત્મગુણોનું એટલે ખાસ ગુણોનું વર્ણન કર્યું છે; તે પછી અમાત્યાદિક પ્રકૃતિમંડળના ગુણો વર્ણવ્યા છે.

પાંચમા સર્ગમાં સ્વામી (રાજા) અને સેવકના ધર્મનું વર્ણન કર્યું છે.

છઠ્ઠા સર્ગમાં કંટક શોધનના ઉપાયો કહ્યા છે.

સાતમા સર્ગમાં રાજકુમારોને વશ કરવાના ઉપાયો કહ્યા છે; રાજાને શત્રુઓના તરફ સાવધાન રહેવાનો ઉપદેશ કર્યો છે; વિષવાળાં

અન્ન, વસ્ત્ર, અલંકાર વગેરેની પરીક્ષા કરવાના ઉપાયો વર્ણવ્યા છે; રાણીવાસમાં રાખવા યોગ્ય સ્ત્રીઓનું તથા પુરુષોનું વર્ણન કર્યું છે, અને દિવસના આઠ વિભાગ પાડીને રાજાનાં કર્તવ્ય કર્મનો નિર્ણય કર્યો છે.

આઠમા સર્ગમાં બાર રાજમંડળનો વિચાર કરીને તેના સંબંધમાં પ્રાચીન નીતિવેત્તા વિદ્વાનોના મત દર્શાવ્યા છે; તે પછી રાજ્યમંડળનું કર્તવ્ય તથા વિજિગીષુ રાજાના ગુણોનું વર્ણન કર્યું છે.

નવમા સર્ગમાં સંધિનું વિવેચન કરતાં કોની સાથે સંધિ કરવો અને કોની સાથે ન કરવો, તે વિશે સમજાવ્યું છે.

દશમા સર્ગમાં વિગ્રહનું સ્વરૂપ, તેના પ્રકાર વગેરે દર્શાવીને છેવટમાં વિગ્રહ નહિ કરવો, આમ કામંદક ઉપદેશ કરે છે; અને કહે છે કે:–

" आगतं विग्रहं विद्वान् उपायैः प्रशमं नयेत् ।
विजयस्य ह्यनित्यत्वात् रभसेन न संपतेत् ॥

"વિગ્રહ કરવાનો સમય આવે તો પણ વિદ્વાન્ રાજાએ સામાદિક ઉપાયથી વિગ્રહને શાંત પાડવો; કારણ કે યુદ્ધમાં વિજય અનિત્ય છે, માટે ઉતાવળા થઈને યુદ્ધમાં પડવું નહિ."

અગ્યારમા સર્ગમાં યાન (ચઢાઈ), આસન, સંશ્રય, દ્વૈધીભાવ વગેરેનાં સ્વરૂપો તથા ભેદો વર્ણવ્યા છે, અને તેનો ઉપયોગ કરવાની વાત કહી છે.

સર્ગ બારમામાં મંત્રનાં વખાણ કરતાં કહે છે કે, જે કાર્ય મંત્રથી થઈ શકે છે તે કાર્ય પરાક્રમથી થઈ શકતું નથી, પરંતુ મંત્રને ગુપ્ત રાખવો જોઇએ; ઉઘાડો પડી જવાથી મંત્ર રાજાનો અને તેનાં કાર્યનો નાશ કરે છે; રાજાને વિદ્વાન્ મંત્રીની આજ્ઞામાં રહેવાની, નિરભિમાનીપણે સર્વની સાથે વર્તવાની, તથા સુભાષિત જાણવાની ઇચ્છાથી સર્વનું સાંભળવું, આવી ભલામણ કરી છે.

સર્ગ તેરમામાં પરદેશી રાજાના રાજ્યમાં દૂતો મોકલવાનું કહે છે; અને તે પ્રસંગે પ્રકટ અને ગુપ્ત એમ બે પ્રકારના દૂતોએ પરરાજ્યમાં જઇને ત્યાંના રાજાની હીલચાલ જાણવી, અને તેનાથી પોતાના રાજાને જાણીતો કરવો, વગેરે વિષયો વર્ણવ્યા છે.

ચૌદમા સર્ગના આરંભમાં ઉત્સાહનાં વખાણ કરીને રાજાને ઉત્સાહી થવાની ભલામણ કરી છે; તે પછી પ્રકૃતિનાં એટલે રાજ્યનાં સાત અંગનાં કર્મ વર્ણવ્યાં છે; પ્રથમ રાજાનાં, તે પછી અમાત્યનાં, તે પછી દેશનાં, તે પછી કિલ્લાનાં, તે પછી કોશનાં, તે પછી સૈન્યનાં, અને તે પછી મિત્રનાં કર્મ કહ્યાં છે. તે પછી પ્રકૃતિનાં વ્યસનોનું વર્ણન કર્યું છે.

પંદરમા સર્ગમાં વ્યસનો ગણાવતાં જુગારને તથા મૃગયાને મોટાં વ્યસન કહ્યાં છે; રાજા અરણ્યમાં મૃગયા કરવાને જાય, તેથી કામંદક વિરુદ્ધ છે. તે કહે છે કે, રાજાને જો મૃગયા રમવાનો શોખ હોય તો તેણે નગરની પડોસમાં જ મૃગયારણ્ય બનાવીને તેમાં મૃગયા ખેલવી, પરંતુ દૂર અરણ્યમાં જઈને મૃગયા ખેલવી નહિ. આમ કહીને કામંદકે મૃગયાના દોષો દર્શાવ્યા છે.

સોળમા સર્ગમાં યાત્રાનું વર્ણન કર્યું છે, યાત્રાને યોગ્ય ઋતુઓ દર્શાવી છે, લઢાઈ વખતે આગલા ભાગમાંથી અથવા તો પાછળના ભાગમાંથી શત્રુઓ ચઢી આવે છે, તે વિશે રાજાનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ચઢાઈ કરતી વખતે બાહ્ય કોપ તથા આભ્યંતર કોપ ઉભો થાય તો તેને સમાવવા વિશે તથા કાર્યમાં વિઘ્ન કરનારા અમુક અમુક વ્યસનોનું, અને વિજિગીષુ રાજાના આત્મગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

સત્તરમા સર્ગમાં છાવણીઓ નાંખવાની, ખાઇઓ ખોદવાની, તથા છાવણીને માટે શુભ અશુભ શકુન જોવાની વાત કહી છે.

અઢારમા સર્ગમાં સામ, દામ, ભેદ, દંડ, માયા, ઉપેક્ષા, અને ઇંદ્રજાળ આ સાત ઉપાયનો પ્રયોગ કરવાનું કહ્યું છે.

ઓગણીશમા સર્ગમાં મૌલ (પરંપરાથી ઉતરી આવેલું) સૈન્ય, ભૃત (પગારદાર) સૈન્ય, શ્રેણી સૈન્ય (નગરજનોમાંથી ઉભું થયેલું સૈન્ય), મિત્રસૈન્ય, શત્રુના શત્રુનું સૈન્ય, અને જંગલી સૈન્ય, આ છ પ્રકારનાં સૈન્યનો તથા તેના બળનો અને નિર્બળતાનો વિચાર કર્યો છે, કયો સૈન્યનો કયાં ઉપયોગ કરવો તે વાત કહી છે, તે પછી સેનાપતિનું સ્વરૂપ અને તેનાં કર્તવ્ય દર્શાવ્યાં છે, ચઢાઈમાં આવી પડનારા સંકટમાંથી સૈન્યની રક્ષા કરવાની વાત કહી છે, અને શત્રુના સૈન્યનો નાશ કરવાનું કહ્યું છે; તે પછી કપટ યુદ્ધનો તથા પ્રકાશ યુદ્ધનો સમય દર્શાવ્યો છે.

વીશમા સર્ગના આરંભમાં, હાથી, ઘોડા, રથ અને પાયદળ સૈન્યનાં કર્મ દર્શાવ્યાં છે; હાથી ઘોડા, રથ અને પાયદળ સૈન્યને લઢવા યોગ્ય ભૂમિનું વર્ણન કર્યું છે; રણભૂમિ ઉપર પરાક્રમ કરનારા પુરુષોને દાન (ઇનામ) આપવાની વાત કહી છે; સૈન્યના ભિન્ન ભિન્ન વ્યૂહોની રચના કરવાની રીત કહી છે; જાહેરમાં યુદ્ધ કેમ કરવું તે કહ્યું છે, અને તે પ્રસંગે હસ્તિસૈન્યનાં વખાણ કર્યાં છે. પૂર્વે સેનાનાં ચાર અંગ હોવાથી સેના ચતુરંગિણી કહેવાતી હતી, અને તેમાં હાથી પણ સેનાનું એક અંગ ગણતા હતા. આ રીવાજ છેક મુસલમાની રાજ્યના કાળ સૂધી હતો. પરંતુ ધીરેધીરે સેનામાંથી હાથીઓનાં માન ઓછાં થઈ ગયાં, અને અત્યારે તેનું નામનિશાન પણ રહ્યું નથી. કામંદક જે સમયનાં હસ્તિસૈન્યનાં વખાણ કરે છે, તે ચંદ્રગુપ્તનો રાજ્યસમય હતો, અને તેના સમયમાં હસ્તિસૈન્યનું ઘણું જ માન હતું.

આ રીતે કામંદકે આ નીતિસારમાં રાજધર્મનું ઉદારતાથી વર્ણન કર્યું છે. આ ગ્રંથ રાજાઓને તેમ જ શ્રીમાનોને શ્રવણ અને મનન કરવા યોગ્ય છે. આ ગ્રન્થમાં વર્ણવેલી નીતિ પ્રમાણે વર્તવાથી રાજા જેમ ધર્મ, અર્થ અને કામનો ભાગી થઇને પોતાના દેશની તથા પ્રજાની ઉન્નતિ કરે છે, તેમ જ શ્રીમાન્ પણ પોતાના ગૃહરાજ્યની ઉન્નતિ કરીને ધર્મ, અર્થ અને કામનો ભાગી થાય છે.

ગ્રંથની ભાષા

આ નીતિસાર શ્લોકબદ્ધ છે; તેમાં અનુષ્ટુપ્‌વૃત્ત વિશેષ છે; ગ્રન્થની ભાષા પ્રાયશઃ મનુસ્મૃતિ, ચરક, સુશ્રુતના જેવી છે; ટુકાં ટુકાં વાક્યોમાં ઘણી વાતો કહી છે, વાણી ગંભીરા અને અર્થ્યા છે; આરંભમાં વાંચનારાને ભાષા સરળ જણાય છે, પરંતુ જેમ જેમ તેમાં અવગાહન કરવામાં આવે છે, તેમ તેમ તેનું ગાંભીર્ય જાણવામાં આવે છે.

કામંદકનો સમય

કામંદકના સમયને માટે અનેક મત છે. કોઈ તેને ઇ. સ. ના છઠ્ઠા શતકની પૂર્વનો કહે છે, કોઈ તેને ઇ. સ. ચોથા શતકની પૂર્વેનો

કહે છે. ત્યારે કેટલાએક તેને ચાણક્યના સમયનો અને ચાણક્યનો જ શિષ્ય હતો, આમ પણ કહે છે. ભવભૂતિ ઇ. સ. ના સાતમા શતકના ઉત્તરાર્દ્ધમાં હતો, અને તે કાન્યકુબ્જના રાજા યશોવર્માની રાજસભાનો પંડિત હતો. તેણે પોતાના માલતીમાધવ નામના પ્રકરણમાં માલતીને અને માધવને મેળવનારી નીતિનિપુણા જરત્પરિવ્રાજીકાનું નીતિસારના કર્તા કામંદકના નામ ઉપરથી કામંદકી એવું નામ પાડ્યું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, કામંદક કવિ ભવભૂતિની પૂર્વે થયો હશે. ઈ. સ. ના છઠ્ઠા શતકમાં થયેલો કવિ દંડી દશકુમારના પ્રથમ ઉચ્છ્વાસમાં દશકુમારોના નીતિશાસ્ત્રના અભ્યાસનું વર્ણન કરતાં કામંદકીયનીતિનું પણ સ્મરણ કરે છે, અને કહે છે કે:–"कौटिल्यकामंदकीयादिनीतिपटलकौशलम् રાજકુમારોએ કૌટિલ્યનાં અને કામંદકના નીતિશાસ્ત્રમાં પણ કુશળતા મેળવી હતી." આ લેખ ઉપરથી સિદ્ધ થાય છે કે, કામંદક ઇ. સ. ના છઠ્ઠા શતકની પણ પૂર્વે હતો.

રા. રાજેંદ્રલાલ મિત્ર જણાવે છે કે:–ડા૦ ક્રૂઝરીકે વાલી દ્વીપના સંસ્કૃત સાહિત્યના સંબંધમાં એક રિપોર્ટ કર્યો છે. તેમાં તે જણાવે છે કે,–પ્રાચીન ગ્રંથોની શોધખોળ કરનારા ક્રાફર્ડે અને સર સ્ટેમ્ફોર્ડ રેફલ્સે વાલી દ્વીપના પ્રાચીન પુસ્તકોની શોધખોળ કર્યા પછી પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે:–"હિંદુઓ બૌદ્ધોના ભયથી કેટલાંએક સંસ્કૃત પુસ્તકો, જેમાં આ કામંદકવિરચિત નીતિસાર પણ હતો, તે પુસ્તકોને લઇને ઇ. સ. ના ચોથા શતકમાં વાલી દ્વીપમાં નાશી ગયા હતા, અને તે પછી તેઓને પાછા હિંદુસ્તાનમાં આવવાનો સમય મળ્યો જ નથી."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે,–વાલી દ્વીપમાં ગયેલાં પુસ્તકો ઇ. સ. ના ચોથા શતકની પણ પૂર્વનાં હોવાં જોઇએ. આ પુસ્તકોમાં કામંદકનીતિસાર નામનો ગ્રંથ પણ હતો.

મી૦ એન. જી. સરદેશાઇએ બે વર્ષ પહેલાં વાલી દ્વીપની મુલાકાત લીધી હતી, અને તે વખતે તેમણે ત્યાંના પંડ્યા લોકોની પાસે જે જે પ્રાચીન પુસ્તકો જોયાં હતાં, તે વિશે મોડર્ન રિવ્યુના ઇ. સ. ૧૯૧૪ના જુલાઇના અંકમાં એક લેખ લખ્યો છે, તેમાં તેઓ જણાવે છે કે;–'હું વાલીદ્વીપમાં ગયો હતો અને પ્રથમ ત્યાંના પંડ્યા લોકોને મળ્યો હતો. તે પછી ત્યાંના વૃદ્ધ

રાજા કે જે હિંદુ છે તેને મળ્યો હતો. તે તદ્દન સાદી જીંદગી ગુજારે છે. હું તેને મળવાને ગયો ત્યારે તે સાદા પોશાકમાં જમીન ઉપર બેઠો હતો. તે પછી મેં તેના કુમારની મુલાકાત લીધી અને પ્રાચીન પુસ્તકોના સંબંધમાં તેને પૂછયું. તે ઉપરથી તેણે મને મહાભારત, કામંદકનીતિ વગેરે પુસ્તકો બતાવ્યાં. આ પુસ્તકો તાડપત્ર ઉપર લોઢાની કલમથી લખેલાં છે. તેના દેશની કવિના નામથી ઓળખાતી લિપિમાં આ પુસ્તકો લખેલાં છે, અને તેની ભાષા સંસ્કૃત છે. પંજા લોકો પુસ્તકો વાંચે છે, પરંતુ તેઓના ઉચ્ચાર શુદ્ધ નથી. આપણા દેશમાં જેમ ભગવદ્ગીતાનો અભ્યાસ કરવામાં આવે છે, તેમ ત્યાં કામંદકની નીતિનો અભ્યાસ કરવામાં આવે છે.

આ સર્વ સંદર્ભ ઉપરથી સિદ્ધ થાય છે કે, કામંદક વિરચિત નીતિસાર ઇ. સ.ના ચોથા શતકની પણ પૂર્વનો હોવો જોઇએ; પરંતુ આવા અનુમાનોથી કામંદકના કાળનો નિર્ણય કરવા કરતાં કામંદકના ગ્રંથ ઉપરથીજ તેના સમયનો નિર્ણય કરવો, એ વિશેષ પ્રમાણ ગણાય. કામંદકે પંડે જ પોતાના સમયનો નિર્ણય પોતાનાં નીતિસારમાં કર્યો છે. 'કામંદક' આ ગ્રંથ દંડનીતિનો હોવાથી ગ્રંથારંભમાં 'દંડધારી રાજાનો વિજય થાઓ!' આમ મંગળ કરીને નીતિશાસ્ત્રના કર્તા વિષ્ણુગુપ્તને પ્રણામ કરે છે, અને બીજા સર્ગમાં વિદ્યાવિભાગ નામનાં પ્રકરણમાં ચાર વિદ્યાનું વર્ણન કરીને મનુના શિષ્ય વગેરેનો મત દર્શાવીને, છેવટે ચાણુક્યનો મત દર્શાવતી વખતે કહે છે કે:–विद्याश्चतस्र एवैता इति नो गुरुदर्शनम् આ ચારેય વિદ્યા પ્રધાન છે, આવો અમારા ગુરુનો મત છે. આ શ્લોકમાં કામંદક ચાણુક્યના દર્શનને ગુરુનું દર્શન કહે છે. એટલું જ નહિ, પરંતુ જ્યાં જ્યાં મતદ્વૈધ પડે છે ત્યાં ત્યાં કામંદક, ચાણુક્યના મતને સિદ્ધાંત તરિકે દર્શાવે છે. જો ચાણુક્ય કામંદકના ગુરુ ન હત, અને કામંદક માત્ર તેના સંપ્રદાયને જ અનુસરનારો હત તો તે તેને ગુરુ કહેત નહિ, પરંતુ આચાર્ય કહેત. જ્યાં જ્યાં સમર્થ વિદ્વાનોના અને પ્રાચીન પંડિતોનાં મતોનો ઉપન્યાસ કરવામાં આવે છે, ત્યાં ત્યાં પંડિતો 'इत्याचार्याः' આમ કહીને તેઓના મતોનો ઉપન્યાસ કરે છે, પરંતુ इति गुरवः એમ લખવાનો સંપ્રદાય નથી. મનુસ્મૃતિમાં ગુરુ શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે:–

विवेकादीनि कार्याणि यः करोति यथाविधि ।
संभावयति चान्नेन स विप्रो गुरुरुच्यते ॥

જે બ્રાહ્મણ યથાવિધિ ગર્ભાધાનાદિક સંસ્કારો કરે છે અને અન્નથી પોષણ કરે છે તે બ્રાહ્મણ ગુરુ કહેવાય છે. કામંદક ચાણક્યનો, ચાણક્યના નામથી વ્યવહાર નહિ કરતાં, ગુરુ શબ્દથી વ્યવહાર કરે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે તે ચાણક્યનો શિષ્ય હતો.

ચાણક્યે ઇ. સ.ની પૂર્વે ત્રીજા શતકમાં નવ નંદોને મારીને તેના રાજ્યાસન ઉપર ચંદ્રગુપ્તનો અભિષેક કર્યો હતો, અને તે પછી ચંદ્રગુપ્તને ભણાવવા માટે તેણે અર્થશાસ્ત્ર રચ્યું હતું. જુઓ કૌટિલીય અર્થશાસ્ત્રમાં:–

"सर्वशास्त्राण्युपक्रम्य प्रयोगान्तुपलभ्य च ।
कौटिल्येन नरेंद्रार्थे शासनस्य विधिः कृतः ॥

"સર્વ શાસ્ત્ર સમજીને તથા તેમાં કહેલા પ્રયોગોને જાણીને કૌટિલ્યે નરેંદ્રને માટે આ શાસ્ત્ર રચ્યું છે."

"येन शास्त्रं च शस्त्रं च नंदराजगता च भूः ।
अमर्षेणोद्धृतान्याशु तेन शास्त्रमिदं कृतम् ॥

"જેણે શાસ્ત્રનો તથા શસ્ત્રનો ઉદ્ધાર કર્યો હતો તથા જેણે નંદ રાજાની પાસે રહેલી ભૂમિનો અમર્ષથી તુરત ઉદ્ધાર કર્યો હતો, તેણે આ શાસ્ત્ર રચ્યું છે."

ચાણક્યે ચંદ્રગુપ્તને ભણાવવા માટે રચેલું આ અર્થશાસ્ત્ર ઘણું જ કઠિન અને વિસ્તારવાળું છે, તથા તેમાં રાજનીતિ ઉપરાંત બીજા વિષયોનું પણ વર્ણન છે. કામંદકે રાજાઓને અને શ્રીમાનોને સંક્ષેપમાં નીતિવિદ્યાનો ઉપદેશ કરવાના હેતુથી તે અર્થશાસ્ત્રમાંથી સાર લઇને આ નીતિસાર નામનો ગ્રન્થ પોતાના ગુરુની હયાતીમાં જ રચ્યો જણાય છે અને ગ્રંથ રચાયા પછી ધીરે ધીરે રાજમંદિરોમાં અને પાઠશાળાઓમાં પઠનપાઠનમાં તેનો સમાદર થયો હોય એમ જણાય છે. ઇ. સ. ના આરંભ પછી આ ગ્રંથની પણ પ્રતિષ્ઠિત નીતિશાસ્ત્રના ગ્રંથોમાં ગણના થયેલી હોવી જોઇએ. તે પછી પ્રખ્યાત સંસ્કૃત કવિઓએ તથા ગ્રંથકારોએ આ ગ્રંથના નામનો ઉલ્લેખ કરીને તથા આ ગ્રંથમાંથી નીતિશાસ્ત્રના વિચા-

રોનો અને શ્લોકોનો સંગ્રહ કરીને કામંદકની પ્રતિષ્ઠામાં ઘણો જ વધારો કર્યો છે. કવિ દંડી દશકુમારમાં કામંદકનું કૌટિલ્યની સાથે સ્મરણ કરે છે. ભવભૂતિ પણ માલતીમાધવ નામના પ્રકરણ ગ્રંથમાં તેની નીતિનિપુણતા ઉપર પ્રસન્ન થઈને માલતીમાધવને મેળવનાર નીતિનિપુણા જરત્પ્રવ્રાજીકાનું કામંદકી એવું નામ પાડીને કામંદકની નીતિનિપુણતા દર્શાવે છે. કવિવર વામન સૂત્રાલંકાર નામના પોતાના ગ્રંથમાં યમકના ઉદાહરણમાં કામંદકની નીતિનું સ્મરણ કરતાં કહે છે કે:—

हंत हंतररातीनां धीरधीरचिता तव ।
कामं कामंदकी नीतिरस्या रस्या दिवानिशम् ॥

શુક્રનીતિના સંગ્રહકર્તાએ શુક્રનીતિમાં અને પંચતંત્રના કર્તાએ પંચતંત્રમાં, કેટલાએક શ્લોકોનો સંગ્રહ કરીને કામંદકની પ્રતિષ્ઠામાં વિશેષ વૃદ્ધિ કરી છે. આજે પ્રાચીન નીતિશાસ્ત્રનો જો કોઈ પણ ગ્રંથ હોય તો તે કામંદકીય નીતિસાર છે. પંચકાવ્યના ટીકાકર્તા મલ્લિનાથ તથા બીજા ગ્રંથકારો તેનાં વચનોને જ પ્રમાણ તરિકે ટાંકે છે આ સર્વ સંદર્ભ ઉપરથી સિદ્ધ થાય છે કે, આ નીતિસારનો કર્તા કામંદક ઇ.સની પૂર્વનો અને ચાણક્યનો સમકાલીન છે અને ઘણો જ પ્રસિદ્ધ છે.

उपाध्यायनिरपेक्षा टीका तथा जयमंगला टीका

આ નીતિસાર ઉપર ઘણા પંડિતોએ ટીકાઓ રચી છે. તેમાંથી उपाध्यायनिरपेक्षा तथा जयमंगला નામની બે ટીકા હાલમાં પ્રસિદ્ધ થઈ છે. તેમાંની પહેલી ટીકા આજથી ત્રીશ વર્ષ પહેલાં કલકત્તામાં રાયલ એસીયાટીક સોસાઇટીએ છપાવી છે, અને શ્રી રામનારાયણ વિદ્યારત્ન, શ્રી જગન્મોહન તર્કાલંકાર અને શ્રી કામાખ્યાનાથ તર્કવાગીશ આ ત્રણ પંડિતોએ આ ટીકાનું સંસ્કરણ કર્યું છે. તેમાંના છેલ્લા સંસ્કર્તા પંડિત કામાખ્યાનાથશર્માએ એક પ્રસ્તાવના લખીને उपाध्यायनिरपेक्षा ટીકાની અસલ સ્થિતિનું તથા રાજેન્દ્રલાલ મિત્રે છપાવેલા નીતિસારનું દિગ્દર્શન કર્યું છે. પંડિત કામાખ્યાનાથ પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે, કલકત્તાની એશિયાટિક સોસાઇટીના પ્રમુખે उपाध्यायनिरपेक्षा નામની ટીકાનું સંશોધન કાર્ય પ્રથમ

પંડિત રામનારાયણ મહોદયને સોંપ્યું હતું; તેણે ઉપાધ્યાયનિરપેક્ષા ટીકામાં સુધારોવધારો કરીને તેનો કેટલોએક ભાગ છપાવ્યો, એટલામાં તે મરણ પામ્યા; એટલે તે કાર્ય શ્રીયુત જગન્મોહન તર્કાલંકારને સોંપવામાં આવ્યું; ઉક્ત પંડિતે પણ ઉપાધ્યાયનિરપેક્ષા ટીકાનાં બીજાં બે પુસ્તકો મેળવ્યાં; અને ત્રણે પુસ્તકોનો ગ્રંથસંશોધનના કાર્યમાં આધાર લીધો, પરંતુ તે ત્રણેય પુસ્તક અત્યંત અશુદ્ધ હતાં તથા વચ્ચેવચ્ચે ખંડિત પણ હતાં; ઉક્ત મહાશય પાછળથી ટીકાના સંશોધનના અને રચનાના કાર્યમાં મંદપ્રયત્ન જોવામાં આવ્યા, તે ઉપરથી એશિયાટિક સોસાઇટીના પ્રમુખે શેષ કાર્ય પૂર્ણ કરવામાટે મને સોંપ્યું, એટલે મેં તે ત્રણેય ટીકાઓનું અવલંબન કરીને છેવટ સુધીની ટીકા રચી કાઢી અને છપાવી. આ આખી ટીકાનો એક સંસ્કારકને હાથે સંસ્કાર ન થયો, એ અત્યંત શોકજનક વાર્તા છે. આ છાપેલી ટીકામાં उपाध्यायनिरपेक्षा નામની ટીકામાંથી જ ઘણો ભાગ લેવામાં આવ્યો છે અને उपाध्यायनिरपेक्षा ટીકામાં જે જે ભાગ અત્યંત અશુદ્ધ હતા, તે તે કાઢી નાંખવામાં આવ્યા છે, અને તેની જગ્યાએ નવીન ભાગો ઉમેરવામાં આવ્યા છે. સ્થળ વિશેષમાં અર્થ દર્શાવવા માટે નવીન અંશોને પણ દાખલ કર્યા છે. આ સર્વને લીધે અમે આ ટીકાને उपाध्यायनिरपेक्षानुसारिणी એવું નામ આપીએ છીએ. છાપેલાં મૂળ પુસ્તકના અગ્યારમા સર્ગના કેટલાએક શ્લોક પછી હસ્તલિખિત પુસ્તકમાં 'एकादशः सर्गः समाप्तः' એવું વાક્ય જોવામાં આવ્યું. તે ઉપરથી છાપેલી ટીકામાં હસ્તલિખિત પુસ્તકાનુસાર एकादशः सर्गः એમ લખીને બારમો સર્ગ છૂટો પાડવામાં આવ્યો છે. એટલે છાપેલી ટીકા વીશ સર્ગની થઈ. છાપેલાં અને હસ્તલિખિત મૂળ પુસ્તકમાં જ્યાં જ્યાં કોઈ કોઈ શ્લોક જોવામાં આવ્યા નથી, પરંતુ પ્રાચીન ટીકામાં તે તે શ્લોકનું વ્યાખ્યાન જોવામાં આવ્યું છે;, ત્યાં ત્યાં તેના વ્યાખ્યાનને જ દાખલ કર્યું છે. પરંતુ મૂળ શ્લોક નહિ મળવાથી તેટલો ભાગ અશુદ્ધ છાપવામાં આવ્યો છે. જે જે શ્લોકો છાપેલા મૂળ પુસ્તકમાં જોવામાં આવ્યા નહિ, પરંતુ હસ્તલિખિત ટીકાના પુસ્તકમાં જોવામાં આવ્યા, તે તે શ્લોકોને છાપેલી ટીકામાં વ્યાખ્યાન સાથે દાખલ કર્યા છે વગેરે વગેરે."

સંસ્કારકર્તા કામાખ્યાનાથના કહેવા પ્રમાણે હાલમાં છાપેલી ટીકા

સંપૂર્ણ રીતે ઉપાધ્યાયનિરપેક્ષા નથી, પરંતુ તે ટીકાનો કેટલોક ભાગ છે. અને એટલા માટે જ પંડિત કામાખ્યાનાથ કહે છે કે;—અમે આ છાપેલી ટીકાને उपाध्यायनिरपेक्षानुसारिणी એવું નામ આપ્યું છે. સંશોધન કર્તાઓએ કેટલાએક અશુદ્ધ ભાગને શુદ્ધ કરવાનો પ્રયત્ન નહિ કરતાં તેમાંથી કાઢી નાખ્યો છે, ત્યારે કેટલાએક સ્થળમાં નવીન ભાગ દાખલ કર્યો છે. આવું અશ્લાઘ્ય ધાર્ષ્ટ્ય બંગાલી પંડિતો વારંવાર કરે છે. શ્રીયુત કામાખ્યાનાથે વાત્સ્યાયનભાષ્યના સંશોધનમાં પણ તે પ્રમાણે જ ચાપલ્ય કર્યું છે. તેઓ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર લખે છે કે:—

"परिवर्तितं संनिवेशितं च।" ભાષ્ય જેવા મહાન્ ગ્રંથમાં નવીનનો નિવેશ કરવાને અથવા તો પરિવર્તન કરવાને ભાષ્યકર્તાના કરતાં પણ અધિક વિદ્વત્તાની જરૂર છે. આવી જાતનાં સંસ્કરણકર્તા પ્રાચીન ગ્રંથકારોના ગ્રંથોનો ઉચ્છેદ કરે છે, અને પોતાનાં દૃષ્ટાંતથી નવીન મંડલીને ઉન્માર્ગે પ્રવૃત્ત કરે છે. અસ્તુ. સંશોધનકર્તાઓ સંશોધનકર્મમાં લીધેલા પરિશ્રમને માટે ધન્યવાદને પાત્ર છે, એમ કહેવું યોગ્ય છે. સંશોધન સમયે સંશોધનકર્તાઓની પાસે અર્થશાસ્ત્ર નહિ હોય એમ જણાય છે, અને તેથી જ તેઓને મૂળના અસલ પાઠોનો નિર્ણય કરવામાં કેટલેક સ્થળે ભ્રમમાં પડવું પડ્યું છે.

उपाध्यायनिरपेक्षानો રચનાર કોણ હતો? તે ક્યારે થયો હતો? આ પ્રશ્નનો નિર્ણય થઈ શકતો નથી. છઠ્ઠા શ્લોકની ટીકામાં એક વાક્ય આ પ્રમાણે છે:—"तथा चोक्तमस्मद्गुरुणा काममसूत्रे" કેટલાએક આ વાક્યનો આધાર લઈને કહે છે કે, આ ટીકાનો કર્તા વાત્સ્યાયનનો શિષ્ય હતો, અને વાત્સ્યાયન તે ચાણક્ય. માટે આ ટીકાકાર ચાણક્યનો શિષ્ય હતો. પરંતુ જ્યાં સુધી પૂર્વાપરનાં પ્રમાણો મળે નહિ ત્યાં સુધી એક વાક્યના ઉપર વિશ્વાસ રાખી શકાય નહિ. ટીકાનો સંદર્ભ તેમનાં પ્રાચીનત્વનું સમર્થન કરી શકતો નથી, તથાપિ ટીકા મૂળ ગ્રંથને લગાડવામાં અને ગ્રંથના ભાવોને જાણવામાં ઉપયોગી છે. અવતરણિકા આપીને ટીકાકાર ગ્રંથના વિષયને સ્પષ્ટ કરે છે, તથા પ્રત્યેક પદનું અને વાક્યનું વિસ્તારથી વિવેચન કરીને ગ્રંથનો આશય સ્પષ્ટ કરે છે. આ રીતે મૂળ ગ્રંથનો આશય સમજવામાં આ ટીકા ઉપયોગી છે.

જયમંગલા ટીકા

આ ટીકા પંડિત શંકરાર્યની રચેલી છે, અને આનું બીજું નામ પંજિકા પણ છે. શ્રીયુત ગણપતિશાસ્ત્રીએ અનંતશયનગ્રંથાવલીમાંથી છપાઈને બહાર પડતાં પુસ્તકોમાં જયમંગલા ટીકા સાથે કામંદકી નીતિસાર નામનો ગ્રંથ પણ બહાર પાડ્યો છે. સંસ્કારકર્તા રા. ગણપતિશાસ્ત્રી કહે છે કે, આ ટીકા એક ભાષ્યના જેવી છે. આ વાત ટીકા વાંચવાથી સ્પષ્ટ થાય છે. ટીકાકાર મૂળ ગ્રંથનાં વાક્યોનું સરળ પર્યાય શબ્દોથી વ્યાખ્યાન કરે છે, અવતરણિકાથી શ્લોકના હેતુઓ દર્શાવે છે, અર્થશાસ્ત્રનાં પ્રમાણો આપીને ગ્રંથના વિષયને સ્પષ્ટ કરે છે, સાભિપ્રાય વાક્યોનું વિવેચન કરીને ગ્રંથકર્તાનું વક્તવ્ય સ્પષ્ટ કરે છે, ઉપાધ્યાયનિરપેક્ષા કરતાં આ ટીકા પ્રૌઢ અને વિશ્વાસપાત્ર છે, આમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આ ટીકાના કર્તા શંકરાર્ય કયારે થયા? તેના સંબંધમાં રા. ગણપતિ શાસ્ત્રી કહે છે કે:–"ટીકાકાર શંકરાર્યના સંબંધમાં અમને વિશેષ જ્ઞાન નથી. ધર્મકીર્તિએ રચેલા રૂપાવતારની નીવી નામની વ્યાખ્યાને અંતે આ પ્રમાણે લખ્યું છે:–"पारशवकुलतिलकेन शंकरार्येण विरचिते नीवीसंज्ञके रूपावतारव्याख्याने" અર્થાત્ શંકરાર્યે રૂપાવતારની નીવી નામની ટીકા રચી છે; પરંતુ આ ઉપરથી જયમંગલાકાર શંકરાર્ય અને નીવીકાર શંકરાર્ય એક જ છે, એમ માની શકાય નહિ. જયમંગલા ટીકાના અંતમાં કોઈ પણ ઠેકાણે શંકરાર્યને 'पारशवकुलोद्भवः' એમ કહ્યો નથી. એક શંકરાર્યે સર્વ પ્રત્યયમાલા નામનો વ્યાકરણનો ગ્રંથ લખ્યો છે. તે પોતાના ગ્રંથમાં પોતાનું નામ શંકરાર્યના નાના ભાઈ તરિકે જણાવે છે. જયમંગલાકારે પોતાની કીર્તિનો આધાર પોતાના ગુણ ઉપર રાખીને પોતાના ગ્રંથશરીરમાં કોઈ પણ ઠેકાણે પોતાનું નામ આપ્યું નથી.

પાટલીપુત્ર નામના સાપ્તાહિક પત્રના સંવત્ ૧૯૭૦ ના ભાદ્ર માસના અંકમાં જયમંગલા અને તેના કર્તાના સંબંધમાં એક લેખક તરફથી લેખ લખીને તેના કર્તાના કાળનો નિર્ણય કરવામાં આવ્યો છે. લેખક જણાવે છે કે:–" પહેલાં કાશીમાં મિત્રગોષ્ઠી નામની એક માસિક પત્રિકા છપાતી હતી, તેમાં મી૦ રંગનાથ સ્વામીએ એક લેખ લખીને સિદ્ધ કર્યું છે કે:–

ભટ્ટીકાવ્યની ટીકા જયમંગલા અને કામસૂત્રની ટીકા જયમંગલા એક જ પુરુષની રચેલી છે. કામંદકીયનીતિસારની ટીકામાં ટીકાકાર પોતાને શંકરાર્ય કહે છે, અને ભટ્ટીકાવ્યની ટીકામાં જટીશ્વર, જયદેવ અને જયમંગલ કહે છે. વિજ્યપટ્ટનના મિ૦ રામાનુજ સ્વામી કહે છે કે:—શંકરાર્ય અને જટીશ્વર એક જ છે, અને તેનું અસલ નામ જયમંગલ છે; પરંતુ તેનું રૂપાંતર જયદેવ થઈ ગયેલું જણાય છે. મુંબઈની રાયલ એશિયાટિક સોસાઈટીમાં કામસૂત્રની એક પ્રતિ છે, તેના ઉપર સ્પષ્ટ રીતે જયમંગલ એવું નામ લખ્યું છે. આ ઉપરથી જણાય છે કે, ટીકાકારનું 'શંકર' ઉપનામ હશે. જયમંગલ બૌદ્ધધર્મનો હશે, આમ તેના લેખ ઉપરથી જણાય છે. તે મંગલાચરણમાં 'સર્વવિદ્' ને પ્રણામ કરે છે. આ જયમંગલ ઇ. સ. ૬૪૪ ની પૂર્વે હોવો જોઇએ. તે કામસૂત્રની ટીકામાં જ્યાં જ્યાં નગર શબ્દ ઉપર ટીકા કરે છે, ત્યાં ત્યાં પાટલીપુત્ર જ માને છે. આ જયમંગલ ગુપ્તવંશના રાજાના સમયનો હોવો જોઇએ; કારણ કે તેની ટીકામાં જે જે ગ્રંથોનાં નામો છે, તે તે ગ્રંથો તેના સમયના છે. પૂર્વે કામસૂત્ર પણ છૂટું હતું, અને તેના ઉપરની જયમંગલા નામની ટીકા પણ એક ગ્રંથરૂપે જૂદી હતી. આ બન્ને ગ્રંથને યશોધર નામના પંડિતે એકઠાં કર્યાં છે. યશોધરનું બીજું નામ ગુરુ દત્તેંદ્રપાદ હતું, અને તેની સ્ત્રી ધણીજ ચતુર હતી. જ્યારે તેનો તેને વિયોગ થયો, તે સમયમાં તેણે કામસૂત્રને અને તેની ટીકાને બન્નેને એકત્ર કર્યાં હતાં. આ વાત કામસૂત્રના પ્રત્યેક* અધ્યાયની સમાપ્તિમાં યશોધરે પંડે જ સ્પષ્ટ રીતે કહી છે. યશોધરે આ બન્ને પુસ્તકો વીસલદેવના પુસ્તકાલયમાંથી મેળવ્યાં હતાં (જુઓ હુલ્સનું કાટલેક નં. ૩.).

ભાષાંતર

સ્વર્ગવાસી શ્રીયુત ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ આ કામંદકવિરચિત નીતિસારનું ભાવાર્થ ભાષાંતર કરીને સંવત્ ૧૯૪૬ ની સાલમાં પ્રથમ છપાવ્યું હતું. તે ભાષાંતર ખપી ગયા પછી શ્રીમાન્ સ્વર્ગવાસીનો પુનઃ મૂળ

---

* इति श्री वात्स्यायनीयकामसूत्रटीकायां जयमंगलाभिधानायां विदग्धांगनाविरहकातरेण गुरुदत्तेंद्रपादाभिधानेन यशोधरेणैकत्रकृतसूत्रभाष्यायाम् ॥

ગ્રંથની સાથે ભાષાંતર છાપવાનો વિચાર હતો, પરંતુ એટલામાં એમનો સ્વર્ગવાસ થયો. તે પછી રા. મણિલાલ ઇચ્છારામ દેશાઇ બી. એ. એ મૂળ સાથે ભાષાંતર છાપવાનો વિચાર કર્યો, અને દક્ષિણાપથની અનંતશયનગ્રંથાવલીમાં જયમંગલા ટીકા સાથે છપાયલા નીતિસારની એક પ્રતિ મંગાવી. ઉપાધ્યાય-નિરપેક્ષા નામની બીજી ટીકા વૈદ્યશાસ્ત્રી રા. જાદવજી ત્રિકમજી તરફથી મળી. આ બન્ને ટીકાને આધારે મેં આ નીતિસારનું ભાષાંતર કર્યું છે, અને મૂળ ગ્રંથને સમજાવવા માટે બન્ને ટીકાને આધારે ભાવાર્થ પણ લખ્યો છે. રા. રાજેંદ્રલાલ મિત્રે છપાવેલા નીતિસારમાં ઘણા અપપાઠો છે, ઘણા શ્લોકો પડ્યા છે, અને ઘણો ભાગ અધરોત્તર થયો છે. આવા કારણથી ગ્રંથનો પાઠ અનંતશયનગ્રંથાવલીમાં છપાયલા નીતિસારના પાઠ પ્રમાણે રાખ્યો છે. વીશમા સર્ગમાં વ્યૂહરચનાનું પ્રકરણ છે. તેનું ભાષાંતર મેં તથા રા. મણિલાલ ઇચ્છારામ દેશાઇ બી. એ. એ સાથે મળીને કર્યું છે, અને તેમાં તેમણે હાલના સમયને અનુસરતા ખુલાસાઓ પણ કર્યા છે. રા. તનસુખરામ મનઃસુખરામ બી. એ. એ પણ એ જ પ્રકરણમાં વ્યૂહની રચના વિશે ખુલાસા કર્યા છે, તથા રા. અંબાલાલ ખુલાખીરામ જાની બી. એ. એ ભાષાંતર અને પ્રસ્તાવનાના સંબંધમાં કેટલીક સૂચનાઓ કરી છે. આ બધાનો હું આભારી થયો છું અને તે જણાવતાં મને આનંદ થાય છે.

કાર્તિકી પૂર્ણિમા, સંવત્ ૧૯૭૧,
ગુજરાતી કાર્યાલય, મુંબઈ

શાસ્ત્રી પ્રાણજીવન હરિહર

શ્રી કામંદકવિરાચત નીતિસાર

અનુક્રમણિકા

સર્ગ ૧ લો–પ્રકરણ ૧ લું–ઇંદ્રિયજય

વિષય	પત્રાંક	શ્લોકાંક
રાજાની શ્રેષ્ઠતા...	૧	૧
વિષ્ણુગુપ્તનો મહિમા અને તેને નમસ્કાર ...	૪	૨–૬
અર્થશાસ્ત્રમાંથી નીતિસારની રચના વિશે ...	૮–૯	૭–૮
રાજા જગતને ધર્મ,અર્થ,અને કામનું ભાગી બનાવેછે.	૧૦	૯–૧૦
પ્રજા રક્ષા કરનારા રાજાને પ્રજાપતિ માને છે.	૧૦	૧૧
દેશની રક્ષા કરવી, એ કાર્ય રાજાનું છે ...	૧૨	૧૨
રાજાની વરસાદ સાથે સરખામણી... ...	૧૨	૧૩
રક્ષણ રાજાને આધીન છે અને વૃદ્ધિ પ્રજાને આધીન છે	૧૩	૧૪
ન્યાયી તથા અન્યાયી રાજાનું પરિણામ ...	૧૩	૧૫
ન્યાયી વૈજવનનું અને અન્યાયી નહુષનું દૃષ્ટાંત.	૧૩	૧૬–૧૭
રાજ્યનાં સાત અંગ ...	૧૫	૧૮–૧૯
રાજાનું ચાર પ્રકારનું કર્તવ્ય. ...	૧૬	૨૦
વિજય એટલે ઇંદ્રિયજયનું ફળ	૧૭	૨૧–૨૨
સંપત્તિ આપનારા ગુણો	૧૭	૨૩–૨૪
રાજાએ પંડે જિતેંદ્રિય થવું તથા પોતાના અમાત્યાદિકને જિતેંદ્રિય કરવા વિશે	૧૮–૧૯	૨૫–૨૯
મનમાં ભિન્ન ભિન્ન નામનું કારણ ...	૨૦	૩૦
આત્માના અસ્તિત્વમાં જ્ઞાપક	૨૧	૩૧
મન એક અને અણુ છે	૨૧	૩૨
દશ ઇંદ્રિયો	૨૨	૩૩

વિષય	પત્રાંક	શ્લોકાંક
તેના દશ વિષય...	૨૨	૩૪
સંકલ્પ ઉત્પન્ન થવામાં કારણ	૨૨	૩૫
બહિઃકરણો તથા અંતઃકરણનાં અને બાહ્યકરણનાં જ્ઞાપક	૨૨–૨૩	૩૬
રાજાને મનોનિગ્રહ કરવાની જરૂર... ...	૨૩–૨૪	૩૭–૩૯
વિષયો અને તેને આધીન થયેલાનો નાશ થવા વિષે	૨૪–૨૬	૪૦–૫૦
ત્રિવર્ગને યુક્તિથી સેવવા વિષે	૨૭	૫૧
સ્ત્રીનાં દર્શનથી પણ વિકાર થાય છે... ...	૨૮	૫૨–૫૫
રાજાને માટે નિંદેલા વ્યસન અને તેથી દુઃખી થયેલા પ્રાચીન રાજાનાં દૃષ્ટાંત	૨૯	૫૬
ત્યાગ કરવા યોગ્ય છ વર્ગ અને તેનાં દૃષ્ટાંત...	૩૧	૫૭–૫૮
માનનું તથા મદનું દૃષ્ટાંત...	૩૪	૫૯
છ શત્રુનો ત્યાગ કરનારા પરશુરામ વગેરેનાં દૃષ્ટાંત	૩૪	૬૦

સર્ગ ૧ લો–પ્રકરણ ૨ જું–વિદ્યાવૃદ્ધ સંયોગ

વિદ્યાવૃદ્ધ ગુરુની સેવા કરવાથી થનારું ફળ	૩૫–૩૬	૬૧–૬૪
જિતેંદ્રિય રાજાની ઉન્નતિ થવા વિશે...	૩૭	૬૫–૬૬
શાસ્ત્રાભ્યાસમાં જિતેંદ્રિયપણાની જરૂર ...	૩૮	૬૭
વિનયથી (ઇંદ્રિયનિગ્રહથી) રાજા શોભે છે ...	૩૮	૬૮
વિદ્યામાટે સદ્‌ગુરુની સેવા કરવા વિશે ...	૩૯	૬૯–૭૦
ઇંદ્રિયવિજયનું ફળ	૪૦	૭૧

સર્ગ ૨ જો–પ્રકરણ ૩ જું–વિદ્યાવિભાગ

ચાર વિદ્યાના ઉપર લોકસ્થિતિ છે ...	૪૧–૪૨	૧–૨
વિદ્યાના વિભાગવિષે મનુના શિષ્યોનો વિચાર...	૪૨	૩
બૃહસ્પતિના શિષ્યોનો વિચાર ...	૪૩	૪
શુક્રાચાર્યના શિષ્યોનો મત	૪૩	૫

વિષય	પત્રાંક	શ્લોકાંક
વિષ્ણુગુપ્તનો (ચાણક્યનો) મત	૪૪–૪૫	૬–૧૦
ચાર વિદ્યાનું સ્વરૂપ	૪૬	૧૧–૧૬
રાજાએ ચાર વિદ્યાઓ ભણીને ત્રિવર્ગને જાણવા.	૫૦	૧૭

સર્ગ ૨ જો–પ્રકરણ ૪ થું–વર્ણાશ્રમવ્યવસ્થા

ત્રણે વર્ણનો સામાન્ય ધર્મ	૫૧	૧૮
બ્રાહ્મણનો વિશેષ ધર્મ	૫૧	૧૯
ક્ષત્રિયનો ને વૈશ્યનો વિશેષ ધર્મ	૫૨	૨૦
શૂદ્રનો વિશેષ ધર્મ ...	૫૨	૨૧
બ્રહ્મચારીના ધર્મ	૫૨–૫૩	૨૨–૨૪
ગૃહસ્થના ધર્મ ...	૫૪	૨૫–૨૬
વાનપ્રસ્થના ધર્મ	૫૫	૨૭–૨૮
સંન્યાસીના ધર્મ ...	૫૫	૨૯–૩૧
ચાર આશ્રમના સામાન્ય ધર્મ ...	૫૭	૩૨–૩૩
રાજાની આવશ્યકતા ...	૫૮	૩૪
રાજાનું કર્તવ્ય	૫૮	૩૫

સર્ગ ૨ જો–પ્રકરણ ૫ મું–દંડનું માહાત્મ્ય

રાજાએ દંડ ધારણ કરવો	૫૯	૩૬
રાજદંડના પ્રકાર તથા તેનો ઉપયોગ કરવાની રીત	૫૯–૬૦	૩૭–૩૯
રાજદંડની આવશ્યકતા	૬૧	૪૦–૪૪

સર્ગ ૩ જો–પ્રકરણ ૬ ઠું–આચારવ્યવસ્થા

રાજાનું કર્તવ્ય	૬૪	૧
સત્પુરુષોનું વ્રત અને સંતનો મહિમા ...	૬૪–૬૬	૨–૪
રાજાએ દયાળુ થવું	૬૬–૬૮	૫–૯
શરીરને વાણીના બિંદુ જેવું જાણવું... ...	૬૮	૧૦
મહાત્મા વિષયને તાબે થતા નથી... ...	૬૮	૧૧

વિષય	પત્રાંક	શ્લોકાંક
રાજાએ લોકકલ્યાણ કરવું...	૬૯	૧૨
રાજાએ સત્સંગ કરવો	૬૯	૧૩–૧૫
દુર્જનની નિંદા	૭૦	૧૬–૨૧
મધુર વાણી બોલવી	૭૩	૨૨–૩૦
રાજાનું કર્તવ્ય	૭૬	૩૧–૩૮
મહાત્માઓનાં વર્તન વિષે... ...	૭૬	૩૯
મધુર વચનનું ફળ	૮૧	૪૦

સર્ગ ૪ થો–પ્રકરણ ૭ મું–પ્રકૃતિની સંપત્તિ

રાજ્યનાં સાત અંગ	૮૨	૧–૨
રાજાએ સાતેય અંગની પરીક્ષા કરવી	૮૪	૩–૫
રાજાના આધિગામિક ગુણ	૮૫	૬–૯
રાજાનો પરિવાર કેવો હોવો જોઇએ? ...	૮૮	૧૦–૧૩
રાજાના આત્મગુણો ...	૮૯	૧૪–૨૦
બુદ્ધિના આઠ ગુણ	૯૨	૨૧
ઉત્સાહના ગુણ ...	૯૨	૨૨–૨૩
સચિવના ગુણ	૯૩	૨૪–૨૫
ઉપધા શબ્દનો અર્થ	૯૪	૨૬
કર્મ સચિવના ગુણ ...	૯૫	૨૭–૨૯
મંત્ર સચિવના ગુણ	૯૭	૩૦
પુરોહિતના ગુણ...	૯૭	૩૧
અમાત્યોના ગુણોની પરીક્ષા કરવા વિશે ...	૯૮	૩૨–૩૮
બુદ્ધિ સચિવનું કર્તવ્ય	૯૯	૩૯–૪૭
ભૂમિના ગુણ	૧૦૨	૪૮–૫૧
દેશના ગુણ	૧૦૪	૫૨–૫૪
કિલ્લાના ગુણો	૧૦૬	૫૫–૫૯
કોશના ગુણો	૧૦૯	૬૦–૬૨

વિષય	પત્રાંક	શ્લોકાંક
સૈન્યના ગુણો ...	૧૧૧	૬૩–૬૫
મિત્રના ગુણો વિશે. ...	૧૧૩	૬૬–૭૩
નિપુણ મંત્રીની જરૂર	૧૧૭	૭૪
રાજાને ઉત્તમ પ્રકૃતિ મંડળની જરૂર છે ...	૧૧૮	૭૫–૭૭

સર્ગ ૫ મો–પ્રકરણ ૮ મું–સ્વામી અને સેવકનું વૃત્ત

સેવા કરવા યોગ્ય રાજા	૧૧૯	૧–૨
સેવા કરવાને અયોગ્ય રાજા.	૧૧૯	૩
રાજાની પડતીનાં કારણ	૧૨૦	૪
સેવકના ધર્મો	૧૨૧	૫–૩૪
રાજાની પ્રીતિનાં ચિહ્ન	૧૩૦	૩૫–૩૮
રાજાની અપ્રીતિનાં ચિહ્ન...	૧૩૧	૩૯–૪૭
આપત્કાળમાં સેવકે રાજાની સેવા કરવી ...	૧૩૩	૪૮
પરાક્રમી સેવકો ક્યારે પ્રસિદ્ધિમાં આવે છે?...	૧૩૪	૪૯
ઉપકારનો બદલો મળે છે...	૧૩૪	૫૦
રાજાના બંધુ વગેરેનું સત્કૃત્ય	૧૩૫	૫૧–૫૨
દુરાચારી રાજાને નહિ અટકાવનારા સેવકોનો નાશ થાય છે...	૧૩૭	૫૩
સેવકોએ રાજાની ઉપાસના કરવી ...	૧૩૮	૫૪
પોતાના રાજાની ઇચ્છાનુસાર વર્તવું...	૧૩૮	૫૫–૫૬
વિદ્વાન્ અને શૂરા સેવક સર્વ મેળવે છે ...	૧૩૯	૫૭–૫૯
રાજાના ધર્મકર્તવ્ય...	૧૪૦	૬૦–૮૬
ધર્મના કાર્યમાં ખજાનો ખાલી થઈ જવાથી નિર્ધન થયેલો રાજા પણ શોભે છે ...	૧૫૨	૮૭
રાજાએ કોઇનો વિશ્વાસ કરવો નહિ ...	૧૫૩	૮૮
રાજાનો વિશ્વાસપાત્ર લક્ષ્મીનું પાત્ર બને છે ...	૧૫૩	૮૯
રાજાએ યોગીની પેઠે સેવકોના મનનું અવલોકન કરવું	૧૫૪	૯૦–૯૧

સર્ગ ૬ ઠ્ઠો–પ્રકરણ ૯ મું–કંટકશોધન

વિષય	પત્રાંક	શ્લોકાંક
રાજાએ બાહ્ય તથા આભ્યંતર રાષ્ટ્રનું અવલોકન કરવું	૧૫૫	૧–૪
દુષ્ટોને શિક્ષા કરવાથી દોષ લાગતો નથી	૧૫૮	૫–૬
ધર્માધર્મનું સ્વરૂપ	૧૫૮	૭–૮
દૂષ્ય પુરુષો અને તેનો નાશ કરવા વિશે ...	૧૫૮	૯–૧૩
બીજાંકુરની પેઠે રક્ષાયલી પ્રજા લાભકારક થઈ પડે છે	૧૬૧	૧૪
રાજાએ નિષ્પક્ષપાતપણે દંડ કરવો	૧૬૧	૧૫

સર્ગ ૭ મો–પ્રકરણ ૧૦ મું–રાજકુમારનું રક્ષણ

રાજકુમારોને અંકુશમાં રાખવાની જરૂર ...	૧૬૨	૧–૪
રાજકુમારોને વિનયી બનાવવા	૧૬૩	૫–૬
રાજકુમારનો ત્યાગ કરવો નહિ ...	૧૬૪	૭
રાજકુમારોને વ્યસન છોડાવવાની રીત ...	૧૬૪	૮

સર્ગ ૭ મો–પ્રકરણ ૧૧ મું–આત્મરક્ષણ

રાજાએ વિષયાદિકથી પોતાનું રક્ષણ કરવાનો વિધિ	૧૬૫	૯–૨૪
વિષ આપનારાનાં ચિહ્નો	૧૭૦	૨૫–૨૬
રાજાએ ઔષધાદિ બીજાઓને ખવરાવીને ખાવાં	૧૭૧	૨૭
સેવકોએ પ્રત્યેક પદાર્થોની પરીક્ષા કરવી ...	૧૭૧	૨૮–૩૦
સેવામાં રાખવા યોગ્ય પુરુષ	૧૭૨	૩૧–૩૨
કેવી નાવમાં બેસવું નહિ?... ...	૧૭૩	૩૩
રાજાએ કેવી રીતે જળક્રીડા કરવી?	૧૭૪	૩૪
કેવી રીતે વનવિહાર કરવો?	૧૭૪	૩૫
કેવી રીતે મૃગયા કરવી?	૧૭૪	૩૬
રાજમાતા પાસે કેવી રીતે જવું? ...	૧૭૫	૩૭
ક્યારે શાંત બેસી રહેવું?	૧૭૫	૩૮
રાજમહેલમાંથી બહાર જતી-વખતે રાજમાર્ગ ઉપર બંદોબસ્ત રાખવા વિષે...	૧૭૫	૩૯

વિષય	પત્રાંક	શ્લોકાંક
રાજાએ કયે ઠેકાણે જવું	૧૭૬	૪૦
રાજાએ અંતઃપુરમાં કેવી રીતે ફરવું? ...	૧૭૬	૪૧
અંતઃપુરમાં રાજાને રંજન કરવાની રીત	૧૭૬	૪૨
અંતઃપુરમાં સૈન્યે રાજાની રક્ષા કરવી ...	૧૭૭	૪૩
રાણીના આચરણ ઉપર દૃષ્ટિ રાખનારાં સ્ત્રીપુરુષો	૧૭૭	૪૪
નાયિકાઓએ રાજાની સેવામાં હાજર થવું. ...	૧૭૮	૪૫
અંતઃપુરમાં રહેનારા સેવકોએ કોની કોની સાથે સંબંધ રાખવો નહિ	૧૭૮	૪૬
જનાનખાનામાં રહેનારાઓને બહાર જવું હોય અથવા તો અંદર આવવું હોય ત્યારે વર્તવાનો નિયમ	૧૭૮	૪૭
રાજાએ માંદા પડેલા સેવકને ક્યારે મળવું?...	૧૭૮	૪૮
રાજાએ રાણીને મળવું	૧૭૯	૪૯
રાજાએ રાણીનો વિશ્વાસ કરવો નહિ ...	૧૭૯	૫૦
વિશ્વાસથી નાશ પામેલા રાજાનાં દૃષ્ટાંતો ...	૧૮૦	૫૧–૫૫
રાજાએ રાણીઓની પાસે જવાના વારા કરવા.	૧૮૨	૫૬
રાજાએ રાજકીય તથા વ્યાવહારિક કાર્ય માટે દિવસના આઠ ભાગ કરવા ...	૧૮૩	૫૭
ન્યાયી રાજાની પ્રજા સુખે સુવે છે	૧૮૩	૫૮–૫૯

સર્ગ ૮ મો–પ્રકરણ ૧૨ મું–રાજમંડળના ભેદ

વિજગીષુ રાજાએ રાજમંડળવિષે વિચાર કરવો	૧૮૪	૧–૩
વિજીગીષુ રાજાની પાંચ પ્રકૃતિ	૧૮૫	૪
રાજ્યની સાત પ્રકૃતિ ...	૧૮૬	૫
વિજિગીષુ રાજાના ગુણ ...	૧૮૬	૬–૧૧
પ્રતાપી રાજાથી સર્પ ડરે છે	૧૮૭	૧૨
પ્રતાપીને લક્ષ્મી વરે છે	૧૮૮	૧૩

વિષય	પત્રાંક	શ્લોકાંક
દારુણ શત્રુનું સ્વરૂપ	૧૮૮	૧૪
સુખથી જિતી શકાય તેવા શત્રુનું સ્વરૂપ	૧૮૮	૧૫
બાર પ્રકારનું રાજમંડળ	૧૮૮	૧૬–૧૯
રાજમંડળના વિષયમાં મયનું મત ...	૧૯૧	૨૦
પુલોમાનું મત	૧૯૧	૨૧
શુક્રાચાર્યનું મત...	૧૯૧	૨૨
મહર્ષિઓનું મત ...	૧૯૨	૨૩
મનુના શિષ્યોનું મત	૧૯૨	૨૪–૨૫
બૃહસ્પતિનું મત... ...	૧૯૩	૨૬
નીતિવેત્તાઓનું મત	૧૯૩	૨૭
વિશાલાક્ષનું મત...	૧૯૩	૨૮
બીજાઓનું મત...	૧૯૩	૨૯–૩૮
પરાશરનું મત	૧૯૬	૩૯–૪૦
કામંદકનું મત	૧૯૬	૪૧
રાજમંડળને વૃક્ષની ઉપમા...	૧૯૭	૪૨

સર્ગ ૮ મો–પ્રકરણ ૧૩ મું–રાજમંડળનું કર્તવ્ય

શત્રુના તથા વિજિગીષુ રાજાના મિત્ર	૧૯૭	૪૩
વિજિગીષુ રાજાનું કર્તવ્ય...	૧૯૮	૪૪–૫૧
શત્રુઓ ઉત્પન્ન થાય તેવાં કારણ તજવા વિશે...	૧૯૯	૫૨
પ્રજાને રંજન કરવાથી રાજાને લક્ષ્મી વરે છે...	૧૯૯	૫૩
દૂર રહેનારા માંડળિકોની સાથે મિત્રતા કરવી...	૨૦૦	૫૪
વિજિગીષુએ મધ્યમાં રાજા સાથે ક્યારે લઢવું ને ક્યારે સંધિ કરવી ?	૨૦૦	૫૫
ઉદાસીન રાજાની સાથે વિજિગીષુએ કેમ વર્તવું ?	૨૦૦	૫૬
સંધ ધર્મનું સ્વરૂપ	૨૦૧	૫૭–૫૮

વિષય	પત્રાંક	શ્લોકાંક
વિજિગીષુ રાજાનું શત્રુના ઉપર ઉચ્છેદનાદિક ચાર પ્રકારનું વર્તન...	૨૦૧	૫૯
તે ચાર વર્તનની વ્યાખ્યા...	૨૦૨	૬૦-૬૧
ઉચ્છેદન આદિ કોનું અને કયારે કરવું?	૨૦૨	૬૨-૬૩
વિજિગીષુએ સહજ શત્રુનો નાશ કરવો ...	૨૦૨	૬૪
સહજ શત્રુ ભયંકર હોય છે ...	૨૦૩	૬૫
પડોસી રાજાને સહાયતા કરવા વિષે	૨૦૩	૬૬
શત્રુની રક્ષા કરવા વિષે	૨૦૪	૬૭
શત્રુને વશ કરવાને શત્રુના કુળના પુરુષનો આશ્રય કરવો...	૨૦૪	૬૮
તેને માટે ઉદાહરણો	૨૦૪	૬૯-૭૦
રાજાએ પ્રકૃતિમંડળને રંજન કરવું ...	૨૦૫	૭૧
રંજન કરવાના અને ભેદવાના પ્રકાર	૨૦૫	૭૨
સૌ સ્વાર્થપરાયણ હોય છે...	૨૦૫	૭૩
મિત્ર મહાપાપી શત્રુ છે...	૨૦૭	૭૪
તેનું દૃષ્ટાંત	૨૦૭	૭૫
શત્રુ તથા મિત્રનું લક્ષણ...	૨૦૮	૭૬-૭૭
મિત્રનો કયારે ત્યાગ કરવો?	૨૦૮	૭૮
રાજાએ જાતે તપાસ કરવી ...	૨૦૯	૭૯
રાજાએ દોષ જાણીને કોપ કરવો	૨૦૯	૮૦
ત્રણ પ્રકારના મિત્ર રાજા... ...	૨૦૯	૮૧
મિત્રમાં ભેદ કરાવનારાનો ત્યાગ કરવો ...	૨૧૦	૮૨
શત્રુનાં તથા મિત્રનાં છ પ્રકારનાં વચન ...	૨૧૦	૮૩
રાજાએ જાહેરમાં કોઇનો પક્ષ કરવો નહિ. ...	૨૧૨	૮૪
કાર્ય સાધતી વખતે રાજાએ કેમ વર્તવું? ...	૨૧૨	૮૫
રાજાએ ઘણા મિત્રો કરવા ને તેનાથી શત્રુઓને શિક્ષા કરવી	૨૧૨	૮૬-૮૯
ન્યાયી રાજાની શરદ્ ઋતુના ચંદ્રની સાથે સરખામણી	૨૧૩	૯૦

સર્ગ ૯ મો–પ્રકરણ ૧૪ મું–સંધિના ભેદોનું વર્ણન

વિષય	પત્રાંક	શ્લોકાંક
સંધિના સોળ ભેદ	૨૧૪	૧–૪
તેનાં લક્ષણ	૨૧૫	૫–૨૩
સંધિ નહિ કરવા યોગ્ય પુરુષો ...	૨૨૧	૨૪–૨૮
સંધિ ન કરવાનાં કારણો ...	૨૨૨	૨૯–૪૨
સંધિ કરવા યોગ્ય રાજા	૨૨૬	૪૩–૫૩
શત્રુનો વિશ્વાસ કરવો નહિ ...	૨૩૦	૫૪
રાજચરિત્ર લોકવૃત્તથી ભિન્ન છે. ...	૨૩૦	૫૫
બળવાન્ રાજાનો આશ્રય કરવા વિશે	૨૩૧	૫૬–૫૭
પ્રતાપથી સર્વે વશ થાય છે. ...	૨૩૨	૫૮–૫૯
તેમાં સિંહનું દૃષ્ટાંત સમાન બળવાળા રાજા-સાથે સંધિ કરવી	૨૩૨	૬૦–૬૨
હીન શક્તિવાળા સાથે સંધિ કરવા વિશે ...	૨૩૩	૬૩–૬૪
બળવાન્ રાજાને વિશ્વાસુ બનાવવો ને પોતાનું કાર્ય કરવું	૨૩૪	૬૫–૬૬
વિશ્વાસ બેસાડીને ઇંદ્રે દિતિના ગર્ભનો નાશ કર્યો.	૨૩૫	૬૭
સંધિ નહિ ઇચ્છનારા રાજાને શિથિલ કરવાના ઉપાય.	૨૩૬	૬૮–૭૩
વિગ્રહમાં રહેલા દોષો	૨૩૮	૭૪–૭૬
શત્રુ સંધિ કરે તેવા ઉપાય ...	૨૩૯	૭૭–૭૯

સર્ગ ૧૦ મો–પ્રકરણ ૧૫ મું–વિગ્રહના ભેદ

વિગ્રહ (યુદ્ધ) થવાનાં કારણ.	૨૪૦	૧–૫
યુદ્ધને શાંત પાડવાના ઉપાય ...	૨૪૨	૬–૧૫
પાંચ પ્રકારે વૈર થાય છે	૨૪૫	૧૬
તે વિષયમાં બાહુદંતિના પુત્રનું મત તથા મનુના શિષ્યોનું મત...	૨૪૬	૧૭–૧૮

વિષય	પત્રાંક	શ્લોકાંક
નહિ કરવા યોગ્ય વિગ્રહ	૨૪૬	૧૯–૨૩
કરવા યોગ્ય કર્મ... ...	૨૪૮	૨૪–૨૬
વિગ્રહ કરવાનો સમય	૨૪૯	૨૭–૩૧
ધન, મિત્ર વગેરેની ઉત્તરોત્તર શ્રેષ્ઠતા	૨૫૧	૩૨
શત્રુ સમજે નહિ તો યુદ્ધ કરવું	૨૫૧	૩૩
યુદ્ધમાં પડવું નહિ પણ તેને શાંત પાડવું ...	૨૫૨	૩૪
રાજાએ નેતરની પેઠે નમવું, પરંતુ સર્પની પેઠે સામે થવું નહિ	૨૫૨	૩૫–૩૬
સમય આવે ત્યારે સિંહ થવું	૨૫૩	૩૭
સમય ઉપર કાચબાની પેઠે સંકોચાઈને રહેવું...	૨૫૩	૩૮
અગ્નિ, સર્પ વગેરેનાં સ્વરૂપ ધારણ કરવા વિશે.	૨૫૩	૩૯
સજ્જ થઈને શત્રુને વશ કરવા વિશે...	૨૫૪	(૧)–૪૦
કષ્ટસાધ્ય શત્રુ	૨૫૪	૪૧
લક્ષ્મીનો નાશ કરનારાં વ્યસનો ...	૨૫૫	૪૨
વ્યસની રાજાની સામે યુદ્ધ કરવા વિશે ...	૨૫૫	૪૩
વિજિગીષુ રાજાએ કાર્યની સિદ્ધિ માટે વર્તવાની રીત	૨૫૫	૪૪

સર્ગ ૧૧ મો–પ્રકરણ ૧૬ મું–યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રયના ભેદ

યાનનું સ્વરૂપ	૨૫૬	૧
યાનના પ્રકાર	૨૫૭	૨
તેનાં લક્ષણ તથા દૃષ્ટાંત ...	૨૫૭	૩–૧૦
યાત્રા કરવા યોગ્ય રાજા ...	૨૬૧	૧૧
આસનોનું સ્વરૂપ તથા તેના ભેદ	૨૬૨	૧૨
તેનાં લક્ષણો	૨૬૨	૧૩–૨૨
દ્વૈધીભાવના ભેદ અને તેનાં સ્વરૂપ... ...	૨૬૬	૨૩–૨૬
સંશ્રયના ભેદ ને તેનું સ્વરૂપ	૨૬૮	૨૭–૨૮

વિષય	પત્રાંક	શ્લોકાંક
કાળની પ્રતીક્ષા કરવી ...	૨૬૯	૨૯
સંધિ કરવાનો સમય	૨૬૯	૩૦–૩૧
શત્રુ રાજાની સામે થવાના સમય...	૨૬૯	૩૨
નિષ્કારણ યુદ્ધ કરવું નહિ... ...	૨૭૦	૩૩
બાપનો પણ વિશ્વાસ કરવો નહિ...	૨૭૧	૩૪
છ ગુણના સ્વરૂપનો વિચાર ...	૨૭૧	૩૫–૩૮
છ ગુણ વિશે બૃહસ્પતિનું મત	૨૭૨	૩૯
તે વિશે અમારા ગુરુનું મત	૨૭૨	૪૦

સર્ગ ૧૨ મો–પ્રકરણ ૧૭ મું–મંત્રના વિકલ્પ અને મંત્રની પ્રશંસા

રાજાએ મંત્રીઓની સાથે મંત્ર (ગુપ્ત વિચાર) કરવો.	૨૭૩	૧
મંત્રવેત્તા રાજાનો વિજય થાય છે	૨૭૪	૨–૩
મંત્ર કરવા યોગ્ય મંત્રી	૨૭૫	૪
મંત્ર કરવામાં શાસ્ત્રીય માર્ગને અનુસરવું ...	૨૭૫	૫–૬
મંત્રશક્તિની શ્રેષ્ઠતા અને તેનાં દૃષ્ટાંત	૨૭૬	૭–૯
કેવળ ઉત્સાહ પશ્ચાત્તાપકારક થઈ પડે છે ...	૨૭૮	૧૦
બુદ્ધિથી શક્યાશક્યનો નિર્ણય કરવાની જરૂર ...	૨૭૯	૧૧–૧૨
અગ્નિની સામે ધસી જવાથી પતંગ બળી જાય છે	૨૮૦	૧૩
સાધ્યનાં અનુકૂળ સાધનોની જરૂર	૨૮૦	૧૪–૧૫
રાજની બ્રાહ્મણપણાની સાથે સરખામણી ...	૨૮૦	૧૬
નીતિશાસ્ત્રના અનુસાર કરેલું કાર્ય સફળ થાય છે	૨૮૧	૧૭–૧૮
વિપરીત થાય તો દૈવને ઠપકો આપવો	૨૮૧	૧૯–૨૦
વિજ્ઞાનનો અર્થ... ...	૨૮૨	૨૧
કેવું કર્મ ન કરવું?	૨૮૨	૨૨
કેવું કર્મ કરવું? ...	૨૮૨	૨૩–૨૪

વિષય	પત્રાંક	શ્લોકાંક
બુદ્ધિથી કાર્યારંભ કરવો ...	૨૮૩	૨૫
ઉપાયથી કાર્યસિદ્ધિ થાય છે.	૨૮૩	૨૬–૨૯
મંત્રીનું કર્તવ્ય	૨૮૪	૩૦
રાજાનું કર્તવ્ય	૨૮૫	૩૧–૩૪
ઉત્તમ મંત્રનું સ્વરૂપ	૨૮૭	૩૫
મંત્રનાં પાંચ અંગ	૨૮૭	૩૬
મંત્રનો વ્યાપાર	૨૮૮	૩૭
રાજાએ મંત્રીઓની સલાહથી કાર્ય કરવું	૨૮૮	૩૮–૩૯
રાજાએ સ્વાર્થહાનિનો વિચાર કરવો	૨૮૯	૪૦–૪૧
કર્મની સિદ્ધિ કરનારી બાબતો	૨૯૦	૪૨–૪૩
મંત્રનું રક્ષણ ન કરવાથી તે અગ્નિની પેઠે બાળી નાંખે છે	૨૯૦	૪૪–૪૫
મંત્રને બહાર પડવાનાં દ્વાર	૨૯૧	૪૬–૪૭
મંત્રીઓની સંખ્યા વિશે	૨૯૨	૪૮–૪૯
રાજાએ મંત્રીઓના મત જાણવા વિશે	૨૯૩	૫૦–૫૧
કાર્યના સમયને ઉલ્લંઘન કરવો નહિ	૨૯૩	૫૨–૫૪
દેશનો તથા કાળનો વિચાર કરવા વિશે ...	૨૯૪	૫૫
મંત્રીનું અપમાન કરનારા રાજાનો નાશ થાય છે.	૨૯૫	૫૬
હું પદવાળા રાજાનો નાશ થાય છે ...	૨૯૫	૫૭
રાજાએ મંત્રથી શત્રુઓને વશ કરવા ...	૨૯૫	૫૮

સર્ગ ૧૩ મો–પ્રકરણ ૧૮ મું–દૂતપ્રચાર

કેવો મનુષ્ય દૂત થઈ શકે	૨૯૬	૧–૨
ત્રણ પ્રકારના દૂત	૨૯૭	૩–૪
દૂતે બીજાઓની સાથે મિત્રતા કરવી ...	૨૯૮	૫
દૂતે શત્રુ રાજાના નગરમાં કેવી રીતે દાખલ થવું?	૨૯૮	૬
શત્રુની રાજધાનીમાં રહીને દૂતે શું શું કરવું?...	૨૯૯	૭–૨૫

સર્ગ ૧૩ મો–પ્રકરણ ૧૯ મું–દૂતના તથા ચારના પ્રકાર

વિષય	પત્રાંક	શ્લોકાંક
ચાર કેવો હોવો જોઇએ ?	૩૦૬	૨૬
રાજાએ ચાર મારફતે જગતનું વૃત્ત જાણવું ...	૩૦૬	૨૭
ચાર રાજાનાં નેત્ર છે	૩૦૬	૨૮–૩૦
ચાર વિનાના રાજાની આંધળા સાથે સરખામણી	૩૦૭	૩૧
રાજાએ ચારદ્વારા શત્રુઓની હીલચાલ જાણવી.	૩૦૮	૩૨
બે પ્રકારના ચાર	૩૦૮	૩૩–૩૪
રાજાએ ચારની એક સંસ્થા સ્થાપવી	૩૦૯	૩૫
ચારની પાંચ જાતની સંસ્થા	૩૦૯	૩૬–૩૮
રાજાએ સ્વપક્ષનું અને પરપક્ષનું કૃત્ય જાણવું ...	૩૧૩	૩૯–૪૦
રાજાએ પોતાનાં નાનાં છિદ્રને પણ શાંત પાડવું.	૩૧૩	૪૧–૪૩
રાજાએ ચાર તરિકે યોજવાયોગ્ય પુરુષો ...	૩૧૪	૪૪–૪૬
શત્રુ રાજાને ઝેર અપાવવા યોગ્ય પુરુષો ...	૩૧૫	૪૭–૪૮
અંતઃપુરમાં રહેનારાઓએ અંદરની વાત બહાર મોકલવાના ઉપાયો	૩૧૬	૪૯
ચારોએ જગતનો મત જાણવાને અનેકરૂપ ધારણ કરવાં	૩૧૬	૫૦–૫૧

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૦ મું–ઉત્સાહની પ્રશંસા

ઉત્સાહની પ્રશંસા	૩૧૭	૧–૧૬
રાજાએ નિર્ભય થઇને શત્રુને ડરાવવો ...	૩૨૧	૧૭

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૧ મું–પ્રકૃતિનાં કર્મ

રાજાએ પ્રકૃતિનાં વ્યસનોને દૂર કરીને શત્રુ ઉપર ચઢાઈ કરવી...	૩૨૧	૧૮
વ્યસન શબ્દનો અર્થ	૩૨૨	૧૯
વ્યસનના પ્રકાર...	૩૨૨	૨૦

વિષય	પત્રાંક	શ્લોકાંક
તેની શાંતિના ઉપાય	૩૨૩	૨૧
અમાત્યનું કર્મ...	૩૨૩	૨૨–૨૪
વ્યસની અમાત્યવાળો રાજા દુઃખી થાય છે...	૩૨૪	૨૫
દેશનું કર્મ	૩૨૪	૨૬–૨૭
કિલ્લાનું કર્મ ...	૩૨૫	૨૮–૩૦
કોશનું કર્મ	૩૨૬	૩૧–૩૪
સૈન્યનું કર્મ	૩૨૬	૩૫–૩૭
મિત્રનું કર્મ	૩૨૭	૩૮–૪૦
રાજાનું કર્મ	૩૨૮	૪૧–૫૮
વ્યસની રાજાનો ક્ષય થાય છે	૩૩૨	૫૯
રાજા અસ્વસ્થ હોય ત્યારે મંત્રીએ સર્વ કર્મની વ્યવસ્થા કરવી	૩૩૨	૬૦

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૨ મું–પ્રકૃતિનાં વ્યસન

રાજાનાં વ્યસન... ...	૩૩૨	૬૧
સચિવનાં વ્યસન...	૩૩૩	૬૨
દેશનાં વ્યસન	૩૩૩	૬૩–૬૪
કિલ્લાનાં વ્યસન...	૩૩૩	૬૫
કોશ–ખજાનાનાં વ્યસન ...	૩૩૪	૬૬
સૈન્યનાં વ્યસન... ...	૩૩૪	૬૭–૭૧
મિત્રનું વ્યસન	૩૪૧	૭૨
વ્યસનના ગૌરવલાઘવનો વિચાર	૩૪૧	૭૩
રાજાએ પ્રકૃતિનાં વ્યસનને દૂર કરવાં ...	૩૪૨	૭૪
ભૂતિની કામનાવાળા રાજાએ પ્રકૃતિનાં વ્યસનો તરફ ખાસ ધ્યાન આપવું	૩૪૩	૭૫
પ્રકૃતિની યોગ્યતા જાણનારો રાજા ત્રિવર્ગને ભોગવે છે	૩૪૩	૭૬

સર્ગ ૧૫ મો–પ્રકરણ ૨૩ મું–સાત વ્યસનનો વર્ગ

વિષય	પત્રાંક	શ્લોકાંક
રાજાનું વ્યસન મોટામાં મોટું ગણાય છે. ...	૩૪૪	૧–૬
સાત વ્યસન	૩૪૫	૭–૮
કઠોર વાણી	૩૪૬	૯–૧૨
કઠોર શિક્ષા	૩૪૭	૧૩–૧૭
અર્થદૂષણ ...	૩૪૯	૧૮–૧૯
મૃગયા અને તેના દોષો ...	૩૫૦	૨૦–૨૮
મૃગયારણ્યની રચના	૩૫૨	૨૯–૩૯
રાજાએ મૃગયારણ્યમાં જઈને મૃગયા કરવી ...	૩૫૪	૪૦–૪૩
જુગાર	૩૫૫	૪૪–૪૯
તેથી થતાં અનર્થનાં દૃષ્ટાંત	૩૫૬	૫૦–૫૫
સ્ત્રીવ્યસન	૩૫૮	૫૬–૫૯
મદિરાપાન	૩૬૦	૬૦–૬૩
તેથી થતા અનર્થનાં દૃષ્ટાંત ...	૩૬૧	૬૪–૬૫
જુગાર અને મૃગયા મહા વ્યસન છે ...	૩૬૨	૬૬
એક વ્યસન પણ નાશ કરે છે તો પછી સાત વ્યસનની તો વાત જ શી?	૩૬૨	૬૭–૬૮
વ્યસન રહિતનો વિજય થાય છે	૩૬૩	૬૯

સર્ગ ૧૬ મો–પ્રકરણ ૨૪ મું–યાત્રાનું તથા યાત્રા કરનારા રાજાનું વર્ણન

રાજાએ ક્યારે ચઢાઈ કરવી?	૩૬૪	૧–૪
શત્રુના દેશ ઉપર ચઢાઈ કરનારા રાજાને સૂચના	૩૬૬	૫–૬
ઉનાળામાં હાથીઓનાં સૈન્યને કયે માર્ગે લઈ જવું	૩૬૬	૭–૯
હાથીઓની પ્રશંસા	૩૬૭	૧૦–૧૩
રાજ્યલોભ નહિ રાખવા વિશે	૩૬૮	૧૪
રાજાને પાછળનો ભય મહાન્ ગણાય છે ...	૩૬૯	૧૫–૧૭

વિષય	પત્રાંક	શ્લોકાંક
પાછળના ભાગની રક્ષા કરવા વિશે...	૩૬૯	૧૮
આભ્યંતર તથા બાહ્ય કોપ વિષે	૩૭૦	૧૯–૨૨
ક્ષય તથા વ્યયની વ્યાખ્યા અને તે કરનારી યાત્રા (ચઢાઈ) નહિ કરવાનો ઉપદેશ	૩૭૧	૨૩–૨૪
કાર્યનાં વ્યસનો	૩૭૧	૨૫–૨૭
સાત પ્રકારનો પક્ષ ...	૩૭૪	૨૮
અનુરાગી પક્ષ	૩૭૪	૨૯
સદાચારી પક્ષ	૩૭૪	૩૦
વિજિગીષુ રાજાના આત્મગુણ	૩૭૪	૩૧–૩૨
ચાર પ્રકારની બુદ્ધિ	૩૭૬	૩૩
પાંચ પૌરુષ તથા ત્રણ પ્રકારની દૈવાનુકૂળતા.	૩૭૬	૩૪
કેવો રાજા પૃથ્વીનો વિજય કરી શકે?...	૩૭૬	૩૫
યુદ્ધે ચઢવાનો સમય	૩૭૬	૩૬–૩૭
યુદ્ધ કરવા યોગ્ય સ્થાનવિષે વિચાર ...	૩૭૭	૩૮–૪૨
સહસા શત્રુના દેશમાં દાખલ થવાથી નાશ થાય છે	૩૭૯	૪૩
રાજાએ માર્ગમાં છાવણી નાંખીને યોગનિદ્રા કરવા વિષે	૩૭૯	૪૪
રાજાએ રાત્રે જાગૃત રહીને તપાસ કર્યા કરવી.	૩૮૦	૪૫
પ્રભાતમાં ઉઠી, સ્નાનાદિક કરીને મંત્રી પુરોહિતાદિકની સેવાને સ્વીકારવી	૩૮૦	૪૬
રાજકીય વિચાર કરીને છાવણીમાંથી બહાર નિકળવું	૩૮૦	૪૭
રાજાએ દિવસમાં બે વાર સૈન્યની તપાસ કરવા વિષે	૩૮૦	૪૮
રાજાનું મુલાકાત માટે આવેલાની સાથે વર્તન ...	૩૮૧	૪૯
રાજાએ રથાદિક ઉપર બેસવાનો અભ્યાસ કર્યા કરવો	૩૮૧	૫૦
રાજાએ રણમાં કેવી રીતે ચઢવું તે વિષે	૩૮૧	૫૧
દૂતો વિનાનો રાજા આંધળો છે	૩૮૧	૫૨
શત્રુના સીમાપાલકને ફોડવા વગેરે... ...	૩૮૨	૫૩

વિષય	પત્રાંક	શ્લોકાંક
એક તરફથી સંધિ માટે દૂત મોકલવો ને બીજી તરફથી શત્રુના પ્રકૃતિમંડળને ફોડવું વગેરે.	૩૮૨	૫૪
શત્રુના દુર્ગપાળ વગેરેને સામદામથી પોતાના કરવા વિષે	૩૮૨	૫૫
પોતાનો નોકર શત્રુના પક્ષમાં ભળ્યા પછી પાછો પોતાની પાસે આવે, તેની હીલચાલ ઉપર ધ્યાન આપવું...	૩૮૩	૫૬
બાહુબળ કરતાં મંત્રબળ મોટું છે	૩૮૩	૫૭
કવખતે કરવામાં આવેલાં સંધિવિગ્રહાદિક નિષ્ફળ નિવડવા વિષે...	૩૮૩	૫૮
દૈવી પ્રભાનો વીરપુરુષોની ભુજાઓમાં વાસ હોય છે	૩૮૩	૫૯
શત્રુના ઉપર ચઢાઈ કરવાના સમય... ...	૩૮૪	૬૦
પ્રકરણની ફલશ્રુતિ	૩૮૪	૬૧

સર્ગ ૧૭ મો–પ્રકરણ ૨૫ મું–છાવણીની રચના

છાવણી કેવી બનાવવી તે વિષે	૩૮૫	૧–૫
છાવણીની આસપાસ ઉભા રાખવા યોગ્ય સૈન્ય વિષે	૩૮૬	૬–૭
રાજમંદિરની પડોસમાં હાથી ઘોડાઓને ઉભા રાખવા વિષે...	૩૮૭	૮
અંતઃપુરનાં સૈન્યે રાજાના રક્ષણમાટે પહેરો ભરવા વિષે	૩૮૭	૯
રાજમંદિરની ડેવડી ઉપર હાથી તથા ઘોડાને સજ્જ કરીને ઉભા રાખવા	૩૮૮	૧૦
સેનાની ત્રીજા ભાગે સેનાપતિ સાથે છાવણીની ચોકી કરવા વિષે	૩૮૮	૧૧
શત્રુના સૈન્યની હીલચાલ જાણવા વિષે ...	૩૮૮	૧૨
છાવણીમાં રાજમંદિરની રક્ષા કરવા વિષે ...	૩૮૮	૧૩

વિષય	પત્રાંક	શ્લોકાંક
જાણીતાઓએ છાવણીમાં આવજાવ કરવા વિષે તથા શત્રુના દૂતોએ અંદર દાખલ થવા માટે રાજાની આજ્ઞાને તાબે થવા વિષે ...	૩૮૯	૧૪
સૈન્યનાં મનુષ્યોએ કેવી રીતે વર્તવું તે વિષે ...	૩૮૯	૧૫
છાવણીની આજુબાજુની ભૂમિ છોડીને બીજી ભૂમિને દૂષિત કરવા વિષે	૩૮૯	૧૬–૧૭
યુદ્ધમાટે વ્યાયામ ભૂમિઓ કરાવવા વિષે ...	૩૯૦	૧૮
ઉત્તમ, મધ્યમ અને અધમ દેશ વિષે વિચાર	૩૯૦	૧૯–૨૨

સર્ગ ૧૭ મો–પ્રકરણ ૨૬ મું–શકુનનું જ્ઞાન

અશુભ છાવણીનાં ચિહ્ન	૩૯૧	૨૩–૨૮
શુભ છાવણીનાં ચિહ્ન	૩૯૨	૨૯–૩૫
શકુન જોઇને આરંભેલું કાર્ય સિદ્ધ થાય છે ...	૩૯૪	૩૬
કાર્યસિદ્ધિમાં સહાય, સંપત્ વગેરે કારણ છે...	૩૯૪	૩૭
સ્કંધાવાર શબ્દનો અર્થ ...	૩૯૪	૩૮–૩૯
સ્કંધાવારની મૃત્યુરૂપ વસ્તુઓ	૩૯૫	૪૦
પ્રકરણનો ઉપસંહાર	૩૯૫	૪૧

સર્ગ ૧૮ મો–પ્રકરણ ૨૭ મું–ઉપાયોનો વિકલ્પ

ઉપાયોનો ઉપયોગ કરવાનો સમય	૩૯૬	૧–૨
સાત ઉપાય	૩૯૭	૩
સામના પાંચ પ્રકાર	૩૯૭	૪–૫
પાંચ પ્રકારનું દાન	૩૯૮	૬–૭
ભેદના ત્રણ પ્રકાર ...	૩૯૮	૮
ત્રણ પ્રકારનો દંડ ...	૩૯૮	૯
બે પ્રકારનો વધદંડ	૩૯૯	૧૦–૧૨
વધદંડ નહિ કરવા વિષે	૩૯૯	૧૩

વિષય	પત્રાંક	શ્લોકાંક
વધમાં ઉપેક્ષા કરવા વિષે ...	૪૦૦	૧૪
સામનો પ્રયોગ કેમ કરવો? ...	૪૦૦	૧૫–૨૦
દામનો વિધિ	૪૦૨	૨૧–૨૩
ભેદનો પ્રયોગ	૪૦૩	૨૪–૩૨
ક્રોધી વગેરે ચાર પુરુષનું સ્વરૂપ	૪૦૫	૩૩
ફોડી શકાય તેવા પુરુષો	૪૦૭	૩૪–૩૯
ભેદના ઉપાય	૪૦૭	૪૦–૪૧
દંડનો પ્રયોગ	૪૦૮	૪૨–૪૪
સામાદિક ઉપાયના પ્રયોગ... ...	૪૦૯	૪૫–૫૨
મનુષ્યની માયાઓ	૪૧૧	૫૩–૫૪
દૈવી માયાઓ ને તેનાં ઉદાહરણ	૪૧૨	૫૫–૫૯
ઇંદ્રજાળ	૪૧૫	૬૦–૬૧
સામ, દામ વગેરે ઉપાયોની શ્રેષ્ઠતાનો વિચાર.	૪૧૬	૬૨–૬૪
ચાર ઉપાયની ફલશ્રુતિ	૪૧૬	૬૫–૬૬

સર્ગ ૧૯ મો–પ્રકરણ ૨૮ મું–સૈન્યના બળાબળનો વિચાર

રાજાએ શત્રુ ઉપર ક્યારે ચઢાઈ કરવી?	૪૧૭	૧–૨
૭ પ્રકારનું સૈન્ય	૪૧૭	૩
૭ પ્રકારના સૈન્યનાં ગૌરવનો વિચાર ...	૪૧૮	૪–૮
શત્રુસૈન્ય ને આરણ્યકસૈન્ય વિષે વિચાર ...	૪૨૦	૯–૧૦
મૌલ સૈન્યનો ક્યારે ઉપયોગ કરવો?	૪૨૦	૧૧–૧૪
ભૃત સૈન્યનો ઉપયોગ ક્યારે કરવો તે વિષે ...	૪૨૧	૧૫
કપટયુદ્ધથી લઢવા વિષે	૪૨૨	૧૬
ભૃત સૈન્યનો ઉપયોગ કરવાનો સમય	૪૨૨	૧૭
શ્રેણિ સૈન્યનો ઉપયોગ કરવાનો સમય	૪૨૨	૧૮
મિત્રના સૈન્યનો ઉપયોગ કરવાનો સમય	૪૨૩	૧૯–૨૦
શત્રુના સૈન્યનો ઉપયોગ કરવાનો સમય ...	૪૨૩	૨૧–૨૨

વિષય	પત્રાંક	શ્લોકાંક
જંગલી સૈન્યનો ઉપયોગ કરવાનો સમય ...	૪૨૪	૨૩–૨૪
રાજાએ શત્રુ ઉપર કેવી રીતે ચઢાઈ કરવી તે વિષે	૪૨૫	૨૫
રાજાએ મંત્રાદિકદ્વારા પોતાનાં સૈન્યની બાતમી મેળવવા વિશે તથા સેનાપતિનાં કાર્યની તપાસ કરવા વિષે	૪૨૫	૨૬
સર્ગ ૧૯ મો–પ્રકરણ ૨૯ મું-સેનાપતિનું કર્તવ્ય		
સેનાપતિ કેવા ગુણવાળો જોઇએ?... ...	૪૩૦	૧–૪૩
સેનાપતિનું કર્તવ્ય	૪૩૧	૪૪
સર્ગ ૧૯ મો–પ્રકરણ ૩૦ મું-પ્રયાણવ્યસન રક્ષણ વિષે		
ચઢાઈ કરતી વખતે જનાનાને, ખજનાને કયાં રાખવાં તે વિષે	૪૩૧	૪૫
કુચ કરતી વખતે ઘોડેસ્વારો વગેરેની ગોઠવણ...	૪૩૨	૪૬
સેનાપતિએ રાજાની પાછળ ચાલવું... ...	૪૩૨	૪૭
કયાંથી ભય આવવાનો છે, તે ઉપર વિચાર કરીને વ્યૂહ ગોઠવવો	૪૩૨	૪૮–૪૯
સંકટોના વખતમાં સેનાપતિએ પોતાનાં સૈન્યનું રક્ષણ કરવું ને શત્રુના સૈન્યનો નાશ કરવા વિષે.	૪૩૩	૫૦–૫૩
સર્ગ ૧૯ મો–પ્રકરણ ૩૧ મું-કૂટ યુદ્ધના પ્રકાર		
પ્રકટ યુદ્ધ ને કૂટ યુદ્ધ કયારે કરવું?... ...	૪૩૪	૫૪
કૂટ યુદ્ધ કરવાના જૂદા જૂદા પ્રકાર...	૪૩૪	૫૫–૬૮
સત્ર શબ્દનો અર્થ	૪૩૯	૬૯
મરણિયાની પીઠ પકડવી નહિ ...	૪૩૯	(૧)
ક્ષય, વૃદ્ધિ અને સ્થાન શબ્દનો અર્થ... ...	૪૩૯	(૨)
રાજાએ દૂતદ્વારા શત્રુ રાજાની હીલચાલ જાણીને તેને હણવા વિષે.	૪૪૦	૭૦
કપટ યુદ્ધ વિષે અશ્વાત્થામાનો દૃષ્ટાંત	૪૪૦	૭૧

સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૨ મું-હાથી, ઘોડા, રથ અને પાળાનાં કર્મ

વિષય	પત્રાંક	શ્લોકાંક
હાથીનું કર્મ	૪૪૧	૧-૩
રથનું કર્મ	૪૪૨	૪
ઘોડાનું તથા પાળાનું કર્મ...	૪૪૨	૫-૬
વેઠે પકડેલાં મનુષ્યોનું કર્તવ્ય	૪૪૩	૭
રાજાએ પાળા વગેરેની યોગ્યતા જોઇને યોજના કરવા વિષે	૪૪૪	૮-૯

સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૩ મું-પાળા, ઘોડા, રથ અને હાથીને યુદ્ધ કરવાયોગ્ય ભૂમિ

પાળાઓને યુદ્ધ કરવા યોગ્ય ભૂમિ... ...	૪૪૪	૧૦
ઘોડાઓને યુદ્ધ કરવા યોગ્ય ભૂમિ...	૪૪૫	૧૧
રથને યુદ્ધ કરવા યોગ્ય ભૂમિ	૪૪૫	૧૨-૧૩
નાગ શબ્દનો અર્થ	૪૪૫	(૧)
હાથીને યુદ્ધ કરવા યોગ્ય ભૂમિ	૪૪૬	૧૪
રાજાએ સૈન્યના ઘેરામાં ઉભા રહેવા વિષે ...	૪૪૬	(૨)
હાથીઓને માટે સર્વ ભૂમિ યોગ્ય છે. ...	૪૪૬	(૩)
પ્રતિગ્રહની વ્યાખ્યા ને તેનો ઉપયોગ... ...	૪૪૬	(૪-૫)
રાજાએ યુદ્ધ સમયે હાજરી આપવા વિષે ...	૪૪૬	૧૫

સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૪ મું-યોધાઓને ઇનામ

રાજાનું રાજપણું ધનના ભંડારને અધીન છે ...	૪૪૮	૧૬
દાનનું માહાત્મ્ય	૪૪૮	૧૭
રાજા અને સેનાપતિને હણનારાને ઇનામ ...	૪૪૮	૧૮
મુખ્ય વીર પુરુષને, હાથીસ્વારને અને રથીને મારનારાને ઇનામ	૪૪૯	૧૯
ઘોડેસ્વારને અને પાળાઓના વડાને ને પાળાને મારનારાને ઇનામ	૪૪૯	૨૦

વિષય	પત્રાંક	શ્લોકાંક
યુદ્ધમાં સોનું, રૂપું વગેરે જે જિતે તે તેણે લેવાં, તથા રાજાએ સૈન્યને ઉત્સાહ આપવા વિષે.	૪૪૯	૨૧
સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૫ મું-વ્યૂહના વિભાગ		
યોધાઓએ, હાથીએ તથા રથે યુદ્ધ કરતી વખતે કેટલે કેટલે અંતરે ઉભા રહેવું	૪૫૧	૨૨–૨૪
મોટા હાથીઓની મદદ ક્યારે લેવી? ...	૪૫૩	૨૫
હાથીના તથા રથના રક્ષણનો વિધિ ...	૪૫૩	૨૬–૨૭
અનીકનું સ્વરૂપ તથા યુદ્ધ સમયે તેઓની વચ્ચે કેટલો માર્ગ રાખવો તે વિષે	૪૫૪	૨૮
વ્યૂહનાં સાત અંગ અને તેને ગોઠવવાની રીત	૪૫૪	૨૯–૩૦
વ્યૂહના સાત અંગ વિષે ગુરુનું તથા શુક્રનું મત	૪૫૬	૩૧
સેનાના અંગના અધિકારી કેવા કરવા? ...	૪૫૬	૩૨
તેઓએ એકઠા થઈને લઢવું ને પરસ્પરની રક્ષા કરવી	૪૫૭	૩૩
તાલીમ વિનાનાં સૈન્યને ક્યાં રાખવું તથા યુદ્ધની સામગ્રીને ક્યાં રાખવી તે વિષે	૪૫૭	૩૪
યુદ્ધમાં મુંડાનીકનો ઉપયોગ કરવા વિષે	૪૫૭	૩૫
શ્યેનાદિક વ્યૂહનાં નામ	૪૫૮	(૧)
મિશ્ર વ્યૂહ	૪૫૮	૩૬
મધ્યભેદી વ્યૂહ	૪૫૯	૩૭
અંતભેદી વ્યૂહ	૪૫૯	૩૮–૩૯
વધારાનાં સૈન્યની ભરતી કરવા વિષે	૪૫૯	૪૦
ચાર પ્રકૃતિ વ્યૂહ...	૪૬૦	૪૧
તેનું સ્વરૂપ	૪૬૦	૪૨
દંડ વ્યૂહના ભેદ...	૪૬૧	૪૩–૪૪
તેઓના આકારની સમજણ	૪૬૨	૪૫–૪૭
ભોગ વ્યૂહના ભેદ અને તેના આકારની સમજણ.	૪૬૩	૪૮–૪૯

વિષય	પત્રાંક	શ્લોકાંક
મંડલ વ્યૂહના ભેદ ને તેના આકારની સમજણ...	૪૬૫	૫૦
અસંહત વ્યૂહના ભેદ ને તેના આકારની સમજણ	૪૬૬	૫૧–૫૨
દંડ વ્યૂહ વગેરેના ભેદની પુનઃ ગણના ...	૪૬૮	૫૩–૫૪

સર્ગ ૨૦ મો–પ્રકરણ ૩૬ મું–પ્રકાશ યુદ્ધ

પ્રકાશ યુદ્ધમાં શત્રુની સામે પોતાનાં સૈન્યનો કેમ ઉપયોગ કરવો તે વિષે	૪૬૯-૪૭૦	૫૫–૫૮
યુદ્ધમાં હાથીઓનો તથા હાથણીઓનો ઉપયોગ કરવા વિશે	૪૭૧	૫૯
યુદ્ધમાં હાથીઓને કેવી રીતે સજ્જ કરવા તે વિષે	૪૭૧	૬૦
હસ્તિસૈન્યનાં વખાણ તથા રાજાને હસ્તિસૈન્ય રાખવાનો ઉપદેશ	૪૭૨	૬૧



શ્રી કામંદકવિરચિત

નીતિસાર

સર્ગ ૧ લો–પ્રકરણ ૧ લું

ઇંદ્રિયજય

यस्य प्रभावाद्भुवनं शाश्वते पथि तिष्ठति ।
देवः स जयति श्रीमान् दण्डधारो महीपतिः ॥ १ ॥

જેની પ્રભુ શક્તિથી ચારેય વર્ણના તથા ચારેય આશ્રમના લોકો પોતપોતાના સનાતન ધર્મમાર્ગમાં વર્તે છે તથા જે આત્માના બુદ્ધિ વગેરે ગુણોથી સંપન્ન છે અથવા તો ત્રિવર્ગના સુખથી સંપન્ન છે અને અપરાધીઓને શિક્ષા કરવામાટે જે દંડ ધારણ કરે છે, તે દેવરૂપ મહીપતિ જયવન્ત છે–સર્વ કરતાં શ્રેષ્ઠ છે. ૧

ભાવાર્થઃ–કામંદકઃ–આ નીતિસારના કર્તાનું નામ છે. તેને કેટલાએક **કામંદકિ** પણ કહે છે. તે કયા દેશનો હતો અને કયા સમયમાં હતો, તેને માટે હજી સૂધી કોઈ પણ જાતનો યથાર્થ નિર્ણય થયો નથી. પરંતુ ઇસવી સનના સાતમાં સૈકામાં થયેલા ભવભૂતિના કરતાં તે પ્રાચીન છે. ભવભૂતિએ **માલતીમાધવ** નામના નાટકમાં એક પરિવ્રાજિકા કે જે, નીતિનો પ્રયોગ કરવામાં નિપુણ હતી તેનું નામ કામંદકી પાડેલું છે, જે નામ આ નીતિસારના કર્તાનું પણ છે. ઇસવી સનના છઠ્ઠા સૈકામાં થયેલા દંડી કવિએ પણ દશકુમારના પ્રથમ ઉચ્છ્વાસમાં 'कौटिल्यकामंदकीयादिनीतिपटलकौशलम्' એ વાક્યમાં કામંદકવિરચિત નીતિસારનું સ્મરણ કર્યું છે. રાજેંદ્રલાલ મિત્ર પણ કામંદકનીતિસારના ઉપોદ્ઘાતમાં લખે છે કે; ઇસવી સનના આરંભમાં કેટલાએક આર્યો ભારતવર્ષમાંથી જાવા દ્વીપમાં ગયા હતા. તે સમયે તેઓ

કામંદકનીતિસાર નામનો નીતિગ્રંથ પોતાની સાથે જાવાદ્વીપમાં લઈ ગયા હતા તથા મનુસ્મૃતિનો ટીકાકાર મહામીમાંસક મેધાતિથિ, અને કાવ્યનાટકના પ્રાચીન ટીકાકારો પણ નીતિના વિષયોનું વિવેચન કરતાં કામંદકીયનીતિના શ્લોકોને પ્રમાણ તરિકે ટાંકે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે; આ નીતિસારનો કર્તા કામંદક ઘણો જ પ્રાચીન છે. તે વિષ્ણુગુપ્તનો શિષ્ય હતો અને તેણે આ સર્ગના છઠ્ઠા શ્લોકમાં વિષ્ણુગુપ્તને નમસ્કાર કરીને પોતાનું શિષ્યત્વ સિદ્ધ કર્યું છે.

નીતિસાર:–ચાણક્ય કે જેનું બીજું નામ કૌટિલ્ય હતું, તેણે **कौटिल्यं अर्थशास्त्रम्** એવા નામનું અર્થશાસ્ત્ર લખ્યું છે. તેના ૬૦૦૦ હજાર શ્લોકો છે અને એક સોને એંસી પ્રકરણો છે. તેમાંથી સાર લઇને કામંદકે આ નીતિસાર નામનું નીતિશાસ્ત્ર રચ્યું છે. આ નીતિસારના વીસ સર્ગ તથા છત્રીસ પ્રકરણો છે. આ કામંદક વિષ્ણુગુપ્તનો શિષ્ય હતો અને એ વાત તેણે આ ગ્રંથના બીજા સર્ગમાં વિદ્યાવિભાગનું વર્ણન કરતાં સ્પષ્ટ રીતે દર્શાવી છે. કે;–**" विद्याश्चतस्र एवैता इति नो गुरुदर्शनम्** । ચાર પ્રકારની વિદ્યા છે, એવું અમારા ગુરુનું મત છે." આ શ્લોકમાં તેણે વિષ્ણુગુપ્તને પોતાના ગુરુ કહ્યા છે.

'ઇંદ્રિયજય':– આ ગ્રંથના પ્રથમ સર્ગમાં 'ઇંદ્રિયજય' તથા 'વિદ્યાવૃદ્ધ સમાગમ' નામનાં બે પ્રકરણ છે. દરેક પુરુષે પ્રથમ ઇંદ્રિયનિગ્રહ કરવાની જરૂર છે. તેમાં પણ રાજાને તેની વિશેષ જરૂર છે. કારણ કે તેને રાજ્યની તથા પ્રજાની રક્ષા કરવાની છે. ઇંદ્રિયનિગ્રહ કર્યા વગર શાસ્ત્રાધ્યયન થઈ શકે નહિ, શાસ્ત્રના જ્ઞાન વગર વિનયાદિક આવે નહિ અને તે વિના રાજ્યકાર્યભાર વહન થઈ શકે નહિ, માટે આ સર્ગમાં પ્રથમ ઇંદ્રિયજય નામના પ્રકરણમાં રાજાને ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. રાજા જો જિતેંદ્રિય હોય તો જ પોતાના કુમારોને, અમાત્યોને તથા પ્રજાને જિતેંદ્રિય બનાવીને ધર્માદિક પુરુષાર્થની ભાગિની બનાવી શકે છે.

દેવરૂપ રાજા–પ્રત્યેક ગ્રંથના આરંભમાં મંગલાચરણ કરવું જોઇએ, આવો શિષ્ટોનો સંપ્રદાય છે. તે શિષ્ટસંપ્રદાયને અનુસરીને કામંદકે આ ગ્રંથના આરંભમાં રાજાનું દેવરૂપે વર્ણન કરીને મંગલ કર્યું છે. પૂજ્ય પુરુષનું પૂજન કરીને ગ્રંથનો આરંભ કરવામાં આવે તો તે ગ્રંથ નિર્વિઘ્ને પૂર્ણ થાય, અને જગતમાં

તે ગ્રંથનો સમાદર થાય. આટલા માટે લોકપાલના અંશરૂપ અથવા તો પ્રજાનું પાલન કરનાર હોવાથી વિષ્ણુરૂપ ગણાતા રાજાની આ ગ્રંથના આરંભમાં દેવઃ સ જયતિ એ વાક્યથી સ્તુતિ કરવામાં આવી છે. પૌરાણિકો કહે છે કેઃ–

"स्थितिकर्तास्य जगतो विष्णुरेव सनातनः । न हि पालनसामर्थ्यमृते सर्वेश्वरं हरिम् ॥

આ જગતના પાલનકર્તા સનાતન વિષ્ણુ જ છે. સર્વેશ્વર શ્રીહરિ વિના બીજામાં પાલન કરવાનું સામર્થ્ય નથી." ઇંદ્રાદિક દેવો, સ્વાયંભુવાદિક મનુઓ, ને તેના વંશમાં જન્મેલા રાજાઓ વિષ્ણુના અનુપ્રવેશથી મહાપ્રભાવવાળા થઇને જગતનું પાલન કરે છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કેઃ–

"अग्निवायुयमार्काणामिंद्रस्य वरुणस्य च । चंद्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वतीः ॥
यस्मादेषां सुरेंद्राणां मात्राभिर्निर्मितो नृपः । तस्मादभिभवत्येष सर्वभूतानि तेजसा ॥
बालोऽपि नावमंतव्यो मनुष्य इति भूमिपः । महती देवता ह्येषा नररूपेण तिष्ठति ॥"

અગ્નિ, વાયુ, યમ, સૂર્ય, ઇંદ્ર, વરુણ, ચંદ્ર અને કુબેર આ સર્વે લોકપાલોના શરીરમાંથી સનાતન માત્રાઓને લઇને તેમાંથી રાજાને નિર્માણ કરવામાં આવે છે. માટે રાજા પોતાનાં તેજથી સર્વે પ્રાણીઓનો પરાભવ કરે છે. રાજા બાળક હોય, તો પણ તેને મનુષ્ય માનીને કોઇએ તેનું અપમાન કરવું નહિ, કારણ કે રાજા એ પુરુષના આકારમાં રહેલી મોટી દેવતા છે."

આ રીતે પુરાણનાં તથા શાસ્ત્રનાં વચનાનુસાર રાજામાં લોકપાલોનો અને વિષ્ણુનો અંશ છે. તેથી તેને દેવ કહેવામાં આવે છે. એ ઉપરથી આ નીતિ શાસ્ત્રનો કર્તા આ ગ્રંથના આરંભમાં પ્રત્યક્ષ તથા અપ્રત્યક્ષ એવાં વિઘ્નો દૂર કરવા માટે રાજાને દેવતા માનીને ગ્રંથના આરંભમાં તેની સ્તુતિ કરે છે. રાજામાં પ્રભુશક્તિ રહેલી હોય છે, પરંતુ દંડ ધારણ કર્યા વગર તે પ્રકટ થઈ શકતી નથી, તેથી મૂળ શ્લોકમાં 'દંડને ધારણ કરનારો' એવું રાજાને વિશેષણ આપ્યું છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

चतुर्वर्णाश्रमो लोको राज्ञा दंडेन पालितः । स्वधर्मकर्माभिरतो वर्तते स्वेषु वर्त्मसु ॥

રાજા દંડ ધારણ કરીને ચારેય વર્ણનું તથા આશ્રમનું પાલન કરે છે તો ચારેય વર્ણના તથા આશ્રમના લોકો પોતપોતાના ધર્મ ઉપર પ્રીતિ રાખીને સ્વધર્મમાં વર્તે છે.[૧]

वंशे विशालवंशानामृषीणामिव भूयसाम् ।
अप्रतिग्राह्यकाणां यो बभूव भुवि विश्रुतः ॥ २ ॥
जातवेदा इवार्चिष्मान् वेदान् वेदविदां वरः ।
योऽधीतवान् सुचतुरश्चतुरोऽप्येकवेदवत् ॥ ३ ॥
यस्याभिचारवज्रेण वज्रज्वलनतेजसः ।
पपातामूलतः श्रीमान् सुपर्वा नंदपर्वतः ॥ ४ ॥
एकाकी मन्त्रशक्त्या यः शक्त्या शक्तिधरोपमः ।
आजहार नृचन्द्राय चन्द्रगुप्ताय मेदिनीम् ॥ ५ ॥
नीतिशास्त्रामृतं श्रीमानर्थशास्त्रमहोदधेः ।
य उद्दध्रे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे ॥ ६ ॥

ઘણી પ્રજ્ઞાને ઉત્પન્ન કરવાથી વિશાળ વંશવાળા, ઋષિઓની પેઠે પ્રતિગ્રહ (દાન) નહિ લેનારા, અને ઉત્તમ ગુણોને લીધે મહાન્ ગણાતા એવા મોટા પુરુષોના વંશમાં જે ઉત્પન્ન થયા હતા, જે પૃથ્વી ઉપર વિખ્યાત હતા, જે અગ્નિના જેવા કાંતિમાન્ હતા, જે વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ હતા, જે પ્રજ્ઞાદિક ગુણોને લીધે અત્યંત ચતુર હતા, જે ચારેય વેદને એક વેદની પેઠે ભણ્યા હતા, જે વિજળીના અગ્નિ સમાન તેજસ્વી હતા, જેના અભિચારરૂપી વજ્રે શ્રીમાન્ તથા સદાચારસંપન્ન છતાં પણ નવ નંદરૂપી પર્વતને મૂળ-માંથી ઉખેડીને તેનો નાશ કરી નાંખ્યો હતો, જે કાર્તિકસ્વામીના જેવા શક્તિમાન્ હતા, જેણે એકલાએ પોતાના જ્ઞાનના બળથી, પ્રભાવશક્તિથી અને ઉત્સાહશક્તિથી, મનુષ્યોમાં ચંદ્રના જેવા ઉજ્જ્વળ કીર્તિવાળા ચંદ્રગુપ્ત નામના રાજાને રાજ્ય અપાવ્યું હતું તથા જેણે અર્થશાસ્ત્રરૂપી મહાસાગરમાંથી નીતિશાસ્ત્રરૂપી અમૃતનો ઉદ્ધાર કર્યો હતો, તે નીતિશાસ્ત્રના રચનારા શ્રીમાન્ વિષ્ણુગુપ્તને હું નમસ્કાર કરું છું. ૨–૬.

ભાવાર્થઃ—નીતિસારનો કર્તા કામંદક બીજા શ્લોકથી છઠ્ઠા શ્લોક સૂધીમાં વિષ્ણુગુપ્તનું માહાત્મ્ય ગાઇને તેને નમસ્કાર કરે છે. જે કુળમાં વિષ્ણુગુપ્ત જન્મ્યો હતો, તે કુળમાં ઘણી પ્રજ્ઞા ઉત્પન્ન થઈ હતી તેથી તેના વંશને કવિ વિશાલવંશ કહીને વર્ણવે છે. અથવા તો જે વંશમાં વિષ્ણુગુપ્ત જન્મ્યો હતો, તે વંશમાં ઉત્તરોત્તર વિદ્વાનો અને તપસ્વી પુરુષો જન્મ્યા હતા તેથી તેને વિશાલ વંશ કહેવામાં આવ્યો છે. શાસ્ત્રમાં ચાર પ્રકારના વંશ કહ્યા છે; ૧ઉદિતોદિત, ૨ઉદિતાનુદિત, ૩અનુદિતોદિત, ૪અનુદિતાનુદિત, જેના વંશમાં પૂર્વજ પુરુષો તથા તેના પછીના પુરુષો વેદ તથા શાસ્ત્ર ભણેલા હોય તથા સનાતન ધર્મ પ્રમાણે વર્તતા હોય, તે વંશ 'उदितोदित उत्तरोत्तर उदयवाळो' કહેવાય છે. જે વંશમાં પૂર્વજ પુરુષો વેદશાસ્ત્ર ભણેલા હોય તથા ધર્માચરણ કરતા હોય, પરંતુ પાછળના પુરુષો મૂર્ખ અને અધર્મી નિવડે, તે વંશ 'उदितानुदित એટલે પ્રથમ ઉદયવાળો અને પાછળથી અધર્મવડે અસ્ત પામેલો,' કહેવાય છે. જે વંશમાં પૂર્વજ પુરુષો વેદશાસ્ત્ર ભણેલા ન હોય, પરંતુ પાછળથી પુરુષો સારા વિદ્વાન્ અને ધર્મનિષ્ઠ નિપજે, તે વંશ અનુદિતોદિત કહેવાય છે. અને જે વંશમાં પૂર્વજ પુરુષો તેમ જ પછીના પુરુષો વેદશાસ્ત્રથી વિમુખ, અધર્મી અને મૂર્ખ જન્મે અને અધર્માચરણ કરે, તે વંશ અનુદિતાનુદિત કહેવાય છે. વિષ્ણુગુપ્ત જે વંશમાં જન્મ્યો હતો, તે વંશ उदितो दित હતો અર્થાત્ ઉત્તરોત્તર વિદ્વાન્ અને ધર્મનિષ્ઠ પુરુષોને જન્મ આપનાર હતો, તેથી જ કામંદક તેના વંશનું વર્ણન કરતી વેળા તેને વિશાલવંશ તરિકે વર્ણવે છે. વળી વિષ્ણુગુપ્તના પૂર્વજો પ્રતિગ્રહ કરતા નહતા અર્થાત્ દાન લેતા નહતા, તેથી કામંદક તેના પૂર્વજોને ઋષિની ઉપમા આપે છે.

ચાણક્યે અભિચાર કરીને નંદ રાજાને મારી નાખ્યો હતો. તેના વિશે બૃહત્કથા, કથાસરિત્સાગર વગેરેમાં આ પ્રમાણે આખ્યાયિકા છે;—શકટાલ નામના એક મંત્રીના પુત્રને નંદ રાજાની સાથે અત્યંત વૈર હતું, તેથી તે તેનો નાશ કરવામાટે રાત દિવસ લાગ શોધ્યા કરતો હતો. એક દિવસે તેણે ચાણક્ય નામના એક બ્રાહ્મણને ભૂમિ ખોદતાં દીઠો. એટલે પૂછ્યું કે; 'મહારાજ! ભૂમિને શામાટે ખોદો છો?' ચાણક્યે ઉત્તર આપ્યો; 'માર્ગમાં જતાં આ કેકાણેથી દર્ભની શલાકા મારા પગમાં વાગી, તેથી હું મૂળ સાથે દર્ભને

ઉખેડી નાખવાને ભૂમિ ખોદું છું.' તે સાંભળીને શકટાલના મનમાં વિચાર આવ્યો કે, આ બ્રાહ્મણ ક્રોધી અને સ્થિર નિશ્ચયવાળો જણાય છે. માટે યોગનંદનો નાશ કરવામાં આ ઉપયોગી થઈ પડશે. આમ ધારીને શકટાલે તેને પૂછ્યું; 'મહારાજ ! આપનું નામ શું છે ?' તેણે ઉત્તર આપ્યું; 'ચાણક્ય.' તે પછી શકટાલે તેને કહ્યું; 'મહારાજ ! આજે નંદ રાજાને ત્યાં શ્રાદ્ધ છે. તેમાં હું આપને નિમંત્રણ કરું છું. આપને ત્યાં સારી દક્ષિણા મળશે અને તમે અગ્ર આસન ઉપર બેસીને ભોજન કરશો, માટે ચાલો.' આમ કહીને શકટાલ તેને પોતાને ઘેર તેડી લાવ્યો અને રાજાને તે બ્રાહ્મણ દેખાડ્યો. રાજાએ તેને શ્રાદ્ધને દિવસે મુખ્ય આસન ઉપર બેસાડવા માટે માન્ય કર્યું. અને શ્રાદ્ધને દિવસે તે મુખ્ય આસન ઉપર જઇને બેઠો. એટલામાં સુબંધુ નામનો બીજો બ્રાહ્મણ ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે; મુખ્ય આસન ઉપર બેસવાનો મારો અધિકાર છે. આ બ્રાહ્મણનો નથી. શકટાલે તે વાત રાજાની પાસે જઇને કહી, એટલે રાજાએ પણ સુબંધુને મુખ્યાસન ઉપર બેસાડવાને માન્ય કર્યું. તે પછી શકટાલે ચાણક્યની પાસે આવીને કહ્યું કે; 'રાજાએ સુબંધુને મુખ્ય આસન ઉપર બેસારવાની આજ્ઞા કરી છે. માટે આમાં મારો કંઈ પણ અપરાધ નથી.' તે સાંભળીને ચાણક્ય ક્રોધથી પ્રજ્વળી ઉઠ્યો, અને પોતાની શિખાને છૂટી મૂકીને તે જ સમયે પ્રતિજ્ઞા કરી કે, સાત દિવસમાં નંદનું નિકંદન કર્યા પછીજ હું આ શિખા બાંધીશ. આમ કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો. પાછળથી શકટાલ તેને ગુપ્ત રીતે પોતાને ઘેર લઈ ગયો, ગુપ્ત રીતે તેને ઘરમાં રાખ્યો અને ગુપ્ત રીતે તેને અભિચારની (મારણ વિધિની) સર્વ સામગ્રી પૂરી પાડી. ચાણક્યે એકાંત સ્થળમાં બેસીને આથર્વણ મંત્રથી કૃત્યા સાધીને સાત દિવસમાં નંદરાજાનો તેના વંશની અને રાજ્યની સાથે નાશ કરી નાખ્યો. કામંદક લખે છે કે; નંદ રાજા શ્રીમાન્ હતો, એટલે તેની પાસે નવાણું કરોડ સોનામહોર હતી તથા તે સુપર્વા કહેતાં સદાચારસંપન્ન હતો, છતાં પણ બ્રાહ્મણે દિવ્ય મંત્રશક્તિથી તેનો નાશ કરી નાખ્યો હતો. મૂળમાં આમૂલતઃ પદ છે. તેનો અર્થ એવો થાય છે કે, ચાણક્યે નંદના ધનનો તથા રાજ્યપાટનો જ નાશ કર્યો ન હતો, પરંતુ તેના વંશનો તથા શરીરનો પણ નાશ કરી નાખ્યો હતો. અર્થાત્ તેને જીવથી મારી

નાખીને તેનું રાજ્ય ચંદ્રગુપ્તને આપ્યું હતું. ચાણક્યનું વિષ્ણુગુપ્ત નામ સંસ્કાર કરવા વખતનું હતું. અને चाणक्य तथा कौटिल्य નામ જન્મભૂમિને લઇને તથા ગોત્રને લઇને હતાં, એમ જયમંગલા ટીકાકાર કહે છે; ત્યારે उपाध्यायनिरपेक्षा ટીકાકાર કહે છે કે; કૌટિલ્ય અને चाणक्य નામ વ્યવહારને લઇને હતાં. તે કહે છે કે;–कुटो घटस्तं धान्यपूर्णं लान्ति संगृह्णन्ति इति कुटलाः कुंभीधान्याः। इति प्रसिद्धिः સંસ્કૃતમાં કુટ ઘડાનું નામ છે. ઘડામાં ધાન્ય ભરીને તેનો સંગ્રહ કરનારા કુટલ કહેવાય છે. અર્થાત્ એક કુંભી જેટલાં ધાન્યનો સંગ્રહ કરનારો કુટલ નામનો કહેવાય છે. તેના વંશમાં જન્મેલો પુત્ર કૌટિલ્ય કહેવાય છે. વિષ્ણુગુપ્તના પૂર્વજો એક કુંભી ભર ધાન્યનો સંગ્રહ કરનારા હતા, તેથી કુટલ કહેવાતા હતા. તેના વંશમાં વિષ્ણુગુપ્ત જન્મ્યો હતો તેથી તેનું બીજું વ્યાવહારિક નામ કૌટિલ્ય હતું. તે પ્રમાણે જ चणक ગોત્રમાં જન્મેલો હોવાથી તે चाणक्य ના નામથી પણ કહેવાતો હતો.

ચંદ્રગુપ્તઃ–ચાણક્યે નંદને અને તેના પુત્રોને મારી નાખીને તેનું રાજ્ય ચંદ્રગુપ્તને આપ્યું હતું. આ ચંદ્રગુપ્તનો પિતા ક્ષત્રિય હતો, માતા શૂદ્ર જાતિની હતી અને તેનું નામ મુરા હતું. માતાના નામ ઉપરથી અપત્ય અર્થમાં મુરા શબ્દને यञ् પ્રત્યય લગાડીને ચંદ્રગુપ્તને મૌર્ય પણ કહેવામાં આવે છે. કામંદકે અર્થશાસ્ત્રને મહાસાગરનું રૂપ આપ્યું છે. તે અર્થશાસ્ત્રની પુરાણમાં આ પ્રમાણે ઉત્પત્તિ કહેવામાં આવી છે.

ब्रह्माध्यायसहस्राणां शतं चक्रे स्वबुद्धिजं। तन्नारदेन शक्रेण गुरुणा भार्गवेण च॥
भारद्वाजविशालाक्षभीष्मपाराशरैस्तथा। संक्षिप्तं मनुना चैव तथा चान्यैर्महर्षिभिः॥
प्रजानामायुषो ह्रासं विज्ञाय च महात्मना। संक्षिप्तं मनुना चैव तथा चान्यैर्महर्षिभिः॥
प्रजानामायुषो ह्रासं विज्ञाय च महात्मना। संक्षिप्तं विष्णुगुप्तेन नृपाणामर्थसिद्धये॥

બ્રહ્માએ પોતાની બુદ્ધિથી અર્થશાસ્ત્રના એક લાખ અધ્યાય રચ્યા હતા. તે પછી નારદે, ઇંદ્રે, બૃહસ્પતિએ, શુક્રે, ભારદ્વાજે, વિશાલાક્ષે, ભીષ્મે, વ્યાસે, મનુએ તથા બીજા મહર્ષિઓએ પણ પ્રજાનું ઉત્તરોત્તર અલ્પ આયુષ્ય જોઇને તે અર્થશાસ્ત્રને સંક્ષેપમાં રચ્યું હતું. તે પછી કલિયુગમાં મહાત્મા વિષ્ણુગુપ્તે પ્રજાનું અલ્પ આયુષ્ય જોઇને તથા રાજાઓનાં રાજકીય કાર્યની સિદ્ધિને માટે સંક્ષિપ્ત એવા અર્થશાસ્ત્રને પણ સંક્ષેપમાં કર્યું

હતું. આ રીતે વિષ્ણુગુપ્તનું રચેલું અર્થશાસ્ત્ર બ્રહ્માથી ઉતરી આવેલું હોવાથી પ્રમાણભૂત છે, આવો કામંદકનો આશય છે. અર્થશાસ્ત્રની રચનાના સંબંધમાં કામશાસ્ત્રમાં પણ આ પ્રમાણે કહ્યું છે;

प्रजापतिर्हि प्रजाः सृष्ट्वा तासां स्थितिनिबंधनं
त्रिवर्गस्य शासनमध्यायानां शतसहस्रेणाग्रे प्रोवाच ।
तस्यैकदेशं स्वायंभुवो मनुर्धर्माधिकारिकं पृथक् चकार ।
बृहस्पतिरर्थाधिकारिकमिति ।

પ્રજાપતિએ પ્રજા સરજ્યા પછી તેની સ્થિતિ બાંધવામાટે પૂર્વે એક લાખ અધ્યાયથી ધર્મનો, અર્થનો અને કામનો ઉપદેશ કર્યો હતો. સ્વાયંભુવ મનુએ એ એક લાખ અધ્યાયમાંથી એક તૃતીયાંશ જેટલો ધર્મનો ભાગ જૂદો પાડીને ધર્મશાસ્ત્રની રચના કરી, અને બૃહસ્પતિએ એક તૃતીયાંશ ભાગને જૂદો પાડીને અર્થશાસ્ત્રની રચના કરી. તે અર્થશાસ્ત્રના એક કરોડ શ્લોક હતા. તે ઉપરથી કામંદક અર્થશાસ્ત્રને મહાસાગરની ઉપમા આપે છે અને કહે છે કે વિષ્ણુગુપ્તે તે અર્થશાસ્ત્રરૂપી મહાસાગરમાંથી નીતિશાસ્ત્રરૂપી અમૃતને દોહી કાઢ્યું હતું. કવિ દંડીએ પણ વિષ્ણુગુપ્તનાં નીતિશાસ્ત્રનું પ્રથમ ઉચ્છ્વાસમાં નામ લખ્યું છે, અને ઉત્તરપીઠિકાના આઠમા ઉચ્છ્વાસમાં ચાણક્યનાં નીતિશાસ્ત્રનું વર્ણન કરતાં કહે છે કે;–

आचार्यविष्णुगुप्तेन मौर्यार्थे षड्भिः श्लोकसहस्रैः संक्षिप्ता ।

આચાર્ય વિષ્ણુગુપ્તે મૌર્ય રાજાને માટે–(ચંદ્રગુપ્તને માટે) છ હજાર શ્લોકનું સંક્ષેપમાં નીતિશાસ્ત્ર રચ્યું છે. તે નીતિશાસ્ત્ર હમણા કૌટિલ્ય વિરચિત અર્થશાસ્ત્રના નામથી પ્રસિદ્ધ છે. આ કૌટિલ્ય વિરચિત અર્થશાસ્ત્રનાં ૧૮૦ એકસો અેંસી પ્રકરણ છે અને ૬૦૦૦ છ હજાર શ્લોક છે. ૨–૬

दर्शनात्तस्य सुदृशो विद्यानां पारदृश्वनः ।
राजविद्याप्रियतया सङ्क्षिप्तग्रन्थमर्थवत् ॥ ७ ॥
उपार्जने पालने च भूमेर्भूमीश्वरं प्रति ।
यत्किञ्चिदुपदेक्ष्यामो राजविद्याविदां मतम् ॥ ८ ॥

વિધિપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરવાથી વિશુદ્ધ જ્ઞાનવાળા અને વિદ્યાઓમાં પારંગત એવા વિષ્ણુગુપ્તે રચેલા અર્થશાસ્ત્રમાંથી (નીતિશાસ્ત્રમાંથી) અમને રાજવિદ્યા પ્રિય હોવાથી અમે સંક્ષેપમાં ઉત્તમ વિષયોવાળો આ નીતિસાર નામનો ગ્રંથ રચીએ છીએ તથા ભૂમિને મેળવવા માટે અને મેળવેલી ભૂમિનું રક્ષણ કરવામાટે રાજવિદ્યા જાણનારાઓનો જે કંઈ સારભૂત મત છે, તે મતનો અમે રાજાઓને ઉપદેશ કરીએ છીએ. ૭-૮.

ભાવાર્થઃ-વિદ્યાઓમાં પારંગતઃ-વિદ્યા ચૌદ કહેવાય છે અને તેને માટે ભગવાન્ યાજ્ઞવલ્કય કહે છે કે;-

पुराणन्यायमीमांसाधर्मशास्त्रांगमिश्रिताः । वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश॥

પુરાણ, ન્યાયશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, ધર્મશાસ્ત્રો, ચાર વેદ અને તેનાં છ અંગઃ- શિક્ષા, કલ્પસૂત્ર, વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત અને છંદસ્, આ રીતે ચૌદ વિદ્યા છે અને તેમાં ધર્મનું વર્ણન કર્યું છે. વિષ્ણુગુપ્ત આ ચૌદ વિદ્યા ભણેલા હતા, તેથી કામંદક કહે છે કે; તે વિદ્યાઓમાં પારંગત હતા.

કામંદકે વિષ્ણુગુપ્તના રચેલા અર્થશાસ્ત્રમાંથી આ નીતિસાર નામનો નીતિગ્રંથ સંક્ષેપમાં રચ્યો છે અને એ વાત આ શ્લોકમાં **दर्शनात्तस्य** એ વાક્યથી કામંદક પોતે સ્પષ્ટરીતે કહે છે. ભૂમિ ત્રણ પ્રકારે મેળવવામાં આવે છે. એક તો નવીન ભૂમિ મેળવવી, પોતાના પૂર્વજોની ભૂમિ જેને શત્રુ રાજાઓ દબાવી પડ્યા હોય તેને મેળવવી તથા પોતાના પિતાની ભૂમિ જેને બીજાઓ દબાવી પડ્યા હોય તેને મેળવવી. આ રીતે ભૂમિને મેળવવાના ત્રણ પ્રકાર છે તથા મેળવેલી ભૂમિનું રક્ષણ કરવું, તે પણ પોતાના ભાયાતોથી તથા શત્રુઓથી, એમ બે પ્રકારે કરવાનું છે. કેટલાએક કહે છે કે, રક્ષણ કરેલી ભૂમિને વધારવી અને વધારેલી ભૂમિ સુપાત્રને આપવી. આ રીતે ચાર પ્રકાર છે. પરંતુ વસ્તુતાએ પાછલા બે પ્રકારનો અર્જનમાં અને રક્ષણમાં જ સમાવેશ થઈ જાય છે. રક્ષણ કરેલાંને વધારવું એ જ અર્જન કરવા સમાન છે અર્થાત્ મેળવવા સમાન છે. અને ભૂમિ અથવા

તો ધન સુપાત્રને આપવું અથવા તો ગુણવાન્ પુત્રને આપવું અથવા તો યજ્ઞદાન વગેરેમાં ઉપયોગ તેનો કરવો, આ તેનું રક્ષણ કરવા બરાબર છે. કારણ કે તેમ કરવાથી ફરીને તે પોતાને જ મળે છે અને તેના ઉપર પોતાનું જ સ્વામિત્વ રહે છે. રાજવિદ્યા જાણનારાનો મતઃ–શુક્ર, બૃહસ્પતિ, વિષ્ણુગુપ્ત વગેરે નીતિશાસ્ત્રના રચનારાઓનો મત. રાજવિદ્યાના ખાસ અધિકારી રાજાઓ છે તેથી કામંદક કહે છે કે; અમે આ નીતિશાસ્ત્રનો ઉપદેશ રાજાને કરીએ છીએ. પરંતુ રાજા ઉપરાંત શ્રીમંતો અને સામાન્ય ગૃહસ્થોને પણ નીતિશાસ્ત્ર ભણવાની ઘણી જ જરૂર છે. કારણ કે તેઓને વ્યાપાર, ગૃહ-રાજ્ય વગેરે ચલાવવાનાં છે. રાજાઓ દેશના રાજા છે ત્યારે ગૃહસ્થો પોતાના ગૃહના રાજા છે. ગૃહરાજ્ય ચલાવવામાં પ્રસંગે પ્રસંગે અર્થશાસ્ત્રનાં જ્ઞાનની જરૂર પડે છે. જેઓ અર્થશાસ્ત્ર જાણતા નથી. તેમનો ડગલે ડગલે વ્યવહારમાં પરાભવ થાય છે. માટે રાજાએ, શ્રીમાને અને ગૃહસ્થે પણ નીતિશાસ્ત્રનું ખાસ અધ્યયન કરવાની જરૂર છે. ૭–૮

राजास्य जगतो हेतुर्वृद्धेर्वृद्धाभिसंमतः ।
नयनानन्दजननः शशाङ्क इव तोयधेः ॥ ९ ॥
यदि न स्यान्नरपतिः सम्यङ् नेता ततः प्रजाः ।
अकर्णधारा बलवद् विप्लवेतेह नौरिव ॥ १० ॥

રાજા પોતાની પ્રજાને ધર્મ, અર્થ અને કામની ભાગી બનાવીને આ જગતનો અભ્યુદય કરે છે; તથા સમુદ્ર જેમ ચંદ્રનાં દર્શન કરીને આનંદથી ઉભરાઈ જાય છે, તેમ ન્યાયથી પાલન કરનારા રાજાનાં દર્શન કરીને પ્રજાનાં નેત્ર પણ આનંદથી ઉભરાય છે. આમ જાણીને વૃદ્ધ પુરુષો પણ (પ્રજાનું પાલન કરવામાટે રાજાની ખાસ જરૂર છે) આમ માને છે. જો પ્રજાનું સારી રીતે પાલન કરનારો રાજા ન હોય તો ખલાસી વગરનું વહાણ જેમ સમુદ્રમાં સર્વથા ડૂબી જાય છે, તેમ પ્રજાનો પણ આ પૃથ્વી ઉપર સર્વથા નાશ થાય છે. ૯–૧૦

ભાવાર્થઃ–રાજાનાં બે કર્તવ્ય કર્મ છે. પોતાના દેશનું રક્ષણ કરવું એ તેનું પ્રથમ કર્તવ્ય છે અને શત્રુનો પરાજય કરીને તેના દેશને મેળવવો

એ તેનું બીજું કર્તવ્ય છે. આ બન્ને કર્તવ્ય વિષયલંપટ રાજાથી થઈ શકતાં નથી માટે આ પ્રથમ સર્ગમાં 'ઇંદ્રિયોનો જય' તથા 'વિદ્યાવૃદ્ધનો સમાગમ' એમ બે વિષયનો ઉપદેશ કર્યો છે. તેમાં ઇંદ્રિયોનો વિજય કર્યા વિના વિદ્યાવૃદ્ધોનો સમાગમ થઈ શકતો નથી, તેથી રાજાને પ્રથમ ઇંદ્રિયોને જિતવાનો ઉપદેશ આપવામાં આવે છે. પ્રાચીન કાળની આર્ય પ્રજા રાજાની સત્તાને સ્વીકારનારી હતી; અને તે માનતી હતી કે રાજા એક દેવ છે અને તેનામાં આઠ લોકપાળનો અંશ છે. રાજાનાં દર્શન કરવાથી પાપનો નાશ થાય છે. મનુ વગેરેનાં ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે, શુભ પર્વને દિવસે દેવની પેઠે રાજાનાં પણ દર્શન કરવાં જોઇએ અને દેશના ઉપર ધર્મનિષ્ઠ અને ન્યાયી રાજા અવશ્ય હોવો જોઇએ. રાજાની સત્તા પ્રજાએ સ્વીકારવી જ જોઇએ, એવો ઉપદેશ આપતાં ચાણક્ય પ્રાચીન ધર્મશાસ્ત્રનાં તેને માટે પોતાના અર્થશાસ્ત્રમાં પ્રમાણ આપીને કહે છે કે;–

"मात्स्यन्यायाभिभूताः प्रजा मनुं वैवस्वतं राजानं चक्रिरे ।
धान्यं षड्भागं पण्यदशभागं हिरण्यं चास्य भागधेयं प्रकल्पयामासुः ॥

મોટાં માછલાંઓ જેમ નાનાં માછલાંઓનો નાશ કરે છે, તેમ બળવાન્ પ્રજા નિર્બળ પ્રજાનો નાશ કરવા માંડી, એટલે પ્રજાએ હારી જઇને પોતાની રક્ષા કરવા માટે વૈવસ્વત મનુને પોતાના રાજા બનાવ્યા, અને પોતાની રક્ષા કરવાના બદલામાં તેને ધાન્યમાંથી છઠ્ઠો ભાગ ને સુવર્ણ વગેરેના વ્યાપારમાંથી દશમો ભાગ આપવાનો નિશ્ચય કર્યો. મનુએ પણ પ્રજાની સત્તાને સ્વીકારી નથી, પરંતુ રાજાની સત્તાને સ્વીકારી છે. તે લખે છે કે, પ્રજા રાજાના દંડના ભયથી ધર્માચરણ કરે છે અને એકબીજાને સહાયકારક થઈ પડે છે. ૯–૧૦

धार्मिकं पालनपरं सम्यक् परपुरञ्जयम् ।
राजानमभिमन्यन्ते प्रजापतिमिव प्रजाः ॥ ११ ॥

ધર્મનિષ્ઠ, પ્રજાનું ન્યાયથી પાલન કરનારા અને શત્રુના નગરના વિજય કરનારા રાજાને પ્રજા પ્રજાપતિની પેઠે માન આપે છે. ૧૧

ભાવાર્થ:–ત્રણ પ્રકારના રાજા હોય છે. એક ધર્મવિજયી, બીજો અસુર-

વિજયી અને ત્રીજો લોભવિજયી. ધર્મને અનુસરીને વિજય કરનારો રાજા ધર્મવિજયી કહેવાય છે, અને પ્રજા પણ તેવા રાજાને માન આપે છે. પરંતુ અસુરભાવથી વિજય કરનારો તથા લોભથી વિજય કરનારો રાજા સર્વ લોકોને દુઃખ ઉપજાવનારો થઈ પડે છે તેથી પ્રજા તેને માન આપતી નથી. ધર્મવિજયી રાજાને બે જાતનાં કર્તવ્ય હોય છે. પોતાના દેશનું પાલન તથા દુઃખમાંથી તેનો ઉદ્ધાર કરવો. તેમાં ધર્મવિજયી રાજાનું પ્રથમ કર્તવ્ય પોતાના દેશનું પરિપાલન કરવું એ છે અને શત્રુનો પરાજય કરવો, એ કાર્ય પ્રસંગને લઈને કરવું પડે છે. કારણ કે શત્રુઓને જિત્યા વગર પોતાના દેશનું પાલન થઈ શકતું નથી. ૧૧

आयत्तं रक्षणं राज्ञि वार्ता रक्षणमाश्रिता ।
वार्ताच्छेदे हि लोकोऽयं श्वसन्नपि न जीवति १२ ॥

રક્ષા કરવાનું કામ રાજાના આધીન છે અને વાર્તાને (ખેતીવાડી તથા વ્યાપાર વગેરેને) રક્ષણની જરૂર છે. શત્રુઓ ખેતીવાડીને તથા વ્યાપારને અટકાવે અથવા તો તેનો નાશ કરે તો આ મનુષ્યલોક જીવતાં છતાં પણ મુવા સમાન થઈ પડે છે. ૧૨

ભાવાર્થઃ–શત્રુઓ જ્યારે દેશ ઉપર ચઢી આવીને દેશની ખેતીને તથા દેશના વ્યાપારને નુકસાન કરે છે ત્યારે દેશની તથા પ્રજાની મોટી હાનિ થાય છે એટલું જ નહિ પરંતુ ધાન્યાદિકના અભાવે પ્રજા પણ નાશ પામે છે. માટે ખેતીવાડી, વ્યાપાર વગેરેની રક્ષા કરવા માટે દેશના ઉપર ધર્મિષ્ઠ રાજાની જરૂર છે. એ વાત આ શ્લોકમાં દર્શાવી છે. ૧૨

पर्जन्य इव भूतानामाधारः पृथिवीपतिः ।
विकलेऽपि हि पर्जन्ये जीव्यते न तु भूपतौ ॥ १३ ॥

રાજા વરસાદની પેઠે પ્રાણીઓનો આધાર છે. કદાચ વરસાદ ન વરસે તો પ્રજા કંદમૂળ ખાઈને પણ જીવી શકે છે; પરંતુ જો રાજા ન હોય તો પ્રજા જીવી શકતી નથી. (પણ પરસ્પર લઢી વઢીને મરણ પામે છે.) ૧૩

प्रजां संरक्षति नृपः सा वर्धयति पार्थिवम् ।
वर्धनाद्रक्षणं श्रेयस्तन्नाशेऽन्यत् सदप्यसत् ॥ १४ ॥

રાજા પ્રજાનું સારી રીતે રક્ષણ કરે છે, અને પ્રજા રાજાની વૃદ્ધિ કરે છે. વૃદ્ધિ કરવા કરતાં પ્રજાનું રક્ષણ શ્રેયસ્કર છે. જો પ્રજાનું રક્ષણ કરવામાં આવે નહિ તો પ્રજા તરફથી કરવામાં આવતો રાજાનો અભ્યુદય જોઈએ તેવો થતો નથી. ૧૪

ભાવાર્થઃ—રાજા ન્યાયથી પ્રજાનું રક્ષણ કરે છે અને પ્રજા ધાન્ય, સુવર્ણ વગેરેમાંથી છઠ્ઠો, દશમો વગેરે ભાગ આપીને તથા કર આપીને રાજાનું પોષણ કરે છે. પોષણ કરવા કરતાં પણ રક્ષણ કર્મ ઉત્તમ ગણાય છે. રાજા પ્રજાનું જો રક્ષણ કરતો નથી તો પ્રજા કર વગેરે આપીને રાજાની વૃદ્ધિ કરે છે, છતાં પણ રાજાની વૃદ્ધિ થતી નથી. પરંતુ રાજા પોતાની ફરજ નહિ બજાવવાથી પંડે પાતકી થઇને અંતે નાશ પામે છે. ૧૪

न्यायप्रवृत्तो नृपतिरात्मानमथ च प्रजाम् ।
त्रिवर्गेणोपसन्धत्ते निहन्ति ध्रुवमन्यथा ॥ १५ ॥

મનુ વગેરેએ દેખાડેલા ધર્મ પ્રમાણે વર્તીને ન્યાયથી પ્રજાનું પાલન કરનારો રાજા, પોતાને તથા પોતાની પ્રજાને ધર્મ, અર્થ તથા કામની એમ ત્રણ વર્ગની ભોક્તા બનાવે છે. પરંતુ જે રાજા અન્યાયથી વર્તે છે, તે રાજા પોતાનો અવશ્ય નાશ કરે છે. ૧૫

धर्माद् वैजवनो राजा चिराय बुभुजे महीम् ।
अधर्माच्चैव नहुषः प्रतिपेदे रसातलम् ॥ १६ ॥

વૈજવન નામના રાજાએ ધર્મ પ્રમાણે વર્તવાથી (ન્યાયથી વર્તવાથી) ઘણા કાળ સૂધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું હતું, અને નહુષ રાજાને, અધર્મ આચરવાથી, રસાતળ પાતાળમાં જવું પડયું હતું. ૧૬

ભાવાર્થઃ—સગરના વંશમાં ઇંદ્રસેન નામનો એક રાજા હતો. તે પોતાની અડકાયલી સ્ત્રીની સાથે સમાગમ કરવાથી આચારભ્રષ્ટ થયો હતો. તે ઉપરથી બ્રહ્મરાક્ષસે તે રાજાને દર્શન દઇને કહ્યું કે, 'ઓ રાજા! તું તારી પ્રજાને

અધર્મને માર્ગે ચલાવીશ તો તને હું જીવતો રહેવા દઈશ: નહિતર હમણાં જ તને ખાઈ જઈશ.' રાજા બ્રહ્મરાક્ષસના કહેવાથી ગભરાયો, અને તેણે પોતાનાં રક્ષણની ઇચ્છાથી પોતાની પ્રજાને અધર્મના માર્ગમાં ઉતારી, તેથી થોડા જ સમયમાં તેનો નાશ થયો હતો. તેના પુત્રો અને પૌત્રોએ પણ પિતાને પગલે ચાલીને પોતાની પ્રજાને અધર્મના માર્ગમાંથી અટકાવી નહિ, તેથી તેઓ પણ નાની વયમાં જ કાળના કોળીયા થઈ પડ્યા; તે પછી થોડોક કાળ વીત્યા કેડે તેના વંશમાં વૈજવન જેને બીજા ગ્રંથોમાં પૈજવન કહે છે તે જન્મ્યો, અને તેણે પોતાની પ્રજાને ધર્મના માર્ગમાં ચલાવીને પોતે નીતિથી પ્રજાનું પાલન કરવા માંડ્યું. તેથી તેણે ઘણા કાળ સૂધી રાજ્ય ભોગવ્યું હતું અને મોટું આયુષ્ય પણ ભોગવ્યું હતું. માટે રાજાએ ધર્માચરણ કરીને પોતાની પ્રજાનું ન્યાયથી પાલન કરવું જોઇએ.

રાજા નહુષ અધર્મી અને અન્યાયી હતો, તેથી તે સર્પ થઇને રસાતળ પાતાળમાં ગયો હતો. તેની કથા એવી છે કે;–ઇંદ્રે વૃત્રાસુરને માર્યો હતો તેથી તેને બ્રહ્મહત્યા લાગી હતી અને તે માનસરોવરમાં જઇને એક કમળના તંતુમાં છૂપી રીતે ભરાઈ ગયો હતો અને સ્વર્ગલોક રાજા વિનાનો થઈ પડ્યો હતો. તે ઉપરથી દેવોએ અને બ્રાહ્મણોએ નહુષ રાજાને સ્વર્ગનો રાજા બનાવ્યો, અને તે સ્વર્ગનું રાજ્ય કરવા લાગ્યો. તેણે લક્ષ્મીના મદમાં આવી જઇને ઇંદ્રાણીને કહેવરાવ્યું કે; હું ઇંદ્રના પદ ઉપર છું, માટે હવે તું મારી સેવામાં હાજર થા ! તે સાંભળીને ઇંદ્રાણી ગભરાઈ ગઈ અને પોતાના શિયળની કેમ રક્ષા કરવી, તેનો વિચાર કરવામાટે બૃહસ્પતિની પાસે ગઈ; અને બૃહસ્પતિને પૂછ્યું કે;–મને નહુષ પોતાની સેવામાં બોલાવે છે, માટે હવે મારે શું કરવું ? બૃહસ્પતિએ તેને યુક્તિ બતાવી કે, તું નહુષને કહેવરાવ કે, જો તમારે મને રાણી તરિકે સ્વીકારવી હોય તો તમે સપ્તર્ષિઓની પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને આવો, એટલે હું તમને વરીશ. તે સાંભળીને નહુષ પાલખીમાં બેઠો અને બૃહસ્પતિ વગેરે બ્રાહ્મણોની પાસે તે પાલખી ઉપડાવીને ઇંદ્રાણીની પાસે જવાને નિકળ્યો. માર્ગમાં બ્રાહ્મણો ધીમે ધીમે ચાલવા લાગ્યા, એટલે નહુષે પોતાના પગ અડાડીને બ્રાહ્મણોને કહ્યું કે; સર્પ સર્પ ચાલો ચાલો, એટલે તે મહર્ષિઓમાંથી અગસ્ત્ય ઋષિ શાપ આપતા

બોલ્યા કે; 'અલ્યા દુષ્ટ! તું સર્પ થઇને રસાતળમાં જા!' આમ કહેતાં જ નહુષ તુરત અજગર જાતનો સર્પ થઇને રસાતળ પાતાળમાં ગયો. ૧૬

तस्माद् धर्मं पुरस्कृत्य यतेतार्थाय भूपतिः ।
धर्मेण वर्धते राज्यं तस्य स्वादु फलं श्रियः ॥ १७ ॥

માટે રાજાએ ધર્મને આગળ કરીને અર્થ તથા કામ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. ધર્માચરણ કરવાથી રાજ્ય વૃદ્ધિ પામે છે, અને તેનું લક્ષ્મીરૂપી સ્વાદુ ફળ છે. ૧૭

ભાવાર્થઃ–લક્ષ્મી, એ રાજ્યનું મધુર ફળ છે અને તે લક્ષ્મી બે પ્રકારની હોય છે. એક લૌકિકી અને બીજી પારલૌકિકી. લૌકિક સુખનો ઉપભોગ કરવામાં જેનો ઉપયોગ કરવામાં આવે તે લૌકિકી અને જેનો ઉપયોગ યજ્ઞ દાન વગેરેમાં કરવામાં આવે છે, તે પારલૌકિકી લક્ષ્મી કહેવાય છે. ૧૭

स्वाम्यमात्यश्च राष्ट्रं च दुर्गं कोशो बलं सुहृत् ।
एतावदुच्यते राज्यं सत्त्वबुद्धिव्यपाश्रयम् ॥ १८ ॥

સ્વામી (રાજા), અમાત્ય (મંત્રી વગેરે), [૧]રાષ્ટ્ર, [૨]દુર્ગ, કોશ, [૩]સૈન્ય અને મિત્ર, આટલાને રાજ્ય કહેવામાં આવે છે અને તેનો [૪]સત્વ (માનસિક ધૈર્ય) તથા [૫]બુદ્ધિના ઉપર આધાર છે. ૧૮

ભાવાર્થઃ–૧ રાષ્ટ્ર એટલે દેશ. ૨ દુર્ગ એટલે દુઃખથી જઈ શકાય તેવો કિલ્લો. ૩ હાથી, ઘોડા, રથ અને પાળારૂપી ચાર અંગવાળું સૈન્ય કહેવાય છે. ૪ દુઃખમાં અથવા તો સુખમાં ગમે તેવા પ્રસંગમાં જે વિકાર પામે નહિ તેવું મન સત્વ કહેવાય છે. ૫ સેવા વગેરે આઠ ગુણવાળી પ્રજ્ઞા બુદ્ધિ કહેવાય છે. ઉપલા શ્લોકમાં કહેલું સાત અંગવાળું રાજ્ય સત્વ તથા બુદ્ધિને આધારે ટકી રહે છે. ૧૮

आलम्ब्य बलवत् सत्त्वं बुद्ध्यालोचितनिर्गमः ।
सप्ताङ्गस्यास्य लाभाय यतेत सततोत्थितः ॥ १९ ॥

રાજાએ સત્વનું સારી રીતે અવલંબન કરવું, બુદ્ધિથી નીતિના

માર્ગનું અવલોકન કરવું, અને નિત્ય ઉદ્યમપરાયણ થઇને સાત અંગવાળું રાજ્ય મેળવવામાટે યત્ન કરવો. ૧૯

न्यायेनार्जनमर्थस्य रक्षणं वर्धनं तथा ।
सत्पात्रप्रतिपत्तिश्च राजवृत्तं चतुर्विधम् ॥ २० ॥

રાજાએ ન્યાયથી (ભૂમિ વગેરે) દ્રવ્ય સંપાદન કરવું, સંપાદન કરેલા દ્રવ્યનું રક્ષણ (પાલન) કરવું, પાલન કરેલા દ્રવ્યની વ્યાપાર વગેરેથી વૃદ્ધિ કરવી અને વૃદ્ધિ પામેલું દ્રવ્ય સુપાત્રને આપવું. આ રીતે રાજાનું ચાર પ્રકારનું કર્તવ્ય છે. ૨૦

ભાવાર્થઃ–રાજાએ રાજ્ય મેળવ્યા પછી નીતિથી રાજ્યનું પાલન કરવું તથા આ શ્લોકમાં કહેલાં ચાર કર્તવ્ય કરવાં. રાજાએ ન્યાયથી ભૂમિ વગેરે પદાર્થોને મેળવવા, મેળવેલા પદાર્થનું પોતાના લોકોથી તથા શત્રુઓથી રક્ષણ કરવું, રક્ષણ કરેલા દ્રવ્યની વ્યાપારાદિકથી વૃદ્ધિ કરવી, અને વૃદ્ધિ પામેલા દ્રવ્યનો યજ્ઞાદિકમાં ઉપયોગ કરવો તથા સુપુત્રને અને વિદ્વાનોને આપીને તેનો સદુપયોગ કરવો. ૨૦

અવતરણિકાઃ–રાજ્યને મેળવવાનો તથા તેની રક્ષા કરવાનો ઉપદેશ કર્યો. હવે વિનયનો ઉપદેશ કરે છે;–

नयविक्रमसम्पन्नः सूत्थानाश्चिन्तयेच्छ्रियम् ।
नयस्य विनयो मूलं विनयः शास्त्रनिश्चयः ॥ २१ ॥

રાજાએ નીતિમાન્ તથા વિક્રમ–શૌર્યસંપન્ન થઇને અને ઉત્તમ પ્રકારનો ઉદ્યમ કરીને પોતાના દેશમાંથી તથા પરના દેશમાંથી લક્ષ્મી સંપાદન કરવી. નયનું મૂળ વિનય છે અને વિનયથી શાસ્ત્રનો નિશ્ચય થાય છે. ૨૧

ભાવાર્થઃ–રાજાને રાજ્યનું રક્ષણ કરવામાટે નીતિશાસ્ત્રનાં જ્ઞાનની તથા શૌર્યની બન્નેની ખાસ જરૂર પડે છે. રાજા શૂરવીર હોય, પણ તેને નીતિ-શાસ્ત્રનું જ્ઞાન ન હોય તો શત્રુઓ તેનો પરાજય કરે છે, તેમજ રાજા નીતિ-શાસ્ત્રમાં કુશળ હોય પરંતુ શૂરવીર ન હોય તો પણ શત્રુઓ તેનો પરાજય

કરે છે, માટે રાજાને નીતિશાસ્ત્રનાં જ્ઞાનની તથા શૌર્યની બન્નેની ખાસ જરૂર છે. નીતિશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરવામાટે વિનયની એટલે ઇંદ્રિયના નિગ્રહની જરૂર છે. રાજા જો ઇંદ્રિયોનો નિગ્રહ કરતો નથી તો તેનું મન વિષયોથી વિક્ષિપ્ત રહે છે અને તેથી તે નીતિશાસ્ત્ર જાણી શકતો નથી, તેમ ન્યાયથી પ્રજાનું રક્ષણ પણ કરી શકતો નથી. ૨૧

विनयो हीन्द्रियजयस्तद्युक्तः शास्त्रमृच्छति ।
तन्निष्ठस्य हि शास्त्रार्थाः प्रसीदन्ति ततः श्रियः ॥ २२ ॥

ઇંદ્રિયોનો વિજય કરવો, તેનું નામ વિનય. જે રાજા વિનયી હોય અર્થાત્ જિતેન્દ્રિય હોય, તે શાસ્ત્રને સમજી શકે છે. અર્થાત્ ઇંદ્રિયોને જિતનારો રાજા અધ્યયન કરીને શાસ્ત્રનો નિશ્ચય કરી શકે છે. ઇંદ્રિયનિગ્રહવાળો રાજા નીતિશાસ્ત્રમાં કહેલા વિષયોને સમજી શકે છે અને નીતિશાસ્ત્ર જાણવાથી રાજાને પોતાના દેશમાંથી તથા શત્રુના દેશમાંથી લક્ષ્મી મળે છે. ૨૨

અવતરણિકા:–નીતિશાસ્ત્રના જ્ઞાનથી કેળવાયલો રાજા જેમ લક્ષ્મી સંપાદન કરે છે, તેમ રાજા કેટલાએક ગુણોથી પણ લક્ષ્મી મેળવે છે તે ગુણો આ પ્રમાણે છે;–

शास्त्रं प्रज्ञा धृतिर्दाक्ष्यं प्रागल्भ्यं धारयिष्णुता ।
उत्साहो वाग्मिता दार्ढ्यमापत्क्लेशसहिष्णुता ॥ २३ ॥
प्रभावः शुचिता मैत्री त्यागः सत्यं कृतज्ञता ।
कुलं शीलं दमश्चेति गुणाः सम्पत्तिहेतवः ॥ २४ ॥

નીતિશાસ્ત્ર, આઠ ગુણવાળી બુદ્ધિ, ધૈર્ય, ડહાપણ, નીડરતા, ધારણાશક્તિ, ઉત્સાહ, વાચાળપણું, દૃઢતા, આપત્તિમાં પણ ક્લેશને સહન કરવાપણું, પ્રભાવ, પવિત્રતા, મૈત્રી, સુપાત્રે દાન, સત્ય, કૃતજ્ઞતા, કુળ, શીલ અને દમ આ ગુણો સંપત્તિ આપનારા છે. ૨૩–૨૪

ભાવાર્થઃ-આઠ ગુણવાળી બુદ્ધિઃ-એ વાક્યમાં બુદ્ધિ શબ્દ પ્રજ્ઞાના અર્થમાં છે અને તેના આઠ ગુણ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યા છે;—

शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं तत्वज्ञानं च धीगुणाः ॥

શાસ્ત્રનાં શ્રવણની ઇચ્છા, શાસ્ત્રશ્રવણ, શ્રવણ કરેલા વિષયને સમજવો, સમજેલાને ધારણ કરવો, તેનો ઉહાપોહ કરવો, અર્થનું જ્ઞાન અને તત્વજ્ઞાન આ આઠ બુદ્ધિના ગુણો છે. ધૈર્ય કહેતાં ચિત્તનો સંતોષ, શૌર્ય, અસહનતા તથા ત્વરાથી કાર્ય કરવું આમ ત્રણ પ્રકારનો ઉત્સાહ કહ્યો છે. જે કાર્ય કરવાનો સ્વીકાર કર્યો હોય, તેને છેવટ પર્યંત ત્યાગ ન કરવું, તેનું નામ દૃઢતા. પ્રભાવ એટલે પ્રભુશક્તિ, પવિત્રતા એટલે નિષ્કપટપણું, અથવા તો પરદારા, પરધન અને પરહિંસાનો ત્યાગ. પિતા તરફથી તથા માતા તરફથી એમ ઉભય તરફથી જે કુળ શુદ્ધ હોય, તેનું નામ કુળ. શીલ એટલે સ્વભાવ. તેને શાસ્ત્રમાં તેર પ્રકારનું કહ્યું છે. હારીતસ્મૃતિમાં શીલનું વર્ણન કરતાં કહ્યું છે કે;-

ब्रह्मण्यता, देवपितृभक्तता, सौम्यता, अपरोपतापिता, अनसूयता, मृदुता, अपारुष्यं, मैत्रता, प्रियवादित्वं, कृतज्ञता, शरण्यता, कारुण्यं, प्रशान्तिश्चेति ।

દમ એટલે મનને તથા ઇંદ્રિયોને નિયમમાં રાખવી તે. આ સર્વે ગુણને લીધે પુરુષ સંપત્તિને સંપાદન કરે છે. અર્થાત્ ઉપર કહેલા ગુણો જે પુરુષમાં હોય છે, તે શ્રીમાન્ થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે;-

जितेंद्रियत्वं विनयस्य लक्षणं गुणप्रकर्षो विनयादवाप्यते ।
गुणाधिके पुंसि जनोऽनुरज्यते जनानुरागप्रभवा हि लक्ष्मीः ॥

જિતેંદ્રિયપણું એ વિનયનું લક્ષણ છે, વિનયથી ઉત્તમ ગુણો સંપાદન કરી શકાય છે, મહાગુણવાન્ પુરુષ ઉપર મનુષ્યો પ્રસન્ન રહે છે અને મનુષ્યોની પ્રીતિથી ગુણવાન્ પુરુષને લક્ષ્મી મળે છે. આ પ્રમાણે ગુણો લક્ષ્મી અપાવનારા છે.

आत्मानं प्रथमं राजा विनयेनोपपादयेत् ।
ततोऽमात्यांस्ततो भृत्यांस्ततः पुत्रांस्ततः प्रजाः ॥ २९ ॥

રાજાએ પ્રથમ પોતાના આત્માને વિનયી (જિતેંદ્રિય) કરવો. તે પછી અમાત્યોને વિનયી કરવા, તે પછી સેવકોને વિનયી કરવા, તે પછી પુત્રોને વિનયી કરવા અને તે પછી પ્રજાને વિનયી કરવી. ૨૫

ભાવાર્થઃ—રાજા પોતે જ જો વિનયી કહેતાં જિતેંદ્રિય ન હોય તો તે પોતાનાં મનુષ્યોને જિતેંદ્રિય કરી શકે નહિ; માટે પ્રથમ રાજાએ પોતે વિનયી એટલે જિતેંદ્રિય થવાની જરૂર છે, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે.

सदानुरक्तप्रकृतिः प्रजापालनतत्परः ।
विनीतात्मा हि नपतिर्भूयसीं श्रियमश्नुते ॥ २६ ॥

પ્રકૃતિમંડળ જે રાજા ઉપર સદા પ્રસન્ન રહે છે અર્થાત્ જે રાજા પ્રકૃતિમંડળને પ્રસન્ન રાખે છે, જે રાજા પ્રજાનું પાલન કરવામાં તત્પર રહે છે, તથા જે રાજા પોતાના મનને વશ રાખે છે, તે રાજા ઘણી લક્ષ્મી સંપાદન કરે છે. ૨૬

(અવતરણિકા) ઇંદ્રિયોનો વિજય કરવાની રીત કહે છેઃ—

प्रकीर्णं विषयारण्ये धावन्तं विप्रमाथिनम् ।
ज्ञानाङ्कुशेन कुर्वीत वश्यमिन्द्रियदन्तिनम् ॥ २७ ॥

શબ્દાદિક વિષયરૂપી અત્યંત વિશાળ અરણ્યમાં દોડતા અને સર્વનો સંહાર કરનારા એવા ઇંદ્રિયરૂપી હાથીને જ્ઞાનરૂપી અંકુશથી વશ કરવો જોઇએ (તાબે કરવો જોઇએ). ૨૭

ભાવાર્થઃ—આત્મા તથા મન એ બે દ્રવ્ય છે અને જ્ઞાન તથા પ્રયત્ન એ બે ગુણ પદાર્થ છે. તેમાં જ્ઞાન પ્રતિબુદ્ધ તથા અપ્રતિબુદ્ધ એમ બે પ્રકારનું છે. જે જ્ઞાન કાર્યના તથા અકાર્યના વિવેકથી ઉત્પન્ન થાય છે તથા મનને નિયમમાં લાવવાને જે સમર્થ હોય છે, તે પ્રતિબુદ્ધ જ્ઞાન કહેવાય છે અને તેથી વિરુદ્ધ જ્ઞાન અપ્રતિબુદ્ધ કહેવાય છે. આ બન્ને જ્ઞાન આત્માનો અને મનનો સંયોગ થયા પછી જન્મે છે અને તેનો સંયોગ પ્રયત્ન નામના ગુણથી થાય છે. મન જ્યારે આત્માની સાથે જોડાઇને અપ્રતિબુદ્ધ જ્ઞાનથી વ્યવહાર

કરે છે ત્યારે ઇંદ્રિયો વિષયોના આધીન થઇને પુરુષનો નાશ કરે છે. માટે મનુષ્યે જ્ઞાનરૂપી અંકુશથી મનને નિયમમાં રાખવું જોઇએ અને ઇંદ્રિયરૂપી હાથીને એવી રીતે વશ કરવો જોઇએ કે, તે વિષયરૂપી અરણ્યમાં જઈ શકે નહિ. ૨૭

आत्मा प्रयत्नादर्थेभ्यो मनः समधितिष्ठति ।
संयोगादात्ममनसोः प्रवृत्तिरुपजायते ॥ २८ ॥

આત્મા શબ્દાદિક વિષયોનો ઉપભોગ કરવા માટે પ્રયત્નથી મનની સાથે જોડાય છે અને આત્માનો તથા મનનો સંયોગ થયા પછી મન ઇંદ્રિયોની સાથે સમાગમ કરવાની પ્રવૃત્તિ કરે છે. ૨૮

विषयामिषलोभेन मनः प्रेरयतीन्द्रियम् ।
तन्निरुन्धात् प्रयत्नेन जिते तस्मिन् जितेन्द्रियः ॥ २९ ॥

આત્માને વિષયરૂપી માંસનો ઉપભોગ કરવાનો લોભ થાય છે તેથી મન ઇંદ્રિયોને વિષયોના તરફ પ્રેરણા કરે છે, માટે પુરુષે મનનો પ્રયત્નથી નિગ્રહ કરવો. મનને જિતવાથી પુરુષ ઇંદ્રિયોને પણ જિતી શકે છે. ૨૯

ભાવાર્થઃ–મન ઇંદ્રિયોનો રાજા છે અને તે અત્યંત ચંચળ છે; માટે ઇંદ્રિયોને જિતવાની ઇચ્છા રાખનારા પુરુષે પ્રથમ મનને જિતવાની જરૂર છે; મન જિતાયું કે ઇંદ્રિયોને જિતાયલી જ સમજવી.

विज्ञानं हृदयं चित्तं मनो बुद्धिश्च तत्समम् ।
अनेनात्मा करोतीह प्रवर्तननिवर्तने ॥ ३० ॥

વિવિધ પ્રકારનાં જ્ઞાનને ઉત્પન્ન કરવામાં કારણ હોવાથી મનને વિજ્ઞાન કહે છે, શરીરની અંદર છૂપાઇને રહે છે તેથી તેને હૃદય કહે છે, ચેતનાને ધારણ કરે છે તેથી તેને ચિત્ત કહે છે, તે મનન કરે છે તેથી તેને મન કહે છે અને તે બોધનો આધાર હોવાથી તેને બુદ્ધિ કહે છે. આ રીતે વિજ્ઞાન, હૃદય, ચિત્ત, મન અને બુદ્ધિ આ

સર્વ શબ્દ એક જ અર્થના વાચક છે. આત્માને જ્યારે અપ્રતિબુદ્ધ જ્ઞાન થાય છે ત્યારે તે મનને વિષયોના તરફ પ્રેરે છે અને જ્યારે તેને પ્રતિબુદ્ધ જ્ઞાન થાય છે ત્યારે તે મનને વિષયોના તરફથી પાછું વાળે છે. ૩૦

આત્માના અસ્તિત્વમાં જ્ઞાપક દર્શાવે છે;-

धर्माधर्मौ सुखं दुःखमिच्छाद्वेषौ तथैव च ।
प्रयत्नज्ञानसंस्कारा आत्मलिङ्गमुदाहृतम् ॥ ३१ ॥

ધર્મ, અધર્મ, તેનાં ફળરૂપ સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, જ્ઞાન અને સંસ્કાર આ સર્વને આત્માના અસ્તિત્વનાં જ્ઞાપક કહ્યાં છે. ૩૧

ભાવાર્થઃ-પ્રવૃત્તિરૂપ તથા નિવૃત્તિરૂપ, એમ બે પ્રકારનો ધર્મ છે અને તે ધર્મ વેદમાં વર્ણવ્યો છે. તેનાથી વિપરીત વર્તન એટલે વેદશાસ્ત્રથી વિરુદ્ધ વર્તન, તે અધર્મ કહેવાય છે. સુખઃ-ધર્મનું ફળ, દુઃખઃ-પાપનું ફળ, ઇચ્છાઃ-કામના, દ્વેષઃ-ઇર્ષા, પ્રયત્નઃ-ઇચ્છાપૂર્વક અથવા તો દ્વેષપૂર્વક કાર્યનો આરંભ, સંસ્કારઃ-પૂર્વ જન્મમાં કરેલાં કર્મના અભ્યાસની વાસના, આ સર્વ આત્માના અસ્તિત્વના અનુમાનમાં જ્ઞાપક છે. ૩૧

ज्ञानस्यायुगपद्भावो मनसो लिङ्गमुच्यते ।
नानार्थेषु च सङ्कल्पः कर्म चास्य प्रकीर्त्यते ॥ ३२ ॥

મન જો આત્માથી ભિન્ન પદાર્થ ન હોય તો આત્માને ઇંદ્રિયોની સાથે સંબંધ થવાથી જ્ઞાન ઉત્પન્ન થવું ન જોઇએ; પરંતુ તેમ થતું નથી માટે મન આત્માથી જૂદો જ પદાર્થ છે. વળી તે મન શરીરમાં જો અનેકરૂપે હોય તો એક જ સમયે સર્વ પદાર્થનું જ્ઞાન થવું જોઇએ, પરંતુ તેમ થતું નથી. વળી મન જો વ્યાપક હોય તો તેનો એક જ સમયે સર્વ ઇંદ્રિયોની સાથે સંબંધ થવો જોઇએ અને તેથી એક સમયે જ સર્વ ઇંદ્રિયોનું જ્ઞાન થવું જોઇએ, પરંતુ તેમ પણ થતું નથી તેથી મન એક અને અણુ છે તથા આમ કરીશ તેમ

કરીશ, આવી રીતે આત્મા મનની સાથે અનેક વિષયો માટે જે સંકલ્પ કરે છે, તે મનનું કર્મ કહેવાય છે. ૩૨

श्रोत्रं त्वक्चक्षुषी जिह्वा नासिका चेति पञ्चमी ।
पायूपस्थं हस्तपादं वाक्चेतीन्द्रियसङ्ग्रहः ॥ ३३ ॥

કાન, ત્વચા, નેત્ર, જિહ્વા, પાંચમી નાસિકા, ગુદા, ઉપસ્થ ઇંદ્રિય, હાથ, પગ, અને વાણી આ દશ ઇંદ્રિયોનો સંગ્રહ છે. ૩૩

शब्दः स्पर्शश्च रूपं च रसो गन्धश्च पञ्चमः ।
उत्सर्गानन्दनादानगत्यालापाश्च तत्क्रियाः ॥ ३४ ॥

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ જ્ઞાનેંદ્રિયના વિષય છે અને મળ મૂત્રનો ત્યાગ, આનંદનો અનુભવ કરવો, ગ્રહણ કરવું, ગતિ કરવી, અને ભાષણ કરવું, આ પાંચ કર્મેંદ્રિયના વિષય છે. ૩૪

आत्मा मनश्च तद्विद्वैरन्तःकरणमुच्यते ।
ताभ्यां तु सप्रयत्नाभ्यां सङ्कल्प उपजायते ॥ ३५ ॥

આત્મા મનદ્વારા વિષયોને જાણે છે, તે ઉપરથી વિદ્વાનો મનને અંતઃકરણ કહે છે. મનનો વ્યાપાર આત્માને વિશે હોય છે અર્થાત્ મન આત્માને જાણે છે. તેથી તેનું અંતઃકરણ એવું નામ છે. આત્મામાં જ્યારે પ્રયત્ન ગુણ ઉત્પન્ન થાય છે ત્યારે તે મનની પ્રેરણાથી સંકલ્પ કરે છે અને મન આત્માની ઇચ્છાથી ઇંદ્રિયોને પ્રેરે છે. આ રીતે આત્મા અને મન પ્રયત્ન ગુણવાળા થાય છે ત્યારે સંકલ્પ ઉત્પન્ન થાય છે. ૩૫

आत्मा बुद्धीन्द्रियाण्यर्था बहिष्करणमुच्यते ।
सङ्कल्पाध्यवसायाभ्यां सिद्धिरस्य प्रकीर्त्तिता ॥ ३६ ॥

દેહ, જ્ઞાનેંદ્રિયો તથા તેના વિષયો આ ત્રણે કર્તારૂપે, કરણરૂપે તથા કર્મરૂપે વિષયને જાણે છે. એટલા માટે તે બહિઃકરણના નામથી

કહેવાય છે. અંતઃકરણના અસ્તિત્વમાં સંકલ્પ જ્ઞાપક છે અને બાહ્ય કરણના અસ્તિત્વમાં શબ્દાદિક વિષયોનું જ્ઞાન જ્ઞાપક છે. ૩૬

ભાવાર્થઃ—આત્મા બે પ્રકારનો છે, એક અંતરાત્મા અને બીજો બહિરાત્મા. અંતરાત્મામાં ધર્માદિક ગુણો રહે છે અને તે નિત્ય છે ત્યારે બહિરાત્મા પાંચ મહાભૂતથી બનેલો છે અને તે વિનાશી છે. બહિરાત્મા જેનું બીજું નામ શરીર છે, તે પણ અંતરાત્માના આશ્રયથી કર્તા છે ને જ્ઞાનેંદ્રિયો કારણરૂપ છે. કારણ કે દેહાત્મા તેનાદ્વારા વિષયોને જાણે છે. દેહ, જ્ઞાનેંદ્રિયો તથા શબ્દાદિક વિષયો આ સર્વ બહારના વિષયોમાં વ્યાપક રહે છે, તેથી તે બહિઃકરણ કહેવાય છે. તેમાં અંતઃકરણ વ્યાપારવાન્ છે, એમ જાણવામાં સંકલ્પ જ્ઞાપક છે અને બહિઃકરણ વ્યાપારવાન્ છે એમ જાણવામાં શબ્દાદિક વિષયોનું જ્ઞાન જ્ઞાપક છે. અર્થાત્ શબ્દાદિક વિષયોનું જ્ઞાન થવાથી દેહાદિક કરણ છે, એમ સિદ્ધ થાય છે.

उभे एते हि करणे प्रयत्नानन्तरीयके ।
तस्मात् प्रयत्नसंरोधाद् भावयेन्निर्मनस्कताम् ॥ ३७ ॥

અંતઃકરણ તથા બહિઃકરણ આ બન્ને કરણો આત્મામાં જ્યારે પ્રયત્ન નામનો ગુણ ઉત્પન્ન થાય છે ત્યારે પોતાનો વ્યાપાર કરે છે. તે માટે મનને પ્રયત્નથી સારી રીતે રુંધી દઈને વ્યાપાર વિનાનું કરવું. ૩૭

ભાવાર્થઃ—આત્મામાં પ્રયત્ન નામનો ગુણ ઉત્પન્ન થાય છે, ત્યારે મન અને ઇંદ્રિયો પોતપોતાના વ્યાપારો કરે છે. તેનો ક્રમ આ પ્રમાણે છે;—આત્મા પ્રયત્ન નામના ગુણે કરીને મનની સાથે જોડાય છે અને સંકલ્પ કરીને મનને પ્રેરણા કરે છે, એટલે મન ઇંદ્રિયોને પ્રેરણા કરે છે કે ઇંદ્રિયો વિષયોની સાથે જોડાય છે. માટે પ્રયત્નને અટકાવી દેવો કે જેથી મન વ્યાપાર વિનાનું થઈ જાય અને તે બહારના તથા અંદરના ભાગમાં પ્રવૃત્તિ કરતું અટકી જાય. પ્રવૃત્તિનો અટકાવ આત્માના જ્ઞાનથી થાય છે અને આત્માનું જ્ઞાન યોગાભ્યાસથી થાય છે. માટે યોગાભ્યાસથી પ્રયત્નને અટકાવવો જોઇએ. ૩૮

एवं करणसंरोधात् संयम्यात्मानमात्मना ।
नयापनयविद्राजा कुर्वीत हितमात्मनः ॥ ३८ ॥

ઉપર કહ્યા પ્રમાણે રાજાએ પંડે જ મનને તથા ઇંદ્રિયોને વ્યાપારરહિત કરીને પોતાનાં મનને નિયમમાં રાખવું અને પછી ન્યાય તથા અન્યાયને જાણનારા અર્થાત્ નીતિશાસ્ત્રને જાણનારા રાજાએ પોતાનું ઉભય લોકમાં હિત થાય, તે પ્રમાણે ન્યાયથી વર્તવું. ૩૮

ભાવાર્થ–જેનાથી યોગની તથા ક્ષેમની સિદ્ધિ થાય, તેનું નામ ન્યાય અને જેનાથી યોગની તથા ક્ષેમની સિદ્ધિ ન થાય, તેનું નામ અન્યાય. દંડનીતિમાં આ બનેનો ઉપદેશ કર્યો છે. માટે રાજાએ દંડનીતિશાસ્ત્રનું અવશ્ય અધ્યયન કરવું જોઇએ. માટે જ કામંદક મૂળમાં નીતિશાસ્ત્ર જાણનારા તરિકે રાજાનું વર્ણન કરે છે.

एकस्यापि न यः शक्तो मनसः सन्निबर्हणे ।
महीं सागरपर्यन्तां कथंनु स विजेष्यते ॥ ३९ ॥

જે રાજા એક મનનું પણ નિયમન કરવાને સમર્થ નથી, તે રાજા સમુદ્ર પર્યંત પૃથ્વીનો કેમ વિજય કરી શકશે? ૩૯

क्रियावसानविरसैर्विषयैरपहारिभिः ।
गच्छत्याक्षिप्तहृदयः करीव नृपतिर्ग्रहम् ॥ ४० ॥

જે રાજાનું હૃદય (મન) ભોગવ્યા પછી વિરસ થઈ પડનારા, તથા મનને અને ઇંદ્રિયોને લોભાવનારા એવા વિષયોને વશ થઈ જાય છે, તે રાજા અરણ્યના હાથીની પેઠે શત્રુને વશ થઈ જાય છે. ૪૦

सज्जमानो ह्यकार्येषु विषयान्धीकृतेक्षणः ।
आवहत्युग्रभयदां स्वयमेवापदं नृपः ॥ ४१ ॥

જે રાજાનાં નેત્ર વિષયોથી અંધ બની જાય છે (અર્થાત્ જે રાજા વિષયોથી આંધળો ભીંત થઈ જાય છે) અને અગમ્યાગમન વગેરે

અકાર્યોમાં આસક્ત થાય છે, તે રાજા પંડે જ મહાભયંકર આપત્તિને વહોરી લે છે અર્થાત્ મહાભયંકર આપત્તિમાં આવી પડે છે. ૪૧

शब्दः स्पर्शश्च रूपं च रसो गन्धश्च पञ्चमः ।
एकैकमेषां भवति विनाशप्रतिपत्तये ॥ ४२ ॥

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને પાંચમો ગંધ આ વિષયોમાંનો એક એક વિષય પોતાને વશ થયેલા પુરુષનો નાશ કરનાર થઈ પડે છે. ૪૨

शुचिः शष्पाङ्कुराहारो विदूरक्रमणक्षमः ।
लुब्धकाद् गीतलोभेन मृगो मृगयते वधम् ॥ ४३ ॥

મૃગ પંડે પવિત્ર મનનો છે, કોમળ ઘાસનો આહાર કરીને જીવન ગાળે છે, ઘણે દૂર સૂધી પંથ કરવાને સમર્થ છે, છતાં પણ તે શબ્દ નામના વિષયને વશ થયેલો છે, તેથી પારધી તેને સંગીતથી લોભાવીને તેનો નાશ કરે છે. ૪૩

गिरीन्द्रसदृशाकारो लीलयोन्मूलितद्रुमः ।
करिणीस्पर्शसंलोभादालानं याति वारणः ॥ ४४ ॥

હાથી મોટા પર્વતના જેવડો ઉંચો છે, ને રમત માત્રમાં વૃક્ષોને ઉખેડી નાખે છે પરંતુ તે સ્પર્શ નામના વિષયને વશ થયેલો છે તેથી હાથણીના શરીરનો સ્પર્શ કરવાના લોભથી બંધનમાં પડે છે. ૪૪

स्निग्धदीपशिखालोकविलोभितविलोचनः ।
मृत्युमृच्छत्यसन्देहात् पतङ्गः सहसा पतन् ॥ ४५ ॥

પતંગીયો રૂપ નામના વિષયને વશ થયેલો છે તેથી દીવાની સુંદર શિખા જોઈને તેનાં નેત્ર લોભાઈ જાય છે, અને તે દીવાની શિખામાં એકદમ પડીને સર્વથા મરણ પામે છે. ૪૫

दूरेऽपि हि भवन् दृष्टेरगाधे सलिले चरन् ।
मीनस्तु सामिषं लोहमास्वादयति मृत्यवे ॥ ४६ ॥

માછલું મનુષ્યની દૃષ્ટિથી પણ દૂર રહે છે અને અગાધ (ઉંડા) જળમાં વિહાર કરે છે, પરંતુ તે ડાઢ રસને અત્યંત આધીન છે તેથી માંસથી ચોપડેલી લોઢાંની આકડને ખાવા જતાં મરણ પામે છે. ૪૬

गन्धलुब्धो मधुकरो दानासवपिपासया ।
अभ्येत्यसुखसञ्चारान् गजकर्णझळज्झळान् ॥ ४७ ॥

ભમરો ગંધનો લોભી છે. તે હાથીના ગંડસ્થલ ઉપર રહેલા મદરૂપી આસવનું પાન કરવાની ઇચ્છાથી મહા મહેનતથી આમ તેમ હાલતા હાથીના કાનમાં પ્રવેશ કરવા જતાં તેના પ્રહારથી મરણ પામે છે. ૪૭

एकैकशोऽपि निघ्नन्ति विषया विषसन्निभाः ।
क्षेमी तु स कथन्नु स्याद् यः समं पञ्च सेवते ॥ ४८ ॥

આ રીતે પાંચેય વિષયો વિષના સમાન છે. તેમાંનો એક એક વિષય પણ પોતાને સેવનારાને મારી નાખે છે તો પછી જે પુરુષ પાંચેય વિષયોને એક સાથે સેવે છે, તે પુરુષ કેવી રીતે કુશળ રહે? ૪૮

सेवेत विषयान् काले मुक्त्वा तत्परतां वशी ।
सुखं हि फलमर्थस्य तन्निरोधे वृथा श्रियः ॥ ४९ ॥

માટે રાજાએ વિષયોના ઉપર અતિ આસક્તિ છોડી દઇને જિતેંદ્રિય થવું જોઇએ અને દિવસના તથા રાત્રિના વિભાગ પાડીને સમયાનુસાર વિષયોનો ઉપભોગ કરવો જોઇએ. ધનનું ફળ સુખ છે, માટે જો સુખ ભોગવવામાં આવે નહિ તો લક્ષ્મી વૃથા થઈ પડે છે. ૪૯

निकामासक्तमनसां कान्तामुखविलोकने ।
गलन्ति गलिताश्रूणां यौवनेन सह श्रियः ॥ ५० ॥

જે રાજાઓનું મન વિષયોમાં અત્યંત આસક્ત રહે છે તથા જે રાજાઓ કાંતાનું મુખ જોઈને બેસી રહે છે તેવા રાજાઓને છેવટે આંસુ પાડવાં પડે છે, અને તેઓની લક્ષ્મી તેની જુવાનીની સાથે નાશ પામે છે. ૫૦

ભાવાર્થઃ–આ શ્લોકનો ભાવાર્થ એ છે કે; સ્ત્રીઓમાં લોભાઈ રહેલા રાજાઓ ઉદ્યોગ કરતા નથી તેથી આળસ તેઓને ખાઈ જાય છે, શત્રુઓ તેઓનું રાજ્ય છિનવી લે છે, અને તેવા રાજાઓને રાજ્યભ્રષ્ટ થયા પછી રડવાનો પ્રસંગ આવે છે. તેઓનું યૌવન વૃથા થાય છે અને લક્ષ્મી નાશ પામે છે. માટે રાજાઓએ વિષયોથી દૂર રહેવું જોઇએ.

धर्मादर्थोऽर्थतः कामः कामात् सुखफलोदयः ।
आत्मानं हन्ति तौ हत्वा युक्त्या यो न निषेवते ॥ ५१ ॥

પૂર્વ જન્મમાં કરેલા ધર્મથી ધન મળે છે, ધનથી કામનો ઉપભોગ થઈ શકે છે અને કામના ઉપભોગથી સુખરૂપી ફળ મળે છે. પરંતુ પુરુષ જો યુક્તિથી કામને સેવતો નથી તો તે, પુરુષના ધર્મનો તથા અર્થનો નાશ કરીને છેવટે પોતાને સેવનારા પુરુષનો પણ નાશ કરે છે. ૫૧

ભાવાર્થઃ–ધર્મ, અર્થ તથા કામ આ ત્રણ ત્રિવર્ગ કહેવાય છે. તેને પરસ્પરમાં વિરોધ ન આવે તેમ જો સેવવામાં આવે તો તે પુરુષને સુખી કરે છે પરંતુ વિરુદ્ધ રીતે સેવવાથી તે પરસ્પરનો તથા પુરુષનો બન્નેનો નાશ કરે છે. જેમ કે; દાનધર્મ હદ ઉપરાંત કરવાથી તે અર્થનો નાશ કરે છે, તપ પણ અત્યંત સેવવાથી શરીરનો ક્ષય કરીને કામનો નાશ કરે છે તથા અર્થનો પણ નાશ કરે છે. તેમ લોભથી જો અર્થનો અત્યંત સંગ્રહ કરવામાં આવે છે તો તે ધર્મનો તથા કામનો બન્નેનો નાશ કરે છે અને છેવટે તે ધન પણ નાશ પામે છે. રાજા તથા ચોર વગેરે લોભીનાં સંગ્રહ કરેલાં ધનને હરી જાય છે. તેમ જ કામને પણ અત્યંત સેવવામાં આવે છે તો તે કામ તેમ જ સ્ત્રી, મૃગયા, જુગાર અને મદિરાપાન

આ ચાર વ્યસનો પણ, ધર્મનો તથા અર્થનો (ધનનો) નાશ કરે છે અને છેવટે ક્ષય રોગ ઉત્પન્ન કરીને શરીરનો પણ નાશ કરે છે.

ઉપાધ્યાય નિરપેક્ષા નામની ટીકામાં આ શ્લોકનો ભાવ નીચે પ્રમાણે દર્શાવ્યો છેઃ–અત્યંત ધર્મઘેલા થઈ જવાથી ધન સંપાદન કરી શકાતું નથી અને ધનને અભાવે કામનો (સુખનો) ઉપભોગ પણ થઈ શકતો નથી; વળી ધર્માચરણની ઇચ્છાવાળો પુરુષ ધર્મને અત્યંત સેવવાથી શરીરને ક્ષીણ કરી નાખે છે, અને દેહ ક્ષીણ થઇને પડી ગયા પછી ધર્માચરણ થઈ શકતું નથી. આ રીતે અવિવેકથી ધર્માચરણ કરવા જતાં મરણનો પ્રસંગ આવી પડે છે ને તેથી ધર્મનો પણ નાશ થાય છે. એવી જ રીતે અર્થનું પણ અત્યંત સેવન કરનારો એટલે પૈસાનો અત્યંત સંગ્રહ કરનારો પુરુષ ધર્મને તથા કામને સેવતો નથી, પરંતુ ધનનો જ સંગ્રહ કર્યા કરે છે, અને તેની પાસે ધન એકઠું થયા પછી ચોર અથવા તો રાજા તેનું ધન હરી જાય છે. તેમ જ ધર્મ તથા અર્થનો ત્યાગ કરીને કામને અત્યંત સેવવામાં આવે છે તો તેથી ધર્મનો તથા અર્થનો નાશ થાય છે, અને વીર્યનો ક્ષય થવાથી છેવટે ક્ષયના વ્યાધિથી શરીરનો પણ નાશ થાય છે માટે ધર્મ, અર્થ, અને કામને પરસ્પરમાં વિરોધ ન આવે, તેવી રીતે યુક્તિથી સેવવા જોઇએ. ૫૧

नामापि स्त्रीति संह्लादि विकरोत्येव मानसम् ।
किं पुनर्दर्शनात् तस्या विलासोल्लासितभ्रुवः ॥ ૫૨ ॥

સ્ત્રીનું નામ પણ આનંદજનક છે અને મનમાં સર્વથા વિકાર ઉત્પન્ન કરે છે તો પછી વિલાસવડે ભ્રૂકુટિના ઉલાળા મારનારી સ્ત્રીનાં દર્શન કરવાથી મનમાં વિકાર થાય, તેમાં તો કહેવું જ શું? ૫૨

रहःप्रचारकुशला मृदुगद्गदभाषिणी ।
कं न नारी रमयति रक्तं रक्तान्तलोचना ॥ ૫૩ ॥

એકાંતમાં આલિંગન, ચુંબન વગેરે કરવામાં કુશળ, કોમળતા ભરેલું તથા ગળગળું ભાષણ કરનારી તથા સ્નેહથી ભરેલાં કટાક્ષો મારનારી સ્ત્રી કયા પુરુષને રમાડતી નથી? (રમવાને ઉત્કંઠિત કરતી નથી?) ૫૩

मुनेरपि मनोऽवश्यं सरागं कुरुतेऽङ्गना ।
प्रसन्नं कान्तिजननं सन्ध्येव शशिमण्डलम् ॥ ५४ ॥

સંધ્યા (સંધ્યા સમય) જેમ ચંદ્રના મંડળને રાગવાળું (લાલાસવાળું), પ્રસન્ન તથા કાંતિવાળું કરે છે, તેમ સ્ત્રી મોક્ષની ઇચ્છાવાળા મુનિનાં મનને પણ અવશ્ય રાગવાળું (ઇચ્છાવાળું) પ્રસન્ન તથા વિષયો ઉપર પ્રીતિવાળું કરે છે. ૫૪

ભાવાર્થઃ—આ શ્લોકમાં સંધ્યાને સ્ત્રીની સાથે સરખાવી છે. સંધ્યા જેમ નિર્મળ ચન્દ્રને સરાગ એટલે લાલાશવાળો કરે છે, તેમ સ્ત્રી પણ નિર્મળ એવા મુનિનાં મનને સરાગ એટલે કામેચ્છાવાળું કરે છે. મુનિને ચન્દ્રની સાથે સરખાવીને કવિએ તેની નિર્મળતા પ્રતિપાદન કરી છે.

मनः प्रह्लादयन्तीभिर्मन्दं यान्तीभिरप्यलम् ।
महान्तोऽपि हि भिद्यन्ते स्त्रीभिरद्रिरिवाचलाः ॥ ५५ ॥

મનને પ્રસન્ન કરનારું તથા ધીમે ધીમે ગતિ કરનારું એવું જળ જેમ મોટા પર્વતોને પણ ભેદી નાખે છે, તેમ હાવભાવથી મનને પ્રસન્ન કરનારી અને ધીમે ધીમે ચાલનારી સ્ત્રીઓ મોટા જિતેંદ્રિયોને પણ ચલાયમાન કરે છે. ૫૫

मृगयाक्षास्तथा पानं गर्हितानि महीभुजाम् ।
दृष्टास्तेभ्योऽपि विपदः पाण्डुनैषधवृष्णिषु ॥ ५६ ॥

૧ મૃગયા, ૨ જુગાર અને ૩ મદિરાપાન આ ત્રણ વ્યસન રાજાઓને માટે નિંદેલાં છે. તે વ્યસનોથી પાંડુ રાજા, નળ રાજા અને યાદવો મોટી આપત્તિમાં આવી પડ્યા જોવામાં આવ્યા છે. ૫૬

મૃગયાનું દૃષ્ટાંત

ભાવાર્થઃ—મૃગયામાં અત્યંત આસક્તિ રાખવાથી મનુષ્ય મોટી આપત્તિમાં આવી પડે છે. તેનું દૃષ્ટાંત પાંડુ રાજા છે. પાંડુ રાજાને મૃગયા

કરવાનો ઘણો જ શોખ હતો, તેથી તે પોતાનું રાજ્યપાટ ધૃતરાષ્ટ્રને સોંપી દઇને હિમાલયના મહા વનમાં જઇને રહ્યો હતો. એક દિવસે તે વનમાં શિકારે ગયો. ત્યાં કિંદમ નામના મુનિ અપુત્ર હોવાથી પિતૃના ઋણમાંથી મુક્ત થવા માટે મૃગનું રૂપ ધારણ કરીને એક મૃગીમાં પ્રજા ઉત્પન્ન કરવાને તત્પર થયા હતા અને તે મૃગનું જોડું એક વનમાં બેઠું હતું. પાંડુ રાજાએ તે ઋષિ મૃગના સ્વરૂપમાં રહેલા હતા તેથી તેને ઓળખ્યા નહિ અને તેને તીક્ષ્ણ બાણ માર્યું તેથી તે મુનિનું મરણ નિપજ્યું. મુનિએ મરતાં મરતાં શાપ આપ્યો કે; તેં મારો નિરપરાધીનો વધ કર્યો છે, માટે તું તારી પ્રિયાની સાથે કામસુખને માટે પ્રવૃત્ત થઇશ ત્યારે તારું પણ આવી રીતે જ મરણ થશે. તે પછી એક સમયે વસંતઋતુ ચાલતી હતી, તે સમયે રાજા કામાતુર થયો અને સ્ત્રીએ અટકાવ્યા છતાં પણ કામની વેદનાને સહન નહિ કરી શકવાથી તે વિષય સેવવાને પ્રવૃત્ત થયો કે તુરત મરણ પામ્યો.

જુગારનું દૃષ્ટાંત

નિષધ દેશના રાજા નળને જુગાર રમવાનું મોટું વ્યસન હતું. તે એક સમયે પોતાના ભાઈ પુષ્કરની સાથે જુગાર રમવા લાગ્યો. મંત્રીઓએ તેને બહુ સમજાવ્યો, તોપણ તે સમજ્યો નહિ અને છેવટે ધન તથા રાજ્ય પણ હારી જઇને તેને દમયંતીની સાથે વનમાં જવું પડ્યું. ત્યાં દમયંતી એક વસ્ત્રભેર તેની સાથે હતી. તેની સાથે નળે ઘણું દુઃખ ભોગવ્યું અને છેવટે તેને પણ તજીને તે એકલો વનેવન ભટકવા લાગ્યો. આવું દુઃખ નળ રાજાને જુગાર રમવાથી પડ્યું હતું. માટે રાજાઓએ જુગારના વ્યસનમાં પડવું નહિ.

મદિરાપાનનું દૃષ્ટાંત

એક દિવસે યાદવો સાંબ નામના યાદવોને પેટે લોઢાનું લોહ્યું બાંધી, તેને સ્ત્રીનો વેશ પહેરાવીને દુર્વાસા મુનિની પાસે ગયા અને તે ઋષિની મશ્કરી કરીને પૂછવા લાગ્યા કે; આ સ્ત્રી ગર્ભવતી છે તેને શું આવશે? ઋષિએ ક્રોધ કરીને યાદવોને કહ્યું કે;–આ તો વાસુદેવનો પુત્ર સાંબ છે અને તમે તેને સ્ત્રીનો વેશ પહેરાવીને અમારી મશ્કરી કરવામાટે લાવ્યા છો; માટે

તેના ઉદરમાંથી લોઢાનું ભયંકર મુસળ ઉત્પન્ન થશે, અને તે તમારા સર્વ કુળનો નાશ કરશે. તે સાંભળીને યાદવો ઉદાસ થઈ ગયા અને પછી તે મુસળ લઇને શ્રીકૃષ્ણની પાસે ગયા અને તેને સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને શ્રી કૃષ્ણે કહ્યું કે; તમે આ મુસલને શિલા ઉપર ઘસીને તેના ભુકાને પાણીમાં નાખી દો. એટલે યાદવો તે મુસળને લઇને પ્રભાસ ક્ષેત્રમાં ગયા અને ત્યાં સમુદ્રના તટ ઉપર તે મુસળને ઘસીને તેનો ભુકો સમુદ્રના પાણીમાં નાંખી દીધો. તે મુસળના ભુકામાંથી પાન નામનું તૃણ ઉગી નિકળ્યું. આ તૃણ સીધું ઉગે છે અને તેને તરવારની પેઠે બન્ને બાજુ ધાર થાય છે. તે પછી એક દિવસે યાદવો સૂર્યગ્રહણ ઉપર પ્રભાસ તીર્થમાં સ્નાન કરવાને ગયા હતા. ત્યાં સ્નાન ભોજન કરીને સારી પેઠે મદિરાપાન કર્યું તેથી મદોન્મત્ત થઈ ગયા અને પરસ્પર પાન નામના તૃણથી એક બીજાનો સંહાર કરી નાખ્યો. પુરાણમાં કહે છે કે, લાખો યાદવો તે સમયે પરસ્પર લઢીને મરી ગયા હતા. મદિરાના વ્યસનથી આ રીતે કુળનો ક્ષય થાય છે.

कामः क्रोधस्तथा लोभो हर्षो मानो मदस्तथा ।
षड्वर्गमुत्सृजेदेनं तस्मिंस्त्यक्ते सुखी नृपः ॥ ५७ ॥

કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન (અભિમાન) તથા મદ આ છ વર્ગનો ત્યાગ કરવો. તેનો ત્યાગ કરવાથી રાજા સુખી થાય છે. ૫૭

दाण्डक्यो नृपतिः कामात् क्रोधाच्च जनमेजयः ।
लोभादैलस्तु राजर्षिर्वातापिर्हर्षतोऽसुरः ॥ ५८ ॥

દંડક નામનો રાજા કામને વશ થવાથી કુટુંબ સાથે નાશ પામ્યો હતો, જનમેજય રાજા ક્રોધ કરવાથી કુટુંબ સાથે નાશ પામ્યો હતો, રાજર્ષિ ઐલ (પુરૂરવા) લોભથી નાશ પામ્યો હતો અને વાતાપિ નામનો અસુર હર્ષથી નાશ પામ્યો હતો.૫૮

ભાવાર્થઃ—કામ, ક્રોધ, લોભ, હર્ષ, અભિમાન અને મદ આ છ શત્રુ ગણાય છે. શત્રુ જેમ મનુષ્યોને મારી નાંખે છે, તેમ આ કામાદિક પણ મનુષ્યોને મારી નાંખે છે તેથી તેને શત્રુની ઉપમા આપવામાં આવે છે.

કામનું દૃષ્ટાંત

દંડક નામનો એક રાજા ભોજ વંશમાં જન્મ્યો હતો. તે એક દિવસે મૃગયા કરવાને વનમાં ગયો હતો. ત્યાં તૃષા લાગવાથી તે પાણી પીવા માટે ભૃગુ ઋષિના આશ્રમમાં પેઠો. ત્યાં ભૃગુની રૂપવતી તથા યૌવનવતી કન્યાને જોઇને તે કામાતુર થયો અને તેને પોતાના રથમાં બેસાડીને પોતાના નગરમાં આવ્યો. થોડીવારમાં ભૃગુ સમિધ તથા દર્ભ લઇને વનમાંથી આશ્રમમાં આવ્યા, અને જોયું તો પોતાની પુત્રીને દીઠી નહિ. એટલે તેણે ધ્યાન ધર્યું તો દંડક રાજા તેને લઈ ગયો છે એમ જાણવામાં આવ્યું. એટલે ભૃગુ ઋષિ ક્રોધે ભરાયા અને દંડક રાજાને શાપ આપ્યો કે;–"સાત દિવસમાં ધુળની વૃષ્ટિથી તારો તારા પરિવારની તથા દેશની સાથે નાશ થશે," આ પ્રમાણે ઋષિના શાપથી તેના નગરમાં ધુળની વૃષ્ટિ થઈ ને તે રાજા મરણ પામ્યો, માટે રાજાએ અથવા તો મનુષ્યોએ કામને આધીન થવું નહિ.

ક્રોધનું દૃષ્ટાંત

જનમેજય રાજાનો ક્રોધને લીધે નાશ થયો હતો. જનમેજય રાજાએ અશ્વમેધ યજ્ઞ આરંભ્યો હતો. તે યજ્ઞમાં ઘોડાને સંજ્ઞપન કર્યા પછી તે મરણ પામેલા ઘોડાના શિશ્નની સાથે યજમાનપત્ની પોતાની યોનિનો સ્પર્શ કરે છે. આવો શાસ્ત્રનો નિયમ છે. તે પ્રમાણે જનમેજયની રાણી અશ્વમેધમાં મરણ પામેલા ઘોડાના શિશ્નનો પોતાની યોનિથી સ્પર્શ કરવાને તૈયાર થઈ. તે જોઇને ઇંદ્ર કામાતુર થયો અને તેણે મરેલા ઘોડાની કાયામાં પ્રવેશ કરીને જનમેજયની રાણી સાથે સમાગમ કર્યો. તે જોઇને ઋત્વિજોએ ઘોડાને માર્યો નથી, આમ જાણી રાજા જનમેજયને ઋત્વિજો ઉપર ક્રોધ થયો, અને તેણે કટુ વચનો કહીને ઋત્વિજોનો તિરસ્કાર કર્યો તથા તેઓને ચાપકાનો પ્રહાર કર્યો. તે ઉપરથી ઋત્વિજોએ જનમેજયને શાપ આપ્યો કે; અમે શુદ્ધ છીએ, અમારામાં કોઈ પણ જાતનું કપટ નથી, છતાં તેં અમને નિરપરાધીને માર્યા છે, માટે તારા મસ્તકના કટકા થઈ જશે, આવો શાપ આપ્યો કે, તુરત તે રાજાના મસ્તકના કટકા થઈ ગયા.

લોભનું દૃષ્ટાંત

પુરૂરવા જે ઐલના નામથી પ્રખ્યાત હતો, તેને નૈમિષ્યારણ્યવાસી ઋષિઓએ યજ્ઞની રક્ષા કરવામાટે બોલાવ્યો હતો. તે યજ્ઞમાં સર્વ પાત્રો સુવર્ણનાં હતાં, તે જોઇને પુરૂરવાના મનમાં લોભ ઉત્પન્ન થયો, અને તેણે તેને લઈ જવાનો વિચાર કર્યો. તે વાત ઋષિઓના જાણવામાં આવી તેથી તેઓએ ક્રોધમાં આવીને વજ્રના સરખી દર્ભની શલાકાનો પ્રહાર કરીને તેને મારી નાંખ્યો.

હર્ષનું દૃષ્ટાંત

વાતાપિ તથા ઇલ્વલ નામના બે અસુર ભાઈ હતા. તે મોટા માયાવી અને ઇચ્છા પ્રમાણે રૂપ લેનારા હતા. વાતાપિ ઇલ્વલને બકરો બનાવીને તેના માંસથી મુનિઓને ભોજન કરાવતો, અને ઋષિ ભોજન કરી રહેતા કે, ઓ ભાઈ ઇલ્વલ! આહીં આવ! આમ તેને બોલાવતો કે ઇલ્વલ ઋષિઓનું પેટ ચીરીને બહાર નિકળતો. આ રીતે વાતાપિએ માયાથી ઘણા ઋષિઓના પ્રાણ લીધા. એક દિવસે તે બને ભાઇએ અગસ્ત્ય ઋષિને ભોજનને માટે નિમંત્રણ કર્યું અને તેને માંસનું ભોજન કરાવ્યું. અગસ્ત્ય ઋષિએ ભોજન કર્યા પછી પોતાના પેટ ઉપર હાથ ફેરવ્યો કે, તેના પેટમાં ઇલ્વલ હજમ થઈ ગયો. તે પછી વાતાપિએ નિત્યની પેઠે પોતાના ભાઇને હાંક મારી. પરંતુ કોણ ઉત્તર આપે? ઇલ્વલ તો ઋષિના પેટમાં પચી ગયો હતો, તે જોઇને વાતાપિએ ગર્વમાં આવી જઇને અગસ્ત્યની ઉપર હુમલો કર્યો કે, અગસ્ત્યે તેને પણ મારી નાંખ્યો. ત્યારથી ભોજન કરીને ઉઠ્યા પછી પેટ ઉપર હાથ ફેરવીને અગસ્ત્ય ઋષિનું સ્મરણ કરવાનો સંપ્રદાય પડ્યો છે અને એવું માનવામાં આવે છે કે તેમ કરવાથી ભોજન પચી જાય છે. ભોજન કરનારાઓ ભોજન કર્યા પછી પેટ ઉપર હાથ ફેરવતી વખતે બોલે છે કે;

"आतापी भक्षितो येन वातापी च महाबलः ।
अगत्स्यस्य प्रसादेव भोजनं मम जीर्यताम् ॥

જે અગસ્ત્ય આતાપી (ઇલ્વલ)ને અને વાતાપીને ખાઈ ગયા હતા, તે અગસ્ત્યના પ્રસાદથી મારું ભોજન પચી જાવ.”

पौलस्त्यो राक्षसो मानान्मदाद् दम्भोद्भवो नृपः ।
प्रयाता निधनं ह्येते शत्रुषड्वर्गमाश्रिताः ॥ ५९ ॥

રાક્ષસ પૌલસ્ત્ય (રાવણ) માનથી અને દંભોદ્ભવ રાજા મદથી મરણ પામ્યો હતો. આ રાજાઓ છ શત્રુ વર્ગનો આશ્રય કરવાથી મરણ પામ્યા હતા. ૫૯

અભિમાનનું દૃષ્ટાંત

પુલસ્ત્યનો પુત્ર રાવણ અભિમાનથી નાશ પામ્યો હતો. વાનરોએ અને રામે ખર, દૂષણ, વગેરેને મારી નાંખ્યા અને તેઓ સમુદ્રમાં સેતુ બાંધીને લંકામાં આવ્યા. આવાં તેનાં પરાક્રમ જાણ્યાં તોપણ તેણે અભિમાનથી સીતા રામને સોંપ્યાં નહિ, તેથી રામે તેને મારી નાંખ્યો હતો.

મદનું દૃષ્ટાંત

દંભોદ્ભવ રાજા મદને લીધે નાશ પામ્યો હતો. તે મહા શૂર હતો અને યુદ્ધ કરવામાટે કોઈ યોધાને શોધતો હતો. પરંતુ તેને કોઈ પણ યોધો મળ્યો નહિ. તે ઉપરથી તેણે નારદને પૂછ્યું કે કોઈ યોધો બતાવો એટલે હું તેની સાથે યુદ્ધ કરું. નારદે કહ્યું કે; લઢવું હોય તો બદરિકાશ્રમમાં જા. ત્યાં નર તથા નારાયણ તપ કરે છે તેની સાથે યુદ્ધ કર. એટલે દંભોદ્ભવ ત્યાં ગયો ને તેઓની સાથે યુદ્ધનો આરંભ કર્યો. તે પછી નરે દર્ભની શલાકારૂપી અસ્ત્રપ્રહારથી તેને ઢાંકી દઇને સેના સાથે તેનો નાશ કર્યો. આ રીતે મદથી દંભોદ્ભવ નાશ પામ્યો હતો. ૫૯

शत्रुषड्वर्गमुत्सृज्य जामदग्न्यो जितेन्द्रियः ।
अम्बरीषश्च नाभागो बुभुजाते चिरं महीम् ॥ ६० ॥

જમદગ્નિના જિતેંદ્રિય પુત્ર પરશુરામે તથા નાભાગના પુત્ર અંબરીષે શત્રુના છ વર્ગનો ત્યાગ કરીને ચિરકાળ સૂધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું હતું. ૬૦

ભાવાર્થઃ–જમદગ્નિના જિતેંદ્રિય પુત્ર પરશુરામે તથા નાભાગના જિતેંદ્રિય પુત્ર અંબરીષે કામાદિક છ શત્રુઓનો ત્યાગ કરીને ઘણાં વર્ષ સૂધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું હતું. પરશુરામ તથા અંબરીષ રાજા મોટા જિતેંદ્રિય અને કામાદિક છ શત્રુને જિતનારા હતા, તેથી તેઓએ પૃથ્વી ઉપર ઘણા કાળ સૂધી રાજ્ય ભોગવ્યું હતું; માટે રાજાએ, શ્રીમંતે અને સાધારણ મનુષ્યે કામાદિક છ શત્રુથી દૂર રહેવું. ૬૦

'ઇંદ્રિયજય' નામનું પ્રકરણ ૧ લું સમાપ્ત.

પ્રકરણ ૨ જું

વિદ્યાવૃદ્ધ સંયોગ

वर्द्धयन्निह धर्मार्थौ सेवितौ सद्भिरादरात् ।
निगृहीतेन्द्रियः साधु कुर्वीत गुरुसेवनम् ॥ ६१ ॥

સત્પુરુષો ઇંદ્રિયોનો નિગ્રહ કર્યા પછી આદરથી જેને સેવે છે, એવા ધર્મની તથા અર્થની રાજાએ વૃદ્ધિ કરવી, તથા શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે સારી રીતે ગુરુની સેવા કરવી. ૬૧

ભાવાર્થઃ–આ બીજા પ્રકરણનું નામ વિદ્યાવૃદ્ધ સંયોગ એવું છે. વિદ્યાવૃદ્ધ સંયોગ એટલે સંપૂર્ણ વિદ્યા ભણેલા ગુરુનો સમાગમ કરવો. ઇંદ્રિયોનો વિજય કર્યા પછી જ પુરુષમાં શાસ્ત્ર ભણવાની યોગ્યતા આવે છે અને શાસ્ત્રનું અધ્યયન કરવામાટે વિદ્યાવૃદ્ધ કહેતાં સંપૂર્ણ વિદ્યા જાણનારા ગુરુની સેવા કરવાની જરૂર છે. પહેલા પ્રકરણમાં ઇંદ્રિયોને જિતવાની આવશ્યકતા, તેના ઉપાય, અને તેને આધીન થનારાનો નાશ વગેરે કહ્યું. હવે આ પ્રકરણમાં વિદ્યા ભણવામાટે વિદ્યાવૃદ્ધ પુરુષનો સમાગમ કરવાની તથા તેની સેવા કરવાની વાત કહે છે. ૬૧

शास्त्राय गुरुसंयोगः शास्त्रं विनयवृद्धये ।
विद्याविनीतो नृपतिर्न कृच्छ्रेष्ववसीदति ॥ ६२ ॥

શાસ્ત્ર ભણવામાટે ગુરુનો સમાગમ કરવો અને વિનયની વૃદ્ધિ માટે શાસ્ત્રનું અધ્યયન કરવું. વિદ્યાભ્યાસથી વિનયી થયેલો રાજા દુઃખના સમયમાં ગભરાતો નથી. ૬૨

ભાવાર્થઃ–વિનય એટલે કાર્યાકાર્યનું જ્ઞાન. અમુક કાર્ય મારે કરવા યોગ્ય છે અને અમુક કાર્ય મારે કરવા યોગ્ય નથી, આને શાસ્ત્રમાં વિવેક કહે છે. તે વિવેકની વૃદ્ધિ શાસ્ત્રના અભ્યાસથી થાય છે. જે રાજા વિદ્યા ભણીને કેળવાયલો હોય છે તે વિવેકી અને ધીર બને છે અને તે ગમે તેવા સંકટના સમયમાં પણ મુઝાતો નથી. ૬૨

वृद्धोपसेवी नृपतिः सतां भवति सम्मतः ।
प्रेर्यमाणोऽप्यसद्वृत्तैर्नाकार्येषु प्रवर्तते ॥ ६३ ॥

જે રાજા વિદ્યાવૃદ્ધ પુરુષોની સેવા કરે છે, તે રાજા સત્પુરુષોમાં માન્ય થઈ પડે છે, અને દુરાચારી પુરુષો હલકાં કૃત્યો કરવા માટે તેને પ્રેરે છે તો પણ તે હલકાં કૃત્યો કરવા માટે પ્રવૃત્ત થતો નથી. ૬૩

आददानः प्रतिदिनं कलाः सम्यङ् महीपतिः ।
शुक्लपक्षे प्रविचरन् शशाङ्क इव वर्द्धते ॥ ६४ ॥

આકાશમાં વિહાર કરનારો ચંદ્ર જેમ શુક્લ પક્ષમાં રોજ રોજ કળાને ગ્રહણ કરે છે અને પૂર્ણિમાને દિવસે સોળ કળાથી સંપૂર્ણ થાય છે, તેમ ધર્મથી વિજય કરનારો રાજા પણ દરરોજ ગુરુની પાસેથી જ્ઞાનવિદ્યા તથા કર્મવિદ્યારૂપી કળાઓને સારી રીતે ગ્રહણ કરે છે તો તે રાજાની લક્ષ્મી તથા કીર્તિ વૃદ્ધિ પામે છે. ૬૪

ભાવાર્થઃ–આ શ્લોકમાં રાજાને ચંદ્રમાની સાથે સરખાવ્યો છે. ચંદ્ર જેમ શુક્લપક્ષમાં રોજ રોજ કળાને ગ્રહણ કરે છે તેથી પૂર્ણિમાને દિવસે તેનું શરીર સંપૂર્ણ કળાવાળું થાય છે. તેમ જ રાજા પણ જો રોજ રોજ ગુરુની પાસેથી વિદ્યારૂપી કળાને ગ્રહણ કરે છે તો તેની લક્ષ્મીમાં અને કીર્તિમાં મોટો વધારો થાય છે.

जितेन्द्रियस्य नृपतेर्नीतिमार्गानुसारिणः ।
भवन्ति ज्वलिता लक्ष्म्यः कीर्त्तयश्च नभःस्पृशः ॥ ६५ ॥

રાજા જિતેંદ્રિય હોય, અને નીતિમાર્ગને અનુસરતો હોય તો તેની લક્ષ્મી ઝળહળતી થાય છે અને કીર્તિ આકાશનો સ્પર્શ કરે છે અર્થાત્ સ્વર્ગ સૂધી પહોંચે છે. ૬૫

ભાવાર્થઃ—જે રાજા જિતેંદ્રિય હોતો નથી, તે રાજા વિદ્યાવૃદ્ધ ગુરુની સેવા કરે છે તો પણ વિદ્યાભ્યાસ કરી શકતો નથી. માટે રાજા જિતેંદ્રિય હોવો જોઇએ, એમ આ શ્લોકમાં કહ્યું છે. આ ગ્રન્થમાં નીતિવિદ્યાનું પ્રાધાન્ય છે તેથી રાજા નીતિના માર્ગને અનુસરનારો હોવો જોઇએ, એમ કહ્યું છે. નીતિશાસ્ત્ર ભણ્યા પછી પણ રાજા જો તેનો ઉપયોગ કરતો નથી તો તે ફળદાયી નિવડતી નથી, એમ જણાવવા માટે ગ્રન્થકર્તા આગ્રહ કરે છે કે, રાજા નીતિશાસ્ત્રના માર્ગને અનુસરનાર હોવો જોઇએ.

इति स्म राजा विनयं नयान्वितो
निषेवमाणो नरदेवसेवितम् ।
पदं समाक्रामति भास्वरं श्रियः
शिरो महारत्नगिरेरिवोन्नतम् ॥ ६६ ॥

ઉપર કહ્યા પ્રમાણે જે રાજા ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને નીતિશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરે છે, તે રાજા મેરુપર્વતના ઉન્નત શિખર સમાન અર્થાત્ સ્વર્ગના સમાન, મહા ભાસ્વર (પ્રકાશમાન) અને પૂર્વના રાજાઓએ સેવેલું એવું રાજ્ય સંપાદન કરે છે. ૬૬

ભાવાર્થઃ—આ સર્ગની સમાપ્તિમાં બન્ને પ્રકરણમાં કહેલા વિષયનો ઉપસંહાર કર્યો છે. તેમાં આ શ્લોકમાં રાજ્યસંપાદન કરવામાં ઇન્દ્રિયનિગ્રહની ખાસ જરૂર છે એમ દર્શાવ્યું છે.

इयं हि लोकव्यतिरेकवर्त्तिनी
स्वभावतः पार्थिवता समुद्धता ।

बलात् तदेनां विनयेन योजये-
न्नयस्य वृद्धौ विनयः पुरस्सरः ॥ ६७ ॥

રાજાપણું સ્વભાવથી જ ઉદ્ધત હોવાય છે (અર્થાત્ રાજા સ્વાભાવિક રીતે જ ઉદ્ધત હોય છે) અને તેનું વર્તન પણ પ્રભુતાને લીધે લોકોના કરતાં ચઢિયાતા પ્રકારનું હોય છે. માટે રાજાને બળાત્કારથી વિનયી એટલે જિતેંદ્રિય બનાવવો જોઇએ. કારણ કે શાસ્ત્રાભ્યાસની વૃદ્ધિને માટે પ્રથમ વિનયની–જિતેંદ્રિયની જરૂર છે. ૬૭

ભાવાર્થ–રાજાઓ સ્વભાવથી જ ઉદ્ધત હોય છે અને તેઓ સ્વતંત્ર હોવાથી તેઓનું વર્તન લોકોના કરતાં જૂદા જ પ્રકારનું હોય છે. પ્રજા રાજાને વશ હોવાથી ઉદ્ધત રીતે વર્તી શકતી નથી; પરંતુ રાજા સ્વતંત્ર હોય છે. તેના ઉપર કોઇનો પણ દાબ હોતો નથી તેથી તે પ્રભુતાના મદથી લોકોના કરતાં જૂદી જ રીતે વર્તે છે; માટે તેને ઇંદ્રિયનિગ્રહ કરાવવાની ખાસ જરૂર છે. ઇંદ્રિયનિગ્રહ કર્યા પછી તે શાસ્ત્રનું અધ્યયન કરી શકે છે અને તેને શાસ્ત્રીય વિષયોનું જ્ઞાન થાય છે અને શાસ્ત્રનું રહસ્ય સમજ્યા પછી જ તેનામાંથી ઉદ્ધતાઈ દૂર થાય છે. હાલમાં ઘણા રાજાઓ તથા ઘણા શ્રીમંતોનું વર્તન આ શ્લોકમાં કહ્યા પ્રમાણે ઉદ્ધત જોવામાં આવે છે. તેઓ પ્રજાની દરકાર નહિ કરતાં મરજી માફક વર્તે છે, અને તેને પરિણામે પોતાનાં રાજ્યની તથા ધનની પાયમાલી કરે છે. માટે રાજાએ અથવા તો શ્રીમાને પ્રથમ ઇંદ્રિયનિગ્રહ કરવાની જરૂર છે અને તે પછી નીતિશાસ્ત્ર ભણવાની જરૂર છે.

परां विनीतः समुपैति सेव्यतां
महीपतीनां विनयो विभूषणम् ।
प्रवृत्तदानो मृदुसञ्चरत्करः
करीव भद्रो विनयेन शोभते ॥ ६८ ॥

ઇંદ્રિયોનો નિગ્રહ કરીને વિનીત થયેલા રાજાની સર્વે લોકો અત્યંત સેવા કરે છે. વિનય (ઇંદ્રિયનિગ્રહ) એ રાજાઓનું આભૂષણ

ગણાય છે. જેના ગંડસ્થળમાંથી મદ ઝરે છે, તથા જે મૃદુતાથી પોતાની શુંડને ફેરવે છે, એવો ભદ્ર જાતિનો હાથી જેમ વિનયથી શોભે છે તેમ નિત્ય દાન દેનારો તથા કોમળપણાથી પ્રજાની પાસેથી કર વસુલ કરનારો સદાચારી રાજા પણ વિનયથી શોભે છે. ૬૮

ભાવાર્થઃ—આ શ્લોકમાં વિનયી રાજાની પ્રશંસા કરીને તેને ફેળવાયલા ભદ્ર જાતિના હાથીની સાથે સરખાવ્યો છે. ભદ્ર જાતિનો હાથી પોતાનો કર કહેતાં શુંડ મૃદુતાથી આસપાસ ફેરવે છે પરંતુ તેથી કોઇને દુઃખ દેતો નથી તેમ વિનયી રાજા પણ પોતાની પ્રજા ઉપર જુલમ કરીને કર લેતો નથી. પરંતુ મૃદુતાથી કર લે છે, અને તે પણ યોગ્ય કર લે છે. તેને માટે રાજાને વિનયની જરૂર પડે છે. એટલા માટે જ આ શ્લોકમાં કહ્યું છે કે, રાજા વિનયથી શોભે છે અર્થાત્ વિનીત રાજા જ રાજ્ય ચલાવી શકે છે અને પ્રજાને રંજન કરી શકે છે.

गुरुस्तु विद्याधिगमाय सेव्यते
श्रुता च विद्या मतये महात्मनाम् ।
श्रुतानुवर्त्तीनि मतानि वेधसा-
मंसशयं साधु भवन्ति भूतये ॥ ६९ ॥

વિદ્યા ભણવા માટે ગુરુની સેવા કરવામાં આવે છે, ગુરુની પાસેથી અર્થપૂર્વક વિદ્યા ભણવાથી મોટા મનના રાજાઓને બુદ્ધિનો લાભ થાય છે અને વિદ્વાનોના શાસ્ત્રાનુસાર મતો રાજાઓનું સર્વથા સારી રીતે કલ્યાણ કરે છે. ૬૯

ભાવાર્થઃ—આ શ્લોકમાં વિદ્યાવૃદ્ધની સેવાનું ફળ દર્શાવતાં કહે છે કે, વિદ્યાવૃદ્ધની સેવા કરવાથી વિદ્યાનો લાભ થાય છે. વિદ્યાથી પુરુષ બુદ્ધિમાન્ થાય છે અને બુદ્ધિમાન્ પુરુષો જે જે મતો બાંધે છે, તે સર્વ શાસ્ત્રોને અનુસરનારા હોવાથી તેનાં સર્વ કાર્યો રુડી રીતે સિદ્ધ થાય છે. પરંતુ જેઓએ શાસ્ત્રનું અધ્યયન કર્યું નથી તેવા મૂર્ખ પુરુષો કાર્ય સાધવા માટે

જે મતો બાંધે છે, તે મતો ધુણાક્ષરના જેવા હોય છે. તેનાથી કદાચ કાર્યસિદ્ધિ થાય છે અને કદાચ થતી પણ નથી.

सुनिपुणमुपसेव्य सद्गुरुं शुचिरनुवृत्तिपरो विभूतये ।
भवति हि विनयोपसंहितो नृपतिपदाय शमाय च क्षमः ॥ ७० ॥

જે પુરુષ બહારથી તથા અંદરથી પવિત્ર થઇને પોતાના અભ્યુદયને માટે વિદ્યાવૃદ્ધ ગુરુની સુનિપુણતાથી સેવા કરે છે, તે પુરુષ વિનયી થાય છે તથા રાજપદ મેળવવા માટે અને પરલોકમાં જવા માટે સમર્થ થાય છે. ૭૦

अविनयरतमादराद्दते वशमवशं हि नयन्ति विद्विषः ।
श्रुतविनयनिधिं समाश्रितस्तनुरपि नैति पराभवं क्वचित् ॥ ७१ ॥

પરંતુ જે રાજા ઇન્દ્રિયોના વિષયોમાં રાત દહાડો રચ્યોપચ્યો રહે છે, તથા વ્યસનોને આધીન હોય છે, તે રાજાને શત્રુઓ પરિશ્રમ વિના વશ કરી લે છે. પરંતુ જે રાજા શાસ્ત્રનો તથા ઇન્દ્રિયજયરૂપી નિધિનો આશ્રય કરે છે તે રાજા નાનો હોય છે તોપણ (એટલે થોડા ગામનો ધણી હોય છે તોપણ) કોઈ દિવસ પરાજય પામતો નથી (શત્રુઓ તેને વશ કરી શકતા નથી). ૭૧

ઇતિ શ્રી કામંદકીય નીતિસારમાં ઇંદ્રિય જય, તથા *વિદ્યાવિનય સંયોગ નામનો સર્ગ ૧ લો સમાપ્ત.



* આ બીજા પ્રકરણના આરંભમાં 'विद्यावृद्धसंयोग' એવું બીજા પ્રકરણનું નામ રાખવામાં આવ્યું છે અને સમાપ્તિમાં विद्याविनयसंयोग એવું નામ લખ્યું છે. આ બન્નેનો તાત્પર્યાર્થ એક જ છે.

સર્ગ ૨ જો–પ્રકરણ ૩ જું
વિદ્યાવિભાગ

आन्वीक्षिकीं त्रयीं वार्तां दण्डनीतिं च पार्थिवः ।
तद्विद्यैस्तक्रियोपेतैश्चिन्तयेद् विनयान्वितः ॥ १ ॥

રાજાએ નીતિશાસ્ત્રનું અધ્યયન કરીને વિનયી થયા પછી આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ આ ચાર વિદ્યાને જાણનારા અને તેમાં કહેલાં કાર્યોનો પ્રયોગ કરનારા પુરુષોની પાસે તે ચારેય વિદ્યાનો વિચાર કરવો. ૧

ભાવાર્થઃ–રાજાએ દંડનીતિનું અધ્યયન કર્યા પછી પોતાના દેશનો અભ્યુદય થાય તેવાં કાર્યો કરવાં તથા શત્રુના દેશને તાબે કરવા માટે ઉપાયો યોજવા. જ્યાં સુધી પોતાનું રાજ્ય સ્થિર થતું નથી ત્યાં સુધી બીજાનું રાજ્ય તાબે કરી શકાતું નથી. માટે પ્રથમ પોતાનાં રાજ્યની સ્થિર સ્થિતિ કરવાના ઉપાયો છ સર્ગમાં કહેવામાં આવશે. તેમાં આ સર્ગમાં નીચે પ્રમાણે ત્રણ પ્રકરણ છે;–વિદ્યાવિભાગ, વર્ણાશ્રમવ્યવસ્થા, અને દંડમાહાત્મ્ય. તેમાં વિદ્યાવૃદ્ધોની સાથે તે તે વિદ્યા સંબંધી વિચાર કરવો, એ પ્રથમ ઉપાય છે. કારણ કે લોકોની સ્થિતિનો આધાર વિદ્યાના ઉપર છે. માટે પ્રથમ સર્ગમાં વિદ્યાવૃદ્ધોની સાથે સમાગમ કરવા વિશે કહ્યું અને આ બીજા સર્ગના આરંભમાં વિદ્યાના વિભાગવિશે વર્ણન કરવામાં આવશે. આન્વીક્ષિકી વિદ્યામાં સર્વ પદાર્થના સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે અને સર્વ વિદ્યાનો વિચાર કરવામાં તે ઉપયોગી છે, તેથી આન્વીક્ષિકી સર્વ વિદ્યામાં મુખ્ય વિદ્યા ગણાય છે. તેથી તેને પ્રથમ કહી છે. બીજી વિદ્યા ત્રયી એટલે વેદવિદ્યા છે તેમાં ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. માટે ધર્મની વ્યવસ્થા કરવા માટે બીજી ત્રયી વિદ્યા ગણાવી છે. ત્રીજી વાર્તા વિદ્યા કહેતાં આજીવિકાના સાધનભૂત વિદ્યા છે, જેમાં કૃષિ, વ્યાપાર વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે અને ચોથી દંડનીતિ નામની વિદ્યા છે. ઉપર કહેલી ત્રણ વિદ્યાનાં કાર્યોમાં જો વિઘ્ન નડે તો તેને દૂર કરવા માટે દંડનીતિનો ઉપયોગ

કરવો પડે છે. વળી પ્રથમની ત્રણ વિદ્યાનો કદાચ નાશ પણ થાય છે પરંતુ દંડનીતિ તો હંમેશા રહેનારી છે. પ્રત્યેક વિદ્યા પોતપોતાના વ્યાપારથી લોકોનું યોગ ક્ષેમ કરે છે. ત્રયી વિદ્યા તથા વાર્તા વિદ્યા વિદ્યાનાં, ધર્મનાં અને અર્થનાં કાર્યો કરવામાં સહાય કરે છે ત્યારે દંડનીતિ નામની વિદ્યા વર્તમાન કાર્યોનું તથા થયેલાં કાર્યોનું રક્ષણ કરે છે. ચાર વિદ્યામાં પ્રથમ કહેલી આન્વીક્ષિકી નામની વિદ્યા સર્વ વિદ્યાનાં તત્વનો પ્રકાશ કરનારી હોવાથી અત્યંત ઉપયોગી છે. તેને માટે કૌટિલ્યકૃત અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે;–

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।
आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षिकी मता ॥

આન્વીક્ષિકી–વિદ્યાને સદાય સર્વ વિદ્યાનો પ્રકાશ કરનારી, સર્વ કર્મના ઉપાયરૂપ અને સર્વ ધર્મના આશ્રયરૂપ માનેલી છે. આ રીતે ચારે વિદ્યા અનુક્રમે પોતપોતાનું કાર્ય કરનારી છે. માટે રાજાએ તે તે વિદ્યા જાણનારા વિદ્વાનોની સાથે તે તે વિદ્યાવિશે વિચાર કરવો તથા પોતાના દેશમાં તે તે વિદ્યાનો પ્રચાર કરવો.

आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता लोकसंस्थितिहेतवः ॥ २ ॥

આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા, અને દંડનીતિ આ ચાર વિદ્યા નિત્ય છે અર્થાત્ કોઈ પણ દિવસ નાશ નહિ પામે તેવી છે અને લોકોની મર્યાદા, આ ચાર વિદ્યાને આધારે ટકી રહેલી છે. ૨

ભાવાર્થઃ–આ ચાર વિદ્યા હંમેશા રહેનારી છે અને લોકોની વ્યવસ્થા પણ આ ચાર વિદ્યાને આધારે જ ટકી રહેલી છે.

त्रयी वार्त्ता दण्डनीतिस्तिस्रो विद्या हि मानवाः ।
त्रय्या एव विभागोऽयं येयमान्वीक्षिकी मता ॥ ३ ॥

મનુના શિષ્યો કહે છે કે ત્રયી, વાર્તા અને દંડનીતિ આ રીતે ત્રણ વિદ્યા છે અને આન્વીક્ષિકી વિદ્યાને વેદવિદ્યાના જ એક વિભાગરૂપે માનવામાં આવી છે. ૩

ભાવાર્થઃ–આન્વીક્ષિકી વિદ્યા પદાર્થના સ્વરૂપને જણાવનારી હોવાથી તે હેતુવિદ્યા કહેવાય છે અને તે બે પ્રકારની છે. એક વેદને અનુસરનારી અને બીજી વેદમાં જ રહેનારી. વેદને અનુસરનારી વિદ્યા તે સાંખ્યશાસ્ત્ર અને બીજી મીમાંસાશાસ્ત્ર. આ બન્ને વિદ્યા પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષરૂપે તત્વની વ્યવસ્થા કરનારા વેદનો જ એક ભાગ છે. માટે આન્વીક્ષિકી વિદ્યાનો ત્રયી વિદ્યામાં અંતર્ભાવ થઈ જાય છે. તેથી ત્રણ જ વિદ્યા છે, આવો મનુના શિષ્યોનો મત છે.

वार्ता च दण्डनीतिश्च द्वे विद्ये इत्यवस्थिताः ।
लोकस्यार्थप्रधानत्वाच्छिष्याः सुरपुरोधसः ॥ ४ ॥

બૃહસ્પતિના શિષ્યો માને છે કે;–વાર્તા તથા દંડનીતિ આ બે જ વિદ્યા છે. કારણ કે લોકો ધનને મુખ્ય માને છે અને તે ધનનો આધાર આ બે વિદ્યાના ઉપર રહેલો છે. ૪

ભાવાર્થઃ–ચારેય વર્ણની પ્રજા ધનને મુખ્ય માને છે. કારણ કે ધનથી ધર્માચરણ કરી શકાય છે તથા સુખનો ઉપભોગ થઈ શકે છે અને તે ધન વાર્તાથી એટલે ખેતીવાડી અને વ્યાપાર વગેરેથી મેળવી શકાય છે. તથા દંડનીતિથી પણ ધનનો લાભ થઈ શકે છે. માટે વાર્તા અને દંડનીતિ આ બે જ વિદ્યા મુખ્ય છે, આમ બૃહસ્પતિના શિષ્યો માને છે.

एकैव दण्डनीतिस्तु विद्येत्यौशनसाः स्थिताः ।
तस्यां हि सर्वविद्यानामारम्भाः सम्प्रतिष्ठिताः ॥ ५ ॥

શુક્રાચાર્યના શિષ્યો માને છે કે;–એક દંડનીતિ જ વિદ્યા છે. કારણ કે સર્વ વિદ્યાના વ્યાપારો (કાર્યો) દંડનીતિને આધારે ટકી રહેલા છે. ૫

ભાવાર્થઃ–જેમ આખો રથ રથના પૈડામાં રહેલી નાભિને આધારે ટકી રહેલો હોય છે તેમ જ આન્વીક્ષિકી વગેરે સર્વ વિદ્યાના વ્યાપાર દંડનીતિ ને આધારે ટકી રહેલા છે. જો દંડનીતિનો ઉપયોગ કરવામાં આવે નહિ તો

લોકસ્થિતિ બગડી જાય અને તેને અંગે સર્વ વિદ્યાના પઠન પાઠનનો અભાવ થઈ જાય. માટે દંડનીતિ એ જ એક વિદ્યા છે. જેના ઉપયોગથી બીજી સર્વ વિદ્યા જગતમાં ટકી રહેલી છે. આ મત શુક્રાચાર્યના શિષ્યોનો છે.

विद्याश्चतस्र एवैता इति नो गुरुदर्शनम् ।
पृथक् पृथक् प्रसिद्ध्यर्थं यासु लोको व्यवस्थितः ॥ ६ ॥

અમારા ગુરુનો મત એવો છે કે;–આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ આ ચારેય વિદ્યા છે. તે વિદ્યા જૂદી જૂદી રીતે પોતાનાં ફળ આપે છે અને ચારેય વર્ણની પ્રજા આ વિદ્યાનો આશ્રય કરી રહેલી છે. ૬

ભાવાર્થઃ–આ નીતિસારના કર્તા કામંદકના ગુરુ કૌટિલ્ય–(ચાણુક્ય) છે. કામંદક તેનો મત છેવટે દર્શાવતાં કહે છે કે; અમારા ગુરુનો મત એવો છે કે વિદ્યા ચાર છે. જે કે પૂર્વાચાર્યે વિદ્યાના સંબંધમાં પોતાના જે મત દર્શાવ્યા છે તે યોગ્ય છે, તોપણ પ્રત્યેક વિદ્યાનું ફળ ભિન્ન ભિન્ન છે તેથી ચારેય વિદ્યા ભિન્ન ભિન્ન હોવી જોઇએ; અને ચાતુર્વર્ણ્ય પ્રજા ભિન્ન ભિન્ન ફળના લાભ માટે તે ચારેય વિદ્યાનો અભ્યાસ કરે છે.

आन्वीक्षिक्यात्मविज्ञानं धर्माधर्मौ त्रयीस्थितौ ।
अर्थानर्थौ तु वार्तायां दण्डनीत्यां नयेतरौ ॥ ७ ॥

આન્વીક્ષિકી વિદ્યા પદાર્થના ખરા સ્વરૂપનું જ્ઞાન કરાવનારી છે, ત્રયી વિદ્યા (વેદ વિદ્યા) ધર્મનું તથા અધર્મનું જ્ઞાન કરાવનારી છે, વાર્તા વિદ્યા અર્થનું તથા અનર્થનું જ્ઞાન કરાવનારી છે, અને દંડનીતિ થી ન્યાયનું તથા અન્યાયનું જ્ઞાન થાય છે. આ રીતે ચાર વિદ્યાનું ભિન્ન ભિન્ન ફળ છે. ૭

ભાવાર્થઃ–આ શ્લોકમાં વિદ્યાનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. આન્વીક્ષિકી યૌગિક શબ્દ છે અને તેનો અર્થ આ પ્રમાણે થાય છે;–**प्रत्यक्षपरोक्षाभ्यां ईक्षितस्य अर्थस्य अनु पश्चात् ईक्षणं अन्वीक्षा सा प्रयोजनं यस्याः सा 'आन्वीक्षिकी**

અનુમાનવિદ્યા। અર્થાત્ આન્વીક્ષિકી એટલે અનુમાન વિદ્યા. સોળ પદાર્થ તથા સાત પદાર્થવાદી ન્યાય વૈશેષિક વગેરે દર્શન શાસ્ત્રોનો આન્વીક્ષિકી વિદ્યામાં સમાવેશ થાય છે. પદાર્થના સ્વરૂપનું યથાર્થ રીતે જ્ઞાન થવું, આ આન્વીક્ષિકી વિદ્યાનું ફળ છે. ધર્મનું તથા અધર્મનું જ્ઞાન ત્રયી વિદ્યાથી (વેદવિદ્યાથી) થાય છે. વેદમાં કહ્યું છે કે;–યજ્ઞ, વેદાધ્યયન એ ધર્મ છે, અને લસુન-ભક્ષણ, માંસભક્ષણ એ અધર્મ છે. વાર્તા વિદ્યાથી અર્થનું તથા અનર્થનું જ્ઞાન થાય છે. સમય ઉપર બીજ વાવવામાં આવે છે તો ધાન્ય નિપજે છે અને તેથી અર્થનો લાભ થાય છે. પરંતુ સમય વગર એટલે ઋતુ વગર જો બીજ રોપવામાં આવે છે તો બીજ નિષ્ફળ જાય છે અને તેની સાથે ધનની પણ હાનિ થાય છે. આ જ્ઞાન વાર્તાશાસ્ત્રથી થાય છે. પોતાના કરતાં મોટા લોકોની સાથે સંધિ કરવાથી યોગ તથા ક્ષેમનો લાભ થાય છે. તેનું નામ નય કહેતાં ન્યાય છે પરંતુ મોટા પુરુષોની સાથે યુદ્ધ કરવાથી પોતાને હાનિ પહોંચે છે તેનું નામ અનય કહેતાં અન્યાય છે. આ બન્નેનું જ્ઞાન નીતિ શાસ્ત્રથી થાય છે.

आन्वीक्षिकीत्रयीवार्त्ताः सतीर्विद्याः प्रचक्षते ।
सत्योऽपि हि न सत्यस्ता दण्डनीतेस्तु विप्लवे ॥ ८ ॥

નીતિ જાણનારાઓ આન્વીક્ષિકી, ત્રયી અને વાર્તા આ વિદ્યાને (લોકોનો ઉપકાર કરનારી હોવાથી) સત્ય વિદ્યા કહે છે. પરંતુ દંડનીતિનો નાશ થવા પછી તે હયાતીમાં હોવા છતાં પણ નિરુપયોગી થઈ પડે છે તેથી નહિ જેવી થઈ પડે છે. (નકામી થઈ પડે છે.) ૮

ભાવાર્થઃ–ચારેય વિદ્યાનાં ભિન્ન ભિન્ન ફળ છે. પરંતુ તેમાં દંડનીતિ નામની વિદ્યા મુખ્ય છે, અને બીજી વિદ્યા ગૌણ છે. જો દંડનીતિ નામની વિદ્યાનો યથોચિત ઉપયોગ કરવામાં આવે છે તો તો આન્વીક્ષિકી વગેરે વિદ્યાઓ પણ ઉપયોગી થાય છે. પરંતુ દંડનીતિ વિદ્યાનો અયોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે અથવા તો તેનો ઉપયોગ જ કરવામાં આવતો નથી તો ઉપરની ત્રણેય વિદ્યા વિદ્યમાન છતાં પણ અવિદ્યમાન જેવી થઈ પડે છે અર્થાત્ નિરુપયોગી થઈ પડે છે.

दण्डनीतिर्यदा सम्यङ्नेतारमधितिष्ठति ।
तदा विद्याविदः शेषा विद्याः सम्यगुपासते ॥ ९ ॥

જ્યારે દંડનીતિ, નેતાનો સારી રીતે આશ્રય કરે છે અર્થાત્ વિજિગીષુ રાજા જો દંડનીતિનો સદુપયોગ કરે છે તો, વિદ્યા ભણનારાઓ સર્વ વિદ્યાનું સારી રીતે અધ્યયન કરી શકે છે. ૯

वर्णाश्चैवाश्रमाश्चैव विद्यास्वासु प्रतिष्ठिताः ।
रक्षेत् ता रक्षणात् तासां तद्धर्मस्यांशभाङ् नृपः ॥ १० ॥

બ્રાહ્મણાદિક ચાર વર્ણો અને બ્રહ્મચારી આદિ ચાર આશ્રમો આ ચાર વિદ્યાનું અધ્યયન કરીને પોતાની જીવિકા કરે છે માટે રાજાએ તે ચારેય વિદ્યાનું રક્ષણ કરવું જોઈએ. ચારેય વિદ્યાની રક્ષા કરવાથી રાજા ચાર વર્ણના તથા ચાર આશ્રમના લોકોએ કરેલા ધર્મનો ભાગીદાર થાય છે. ૧૦

ભાવાર્થઃ—બ્રાહ્મણો વેદનું અધ્યયન કરે છે, ક્ષત્રિયો દંડનીતિનું અધ્યયન કરે છે, વૈશ્યો તથા શૂદ્રો વાર્તા વિદ્યાનું (અર્થશાસ્ત્રનું) અધ્યયન કરે છે અને બ્રહ્મચારી વગેરે આન્વીક્ષિકી વગેરે તત્વવિદ્યાનું અધ્યયન કરે છે અને તે તે વિદ્યા ભણ્યા પછી તેનાં ફળનો ઉપયોગ કરે છે. માટે રાજાએ તે સર્વ વિદ્યાનું રક્ષણ કરવાની જરૂર છે. રાજા જો આન્વીક્ષિકી વગેરે વિદ્યાનું રક્ષણ કરે છે તો ચાતુર્વર્ણ્યની પ્રજા તે તે વિદ્યાનું અધ્યયન કરીને જે ધર્માચરણ કરે છે, તે ધર્મમાંથી રાજાને તેનો છઠ્ઠો ભાગ મળે છે.

ચાર વિદ્યાનું સ્વરૂપ.

आन्वीक्षिक्यात्मविद्या स्यादीक्षणात् सुखदुःखयोः ।
ईक्षमाणस्तया तत्त्वं हर्षशोकौ व्युदस्यति ॥ ११ ॥

આન્વીક્ષિકી વિદ્યાથી સુખનું તથા દુઃખનું જ્ઞાન થઈ શકે છે. માટે તે આત્મવિદ્યા કહેવાય છે. રાજા જો આત્મવિદ્યાથી તત્વનું અવ-

લોકને કરે છે તો તેને અભ્યુદય વખતે હર્ષ થતો નથી અને સંકટ વખતે શોક થતો નથી. ૧૧

ભાવાર્થઃ—આન્વીક્ષિકી વિદ્યાથી પદાર્થના સ્વભાવનું જ્ઞાન થાય છે અર્થાત્ તે હેતુ વિદ્યા છે. આ વિદ્યાથી પદાર્થના તત્વનું જ્ઞાન થાય છે અને તેથી અમુક સુખનું સાધન છે અમુક દુઃખનું સાધન છે આવું જ્ઞાન થાય છે. આ રીતે સુખ દુઃખના કારણનું જ્ઞાન થયા પછી મનુષ્યને ક્ષણભંગુર એવો અભ્યુદય થવાથી હર્ષ થતો નથી તેમ અકસ્માત્ આવેલાં દુઃખથી શોક પણ થતો નથી. પરંતુ જીવતા પુરુષની નલ, યુધિષ્ઠિર રાજાની પેઠે પડતી ચડતી થયા જ કરે છે આમ તે જાણે છે.

ऋग्यजुःसामनामानस्त्रयो वेदास्त्रयी स्मृता ।
उभौ लोकाववाप्नोति त्रय्यां तिष्ठन् यथाविधि ॥ १२ ॥

ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ આ ત્રણ વેદ ત્રયા વિદ્યાના નામથી કહેવાય છે. જે પુરુષ શાસ્ત્રોક્ત વિધિથી ત્રયીમાં કહેલાં કર્મ કરે છે, તે પુરુષ આ લોકમાં સુખ ભોગવે છે અને મરણ પછી સ્વર્ગમાં પણ સુખ ભોગવે છે. ૧૨

अङ्गानि वेदाश्चत्वारो मीमांसा न्यायविस्तरः ।
धर्मशास्त्रं पुराणं च त्रयीदं सर्वमुच्यते ॥ १३ ॥

છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને પુરાણ આ સર્વ ત્રયીના નામથી કહેવાય છે. ૧૩

ભાવાર્થઃ-૧૨ મા શ્લોકમાં કહેલા ત્રણ વેદની જ ત્રયી વિદ્યામાં ગણના નથી, પરંતુ તે ઉપરાંત બીજાં શાસ્ત્રોનો પણ ત્રયી વિદ્યામાં સમાવેશ થાય છે એ વાત આ શ્લોકમાં કામંદકે દર્શાવી છે ને તે શાસ્ત્રપ્રમાણ છે;— શિક્ષા, કલ્પસૂત્ર, વ્યાકરણ, છંદસ્, નિરુક્ત, અને જ્યોતિઃશાસ્ત્ર આ છ વેદનાં અંગો, અથર્વ વેદ સહિત ત્રણ વેદ, વેદની વ્યાખ્યા રૂપ મીમાંસા-શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, મનુસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્ર, તથા બ્રાહ્મણ ગ્રંથમાં કહેલાં

પુરાણ જેનાથી સર્વ લોકોની ઉત્પત્તિ તથા સંહારનું જ્ઞાન થાય છે, તે આ સર્વ શાસ્ત્રનો ત્રયી વિદ્યામાં સમાવેશ થાય છે.

पाशुपाल्यं कृषिः पण्यं वार्ता वार्ता तु जीवनम् ।
सम्पन्नो वार्तया साधु नावृत्तेर्भयमृच्छति ॥ १४ ॥

પશુપાલન કર્મ, ખેતીવાડીનું કર્મ અને વ્યાપાર કર્મ આ સર્વનો વાર્તા વિદ્યામાં (અર્થ શાસ્ત્રમાં) સમાવેશ થાય છે. અર્થાત્ વાર્તા વિદ્યા ભણવાથી પશુપાલન વગેરેનું જ્ઞાન થાય છે. લોકો જે વિદ્યાથી પોતાની આજીવિકા કરી શકે તેનું નામ વાર્તા. જે પુરુષ વાર્તા વિદ્યામાં સારી રીતે કુશળ હોય છે, તે પુરુષને કદી પણ આજીવિકાનો ભય રહેતો નથી. ૧૪

ભાવાર્થઃ–ગાય, બળદ, ઘોડા વગેરે પશુઓને ઉછેરવાં, માંદાં પડે ત્યારે તેઓની ચિકિત્સા કરવી વગેરે બાબત પશુપાલન કર્મ કહેવાય છે. ગૌતમ, શાલિહોત્ર વગેરેએ પશુપાલનવિદ્યાનાં શાસ્ત્રો લખ્યાં છે. કયા સમયમાં કેવી ભૂમિમાં કયાં બીજને રોપવાં, તેને કેવું ખાતર નાખવું વગેરે વિદ્યાને કૃષિ-કર્મ કહે છે અને આ કૃષિશાસ્ત્ર પરાશર, વરાહમિહિર વગેરેએ રચ્યાં છે અને તેમાં વનસ્પતિની ખેતીવિશે વર્ણન કરવામાં આવ્યું છે. વ્યાપારને પણ્ય કહેવામાં આવે છે. વિદેહ નામના રાજાએ વાણિજ્યશાસ્ત્ર રચ્યું છે. તેમાં સ્વદેશ પરદેશમાં વ્યાપાર કેવી રીતે કરવો, તે વિશે વ્યાપારના ભિન્ન ભિન્ન પદાર્થોનું તથા તેનાં મૂલ્ય વિશે વિવેચન કરવામાં આવ્યું છે. આ સર્વનો વાર્તા વિદ્યામાં સમાવેશ થાય છે. વાર્તા શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. वर्तते जीवति अनया इति वार्ता મનુષ્યો જેનાથી પોતાની આજીવિકા કરી શકે તેનું નામ વાર્તા. જે પુરુષ વાર્તા વિદ્યામાં (વ્યાપારશાસ્ત્રમાં) સારી રીતે કુશળ હોય છે, તે પુરુષને આજીવિકાનો ભય રહેતો જ નથી.

दमो दण्ड इति प्रोक्तस्तात्स्थ्याद् दण्डो महीपतिः ।
तस्य नीतिर्दण्डनीतिर्नयनान्नीतिरुच्यते ॥ १५ ॥

પ્રહાર કરવો, દુઃખ દેવું, ધન હરી લેવું વગેરે કર્મથી દમન કરવું તેને દંડ કહે છે. તે દંડ રાજાને વિશે રહે છે, તેથી રાજા દંડ

કહેવાય છે. તે રાજાની જે નીતિ, તે दंडनीति કહેવાય છે. नयनं नीतिः કહેતાં દંડનો પ્રચાર કરવો તેનું નામ दंडनीति અર્થાત્ રાજવિદ્યા. ૧૫

ભાવાર્થઃ–દમ શબ્દનો અર્થ દંડ છે. તે દંડ અનેક પ્રકારનો છે; અપરાધીનો વધ કરવો, તેની પાસેથી ધન છિનવી લેવું, તેને કેદ કરવો વગેરે કર્મ દમ કહેવાય છે. નીતિના સામ, દામ, ભેદ વગેરે અનેક ભેદ છે. છતાં નીતિનો દંડનીતિ શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે. લોકોમાં અનેક દોષો હોય છે અને તેઓને જે દંડનીતિથી વશ કરવામાં આવે છે તો જ જગતનો શુદ્ધ વ્યવહાર ચાલે છે. ભગવાન્ મનુ દંડનું માહાત્મ્ય વર્ણવતાં કહે છે કે;—

" सर्वो दंडजितो लोको दुर्लभो हि शुचिः क्वचित् ।
दंडस्य हि भयात्कृत्स्नं जगद्भोगाय कल्पते ॥

આખું જગત્ દંડથી તાબે રહે છે. કારણ કે પવિત્ર મનનો પુરુષ દુર્લભ હોય છે અને તે પણ કોઇક જ ઠેકાણે હોય છે. આખું જગત્ દંડના ભયથી જ તાબામાં રહીને બીજાના ઉપયોગમાં આવે છે."

આ દંડ તે ધર્મનું સ્વરૂપ છે. ન્યાયી રાજા જે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે તો પોતાના દેશનો અને પોતાની પ્રજાનો અભ્યુદય કરે છે અને તેનું રાજ્ય પણ ઘણા વર્ષ સુધી ટકી રહે છે. તે દંડનો नयनं કહેતાં પ્રચાર કરવો, તેનું નામ દંડનીતિ કહેવાય છે. આ દંડનીતિને રાજવિદ્યા પણ કહેવામાં આવે છે. આ दंडनीति નામના શાસ્ત્રમાં રાજાએ દંડનો કેવી રીતે ઉપયોગ કરવો, કોને દંડ કરવો, કોને ન કરવો, દંડનું સ્વરૂપ કેવું છે વગેરે અનેક વિષયોનો વિચાર કરવામાં આવ્યો છે.

तयात्मानं च शेषाश्च विद्याः पायान्महीपतिः ।
विद्या लोकोपकारिण्यस्तत्पाता हि महीपतिः ॥ १६ ॥

મહીપતિએ આ દંડનીતિથી પોતાનું તથા आन्वीक्षिकी વગેરે વિદ્યાનું રક્ષણ કરવું. કારણ કે આ વિદ્યા જગતનો ઉપકાર કરનારી છે. માટે તે વિદ્યાનું પાલન કરનારો રાજા મહીનો પતિ ગણાય છે. ૧૬

ભાવાર્થઃ–વિદ્યા જગતનો ઉપકાર કરનારી છે. માટે તેનું પાલન કરવું, એ પૃથ્વીપતિનો ધર્મ છે. પરંતુ તેના પહેલાં રાજાએ પોતાની પણ રક્ષા કરવાની જરૂર છે. પોતાનું રક્ષણ કર્યા પછી દેશનો ઉદય કરનારી લોકોપકારક વિદ્યાઓની પણ રાજાએ રક્ષા કરવી.

विद्याभिराभिर्निपुणं चतुर्वर्गमुदारधीः ।
विद्यात् तदासां विद्यात्वं 'विद ज्ञाने' निगद्यते ॥ १७ ॥

ઉદાર બુદ્ધિવાળા રાજાએ આન્વીક્ષિકી વગેરે વિદ્યા ભણવી ને એ વિદ્યાદ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થને યથાર્થ રીતે જાણવા જોઇએ. પદાર્થનું જ્ઞાન કરાવવું, આ વિદ્યાનું વિદ્યાત્વ છે અને 'વિદ્યા' શબ્દ 'વિદ્ જ્ઞાને' આ જ્ઞાનાર્થક વિદ્ ધાતુ ઉપરથી સિદ્ધ થયો છે. ૧૭

ભાવાર્થઃ–આન્વીક્ષિકી વગેરેને વિદ્યા કહેવાનું કારણ એવું છે કે; चतुर्वर्गो वेद्यते आभिः इति विद्या। આન્વીક્ષિકી વગેરેથી ચાર વર્ગનું જ્ઞાન થાય છે, માટે તેને વિદ્યા કહેવામાં આવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચાર વર્ગ કહેવાય છે. તે જાણવા માટે આન્વીક્ષિકી વગેરે વિદ્યાનો ઉપયોગ પડે છે. આ શ્લોકમાં વિદ્યા શબ્દ 'विद् ज्ञाने' ધાતુ ઉપરથી સિદ્ધ થયો છે. પરંતુ विद् लाभे ધાતુ ઉપરથી સિદ્ધ થયો નથી. તેથી આન્વીક્ષિકી વગેરે વિદ્યા જ્ઞાનવિદ્યા છે એમ દર્શાવ્યું છે અને બીજી કર્મવિદ્યાથી તેની વ્યાવૃત્તિ કરવામાં આવી છે.

વિદ્યાવિભાગ નામનું પ્રકરણ ૩ જું સમાપ્ત

પ્રકરણ ૪ થું

વર્ણાશ્રમવ્યવસ્થા–ચાર વર્ણના ધર્મ

इज्याध्ययनदानानि यथाशास्त्रं सनातनः ।
ब्राह्मणक्षत्रियविशां सामान्यो धर्म उच्यते ॥ १८ ॥

યજ્ઞ, વેદાધ્યયન અને દાન, આ બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યનો શાસ્ત્રાનુસાર સનાતન સામાન્ય ધર્મ કહ્યો છે. ૧૮

ભાવાર્થઃ–આ પ્રકરણમાં વર્ણના ધર્મની તથા આશ્રમના ધર્મની રાજાએ વ્યવસ્થા કરવી, તે વિશે કહેવામાં આવશે. રાજાએ પ્રથમ પોતાના દેશમાં વિદ્યાની પ્રવૃત્તિ કરવી અને તે પછી ચારેય વર્ણના તથા ચારેય આશ્રમના લોકોને પોતપોતાના ધર્મકર્મમાં પ્રવર્તાવવાનો પ્રયત્ન કરવો. આશ્રમના ધર્મ વર્ણના ધર્મમાં અંતર્ભાવ પામે છે, તથાપિ વર્ણનાં અને આશ્રમનાં ભિન્ન ભિન્ન કર્મ દર્શાવવાને માટે વર્ણની અને આશ્રમની ભિન્ન ભિન્ન વ્યવસ્થા આ પ્રકરણમાં કહી છે. તેમાં પ્રથમ ચૌદ શ્લોકમાં વર્ણની વ્યવસ્થા કહે છે;–યજ્ઞો કરવા, વેદાધ્યનન કરવું અને દાન દેવું, આ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો સનાતન ધર્મ છે. તેમાં સોમયાગ ત્રણે વર્ણને કરવાનો અધિકાર છે અને રાજસૂય તથા અશ્વમેધ ક્ષત્રિયે જ કરવાનો અધિકાર છે.

याजनाध्यापने शुद्धे विशुद्धाच्च प्रतिग्रहः ।
वृत्तित्रयमिदं प्रोक्तं मुनिभिर्ज्येष्ठवर्णिनः ॥ १९ ॥

પવિત્ર એવા દ્વિજ વર્ણને યજ્ઞ કરાવવો, વેદશાસ્ત્રનું અધ્યાપન કરાવવું અને પવિત્ર એવા દ્વિજ વર્ણની પાસેથી દાન લેવું, આ ત્રણ વૃત્તિ મુનિઓએ બ્રાહ્મણ વર્ણની કહી છે. ૧૯

ભાવાર્થઃ–આ શ્લોકમાં પતિતને યજ્ઞ કરાવવાનો, વેદશાસ્ત્ર ભણાવવાનો તથા તેનું દાન લેવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આ ત્રણ બ્રાહ્મણ વર્ણની આજીવિકા છે. બ્રાહ્મણે તેનાથી પોતાની આજીવિકા કરવી.

शस्त्रेणाजीवनं राज्ञो भूतानां चाभिरक्षणम् ।
पाशुपाल्यं कृषिः पण्यं वैश्यस्याजीवनं स्मृतम् ॥ २० ॥

શસ્ત્ર ધારણ કરીને આજીવિકા કરવી તથા પ્રાણી માત્રનું રક્ષણ કરવું, આ ક્ષત્રિયની આજીવિકા છે. પશુનું પાલન કરવું, ખેતીવાડી કરવી અને વ્યાપાર કરવો, આ વૈશ્યની આજીવિકા કહેલી છે. ૨૦

ભાવાર્થઃ—શસ્ત્ર ધારણ કરીને પ્રાણી માત્રનું ભયમાંથી રક્ષણ કરવું, આ ક્ષત્રિય જાતિની આજીવિકા છે, માટે ક્ષત્રિયોએ પ્રજાનું રક્ષણ કરીને તેના બદલામાં પોતાને જે મળે તેનાથી પોતાનું પોષણ કરવું, ઢોર ઢાંખરને ઉછેરવાં, તે બીમાર થાય ત્યારે તેની માવજત કરવી, ખેતીવાડી કરવી તથા વ્યાપાર કરવો, આ સર્વ વૈશ્યનાં કર્મ છે. તેમાંથી કોઇએક કર્મ કરીને વૈશ્યે પોતાની આજીવિકા કરવી.

शूद्रस्य धर्मः शुश्रूषा द्विजानामनुपूर्वशः ।
शुद्धा च वृत्तिस्तत्सेवा कारुचारणकर्म च ॥ २१ ॥

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની અનુક્રમે સેવા કરવી, આ શૂદ્રનો પરમ ધર્મ છે તથા ત્રણેય વર્ણની સેવા કરવી, સુતારનું કામ કરવું અથવા તો નૃત્ય ગીતાદિક કરવાં, આ તેની શુદ્ધ આજીવિકા છે. ૨૧

બ્રહ્મચારીના ધર્મ

गुरौ वासोऽग्निशुश्रूषा स्वाध्यायो व्रतचारणम् ।
त्रिकालस्नायिता भैक्षं गुरौ प्राणान्तिकी स्थितिः ॥ २२ ॥

વિદ્યાધ્યયનને માટે ગુરુના ઘરમાં વાસ કરવો, અગ્નિહોત્રમાં નિત્ય હોમ કરવો, વેદાધ્યયન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, ત્રણ સમય સ્નાન કરવું, ભિક્ષા માંગી લાવી, ગુરુને નિવેદન કરીને આહાર કરવો તથા મરણપર્યંત ગુરુના ઘરમાં વાસ કરવો. ૨૨

ભાવાર્થઃ–આ શ્લોકથી આશ્રમના ધર્મ કહેવાનો આરંભ કરે છે; તેમાં પ્રથમ બ્રહ્મચારીના ધર્મ કહે છે;–બ્રહ્મચારી બે પ્રકારના હોય છે; એક ઉપકુર્વાણ અને બીજો નૈષ્ઠિક. ઉપકુર્વાણ નામનો બ્રહ્મચારી સમાવર્તન સંસ્કાર થયા પછી પોતાને ઘેર જઈને ગૃહસ્થાશ્રમ માંડે છે અને નૈષ્ઠિક બ્રહ્મચારી મરણ સૂધી ગુરુના ઘરમાં જ રહીને રાત દિવસ ગુરુની સેવા કરે છે તથા ઈશ્વરોપાસના કરે છે.

तदभावे गुरुसुते तथा सब्रह्मचारिणि ।
कामतो वाश्रमान्यत्वं स्वधर्मो ब्रह्मचारिणः ॥ २३ ॥

જો ગુરુ જીવતા ન હોય તો તેમના પુત્રના ઘરમાં વાસ કરવો અથવા તો એક શાખા ભણનારા ગુરુભાઈના ઘરમાં વાસ કરવો અથવા તો પોતાની ઈચ્છા પ્રમાણે બીજો આશ્રમ સ્વીકારવો. આ બ્રહ્મચારીનો પોતાનો ધર્મ છે. ૨૩

ભાવાર્થઃ–નૈષ્ઠિક બ્રહ્મચારીએ જીવતાં સૂધી ગુરુના ઘરમાં વાસ કરવો, ગુરુ ન હોય તો ગુરુના પુત્રના ઘરમાં વાસ કરવો, તે પણ ન હોય તો ગુરુભાઇના ઘરમાં અથવા તો એક શાખા ભણનારા પુરુષના ઘરમાં વાસ કરવો. પરંતુ બ્રહ્મચારીને નૈષ્ઠિક બ્રહ્મચર્યની ઇચ્છા ન હોય, પણ બીજા આશ્રમમાં જવાની ઇચ્છા હોય તો તેણે બીજા આશ્રમનો પણ સ્વીકાર કરવો. અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં જવું અથવા તો સંન્યાસ ધારણ કરવો.

मेखलो जटी मुण्डो दण्डी वा गुरुसंश्रयः ।
आ विद्याग्रहणाद् गच्छेत् कामतो वाश्रमान्तरम् ॥ २४ ॥

બ્રહ્મચારીએ વિદ્યાનું અધ્યયન કરતાં સૂધી કટિ ઉપર મુંજની મેખલા પહેરવી, માથે જટા રખાવવી અથવા તો મુંડન કરાવવું, હાથમાં પોતાની જાતિ અનુસાર દંડ ધારણ કરવો, એટલે બ્રાહ્મણે બીલ્વી અથવા તો ખાખરાનો, ક્ષત્રિયે વડનો અથવા તો બેરનો દંડ

ધારણ કરવો, અને વૈશ્યે પીલુડીનો અથવા તો ઉમરાનો દંડ ધારણ કરવો અને ગુરુના ઘરમાં વાસ કરવો અને પછી પોતાની ઇચ્છા પ્રમાણે બીજા આશ્રમમાં જવું. ૨૪

ભાવાર્થઃ–પ્રથમ પક્ષ એવો છે કે, એક પછી એક એમ ઉત્તરોત્તર આશ્રમમાં જવું અને બીજો પક્ષ એવો છે કે, ઉપનયન સંસ્કાર પછી ઇચ્છાનુસાર કોઈ પણ આશ્રમમાં દાખલ થવું. બ્રહ્મચારીએ અને ગૃહસ્થે પોતાના આશ્રમમાંથી ઇચ્છા હોય તો સંન્યાસાશ્રમમાં દાખલ થવું. પરંતુ વાનપ્રસ્થ આશ્રમમાં તો ગૃહસ્થે જ દાખલ થવું. કારણ કે તે આશ્રમમાં અગ્નિહોત્રાદિક કર્મ કરવાનાં હોય છે.

ગૃહસ્થના ધર્મ

अग्निहोत्रोपचरणं जीवनं च स्वकर्मभिः ।
धर्मदारेषु कल्येषु पर्ववर्जं रतिक्रिया ॥ २५ ॥

ગૃહસ્થે વિવાહ કરીને અગ્નિહોત્રમાં હોમ કરવો, પોતાનાં શાસ્ત્રોક્ત કર્મોથી આજીવિકા કરવી તથા વેદવિધિથી પરણેલી આરોગ્ય સ્ત્રીની સાથે પર્વ શિવાયના બીજા દિવસોમાં રતિક્રિયા કરવી. ૨૫

ભાવાર્થઃ–બ્રાહ્મણે, ક્ષત્રિયે, તથા વૈશ્યે અગ્નિહોત્રમાં હોમ કરવો, પોતપોતાની જાતિને યોગ્ય એવાં કર્મ કરીને આજીવિકા કરવી તથા ધાર્મિક પ્રજા ઉત્પન્ન કરવા માટે ઋતુકાળમાં એટલે અટકાવના ચાર દિવસ પછીના બાર દિવસોમાં સ્ત્રીની સાથે ગમન કરવું. પરંતુ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા વગેરે પર્વના દિવસોમાં સ્ત્રી પાસે જવું નહિ.

देवपित्र्यातिथिभ्यश्च पूजा दीनानुकम्पनम् ।
श्रुतिस्मृत्यर्थसंस्थानं धर्मोऽयं गृहमेधिनः ॥ २६ ॥

દેવતાની, પિતૃઓની અને અતિથિની પૂજા કરવી, દીન પુરુષોના ઉપર દયા કરવી, વેદમાં તથા ધર્મશાસ્ત્રમાં કહેલાં કર્મ કરવાં, આ ગૃહસ્થનો ધર્મ છે. ૨૬

વાનપ્રસ્થના ધર્મ

जटित्वमग्निहोत्रित्वं भूशय्याजिनधारणम् ।
वनेवासः पयोमूलनीवारफलवृत्तिताः ॥ २७ ॥

માથે જટા ધારણ કરવી, અગ્નિમાં હોમ કરવો, ભૂમિ ઉપર શયન કરવું, વલ્કલ વસ્ત્ર પહેરવાં, મૃગચર્મ ઓઢવાં, વનમાં વાસ કરવો, જળ, મૂળ, શ્યામો, રાજગરો તથા ફળનો આહાર કરવો. ૨૭

प्रतिग्रहनिवृत्तिश्च त्रिःस्नानं व्रतचारिता ।
देवातिथीनां पूजा च धर्मोऽयं वनवासिनः ॥ २८ ॥

દાન લેવું નહિ, ત્રણ કાળ સ્નાન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, દેવોની તથા અતિથિઓની પૂજા કરવી, આ વાનપ્રસ્થનો ધર્મ છે. ૨૮

ભાવાર્થઃ–પચાસ વર્ષની ઉમર થયા પછી ગૃહસ્થે પોતાનાં ઘરનો કાર્યભાર પોતાના પુત્રને સોંપી દેવો તથા સ્ત્રી પણ પુત્રોને સોંપી દઈને અથવા તો તેને સાથે લઈને વનમાં વાસ કરવો. વાનપ્રસ્થાશ્રમમાં કદાચ સ્ત્રી સાથે હોય, તોપણ વાનપ્રસ્થે બ્રહ્મચર્ય વ્રત પાળવું. કદાચ ગૃહસ્થાશ્રમના પુત્રો મરી જાય અને સ્ત્રીને રજોદર્શન થતું હોય તો ઋતુમાં જ પર્વોનો ત્યાગ કરીને સ્ત્રીની સાથે ગમન કરવું. આવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. પંચ મહાયજ્ઞ, અગ્નિહોત્ર વગેરે કર્મ કરીને દેવોનું યજન કરવું અને અતિથિને ભોજન આપીને તથા રહેવા માટે સ્થાન આપીને તેઓનો સત્કાર કરવો.

સંન્યાસીના ધર્મ

सर्वारम्भपरित्यागो भैक्षाश्यं वृक्षमूलिता ।
निष्परिग्रहताद्रोहः समता सर्वजन्तुषु ॥ २९ ॥

સંન્યાસ આશ્રમમાં ગયેલા પુરુષે શ્રૌતસ્માર્ત સર્વ કર્મનો તથા લૌકિક કર્મ માત્રનો ત્યાગ કરવો, ભિક્ષા માગીને ખાવી, અરણ્યમાં ઝાડના મૂળની નીચે વાસ કરવો, સંન્યાસ આશ્રમમાં ઉપયોગી એવાં દંડ,

જળપાત્ર શિવાય બીજી કોઈ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, પ્રાણી માત્રની હિંસા કરવી નહિ તથા સર્વ પ્રાણીઓના ઉપર સમબુદ્ધિ રાખવી. ૨૯

ભાવાર્થ:–આ શ્લોકથી સંન્યાસીના ધર્મ કહે છે. સંન્યાસીએ લૌકિકનો તથા શાસ્ત્રીય અગ્નિહોત્રાદિક કર્મનો ત્યાગ કરવો, એમ કહ્યું છે. તેનો તાત્પર્ય એવો છે કે;–સંન્યાસીએ કોઈપણ જાતનાં લૌકિક કાર્યો આરંભવાં નહિ. હાલમાં કેટલાએક સંન્યાસીઓ વિલાયતીઓને પ્રાયશ્ચિત્તો આપે છે, કોઈ માન મળેલી સભામાં પ્રમુખ અથવા તો ઉપપ્રમુખના સ્થાનમાં બીરાજીને મોટા ઉત્સાહથી ભાગ લે છે, ગાડી, ઘોડામાં બેસીને પ્રવાસ કરે છે. ગૃહસ્થોના ઘરમાં રહીને ખટ રસનાં ભોજનો કરે છે, મોટા મોટા મઠો બંધાવવા માટે ધન એકઠું કરે છે, મઠો બંધાવે છે, આવા સંન્યાસીઓ નામના જ સંન્યાસી કહેવાય છે. કેટલાએક તો ભેટના પૈસામાંથી વ્યાજ વટંતરનો ધંધો તથા વ્યાપાર સુદ્ધાંત કરે છે. ત્યારે કેટલાએક સંન્યાસીના વેશધારી પંજાબ ને ઉત્તર હિંદુસ્તાનના શૂદ્રો દંડને બદલે હાથમાં વિલાયતી છત્રી અથવા તો લાકડી લઈ ખડાઉને બદલે વિલાયતી બુટ પહેરીને અંગ ઉપર વિલાયતી કૃયાસનનો ઝભો અને માથે સોનેરી ભગવા સાફા બાંધીને આનંદમાં જીવન ગાળે છે. માત્ર નીચેનું વસ્ત્ર અથવા તો માથે બાંધવાનું વસ્ત્ર જ ભગવું રાખે છે અને તેનાથી લોકોને પોતે સંન્યાસી છે એમ દર્શાવે છે. આવા ધર્મધ્વજીએ સંન્યાસાશ્રમને કલંક લગાડ્યું છે.

प्रियाप्रियापरिष्वङ्गः सुखदुःखाविकारिता ।
सबाह्याभ्यंतरं शौचं वाग्यमो व्रतचारिता ॥ ३० ॥
सर्वेन्द्रियसमाहारो धारणा ध्यानयुक्तता ।
भावसंशोधिरित्येष परिव्राड्धर्म उच्यते ॥ ३१ ॥

પ્રિય તથા અપ્રિય બન્ને વસ્તુનો ત્યાગ, સુખ થવાથી પ્રસન્ન થવું નહિ અને દુઃખ થવાથી ખિન્ન થવું નહિ, બાહ્ય શૌચ એટલે દિશાએ જઈ આવ્યા પછી માટીથી હાથ પગ ધોવા, ત્રણ વખત સ્નાન કરવું વગેરે તથા આંતર શૌચ એટલે મનને શુદ્ધ રાખવું,

મૌન રહેવું, ચાંદ્રાયણાદિક વ્રત કરવાં, સર્વ ઇંદ્રિયોને વિષયો તરફ જતાં અટકાવવી, મનનો નિરોધ કરવો, ધ્યાન ધરવું (ધ્યેય વિષયનું અવલંબન કરવું), શુદ્ધ અભિપ્રાય રાખવો, આ સર્વ સંન્યાસીના ધર્મ કહ્યા છે. ૩૦–૩૧

अहिंसा सूनृता वाणी सत्यं शौचं दया क्षमा ।
वर्णिनां लिङ्गिनां चैव सामान्यो धर्म उच्यते ॥ ३२ ॥

અહિંસા (મન, વાણી તથા કર્મથી કોઇની પણ હિંસા કરવી નહિ તે), મધુર વાણી બોલવી, સત્ય બોલવું, બહારની તથા આંતરની શુદ્ધિ રાખવી, સર્વ ઉપર દયા રાખવી, ક્ષમા રાખવી, આ ચારેય વર્ણનો તથા ચારેય આશ્રમોનો સામાન્ય ધર્મ કહ્યો છે. ૩૨

स्वर्गानन्त्याय धर्मोऽयं सर्वेषां वर्णलिङ्गिनाम् ।
अस्याभावे तु लोकोऽयं सङ्करान्नाशमाप्नुयात् ॥ ३३ ॥

ચારેય વર્ણોનો અને ચારેય આશ્રમોનો આ ધર્મ કહ્યો છે. તે તેઓને સ્વર્ગ આપનારો તથા મોક્ષ આપનારો છે એમ જાણવું. આ ધર્મનું આચરણ કરવામાં આવે નહિ તો આ સર્વ લોક સંકરપણાને પામે અને છેવટે નાશ પામે. ૩૩.

ભાવાર્થ:–ચારેય વર્ણોના તથા ચારેય આશ્રમના લોકોએ પોતપોતાના વિશેષ તથા સામાન્ય ધર્મનું પાલન કરવું જોઇએ. જો તેઓ સ્વધર્મનું આચરણ કરે નહિ તો તેઓને સ્વર્ગાદિક લોક મળતા નથી. એટલું જ નહિ પરંતુ તેઓ સંકરપણાને પામીને નાશ પામે છે. સંકર પ્રજા બે પ્રકારની છે. એક **કર્મસંકર** અને બીજી **વર્ણસંકર**. શૂદ્ર જાતિનો પુરુષ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેનાં કર્મ કરે, તે **કર્મસંકર** પ્રજા કહેવાય છે અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રની કન્યામાં પ્રજા ઉત્પન્ન કરે અથવા તો શૂદ્ર જાતિનો પુરુષ વૈશ્ય, ક્ષત્રિય અથવા તો બ્રાહ્મણ જાતિની કન્યામાં પ્રજા ઉત્પન્ન કરે, તે વર્ણસંકર પ્રજા કહેવાય છે. આ રીતે કર્મસંકર અને વર્ણ-

સંકર પ્રજા થાય છે અને તેવા લોકો ધર્મના અનધિકારી થવાથી અને અધર્મને માર્ગે ચાલવાથી તેઓની કીર્તિ, ધન વગેરેનો નાશ થાય છે અને તેઓનું કુલ પણ હલકું પડી જાય છે.

રાજાની આવશ્યકતા

सर्वस्यास्य यथान्यायं भूपतिः सम्प्रवर्तकः ।
तस्याभावे धर्मनाशस्तदभावे जगच्च्युतिः ॥ ३४ ॥

રાજા દંડ ધારણ કરીને ન્યાયાનુસાર ઉપર કહેલા વર્ણના તથા આશ્રમના ધર્મની સારી રીતે પ્રવૃત્તિ કરાવનારો છે. જો રાજા ન હોય તો ધર્મનો નાશ થાય છે અને ધર્મને અભાવે જગતનો પણ નાશ થાય છે. ૩૪

ભાવાર્થઃ–રાજા દંડ ધારણ કરીને ન્યાયથી વર્ણના તથા આશ્રમના ધર્મને પોતાના દેશમાં પ્રવર્તાવે છે. જો પૃથ્વી ઉપર રાજા ન હોય તો ધર્મનો નાશ થાય છે ને ધર્મનો નાશ થવાથી આખું જગત્ અધર્મ અને અન્યાય કરીને સુખ, કીર્તિ વગેરે લૌકિક સુખથી તથા પારલૌકિક સુખથી ભ્રષ્ટ થાય છે તથા પ્રજા તરિકેનો પોતાનો હક્ક પણ ખોઈ બેસે છે. માટે જગતમાં પ્રજાને ધર્મના ને નીતિના માર્ગ ઉપર ચલાવવા માટે ન્યાયી તથા ધર્મનિષ્ઠ રાજાની ખાસ જરૂર છે.

वर्णाश्रमाचारयुतो वर्णाश्रमविभागवित् ।
पाता वर्णाश्रमाणां च पार्थिवः स्वर्गलोकभाक् ॥ ३५ ॥

જે રાજા વર્ણના તથા આશ્રમના આચાર પાળે છે, વર્ણના તથા આશ્રમના વિભાગ જાણે છે અને વર્ણનું તથા આશ્રમનું રક્ષણ કરે છે, તે રાજા સ્વર્ગ લોકનો અધિકારી થાય છે. ૩૫

વર્ણાશ્રમ વ્યવસ્થા નામનું પ્રકરણ ૪ થું સમાપ્ત



પ્રકરણ ૫ મું

દંડનું માહાત્મ્ય

इति यस्मादुभौ लोकौ धारयत्यात्मवान् नृपः ।
प्रजानां च ततः सम्यग् दण्डं दण्डीव धारयेत् ॥ ३६ ॥

ઉપર કહ્યા પ્રમાણે રાજા જિતેંદ્રિય થઈને પોતાની પ્રજાને વર્ણના તથા આશ્રમના ધર્મમાં ચલાવે છે તો તે રાજાના તથા તેની પ્રજાના બન્નેના ઉભય લોક એટલે આ લોક તથા પરલોક સુધરે છે. માટે રાજાએ યમ-રાજાની પેઠે (રાગ દ્વેષ રહિત થઈને) સારી રીતે દંડને ધારણ કરવો. ૩૬

ભાવાર્થઃ–રાજાએ ધર્મરાજાની પેઠે દંડ ધારણ કરવો અને ન્યાયથી તેનો ઉપયોગ કરવો કે જેથી પ્રજા અપરાધ કરતાં ડરે અને ધર્મનું આચરણ કરે. આ રીતે ન્યાયથી પ્રજાને તેના વર્ણ તથા આશ્રમના ધર્મમાં ચલાવવાથી રાજા અને પ્રજા બન્ને આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે. પરંતુ જે રાજા પ્રજા ઉપર અન્યાય કરે છે અને પ્રજાને અધર્મ અને અન્યાય કરતાં અટકાવતો નથી, તે રાજા અને તેની પ્રજા બન્ને આ લોકમાં દુઃખ ભોગવે છે અને મરણ પછી નરકમાં પડે છે.

દંડના પ્રકાર તથા તેનો ઉપયોગ કરવાની રીત

उद्वेजयति तीक्ष्णेन मृदुना परिभूयते ।
दण्डेन नृपतिस्तस्माद् युक्तदण्डः प्रशस्यते ॥ ३७ ॥

[તીક્ષ્ણ (અત્યંત સખત), મૃદુ (નરમ પ્રકારનો) અને મધ્યમ એમ ત્રણ પ્રકારનો દંડ છે]–જે રાજા પોતાની પ્રજાને તીક્ષ્ણ દંડ કરે છે (સખત શિક્ષા કરે છે) તેવા રાજા ઉપર પ્રજા ખિન્ન થાય છે અને જે રાજા મૃદુ (નરમ પ્રકારની) શિક્ષા કરે છે, તેવા રાજાનો પ્રજા પરાભવ કરે છે. (એટલે તેવા રાજાને પ્રજા ગણકારતી નથી.) માટે જે રાજા અપરાધના પ્રમાણમાં યોગ્ય દંડ કરે છે, તે રાજાનાં પ્રજામાં વખાણ થાય છે. ૩૭

ભાવાર્થ:–દંડ ત્રણ પ્રકારનો છે. એક તીક્ષ્ણ એટલે અત્યંત સખત, બીજો મૃદુ એટલે નરમ પ્રકારનો અને ત્રીજો મધ્યમ એટલે તીક્ષ્ણ નહિ ને મૃદુએ નહિ તેવો. રાજા જો પ્રજાને તીક્ષ્ણ કહેતાં સખત શિક્ષા કરે છે તો પ્રજા તે રાજા તરફ ખિન્ન થઈ જાય છે અર્થાત્ તેની ઉપર રાજા તરિકેની પ્રીતિ ધરાવતી નથી તેથી રાજા તરફ ઉદાસીન થયેલી પ્રજાથી રાજાને હાનિ પહોંચે છે. તેમ જ મૃદુ કહેતાં નરમ પ્રકારની શિક્ષા કરવાથી પ્રજા રાજાને નબળો માનીને તેને ગણકારતી નથી અને સમય ઉપર રાજાનું અપમાન સુદ્ધાંત કરે છે. માટે રાજાએ અપરાધ જોઇને બહુ સખ્ત પણ નહિ ને બહુ મૃદુ પણ નહિ, પરંતુ ન્યાયાનુસાર અપરાધી તથા અપરાધ બન્નેને જોઇ શિક્ષા કરે છે તો તે રાજાનાં જગતમાં વખાણ થાય છે.

त्रिवर्गं वर्धयत्याशु राज्ञो दण्डो यथाविधि ।
प्रणीतोऽथासमञ्जस्याद् वनस्थानपि कोपयेत् ॥ ३८ ॥

રાજા શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જો દંડનો ઉપયોગ કરે છે તો ધર્મની, અર્થની અને કામની આ ત્રિવર્ગની ઝટ વૃદ્ધિ થાય છે. પરંતુ કામ, ક્રોધને લીધે દંડનો દુરુપયોગ કરે છે તો વાનપ્રસ્થોને પણ કોપાયમાન કરે છે. ૩૮

સામાન્ય ધર્મ

लोकशास्त्रानुगो नेयो दण्डोऽनुद्वेजनः श्रिये ।
उद्वेजनादधर्मः स्यात् तस्माद् ध्वंसो महीपतेः ॥ ३९ ॥

વર્ણના તથા આશ્રમના ધર્મમાં વર્તનારા લોકોને તથા શ્રુતિને અને સ્મૃતિને અનુસરીને રાજા જો અપરાધીઓના તરફ દંડનો ઉપયોગ કરે છે તો તેથી પ્રજા ઉદ્વિગ્ન થતી નથી (પણ પ્રસન્ન થાય છે) અને તેથી રાજાને લક્ષ્મી મળે છે. પરંતુ રાજા જો પોતાની પ્રજાને અન્યાયથી તીક્ષ્ણ દંડ કરીને ઉદ્વિગ્ન કરે છે તો તેથી અધર્મ થાય છે અને અધર્મથી મહીપતિનો નાશ થાય છે. ૩૯

ભાવાર્થઃ–રાજાએ વર્ણ તથા આશ્રમ ધર્મ પાળનારી પ્રજાના તરફ ધ્યાન આપીને તથા શ્રુતિ સ્મૃતિના ધર્મ તરફ ધ્યાન આપીને પછી અપરાધીને શિક્ષા કરવી જોઇએ. તેમ કરવાથી લોકો રાજા તરફ ખિન્ન થતા નથી, પરન્તુ રાજાને ન્યાયી માનીને તેને સહાયતા આપે છે. તેથી રાજાની સંપત્તિમાં વધારો થાય છે. પરંતુ કામ ક્રોધાદિકને વશ થઇને લોકોની યોગ્યતા તથા તેણે કરેલો અપરાધ જોયા વગર ગમે તેમ શિક્ષા કરે છે તો પ્રજા ખિન્ન થાય છે અને તેથી રાજાને પાપ લાગે છે. તેથી રાજા પોતાનાં કુકર્મોને લીધે રાજ્યભ્રષ્ટ થાય છે અને પરલોકમાં દુઃખ ભોગવે છે. ૩૯

परस्परामिषतया जगतो भिन्नवर्त्मनः ।
दण्डाभावे परिध्वंसी मात्स्यो न्यायः प्रवर्तते ॥ ४० ॥

જો જગતમાં દંડ ન હોય તો લોકો ધર્મમાર્ગનું ઉલ્લંઘન કરી એક બીજાને માંસરૂપ ગણીને ખાવા માંડે, અને સર્વનો નાશ કરનારો "માત્સ્ય ન્યાય" જગતમાં આરંભ થાય છે. ૪૦

ભાવાર્થઃ–જો રાજદંડ ન હોય તો આખું જગત્ ઉદ્ધત થઇને ધર્મકર્મનો ત્યાગ કરી દે, અને માત્સ્ય ન્યાય પ્રમાણે એટલે મોટું માછલું જેમ નાનાં માછલાંને ખાઈ જાય, તેમ બળવાન્ જીવ નિર્બળ જીવનો નાશ કરી નાંખે. આ રીતે આખા જગતનો નાશ થવાનો પ્રસંગ ઉભો થાય, માટે રાજદંડની ખાસ જરૂર છે. ભગવાન્ મનુ કહે છે કે;–भयाद्भोगाय कल्पते દંડના ભયથી જ જગત્ પોતાના ઉપરીના તાબામાં રહીને પોતાનાં કર્મ કરે છે.

जगदेतन्निराक्रन्दं कामलोभादिभिर्बलात् ।
निमज्ज्यमानं निरये राज्ञा दण्डेन धार्यते ॥ ४१ ॥

કામ, ક્રોધ વગેરે શત્રુઓ નિરાધાર એવા આ જગતને બળાત્કારથી નરકમાં ડુબાવી દે છે. પરંતુ રાજા દંડથી તેને સ્વધર્મમાં ચલાવીને નરકમાં પડતાં અટકાવે છે. ૪૧

ભાવાર્થઃ–જગત્ ઉદ્ધત છે. તે કામ, ક્રોધ, લોભ વગેરેને વશ થઈ અધર્માચરણ કરીને નરકમાં પડવાને તૈયાર થાય છે; પરંતુ રાજદંડના ભયથી અધર્મ કરતાં ડરે છે, તેથી તે નરકમાં પડતાં બચી જાય છે. માટે રાજદંડની જગતમાં જરૂર છે.

इदं प्रकृत्या विषयैर्वशीकृतं परस्परस्त्रीधनलोलुपं जगत् ।
सनातने वर्त्मनि साधुसेविते प्रतिष्ठते दण्डभयोपपीडितम् ॥ ४२ ॥

આ જગતને સ્વભાવથી જ વિષયોએ વશ કરેલું છે, અને તે પરસ્પરની સ્ત્રી વિશે તથા પરસ્પરનાં ધન વિશે લંપટ રહે છે. પરંતુ તે દંડના ભયથી ડરી જઈને સાધુ પુરુષોથી સેવાતા એવા સનાતન માર્ગ ઉપર ચાલે છે. ૪૨

नियतविषयवर्तीं प्रायशो दण्डयोगा-
ज्जगति परवशेऽस्मिन् दुर्लभः साधुवृत्तः ।
कृशमथ विकलं वा व्याधितं वाऽधनं वा
पतिमपि कुलनारी दण्डभीत्याभ्युपैति ॥ ४३ ॥

આ જગત્ વિષયોને આધીન છે. તેમાં સાધુ આચરણવાળો પુરુષ દુર્લભ છે. મનુષ્યો ઘણું કરીને દંડના ભયથી નિયમ પ્રમાણે ન્યાયવિષયને સેવે છે. કુળવતી નારી પણ શરીરે દુર્બળ, હીન અંગવાળા, રોગી અથવા તો નિર્ધન એવા પતિને દંડના ભયથી પતિ તરિકે સેવે છે. ૪૩

इति परिगणितार्थः शास्त्रमार्गानुसारी
नियमयति यतात्मा यः प्रजा दण्डनीत्या ।
अपुनरपगमाय प्राप्तमार्गप्रचाराः
सरित इव समुद्रं सम्पदस्तं विशन्ति ॥ ४४ ॥

ઉપર કહ્યા પ્રમાણે વધાદિક દંડના ગુણ તથા દોષનો નિર્ણય કરનારો જે રાજા જિતેંદ્રિય થઈ, ધર્મશાસ્ત્રના માર્ગને અનુસરે છે તથા દંડનીતિથી પ્રજાને નિયમમાં રાખે છે તે રાજાને વિશે, માર્ગ પ્રાપ્ત કરીને નદીઓ જેમ હમેશાંની સ્થિતિમાટે સમુદ્રમાં મળે છે, તેમ આવકરૂપી દ્વારદ્વારા સંપત્તિઓ પણ હમેશાં સ્થિતિ કરવામાટે પ્રવેશ કરે છે. ૪૪

ભાવાર્થઃ–રાજાએ જિતેંદ્રિય થઈ મનને સાવધાન કરીને મૃદુ, મધ્યમ તથા તીક્ષ્ણ દંડના ગુણ અવગુણનો નિર્ણય કરવો. તે પછી મનુસ્મૃતિ વિગેરે ધર્મશાસ્ત્રના માર્ગને અનુસરીને એટલે 'અમુક વધ કરવા યોગ્ય છે, અમુક દુઃખ દેવા યોગ્ય છે, અમુક ધનના દંડને યોગ્ય છે,' આવો વિચાર કરીને દંડનીતિથી પ્રજાને નિયમમાં ચલાવવી. એટલે અમુક અમુક પ્રકારે વર્તવું. વિરુદ્ધ વર્તશે, તેને શિક્ષા કરવામાં આવશે. આ રીતે નિયમ બાંધવા. જે રાજા પોતાની પ્રજાને નિયમમાં રાખીને તેની પાસે ધર્માચરણ કરાવે છે, તે રાજાને તગાદો કર્યા વિના અથવા તો મોસલ મોકલ્યા વગર આપોઆપ લક્ષ્મી મળે છે અને હમેશાં તેના વિશે લક્ષ્મી વાસ કરીને રહે છે. તેમાં સમુદ્ર અને નદીનું દૃષ્ટાંત આપે છે. નદીઓ જેમ માર્ગ મેળવીને સમુદ્રમાં જઈ મળે છે ને ત્યાં જ હંમેશાને માટે વાસો કરે છે, તે પ્રમાણે જ સંપત્તિઓ પણ જિતેંદ્રિય અને ન્યાયથી દંડનો ઉપયોગ કરનારા રાજાને પ્રજા અનુકૂળ થવાથી જઈ મળે છે અને હમેશાને માટે તેનામાં વાસ કરે છે.

દંડમાહાત્મ્ય નામનું પ્રકરણ ૫ મું સમાપ્ત–ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં વિદ્યાવિભાગ, વર્ણાશ્રમવ્યવસ્થા, દંડ માહાત્મ્ય નામનો સર્ગ ૨ જો સમાપ્ત.



સર્ગ ૩ જો–પ્રકરણ ૬ ઠું

આચારવ્યવસ્થા

दण्डं दण्डीव भूतेषु धारयन् धरणीसमः ।
प्रजाः समनुगृह्णीयात् प्रजापतिरिव स्वयम् ॥ १ ॥

રાજાએ પૃથ્વીની પેઠે શત્રુ તથા મિત્ર ઉપર સમબુદ્ધિ રાખીને ધર્મરાજાની પેઠે પ્રાણીઓને યોગ્ય દંડ કરવો તથા પ્રજાપતિની પેઠે પોતે પ્રજાના ઉપર સારી રીતે અનુગ્રહ કરવો. ૧

ભાવાર્થઃ–પૃથ્વીના ઉપર કોઈ પેસાબ કરે છે, કોઈ મળ નાંખે છે છતાં પૃથ્વી તેના ઉપર કોપ કરતી નથી, તેમ કોઈ પૃથ્વીને વાળીને તથા લીંપીને સાફ કરે છે તો તેના ઉપર પૃથ્વીને પ્રીતિ પણ થતી નથી, અર્થાત્ તે શત્રુ મિત્ર બન્નેની તરફ એક જ ભાવ રાખે છે. રાજાએ પણ પોતાની પ્રજા તરફ તેવો જ ભાવ રાખવો. ધર્મરાજાની પેઠે દંડ ધારણ કરીને અપરાધીને યોગ્ય શિક્ષા કરવી તથા પ્રજાપતિ પ્રજાને ઉત્પન્ન કરીને તેઓની ઉત્તમ સ્થિતિ બાંધી દે છે, તે પ્રમાણે જ રાજાએ પણ પોતાની પ્રજાને ઉત્તમ સ્થિતિ બાંધી આપીને તેના ઉપર અનુગ્રહ કરવો. પ્રથમ તો આ ત્રીજા સર્ગમાં આચારની એટલે સદાચરણની વ્યવસ્થા વર્ણવવામાં આવશે. રાજાએ ધર્મરાજાની પેઠે દંડ ધારણ કરીને પ્રજાના ઉપર એવો તો અનુગ્રહ કરવો કે, પ્રજા રાજાને પ્રજાપતિની પેઠે માન આપે, એટલા માટે પ્રજાને વશ કરવા માટે આ સર્ગમાં આચારની વ્યવસ્થા વિશે કહેવામાં આવશે. રાજા જો સદાચારસંપન્ન હોય છે તો તેની પ્રજા તેને વશ થઇને તેને પ્રજાપતિની પેઠે માન આપે છે અને દેવની પેઠે પૂજે છે.

वाक् सूनृता दया दानं दीनोपगतरक्षणम् ।
इति सङ्गः सतां साधु हितं सत्पुरुषव्रतम् ॥ २ ॥

૧ મધુર વાણી, ૨ દીન ઉપર દયા, ૩ સુપાત્રને દાન, ૪ દીનનું તથા શરણાગતનું રક્ષણ, ૫ અને સત્પુરુષનો સંગ. આ સત્પુરુષનું

વ્રત છે અને તે વર્તમાનકાળમાં વખાણવા યોગ્ય હોવાથી સાધુ છે અને ભવિષ્યત્ કાળમાં હિતકારક થઈ પડે છે. ૨

ભાવાર્થ–આ શ્લોકમાં સત્પુરુષનું વ્રત કહ્યું છે. એટલે સત્પુરુષો જગતમાં કેવી રીતે વર્તે છે તે દર્શાવ્યું છે; તે વ્રત આ પ્રમાણે છેઃ–હર કોઇની સાથે વાત કરતી વખતે મધુર વાણી બોલવી, કોઈ પણ દીન એટલે ગરીબ નજરે પડે તો તેના ઉપર દયા કરવી, હર કોઇને દાન દેવું અને તેને માટે શાસ્ત્રમાં પણ આજ્ઞા કરી છે. પરંતુ પવિત્ર ક્ષેત્રમાં તથા સંક્રાંતિ, ગ્રહણ વગેરે પર્વકાળમાં સુપાત્ર બ્રાહ્મણને દાન દેવાથી એકગણું દાન અને હજારગણું પુણ્ય થાય છે. દાન દેવાના સંબંધમાં ભગવાન્ મનુ કહે છે કેઃ–

सममब्राह्मणे दानं द्विगुणं ब्राह्मणब्रुवे ।
प्राधीते शतसाहस्रमनन्तं वेदपारगे ॥

બ્રાહ્મણ શિવાય બીજી જાતના પુરુષને આપેલું દાન દાનના જેટલું ફળ આપે છે, નામધારી બ્રાહ્મણને આપેલું દાન દાન કરતાં બમણું ફળ આપે છે, શાસ્ત્ર ભણેલા બ્રાહ્મણને આપેલું દાન લાખગણું ફળ આપે છે અને વેદપારંગત ગુરુને આપેલું દાન અનંત ફળ આપે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે, દાન ગમે તેને આપવાથી ફળ મળે છે. દાન લેનારની યોગ્યતા પ્રમાણે દાતાને ફળ મળે છે. દીનનું અને શરણાગતનું રક્ષણ એટલે પાલન કરવું. કોઇને શંકા થાય કે દીનનું તથા શરણાગતનું રક્ષણ, એ દયાનું જ કાર્ય હોવાથી દીન ઉપર દયા કરવામાં તેનો સમાવેશ થઈ જશે, માટે તેને ફરીને લખવાનું કંઈ પ્રયોજન નથી. વાત ખરી છે, પરંતુ દયા બે પ્રકારની છેઃ–એક ઉત્તમ અને બીજી મધ્યમ પ્રકારની. તેમાં દીન ઉપર દયા કરવી એ ઉત્તમ પ્રકારની દયા છે અને દીન તથા શરણાગતનું પાલન કરવું એ મધ્યમ પ્રકારની દયા છે. આ પાંચ સત્પુરુષોનાં વ્રત છે. જેનામાં ઉપર કહેલી પાંચ બાબત હોય છે, તેનાં વર્તમાનકાળમાં લોકો વખાણ કરે છે તેથી તે વ્રતને સાધુ (શ્રેષ્ઠ) કહ્યું છે અને ભવિષ્ય કાળમાં અભ્યુદય કરનારું હોવાથી તે વ્રતને હિત કહ્યું છે. પ્રજાને વશ કરવાનો આ એક ઉપાય છે, માટે આ વ્રત રાજાએ અવશ્ય ધારણ કરવું જોઇએ.

आविष्ट इव दुःखेन तद्गतेन गरीयसा ।
समन्वितः करुणया परया दीनमुद्धरेत् ॥ ३ ॥

દીન પુરુષનું મહાન્ દુઃખ જોઈને રાજાએ દુઃખી થવું તથા મોટી દયા લાવીને દીન પુરુષનો દુઃખમાંથી ઉદ્ધાર કરવો. ૩

न तेभ्योऽभ्यधिकाः सन्ति सन्तः सत्पुरुषव्रताः ।
दुःखपङ्कार्णवे मग्नं दीनमभ्युद्धरन्ति ये ॥ ४ ॥

જે પુરુષો દુઃખરૂપી કાદવવાળા સમુદ્રમાં ડૂબી ગયેલા દીન પુરુષનો ઉદ્ધાર કરે છે, તેવા પુરુષોના કરતાં સત્પુરુષના વ્રતવાળા સત્પુરુષો પણ ઉત્તમ નથી. ૪

ભાવાર્થઃ—સત્પુરુષનાં ગમે તેટલાં વ્રત હોય, તો પણ દીનનો ઉદ્ધાર કરવારૂપી વ્રત તે બધાં કરતાં ઉત્તમ વ્રત છે. માટે દીનનો ઉદ્ધાર કરનારા પુરુષના કરતાં કોઈ પણ પુરુષ ઉત્તમ નથી.

दयामास्थाय परमां धर्मादविचलन् नृपः ।
पीडितानामनाथानां कुर्यादश्रुप्रमार्जनम् ॥ ५ ॥

રાજાએ ધર્મમાંથી ચલાયમાન થવું નહિ અને પરમ દયા લાવીને પીડા પામનારા અનાથ પુરુષોનાં આંસુઓને લુંછવાં. ૫

ભાવાર્થ—રાજાએ ચોર વગેરેથી પીડા પામતા નિરાધાર એટલે પોતાની રક્ષા કરવાને અસમર્થ એવા મનુષ્યોનાં આંસુઓ લુંછવાં. અર્થાત્ દુઃખી-ઓનાં દુઃખોને દૂર કરવાં. આ શ્લોકમાં અશ્રુ શબ્દ છે, તે દુઃખના અર્થમાં છે. રાજાએ પોતાનો ધર્મ તજ્યા વગર નિરાધારનાં દુઃખો દૂર કરવાં એમ કહ્યું છે તેનો તાત્પર્ય એવો છે કે; રાજા બહુધા ક્ષત્રિય હોય છે તેણે ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરીને દયા કરવી નહિ અર્થાત્ જો શત્રુ પોતાના ઉપર ચઢી આવે તો તેના ઉપર દયા કરવી નહિ, પરંતુ તેને યોગ્ય શિક્ષા કરવી.

आनृशंस्यं परो धर्मः सर्वप्राणभृतां मतः ।
तस्माद् राजानृशंस्येन पालयेत् कृपणं जनम् ॥ ६ ॥

દયાળુતા એ ઉત્તમ ધર્મ છે, એમ સર્વ પ્રાણીઓનો મત છે. તે માટે રાજાએ દયાળુતાથી કૃપણ (દીન) મનુષ્યનું પાલન કરવું. ૬

ભાવાર્થઃ—૩-૪-૫-૬ ઠ્ઠા શ્લોકમાં દીનનો ઉદ્ધાર કરવાની આવશ્યકતા દર્શાવી છે.

नहि स्वसुखमन्विच्छन् पीडयेत् कृपणं नृपः ।
कृपणः पीड्यमानो हि मन्युना हन्ति पार्थिवम् ॥ ७ ॥

રાજાએ પોતાના સુખની ઇચ્છાથી કૃપણ મનુષ્યને પીડા કરવી નહિ. જો કૃપણ મનુષ્યને પીડા કરવામાં આવે છે તો તે ક્રોધ કરીને રાજાનો નાશ કરે છે. ૭

ભાવાર્થઃ—આ શ્લોકમાં દીનને દુઃખ દેવાથી રાજાનું અશુભ થાય છે એ વાત કહી છે. જેમ કોઈ પુરુષ પોતાનાં સુખને માટે દેવતાને બળિદાન વગેરે આપે છે, તે પ્રમાણે રાજાએ પોતાનાં સુખને માટે દીન પુરુષને હર કોઈ કારણથી દુઃખી કરવો નહિ. રાજા જો દીન પુરુષને પીડે છે તો તેઓ પીડાને લીધે રુદન કરે છે તથા તેના મનમાં જે સંતાપ થાય છે, તેનાથી રાજાનો નાશ થઈ જાય છે.

को हि नाम कुले जातः सुखलेशोपलोभितः ।
अल्पसाराणि भूतानि पीडयेदविचारयन् ॥ ८ ॥

સત્કુળમાં ઉત્પન્ન થયેલો કયો પુરુષ લેશ ભર સુખથી લોભાઈ જઈને વિચાર કર્યા વગર અલ્પ બળવાળાં દીન પ્રાણીઓને પીડા કરે ? કોઈ પણ કરે નહિ. ૮

ભાવાર્થઃ—કોઈ પણ કુલીન પુરુષ સાધારણ સુખને માટે લોભાઇને દુઃખ દે જ નહિ; કદાચ કોઈ દીન પુરુષથી અપરાધ થઈ ગયો હોય તો

તેના અપરાધના પ્રમાણમાં તેને શિક્ષા કરવી યોગ્ય છે. કારણ કે દેશની વ્યવસ્થા કરવી, એ રાજાનો ધર્મ છે; ને તેને અંગે દીન જનને પણ શિક્ષા કરવાનો પ્રસંગ આવે છે. માટે જ મૂળમાં अविचारयन् પદ છે. અર્થાત્ કોઈ પણ પુરુષ વિચાર કર્યા વગર દીનને શિક્ષા કરે જ નહિ અને જે દીન જનને પીડા કરે તો તેને અધમ કુળનો જાણવો.

आधिव्याधिपरीताय अद्य श्वो वा विनाशिने ।
को हि नाम शरीराय धर्मापेतं समाचरेत् ॥ ९ ॥

આ શરીર આધિથી તથા વ્યાધિથી ઘેરાયલું હોય છે અને આજ અથવા તો આવતી કાલે નાશ પામનારું છે. આવાં શરીરને માટે કયો પુરુષ અધર્મનાં કૃત્ય કરે અર્થાત્ દીનને દુઃખ દે? ૯

ભાવાર્થઃ—आधिः એટલે પ્રિય મનુષ્યના વિયોગથી થનારી માનસિક પીડા અને व्याधिः એટલે જરા, રોગાદિકથી થનારી શરીરની પીડા.

आहार्यैर्नीयमानं हि क्षणं दुःखेन हृद्यताम् ।
छायामात्रकमेवेदं पश्येदुदकबिन्दुवत् ॥ १० ॥

આ શરીરને સ્નાન, ચંદન વગેરે પદાર્થોથી મોટા પ્રયત્નથી ક્ષણભર સુંદર બનાવવામાં આવે છે, પરંતુ આ શરીરને છાયાની પેઠે અથવા તો પાણીના બિંદુની પેઠે અસ્થિર (નાશવંત) જાણવું. ૧૦

ભાવાર્થઃ—આ શરીર માંસ, હાડકાં તથા મળ, મૂત્ર વગેરેથી ભરેલું છે તેથી તે સ્વાભાવિક રીતે મલિન તથા અરુચિ ઉત્પન્ન કરનારું છે. છતાં તેને પાણીથી સ્વચ્છ કરીને અને સુગંધી ચંદન, તેલ વગેરે લગાડીને ક્ષણભર સુંદર બનાવવામાં આવે છે; પરંતુ તે છાયાની પેઠે અથવા તો પાણીનાં ટીપાની પેઠે એક ક્ષણમાં નાશ પામે છે એમ જાણવું જોઇએ અને એમ જાણીને રાજાએ તેવા નાશવંત શરીરને માટે દુર્બળ પ્રજાને પીડા કરવી નહિ.

महावाताहतिभ्रान्तमेघमालातिपेलवैः ।
कथं नाम महात्मानो ह्रियन्ते विषयारिभिः ॥ ११ ॥

મોટા પવનના મારાથી આમ તેમ આકાશમાં ભટકતી મેઘમાલાના જેવા અતિ કોમળ એવા વિષયરૂપી શત્રુઓ મહાત્મા પુરુષોને કેવી રીતે વશ કરી શકે? કદી પણ વશ કરી શકે નહિ. ૧૧

ભાવાર્થઃ—મહાત્મા પુરુષો નિર્બળ એવા વિષયોને આધીન થઇને કદી પણ દુર્બળ પુરુષોને પીડા કરતા નથી, આવું આ શ્લોકનું તાત્પર્ય છે.

जलान्तश्चन्द्रचपलं जीवितं खलु देहिनाम् ।
तथाविधमिति ज्ञात्वा शश्वत् कल्याणमाचरेत् ॥ १२ ॥

દેહધારી પ્રાણીઓનું જીવિત પાણીમાં પ્રતિબિંબરૂપે પડતા ચંદ્રની પેઠે ચંચળ છે. આમ જાણીને રાજાએ નિત્ય પ્રજાનું કલ્યાણ કરવું. ૧૨

जगन्मृगतृषा तुल्यं वीक्ष्येदं क्षणभङ्गुरम् ।
सुजनैः सङ्गतिं कुर्याद्धर्माय च सुखाय च ॥ १३ ॥

રાજાએ આ જગતને મૃગતૃષ્ણિકાના તુલ્ય મિથ્યા તથા ક્ષણભંગુર જાણીને ધર્મને માટે, અર્થને માટે તથા સુખને માટે સત્પુરુષોનો સંગ કરવો. ૧૩

ભાવાર્થઃ—હર કોઈ પણ પુરુષે આ જગતને મૃગતૃષ્ણિકાના જેવું એટલે ઝાંઝવાના જળ જેવું મિથ્યા જાણીને તથા ક્ષણભંગુર જાણીને, કોઈ પણ દીન પુરુષને દુઃખ દેવું નહિ તથા પોતાના લૌકિક તથા પારલૌકિક અભ્યુદયને માટે સત્પુરુષોની સાથે સંગત રાખવી અને તેની સલાહ પ્રમાણે ધર્મનો તથા અર્થના સંગ્રહ કરવો તથા ધર્મ અને અર્થથી અવિરુદ્ધ એવાં સુખનો પણ સંગ્રહ કરવો.

सेव्यमानस्तु सुजनैर्महानतिविराजते ।
सुधालिप्त इव श्रीमान् प्रासादश्चन्द्ररश्मिभिः ॥ १४ ॥

એક સુંદર મહેલ હોય અને તેને ચુનાથી ધોળેલો હોય તે જેમ ચંદ્રનાં કિરણો પડવાથી અત્યંત શોભાયમાન લાગે છે, તેમ જ

એક મહાન્ પુરુષ હોય અને તે સત્પુરુષોથી સેવાતો હોય તો તે અત્યંત શોભાયમાન લાગે છે. ૧૪

ભાવાર્થઃ—જેમ મોટી હવેલી ચુનાથી ધોળેલી હોવાથી અત્યંત શ્વેત રંગની હોય અને તેના ઉપર ચંદ્રનાં શ્વેત કિરણો પડવાથી તેની શોભામાં જેમ અત્યંત વધારો થાય છે. તેમ જ એક રાજા અથવા તો શ્રીમાન્ પુરુષ જાતે ધર્મ, અર્થ આદિકથી સંપન્ન હોય છતાં ધર્મ, અર્થનો લાભ કરે તેવા સત્પુરુષોનો સમાગમ કરે તો તેના ધર્મમાં અને અર્થમાં વધારો થાય છે. માટે રાજાએ સત્પુરુષોનો સંગ કરવાની જરૂર છે.

हिमांशुमाली न तथा नोत्फुल्लकमलं सरः ।
आनन्दयति चेतांसि यथा सज्जनचेष्टितम् ॥ १५ ॥

સત્પુરુષનું ચરિત્ર જે પ્રમાણે મનને પ્રસન્ન કરે છે, તે પ્રમાણે શીતળ કિરણવાળો ચંદ્ર પણ મનને પ્રસન્ન કરતો નથી, તેમ પ્રફુલ્લિત કમળવાળું સરોવર પણ મનને પ્રસન્ન કરતું નથી. ૧૫

દુર્જનના સંગની નિંદા

ग्रीष्मसूर्यांशुसन्तप्तयुद्वेजनमनाश्रयम् ।
मरुस्थलमिवोदग्रं त्यजेद् दुर्जनसंश्रयम् ॥ १६ ॥

ગ્રીષ્મમાં સૂર્યનાં કિરણોથી અત્યંત તપી ઉઠેલી અને વૃક્ષ, લતા વગેરે આશ્રયથી રહિત તથા ઉદ્વેગ ઉત્પન્ન કરનારી ભયંકર મરુભૂમિ જેવો દુર્જનનો સંગ ભયંકર છે, માટે રાજાએ તેનો ત્યાગ કરવો. ૧૬

ભાવાર્થઃ—આ શ્લોકમાં દુર્જનની મરુભૂમિની સાથે સરખામણી કરી છે. મરુભૂમિ એટલે મારવાડ દેશ, ત્યાં ઝાડનું નામ હોતું નથી, ઉનાળામાં જ્યારે સૂર્યનો સખત તાપ પડે છે ત્યારે પ્રવાસીઓને અત્યંત દુઃખ ભોગવવું પડે છે, તે પ્રમાણે જ દુર્જનનો સંગ પણ સુખકારક થતો નથી, પણ અત્યંત દુઃખદાયક થઈ પડે છે. માટે રાજાએ દુર્જનનો સંગ કરવો નહિ.

श्रुतशीलोपसम्पन्नमकस्मादेव दुर्जनः ।
अन्तः प्रविश्य दहति शुष्कवृक्षमिवानलः ॥ १७ ॥

અગ્નિ જેમ શુષ્ક વૃક્ષની અંદર પ્રવેશ કરીને તેને એકદમ બાળીને ભસ્મ કરી નાખે છે, તે પ્રમાણે જ દુર્જન પુરુષ પણ શાસ્ત્રવેત્તા તથા શીલ સંપન્ન પુરુષને વિશ્વાસ ઉપજાવી તેના હૃદયમાં પેસી જાય છે અને પછી તેનો એકદમ જ નાશ કરી નાખે છે. ૧૭

ભાવાર્થઃ–દુર્જન પુરુષ અગ્નિના જેવો છે. અગ્નિને જેમ શુષ્ક વૃક્ષની અંદર મૂકવામાં આવ્યો હોય તો તે એકદમ વૃક્ષની અંદર દાખલ થઇને તેને બાળી નાખે છે તેમ જ દુર્જન પુરુષ પ્રથમ મીઠી મીઠી વાતો કહીને પેટમાં પેસી જાય છે અને પછી પોતાને વશ કરીને તેનું સર્વસ્વ છિનવી લઇને અથવા તો તેને દુરાચારમાં ઉતારીને મોટી હાનિ પહોંચાડે છે.

निःश्वासोद्गीर्णहुतभुग्धूमधूम्रीकृताननैः ।
वरमाशीविषैः सङ्गं कुर्यान्नत्वेव दुर्जनैः ॥ १८ ॥

નિઃશ્વાસ નાખતી વખતે ઓકેલા એવા અગ્નિના ધૂમાડાથી ધૂમાડી ગયેલાં મુખવાળા ઝેરી સર્પોની સાથે સંગ કરવો એ સારો છે. પરંતુ દુર્જનોની સાથે તો સંગ કરવો જ નહિ. ૧૮

ભાવાર્થઃ–દુર્જનો ઝેરી સર્પોના કરતાં પણ વધારે ભયંકર છે. કારણ કે ઝેરી સર્પના ડંખથી તો પુરુષ તુરત જ મરણ પામે છે પરંતુ દુર્જનના સંગમાં સપડાયેલો પુરુષ રીબાઈ રીબાઇને મરણ પામે છે. વળી એક સર્પના ઉપર તમે ઉપકાર કરશો નહિ તોપણ તે તમારું અશુભ કરશે નહિ; પરંતુ દુર્જનો તો તુરત અશુભ કરવાને તત્પર થાય છે. માટે તેની સાથે સંગ કરવો યોગ્ય નથી.

नीयते स्वच्छहृदयैः पिण्डो येनैव पाणिना ।
मार्जार इव दुर्वृत्तस्तमेव हि विलुम्पति ॥ १९ ॥

નિર્દોષ હૃદયના પુરુષો જે હાથથી મીંદડાને પિંડ (અન્નનો કોળીયો) આપે છે, તે જ હાથને દુરાચારી મીંદડો પંજો મારીને કૃતઘ્નતા દર્શાવે છે. તે પ્રમાણે દુરાચારી પુરુષ પણ પોતાને આજીવિકા આપનારા નિર્દોષ પુરુષના તરફ જ કૃતઘ્નપણું દર્શાવે છે. ૧૯

असाध्यं साधुमन्त्राणां तीव्रं वाग्विषमुत्सृजत् ।
द्विजिह्वं वदनं धत्ते दुष्टो दुर्जनपन्नगः ॥ २० ॥

જેમ ઝેરી સર્પ પોતાના મુખમાંથી ભયંકર વિષ ઓકે છે અને તેવિષ ગારુડિકના મંત્રોથી ઉતારી શકાય નહિ તેવું હોય છે તથા તે સર્પના મુખમાં બે જીભ હોય છે તેમ જ દુષ્ટ એવો દુર્જન પણ પોતાના મુખમાંથી ભયંકર વાણીરૂપી વિષનું વમન કરે છે. એ વાણીરૂપી વિષ સામની વાણીથી પણ સાધી શકાય નહિ તેવું હોય છે તથા દુર્જનના મુખમાં પણ બે જીભ હોય છે. ૨૦

ભાવાર્થઃ–મહા ઝેરી સર્પ પોતાનાં મુખમાંથી જે ઝેર ઓકે છે તેને ગારુડીઓ મંત્રોથી ઉતારી શકતા નથી તથા સર્પોના મુખમાં બે જીભ હોય છે. તેમ જ દુર્જનની વાણીરૂપી ઝેર પણ સામની વાણી કહેવાથી એટલે સમજાવવાથી શાંત પડતું નથી તથા દુર્જનના મુખમાં પણ સર્પની પેઠે બે જીભ હોય છે. અર્થાત્ તે એકની પાસે એક વાત કહે છે અને બીજાની પાસે બીજી વાત કહીને પરસ્પરને લડાવી મારે છે. એટલા માટે જ સર્પના જેવો દુર્જન છે, તેથી કલ્યાણની ઇચ્છાવાળા રાજાએ તેનો સંગ કરવો નહિ.

क्रियतेऽभ्यर्हणीयाय सुजनाय यथाञ्जलिः ।
ततः साधुतरः कार्यो दुर्जनाय शिवार्थिना ॥ २१ ॥

માટે કલ્યાણની ઇચ્છા રાખનારા રાજાએ (અથવા તો પુરુષે) પૂજા કરવા યોગ્ય સુજન પુરુષને જે પ્રમાણે બે હાથ જોડવામાં આવે છે, તેના કરતાં પણ વિશેષ નમ્રતાથી દુર્જનને બે હાથ જોડવા. ૨૧

ભાવાર્થઃ–ઉપરના શ્લોકોમાં દુર્જનની દુર્જનતાનું વર્ણન કર્યું છે અને આ શ્લોકમાં દુર્જનને વશ કરવાનો ઉપાય બતાવ્યો છે. દુર્જનને જો વશ કરવો હોય તો તેને નમી જવું. તેમ કરવાથી જ તે વશ થાય છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે;–દુર્જનં પ્રથમં વન્દેત્ સુજનં તદનંતરમ્। દુર્જનને પ્રથમ વંદન કરવું અને પછી સજ્જનને નમવું. એ વિના બીજો ઉપાય તેને વશ કરવાનો નથી.

મધુર વાણી બોલવી

હ્લાદિનીં સર્વસત્ત્વાનાં સમ્યગ્ જનજિહીર્ષયા ।
ભાવયેત્ પરમાં મૈત્રીં વિસૃજેલ્લૌકિકીં ગિરમ્ ॥ ૨૨ ॥

મનુષ્યોનાં મનને હરણ કરવાની ઇચ્છાથી સર્વ પ્રાણીઓનાં મનને સારી રીતે પ્રસન્ન કરનારી એવી વ્યાવહારિક વાણી બોલવી તથા સર્વની સાથે પરમ મૈત્રી બાંધવી. ૨૨

નિત્યં મનોપહારિણ્યા વાચા પ્રહ્લાદયેજ્જનમ્ ।
ઉદ્વેજનીયો ભવતિ ક્રૂરવાગર્થદોઽપિ સન્ ॥ ૨૩ ॥

નિત્ય મનને હરણ કરનારી વાણી બોલીને મનુષ્યને પ્રસન્ન કરવો; ધન આપનારો પુરુષ પણ જો ક્રૂર વાણી બોલે છે તો તે લોકોને ઉદ્વેગ ઉપજાવનારો થઈ પડે છે. ૨૩

હૃદિ વિદ્ધ ઇવાત્યર્થં યયા સન્તપ્યતે જનઃ ।
પીડિતોઽપિ હિ મેધાવી ન તાં વાચમુદીરયેત્ ॥ ૨૪ ॥

જે વાણીથી હૃદયમાં વિંધાઈ ગયો હોય તેમ પુરુષ અત્યંત સંતાપ પામે છે તેવી વાણી બુદ્ધિમાન્ પુરુષે પીડા થયા છતાં પણ બોલવી નહિ. ૨૪

ભાવાર્થઃ–બુદ્ધિમાન્ મનુષ્યે પોતે દુઃખ સહન કરવું, પરંતુ તે સામા મનુષ્યના હૃદયમાં સંતાપ ઉપજે, તેવી તીક્ષ્ણ વાણી કદી પણ બોલવી

નહિ. સહન કરવું આ ધીર મહાત્માઓનો સ્વભાવ છે, તે બુદ્ધિમાન્ પુરુષે ધ્યાનમાં રાખવું.

तीव्राण्युद्वेगकारीणि विसृष्टान्यशमात्मकैः ।
कृन्तन्ति देहिनां मर्म शस्त्राणीव वचांसि च ॥ २५ ॥

ક્રોધી પુરુષો તીવ્ર (સહન થઈ શકે નહિ તેવાં) તથા ઉદ્વેગ દુઃખ) ઉત્પન્ન કરનારાં જે વચનો કહે છે, તે વચનો તીવ્ર અને ઉદ્વેગ ઉત્પન્ન કરનારાં શાસ્ત્રોની પેઠે દેહધારી પ્રાણીઓનાં મર્મોને કાપી નાંખે છે. ૨૫

ભાવાર્થઃ–દુષ્ટ પુરુષોની વાણી શસ્ત્રની પેઠે જ મર્મ ભાગને વિંધી નાખીને સંતાપ ઉપજાવે છે. શસ્ત્રનો ઘાવ ઔષધના ઉપચારથી કાળે કરીને રુઝાય છે, પરંતુ દુર્જનની વાણીનો પ્રહાર મરણપર્યંત સાલ્યા કરે છે. માટે કોઈ પણ પુરુષે કોઇને કટુ વચનો કહીને દુભાવવો નહિ.

प्रियमेवाभिधातव्यं सत्सु नित्यं द्विषत्सु च ।
शिखीव केकामधुरः प्रियवाक् कस्य न प्रियः ॥ २६ ॥

સત્પુરુષોને તથા શત્રુઓને નિત્ય પ્રિય વચન જ કહેવું. પ્રિય વાણી બોલનારો પુરુષ મધુર વાણી બોલનારા મયૂરની પેઠે કોને પ્રિય ન થાય? ૨૬

ભાવાર્થઃ–મધુર વાણી બોલનારો મયૂર જેમ લોકોમાં પ્રીતિપાત્ર થઈ પડ્યો છે અને લોકો તેના ટોકા સાંભળીને તેના તરફ પ્રેમની દૃષ્ટિથી જુવે છે, તે પ્રમાણે જ મધુર બોલનારા મનુષ્ય તરફ પણ લોકો પ્રીતિ ધરાવે છે. મધુર ભાષણથી શત્રુઓ પણ વિશ્વાસુ બને છે ને તેથી તેને સહેલથી વશ કરી શકાય છે અથવા તો તેઓ આપણું બુરું કરતાં અટકે છે.

अलङ्क्रियन्ते शिखिनः केकया मदरक्तया ।
वाचा विपश्चितोऽत्यर्थं माधुर्यगुणयुक्तया ॥ २७ ॥

મયૂરો જેમ મદને લીધે મનોહર લાગતી એવી ટૌકાવાળી વાણીથી શોભે છે, તેમ વિવેકી પુરુષો માધુર્ય ગુણવાળી વાણીથી અત્યંત શોભે છે. ૨૭

ભાવાર્થઃ–મધુર વાણી બોલવી, એ વિવેકી પુરુષોનું એક ભૂષણ છે. એટલું જ નહિ પરંતુ તેની કુલીનતાને પણ દર્શાવનારું છે. વૃક્ષોની ઘટામાં થતા ટૌકા સાંભળીને લોકો જાણે છે કે, અહીં કયાંઈ પણ મયૂર છે તેમ જ મધુર વાણી સાંભળીને મનુષ્ય અનુમાન કરે છે કે, આ કોઈ પણ કુલીન પુરુષ છે. પ્રિયવાણી કેવળ આભૂષણ જ નથી, પરંતુ કુલીનતાને પણ સૂચવનારી છે.

मदरक्तस्य हंसस्य कोकिलस्य शिखण्डिनः ।
हरन्ति न तथा वाचो यथा साधु विपश्चितः ॥ २८ ॥

વિદ્વાન્ પુરુષની વાણી જે પ્રમાણે સરળતાથી સામા મનુષ્યના મનને હરણ કરે છે, તે પ્રમાણે મદને લીધે પ્રેમમાં આવી ગયેલા હંસની, કોકિલની તથા મયૂરની વાણી મનુષ્યનાં મનને હરણ કરતી નથી. ૨૮

ભાવાર્થઃ–હંસાદિકની વાણી માત્ર મધુર જ હોય છે, પરંતુ તે અસ્પુટ હોય છે તેમાં કોઈ પણ જાતનો અર્થ સમાયલો હોતો નથી, પરંતુ વિદ્વાનની વાણીમાં હિતકર અર્થ હોય છે તેથી તે શ્રોતાઓનાં મનને સારી રીતે વશ કરી શકે છે.

गुणानुरागी स्थितिमान् श्रद्दधानो दयान्वितः ।
धनं धर्माय विसृजेत् प्रियां वाचमुदीरयन् ॥ २९ ॥

રાજાએ ગુણ ઉપર પ્રીતિવાળા થવું (એટલે આ વેદવેત્તા છે, આ ધર્મશાસ્ત્રવેત્તા છે, આ ન્યાય વ્યાકરણવેત્તા છે એવી રીતે પુરુષમાં ગુણો જોઈને તેના ઉપર પ્રસન્ન થવું,) પોતે સદાચાર પાળવો, શ્રદ્ધા રાખવી, દયાળુ થવું, મધુર વાણીથી વાતચિત કરવી અને ધર્મ માટે ધનનું દાન કરવું. ૨૯

ભાવાર્થઃ–રાજાએ વિદ્યા કળા વગેરે ગુણવાન્ પુરુષોના ઉપર પ્રીતિ રાખવી, ને પંડે સદાચાર પાળવો. કારણ કે આચારભ્રષ્ટ પુરુષની પાસેથી કોણ દાન લે? જાતે શ્રદ્ધાળુ થવું, કારણ કે શ્રદ્ધારહિત પુરુષ જે કંઈ કર્મ કરે છે તથા દાન દે છે તેનું તેને ફળ મળતું નથી. તેમ રાજાએ દયાળુ પણ થવું એટલે ગુણ વિનાના અર્થાત્ મૂર્ખ એવા દીન પુરુષોને પણ દાન આપવું તથા ધર્મ નિમિત્તે જે કંઈ આપવું, તે મધુર વાણીથી વાતચિત કરીને આપવું. પરંતુ માગવા આવનારાને પ્રથમ તિરસ્કારના શબ્દો કહીને અથવા તો ગાળો ભાંડીને પછી આપવું નહિ. કારણ કે તેવી રીતે આપેલું દાન તામસ ગણાય છે અને તેનું ફળ અંતરાયવાળું મળે. કેટલાએક દાતાઓ એવા હોય છે કે, પુષ્કળ ગાળો દઈને તથા અપમાન કરીને પાછળથી દાન આપે છે પરંતુ તેવાં દાન કરતાં ન દેવું તે સારું છે અથવા તો થોડું દેવું એ સારું છે. પરંતુ અપમાન કરીને કે ગાળો દઈને પછી દાન આપવું, એ શાસ્ત્રથી અને નીતિથી વિરુદ્ધ છે.

ये प्रियाणि च भाषन्ते प्रयच्छन्ति च सत्कृतम् ।
श्रीमन्तो वन्द्यचरणा देवास्ते नरविग्रहाः ॥ ३० ॥

જે પુરુષો મધુર વાણીથી વાતચિત કરે છે; અને ગંધાક્ષત વગેરેથી પૂજા કરીને દાન કરે છે, તે શ્રીમંત પુરુષોનાં ચરણ વંદન કરવા યોગ્ય છે અને તે પુરુષો મનુષ્યનું શરીર ધારણ કરનારા દેવ છે. ૩૦

शुचिरास्तिक्यपूतात्मा पूजयेद् देवताः सदा ।
देवतावद् गुरुजनमात्मवच्च सुहृज्जनम् ॥ ३१ ॥

રાજાએ સ્નાનાદિક કરીને બહારથી પવિત્ર રહેવું તેમ અંદરથી પણ પવિત્ર રહેવું, (અર્થાત્ અંતઃકરણને શુદ્ધ રાખવું,) વેદ વિશે તથા પરલોક વિશે આસ્તિક્ય બુદ્ધિ રાખવી, મનને પવિત્ર રાખવું, દેવોનું સદા પૂજન કરવું, માતા પિતા આચાર્ય વગેરે ગુરુ જનોની દેવતાની

પેઠે પૂજા કરવી તથા સ્નેહી મનુષ્યોને પોતાના સમાન ગણીને તેઓનો સત્કાર કરવો. ૩૧

ભાવાર્થઃ—આ શ્લોકથી સામાન્ય સદાચાર કહે છે. વેદમાં સનાતન ધર્મનું વર્ણન કરવામાં આવ્યું અને તે સાક્ષાત્ નારાયણરૂપ છે, આવી વેદ તથા ધર્મશાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી તથા વેદમાં વર્ણવેલો પરલોક છે આવી આસ્તિકય બુદ્ધિ રાખવી, પરંતુ હાલમાં કેટલાએક મૂર્ખો વેદના ઉપર આક્ષેપ કરે છે અને કહે છે કે પરલોક બરલોક કંઈ પણ નથી. બધું આ ભૂમિ ઉપર જ છે. તે વિના કંઈ પણ નથી. આવી નાસ્તિકય બુદ્ધિ રાખવી નહિ. સ્નાનાદિકથી જેમ બહારની શુદ્ધિ રાખવામાં આવે છે તેમ જ અંતઃકરણને પણ શુદ્ધ રાખવું જોઇએ, એટલે કોઈનું પણ અશુભ કરવાના દુષ્ટ વિચારો મનમાં કરવા નહિ. પોતાના ઉપાસ્ય દેવનું પૂજન કરવું તથા માતાપિતા ગુરુ વગેરેનું પણ દેવની પેઠે જ પૂજન કરવું તથા પોતે રાજા હોઇએ અથવા તો શ્રીમાન્ હોઇએ, તોપણ પોતાના સંબંધીઓને તથા સ્નેહીઓને પોતાના જેવા જ ગણીને માન આપવું; પરંતુ તેઓને પોતાનાથી ઉતરતી પંક્તિના ગણવા નહિ, તેમ તેઓનું અપમાન પણ કરવું નહિ.

प्रणिपातेन हि गुरून् सतोऽनूचानचेष्टितैः ।
कुर्वीताभिमुखान् भृत्यै देवान् सुकृतकर्मणा ॥ ३२ ॥

રાજાએ સંપત્તિને માટે ગુરુજનોને (માતાપિતા વગેરેને) પ્રણામ કરીને પોતાના અનુકૂળ કરવા, સત્પુરુષોને (વિદ્યાવૃદ્ધોને) વિનીત ભાવથી પોતાના અનુકૂળ કરવા અને દેવોને પુણ્ય કર્મ કરીને પોતાના અનુકૂળ કરવા. ૩૨

ભાવાર્થઃ—રાજાએ પોતાની સંપત્તિને માટે એટલે પોતાના અભ્યુદયને માટે માતા પિતા તથા આચાર્ય વગેરે ગુરુજનોની સેવા ભક્તિ કરીને પોતાના અનુકૂળ કરવા. કારણ કે માતાપિતા તથા આચાર્ય જો પ્રસન્ન થઇને આશીર્વાદ આપે તો જ પુત્રનો તથા શિષ્યનો અભ્યુદય થાય છે. વિદ્યા-વૃદ્ધ એટલે પોતાના કરતાં વિશેષ વિદ્વાનોના તરફ વિવેક દર્શાવીને તેઓને

પણ અનુકૂળ કરવા. કારણ કે રાજકાર્યમાં તથા વ્યાવહારિક કાર્યમાં વિદ્યા-વૃદ્ધ પુરુષોની સલાહની વારંવાર જરૂર પડે છે, તથા દેવોને પણ અનુકૂળ કરવા પરંતુ દેવો કેવળ પ્રણામથી અનુકૂળ થતા નથી. તેઓને યજ્ઞાદિક કરીને, વંદન કરીને તથા ચંદન, પુષ્પ, ધૂપ, દીપ વગેરે અર્પણ કરીને વશ કરવા. એટલા માટે મૂળ શ્લોકમાં કહે છે કે 'देवान् सुकृतकर्मणा'

सद्भावेन हरेन्मित्रं सम्भ्रमेण च बान्धवान् ।
स्त्रीभृत्यान् प्रेमदानाभ्यां दाक्षिण्येनेतरान् जनान् ॥ ३३ ॥

મિત્રને સદ્‌ભાવ (વિશ્વાસ) દર્શાવીને વશ કરવો (પોતાના અનુકૂળ કરવો), પોતાના, પોતાની માતાના તથા પોતાના પિતાના એમ ત્રણના મામાના, માસીના ને ફઇના પુત્રો બાંધવ કહેવાય છે. તે બાંધવોને મોટા આદરપૂર્વક સન્માન આપીને વશ કરવા, સ્ત્રીઓને તથા સેવકોને (નોકર ચાકરોને) પ્રીતિ દર્શાવીને તથા (ઉત્સવ ઉપર ધનાદિક) આપીને વશ કરવા અને બીજા મનુષ્યોને અનુકૂળતા દર્શાવીને વશ કરવા. ૩૩

अनिन्दा परकृत्येषु स्वधर्मपरिपालनम् ।
कृपणेषु दयालुत्वं सर्वत्र मधुरा गिरः ॥ ३४ ॥

પારકાં કાર્યની નિંદા કરવી નહિ, પોતાના ધર્મનું પાલન કરવું (સ્વધર્મમાં વર્તવું), દીન મનુષ્યોના ઉપર દયા રાખવી, ઉત્તમ, મધ્યમ તથા અધમ એમ સર્વની સાથે મધુર વાણીથી ભાષણ કરવું. ૩૪

प्राणैरप्युपकारित्वं मित्रायाव्यभिचारिणे ।
गृहागते परिष्वङ्गः शक्त्या दानं सहिष्णुता ॥ ३५ ॥

નિષ્કપટી મિત્રનો પ્રાણોની પણ દરકાર કર્યા વિના ઉપકાર કરવો, મિત્ર પોતાને ઘેર આવે ત્યારે તેને આલિંગન કરવું, અને શક્તિ અનુસાર તેને ધનાદિક આપવાં તથા લોકોની નિંદા વગેરેને સહન કરવી. ૩૫

ભાવાર્થ:–નિષ્કપટી મિત્રની સાથે મિત્રે કેવો વ્યવહાર કરવો, એ વાત આ શ્લોકમાં કહી છે. મિત્ર કેવો હોવો જોઇએ, તેને માટે આ પ્રમાણે એક શ્લોક છે;–

"एकार्थानर्थसंबंधमुपकार्यविकारि च।
मित्रभावि भवत्येतन्मित्रमद्वैध्यमापदि॥

જે વસ્તુ એકને પ્રિય હોય, તેજ બીજાને પણ પ્રિય હોય અને જે વસ્તુ એકને અપ્રિય હોય તે બીજાને પણ અપ્રિય હોય, પરસ્પર ઉપકાર કરનારા હોય, ગમે તેટલી હાનિ થયા છતાં પણ વિકાર નહિ પામનારા તથા આપત્તિમાં પણ જેમના મનમાં દ્વિધા ભાવ ઉપજે નહિ એવાને મિત્ર જાણવા." આવો મિત્ર ઘેર આવે ત્યારે તેને આલિંગન આપીને સહોદર ભાઈની પેઠે માન આપવું અને પોતાની શક્તિ અનુસાર વારંવાર ધનાદિકથી તેને સહાયતા કર્યા કરવી. છેવટમાં સહિષ્ણુતા શબ્દ છે, તેનો અર્થ એવો પણ થાય છે કે એક મિત્ર પોતાને માટે કોઈ ઠેકાણે કંઈક બોલે, તોપણ તેથી ઓછું નહિ આણતાં તેને સહન કરવું.

स्वसमृद्धिष्वनुत्सेकः परवृद्धिष्वमत्सरः।
नान्योपतापि वचनं मौनव्रतचरिष्णुता॥ ३६॥

પોતાની સમૃદ્ધિને માટે ગર્વ રાખવો નહિ, પારકાનો ઉદય જોઇને તેની ઇર્ષા કરવી નહિ, બીજાને સંતાપ થાય તેવું વચન બોલવું નહિ, મૌન વ્રત ધારણ કરવું (બહુ બોલ્યા કરવું નહિ). ૩૬

बन्धुभिर्बद्धसंयोगः सुजने चतुरश्रता।
तच्चित्तानुविधायित्वमिति वृत्तं महात्मनाम्॥ ३७॥

પોતાના ભાઇઓની તથા સંબંધીઓની સાથે મળી હળીને ગાઢ સંબંધ રાખવો, સત્પુરુષની પાસે સરળતાથી વર્તવું, સત્પુરુષનાં મનને અનુકૂળ વર્તવું, આ મહાત્માઓનું વર્તન છે. ૩૭

ભાવાર્થ:–ધનવાનના કરતાં પણ કુટુંબવાળો વિશેષ બળવાન્ ગણાય

છે. એક ધનવાન્ ધનના બળથી જે કામ કરી શકતો નથી, તે કામ કુટુંબવાળો પુરુષ ધાર્યાં પ્રમાણે કરી શકે છે. વ્યાવહારિક પ્રસંગોમાં કુટુંબના બળની આગળ ધનનું બળ નિરર્થક થઈ પડે છે. મનુએ પણ મનુષ્યની શ્રેષ્ઠતા દર્શાવતાં કહ્યું છે કે;–'वित्तं बन्धुर्वयः कर्म' ધનવાન્ ધનને લીધે ઉત્તમ ગણાય છે, પરંતુ તેના કરતાં પણ કુટુંબી પુરુષ વધારે બળવાન્ ગણાય છે. એટલા માટે શું રાજા કે શું રંક. પ્રત્યેક પુરુષે પોતાના સંબંધીઓને માન આપીને તેની સાથે સારો સંબંધ રાખવો, કે જેથી તે સંબંધીઓ પ્રસંગ ઉપર પોતાને કામ લાગે તથા સત્પુરુષોની પાસે કુટિલતા ન કરવી; પરંતુ તેનો મત લઈને તેના કહેવા પ્રમાણે વર્તવું. આ સર્વ મહાત્માઓનું આચરણ છે.

सनातने वर्त्मनि साधु तिष्ठतामयं हि पन्था गृहमेधिनां मतः ।
अनेन गच्छन् नियतं महात्मनामिमं च लोकं परमं च विन्दति ॥ ३८ ॥

સનાતન એવા સ્વધર્મમાં સારી રીતે વર્તનારા ગૃહસ્થાશ્રમીઓનો આ માર્ગ કહ્યો છે. જે પુરુષ નિયમ પ્રમાણે આ માર્ગ ઉપર ચાલે છે, તે પુરુષ સુખી થાય છે અને મરણ પછી મહાત્માઓના લોકને પામે છે. ૩૮

ભાવાર્થઃ–આ શ્લોકમાં 'गृहमेधी' પદ છે, તે ગૃહસ્થાશ્રમી પુરુષનો જ વાચક નથી પરંતુ ચારેય આશ્રમનો વાચક છે. પરંતુ સર્વ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ઉત્તમ ગણાય છે. કારણ કે ત્રણે આશ્રમની ઉત્પત્તિ તથા આજીવિકા ગૃહસ્થાશ્રમીના ઉપર આધાર રાખે છે. તેથી અહીં ગૃહસ્થાશ્રમીનું નામ લખ્યું છે. જો ગૃહસ્થાશ્રમ ન હોય તો પ્રજાની ઉત્પત્તિ જ ન થાય; તેથી બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી પણ સંભવે નહિ. વળી તે ત્રણ આશ્રમવાળાઓની આજીવિકા પણ ગૃહસ્થાશ્રમીના ઉપર જ છે; તેથી ગૃહસ્થાશ્રમી ઉત્તમ ગણાય છે. તે જોઈને આ શ્લોકમાં गृहमेधी શબ્દ લખવામાં આવ્યો છે.

इति पथि विनिवेशितात्मनो रिपुरपि गच्छति साधुमित्रताम् ।
तदवनिपतिर्मत्सराद्ते विनयगुणेन जगद् वशं नयेत् ॥ ३९ ॥

જે પુરુષ આ સદાચારના માર્ગમાં પોતાનાં મનને લગાડે છે, તે પુરુષનો શત્રુ પણ તેનો સારી રીતે મિત્ર થાય છે. તે માટે રાજાએ મત્સરનો ત્યાગ કરીને વિનય નામના ગુણથી જગતને વશ કરવું. ૩૯

क्व च नरपतिगर्वः सङ्ग्रहः क्व प्रजानां
मधुरवचनयोगाल्लोकमभ्याददीत ।
मधुरवचनपाशैरायतालानितः सन्
पदमपि हि न लोकः संस्थितेर्भेदमेति ॥ ४० ॥

રાજાનો ગર્વ ક્યાં અને પ્રજાને વશ કરવી એ ક્યાં, (અર્થાત્ રાજા ગર્વ રાખવાથી પોતાની પ્રજાને વશ કરી શકતો નથી) માટે રાજાએ મધુર ભાષણ કરીને પ્રજાને વશ કરવી. મધુર વચનરૂપી પાશોથી (પાસલાથી) પ્રજાને અત્યંત બાંધી લેવામાં આવે છે તો પ્રજા રાજાની મર્યાદામાંથી રંચ ભાર પણ ભેદ પામતી નથી. (શત્રુઓ ગમે તેટલી લાલચો આપે, તોપણ તે પોતાના રાજાથી જૂદી પડતી નથી.) ૪૦

ભાવાર્થઃ–પ્રજાને વશ કરવા માટે રાજાએ ગર્વરહિત થઈને જાતે સદાચાર સંપન્ન થવું અને મધુર વચનોથી પોતાની પ્રજાને એવી તો વશ કરી દેવી કે, તે શત્રુઓ તરફથી અનેક લાલસાઓ દેખાડ્યા છતાં પણ પ્રજા રંચ ભાર પણ પોતાના રાજા ઉપર ઉદાસ થઈને તેનાથી જૂદી પડે નહિ. માટે રાજાએ ગર્વનો સર્વથા ત્યાગ કરવો અને મધુરભાષી થવાની જરૂર છે. મધુર વાણીથી શત્રુઓ પણ વશ થાય છે, તો પછી પોતાની પ્રજા વશ થાય, એમાં તો કહેવું જ શું ?

આચારવ્યવસ્થા નામનું પ્રકરણ ૬ ઠું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં 'આચાર વ્યવસ્થાપન' નામનો
સર્ગ ૩ જો સમાપ્ત.

સર્ગ ૪ થો–પ્રકરણ ૭ મું

પ્રકૃતિની સંપત્તિ

स्वाम्यमात्यश्च राष्ट्रं च दुर्गं कोशो बलं सुहृत् ।
परस्परोपकारीदं सप्ताङ्गं राज्यमुच्यते ॥ १ ॥

રાજા, અમાત્ય, રાષ્ટ્ર (દેશ,) કિલ્લો, કોશ (ખજાનો,) ચાર પ્રકારનું (હાથી ઘોડા રથ ને પાળા) સૈન્ય અને મિત્ર, આ પરસ્પરનો ઉપકાર કરનારાં રાજ્યનાં સાત અંગ કહેવાય છે. ૧

ભાવાર્થ:–સદાચારથી પ્રજાને વશ કરવામાં આવે છે તો પ્રજા રાજાથી કોઈ પણ દિવસ વિરુદ્ધ થતી નથી, પરંતુ રાજાને સંકટના સમયમાં સહાયતા કરે છે માટે રાજાએ સદાચાર સંપન્ન થઇને પોતાની પ્રજાને વશ કરવી. આ વાત ત્રીજા સર્ગમાં કહી. હવે આ ચોથા સર્ગમાં પ્રકૃતિની સંપત્તિ એટલે રાજ્યનાં સાત અંગની સંપત્તિ કહેવામાં આવશે. નીતિશાસ્ત્રમાં રાજ્યનાં અંગને પ્રકૃતિ કહે છે, તેની સંપત્તિનું કહેતાં ગુણનું વર્ણન આ સર્ગમાં કહેશે. રાજા જે રાજ્યનાં સાતેય અંગની પરીક્ષા કરીને પછી તે અંગની યોજના કરે છે તો રાજ્યમાં ફાટફૂટ થતી નથી અને કદાચ થાય છે તો ઝટ સંધાઈ જાય છે. માટે રાજ્યનાં સાતેય અંગોના ગુણોનું આ પ્રકરણમાં વર્ણન કરવામાં આવશે. તેથી આ પ્રકરણનું નામ 'प्रकृतिसंपत्' એટલે પ્રકૃતિના ગુણો, એવું રાખવામાં આવ્યું છે. જેમ એક રથમાં રહેલાં જૂદાં જૂદાં અંગો રથ ચાલતી વખતે પોતપોતાનું કર્મ કરીને રથનો ઉપકાર કરે છે. જેમકે પૈડાં ગતિ કરીને રથને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય છે તથા ધરી રથના ભારને ધારણ કરી રાખે છે, તેમ રાજ્યનાં પ્રત્યેક અંગ પણ પરસ્પરને સહાયતા કરે છે. તે અંગ પરસ્પર કેવી રીતે ઉપકારક થાય છે તે જાણવું જોઇએ:–રાજા અમાત્યને (કાર્યભારીને) આજીવિકા કરી આપીને નોકર રાખે છે, તેથી રાજા તેનો ઉપકારક થયો. અમાત્ય પણ પોતાની બુદ્ધિથી રાજાને રાજકીય કાર્યમાં સલાહ આપે છે તેથી તે પણ રાજાનો ઉપકારી થયો. રાજા તથા અમાત્ય બન્ને એકઠા થઇને દેશની રક્ષા કરે છે, તેથી તે બન્ને દેશના ઉપકારી થયા, દેશ ઉપજથી

ખજાનાને ભરપૂર કરીને રાજાનો તથા અમાત્યનો ઉપકાર કરે છે, તેથી તે પણ ઉપકારી થયો, કિલ્લો શત્રુના ઘેરાથી રક્ષા વગેરે કરીને રાજા, અમાત્ય, અને દેશ એ ત્રણેનો ઉપકાર કરે છે તેથી તે પણ ઉપકારી થયો. રાજા, અમાત્ય વગેરે કિલ્લાની ભાગતૂટ સુધારીને કિલ્લાનો ઉપકાર કરે છે. ખજાનો આજીવિકાનાં સાધનો પૂરાં પાડીને રાજા, અમાત્ય સેના વગેરેનો ઉપકાર કરે છે. રાજા, અમાત્ય વગેરે ધનની વૃદ્ધિ કરે છે, વૃદ્ધિ પામેલા ધનની રક્ષા કરે છે, તથા તે ધનનું સુપાત્રને દાન, બક્ષીસ વગેરે કરીને ખજાનાનો ઉપકાર કરે છે. ચાર અંગવાળું સૈન્ય શત્રુઓનો પરાજય કરીને તથા અસાધ્ય કાર્ય કરીને, રાજા, અમાત્ય વગેરેનો ઉપકાર કરે છે. રાજા, અમાત્ય વગેરે સૈન્યનું ભરણ પોષણ કરીને સૈન્યનું રક્ષણ કરે છે. મિત્ર, સહાયતા, ખરી સલાહ વગેરે આપીને રાજાદિકનો ઉપકાર કરે છે. તેમજ રાજા અમાત્ય વગેરે મિત્રનો ઉપકાર કરે છે. આ રીતે સાતેય અંગ એક બીજાનો ઉપકાર કરનારાં છે.

एकाङ्गेनापि विकलमेतत् साधु न वर्तते ।
तस्य सामग्र्यमन्विच्छन् कुर्वीताशु परीक्षणम् ॥ २ ॥

રાજ્ય આ સાત અંગમાંનાં એક અંગથી પણ જો હીન હોય છે તો તે સારી રીતે ચાલી શકતું નથી. માટે રાજ્યનાં સંપૂર્ણપણાની ઇચ્છા રાખનારા રાજાએ રાજ્યના અંગના ગુણોની ઝટ પરીક્ષા કરવી. ૨

ભાવાર્થઃ–રાજ્ય સાત અંગથી બનેલું છે, માટે રાજાએ પોતાના તથા અમાત્યદિકના ગુણોની તુરત પરીક્ષા કરવી અને કયા અંગમાં કયા ગુણ છે અને કયા ગુણ નથી, તે જાણીને તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો તેમ કરવામાં આવે નહિ તો અંગના વૈગુણ્યને લીધે રાજ્યનાં કાર્યો પડી ભાંગે છે, અને રાજાને રાજ્યભ્રષ્ટ થવાનો સમય આવે છે. આ નીતિ શ્રીમંત વ્યાપારીઓએ પણ ધ્યાનમાં લેવાની છે. કારણ કે તેઓને વ્યાપારરૂપી રાજ્યની વ્યવસ્થા કરવાની હોય છે. તેમજ ગૃહરાજ્ય ચલાવનારા ગૃહસ્થોએ પણ આ નીતિ તરફ ધ્યાન આપવાનું છે. કારણ કે તેને ગૃહરાજ્યની વ્યવસ્થા કરવી પડે છે.

રાજાના ગુણો

आत्मानमेव प्रथममिच्छेद् गुणसमन्वितम् ।
कुर्वीत गुणसम्पन्नस्ततः शेषपरीक्षणम् ॥ ३ ॥

પ્રથમ રાજાએ પોતે જ રાજાના ગુણોથી સંપન્ન થવાની ઇચ્છા કરવી અને પોતે રાજાના ગુણોથી સંપન્ન (યુક્ત) થયા પછી અમાત્ય વગેરે બીજાં અંગોના ગુણની પરીક્ષા કરવી. ૩

ભાવાર્થ:–સાત પ્રકૃતિમાં એટલે સાત અંગમાં રાજા પ્રધાન–મુખ્ય છે, તેથી પ્રથમ રાજાએ રાજાના ગુણો સંપાદન કરવા જોઇએ, કારણ કે રાજા ગુણવાન્ હોય તો તેનો પરિવાર પણ ગુણવાન્ હોય છે અને કદાચ કોઈ ગુણહીન હોય તો તે ગુણી રાજાના ગુણ જોઇને પોતે પણ પોતાની યોગ્યતા માટે ગુણ સંપાદન કરવાની ઇચ્છા કરે છે. માટે પ્રથમ રાજાને રાજા તરિકેના ગુણો સંપાદન કરવાનો ઉપદેશ આપે છે અને કહે છે કે, રાજાએ રાજગુણ સંપન્ન થયા પછી અમાત્યાદિક અંગોના ગુણની પરીક્ષા કરવી.

साधु भूतलदेवत्वं दुर्धार्यमकृतात्मभिः ।
आत्मसंस्कारसम्पन्नो राजा भवितुमर्हति ॥ ४ ॥

પૃથ્વી ઉપર રાજા થવું, એ મોટાં ભાગ્યની વાત છે; પરંતુ બુદ્ધિ-હીન પુરુષો તે રાજાપણાંને કષ્ટથી ધારણ કરી શકે છે. જે પુરુષ રાજાના ગુણોથી સંપન્ન હોય છે, તે પુરુષ રાજા થવાને યોગ્ય છે. ૪

लोकाधाराः श्रियो राज्ञां दुरापा दुष्परिग्रहाः ।
तिष्ठन्त्याप इवाधारे चिरमात्मनि संस्कृते ॥ ५ ॥

લોકોનું પોષણ કરનારી રાજલક્ષ્મી દુ:ખથી મળી શકે છે અને મળ્યા પછી તેની રક્ષા પણ દુ:ખથી થઈ શકે છે. સંસ્કાર કરીને બનાવેલા કયારામ જેમ લાંબા સમય સૂધી પાણી ટકી રહે છે, તેમ જ

સંસ્કારવાળા રાજાને વિષે રાજલક્ષ્મી પણ લાંબા સમય સૂધી ટકી રહે છે. ૫

कुलं सत्त्वं वयः शीलं दाक्षिण्यं क्षिप्रकारिता ।
अविसंवादिता सत्यं वृद्धसेवा कृतज्ञता ॥ ६ ॥
दैवसम्पन्नता बुद्धिरक्षुद्रपरिवारता ।
शक्यसामन्तता चैव तथा च दृढभक्तिता ॥ ७ ॥
दीर्घदर्शित्वमुत्साहः शुचिता स्थूललक्षता ॥
विनीतता धार्मिकता गुणाः साध्वाभिगामिकाः ॥ ८ ॥

કુળ, સત્વ, વય (ઉમર), શીલ, દાક્ષિણ્ય, અદીર્ઘસૂત્રતા, અવિસંવાદપણું, સત્ય, વૃદ્ધસેવા, કૃતજ્ઞતા, દૈવસંપન્નતા, બુદ્ધિ, ઉત્તમ પરિવાર, શક્યસામંતપણું, દૃઢ ભક્તિપણું, દીર્ઘદર્શીપણું, ઉત્સાહ, પવિત્રતા, સ્થૂલલક્ષ્યપણું, વિનીતપણું અને ધાર્મિકપણું, આ ગુણોને લીધે રાજા સારી રીતે આશ્રય કરવા યોગ્ય થાય છે. ૬–૮

ભાવાર્થઃ–રાજામાં બે પ્રકારના ગુણ હોય છે. એક ગુણ આશ્રિતોનો ઉપકાર કરનાર હોય છે અને બીજા ગુણો રાજાને પોતાને ફાયદો કરનારા હોય છે. તેમાંથી આશ્રિતનો ઉપકાર કરનારા ગુણો આ ત્રણ શ્લોકોમાં ગણાવ્યા છેઃ–રાજા જો રાજબીજ હોય તોજ સર્વ પ્રજા તેનો આશ્રય કરે છે, તેથી રાજાનો મુખ્ય ગુણ દર્શાવતાં કહે છે કે, રાજા કુલીન હોવો જોઇએ. હાલમાં કેટલાએક રાજા હલકી જાતની સ્ત્રીઓમાં પ્રજા ઉત્પન્ન કરી પોતાની કુલીનતાનો નાશ કરે છે, અને પોતાના પૂર્વજોની કીર્તિને પણ કલંક લગાડે છે, એ મોટા ખેદની વાર્તા છે. રાજાઓએ પોતાનાં કુળનું અભિમાન રાખવાની જરૂર છે. કુળના ધર્મની રક્ષા કરવાથી પોતાના પૂર્વજોનું, પોતાનું અને ભવિષ્યની પ્રજાનું કલ્યાણ થાય છે. સત્વ એટલે અવિકારી મન. ગમે તેટલું દુઃખ પડે તોપણ જે ખિન્ન થાય નહિ, તેમ મોટો અભ્યુદય થયા છતાં જેને હર્ષ થાય નહિ તેવા મનવાળો રાજા સત્ત્વવાન્

કહેવાય છે. રાજામાં આ ગુણ હોય તો જ પ્રજા તેનો આશ્રય કરે છે. વળી રાજા વૃદ્ધ અથવા તો બાળક ન હોવો જોઇએ. પરંતુ તરુણ વયનો હોવો જોઇએ. કારણ કે તે રાજકીય કાર્યો કરવાને સમર્થ હોય છે. શીલં એટલે સારો સ્વભાવ. રાજા જો દુષ્ટ સ્વભાવનો હોય તો પ્રજા પોતાની ફરિયાદો કરવા માટે તેની પાસે જતાં ડરે છે તેને લીધે રાજ્યમાં અંધાધુંધી શરુ થાય છે, અને આખરે શત્રુઓ તેવા રાજાની પ્રજાને પોતાને વશ કરીને તે રાજાને રાજ્ય ઉપરથી પદભ્રષ્ટ કરે છે. હાલના કેટલાએક કડક મીજાજના રાજાઓએ આ વાત લક્ષ્યમાં લેવા જેવી છે. દાક્ષિણ્ય કહેતાં આશ્રિતોનું પરિપાલન, અથવા તો સર્વના પ્રતિ અનુકૂળતા. આ ગુણ પણ આશ્રિતોને આકર્ષણ કરનારો છે. અદીર્ઘસૂત્રપણું એટલે દરેક કામ ઝડપથી કરવું. અવિસંવાદપણું એટલે છળ કપટ ભરેલી વાણીથી તકરાર નહિ કરવી તે. સત્યં સત્ય ભાષણ એટલે જે બોલવું તે કરવું. વૃદ્ધસેવા એટલે જ્ઞાનવૃદ્ધની, વિદ્યાવૃદ્ધની, તપોવૃદ્ધની, ધર્મવૃદ્ધની તથા વયોવૃદ્ધની, આ પાંચ વૃદ્ધની સેવા કરવી તે. કૃતજ્ઞતા એટલે કરેલા ઉપકારને જાણવાપણું. દૈવસંપન્નતા એટલે દૈવની અનુકૂળતા, બુદ્ધિઃ કહેતાં આઠ ગુણવાળી બુદ્ધિ, ઉત્તમપરિવાર એટલે પોતાની આસપાસ ખાનદાન અને ઉત્તમ ગુણવાન્ પુરુષનું મંડળ રાખવું અર્થાત્ પોતાની આસપાસનાં મનુષ્યો કુલીન અને ગુણવાન્ રાખવાં, કે જેઓ વખત ઉપર રાજાની ભૂલને સુધારીને તેનો ઉદ્ધાર કરે, નીચની સંગતિ કરતાં અટકાવે તથા સારા વિદ્વાનોને રાજાની હજુરમાં આવતાં અટકાવે નહિ. શક્યસામન્તપણું એટલે પોતાના સામંતોને પોતાના તાબામાં રાખવાની શક્તિ. આ ગુણથી પણ આશ્રયની ઇચ્છાવાળા આશ્રય કરે છે. દૃઢભક્તિપણું એટલે સ્થિર પ્રીતિપણું, અથવા તો અંગીકાર કરેલાનું પાલન કરનારો અથવા તો હળદરના રંગની પેઠે થોડા સમયમાં વિરાગ પામનારો નહિ પરંતુ સ્થિર સ્નેહવાળો. દીર્ઘદર્શીપણું એટલે લાંબી દૃષ્ટિવાળો, અથવા તો દૂર દેશમાં કે ઘણા કાળ ઉપર બનેલી વાતને બુદ્ધિથી જાણનારો એટલે જોનારો. ઉત્સાહઃ—શૌર્યાદિક ગુણથી સંપન્ન. પવિત્રતાઃ—પરધન અને પરદારામાં આસક્તિ ન રાખવી તે. આ ગુણ રાજામાં હોય તો જ તેનો અભ્યુદય થાય છે અને પ્રજા પણ તેને દેવની પેઠે પૂજે છે. રાવણ જેવો રાજા પણ પરદારાના હરણથી નાશ

પામ્યો હતો. **સ્થૂલલક્ષ્યપણું**:–મોટી ઇચ્છા, દાનાદિક દેતી વખતે આટલું ધન જ આપવું છે એવી ગણતરી નહિ કરવી તે, અથવા તો નાના નાના ખર્ચનો વિચાર ન કરવો તે, દાનશૂરતા. **વિનીતપણું**:–વિવેકપણું, નમ્રતા. અને **ધાર્મિકપણું**:–ધર્મનિષ્ઠા, આ સર્વે ગુણો આભિગામિક કહેવાય છે અને જેમાં આ ગુણો હોય છે, તેવા રાજાની પાસે સત્પુરુષો આપોઆપ ચાલીને જાય છે.

રાજામાં કેવા ગુણો જોઇએ, તે વિષે રામાયણના બાલકાંડમાં નારદ મુનિ ઇક્ષ્વાકુ વંશના મહાન્ રાજા રામનું વર્ણન કરતાં કહે છે કે;–જિતેન્દ્રિય, પરાક્રમી, બુદ્ધિમાન્, કાંતિમાન્, શ્રીમાન્, ધૈર્યવાન્, સારી વાણી બોલવામાં ચતુર, પ્રતાપી, ધર્મની મર્યાદાને જાણનાર, સત્ય પ્રતિજ્ઞાવાન્, પ્રજાનું હિત ઇચ્છનાર, કીર્તિમાન્, જ્ઞાનવાન્, પવિત્ર, પિતા, આચાર્ય ને દેવની આગળ નમ્ર રહેનારો, વેદ તથા વેદાંતના તત્વને જાણનારો, ધનુર્વેદમાં નિપુણ, સ્મૃતિમાન્, સર્વ લોકને પ્રિય, સત્પુરુષોનો સમાગમ કરનારો, વિપત્તિના સમયમાં પણ ક્ષોભ નહિ પામનાર આવો રાજા હોવો જોઇએ.

શુક્રનીતિમાં પણ રાજાના ગુણો વર્ણવતાં કહે છે કે;–દુષ્ટોને દંડ આપવો, પ્રજાનું પાલન કરવું, રાજસૂય વગેરે યજ્ઞ કરવા, ન્યાયથી ધન મેળવવું, નટ, ગવૈયા, ગણિકા, મલ્લ વગેરે ક્ષુદ્ર લોકોના ઉપર બહુ આસક્તિ રાખવી નહિ. જે રાજા બુદ્ધિમાનોનો સદા દ્વેષ કરે છે, ધૂર્તોનો સંગ કરે છે, અને પોતાના દુગુર્ણોને જાણતો નથી તેનો તુરત નાશ થાય છે. મારા ઉપર પ્રજાની કેવી પ્રીતિ છે, કોની મારા ઉપર અપ્રીતિ છે, એ વાત દૂતોદ્વારા જાણીને રાજાએ સત્કીર્તિ મેળવવાનો પ્રયત્ન કરવો, લોકાપવાદના ભયથી રામે સીતાનો ત્યાગ કર્યો હતો. રાજાનું મહાન્ દૂષણ હોય તો તેને કોઈ પ્રત્યક્ષ કહેતું નથી, માટે રાજાએ જાતે પોતાના દોષો જાણીને તેનો ત્યાગ કરવો. અપમાનથી, કટુ વચનો કહેવાથી અને ઉગ્ર દંડ કરવાથી પ્રજા રાજાનો ત્યાગ કરે છે.

गुणैरेतैरुपेतः सन् सुव्यक्तमभिगम्यते ।
तथा तु कुर्वीत यथा गच्छेल्लोकाभिगम्यताम् ॥ ९ ॥

રાજા જો ઉપર કહેલા ગુણોથી સંપન્ન હોય છે તો પ્રજા પ્રસિદ્ધ રીતે તે રાજાની સમીપમાં જાય છે, માટે લોકો પ્રીતિથી પોતાની પાસે આવે તેવા ગુણ રાજાએ સંપાદન કરવા જોઈએ. ૯

प्रख्यातवंशमक्रूरं लोकसङ्ग्राहिणं शुचिम् ।
कुर्वीतात्महिताकाङ्क्षी परिवारं महीपतिः ॥ १० ॥

રાજાએ પોતાનાં હિતની ઇચ્છાથી પોતાની આસપાસ એવા હજુરીયા રાખવા કે, જેઓ પ્રખ્યાત વંશના હોય, ક્રૂર સ્વભાવના ન હોય (દયાળુ હોય), ગુણી મનુષ્યોનો સંગ્રહ કરનારા હોય, બહારથી તથા અંદરથી એમ ઉભય રીતે શુદ્ધ હોય અથવા તો પરદાર અને પરધનનો સ્પર્શ નહિ કરનારા હોય. ૧૦

ભાવાર્થઃ–પોતાની ચઢતી તથા પડતીનાં કારણ જેમ પોતાના ગુણ અથવા તો અવગુણ હોય છે, તેમ જ પોતાની આસપાસનાં મનુષ્યો પણ હોય છે. કારણ કે જે કામ સંગ કરે છે, તે કામ શાસ્ત્રનું અધ્યયન પણ કરી શકતું નથી. માટે રાજાએ તથા શ્રીમંતોએ પોતાની હજુરમાં રહેનારા કે જેની સાથે પોતાને નિત્ય વ્યવહાર કરવો પડે છે તેવા મનુષ્યો ઉત્તમ કુળના, દયાળુ, સદાચાર સંપન્ન, વિદ્વાન્ ને સદ્‌ગુણી તરફ પ્રીતિ ધરાવનારા રાખવા જોઇએ. આવા પુરુષોના સમાગમમાં રહેવાથી રાજાનો અભ્યુદય થાય છે. હાલમાં કેટલાએક વ્યસની રાજાઓ અને શ્રીમંતો રંડીબાજ, દારુડીયા, મૂર્ખ અને વિદ્યા તથા ગુણ તરફ તિરસ્કાર ધરાવનારા ક્ષુદ્ર પુરુષોને પોતાની હજુરમાં રાખે છે. તેઓને જતે દહાડે તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડે છે, આ વિશ્વવિદિત છે.

दुष्टोऽपि भोग्यतामेति परिवारगुणैर्नृपः ।
न दुष्टपरिवारस्तु व्यालाक्रान्त इव द्रुमः ॥ ११ ॥

રાજા જાતે દુર્ગુણી હોય તો પણ તેનો પરિવાર (આસપાસના મનુષ્યો) ગુણી હોય તો તેના ગુણોથી દુષ્ટ રાજાની પણ પ્રજા સેવા

કરે છે. પરંતુ રાજા જાતે ગુણી હોય પણ તેનો પરિવાર (પાસવાન) દુષ્ટ-દુર્ગુણી-વ્યસની હોય તો સર્પથી વિટાયલા વૃક્ષનો જેમ કોઈ આશ્રય કરતું નથી, તેમ તેવા ગુણી રાજાનો કોઈ આશ્રય કરતું નથી. ૧૧

निरुन्धानाः सतां मार्गं भक्षयन्ति महीपतिम् ।
दुष्टात्मानस्तु सचिवास्तस्मात् सुसचिवो भवेत् ॥१२॥

દુષ્ટ સચિવો (મંત્રીઓ) રાજાની પાસે સત્પુરુષોના માર્ગને રુંધી રાખે છે (અર્થાત્ ગુણી પુરુષોને રાજાની પાસે આવવા દેતા નથી) અને રાજાને ખાઈ જાય છે (અર્થાત્ તેનું સર્વ ધન પંડે ખાઈ જાય છે), માટે રાજાએ સારા કાર્યભારીને રાખવો જોઈએ. ૧૨

विभूतीः परमाः प्राप्य सतां सम्भोग्यतामियात् ।
यासु सन्तो न तिष्ठन्ति ता वृथैव विभूतयः ॥ १३ ॥

રાજાએ ઉત્તમ રાજ્યવૈભવો મેળવવા અને તે વૈભવોનો સત્પુરુષોને ઉપભોગ કરાવવો. જે રાજ્યવૈભવો સત્પુરુષોના ઉપભોગમાં આવતા નથી, તે રાજ્યવૈભવોને વૃથા જ જાણવા. ૧૩

રાજાના આત્મગુણો

वाग्मी प्रगल्भः स्मृतिमानुदग्रो बलवान् वशी ।
नेता दण्डस्य निपुणः कृतविद्यः स्ववग्रहः ॥ १४ ॥
पराभियोगप्रसहः सर्वदृष्टप्रतिक्रियः ।
परच्छिद्रान्ववेक्षी च सन्धिविग्रहतत्त्वविद् ॥ १५ ॥
गूढमन्त्रप्रचारश्च देशकालविभागविद् ।
आदाता सम्यगर्थानां विनियोक्ता च पात्रविद् ॥ १६ ॥
क्रोधलोभभयद्रोहस्तम्भचापलवर्जितः ।
परोपतापपैशुन्यमात्सर्येर्ष्यानृतातिगः ॥ १७ ॥

वृद्धोपदेशसम्पन्नः श्लक्ष्णो मधुरदर्शनः ।
गुणानुरागी मितवागात्मसम्पत् प्रकीर्तिता ॥ १८ ॥

યુક્તિપૂર્વક બોલનારો, સભામાં બીજાઓને દબાવી દઈને બોલનારો, ઘણા કાળ ઉપર થયેલી, નજરે જોયેલી અથવા તો કાને સાંભળેલી વાત યાદ રાખનારો, ઉન્નત કાયાવાળો, બળવાન્, જિતેંદ્રિય, ચાર અંગવાળી સેનાનો પ્રયોગ કરનાર, ગીત નૃત્યાદિક કળામાં કુશળ, શાસ્ત્રનો અભ્યાસ કરનારો, ભૂલથી કુકાર્યમાં પ્રવૃત્ત થયા છતાં સુખે કરીને તેમાંથી પાછો વાળી શકાય તેવો, શત્રુઓએ કરેલા હુલ્લાને સહન કરનારો, સર્વ પ્રકારની લૌકિક આપત્તિ આવી પડતાં તેના ઉપાય જાણનારો, દૂતદ્વારા શત્રુનાં છિદ્રનું અવલોકન કરનારો, સંધિનાં તથા વિગ્રહનાં તત્વને જાણનારો, રાજકીય વિચારને તથા તેના પ્રયોગોને ગુપ્ત રીતે કરનારો, દેશના તથા કાળના વિભાગને જાણનારો, શાસ્ત્રાનુસાર પ્રજાની પાસેથી કર લેનારો, ધનની યોગ્ય વ્યવસ્થા કરનારો, પાત્રને જાણનારો, ક્રોધ, લોભ, ભય, દ્રોહ, સ્તંભ (અક્કડપણું) અને ચપળપણાથી રહિત, પરને સંતાપવા, ચાડીયાપણું, માત્સર્ય, ઇર્ષા અને અસત્ય ભાષણ કરવું આ સર્વનો ત્યાગ કરનાર, વૃદ્ધોના ઉપદેશથી સંપત્તિમાન્, સરળ, સુંદર દેખાવનો, ગુણવાન્ ઉપર પ્રીતિવાળો અને થોડું બોલનાર, આટલી રાજાની આત્મસંપત્તિ (આત્મગુણ) કહી છે. ૧૪–૧૮

ભાવાર્થઃ–જે મનુષ્ય યુક્તિપૂર્વક વાતચિત કરે છે, તેને પોતાના અથવા તો પારકા પુરુષો ઠગી શકતા નથી, માટે રાજા યુક્તિયુક્ત સુંદર વાણી બોલનારો હોવો જોઇએ. યુદ્ધ કરવામાં, સમય ઉપર ચાલવાનો પ્રસંગ પડે તો ઘણો માર્ગ ખેડવામાં રાજા સમર્થ હોવો જોઇએ. તેથી રાજાને બળવાન્ એવું વિશેષણ આપ્યું છે. રાજાને એકવાર વિનીત શબ્દથી જિતેંદ્રિય કહ્યો છે, છતાં ફરીને વશી એટલે જિતેંદ્રિય કહ્યો છે, તેથી એમ સૂચવ્યું છે કે, રાજાએ

ખાસ જિતેંદ્રિય હોવું જ જોઇએ. પોતાના લોકો તરફથી અથવા તો શત્રુ તરફથી દુઃખ આવી પડે ત્યારે ચાર અંગવાળી સેનાનો પ્રયોગ કરનાર હોવો જોઇએ. દરેક મનુષ્યમાં ક્રોધ હોવો જ જોઇએ. ક્રોધ એક તેજ છે, પરંતુ તે ક્રોધ કયારે કરવો, કોના ઉપર કરવો ને કોના ઉપર ન કરવો, તે જાણવું જોઇએ. અહીં રાજાને ક્રોધરહિત એવું વિશેષણ આપ્યું છે, તેનો અયોગ્ય રીતે ક્રોધ નહિ કરનાર એવો અર્થ થાય છે. લોભ એટલે રાજાએ ન્યાયનાં કામ કરવામાં તો લોભ રાખવો; પરંતુ તે શિવાયનાં કામમાં લોભ રહિત રહેવું જોઇએ. ન્યાયનાં કાર્ય વિના બીજાં સર્વ કાર્ય કરવામાં ભય રાખવો, ચપળપણું એટલે વિચાર કર્યા વગર કાર્ય કરવું તે. એક બીજાની ચાડી ખાવી, એટલે પરસ્પરમાં ભેદ કરવો, માત્સર્ય એટલે બીજાઓનો ભાગ પાડ્યા વગર એકલાં ઉપભોગ કરવો તે. ઇર્ષા એટલે પરગુણોને સહન ન કરવા તે, એક વાર સત્યનું ગ્રહણ છે, છતાં ફરીને અનૃત થી રહિત એવું જે રાજાને વિશેષણ આપ્યું છે તે એમ સૂચવવાને માટે કે, રાજાએ ખાસ કરીને સત્ય ભાષણ કરવું જોઇએ. મૂળ શ્લોકમાં **मधुरदर्शनः** એટલે રાજા સુંદર દેખાવનો હોવો જોઇએ એમ જે કહ્યું છે તેનો ભાવ એ છે કે, ભ્રૂકુટિ, નેત્ર, હાથ પગ વગેરે શરીરના અવયવોને રાજાએ પ્રયોજન વગર હલાવ્યા કરવા નહિ. પરંતુ ઠાવકાપણાથી બેસી રહેવું. આ સર્વ રાજાની પોતાની સંપત્તિ એટલે ખાસ આત્મગુણ કહેવાય છે અને તે રાજામાં હોવા જ જોઇએ.

इत्यादिगुणसम्पन्ने लोकयात्राविदि स्थिरे ।
निर्वृतः पितरीवास्ते यत्र लोकः स पार्थिवः ॥ १९ ॥

જે રાજા ઉપર કહેલા ગુણોથી સંપન્ન હોય, લોકવ્યવહારને જાણતો હોય, ચપળતાથી રહિત હોય તથા પિતાની પાસે જેમ પુત્રો પરમ સુખથી વાસ કરે છે તેમ જે રાજાના અમલમાં પ્રજા પરમ સુખમાં (કોઈ પણ પ્રકારના સંતાપ વગર) જીવન ગાળે છે, તેને પાર્થિવ (પૃથ્વીનો પતિ–રાજા) જાણવો. ૧૯

ભાવાર્થઃ–પિતા જેમ પોતાના પુત્રોનું હિત કરે છે, તેમ જે રાજા

પોતાની પ્રજાનું હિત કરે છે અને પ્રજા જે રાજાના રક્ષણમાં રહીને કોઈ પણ જાતનાં દુઃખને પામતી નથી, તેને રાજા જાણવો.

आत्मसम्पद्गुणैः सम्यक् संयुक्तं युक्तकारिणम् ।
महेन्द्रमिव राजानं प्राप्य लोको विवर्द्धते ॥ २० ॥

આત્મસંપત્તિરૂપી ગુણોથી સારી રીતે સંપન્ન અને યોગ્ય કર્મ કરનારા, મહેંદ્રના જેવા રાજાને મેળવી પ્રજા અભ્યુદયને પામે છે. ૨૦

બુદ્ધિના આઠ ગુણ

शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥ २१ ॥

સાંભળવા યોગ્ય વિષયો સાંભળવાની ઇચ્છા, તેવા વિષયોનું શ્રવણ, શ્રવણ કરેલા વિષયને ધારણ કરવા, ધારણ કરેલા વિષયને સંભારી રાખવા, તેના ઉપર ઉહ એટલે વિતર્ક કરવો કે આ આ પ્રમાણે હશે કે બીજી રીતે હશે, અપોહ કહેતાં યુક્તિ રહિત અસત્ય વિષયનો ત્યાગ કરવો અને સત્ય વસ્તુનો સ્વીકાર કરવો, વિષયમાં સત્યાસત્યરૂપ વિવિધ પ્રકારનું જ્ઞાન, અને તત્વજ્ઞાન કહેતાં વસ્તુના સ્વરૂપનો નિર્ણય, આ બુદ્ધિના ગુણ છે. ૨૧

ભાવાર્થઃ–રાજાને આશ્રય કરવા યોગ્ય એકવીશ ગુણ કહ્યા, તેમાં બુદ્ધિ પણ કહી છે. તે બુદ્ધિના આઠ ગુણ છે. વિષયના ગ્રહણ અને ધારણ પછી અર્થવિજ્ઞાન કહેવું જોઇએ, અને કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પણ તે પ્રમાણે જ ક્રમ છે, છતાં કામદંકે આ શ્લોકને અનુકૂળ રહીને ઉહાપોહ પછી તેને ભણેલું છે.

ઉત્સાહના ગુણ

दाक्ष्यं शैघ्र्यं तथामर्षः शौर्यं चोत्साहलक्षणम् ।
गुणैरेतैरुपेतः सन् राजा भवितुमर्हति ॥ २२ ॥

દક્ષતા (આળસનો અભાવ), શીઘ્રતા (ઝડપથી કામ કરવું), પરાભવને સહન નહિ કરવાપણું અને શૌર્ય, આ ઉત્સાહના ગુણ છે. જે પુરુષ આભિગામિક ગુણોથી, આત્મસંપત્તિ (આત્મગુણો)થી, બુદ્ધિના ગુણોથી ને ઉત્સાહના ગુણોથી યુક્ત હોય છે, તે રાજા થવાને યોગ્ય છે.૨૨

त्यागः सत्यं च शौर्यं च त्रय एते महागुणाः ।
प्राप्नोति हि गुणान् सर्वानेतैर्युक्तो महीपतिः ॥ २३ ॥

ત્યાગ (ઉદારતા), સત્યતા અને શૌર્ય (શૂરવીરતા), આ ત્રણ મહાગુણ ગણાય છે. જે મહીપતિમાં આ ગુણો હોય છે, તે સર્વ ગુણોને મેળવે છે. ૨૩

ભાવાર્થઃ—રાજા ઉદાર મનનો હોય અને યોગ્યતા જોઈને છૂટા હાથથી ધનાદિકનું દાન કરતો હોય તો પ્રજા તે રાજાને વશ થઈને રહે છે. સત્ય ભાષણ કરતો હોય તો પ્રજા તેનાપર વિશ્વાસ રાખે છે અને શૌર્યને અંગે પ્રતાપ સંપાદન કરીને શત્રુના દેશને તાબે પણ કરે છે. આ ત્રણ ગુણ શિવાયના બીજા ગુણોનું પણ આ જ પ્રયોજન છે. આ ત્રણ ગુણથી સર્વ ગુણો સિદ્ધ થઈ શકે છે, માટે ઉદારતા (દાતાપણું), સત્ય અને શૌર્ય આ ત્રણ ગુણને મહાગુણ કહ્યા છે.

સચિવના ગુણ

कुलीनाः शुचयः शूराः श्रुतवन्तोऽनुरागिणः ।
दण्डनीतेः प्रयोक्तारः सचिवाः स्युर्महीपतेः ॥ २४ ॥

રાજાના મંત્રીઓ ઉત્તમ કુળમાં જન્મેલા, બહારથી તથા અંદરથી પવિત્ર, શૂરવીર, શાસ્ત્રવેત્તા, રાજા ઉપર પ્રીતિ રાખનારા અને દંડનીતિનો પ્રયોગ કરનારા હોવા જોઈએ. ૨૪

ભાવાર્થઃ—આ શ્લોકમાં કહેલા છ ગુણ જે પુરુષમાં હોય છે, તે પુરુષ રાજાનો સચિવ થવાને યોગ્ય છે. કારણ કે આ છ ગુણમાં બીજા સર્વ ગુણોનો સમાવેશ થાય છે.

उपधाशोधिताः सम्यगीहमानाः फलोदयम् ।
तेऽस्य सर्वं परीक्षेरन् सानुरागाः कृताकृतम् ॥ २५ ॥

ઉપાધિથી એટલે ભાવની પરીક્ષાથી પરીક્ષા કરીને શુદ્ધ કરેલ મંત્રીઓએ રાજાનાં કાર્ય સફળ કરવા માટે પ્રયત્ન કરવો. રાજાના ઉપર પ્રીતિ રાખવી અને કયું કાર્ય કર્યું છે તથા કયું કાર્ય કર્યું નથી, તે સર્વની તેઓએ પરીક્ષા કરવી. ૨૫

ઉપધા શબ્દનો અર્થ

उपेत्य धीयते यस्मादुपधेति ततः स्मृता ।
उपाय उपधा ज्ञेया तयामात्यान् परीक्षयेत् ॥ २६ ॥

भावपरीक्षार्थमुपेत्य धीयते स्फटिकमणिवद् रागेणाधीयते. इति उपधा ॥

સ્ફટિકમણિની પાસે જપાકુસુમને મૂકવાથી તેનો રંગ જેમ સ્ફટિકમણિમાં પડે છે, તેમ અંતઃકરણની પરીક્ષા કરવા માટે જેની પરીક્ષા કરવી હોય તેની પાસે જઈને તેના અંતઃકરણમાં લાલચની સ્થાપના કરવામાં આવે છે તેનું નામ ઉપધા અને તેને પરીક્ષા કરવાનો ઉપાય જાણવો. એ ઉપધાથી અમાત્યોની (કાર્યભારીઓની) પરીક્ષા કરવી. ૨૬

ભાવાર્થઃ–પુરોહિત, કાર્યભારી, સેનાપતિ વગેરે શુદ્ધ અંતઃકરણના છે કે કપટી અને દગાખોર છે, તેની પરીક્ષા કરવા માટે રાજાએ તેની પરીક્ષા કરવી. અને જો તેઓ શુદ્ધ જણાય તો જ તેઓને અધિકાર ઉપર કાયમ રાખવા; પરંતુ તેઓની પરીક્ષામાં દુષ્ટ અંતઃકરણના જણાય તો તેઓને રાજ્યમાંથી કાઢી મૂકવા. શ્રીમંતોએ પણ આ વાત ધ્યાનમાં રાખવાની છે, કારણ કે તેઓને પણ પોતાના ગૃહકાર્ય માટે અનેક પુરુષોને રાખવાનો પ્રસંગ પડે છે. માટે તેમણે પણ પુરુષોની પરીક્ષા કર્યા પછી જ તેઓની કાર્ય ઉપર યોજના કરવી, નહિતર વખતપર ભયંકર પરિણામ આવે છે. ઉપધા એટલે ભાવપરીક્ષા. તે ચાર પ્રકારની છે. ધર્મોપધા, અર્થોપધા, કામોપધા અને ભયોપધા. રાજાએ પુરોહિતને અયાજ્યને યજ્ઞ કરાવવાનું તથા નહિ ભણાવવા યોગ્યને ભણા-

વવા માટે કહેવું તથા કોઈ કાર્યમાં ઠપકો આપવો, તે પછી મંત્રી પુરોહિતની પાસે જઈને તેને એકાંતમાં કહે કે આ રાજા અધર્મિષ્ઠ છે માટે તેને અભિચાર કર્મ કરીને મારી નાંખીએ, આ વાત બીજા મંત્રીઓને પણ ગમે છે. આપણે નવા રાજાને રાજ્યાસન ઉપર બેસારીને ધર્માચરણ કરીશું, આમ કહ્યા છતાં પણ જો પુરોહિત મંત્રીની વાત માને નહિ તો પુરોહિતને શુદ્ધ જાણવો આને ધર્મોપધા કહે છે. એક મંત્રીને બીજા મંત્રીની પાસે મોકલીને કહેવરાવવું કે આ રાજા સારો નથી, માટે આ રાજાને મારી નાંખીને તેના સ્થાન ઉપર બીજા રાજાને બેસારીએ અને આપણા સંબંધીઓને અધિકારી બનાવીને ઇચ્છાનુસાર ધન સંપાદન કરીએ, આ સાંભળીને જો મંત્રી ડગે નહિ તો તેને શુદ્ધ મંત્રી જાણવો. આનું નામ અર્થોપધા જાણવી. રાજાના અંતઃપુરમાં રહેનારી દાસીને મંત્રીની પાસે મોકલવી અને તેને કહેવરાવવું કે રાજાની રાણી તમને બહુ જ ચહાય છે માટે આપની શી ઇચ્છા છે, તમે રાણીની ઇચ્છા પૂર્ણ કરશો તો મહાન્ કાર્ય કરી શકશો અને રાજ્યના ધણી થઈ પડશો, છતાં જો તે ડગે નહિ તો તેને પરીક્ષામાં શુદ્ધ જાણવો, અને આને કામોપધા કહે છે. રાજાના કોઈ વિશ્વાસુ પુરુષ અમાત્ય સેનાપતિ વગેરેની પાસે જઈ તેને કહે કે, રાજા તમારાં ઘરબાર લુંટી લઈ, તમને કેદ કરીને મારી નાંખવાના છે, માટે તમે તેની સામે હલ્લો કરો, છતાં તેઓ રાજાનું અનિષ્ટ કરે નહિ તો તેને શુદ્ધ જાણવો અને આને ભયોપધા કહે છે. આ રીતે પુરોહિત, અમાત્ય, (મંત્રી), સેનાપતિ વગેરેની ચાર પ્રકારે પરીક્ષા કરીને રાજાએ રાજ્યમાં રાખવા, કે જેથી પોતાને પરિણામે દુઃખ થાય નહિ.

કર્મસચિવના ગુણ

स्ववग्रहो जानपदः कुलशीलबलान्वितः ।
वाग्मी प्रगल्भश्चक्षुष्मानुत्साही प्रतिपत्तिमान् ॥ २७ ॥
स्तम्भचापलहीनश्च मैत्रः क्लेशसहः शुचिः ।
सत्यसत्त्वधृतिस्थैर्यप्रभावारोग्यसंयुतः ॥ २८ ॥
कृतशिल्पश्च दक्षश्च प्रज्ञावान् धारणान्वितः ।
दृढभक्तिरकर्त्ता च वैराणां सचिवो भवेत् ॥ २९ ॥

પોતાની ભૂલ જણાય તો દુરાગ્રહ છોડી દઈને સત્યને સ્વીકારનાર, પોતાના જ દેશમાં જન્મેલો, કુલીન, શીલસંપન્ન, બળવાન્, યુક્તિયુક્ત ભાષણ કરનાર, સભામાં સર્વને દબાવી દઈને ભાષણ કરનાર, વિદ્યારૂપી નેત્રવાળો, ઉત્સાહી, ભયથી ભૂલ થઈ જાય તો તુરત તેમાં સુધારો કરનાર, અથવા તો પ્રતિભા શક્તિવાળો, અભિમાનથી અક્કડ નહિ રહેનારો, ચપળતાથી રહિત, મિત્રોને સંપાદન કરનાર, દુઃખ સહન કરનાર, બહારથી તથા અંદરથી શુદ્ધ અથવા તો ચાર પ્રકારની પરીક્ષામાં શુદ્ધ નિવડેલ, સત્યવાદી, અભ્યુદય વખતે અથવા તો સંકટ સમયે વિકાર નહિ પામનારો, ધીરજધારી, પોતાના રાજાને છોડીને બીજે ઠેકાણે ફાંફાં નહિ મારનાર, પ્રભુતાશાળી, આરોગ્યવાન્, સર્વ કળામાં કુશળ, કાર્યકુશળ, બુદ્ધિના આઠ ગુણોથી સંપન્ન, સાંભળેલા વિષયને યાદ રાખનાર, રાજા ઉપર અચળ ભક્તિ રાખનાર તથા કોઇની સાથે વૈર નહિ કરનાર, આવા ગુણવાળો પુરુષ સચિવ (મંત્રી) હોવો જોઇએ. ૨૭-૨૯

ભાવાર્થઃ-૨૭-૨૮ અને ૨૯ આ ત્રણ શ્લોકમાં સચિવના એટલે મંત્રીના ગુણ કહ્યા છે. સચિવ એટલે મંત્રી. તે બે પ્રકારના હોય છે. એક બુદ્ધિસચિવ અને બીજો કાર્યસચિવ. ઉપર જે ગુણો ગણાવ્યા છે, તે બન્ને પ્રકારના સચિવના સાધારણ ગુણ છે. સચિવ પોતાના દેશનો જ હોવો જોઇએ, એમ કહેવાનો ભાવ એ છે કે, દેશનો હોવાથી દેશવાસી લોકોના સુખ દુઃખને તથા તેની ઇચ્છાઓને સહજ રીતે જાણી શકે છે અને તેનાં દુઃખ દૂર કરવાનો અને ઇચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. વળી સ્વદેશીને પોતાના દેશ ઉપર અને દેશના રાજા ઉપર સ્વાભાવિક રીતે પ્રેમ હોય છે, તેથી તે પોતાના દેશનું અને રાજાનું હિત કરવાનો પણ સ્વભાવિક રીતે પ્રયત્ન કરે છે. વળી તે સચિવ કુલીન હોવો જોઇએ. તેનું કારણ એવું છે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય, કે વૈશ્ય, જાતિનો કુલીન મંત્રી પોતાના રાજાને દગો દેતો નથી; તેમ શત્રુના પક્ષમાં પણ મળી જતો નથી. પરંતુ વફાદાર નિવડે છે.

વળી તે સચિવ શાસ્ત્રવેત્તા હોવો જોઇએ, કારણ કે શાસ્ત્રવેત્તા સચિવ અધર્મને માર્ગે જતો નથી પરંતુ ધર્મથી રાજકીય કાર્યો કરે છે. વળી તે, લોકોની સાથે વૈર કરનાર પણ હોવો ન જોઇએ. અર્થાત્ સામથી જ કાર્ય કરનાર હોવો જોઇએ. આ બધા ગુણો કાર્યસચિવ અને મંત્રસચિવ બન્નેના જાણવા.

મંત્રસચિવના ગુણ

स्मृतिस्तत्परतार्थेषु वितर्को ज्ञाननिश्चयः ।
दृढता मन्त्रगुप्तिश्च मन्त्रिसम्पत् प्रकीर्त्तिता ॥ ३० ॥

અનેક વર્ષોપર બનેલી બાબતનું સ્મરણ, દુર્ગઆદિક તથા સંધિ વિગ્રહાદિક કાર્ય કરવા માટે તત્પરતા, રાજકીય કાર્ય માટે વિચાર, આ આમ જ હોવું જોઇએ આવી રીતનો નિશ્ચય, આરંભેલાં કાર્યને માટે દૃઢતા અને કાર્યની સિદ્ધિ થયા સૂધી મંત્રને ગુપ્ત રાખવો આ મંત્રીની સંપત્તિ (મંત્રીના આત્મગુણ) છે. ૩૦

ભાવાર્થઃ—આ શ્લોકમાં જે ગુણ કહ્યા છે તે મંત્રીની સંપત્તિ એટલે મંત્રીના ખાસ ગુણ છે અને બુદ્ધિસચિવના પણ ગુણ છે. રાજાના સચિવ બે પ્રકારના હોય છેઃ—જે રાજકીય કાર્ય કરે છે તે કાર્યસચિવ કહેવાય છે અને જે રાજાની સાથે રાજકીય કાર્યનો વિચાર કરે છે અને રાજાને પ્રસંગે પ્રસંગે સલાહ આપ્યા કરે છે તે બુદ્ધિસચિવ કહેવાય છે. ૨૭ થી ૨૯ સૂધીમાં કર્મસચિવના ગુણ કહ્યા છે અને ૩૦ માં શ્લોકમાં બુદ્ધિસચિવના ગુણ કહ્યા છે.

પુરોહિતના ગુણ

त्रय्यां च दण्डनीत्यां च कुशलः स्यात् पुरोहितः ।
अथर्वविहितं नित्यं कुर्याच्छान्तिकपौष्टिकम् ॥ ३१ ॥

પુરોહિત અથર્વ વેદમાં, ધર્મશાસ્ત્રમાં તથા દંડનીતિમાં (નીતિ શાસ્ત્રમાં) કુશળ હોવો જોઇએ. અને તેણે રાજાને માટે અથર્વ વેદમાં કહેલું શાંતિનું તથા પુષ્ટિનું કર્મ નિત્ય કર્યા કરવું. ૩૧

ભાવાર્થઃ-પુરોહિત શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરવામાં આવી છે. पुरो धीयते नियुज्यते दृष्टादृष्टेषु इति पुरोहितः જે પુરુષને લૌકિક તથા પારલૌકિક કર્મમાં આગળ કરવામાં આવે છે તે પુરુષ પુરોહિત કહેવાય છે. પૂર્વના રાજાઓ પુરોહિત રાખતા હતા. પાંડવોના પુરોહિત ધૌમ્ય હતા અને તે પાંડવોના હિતને માટે શાંતિ પૌષ્ટિક કર્મ કર્યા કરતા હતા.

અમાત્યોના ગુણની પરીક્ષા કરવા વિશે

साधु तेषाममात्यानां तद्विद्येभ्यश्च बुद्धिमान् ।
चक्षुष्मत्तां च शिल्पं च परीक्षेत गुणद्वयम् ॥ ३२ ॥

બુદ્ધિમાન રાજાએ અમાત્યોના શાસ્ત્રીય જ્ઞાનની તથા કળા જ્ઞાનની આ બે ગુણની તે તે વિદ્યામાં કુશળ એવા પુરુષોની પાસે સારી રીતે પરીક્ષા કરાવવી. ૩૨

स्वजनेभ्यो विजानीयात् कुलं स्थानमवग्रहम् ।
परिकर्मसु दाक्ष्यं च विज्ञानं धारयिष्णुताम् ॥ ३३ ॥
गुणत्रयं परीक्षेत प्रागल्भ्यं प्रतिभां तथा ।
कथायोगेषु बुध्येत वाग्मित्वं सत्यवादिताम् ॥ ३४ ॥

અમાત્યોના સંબંધીઓની પાસેથી અમાત્યનાં કુલને, તેના નિવાસ સ્થાનને તથા સ્વભાવને જાણવા અને તેનાં આજુબાજુનાં કાર્યોમાં ડહાપણ, રાજકીય વિષયોનું જ્ઞાન તથા અમુક કાર્ય કર્યું છે અને અમુક કર્યું નથી તે વિશેની સ્મૃતિ આ ત્રણ ગુણની જાતે પરીક્ષા કરવી તથા તેની સાથે વાતચિતો કરીને તેના પ્રગલ્ભપણાની, (પ્રતિભાશક્તિની) તેના વાચાળપણાની અને સત્યવાદિપણાની પરીક્ષા કરવી. ૩૩-૩૪

उत्साहं च प्रभावं च तथा क्लेशसहिष्णुताम् ।
धृतिं चैवानुरागं च स्थैर्यं चापदि लक्षयेत् ॥ ३५ ॥

भक्तिं मैत्रीं च शौचं च जानीयाद् व्यवहारतः ।
संवासिभ्यो बलं सत्त्वमारोग्यं शीलमेव च ॥ ३६ ॥
अस्तब्धतामचापल्यं वैराणां चाप्यकर्तृताम् ।
प्रत्यक्षतो विजानीयाद् भद्रतां क्षुद्रतामपि ॥ ३७ ॥
कर्मानुमेयाः सर्वत्र परोक्षगुणवृत्तयः ।
तस्मात् परोक्षवृत्तीनां फलैः कर्म विभावयेत् ॥ ३८ ॥

પોતાને આપત્તિનો સમય આવે ત્યારે મંત્રીના ઉત્સાહની, પ્રભાવની, દુઃખ સહિષ્ણુતાની, ધૈર્યની, પ્રીતિની તથા સ્થિરતાની પરીક્ષા કરવી. વ્યવહારના પ્રસંગમાં તેની પોતાના ઉપર ભક્તિની, મિત્રતાની તથા પવિત્રતાની પરીક્ષા કરવી અને તેની સાથે સહવાસ કરનારા પુરુષોદ્વારા તેનાં બળને, સત્વને (માનસિક ધૈર્યને) આરોગ્યને તથા શીલને જાણી લેવાં. તે ઉપરાંત સરળતાને તથા સ્થિરતાને પણ સહવાસી પુરુષોદ્વારા જાણી લેવી. તથા કોઇની સાથે વૈર ન કરવાને, લોકપ્રિયતાને તથા ક્ષુદ્રતા (હલકાઇ)ને પ્રત્યક્ષ રીતે (નજરે જોઇને) જાણી લેવી. જે ગુણો આપણે પ્રત્યક્ષ જોયા ન હોય પણ બીજાની પાસેથી સાંભળ્યા હોય તે ગુણોને તેનાં કર્મ ઉપરથી જાણવા તથા જેઓના ગુણો પરોક્ષ રીતે સાંભળ્યા હોય તે પુરુષોનાં કર્મને તેના કર્મનાં ફળો ઉપરથી જાણી લેવું. ૩૫-૩૮

બુદ્ધિસચિવનું કર્તવ્ય

सज्जमानमकार्येषु निरुन्ध्युर्मन्त्रिणो नृपम् ।
गुरूणामिव चैतेषां शृणुयान्नृपतिर्वचः ॥ ३९ ॥
नरेश्वरे जगत् सर्वं निमीलति निमीलति ।
सूर्योदय इवाम्भोजं तत्प्रबोधे प्रबुध्यते ॥ ४० ॥

तद् बोधयेज्जगन्नाथं संबुध्येत यथा तथा ।
धीसत्त्वोद्योगसम्पन्नैस्तत्कार्यं तदुपाश्रितैः ॥ ४१ ॥
नृपस्य ते हि सुहृदस्त एव गुरवो मताः ।
य एनमुत्पथगतं वारयन्त्यनिवारिताः ॥ ४२ ॥
सज्जमानमकार्येषु सुहृदो वारयन्ति ये ।
सत्यं न ते हि सुहृदो गुरवो गुरवो हि ते ॥ ४३ ॥

રાજા જો વ્યસનાદિકમાં આસક્ત થઈ ગયો હોય તો મંત્રીઓએ રાજાને અટકાવવો અને રાજાએ પણ માતા, પિતા તથા આચાર્યની પેઠે મંત્રીઓનું વચન શ્રવણ કરવું. રાજાનો નાશ થવાથી આખા જગતનો માત્સ્યન્યાયથી નાશ થાય છે અને રાજાના ઉદયથી સૂર્યોદયથી જેમ કમળ પ્રફુલ્લિત થાય છે તેમ જગતનો અભ્યુદય થાય છે. માટે બુદ્ધિ, માનસિક ધૈર્ય અને ઉદ્યોગગુણવાળા રાજાના આશ્રિત પુરુષોએ (મંત્રીઓએ) રાજા જે પ્રમાણે અકાર્યનો ત્યાગ કરે અને સત્કાર્ય કરે તે પ્રમાણે રાજાને ઉપદેશ કરવો. જે પુરુષો અનીતિના માર્ગમાં ચાલનારા રાજાને, સ્વતંત્ર થઇને અટકાવે છે તે પુરુષોને જ રાજાના સ્નેહી માનવા અને તેઓને જ રાજાના ગુરુ માનવા. જે સ્નેહી પુરુષો વ્યસનોમાં આસક્ત થયેલા રાજાને વ્યસનમાંથી અટકાવે છે તેઓ રાજાના સ્નેહી જ નથી પરંતુ ખરેખર રીતે અત્યંત પૂજ્ય ગુરુ (આચાર્ય) છે. ૩૯-૪૩.

ભાવાર્થ:-મદિરા, સ્ત્રીસંગ, મૃગયા, જુગાર વગેરે વ્યસનોમાં આસક્ત થયેલા રાજાને જે મંત્રીઓ અટકાવીને ન્યાયના માર્ગ ઉપર લઈ જાય છે તે મંત્રીઓને તે રાજાના મંત્રી જ નહિ પણ પરંતુ ગુરુ જાણવા. કારણ કે તેઓ રાજાનો કુમાર્ગમાંથી ઉદ્ધાર કરીને તેને સન્માર્ગ ઉપર લઈ જાય છે.

कृतविद्योऽपि बलिना व्यक्तं रागेण रज्यते ।
रागोपरक्तचित्तः सन् किं न कुर्यादसाम्प्रतम् ॥ ४४ ॥

પુરુષ શાસ્ત્ર ભણેલો હોય તોપણ બળવતી એવી વિષયેચ્છાથી તેનું મન સ્પષ્ટ રીતે રંગાઈ જાય છે અને મન વિષયેચ્છાથી રંગાઈ ગયા પછી પુરુષ કયું અયોગ્ય કર્મ ન કરે? ૪૪

ભાવાર્થઃ–હાલમાં કેટલાએક રાજાઓ સ્ત્રી, મદિરા, વગેરેના વ્યસનમાં અત્યંત લપટાયલા છે છતાં તેના મંત્રીઓ તેના તરફ બેદરકાર રહે છે અને કોઈ તેના મંત્રીને તેના રાજાની કુટેવ વિશે ફરીયાદ કરે છે ત્યારે મંત્રી જવાબ દે છે કે; અમે શું કરીએ! રાજાજી અમારું માનતા નથી. વધારે કહેવાથી અમારી નોકરી બોઈ બેસીએ અને બેઆબરુ થઇએ તે જુદું. આમ કહીને રાજાને વ્યસનમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કરતા નથી. ત્યારે કોઈ કોઈ મંત્રી રાજા જો વ્યસની થાય તો પોતાનું ધાર્યું થાય આવી ઇચ્છાથી રાજાના વ્યસનને ઉત્તેજન આપે છે પરંતુ તેવા રાજાની પ્રજાને, દેશને અને મંત્રીને થોડાજ સમયમાં દારુણ દુઃખ વેઠવવાનો પ્રસંગ આવે છે માટે રાજમંત્રીઓનો ધર્મ છે કે પોતાના રાજાને અનીતિને માર્ગે જતાં અટકાવીને નીતિના માર્ગ ઉપર લાવવો, તેનું કલ્યાણ થાય તેવો તેને ઉપદેશ કર્યા કરવો તથા રાજકીય કાર્યોમાં રાજાનું તથા પ્રજાનું બન્નેનું કલ્યાણ થાય તેવો ઉપદેશ આપવો.

पश्यन्नपि भवत्यन्धः पुमान् रागावृतेक्षणः ।
सुहृद्वैद्याश्चिकित्सन्ति निर्मलैर्विनयाञ्जनैः ॥ ४५ ॥

પુરુષનાં નેત્ર વિષયેચ્છાથી ઢંકાઈ જાય છે ત્યારે તે દેખતાં છતાં પણ આંધળો બની જાય છે. તે સમયે સ્નેહીરૂપી વૈદ્યો વિનયરૂપી નિર્મળ અંજનથી તેની ચિકિત્સા કરે છે. ૪૫

ભાવાર્થઃ–વિનય એટલે સદુપદેશ, અમુક કર્મ કરવા યોગ્ય છે અને અમુક કર્મ કરવા યોગ્ય નથી આવો રાજાને સદુપદેશ કરીને સ્નેહીઓ રાજાને તેનાં કર્તવ્યનું ભાન કરાવે છે.

रागमानमदान्धस्य स्खलतः पृथिवीपतेः ।
हस्तावलम्बो भवति सुहृत्सचिवचेष्टितम् ॥ ४६ ॥

વિષયેચ્છાથી, અભિમાનથી અને મદથી આંધળા થયેલા અને તેને લીધે આમ તેમ લથડીયા ખાનારા રાજાને સ્નેહીઓનું અને સચિવોનું કાર્ય અવલંબનરૂપ થઈ પડે છે. ૪૬

ભાવાર્થઃ–જેમ એક આંધળો પુરુષ માર્ગ ઉપર ચાલતાં ચાલતાં માર્ગ નહિ સુઝવાથી લથડીયા ખાતો તથા ઠેસો ખાતો ચાલે છે ત્યારે તેને કોઈ હાથનો અથવા તો લાકડીનો ટેકો આપે છે તો તે સરળતાથી માર્ગ ઉપર ચાલી શકે છે. તેમ જ એક પુરુષ માન, મદ વિગેરેથી આંધળો થઈ જાય છે ત્યારે તે પોતાનાં કર્તવ્યના માર્ગ ઉપરથી ભ્રષ્ટ થવાને તૈયાર થાય છે તે સમયે તેને તેના સ્નેહીઓનો અને મંત્રીઓનો ઉપદેશ અવલંબનરૂપ (ટેકારૂપ) થઈ પડે છે. નહિતર તે કર્તવ્યના માર્ગમાંથી ભ્રષ્ટ થાય છે અર્થાત્ પડી જાય છે અને કુમાર્ગ ઉપર ચઢી જાય છે.

मदोद्वृत्तस्य नृपतेः सङ्कीर्णस्येव दन्तिनः ।
गच्छन्त्यन्यायवृत्तस्य नेतारः खलु वाच्यताम् ॥ ४७ ॥

હલકી જાતિનો હાથી મદથી ઉદ્ધત થઈને અન્યાય કરવા માંડે–(તોફાન કરવા માંડે) તો જેમ તેના માવતોની નિન્દા થાય છે તેમ એક સંકરજાતિનો રાજા રાજ્યમદને લીધે ઉદ્ધત થઈને અન્યાય કરવા માંડે તો તેના મંત્રીઓની નિન્દા થાય છે. ૪૭

રાષ્ટ્રના (દેશના) ગુણો

भूगुणैर्वर्द्धते राष्ट्रं त द्धिर्नृपवृद्धये ।
तस्माद् गुणवतीं भूमिं भूत्यै नृपतिरावसेत् ॥ ४८ ॥

ભૂમિ સારા ગુણવાળી હોય તો તેનાથી દેશથી વૃદ્ધિ થાય છે અને દેશની વૃદ્ધિથી રાજાની વૃદ્ધિ થાય છે. માટે રાજાએ પોતાના અભ્યુદયને માટે ગુણવાળી ભૂમિમાં રાજધાની સ્થાપન કરીને તેમાં વાસ કરવો. ૪૮

ભાવાર્થઃ–સાત પ્રકૃતિમાંથી સ્વામી પ્રકૃતિના તથા અમાત્ય પ્રકૃતિના ગુણ કહ્યા. તે પછી રાષ્ટ્રપ્રકૃતિના ગુણ કહેવા જોઇએ પરંતુ રાષ્ટ્ર પ્રકૃતિમાં ભૂમિનો અને દેશનો બન્નેનો સમાવેશ થાય છે માટે આ શ્લોકમાં ભૂમિના ગુણની પ્રસંશા કરવામાં આવી છે. ભૂમિ જો રસકસવાળી હોય તો આખા દેશની વૃદ્ધિ થાય છે, દેશની વૃદ્ધિથી ભંડારની વૃદ્ધિ થાય છે એટલે ખજાનો ભરપૂર થાય છે અને ભંડારની વૃદ્ધિથી સેના વગેરેમાં વધારો કરી શકાય છે. સેનામાં વધારો કરવાથી શત્રુનો દેશ તાબે કરી શકાય છે અને ઘણા દેશો વશ થવાથી રાજાની વૃદ્ધિ એટલે રાજાનો અભ્યુદય થાય છે. માટે રાજાએ ગુણવાળી કહેતાં રસકસવાળી ઉત્તમ ભૂમિમાં રાજધાની કરવી જોઇએ.

सस्याकरवती पण्यखनिद्रव्यसमन्विता ।
गोहिता भूरिसलिला पुण्यैर्जनपदैर्वृता ॥ ४९ ॥
रम्या सकुञ्जरवना वारिस्थलपथान्विता ।
अदेवमातृका चेति शस्यते भूर्विभूतये ॥ ५० ॥

જે ભૂમિમાં ધાન્યનાં ક્ષેત્ર હોય, જેમાં જળમાર્ગે તથા સ્થળમાર્ગે વ્યાપાર કરવાનાં સ્થાનો હોય, જેમાં સુવર્ણ, રૂપું વગેરે ધાતુઓની ખાણ હોય, જેમાં ગાયોને ચરવા માટે પુષ્કળ ઘાસ પાકતું હોય, જેમાં ઘણું જળ હોય, જેમાં પુણ્યવંત આર્ય લોકોથી વસાયલા દેશો હોય, જે રળીયામણી હોય, જેના વનોમાં હાથી નિપજતા હોય, જેમાં નૌકાદ્વારા તથા ઘોડા, ખચ્ચર, ઉંટ વગેરે ભારલાદી જાનવરો મારફતે વ્યાપાર ચાલતો હોય તથા જે ભૂમિ અદેવમાતૃક હોય તેવી ભૂમિ ધન આપનારી હોવાથી વખણાય છે. ૪૯–૫૦

ભાવાર્થઃ–આ શ્લોકમાં ભૂમિના ગુણ કહ્યા છે. જે દેશનો વરસાદ ઉપર આધાર હોય તે દેવમાતૃક કહેવાય છે અને જે દેશનો આધાર મોટી નદીઓની નેહેરો ઉપર હોય છે તે દેશ નદીમાતૃક કહેવાય છે. દેવમાતૃક દેશનો આધાર વરસાદ ઉપર હોય છે. જો વરસાદ થાય તો જ ધાન્ય પાકે

છે. નહિતર દેશમાં દુષ્કાળ પડે છે. પરંતુ નદીમાતૃક દેશમાં વરસાદ પડતો નથી તોપણ પાણીની નહેરોદ્વારા ધાન્ય પાકે છે માટે જ નદીમાતૃક દેશ ઉત્તમ ગણાય છે.

सशर्करोषपाषाणा साटवी नित्यतस्करा ।
रूक्षा सकण्टकवना सव्याला चेति भूरभूः ॥ ५१ ॥

જે ભૂમિમાં ઘણા કાંકરા, ખાર અને પથરા હોય, જેમાં ઉજડ જંગલો હોય, જેમાં હમેશાં ચોર વાસ કરતા હોય, જે ભૂમિ રૂક્ષ હોય, જેમાં કાંટાવાળા વૃક્ષોનાં વન હોય તથા જેમાં હિંસક પ્રાણીઓ વસતાં હોય તે ભૂમિ ભૂમિ ગણાતી નથી. ૫૧

દેશના ગુણો.

स्वाजीवो भूगुणैर्युक्तः सानूपः पर्वताश्रयः ।
शूद्रकारुवणिक्प्रायो महारम्भकृषीवलः ॥ ५२ ॥
सानुरागो रिपुद्वेषी पीडाकरसहः पृथुः ।
नानादेश्यैः समाकीर्णो धार्मिकः पशुमान् धनी ॥ ५३ ॥
ईदृग् जनपदः शस्तो मूर्खव्यसनिनायकः ।
तं वर्द्धयेत् प्रयत्नेन तस्मात् सर्वं प्रवर्त्तते ॥ ५४ ॥

સુખેથી આજીવિકા કરી શકાય તેવો, ઉપર કહેલા ભૂમિના ગુણોથી ભરપૂર, પુષ્કળ જળવાળો, પર્વતવાળો, જેમાં શૂદ્ર, કારીગરો અને વૈશ્ય (વ્યાપારી) ઘણા વસતા હોય, જેમાં મહા ઉદ્યોગી ખેડુતો વસતા હોય, જે રાજાના ઉપર પ્રીતિ ધરાવનારો હોય, રાજાના શત્રુઓ તરફ દ્વેષ રાખનારો હોય, રાજાના દંડને અને કરને સહન કરનારો હોય, વિસ્તારવાળો હોય, જૂદા જૂદા દેશના વ્યાપાર કરનારા વેપારીઓથી ભરપૂર હોય, ધર્મનાં ઘણાં કાર્યો કરનારો હોય, ઢોરઢાંખરવાળો, ધનથી ભરપૂર, જેમાં મહાજનો, મૂર્ખો અને વ્યસનીઓ વસતા

હોય તેવો દેશ ઉત્તમ ગણાય છે અને રાજાએ તે દેશને પ્રયત્નથી વધારવો. કારણ કે તેવા દેશથી સર્વ અંગવાળું રાજ્ય વૃદ્ધિ પામે છે. ૫૨-૫૪

ભાવાર્થઃ–૫૨ શ્લોકથી ૫૪ શ્લોક સુધીમાં દેશના ગુણ કહ્યા છે. જે દેશમાં હરકોઈ પણ વ્યાપારથી આજીવિકા ચાલે છે તેવા દેશમાં લોકો જઈને વાસ કરે છે અને દેશનો તે એક ગુણ ગણાય છે. હાલ મુંબઈ નગરીમાં તેવો ગુણ છે. મુંબઈમાં સૌ આજીવિકાર્થે આવે છે અને હરકોઈ પણ ધંધો કરીને પોતાની આજીવિકા કરી ખાય છે. ખેડુતો પણ દેશનું અક્ષય ધન કહેવાય છે તેમાં પણ તે જો ઉદ્યમી હોય તો દેશને મોટો ફાયદો કરી આપે છે. હાલમાં ગૂજરાતના ખેડુતો નિર્બળ સ્થિતિમાં આવી પડ્યા છે તેઓને સરકાર તરફથી સહાયતાની જરૂર છે. ગૂજરાતની ભૂમિમાંથી કાચું સુવર્ણ પાકે તેમ છે પરંતુ તેને પકવનારો ખેડુતવર્ગ દરિદ્ર સ્થિતિમાં આવી પડ્યો છે, તેથી ભૂમિનો ઘણો ભાગ પડતર, ખેડ્યા વગરનો અને વાવ્યા વગરનો પડી રહે છે માટે સરકારે ખેડુતોને સહાયતા કરવાની જરૂર છે. જે દેશમાં પ્રીતિવાળી પ્રજા વસતી હોય તે પણ દેશનો એક ગુણ ગણાય છે. તેવી પ્રજાવાળા દેશનો રાજા સદાય નિર્ભય રહે છે. રાજાનો ખજાનો ખુટી જાય અથવા તો રાજાને કોઈ વેળા ધનનું કામ પડે ત્યારે રાજા પ્રજાના ઉપર અમુક કર નાખે અને તે કર પ્રજા સહન કરે તેવો દેશ હોવો જોઇએ. વળી દેશમાં ઢોરઢાંખરો પણ હોવાં જોઇએ. ગાય, ભેંસ, બકરાં વિગેરેનાં દૂધ, દહીં, ઘી વગેરેથી દેશને લાભ થાય છે. ભાર ઉપાડનારાં પશુઓ તથા ખેતીનાં પશુઓ ભાર ઉપાડવાના કામમાં તથા ખેતીનાં કામમાં ઉપયોગી થઈ પડે છે, આ રીતે ઢોર ઢાંખરોથી પણ દેશને ઘણા ફાયદા થાય છે. દેશનો ગુણ વર્ણવતાં કામંદક કહે છે કે; દેશમાં મહાજનો, મૂર્ખો અને વ્યસનીઓ પણ હોવા જોઇએ. તેઓ પણ રાજાને ફાયદો કરે છે. કારણ કે મૂર્ખ અને વ્યસની મહાજનોને રાજા જે પ્રમાણે દોરવે છે તે પ્રમાણે તેઓ રાજાની સામે નહિ થતાં દોરાય છે અને રાજા તેનાથી મનમાનતાં કાર્યો સાધી શકે છે. પરંતુ હાલની બ્રિટીશ સરકાર તે વાતને સ્વીકારતી નથી. તેની માન્યતા

એવી છે કે, દેશના મહાજનો ભણેલ ગણેલ, સદ્‌ગુણી અને પોતાના હક્કને જાણનારા હોવા જોઇએ એ વાત ઘણી જ ખુશી થવા જેવી છે.

કિલ્લાના ગુણો

पृथुसीम महाखातमुच्चप्राकारगोपुरम् ।
समावसेत् पुरं शैलं सरिन्मरुवनाश्रयम् ॥ ५५ ॥

રાજાએ મોટા સીમાડાવાળાં, ફરતી મોટી ખાઈવાળાં, ઉચ્ચા કિલ્લાવાળાં તથા ઊંચા દરવાજાવાળાં પુરમાં (નગરમાં) રાજધાની કરીને તેમાં રહેવું, તે નગરની આસપાસ પર્વતો હોવા જોઇએ, અથવા તો તે નગરની આસપાસ નદીરૂપી જળનો કિલ્લો હોવો જોઇએ, અથવા તો તે નગરની આસપાસ મરૂદુર્ગ હોવો જોઇએ, અથવા તો તે નગરની આસપાસ વૃક્ષદુર્ગ એટલે ઘાટી ઝાડી હોવી જોઇએ. ઉપર કહેલા ચાર કિલ્લામાંથી કોઈ પણ કિલ્લો નગરની આસપાસ હોવો જોઇએ કે જેથી નગરનું રક્ષણ થાય છે. ૫૫

ભાવાર્થઃ–પૂર્વે રાજાઓ પોતાનાં રાજધાની નગરની શત્રુના ભયમાંથી રક્ષા કરવા માટે રાજધાનીના નગરની આસપાસ કિલ્લાઓ બાંધતા હતા અને યુદ્ધનો પ્રસંગ પડતાં કિલ્લામાં ઉભા રહીને યુદ્ધ કરી શકાય એટલા માટે કિલ્લા ઉપર અમુક અમુક ભાગને અંતરે મોટી મોટી તોપો ગોઠવી રાખતા હતા. જેઓ ખુલ્લા પ્રદેશમાં રાજધાની બાંધતા હતા તેઓ, પત્થરોના કિલ્લા બાંધતા અને કિલ્લાની આજુ બાજુ પાણીની ખાઇઓ બાંધતા હતા, આ ખાઈ કિલ્લાને ફરતી ખોદવામાં આવતી હતી અને તેમ બબ્બે ત્રણ ત્રણ માથોડાં પાણી હમેશાં ભર્યાં રહેતાં હતાં, લોકો મુખ્ય દરવાજાઓમાંથી નગરની બહાર તથા નગરની અંદર આવજાવ કરતા હતા અને રાત્રે તે દરવાજાઓનાં બારણાંઓને બંધ કરીને તેની આડી ભાગોળો દેવામાં આવતી હતી અને મણમણનાં વજનનાં તાળાં મારવામાં આવતાં હતાં આ તાળાંની કુચી નગરના કોટવાળને ઘેર રહેતી હતી. કોટવાળ પંદે રોજ રાત્રે જાતે દરવાજા બંધ કરતો અને પ્રભાતમાં જાતે જઇને

દરવાજા ઉઘાડતો હતો. રાજાને પણ જો ગામની બહાર જવું હોય તો કોટવાળને ત્યાંથી કુંચી મંગાવવી પડતી આવી વ્યવસ્થા હતી. આ સપાટ પ્રદેશના નગરના કિલ્લાની વાત કહી. પૂર્વે રાજાઓ નીતિશાસ્ત્રમાં કહેલા કિલ્લામાંથી કોઈ એક કિલ્લામાં પોતાની રાજધાની સ્થાપતા હતા. નીતિશાસ્ત્રમાં ૭ પ્રકારના કિલ્લા કહેલા છે. ભગવાન મનુ કિલ્લાનું વર્ણન કરતાં કહે છે કે:—

धन्वदुर्गं महीदुर्गमब्दुर्गं वार्क्षमेव वा । नृदुर्गं गिरिदुर्गं वा समाश्रित्य वसेत्पुरम् ॥

જેની ચારે દિશામાં પંદર પંદર યોજન સૂધી પાણી ન હોય તેવા પ્રદેશને ધન્વદુર્ગ (કીલ્લો) કહે છે, જેની આસપાસ પાષાણ કે ઈંટનો બાર હાથ ઉંચો બહુ વિસ્તારવાળો, યુદ્ધ કરવા માટે જેના ઉપર ફરી હરી શકાય તેવો તથા જાળીયાવાળો કીલ્લો હોય તે મહીદુર્ગ કહેવાય છે, જેની આસપાસ અગાધ પાણી ભરેલું હોય, તે જળદુર્ગ કહેવાય છે, જેની આસપાસ એક યોજન સૂધી મોટાં મોટાં ઝાડોની ઝાડી હોય તે વૃક્ષદુર્ગ કહેવાય છે, જેની આસપાસ ચારે દિશાઓમાં હાથી, રથ, ઘોડા, પાળા વગેરે ચતુરંગ સૈન્ય ઉભું હોય તે મનુષ્યદુર્ગ કહેવાય છે, જે નગર પર્વતોની હારો વચ્ચે આવેલું હોય અને જેનો માર્ગ ઘણોજ સંકોચવાળો હોય તે ગિરિદુર્ગ કહેવાય છે. આમાંના કોઈ એક દુર્ગમાં (કિલ્લામાં) નગર વસાવીને રાજાએ રહેવું. ઉપર કહેલા દુર્ગોમાં ગિરિદુર્ગ વધારે હિતકારી છે. માટે ગિરિદુર્ગ મળે ત્યાં સૂધી બીજા દુર્ગમાં રાજાએ વાસ કરવો નહિ.

जलवद् धान्यधनवद् दुर्गं कालसहं महत् ।
दुर्गहीनो नरपतिर्वाताभ्रावयवैः समः ॥ ५६ ॥

તે કિલ્લામાં જળ ભરી રાખવું, પુષ્કળ ધાન્ય અને ધન સંગ્રહી રાખવું, અને કિલ્લો મોટો કરવો. આવો કિલ્લો ઘણાં વર્ષો સૂધી શત્રુના ઘેરાને સહન કરી શકે છે. જે રાજાને કિલ્લો નથી તે રાજાની દશા પવને વિખેરી નાંખેલા વાદળાંના અવયવો સમાન થઈ પડે છે. ૫૬

औदकं पार्वतं वार्क्षमैरिणं धान्वनं तथा ।
शस्तं प्रशस्तमतिभिर्दुर्गं दुर्गोपचिन्तकैः ॥ ५७ ॥

શાસ્ત્રવેત્તા અને કિલ્લાની બાબતનો વિચાર કરનારા વિદ્વાનોએ જળદુર્ગ, પર્વતદુર્ગ, વૃક્ષદુર્ગ, અકૂપદુર્ગ અને ધન્વદુર્ગ આ રીતે કિલ્લા ગણાવ્યા છે. ૫૭

ભાવાર્થઃ–જેની આસપાસ પાણી ભરેલું હોય તે જળદુર્ગ કહેવાય છે, જેની આસપાસ પર્વતોની હારો આવેલી હોય તે પર્વતદુર્ગ કહેવાય છે, જેની આસપાસ વૃક્ષોની ઝાડી હોય તે વૃક્ષદુર્ગ કહેવાય છે, જેની આસપાસ કુવા તળાવ વગેરે જળાશય ન હોય તે અકૂપદુર્ગ કહેવાય છે. અને જેની આસપાસ ખડ પાણી વગેરે ન હોય તે ધન્વદુર્ગ કહેવાય છે.

जलान्नायुधयन्त्राढ्यं वीरयोधैराधिष्ठितम् ।
गुप्तिप्रधानमाचार्या दुर्गं समनुमेनिरे ॥ ५८ ॥

જેમાં પાણી, અન્ન, આયુધો તથા જાતજાતનાં યંત્રો હોય, જેમાં શૂરવીર યોધાઓ ચોકી કરતા હોય તથા જેમાં સંકટના સમયમાં રક્ષણ કરનારાં ગુપ્ત ભોયરાં વગેરેની રચના કરવામાં આવી હોય તેને નીતિશાસ્ત્રના આચાર્યો દુર્ગ તરિકે માને છે. ૫૮

ભાવાર્થઃ–નીતિશાસ્ત્રના આચાર્ય શુક્ર, બ્રહસ્પતિ, ચાણુક્ય વગેરે જાણવા. પૂર્વે કિલ્લાઓમાં ભોંયરાં કરવાનો ચાલ હતો. જુનાગઢમાં રાય ખેંગારના પ્રાચીન કિલ્લામાં તથા ગિરનાર પર્વતના કિલ્લામાં ઘણાં ભોયરાં હાલ જોવામાં આવે છે તે ભોયરાં પૂર્વે શત્રુના ભય વખતે છુપાઈ જવા માટે બહુ જ ઉપયોગી થઈ પડતાં હતાં.

सापसाराणि दुर्गाणि भुवः सानूपजाङ्गलाः ।
निवासाय प्रशस्यन्ते भूभुजां भूतिमिच्छताम् ॥ ५९ ॥

સંકટ વેળાએ પોતાની રાણી તથા પુત્રોની સાથે જેમાંથી બહાર નિકળી શકાય તેવા કિલ્લાઓ તથા આનૂપ અને જાંગલ દેશવાળી ભૂમિ કલ્યાણની ઇચ્છા રાખનારા રાજાઓને રહેવામાટે વખણાય છે. ૫૯

ભાવાર્થઃ—રાજાએ એવા કિલ્લા બાંધવા જોઇએ કે સંકટ સમયે કુટુંબ સાથે તેમાંથી બહાર નિકલી શકાય, રાય ખેંગારનો પ્રાચીન કિલ્લો એવી જ રીતે બાંધવામાં આવ્યો છે. તે કિલ્લામાં કેટલાએક ભૂમિગૃહો—ભોંયરાંઓ એવાં છે કે સંકટ સમયે તે દ્વારા કિલ્લાની બહાર નિકળી શકાય. જે દેશમાં ચાર પાંચ હાથ ઉપર પાણી હોય, વરસાદ ઘણો પડતો હોય અને વૃક્ષો પણ ઘણાં હોય તે દેશ આનૂપ કહેવાય છે અને જે દેશમાં ઝાડ બીલકુલ ન હોય તેમ પાણી પણ ઘણા જ ઉંડાં હોય તે દેશ જાંગલ કહેવાય છે. મુંબઈ આનૂપ દેશ છે અને કાઠિયાવાડ જાંગલ દેશ છે. આનૂપ દેશમાં જ્વરાદિક રોગોનો ઉપદ્રવ વિશેષ હોય છે. પરંતુ જાંગલ દેશમાં આરોગ્ય રહે છે. માટે જાંગલ દેશમાં વાસ કરવો લાભકારક છે.

કોશના ગુણો.

वह्वादानोऽल्पनिःस्रावः ख्यातः पूजितदैवतः ।
ईप्सितद्रव्यसम्पन्नो हृद्यः स्वामैराधिष्ठितः ॥ ६० ॥

કોશ (ધનનો ભંડાર) અથવા ખજાનો ઘણી આવકવાળો તથા ઓછા ખર્ચવાળો હોવો જોઇએ, હીરા મોતી વગેરેનાં આભૂષણોને માટે પ્રખ્યાત હોવો જોઇએ, તેમાં લક્ષ્મી, કુબેર વગેરે ધનના દેવતાની પૂજા કરવી, ઇચ્છિત પદાર્થોથી તેને ભરપૂર રાખવો, અનેક જાતનાં આભૂષણોના સંગ્રહથી તેને મનોહર બનાવવો અને તેને પોતાના વિશ્વાસુ પુરુષોના રક્ષણ નિચે રાખવો. ૬૦

ભાવાર્થઃ—કોશને એટલે ધનના ભંડારને આજુબાજુની આવકોથી ભરપૂર રાખવો અને પ્રસંગપર ખર્ચમાટે પૈસા જોતા હોય તો પણ જો બાહારની આવકમાંથી કામ ચાલતું હોય તો ભંડારમાંથી ખર્ચ કરવો નહિ. ધનના ભંડારમાં—ખજાનામાં લક્ષ્મી, કુબેર વગેરે દેવનું મૂર્તિઓની સ્થાપના

કરવી અને તેની નિત્ય પૂજા કરવી કે જેથી ભંડારમાં ધનની વૃદ્ધિ થયા કરે; વળી ભંડારમાં સર્વ પ્રકારના પદાર્થો સંગ્રહી રાખવા, કે જેથી કોઈ વસ્તુનું કામ પડે કે તેને મેળવતાં વિલંબ લાગે નહિ. વળી તેમાં અનેક જાતનાં આભૂષણો પણ તયાર રાખવાં કે જેને જોઇને લોકો પ્રસન્ન થાય તથા ભંડારની રક્ષા પોતાના વિશ્વાસુ મારફતે કરાવવી કે જેથી કોઈ કંઈ પણ લઈ જઈ શકે નહિ.

मुक्ताकनकरत्नाढ्यः पित्रृपैतामहोचितः ।
धर्मार्जितो व्ययसहः कोशः कोशज्ञसम्मतः ॥ ६१ ॥

જે કોશ મોતી, સુવર્ણ અને રત્નોથી ભરપૂર હોય, જે પોતાના બાપદાદાથી ઉતરી આવ્યો હોય, જેનો ન્યાયથી મેળવેલાં ધનથી સંગ્રહ કરવામાં આવ્યો હોય અને ગમે તેટલો ખર્ચ કર્યા છતાં પણ જે ખુટે નહિ તેવો હોય, તેવા કોશને કોશનાં સ્વરૂપને જાણનારા વિદ્વાનો કોશ (ધનભંડાર) માને છે. ૬૧

ભાવાર્થ:–આ શ્લોકમાં કોશને જે જે વિશષણો આપવામાં આવ્યાં છે તે બધાં કોશનાં સ્વરૂપને પુષ્ટિ આપનારાં છે. કોશ પોતાના બાપદાદાથી ઉતરી આવેલો હોવો જોઇએ એમ કહેવાનું તાત્પર્ય એ છે કે; કોશનો સંગ્રહ કરવાની મહેનત કર્યા વગર પોતાને પોતાના પૂર્વજો તરફથી વારસામાં મળ્યો હોય તે કોશ ઉત્તમ ગણાય છે. વળી તેમાં જુના કાળના હીરા માણેક, મોતી, વગેરે હોવાનો પણ સંભવ હોય છે. વળી આ ભંડાર અન્યાયથી એકઠો કર્યો ન હોય પણ ધર્મથી એટલે પ્રજાની પાસેથી છઠ્ઠો ભાગ લઇને એકઠો કર્યો હોય, વળી ગમે તેટલો ખર્ચ કરવામાં આવે તો પણ જે ખુટે નહિ એવો હોય અહી व्ययसहः એવો પાઠ છે તેનો જયમંગલાકાર એવો અર્થ કરે છે કે, ગમે તેવી મોટી આપત્તિઓ આવી હોય તે સમયે પણ ખર્ચ કરતાં ખુટે નહિ તેવો, આવા કોશને જ અર્થશાસ્ત્રના આચાર્યો કોશ માને છે.

धर्महेतोस्तथार्थाय भृत्यानां भरणाय च ।
आपदर्थं च संरक्ष्यः कोशः कोशवता सदा ॥ ६२ ॥

કોશના માલેક રાજાએ ધર્મ કરવામાટે, ધન સંપાદન કરવા માટે, સંબંધીઓનું તથા આશ્રિતોનું પોષણ માટે અને આપત્તિના સમયમાટે કોશની (ભંડારની) સદાય રક્ષા કરવી. ૬૨

સૈન્યના ગુણો

पितृपैतामहो वश्यः संहतो दत्तवेतनः ।
विख्यातपौरुषो जन्यः कुशलः कुशलैर्वृतः ॥ ६३ ॥
नानाप्रहरणोपेतो नानायुद्धविशारदः ।
नानायौधसमाकीर्णो नीराजितहयद्विपः ॥ ६४ ॥
प्रवासायासदुःखेषु युद्धेषु च कृतश्रमः ।
अद्वैध्यः क्षत्रियप्रायो दण्डो दण्डविदां मतः ॥ ६५ ॥

જે સૈન્ય બાપદાદાથી ઉતરી આવેલું હોય, જે પોતાના તાબામાં રહેનારું હોય એટલે આજ્ઞા પાળનારું હોય, શત્રુઓ ગમે તેટલી લાલચો આપે તો પણ જે પોતાના રાજાનો પક્ષ છોડે નહિ તેવું હોય, અથવા તો પરસ્પરમાં સંપથી રહેનારું હોય, જેનું પગાર આપીને પોષણ કરવામાં આવતું હોય, જેનું પરાક્રમ લડાઇમાં પ્રખ્યાત થયું હોય, જે પોતાના દેશના મનુષ્યોથી ઉભું કરવામાં આવ્યું હોય, જે યુદ્ધ કરવામાં કુશળ હોય, વિશ્વાસુ અને જે યુદ્ધકુશળ અધિકારી પુરુષોની દેખરેખ નિચે રહેતું હોય, જે અનેક જાતનાં હથીયારોથી સજ્જ રહેતું હોય, જે અનેક પ્રકારની યુદ્ધ-કળામાં કુશળ હોય, જે અનેક પ્રકારના યોદ્ધાઓથી ભરપૂર હોય, જેમાં નિત્ય હાથીઓની તથા ઘોડાઓની આરતી ઉતારવામાં આવતી હોય, જે પ્રવાસના દુઃખને સહન કરનારું હોય, જે કાર્યના પરિશ્રમથી થનારાં દુઃખને સહન કરનારું હોય, જે યુદ્ધોમાં પરિશ્રમ કરનારું હોય, જે રાજાથી વિરુદ્ધ નહિ પડનારું હોય, ને જેમાં ક્ષત્રિય જાતિના પુરુષો

ઘણા હોય, આવાં સૈન્યને સૈન્યના વિષયમાં કુશળતા ધરાવનારા પુરુષો સૈન્ય માને છે. ૬૩–૬૫

ભાવાર્થઃ–સૈન્ય બાપદાદાથી અનુક્રમે ઉતરી આવેલું હોવું જોઇએ. એટલે સેનાપતિના મરણ પછી તેના પુત્રને જ તેના પિતાની જગ્યા ઉપર નીમવો, તેમ સીપાઇઓમાં પણ પેઢી દરપેઢી પિતાના મરણ પછી તેના પિતાની જગ્યા ઉપર તેના પુત્રોને નિમવા. આમ કરવાથી સેનાપતિઓને અને સીપાઇઓને પોતાના રાજા ઉપર "આ અમારો રાજા છે" આવી મમતા બંધાય છે, આ રીત હિંદુસ્તાનમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે અને પરંપરાથી ઉતરી આવેલા સીપાઇઓ તથા સેનાપતિઓ હાલમાં પણ ઘણા દેશી રાજ્યોમાં હયાત છે. જેઓ પોતાના રાજાઓને પોતાના પિતા તરિકે અથવા તો પ્રભુ તરિકે માને છે અને રાજાઓ પણ તેઓને પોતાના પુત્ર સમાન માને છે. વળી સૈન્ય પોતાના રાજાના તાબામાં રહીને આજ્ઞાપાલક હોય તો જ તે સૈન્ય. પરંતુ સમય ઉપર પોતાના રાજાની સામે જ બંડ કરીને ઉભું રહે તો તે સૈન્ય ગણાય નહિ. હાલમાં કેટલેક ઠેકાણે સૈન્ય પોતાના ઉપરીઓની સામે બંડ ઉઠાવે છે એ નીતિશાસ્ત્રથી વિરુદ્ધ છે. રાજાએ પણ પોતાના સૈન્યનું સારી રીતે ભરણપોષણ કરવું જોઇએ, અન્ન અને વસ્ત્રને માટે દુઃખી થતું સૈન્ય રાજાના તાબામાં રહેતું નથી અને શત્રુઓ પણ તેવા રાજાનો સહેજમાં પરાજય કરી શકે છે માટે રાજાએ ભરણપોષણ કરીને સૈન્યને પ્રસન્ન રાખવું. તેમ જે સૈન્યે લડાઇમાં પરાક્રમ કરીને પોતાના પૌરુષને માટે પ્રખ્યાતિ મેળવી હોય તે સૈન્ય ખરું કહેવાય છે. વળી સૈન્યમાં જે સીપાઇઓ હોય તે પોતાના દેશના જ હોવા જોઇએ. કારણ કે દેશી સિપાઇઓને જેવું સ્વદેશને માટે અભિમાન રહે છે તેવું પરદેશી સિપાઇઓને રહેતું નથી. વળી સૈન્યના સિપાઇઓ યુદ્ધ કરવામાં કુશળ હોવા જોઇએ. માત્ર યુદ્ધનો વેશ પહેરીને ઉભા રહે તેમાં કંઈ વળે નહિ. સૈન્યના અધિકારી સેનાપતિઓ પણ યુદ્ધમાં કુશળ અને પોતાના વિશ્વાસપાત્ર હોવા જોઇએ, કે જેથી શત્રુના દૂતો સેનામાં ફાટફુટ કરી શકે નહિ. વળી તે સૈન્યના સીપાઇઓ તીર-કામઠાંનાં તરવારનાં, બંદુકનાં, બરછીનાં વગેરે અનેક જાતના યુદ્ધમાં કુશળ હોવા જોઇએ. ઘોડા ઉપર ચઢીને, જમીન ઉપર ઉભા રહીને અથવા તો

પાણીમાં કે નૌકા વગેરેમાં ઉભા રહીને યુદ્ધ કરવામાં કુશળ હોવા જોઇએ. સુખાળું હોવા નહિ જોઇએ પરંતુ પ્રવાસના દુઃખોને ખેડનારા, અનેક કાર્યોના પરિશ્રમોને વેઠનારા તથા જેઓએ યુદ્ધોમાં પરિશ્રમ કરી દેખાડ્યો હોય એવા સીપાઇઓનું સૈન્ય ગણાય છે. રાજ્યની રક્ષાનો મુખ્ય આધાર સૈન્ય ઉપર હોય છે માટે સૈન્યને રાજ્યના સાત અંગમાં એકઅંગ ગણેલું છે. તે અંગને સંપૂર્ણ રીતે કેળવીને ઉત્તમ બનાવવું એ રાજાનું તથા તેના મંત્રીઓનું કર્ત્તવ્ય છે. જયમંગલાકાર કહે છે કે; સૈન્યના સેનાપતિ વગેરે અધિકારીના પદ ઉપર રાજાએ પોતાના પુત્ર પૌત્રાદિકની નિમણુક કરવી અને તેઓએ સૈન્યની આસપાસ રહીને તેની રક્ષા કર્યા કરવી તથા તેના ઉપર ધ્યાન આપ્યા કરવું. વળી સૈન્યમાં હાથી ઘોડા વગેરે વાહનોની નિત્ય અથવા તો પર્વના દિવસોમાં પૂજા તથા આરતી કરવી. સૈન્યમાં મોટે ભાગે ક્ષત્રિય સીપાઇઓની ભરતી કરવી. કારણ કે તે જાત જન્મથી જ લડાયક હોય છે અને શૌર્ય, નિર્ભયતા વગેરે ગુણો તેનામાં પરંપરાથી ઉતરેલા હોય છે. વળી સૈન્યના સીપાઇઓ શત્રુઓ ગમે તેટલી લાલચો આપે તો પણ લોભાઇને શત્રુના પક્ષમાં મળે નહિ તેવા હોવા જોઇએ, અને તેઓએ એમ માનવું જોઇએ કે અમારા રાજાના ઉદયમાં જ અમારો ઉદય છે અને અમારા રાજાની પડતીમાં અમારી પણ પડતી છે. આવું સૈન્ય પોતાના રાજાનું અને પોતાના દેશનું કલ્યાણ કરી શકે છે.

મિત્રના ગુણો

त्यागविज्ञानसत्त्वाढ्यं महापक्षं प्रियंवदम् ।
आयतिक्षममद्वेष्यं मित्रं कुर्वीत सत्कुलम् ॥ ६६ ॥

મિત્ર ઉદારતાવાળો, શાસ્ત્રોના તત્ત્વને જાણનારો, માનસિક ધૈર્યવાળો, મોટા પક્ષવાળો એટલે જેના ઘણા ભાઇઓ હોય તથા જેને મામા માસી અને ફઇના પુત્રોનો મોટો પક્ષ હોય તેવો, પ્રિય બોલનારો, ભવિષ્ય કાળમાં વિકાર નહિ પામનારો, લોકોમાં દ્વેષ પાત્ર

ન હોય તેવો તથા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય તેવા પુરુષને મિત્ર કરવો. ૬૬

ભાવાર્થ:—આ શ્લોકથી રાજાએ કેવા પુરુષોની સાથે મિત્રતા કરવી એ વાત કહી છે, (ઉપાધ્યાય નિરપેક્ષા ટીકાકાર अद्वैध्यं ને ઠેકાણે अद्वैध्यं એવો પાઠ ભણે છે અને તેની ટીકા કરતાં કહે છે કે नेतरि शत्रौ च द्विधाभावरहितम् પોતાના ધણી ઉપર તથા શત્રુ ઉપર ભેદભાવ નહિ રાખનાર.)

(आदौ तन्व्यो बृहन्मध्या विस्तारिण्यः पदेपदे ।
यायिन्यो न निवर्त्तिन्यः सतां मैत्र्यः सरित्समाः ॥)

(સત્પુરુષની મિત્રતા નદીના સમાન હોય છે;—નદી જ્યાંથી ઉત્પન્ન થાય છે ત્યાં પાતળી એટલે છીછરાં પાણીવાળી હોય છે, મધ્ય ભાગમાં મોટી એટલે વિસ્તારવાળી અને ઉંડી હોય છે, આગળ જતાં જતાં મોટા વિસ્તારવાળી થઈ જાય છે, ને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે અને પાછી ફરતી નથી તેમ જ સત્પુરુષની મિત્રતા પણ આરંભમાં થોડી હોય છે, તે પછી મધ્ય ભાગમાં વધતી જાય છે, પગલે પગલે તેમાં વિસ્તાર થાતો જાય છે અને તે ઉત્તરોત્તર નભી રહે છે પરંતુ બંધ પડતી નથી.)

समुत्पन्नेषु कृच्छ्रेषु दारुणेष्वप्यसंशयम् ।
दर्शयेत् स्वच्छहृदयः कुलीनश्चतुरश्रताम् ॥ ६७ ॥

જેનો ઉપાય ન હોય એવાં ભયંકર દુઃખો આવી પડે ત્યારે પણ નિર્મળ હૃદયનો કુલીન મિત્ર સરળતાને દેખાડે છે. એટલે સરળતાથી સહાયતા કરે છે. ૬૭

पितृपैतामहं नित्यमद्वैध्यं हृदयानुगम् ।
महल्लघुसमुत्थानं मित्रं कार्यार्थमिष्यते ॥ ६८ ॥

રાજાએ આપદાદાથી ઉતરી આવેલા, હમેશાં મિત્રતાને નભાવી રાખનારા, પોતાના મનનું ધાર્યું કરનારા, સર્વ પ્રકારના ઉપાયોને જાણનારા અને પ્રસંગ પડતાં તુરત કાર્ય કરનારા પુરુષની સાથે કાર્ય માટે મિત્રતા કરવી. ૬૮

दूरादेवाभिगमनं स्पष्टार्था हृदयानुगा ।
वाक् सत्कृत्य प्रदानं च त्रिविधो मित्रसंग्रहः ॥ ६९ ॥

મિત્રને દૂરથી આવતો જોઇને તેની સામે જવું, પોતાના મનમાં જે વાત હોય તે સ્પષ્ટ રીતે તેને કહેવી તથા સત્કાર પૂર્વક ધનાદિ આપવું. આ ત્રણ મિત્રતા કરાવનારાં છે. ૬૯

धर्मकामार्थसंयोगो मित्रात् तु त्रिविधं फलम् ।
यस्मादेतत् त्रयं नास्ति तत् सेवेत न पण्डितः ॥ ७० ॥

ધર્મ, અર્થ અને કામ (સુખ) આ ત્રણ ફળ મિત્રને મિત્રની પાસેથી મળે છે. જે મિત્રની પાસેથી આ ત્રણ ફળનો લાભ થાય નહિ તેવા મિત્રને પંડિતે સેવવો નહિ. ૭૦

ભાવાર્થઃ–મિત્રે મિત્રને ધર્મનો ઉપદેશ કરીને ધર્મના માર્ગ ઉપર ચઢાવવો જોઇએ, વ્યાપારાદિકના માર્ગ ઉપર ચઢાવીને ધનનો લાભ કરાવવો જોઇએ તથા પોતાના વૈભવોનો ઉપભોગ કરાવીને તેને સુખી કરવો જોઇએ. આ ત્રણ ફળ જે એક મિત્રને પોતાના મિત્રની પાસેથી ન મળે તો કેવળ નામની જ મિત્રતા જાણવી. હાલમાં કેટલાએક પરસ્પર મિત્રતા કરે છે તે માત્ર નાટક ચેટક જોવા જવા માટે અથવા તો બે ઘડી સાથે બેસીને ગામ ગપ્પાં મારવા માટે હોય છે. આવા મિત્રને તાળી મિત્ર તરીકે ગણાવ્યા છે, કારણ કે તેઓ સંકટના સમયમાં ઉપયોગી થઈ પડતા નથી. માટે આ શ્લોકમાં કામંદક કહે છે કે પંડિતે એટલે ડાહ્યા પુરુષે તેવા તાળી મિત્રની સાથે મિત્રતા કરવી નહિ.

औरसं मैत्रसम्बद्धं तथा देशक्रमागतम् ।
रक्षितं व्यसनेभ्यश्च मित्रं ज्ञेयं चतुर्विधम् ॥ ७१ ॥

ભાઈ વગેરે સહોદરો ઔરસ મિત્ર કહેવાય છે, જેની સાથે વંશપરંપરાથી મિત્રતાનો સંબંધ હોય તે મૈત્રસંબદ્ધ મિત્ર કહેવાય છે, જેની સાથે પરંપરાથી એક દેશનો સંબંધ હોય તે દેશક્રમાગત મિત્ર કહેવાય છે અને જેનું દુઃખોમાંથી રક્ષણ કર્યું હોય તે વ્યસનરક્ષિત નામનો મિત્ર કહેવાય છે. આવી રીતે ચાર પ્રકારના મિત્ર છે. ૭૧

ભાવાર્થઃ–કૌટિલ્યે (ચાણક્યે) ત્રણ, પ્રકારના મિત્ર કહ્યા છે. સહજ, પ્રાકૃત, અને કૃત્રિમ ત્યારે કામંદક ચાર પ્રકારના મિત્ર ગણાવે છે. જે પુરુષ માતા–પિતા વગેરેની સાથે સંબંધ ધરાવનારો હોય તે સહજ મિત્ર કહેવાય છે. એક જ દેશનો રહેનારો હોય તે પ્રાકૃત મિત્ર કહેવાય છે અને જેનું સંકટમાંથી રક્ષણ કર્યું હોય અને જે આજીવિકા માટે આપણો આશ્રય કરીને રહ્યો હોય તે કૃત્રિમ મિત્ર કહેવાય છે. આ રીતે કૌટિલ્યે ત્રણ પ્રકારના મિત્ર કહ્યા છે. કામંદકે સહજના બે પ્રકાર કહીને આ શાસ્ત્રમાં ચાર પ્રકારના મિત્ર કહ્યા છે.

शुचिता त्यागिता शौर्यं समानसुखदुःखता ।
अनुरागश्च दाक्ष्यं च सत्यता च सुहृद्गुणाः ॥ ७२ ॥

પરસ્પર શુદ્ધ અંતઃકરણથી વર્તન, વ્યવહાર પ્રસંગે લેવા દેવામાં ઉદારતા, સહાયતા આપતી વખતે શૌર્ય (નિડરપણું), સુખ દુઃખમાં સરખી રીતે ભાગ લેવો, પ્રીતિ, મિત્રનું કાર્ય કરવામાં ડહાપણ અને સત્ય ભાષણ આ સ્નેહી પુરુષના ગુણ છે. ૭૨

तदर्थेहानुरागश्च सङ्क्षिप्तं मित्रलक्षणम् ।
यस्मिन्नैतन्न तन्मित्रं तत्रात्मानं न निक्षिपेत् ॥ ७३ ॥

પોતાના મિત્રને માટે કાર્ય કરવાનો પ્રયત્ન કરવો અને મિત્રનું

હિત કાર્ય કરવા ઉપર પ્રીતિ રાખવી. આ સંક્ષેપમાં મિત્રનું લક્ષણ છે. જેનામાં આ ન હોય તે મિત્ર નહિ, અને તેને પોતાનું મન આપવું નહિ. ૭૩

इति स्म राज्यं सकलं समीरितं
परं प्रतिष्ठास्य धनं सुसाधनम् ।
गृहीतमेतन्निपुणेन मन्त्रिणा
त्रिवर्गनिष्पत्तिमुपैति शाश्वतीम् ॥ ७४ ॥

આ રીતે સાતેય અંગવાળું રાજ્ય કહ્યું. આ રાજ્યની પ્રતિષ્ઠાનો એટલે સ્થિતિનો આધાર કોશના ઉપર છે. નીતિશાસ્ત્રમાં કુશળ એવો મંત્રી જો આ રાજ્યને પોતાના હાથમાં લઈને તેની સારી વ્યવસ્થા કરે છે તો રાજાને ચિરકાળ નભે તેવી ત્રિવર્ગની સિદ્ધિ થાય છે. ૭૪

ભાવાર્થઃ—રાજ્યની પ્રતિષ્ઠાનો એટલે તેની સ્થિતિનો આધાર કોશ ઉપર અને ઉત્તમ કેળવાયલી સેના ઉપર હોય છે. જો સારું કેળવાયલું સૈન્ય અને અખૂટ કોશ એટલે ખજાનો હોય તો તે રાજ્યને સંકટના સમયમાં વારંવાર સહાયતા આપે છે તથા રાજ્યનાં ધર્મ, અર્થ અને કામ આ ત્રણ ફળ છે તે ફળ પણ જો વિદ્વાન્ મંત્રીના હાથથી રાજ્યની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે તો જ રાજાને તે ત્રણનો લાભ થાય છે. માટે રાજાએ રાજનીતિવેત્તા ઉત્તમ મંત્રિના હાથમાં રાજ્ય સોંપવું. અને કોશને કહેતાં રાજ્યની તીજોરીને તથા સૈન્યને સારી સ્થિતિમાં રાખવાં કે જેથી પોતાનું રાજ્ય ચિરકાળ ટકી રહે અને રાજા તે રાજ્યમાંથી હમેશાં ધર્મનો, અર્થનો તથા કામનો (વૈભવ સુખનો) લાભ લીધા કરે.

यथान्तरात्मा प्रकृतीरधिष्ठितश्चराचरं विश्वमिदं समश्नुते ।
तथा नरेन्द्रः प्रकृतीरधिष्ठितश्चराचरं विश्वमिदं समश्नुते ॥ ७५ ॥

જેમ અંતર્યામી એવા પરમ પુરુષ (પંડે ક્રિયા રહિત છે છતાં તે) પ્રકૃતિની સાથે જોડાઇને દેવતા તરિકે આ સ્થાવર જંગમાત્મક જગતનો ઉપભોગ કરે છે, તેમ રાજા પણ અમાત્ય વગેરે પ્રકૃતિ મંડળની સહાયતાથી આ સ્થાવર જંગમરૂપ જગત્ ઉપર રાજા થઇને ધર્માદિક ત્રિવર્ગનો ઉપભોગ કરે છે. ૭૫

प्रकृतिभिरिति सम्यगन्वितो जनपदमादरवांस्तु पालयेत् ।
जनपदपरिपालनाच्चिरं व्रजति नृपः परमं श्रियः पदम् ॥ ७६ ॥

રાજાએ અમાત્ય વગેરે પ્રકૃતિમંડળની સાથે સારી રીતે જોડાઇને આદરપૂર્વક પોતાના દેશનું પાલન કરવું. દેશનું પાલન કરવાથી રાજા ચિરકાળ સૂધી લક્ષ્મીનું ઉત્તમ સ્થાન બને છે (અર્થાત્ રાજલક્ષ્મી ઘણા કાળ સૂધી તેનો આશ્રય કરે છે. ૭૬

प्रकृतिगुणसमन्वितः सुधीर्व्रजति नृपः स्पृहणीयतां पराम् ।
स च भवति रणेषु विद्विषां श्वसन इव प्रबलः पयोमुचाम् ॥७७॥

જે રાજાનું પ્રકૃતિમંડળ ગુણવાન્ હોય, રાજા પોતે પણ ગુણવાન્ અને સારી બુદ્ધિવાળો હોય, તે રાજા પ્રજામાં અત્યંત સ્પૃહણીય (પ્રીતિપાત્ર થઈ પડે છે અને વાયુ જેમ વાદળાંને વિખેરી નાખવામાટે મહાબળવાન્ છે તેમ તે રાજા પણ રણમાં શત્રુઓને નાશ કરવાને મહાબળવાન થઈ પડે છે. ૭૭

'પ્રકૃતિની સંપત્તિ' નામનું પ્રકરણ ૭ મું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં 'પ્રકૃતિની સંપત્તિ' નામનો
સર્ગ ૪ થો સમાપ્ત.

સર્ગ ૫ મો–પ્રકરણ ૮ મું

સ્વામી અને સેવકનું વૃત્ત

वृत्तस्थं वृत्तसम्पन्नाः कल्पवृक्षोपमं नृपम् ।
अभिगम्यगुणैर्युक्तं सेवेरन्ननुजीविनः ॥ १ ॥

મંત્રી વગેરે સેવકોએ સ્વધર્મમાં વર્તીને, પ્રજાનું પાલન કરનારા કલ્પવૃક્ષની પેઠે આશ્રિતોની ઇચ્છાને પૂર્ણ કરનારા અને આભિગામિક ગુણોવાળા રાજાની સેવા કરવી. ૧

ભાવાર્થઃ–આ સર્ગનું સ્વામી તથા સેવકનું વૃત્ત એવું નામ છે. એટલે આ સર્ગમાં સ્વામી કહેતાં રાજાએ મંત્રી વગેરે સેવક મંડલની સાથે કેમ વર્તવું તથા સેવકે રાજાની સાથે કેમ વર્તવું તે વિશે વર્ણન કરવામાં આવશે. રાજા પ્રધાન એટલે મુખ્ય ગણાય છે, અને સેવકો ગૌણ ગણાય છે. માટે પ્રથમ અડ્ડાવન શ્લોકમાં સેવકોનાં વર્તન વિશે કહેવામાં આવશે. મનુષ્યો જે ગુણો જોઇને રાજાની પાસે પ્રેમપૂર્વક આવે તેવા ગુણોને નીતિશાસ્ત્રમાં આભિગામિક ગુણો કહ્યા છે, આ ગુણોનું વર્ણન પૂર્વે રાજાના ગુણનાં વર્ણનમાં આવી ગયું છે.

द्रव्यप्रकृतिहीनोऽपि सेव्यः सेव्यगुणान्वितः ।
भवत्याजीवनं तस्माच्छ्लाघ्यं कालान्तरादपि ॥ २ ॥

રાજાની પાસે ધનનો ભંડાર તથા મંત્રી વગેરે પ્રકૃતિમંડળ ન હોય તોપણ તે જો આભિગામિક ગુણોથી સંપન્ન હોય તો સેવકોએ તેની સેવા કરવી. કારણ કે તેવા રાજાથી કાલાંતરે પણ શ્લાઘા કરવા યોગ્ય આજીવિકા મળે છે. ૨

સેવા કરવાને અયોગ્ય રાજા

अपि स्थाणुवदासीत शुष्यन् परिगतः क्षुधा ।
न त्वेवानात्मसम्पन्नाद् वृत्तिमीहेत पण्डितः ॥ ३ ॥

પંડિત (વિવેકી) પુરુષ ભૂખથી પીડા પામતો હોય તોપણ તેણે સુકાઈ જતાં ઝાડનાં ઠુંઠાની પેઠે બેસી રહેવું; પરંતુ રાજાના ગુણોથી રહિત એવા અર્થાત્ ગંડુ રાજાની પાસેથી આજીવિકા મેળવવાની ઇચ્છા કરવી જ નહિ. ૩

ભાવાર્થઃ–એક ઝાડને કાપી નાંખ્યું હોય અને તે સુકાઈ જતું હોય તોપણ તે પલ્લવિત થવામાટે પોતાનાં સ્થાનક ઉપરથી ખસતું નથી પરંતુ ત્યાં જ ઉભું રહીને સુકાઈ જાય છે. તેમ વિવેકી પુરુષે પણ ભૂખે મરી જવું સારું છે પરંતુ આજીવિકાને માટે ગુણહીન ગંડુ રાજાની કે ગંડુ શેઠની નોકરી કરવી યોગ્ય નથી.

अनात्मवान् नयद्वेषी वर्धयन्नरिसम्पदः ।
प्राप्यापि महदैश्वर्यं सह तेन विनश्यति ॥ ४ ॥

જે રાજામાં રાજગુણ હોય નહિ અને જે ન્યાયનો દ્વેષ કરતો હોય તે રાજા મોટાં ઐશ્વર્યવાળું રાજ્ય મેળવીને પણ શત્રુઓની સંપત્તિને વધારે છે અને મોટાં રાજ્યની સાથે પંડે પણ નાશ પામે છે. ૪

ભાવાર્થઃ–જે રાજા સદ્‌ગુણ વિનાનો હોય તેવા રાજાને કદાચ મોટું રાજ્ય મળે છે તોપણ તે અન્યાયી હોવાથી પોતાની પ્રજાને દુઃખ દે છે તેથી તેના શત્રુપક્ષની ચઢતી થાય છે ને છેવટે તે રાજા રાજ્યની પાયમાલી કરે છે અને પોતે પણ પાયમાલ થઈ જાય છે. આવા રાજાની નોકરીમાં જોડાયલા મંત્રીઓ બુદ્ધિમાન્ હોય છે તોપણ તેઓ પોતાની બુદ્ધિનો સદ્ ઉપયોગ કરી શકતા નથી અને તેઓનો પરિશ્રમ વૃથા થાય છે. માટે નાલાયક રાજાની નોકરીમાં શાણા પુરુષોએ જોડાવું યોગ્ય નથી. હાલમાં કેટલા-એક રજવાડામાં આવા બનાવો જોવામાં આવે છે. મૂર્ખ અને ગાલાવેલા રાજાઓનું ભલું કરવા જતાં મંત્રીઓને મહાન્ દુઃખ ભોગવવાનો પ્રસંગ આવી પડે છે, સામ્રાજ્ય તરફથી મોટા ઠપકાઓ સહન કરવા પડે છે અને છેવટે પારિતોષિકમાં રાજા તરફથી માનને બદલે અપમાન મળે છે.

અથવા તો ઘરબાર તજી દઈને દેશાંતર વેઠવો પડે છે અને પોતે રાજાને માટે કરેલો પરિશ્રમ ધૂળમાં મળી જાય છે.

સેવકના ધર્મો

लब्धावकाशो निपुण आत्मवत्यविकारवान् ।
स्थाने स्थैर्यमवाप्नोति मन्त्री कर्मसु निश्चितः ॥ ५ ॥

રાજા સ્થિર મનનો હોવો જોઈએ અને રાજાએ રાજકીય કાર્યો ઉપર યોજેલો મંત્રી વિકારરહિત એટલે બોલ્યા પ્રમાણે જ કાર્ય કરનારો હોવો જોઈએ, તો તે મંત્રીના પદ ઉપર સ્થિરતાથી ટકી શકે છે. ૫

ભાવાર્થઃ–રાજા સ્થિર મનનો હોય પણ મંત્રી કપટી હોય તો તે મંત્રીના પદ ઉપર ટકી શકતો નથી. તેમ મંત્રી નિષ્કપટી હોય પરંતુ રાજા ચંચળ મનનો હોય તોપણ મંત્રી મંત્રીના પદ ઉપર ટકી શકતો નથી. રાજા જેમ સ્થિર મનનો હોય તેમ જ મંત્રી નિષ્કપટી હોય તો જ બન્નેની વચ્ચે સેવ્યસેવકભાવ ટકી શકે છે.

आयत्यां च तदात्वे च यत् स्यादास्वादपेशलम् ।
तत् क्लिश्यन्नपि कुर्वीत न लोकद्विष्टमाचरेत् ॥ ६ ॥

જે કાર્ય વર્તમાનકાળમાં તથા ભવિષ્યકાળમાં મધુર ફળ આપનારું હોય તે કાર્ય સેવકે (મંત્રી વગેરેએ) કલેશ સહન કરીને પણ કરવું. પરંતુ જે કાર્ય તરફ લોકોને તિરસ્કાર હોય તેવું કાર્ય કરવું નહિ.

ભાવાર્થઃ–કેટલાએક અનુભવરહિત મંત્રીઓ પોતાના દેશના રીત-રીવાજને જાણતા છતાં પણ સમયપર એવાં કામ કરે છે, કે જેથી રાજાનું અને પ્રજાનું ઉભયનું અનિષ્ટ થાય છે. જે કાર્ય કરવાથી રાજાને લાભ થતો હોય તેવું કાર્ય કરવું એ મંત્રીનો ધર્મ છે પરંતુ લાભના કરતાં નુકસાન અધિક થવાનો સંભવ હોય તેવું કાર્ય કરવાથી રાજાને નુકસાન પહોંચે છે, માટે તેવું કામ રાજસેવકે કદી પણ કરવું નહિ. તેમ જે કામ તરફ

પ્રજાને અણગમો હોય તેવાં કામો પણ મંત્રીઓએ આરંભવાં નહિ. કારણ કે તેથી લાભના કરતાં હાનિ વિશેષ થાય છે.

तिलाश्चम्पकसंश्लेषात् प्राप्नुवन्त्यधिवासनाम् ।
रसोनभक्षास्तद्गन्धाः सर्वे साङ्क्रामिका गुणाः ॥ ७ ॥

તલ ચંપાના પુષ્પના સંસર્ગથી (સંબંધથી) સુગંધી થાય છે અને લસણના સંસર્ગથી લસણની ગંધવાળા થાય છે. આ રીતે સર્વ ગુણો સંસર્ગથી એક બીજામાં ઉતરે છે. ૭

ભાવાર્થઃ–તલના ઢગલાને ચંપાના પુષ્પથી ઢાંકી દેવામાં આવે છે તો તે તલમાં ચંપાની વાસ બેસે છે. તે પછી તે તલને પીલીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે તે ચંપાનું તેલ કહેવાય છે. તેમ તલના ઢગલામાં જો લસણ નાખવામાં આવે છે તો તેમાં લસણની વાસ બેસી જાય છે. આ રીતે એક બીજાના સંસર્ગથી એક બીજાના ગુણો પરસ્પરમાં ઉતરે છે. માટે સેવકે દુર્જન અને નિર્ગુણ રાજાની સેવા કરવી નહિ. કારણ કે તેના સંગથી તેના અધમ ગુણો પોતામાં પણ આવે છે, પછી તે રાજા ભલે મોટો ઉદાર હોય અથવા તો મોટા રાજ્યનો રાજા હોય.

अपां प्रवाहो गाङ्गोऽपि समुद्रं प्राप्य तद्रसः ।
भवत्यवश्यं तद् विद्वान् नाश्रयेदशुभात्मकम् ॥ ८ ॥

ગંગાજળનો પ્રવાહ મધુર હોવા છતાં પણ સમુદ્રમાં મળવાથી અવશ્ય ખારો થાય છે. માટે વિદ્વાન્ પુરુષે ગુણહીન રાજાનો આશ્રય કરવો નહિ. ૮

क्लिश्यन्नपि हि मेधावी शुद्धं जीवनमाचरेत् ।
तेनेह श्लाघ्यतामेति लोकेभ्यश्च न हीयते ॥ ९ ॥

બુદ્ધિમાન્ પુરુષે દુઃખ સહન કરીને પણ શુદ્ધ જીવન ગાળવું. શુદ્ધ જીવન ગાળવાથી આ જગતમાં તેનાં વખાણ થાય છે અને મરણ પછી તેને પરલોક મળે છે. ૯

अभिलक्ष्यं स्थिरं पुण्यं ख्यातं सद्भिर्निषेवितम् ।
सेवेत सिद्धिमन्विच्छन् श्लाघ्यं विन्ध्यमिवेश्वरम् ॥ १० ॥

વિંધ્ય પર્વત સર્વના કરતાં ઉંચો છે, તેથી તે સર્વનું ધ્યાન ખેંચી રહ્યો છે, સ્થિર ઉભો રહ્યો છે, સિદ્ધક્ષેત્ર હોવાથી પવિત્ર છે, સર્વત્ર પ્રખ્યાત છે, ઋષિ મુનિઓ તેના ઉપર વાસ કરીને રહે છે અને તે પ્રશંસાપાત્ર છે તેથી પુરુષો સિદ્ધિની ઇચ્છાથી જેમ વિંધ્યાચળની સેવા કરે છે, તેમ જે રાજા શ્રેષ્ઠ હોવાથી સર્વનું ધ્યાન ખેંચતો હોય, દૃઢ મનનો હોય, ધર્મનિષ્ઠ હોય, પ્રખ્યાત હોય અને સત્પુરુષો જેની સેવા કરતા હોય, તે વખાણવાયોગ્ય રાજાની સેવકે પોતાની કાર્યસિદ્ધિ કરવાની ઇચ્છાથી સેવા કરવી. ૧૦

दुरापमपि लोकेऽस्मिन् यद्यद् वस्त्वभिवाञ्छति ।
तत्तदाप्नोति मेधावी तस्मात् कार्यः समुद्यमः ॥ ११ ॥

બુદ્ધિમાન્ પુરુષ આ લોકમાં જે જે દુર્લભ વસ્તુની ઇચ્છા કરે છે, તે તે દુર્લભ વસ્તુને પણ પ્રાપ્ત કરે છે. તે માટે પુરુષે સદુદ્યમ કરવો. ૧૧

आराधयिषुः सम्यगनुजीवी महीपतिम् ।
विद्याविनयशिल्पाद्यैरात्मानमुपपादयेत् ॥ १२ ॥

સેવકને રાજાની સારી રીતે સેવા કરવાની ઇચ્છા હોય તો તેણે આન્વીક્ષિકી વગેરે વિદ્યાનું અધ્યયન કરવું, જિતેન્દ્રિય થવું તથા શિલ્પ વગેરે કળાનું જ્ઞાન સંપાદન કરવું. ૧૨

कुलविद्याश्रुतौदार्यशिल्पविक्रमधैर्यवान् ।
वपुस्सत्त्वबलारोग्यस्थैर्यशौचदयान्वितः ॥ १३ ॥

पैशुन्यद्रोहसम्भेदशाठ्यलौल्यानृतातिगः ।
स्तम्भचापलहीनश्च सेवनं कर्तुमर्हति ॥ १४ ॥

ઉત્તમ કુળમાં જન્મેલો, ચાર પ્રકારની વિદ્યા ભણેલો, સર્વ વિદ્યાનું અર્થજ્ઞાન ધરાવનારો, ઉદારતાવાળો, શિલ્પશાસ્ત્ર જાણનારો, પરાક્રમી, ધૈર્યવાન્, ઉન્નત શરીરવાળો, સત્ત્વવાળો (માનસિક બળવાળો), શારીર બળવાળો, આરોગ્યવાળો, દૃઢ વિચારવાળો અથવા તો શત્રુઓની લાલચોથી નહિ લોભાનારો, બહારથી તથા અંદરથી શુદ્ધ (પવિત્ર), દયાળુ, ચાડિયાપણાથી, પરના દ્રોહથી, પરસ્પરમાં ભેદ ઉપજાવવાનાં કર્મથી, શઠપણાથી, લલુતાથી અને અસત્યતાથી રહિત, અક્કડપણાથી તથા ચપળપણાથી રહિત, એવો પુરુષ સેવા કરવાને (રાજાની ચાકરી કરવાને) યોગ્ય ગણાય છે. ૧૩-૧૪

दक्षता भद्रता दार्ढ्यं क्षान्तिः क्लेशसहिष्णुता ।
सन्तोषः शीलमुत्साहो मण्डयन्त्यनुजीविनम् ॥ १५ ॥

કાર્યમાં કુશળતા, લોકપ્રિયતા, દૃઢતાથી કર્મમાં મંડ્યા રહેવું, ક્ષમા, દુઃખસહિષ્ણુતા, સંતોષ, શીલ (સદ્‌ગુણ) અને ઉત્સાહ આ ગુણો સેવકને શોભાવે છે. ૧૫

अर्थशौचपरो नित्यं गुणैरेभिः समन्वितः ।
भूतये भूतिसम्पन्नं साधु विश्वासयेन्नृपम् ॥ १६ ॥

નીતિથી નિત્ય ધન મેળવનારા તથા ઉપર કહેલા ગુણોથી યુક્ત એવા સેવકે ધન મેળવવામાટે ધનાઢ્ય રાજાને સારી રીતે વિશ્વાસ બેસાડવો. ૧૬

प्रविष्टः सम्यगुचिते स्थाने तिष्ठन् सुवेषवान् ।
यथाकालमुपासीत राजानं विनयान्वितः ॥ १७ ॥

રાજા અંદર આવવાની આજ્ઞા કરે ત્યારે અંદર દાખલ થવું, પોતાના અધિકારને યોગ્ય એવા સ્થાન ઉપર ઉભા રહેવું (અથવા તો બેસવું), સુંદર પોશાક પહેરવો અને વિનયી થઇને સમય પ્રમાણે રાજાની સેવા કરવી. ૧૭

परस्थानासनं क्रौर्यमौद्धत्यं मत्सरं त्यजेत् ।
विगृह्य कथनं चापि न कुर्याज्ज्यायसा सह ॥ १८ ॥

બીજાના આસન ઉપર બેસવું નહિ, ક્રૂરતા, ઉદ્ધતાઈ અને મત્સરનો ત્યાગ કરવો અને વડીલોની સામે વિરોધ કરીને બોલવું નહિ. (પરંતુ વિનયથી વાતચિત કરવી). ૧૮

विप्रलम्भं च मायां च दम्भं स्तेयं च वर्जयेत् ।
पुत्रेभ्यश्च नमस्कुर्याद्वल्लभेभ्यश्च भूपतेः ॥ १९ ॥

ઠગબાજી, માયા (કપટ), દંભ અને ચોરી આટલી બાબતનો ત્યાગ કરવો તથા રાજાના વહાલા પુત્રોને નમસ્કાર કરવા. ૧૯

न नर्मसचिवैः सार्द्धं किञ्चिदप्यप्रियं वदेत् ।
ते हि मर्मण्यभिघ्नन्ति प्रहासेनैव संसदि ॥ २० ॥

રાજાના નર્મ સચિવો (મશ્કરાઓ)ને જરા પણ અપ્રિય વચન કહેવું નહિ, કારણ કે તેઓ સભામાં મશ્કરી કરીને જ અપ્રિય કહેનારાના મર્મમાં આઘાત કરે છે. ૨૦

भर्तुरन्वासितो दृष्टिं मुहुर्नान्यत्र निक्षिपेत् ।
ब्रूयान्न किञ्चिदन्योन्यं तिष्ठेच्चास्यं विलोकयन् ॥ २१ ॥

રાજાના આસનની પાસે બેસવું, બીજે ઠેકાણે વારંવાર જોયા કરવું નહિ, અને પરસ્પરમાં કંઈ વાત કરવી નહિ પરંતુ રાજાના મુખની સામે જોયા કરવું. ૨૧

कोऽत्रेत्यहमिति ब्रूयात् सम्यगाज्ञापयेति च ।
आज्ञां चावितथां कुर्याद् यथाशक्त्यविलम्बितम् ॥ २२ ॥

રાજા હાક મારે કે અરે અહીં કોણ છે! એટલે વિનયથી ઉત્તર આપવો કે 'હું છું' આજ્ઞા કરોજી! અને રાજાની આજ્ઞાને શક્તિ અનુસાર ઝટ સફળ કરવી. ૨૨

उच्चैःप्रकथनं हासं ष्ठीवनं कुत्सितं तथा ।
जृम्भणं गात्रभङ्गं च पर्वस्फोटं वर्जयेत् ॥ २३ ॥

રાજાની સમક્ષમાં, ઘૂમ પાડીને વાત કરવી નહિ, હસવું નહિ, થુકવું નહિ, અધોવાયુ સારવો નહિ, બગાસાં ખાવાં નહિ, અંગ ભાંગવું નહિ અને હાથની આંગળીઓના ટાચકા ફોડવા નહિ. ૨૩

प्रविश्य चानुरागेण चित्तं चित्तज्ञसम्मतः ।
समर्थयंश्च तत्पक्षं साधु भाषेत भाषितः ॥ २४ ॥

રાજાની પાસે બેસનારા અને રાજાના મનનો અભિપ્રાય જાણનારા પુરુષોના માનીતા થઈ પડવું, (તેમ ન કરવાથી તેઓ દ્વેષ કરે છે) રાજાની પ્રીતિ સંપાદન કરીને રાજાના ચિત્તમાં પ્રવેશ કરવો, રાજાના પક્ષનું સમર્થન કરવું અને રાજા પૂછે ત્યારે સારી રીતે (વિનયથી) ઉત્તર આપવો. ૨૪

ભાવાર્થઃ–રાજાઓની તથા શ્રીમંતોની પાસે નિત્ય જેઓ બેસતા હોય તેઓની પ્રીતિ પણ સંપાદન કરવી પડે છે. નહિતર તેઓ રાજા કે શ્રીમાનની પાસે સેવકને ફાવવા દેતા નથી, પછી સેવક ગમે તેવો ગુણી કે ધણીનો હિતૈષી હોય. આ લેખકને પણ તેવા પ્રસંગોમાં આવવું પડ્યું છે. હું જાણતો હતો કે અમુક મારા ધણીનું નુકસાન કરે છે પરંતુ મારે તે મૂગે મોહોડે સહન કરવું પડતું હતું. ખરી વાર્તા કહેવાથી બદ્ધબળવાળા પ્રીતિપાત્ર સેવકો મારા ઉપર રુષ્ટ થવાનો પ્રસંગ ઉભો થાય એમ હતું. અને તેથી વખતસર મારું પદ પણ હું ગુમાવી બેસું એનો મને ભય હતો.

तन्नियोगेन वा ब्रूयादर्थं सुपरिनिश्चितम् ।
सुखप्रबन्धगोष्ठीषु वादे वा वादिनां मतम् ॥ २५ ॥

આનંદને માટે કાવ્યાદિકની ગોઠડિયો ચાલતી હોય ત્યારે અથવા તે । વાદીઓનો વાદ ચાલતો હોય ત્યારે રાજાની આજ્ઞાથી સારી રીતે નિર્ણય કરેલો પોતાનો મત કહી સંભળાવવો. ૨૫

विजानन्नपि न ब्रयाद्भर्त्तुः क्षिप्त्वोत्तरं वचः ।
प्रवीणोऽपि हि मेधावी वर्जयेदभिमानिताम् ॥ २६ ॥

વિદ્વાન્ પુરુષ પોતે જાણતો હોય તોપણ તેણે 'રાજાનું કહેવું ઠીક નથી' આ રીતે રાજાનાં વચનનું અપમાન કરીને બોલવું નહિ. તેમ વિદ્વાન્ પુરુષ સર્વ વિષયમાં પ્રવીણ હોય તોપણ તેણે (સભામાં) અભિમાનનો ત્યાગ કરવો. ૨૬

यद्प्युच्चैर्विजानीयान्नीचैस्तदपि कीर्त्तयेत् ।
कर्मणा तस्य वैशिष्ट्यं कथयेद् विनयान्वितः ॥ २७ ॥

પોતે વિદ્યામાં તથા કળામાં ઘણો જ પ્રવીણ હોય તોપણ તેણે તે વિષેનો ઉત્તર ધીમેથી આપવો અને વિનયથી રાજાનાં કાર્યોનાં અત્યંત વખાણ કરવાં. ૨૭

ભાવાર્થઃ—વિદ્વાને વિનયથી એટલે જ્ઞાનનું અભિમાન તજી દઈને રાજાએ કરેલાં કાર્યનાં વખાણ કરવાં પરંતુ સર્વથા મિથ્યા વખાણ કરવાં નહિ.

आपद्युन्मार्गगमने कार्यकालात्ययेषु च ।
अपृष्टोऽपि हितान्वेषी ब्रूयात् कल्याणभाषितम् ॥ २८॥

રાજાના ઉપર આપત્તિ આવવાની હોય ત્યારે, રાજા અવળે માર્ગ ચાલતો હોય ત્યારે, તથા રાજાનું કાર્ય બગડતું હોય ત્યારે તથા રાજાનાં કાર્ય કરવાનો સમય વીતી જતો હોય ત્યારે, પૂછ્યા વગર પણ હિતૈષી સેવકે રાજાને કલ્યાણનાં વચન કહેવાં. ૨૮

प्रियं तथ्यं च पथ्यं च वदेद्धर्म्यार्थ्यमेव च ।
अश्रद्धेयमसभ्यं च परोक्षं कटु चोत्सृजेत् ॥ २९ ॥

સેવકે રાજાને પ્રિય (ગમતાં) વચનો કહેવાં, તે પણ ખરાં કહેવાં (અર્થાત્ તેને ભલું મનાવવા ખાતર ખોટાં કહેવાં નહિ) પરિણામે સુખ નિપજે તેવાં વચન કહેવાં તથા ધર્મવાળાં અને અર્થવાળાં વચન કહેવાં, પરંતુ જેના ઉપર શ્રદ્ધા ઉપજે નહિ તેવું, અસભ્ય (અશ્લીલ) હિતકારક છતાં પોતે નહિ અનુભવેલું કે નહિ જોયેલું તથા કડવું એટલે કાનથી સાંભળી શકાય નહિ તેવું વચન કહેવું નહિ. ૨૯

ભાવાર્થઃ–ધર્મવાળું વચન કહેવું એટલે ઈશ્વરની ભક્તિ કરવી, ગુરુ, માતા, પિતા વગેરે વડીલો આવે ત્યારે ઉભા થઈને તેઓને માન આપવું, નમસ્કાર કરવા, જાય ત્યારે ઘરનાં બારણાં સુધી તેમની પાછળ જઈને તેઓને માન આપવું, અર્થ વચન એટલે જેના ઉપર ચઢાઈ કરવી યોગ્ય હોય તેના ઉપર ચઢાઈ કરવા માટે કહેવું તથા જે વાત પોતે જાણતા ન હોઇએ અથવા તો પોતે નજરે પણ જોઈ ન હોય તેવી વાત હિતકારક હોય તોપણ રાજાને કહેવી નહિ. તેમ કટુ વચન એટલે જે સાંભળવાથી રાજાને ગ્લાનિ ઉપજે તેવાં વચન પણ સેવકે કહેવાં નહિ જોઇએ.

परार्थं देशकालज्ञो देशे काले च साधयेत् ।
स्वार्थं च स्वार्थकुशलः कुशलेनार्थकारिणा ॥ ३० ॥

દેશ તથા કાળને જાણનારા સેવકે દેશ તથા કાળ (સમય) જોઇને પરનું કાર્ય કરી આપવું તથા સ્વાર્થ કુશળ એવા સેવકે કાર્ય કરવામાં કુશળ તથા કાર્ય કરવામાં સમર્થ એવા બીજા પુરુષદ્વારા પોતાનું કાર્ય પણ સાધવું. ૩૦

गुह्यकर्म च मन्त्रं च न भर्तुः सम्प्रकाशयेत् ।
विद्विष्टमपि नाशं च मनसापि न चिन्तयेत् ॥ ३१ ॥

સેવકે રાજાનું ગુપ્ત કાર્ય તથા છૂપા રાજકીય વિચારો જાહેર કરવા નહિ, મનમાં પણ રાજાનો દ્વેષ કરવો નહિ તથા રાજાનો નાશ કરવા વિશે મનમાં પણ વિચાર કરવો નહિ. ૩૧

स्त्रीभिस्तद्दर्शिभिः पापैर्वैरिदूतैर्निराकृतैः ।
एकार्थचर्यासङ्घातं संसर्गं च विवर्जयेत् ॥ ३२ ॥

રાજાની રાણીઓ, રાણીની પાસે રહેનારા કંચુકીઓ, પાપી મનના શત્રુ તરફના દૂતો તથા રાજાએ અપમાન કરીને કાઢી મૂકેલા પુરુષોની સાથે એકઠા મળીને કોઈ પણ કાર્ય આરંભવું નહિ તથા તેઓની સાથે સંસર્ગ (બેસવા ઉઠવાનો સંબંધ) પણ રાખવો નહિ. ૩૨

वेषभाषानुकरणं न कुर्यात् पृथिवीपतेः ।
सम्पन्नोऽपि हि मेधावी स्पर्द्धेत न च तद्गुणैः ॥ ३३ ॥

રાજાના વેશનું (પોશાકનું) તથા ભાષાનું અનુકરણ કરવું નહિ, તથા બુદ્ધિમાન્ સેવક રાજાના ગુણોથી સંપન્ન હોય તોપણ તેણે રાજાના ગુણોની સાથે સ્પર્ધા કરવી નહિ. (રાજાની બરોબરી કરવી નહિ.) ૩૩

रागापरागौ जानीयाद् भर्तुः कुशलकर्मकृत् ।
इङ्गिताकारलिङ्गाभ्यामिङ्गिताकारतत्त्ववित् ॥ ३४ ॥

સેવકે રાજાનું કુશળ કર્મ (હિતકર્મ) કર્યા કરવું, તથા ઇંગિત અને આકારના યથાર્થ સ્વરૂપને જાણનારા સેવકે ઇંગિત ઉપરથી તથા આકાર ઉપરથી રાજાની પ્રીતિને તથા અપ્રીતિને જાણવી. ૩૪

ભાવાર્થઃ—હૃદયનો અભિપ્રાય અથવા તો બાહ્ય ચેષ્ટા તે ઇંગિત અને ભ્રકૂટી ઉપર તથા મુખ ઉપર પ્રસન્નતા, વક્રતા વગેરે થવાં તેને આકાર કહે છે. આ બન્ને એક મનુષ્યની પ્રીતિનું તથા અપ્રીતિનું અનુમાન કરવામાં સાધનભૂત થઈ પડે છે. આવો બેસો વગેરે કહીને માન આપે નહિ, વાતચિત કરે નહિ, આપણા વિરુદ્ધ પક્ષનો સત્કાર કરે, આપણા વચનનો ઉત્તર આપે નહિ

એટલે જાણવું કે આની આપણા ઉપર અપ્રીતિ છે. તેમ આપણને જોઈને મુખ મ્લાન થઈ જાય, ભ્રકુટી વાંકી કરીને આપણા તરફ દૃષ્ટિ કરે, આનું નામ આકાર કહેવાય છે. તે ઉપરથી જાણવું કે આની આપણા ઉપર અપ્રીતિ છે. પરંતુ આપણે જઈએ કે ઉઠીને માન આપે, પ્રસન્ન મુખથી આવો બેસો એમ કહે, ત્યારે જાણવું કે આપણા ઉપર પ્રીતિ છે. કેટલાએક બુદ્ધિમાન્ પુરુષોને અમુક મનુષ્ય ઉપર પ્રીતિ થઈ હોય તોપણ તેઓ પ્રસન્ન મુખ રાખીને એટલે હાવકું મુખ કરીને ધીરે ધીરે વાતચિત કરે છે અને પોતાની અપ્રસન્નતા સામા મનુષ્યને જાણવા દેતા નથી. તેથી કામંદક મૂળ શ્લોકમાં લખે છે કે સેવક 'इंगिताकारतत्त्ववित्' હોવો જોઈએ. ઇંગિત તથા આકાર મનુષ્યની પ્રીતિ અપ્રીતિ જાણવાનું એક સાધન છે, માટે તેનાં તત્વને સેવકે જાણવાં જોઈએ; તો જ સેવક રાજાની પ્રીતિને અને અપ્રીતિને પારખી શકે છે. નહિતર રાજાની પ્રીતિ અપ્રીતિને તે પારખી શકતો નથી અને તેથી પોતાનાં કાર્યમાં નિષ્ફળ નિવડે છે. ૩૪

રાજાની પ્રીતિનાં ચિન્હ

दृष्ट्वा प्रसन्नो भवति वाक्यं गृह्णाति चादरात् ।
दिशत्यासनमभ्याशे कुशलं परिपृच्छति ॥ ३५ ॥
विविक्तदर्शने स्थाने रहस्ये च न शङ्कते ।
तदर्थां तत्कृतां चोच्चैराकर्णयति संकथाम् ॥ ३६ ॥
श्लाघते श्लाघनीयेषु श्लाघ्यमानं च नन्दति ।
कथान्तरेषु स्मरति प्रहृष्टः कीर्त्तयेद् गुणान् ॥ ३७ ॥
सहते पथ्यमुक्तः सन् न निन्दामनुमन्यते ।
करोति वाक्यं तस्यैव तद्वचो बहुमन्यते ॥ ३८ ॥

રાજા જોઈને પ્રસન્ન થાય છે, સેવકનું વચન આદરથી સાંભળે છે, પોતાની પાસે બેસાડે છે અને કુશળ સમાચાર પૂછે છે, પોતાને એકલાને બેસવાના સ્થાનમાં બેસાડે છે, ગુપ્ત બાબતમાં પણ શંકા

કરતો નથી, પોતાના સેવકની કોઈ વાત કરે તેને તથા સેવક વાર્તા કરે ત્યારે તેને સારી રીતે ધ્યાન આપીને સાંભળે છે, વખાણ કરવાયોગ્ય પુરુષોમાં પોતાના સેવકનાં વખાણ કરે છે, તથા કોઈ પોતાના સેવકનાં વખાણ કરતું હોય ત્યારે તેને અભિનંદન આપે છે. બીજી વાતચિતના પ્રસંગોમાં પોતાના સેવકને સંભારે છે, અને અત્યંત પ્રસન્ન થઈને સેવકના ગુણોને ગાય છે, (અપ્રિય છતાં પણ) સેવક હિતની વાત કહે તો તેને સહન કરે છે, પરંતુ તેને નિંદા માનતો નથી. તેના કહેવા પ્રમાણે જ કરે છે, તેનાં વચનને (કહેવાને) મોટું માન આપે છે, સેવકની ઉન્નતિ જોઈને પ્રસન્ન થાય છે અને તેનું દુઃખ જોઈને સંતાપ પામે છે. આ સર્વ પ્રસન્ન રાજાનાં ચિન્હ છે. ૩૫-૩૮

ભાવાર્થઃ—આ શ્લોકોમાં સેવક ઉપર પ્રસન્ન થયેલા રાજાનાં ચિન્હ વર્ણવ્યાં છે. ૩૫-૩૮

રાજાની અપ્રીતિનાં ચિન્હ

वृद्धौ प्रसन्नो भवति व्यसने परितप्यते ।
उपकारेषु माध्यस्थ्यं दर्शयत्यद्भुतेषु च ॥ ३९ ॥
तत्कृतं कर्म चान्येन कृतमित्यभिभाषते ।
विपक्षमुत्थापयति विनाशं चाप्युपेक्षते ॥ ४० ॥

સેવક અદ્‌ભુત એવા ઉપકારો કરે, તો પણ રાજા મધ્યસ્થપણું દર્શાવે છે, અમુક કાર્ય સેવકે કર્યું હોય તોપણ બીજાએ કર્યું છે એમ કહે છે, સેવકના શત્રુપક્ષને ઉત્તેજન આપીને તેની સામે ઉભો કરે છે, શત્રુપક્ષ સેવકનો નાશ કરે તોપણ તેની ઉપેક્ષા કરે છે, અર્થાત્ તેની રક્ષા કરતો નથી. ૩૯-૪૦

कार्ये संबर्द्धयत्याशां फले च कुरुतेऽन्यथा ।
यद्वाक्यं मधुरं किञ्चित् तदप्यर्थेन निष्ठुरम् ॥ ४१ ॥

અમુક કાર્ય કર્યા પછી હું તને અમુક આપીશ, આ રીતે આશા વધાર્યા કરે છે, પરંતુ કાર્ય કર્યા પછી સ્વીકારેલું ફળ આપતો નથી, જે કંઈ મધુર વચન બોલે છે તે પણ નિષ્ઠુરતાવાળી બાબતથી ભરેલું હોય છે. ૪૧

ભાવાર્થઃ-જે રાજા અપ્રસન્ન હોય છે તે, "તું અમુક કાર્ય કરીશ તો હું તને અમુક ફળ આપીશ" આ રીતે આશા આપે છે; પરંતુ કાર્ય પૂર્ણ થયા પછી તેનો બદલો આપતો નથી, તથા જેમાં પરિણામે નિંદા અથવા તો કઠોરતા હોય એવાં વચનો બોલીને સેવકને બાળ્યા કરે છે. જેમ કે, 'તેં અમારા ઉપર મોટો ઉપકાર કર્યો કે અમારા હિતૈષીઓને સહાયતા કરી વગેરે વચન બોલે છે ત્યારે જાણવું કે આ રાજા અપ્રસન્ન થયો છે, માટે કાં તો તેને અનુકૂળ વર્તીને પ્રસન્ન કરવો અથવા તો તેની સેવા છોડી દેવી.

आचरत्यात्मसंसत्सु परिवादं च केवलम् ।
अकोपोऽपि सकोपाभः प्रसन्नश्चापि निष्फलः ॥ ४२ ॥

જે રાજા પોતાની સભામાં સેવકની કેવળ નિંદા જ કર્યા કરે છે, કોપ વિનાનો હોવા છતાં કોપાયમાન જેવો દેખાય છે, પ્રસન્ન છતાં કંઈ પણ શિરપાવ વગેરે આપતો નથી, તેવા રાજાને અપ્રસન્ન જાણવો. ૪૨

हसत्यकस्माद् व्रजति रूक्षं च समुदीक्षते ।
विज्ञाप्यमानो वृत्त्यर्थं सहसोत्थाय गच्छति ॥ ४३ ॥

સેવકને જોઈને અકસ્માત્ હસવા માંડે છે અથવા તો ત્યાંથી ઉઠીને ચાલ્યો જાય છે, સ્નેહ વગર સામું જુવે છે અને આજીવિકા માટે વિજ્ઞપ્તિ કરવામાં આવે છે ત્યારે એકદમ ઉઠીને ચાલ્યો જાય છે. ૪૩

आघट्टयति मर्माणि गुणैर्न बहुमन्यते ।
सम्भावयति दोषेण वृत्तिच्छेदं करोति च ॥ ४४ ॥

મર્મમાં પીડા થાય તેવાં વચનો બોલે છે, સેવકના ગુણો જોયા છતાં પણ ઘણું માન આપતો નથી, (પોતાની દુષ્ટતા છૂપાવવા માટે) સેવકના ઉપર દોષારોપ કરે છે તથા સેવકની આજીવિકા બંધ કરે છે (આ સર્વ અપ્રસન્ન રાજાનાં લક્ષણ છે.) ૪૪

साधूक्तमपि तद्वाक्यं समर्थयति चान्यथा ।
अपवेणि कथाभङ्गं करोति विरसीभवन् ॥ ४५ ॥

સેવક હિતનાં વચન કહે છે, તેને પણ અહિતનાં ઠરાવવાનો પ્રયત્ન કરે છે, સેવક એક વાત કહેતો હોય તે પૂરી થઈ ન હોય તેટલામાં વચ્ચે જ વિરક્ત-ઉદાસીન થઇને તેને તોડી પાડે છે. અર્થાત્ સેવકની વાતને પૂરી સાંભળતો નથી. ૪૫

उपास्यमानः शयने सुप्तलक्षेण तिष्ठति ।
यत्नेनाराध्यमानोऽपि सुप्तवच्च विचेष्टते ॥ ४६ ॥

સેવક સેવા કરતો હોય ત્યારે શય્યામાં સુઈ જવાનો ઢોંગ કરીને અથવા તો સેવક પ્રયત્નથી સેવા કરતો હોય તો પણ તે સમયે પોતે નિદ્રાવશ હોય તેમ વર્તે છે. ૪૬

इत्यादि ह्यनुरक्तस्य विरक्तस्य च लक्षणम् ।
रक्ताद् वृत्तिं समीहेत विरक्तं च परित्यजेत् ॥ ४७ ॥

ઇત્યાદિ પ્રસન્ન રાજાનાં તથા અપ્રસન્ન રાજાનાં લક્ષણ છે. સેવકે પ્રસન્ન રાજાની પાસેથી આજીવિકા મેળવવી અને અપ્રસન્ન રાજાનો ત્યાગ કરવો. ૪૭

निर्गुणं ह्यपि भर्त्तारमापत्सु न परित्यजेत् ।
ततः परतरो नास्ति य आपत्सूपतिष्ठते ॥ ४८ ॥

પોતાનો રાજા ગુણરહિત હોય, તો પણ આપત્તિના સમયમાં

સેવકે તેનો ત્યાગ કરવો નહિ. જે સેવક આપત્તિકાળમાં રાજાની સેવા કરે છે, તેવા સેવકના કરતાં કોઈ પણ વિશેષ ઉત્તમ નથી. ૪૮

स्वस्थवृत्तेषु सत्त्वाढ्या नोपयान्त्यभिलक्ष्यताम् ।
विरोधः कर्मधुर्याणां तेषां नामातिरिच्यते ॥ ४९ ॥

રાજાઓ સારી સ્થિતિમાં હોય ત્યારે તેના પરાક્રમી સેવકો પ્રસિદ્ધિમાં આવતા નથી. પરંતુ જ્યારે શત્રુઓની સાથે રાજાને વિરોધ થાય છે ત્યારે મહાન્ કર્મ કરનારા સેવકો પરાક્રમ કરીને પ્રસિદ્ધિમાં આવે છે. ૪૯

ભાવાર્થઃ–રાજા જ્યારે સારી હાલતમાં હોય છે ત્યારે સેવકોને પરાક્રમ બતાવવાનો પ્રસંગ પડતો નથી; પરંતુ જ્યારે શત્રુઓ રાજાના ઉપર હલ્લો કરીને યુદ્ધ કરે છે તે સમયે સારા સેવકોને પોતાનું પરાક્રમ બતાવવાનો પ્રસંગ પડે છે. તે સમયે રાજાને સહાયતા કરનારા સેવકો પ્રસિદ્ધિમાં આવે છે. ૪૯

श्लाघ्या चानन्दनी चैव महतामुपकारिता ।
काले कल्याणमाधत्ते स्वल्पापि सुमहोदयम् ॥ ५० ॥

મોટા પુરુષો ઉપર ઉપકાર કરવો, એ પ્રશંસા કરવાયોગ્ય તથા આનંદદાયક કર્મ છે. મોટા પુરુષોનો અલ્પ ઉપકાર પણ કર્યો હોય તો તે સમય ઉપર ઘણું જ મોટું ફળ આપે છે. ૫૦

ભાવાર્થઃ–એક સામાન્ય મનુષ્યનો ઉપકાર કરવા કરતાં મહાન્ પુરુષનો ઉપકાર કરવાથી મહાન્ ફળનો લાભ થાય છે અને તેનાં ઘણાં દૃષ્ટાંતો આપણે વાંચીએ છીએ; કાઠીઆવાડના એક પ્રાચીન નવાબ એક વખતે ઉનાળામાં થોડાંક માણસોની સાથે શિકાર કરવાને પર્વતની તળેટીમાં ગયા હતા. શિકાર કરીને પાછા ફરતાં બપોર થઈ ગયા અને ગ્રીષ્મ ઋતુ હોવાથી સખત તડકો પડતો હતો, તેથી નવાબે પોતાનાં માણસોની સાથે એક વડના ઝાડની નીચે પડાવ કર્યો; તે સમયે તેને ઘણી જ ભૂખ અને તરસ લાગી હતી પરંતુ કરે શું? શહેર ચાર પાંચ ગાઉ દૂર હતું, ઘોડા પણ થાકેલા

હતા, તેથી તુરતમાં કંઈ પણ મદદ મળે તેમ ન હતું. તરસ તથા ભૂખને લીધે નવાબ બહુ જ ગભરાવા લાગ્યા. એટલામાં એક બ્રાહ્મણ ત્યાં આવી ચઢ્યો, જે પ્રભાસપાટણ તરફ જતો હતો. તેણે પણ તે જ વડના ઝાડ નીચે ઉતારો કર્યો અને દોરી કળશ્યો કાઢીને પાસેની વાવમાંથી પાણી ભરી લાવી, હાથ મોઢું ધોઈ, ધાબળી પાથરીને વિશ્રાંતિ લીધી ને પછી બીજી તરફ નવાબ બેઠા હતા ત્યાં ગયો, અને સલામ કરીને બેઠો. એટલામાં તેના પાસવાને નવાબની હકીકત કહી કે તુરત તે બ્રાહ્મણે પોતાની પાસે એક પોટકીમાં સાથવો, શેર-ભર સાકર તથા થોડીક એલચી બાંધી હતી તે બધું બહાર કાઢ્યું. સાકરનું પાણી કરી તેમાં સાથવો ડોળીને નવાબની પાસે ખાખરાના પાંદડાના પડિયામાં હાજર કર્યો. નવાબ તડકાને લીધે અને તરસ તથા ભૂખથી બહુ જ અકળાઈ ગયા હતા. તેણે તે સાથવો ખાધો અને ઠંડુ પાણી પીધું કે તેને શાંતિ વળી. તે પછી નવાબે તુરત પેલા બ્રાહ્મણનું નામ પૂછી લીધું ને કહ્યું કે મહારાજ! શહે-રમાં આવો ત્યારે મારા રંગમહેલમાં મને મળજો. આટલું કહીને સૂર્ય નમ્યો કે, નવાબ ઘોડાપર સવાર થઇને શહેરમાં ગયો. બીજે દિવસે બ્રાહ્મણ પણ નવાબના કહેવા પ્રમાણે નવાબ સાહેબની ડેાઢી આગળ જઇને નવાબ સાહેબને પોતાનું નામ લખીને સલામ કહેવરાવી કે નવાબ સાહેબે તેને અંદર આવવાનો હુકમ કર્યો. તે અંદર જઈ નવાબને સલામ ભરીને તેની સામે બેઠો. તે જ વખતે નવાબે જે બ્રાહ્મણે પોતાને ખરે વખતે સાથવો ખવરાવ્યો હતો ને થંડું પાણી પાયું હતું તેના બદલામાં તે બ્રાહ્મણને એક ગામ ભેટ કર્યું, જે હજી સૂધી તેના વારસો ખાય છે. અહીં કહેવાની મતલબ એ છે કે, મોટા ઉપર ઉપકાર કરવાથી મહાન્ ફળ મળે છે. માટે પોતાનો સમય આવે ત્યારે સેવકોએ રાજાની સેવા બજાવીને પોતાનું પરાક્રમ દર્શાવવું. ૫૦

अकार्यात् प्रतिषेधश्च कार्ये चैवानुवर्तनम् ।
सङ्क्षेपादिति सद्वृत्तं बन्धुमित्रानुजीविनाम् ॥ ५१ ॥

રાજાને અકાર્યમાંથી (હલકા કાર્યમાંથી) અટકાવવો અને સારાં કાર્ય કરવામાં પ્રેરવો. આ સંક્ષેપમાં બંધુઓનું, મિત્રોનું અને સેવકોનું સત્કૃત્ય છે. ૫૧

ભાવાર્થઃ–રાજા અથવા તો શ્રીમંત લક્ષ્મીના મદને લીધે અંધ બનીને અકાર્યમાં ઉતરી પડે તો તેના મામા, માસી, ફઈ વગેરેના પુત્રોએ, મિત્રોએ તથા સેવકોએ તેને અકાર્ય કરતાં અટકાવવો અને સારે માર્ગે ચઢાવવો. આ તેઓનું કર્તવ્ય છે.

पानस्त्रीद्यूतगोष्ठीषु राजानमभितश्चराः ।
बोधयेयुः प्रमाद्यन्तमुपायैर्नालिकादिभिः ॥ ५२ ॥

જે રાજા મદિરાપાનની ગોઠડીઓમાં, સ્ત્રીઓની ગોઠડીઓમાં અને જુગારની ગોઠડીઓમાં પ્રમત્ત થઈ ગયો હોય, તેને તેની આસપાસ રહેનારા સેવકોએ નાલિકા (ઘડી) વગેરેના ઉપાયોથી જાગૃત કરવો. ૫૨

ભાવાર્થઃ–કેટલાએક રાજાઓ રાત દિવસ દારુ પીવામાં જ ગાળે છે, કેટલાએક રાત દહાડો જનાનખાનામાં જ પડી રહે છે, ત્યારે કેટલાએક જુગાર જ રમ્યા કરે છે. પરંતુ પોતાનાં રાજ્યમાં શું બને છે, પ્રજા દુઃખી છે કે સુખી, તેની જરા પણ દરકાર કરતા નથી. આવા મૂર્ખ રાજાઓને વ્યસનમાંથી એકદમ છૂટા પાડી શકાતા નથી. બુદ્ધિમાન્ મંત્રીઓએ અને પાસવાને તેવા વ્યસની રાજાઓને તેનાં વ્યસનો મૂકાવવા માટે રાજ્યનાં દરએક કૃત્યોને માટે સમયનો નિશ્ચય કરવો, અને તેટલો સમય થઈ રહે કે ઘંટા, ઢોલ વગેરે વગાડીને રાજાને જાહેર કરવું કે હવે બીજું કાર્ય કરવાનો સમય થયો છે માટે તમારું કાર્ય આટોપો, એટલે રાજાને તુરત પોતાનાં કાર્યનું જ્ઞાન થાય. પૂર્વે આ પ્રમાણે રાજાને રાજકીય કાર્ય કરવા માટે સમયે સમયે ઘંટા, ઢોલ, ચોઘડિયાં વગેરે વગાડીને જાણ કરવામાં આવતું હતું; કે અમુક સમય થયો છે. તે કાળે સમયને દર્શાવનારી હાલના જેવી ઘડિયાળો ન હતી; પરંતુ ઘડીથી કાળનું માપ લેવામાં આવતું હતું. એક પાણીના કુંડામાં એક ત્રાંબાનો છિદ્રવાળો વાટકો મૂકવામાં આવતો હતો. તે વાટકો ડૂબી જાય એટલે એક ઘડી કહેતાં (૨૪) મીનીટ થાય, અને અઢી ઘડી થાય એટલે એક કલાક થાય. આ રીતે કાળનું માપ કરીને સમયાનુસાર રાજાને તેનાં રાજકીય તથા વ્યાવ-

હારિક કાર્ય જાણુ કરવામાં આવતાં હતાં, આ શ્લોકમાં **नालिका** શબ્દ લખ્યો છે તે એક જાતનું કાળનું માપ છે. અને તેને માટે કૌટિલ્ય અર્થ-શાસ્ત્રમાં આ પ્રમાણે લખે છે;—**सुवर्णमाषाश्चत्वारश्चतुरंगुलायामाः तत्प्रमाणकुंभ-च्छिद्रेण जलाढकास्य यावता कालेन श्रुतिः स कालो नालिका इति** ચાર માસા સુવર્ણ લેવું અને તેની એક ચાર આંગળ લાંબી પાતળી ને છેડાના ભાગમાં અણીવાળી સળી કરીને તેનાથી ધડામાં કાણું પાડવું અને તેમાં એક આઢક જેટલું પાણી ભરીને ધડાને ઉંચે લટકાવવો. તેમાંથી બધું પાણી ઝરી જાય ત્યારે એક **नालिका** નામનો સમય થાય, પ્રાચીનકાળમાં રાજદરબારમાં આ રીતે કાળ જાણુવાનાં સાધન હતાં. અને સમયનું જ્ઞાન કરવામાટે ચોઘડિયાં, ઢોલ, ઘંટા વગેરે વગાડવામાં આવતાં હતાં. હમણામાં પણ દેશી રજવાડામાં સવાર, બપોર, સાંજ અને મધ્યરાત્રે ચોઘડિયાં વગાડવામાં આવે છે. રાજાઓ પણ ચોઘડિયાનો અથવા તો ઘંટનો ધ્વનિ સાંભળીને તુરત સાવ-ધાન થતા હતા. હાલમાં રજવાડામાં મોટી ઘડિયાળો રાખવામાં આવે છે; તેની પાસે એક સંત્રી પહેરો ભર્યા કરે છે. ઘડિયાળમાં બારનો અથવા તો એકનો સમય થાય છે ત્યારે તેટલા ઘંટ વગાડીને અમુક સમય થયો છે એમ જાહેર કરે છે. મોટાં મોટાં શહેરમાં તો બપોરના અને રાતના બાર વાગે ખાસ તોપ ફોડવામાં આવે છે. ૫૨

राजानं ये ह्युपेक्षन्ते सज्जमानं विकर्मसु ।
ते गच्छन्त्यकृतात्मानः सह तेन पराभवम् ॥ ५३ ॥

જે સેવકો નીચ કૃત્યોમાં આસક્ત થયેલા રાજાની ઉપેક્ષા કરે છે અર્થાત્ રાજાનો તેમાંથી ઉદ્ધાર કરતા નથી, તે અણુસમજુ (મૂર્ખ) સેવકો રાજાની સાથે નાશ પામે છે. ૫૩

ભાવાર્થઃ—રાજા નીચ કૃત્યોમાં લપટાઈ જાય ત્યારે તેમાંથી તેનો ઉદ્ધાર કરવાનું કામ તેના સેવકોનું છે. સેવકો—નોકરો એમ સમજે કે, ભલે તે કુકૃત્યો કરે, રાજા જો આપત્તિમાં હશે તો જ આપણું ધાર્યું કાર્ય આપણે સાધી શકીશું; પરંતુ જે સેવકો આમ માને છે તેને કામંદક મૂળ શ્લોકમાં **अकृतात्मानः** એટલે અણસમજુ અને **अविकृत** કહે છે. કારણ કે જો રાજાની

સેવામાં તેઓ જોડાય છે, તેની તેઓ જો રક્ષા કરતા નથી તો કુકૃત્યમાં જોડાયલા રાજાના નાશની સાથે તેઓનો પણ એક દિવસે નાશ જ થાય છે. માટે બુદ્ધિમાન્ સેવકોનું કર્તવ્ય એ છે કે; પોતાના રાજાને કુકર્મ કરતાં અટકાવીને રાજમાર્ગ ઉપર ચઢાવવો. કારણ કે રાજાનું અને તેના સેવકનું બન્નેનું શ્રેય એક બીજાના ઉપર આધાર રાખે છે, એ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. રજવાડામાં જે જે ખાનગી નોકરોએ ને મંત્રીઓએ પોતાના રાજાને ને રાજકુમારોને દારુ, સ્ત્રી વગેરેના વ્યસનમાં ઉતારી દીધા છે, તેઓને તે રાજાના અને તેના કુમારોના મરણ પછી ભીખ માગવાનો સમય આવ્યો છે. ત્યારે કેટલાએક હમણા પોતાની જન્મભૂમિ તજી દઇને પરદેશ વેઠે છે.

जयाज्ञापय देवेति नाथ जीवेति चादरात् ।
ह्याज्ञामस्य प्रतीच्छन्तो भृत्याः कुर्युरुपासनम् ॥ ५४ ॥

હે દેવ! તમારો જય થાવ! તમે અમને આજ્ઞા કરો! હે નાથ! તમે જીવતા રહો! આવી રીતે આદરપૂર્વક સેવકોએ રાજાની પાસેથી આજ્ઞા મેળવવાની ઇચ્છા કરવી. ૫૪

ભાવાર્થઃ–રાજા જાગૃત થાય કે તેની પાસે જઇને સેવકોએ રાજાને આ શ્લોકમાં કહ્યા પ્રમાણે પ્રાર્થના કરવી. જો રાજાને જાગૃત કરવામાં આવે નહિ તો રાજા આજ્ઞા જ શાની કરે અને રાજાની આજ્ઞા વગર રાજ્યમાં અંધારું ફેલાઈ જાય છે. ૫૪

भर्तुश्चित्तानुवर्त्तित्वं सद्वृत्तमनुजीविनाम् ।
रक्षांस्यपि हि गृह्यन्ते नित्यं छन्दानुवर्त्तिभिः ॥ ५५ ॥

રાજાના વિચાર પ્રમાણે અનુસરવું, એ સેવકોનો સદાચાર છે. નિત્ય ઇચ્છા પ્રમાણે વર્તવાથી રાક્ષસોને પણ વશ કરી શકાય છે. ૫૫

धीसत्त्वोद्योगयुक्तानां किं दुरापं महात्मनाम् ।
छन्दानुवर्त्तिनां लोके कः परः प्रियवादिनाम् ॥ ५६ ॥

બુદ્ધિમાન્, માનસિક ધૈર્યવાળા તથા ઉદ્યોગશાળી મહાત્મા પુરુષને આ જગતમાં કઈ વસ્તુ દુર્લભ છે? તથા ઈચ્છા પ્રમાણે વર્તનારા પ્રિયવાદી પુરુષોને જગતમાં કોણ પરાયો પુરુષ છે? ૫૬

अलसस्याल्पदोषस्य निर्विद्यस्याकृतात्मनः ।
प्रदानकाले भवति मातापि हि पराङ्मुखी ॥ ५७ ॥

પોતાના પેટનો પુત્ર પણ આળસુ હોય, થોડાક દોષથી ભરેલો હોય, વિદ્યા ભણ્યો ન હોય અને અવિવેકી હોય તો તેને કોઈ વસ્તુ આપતી વખતે તેની માતા પણ પરાઙ્મુખી-(આડું મુખ કરી જનારી) થાય છે. ૫૭

ભાવાર્થઃ-જે સેવકો ઉદ્યમી, ભણેલ ગણેલ અને વિવેકી હોય છે તો રાજા પણ સમયે સમયે તેનો સત્કાર કરે છે; પરંતુ જે આળસુ, દુર્ગુણી, મૂર્ખ અને અવિવેકી હોય છે તો રાજા તેનો સત્કાર કરતો નથી; તેને માટે આ શ્લોકમાં એક મૂર્ખ અને આળસુ પુત્રને તેની માતા કંઈ પણ આપતી નથી એ દૃષ્ટાંત આપ્યું છે. માતા પણ જ્યારે પોતાના આળસુ, મૂર્ખ અને અવિવેકી પુત્રને જ્યારે કંઈક વસ્તુ આપવી હોય ત્યારે અખાડા કરે છે તો પછી રાજા તેવા સેવકોને ઇનામો અને ઉત્તેજનો ન આપે, એમાં આશ્ચર્ય શું? ૫૭

ये शूरा ये च विद्वांसो ये च सेवाविपश्चितः ।
तेषामेव विकासिन्यो भोग्या नृपतिसम्पदः ॥ ५८ ॥

જે સેવકો શૂરવીર હોય, જેઓ વિદ્વાન્ હોય અને જેઓ સેવા કરવામાં પંડિત હોય, તે સેવકો જ રાજાની પ્રકાશમાન સંપત્તિઓનો ઉપભોગ કરે છે. ૫૮

ભાવાર્થઃ-રાજાના સેવકોમાં શૌર્ય, વિદ્યા તથા સેવાધર્મ હોવાની ખાસ જરૂર છે. ૫૮

अप्रियोऽपि हि पथ्यः स्यादिति वृद्धानुशासनम् ।
वृद्धानुशासने तिष्ठन् म्रियतामुपगच्छति ॥ ५९ ॥

રાજાને સેવક અપ્રિય હોય તો પણ તે વૃદ્ધોની આજ્ઞા પ્રમાણે રાજાનાં મનને રુચે તે પ્રમાણે વર્તે છે તો તે કાળાંતરે રાજાને પ્રિય થઈ પડે છે. આવો વૃદ્ધોનો ઉપદેશ છે. ૫૯

ભાવાર્થઃ—સેવાથી શત્રુઓ પણ વશ થાય છે તો પછી રાજા જેવાને વશ કરવો તેમાં શું છે. અનુકૂળ વર્તન એ મંત્ર તથા તંત્ર વિનાનું એક વશીકરણ છે. માટે જ વૃદ્ધો રાજાને વશકરવામાટે સેવા કરવાનો ઉપદેશ કરે છે.

રાજાના ધર્મ

आजीव्यः सर्वभूतानां राजा पर्जन्यवद् भवेत् ।
निराजीव्यं त्यजन्त्येनं शुष्कं सर इवाण्डजाः ॥ ६० ॥

જે રાજા દાન દઈને, માન દઈને, આશ્રય આપીને તથા રક્ષણ કરીને વરસાદની પેઠે સર્વ પ્રાણીઓને આજીવિકારૂપ થઈ પડે છે, તેની સર્વ પ્રાણીઓ સેવા કરે છે. પરંતુ જે રાજા પ્રાણીઓનું પોષણ કરતો નથી તેવા રાજાનો પક્ષીઓ જેમ સૂકાયલાં સરોવરનો ત્યાગ કરે છે તેમ ત્યાગ કરે છે. ૬૦

ભાવાર્થઃ—રાજા દીનને દાન આપીને, સંભાવિતને માન આપીને, અનાથનું રક્ષણ કરીને તથા નિરાધારને આશ્રય આપીને સર્વની આજીવિકારૂપ થઈ પડે છે તો જ સેવકો તેની સેવા કરે છે, પરંતુ જે રાજા કોઇનો પણ સત્કાર કરતો નથી તેની કોઈ પણ સેવા કરતું નથી. તળાવમાં જ્યાં સૂધી પાણી ભર્યું હોય છે ત્યાં સૂધી મનુષ્યો, પશુઓ અને પક્ષીઓ તેના તટ ઉપર આવીને બેસે છે; પરંતુ પાણી સુકાઈ ગયા પછી તેની સામે કોઈ દૃષ્ટિ પણ કરતું નથી. ૬૦

कुलं वृत्तं श्रुतं शौर्यं सर्वमेतन्न गण्यते ।
दुर्वृत्ते वा सुवृत्ते वा जनो दातरि रज्यते ॥ ६१ ॥

ઉત્તમ કુળ, સદાચાર, શાસ્ત્રાભ્યાસ, ને શૌર્ય આ સર્વને કોઈ ગણકારતું નથી. પુરુષ ભલે દુરાચારી હોય કે સદાચારી હોય, પરંતુ તે જો દાતા હોય તો તેના ઉપર મનુષ્ય પ્રસન્ન રહે છે. ૬૧

अर्थार्थी जीवलोकोऽयं ज्वलन्तमुपसर्पति ।
क्षीणक्षीरां निराजीव्यां वत्सस्त्यजति मातरम् ॥ ६२ ॥

આ મર્ત્ય લોકનો માનવી ધનની ઇચ્છાવાળો છે. તે રાજ્ય લક્ષ્મીથી જળહળતા પુરુષની પાસે જાય છે. પરંતુ પોતાની માતા પણ દૂધ વગરની થઈ જાય છે અને તેનાથી પોતાની આજીવિકા ચાલતી નથી તો વાછડો જેમ ગાયનો ત્યાગ કરે છે, તેમ આજીવિકા નહિ આપનારા સ્વામીનો ત્યાગ કરે છે. ૬૨

अहापयन् नृपः कालं भृत्यानामनुवर्त्तिनाम् ।
कर्मणामानुरूप्येण वृत्तिं समनुकल्पयेत् ॥ ६३ ॥

રાજાએ સમયને નહિ જવા દેતાં પોતાને અનુસરનારા સેવકોનાં (નોકરોનાં) કાર્યો જોઇને તેના પ્રમાણમાં તેની આજીવિકા બાંધી આપવી જોઇએ. ૬૩

काले स्थाने च पात्रे च न हि वृत्तिं विलोपयेत् ।
एतद्वृत्तिविलोपेन राजा भवति गर्हितः ॥ ६४ ॥

ઉત્તરાયણ વગેરે પર્વને દિવસે બ્રાહ્મણોને દાન આપવાં, તીર્થોમાં ધનધાન્ય આપવાં, સુપાત્ર બ્રાહ્મણોને વર્ષ દહાડે દાન આપવાં, આવી રીતે પોતાના પૂર્વજોએ અથવા તો પંડે કરેલી આજીવિકાનો રાજાએ લોપ કરવો નહિ. બ્રાહ્મણો વગેરેને કરી આપેલી આજીવિકાનો ભંગ કરવાથી રાજાની જગતમાં નિંદા થાય છે. ૬૪

अपात्रवर्षणं जातु न कुर्यात् सद्विगर्हितम् ।
अपात्रवर्षणात् किं स्यादन्यत् कोशक्षयादृते ॥ ६५ ॥

કુપાત્રને કોઈ પણ દિવસ દાન દેવું નહિ; સત્પુરુષો તેવાં દાનની નિંદા કરે છે. કુપાત્રને દાન દેવાથી ખજાનાના નાશ વિના બીજું શું થાય છે? ૬૫

कुलं विद्यां श्रुतं शौर्यं सौशील्यं भूतपूर्वताम् ।
वयोऽवस्थां च संवीक्ष्य स्वाद्रियेत महामनाः ॥ ६६ ॥

મોટા મનના રાજાએ સેવકોનાં ઉભય કુળને જોઈને, તેની વિદ્યા જોઈને, તેનું શાસ્ત્રજ્ઞાન જોઈને, તેનું શૌર્ય જોઈને, તેની સુશીલતા જોઈને, તેના બાપ દાદાની મોટાઈ તરફ દૃષ્ટિ કરીને, તેની ઉમરને, (વર્ષ) અને અવસ્થા (દશા)ને જોઈને સેવકનો સત્કાર કરવો. ૬૬

कुलीनान् नावमन्येत सम्यग्वृत्तान् मनस्विनः ।
त्यजन्त्येते हि भर्त्तारं घ्नन्ति वा मानहेतवः ॥ ६७ ॥

રાજાએ કુલીન, સદાચારસંપન્ન અને મનસ્વી (જિતેંદ્રિય) એવા સેવકોનું અપમાન કરવું નહિ. કારણ કે તેઓ પોતાના માનની ખાતર કાં તો રાજાનો ત્યાગ કરી દે છે અથવા તો તેનો નાશ કરે છે. ૬૭

गुणैरुदारैः संयुक्तान् प्रोन्नयेन्मध्यमाधमान् ।
महत्तां प्राप्नुवन्तस्ते वर्द्धयन्ति नरेश्वरम् ॥ ६८ ॥

મધ્યમ પંક્તિના અથવા તો અધમ પંક્તિના મનુષ્યો પણ જો ઉત્તમ ગુણવાળા હોય તો તેઓને ઉત્તમ અધિકાર ઉપર નિમીને ચઢાવવા. તેઓ મહત્તાને પામ્યા પછી રાજાની ઉન્નતિ કરે છે. ૬૮

ભાવાર્થઃ—જેમ કુલીન પુરુષોને મોટા મોટા અધિકાર આપીને તેઓનો સત્કાર કરવામાં આવે છે, તેમ જ રાજાએ મધ્યમ પંક્તિના તથા અધમ પંક્તિના પુરુષોના પણ ગુણો જોઈને તેઓની યોગ્યતા પ્રમાણે તેઓની અધિકાર ઉપર યોજના કરવી. કારણ કે તેઓ જો ઉન્નતિને પામે છે તો રાજાની પણ ઉન્નતિ કરીને બદલો વાળી આપે છે, અને તેમ કરવાથી ઉદારચિત્ત રાજા પ્રજામાં પ્રિય થઈ પડે છે. ૬૮

उत्तमाभिजनोपेतान् न नीचैः सह वर्द्धयेत् ।
कृशोऽपि हि विवेकज्ञो याति संश्रयणीयताम् ॥ ६९ ॥

રાજાએ નીચ લોકોને કુલીન પુરુષોના જેટલું માન આપવું નહિ અર્થાત્ તેની યોગ્યતાના પ્રમાણમાં માન આપવું. રાજા કોશ તથા સૈન્ય વિનાનો હોય તો પણ તે વિવેકી હોય તો બાંધવો, મિત્રો અને સજ્જનો તેનો આશ્રય કરે છે (અર્થાત્ નબળો પડી ગયેલો રાજા પણ જો નમ્ર અને વિવેકી હોય) તો બાંધવો, મિત્રો અને સજ્જનો તે રાજાને રાજાતરિકે માન આપે છે. ૬૯

निरालोके हि लोकेऽस्मिन् नासते तत्र पण्डिताः ।
जात्यस्य हि मणेर्यत्र काचेन समता मता ॥ ७० ॥

જે દેશમાં ઉંચી જાતના મણિને કાચના સમાન માનવામાં આવે છે, તેવા વિવેકરહિત અંધકારવાળા દેશમાં પંડિતો વાસ કરતા નથી. ૭૦

ભાવાર્થઃ—આ શ્લોકમાં કામંદક કહે છે કે, જે રાજા વિવેક રહિત હોય ને જેને સારા નરતા સેવકોની પરીક્ષા ન હોય તેવા રાજાના દેશમાં સમજુ પુરુષોએ રહેવું યોગ્ય નથી અથવા તો તેવા સ્વામીના હાથ નીચે નોકરી કરવી યોગ્ય નથી. ૭૦

विश्राम्यन्ति महात्मानो यत्र कल्पतरावि व ।
स श्लाघ्यो जीवति श्रीमान् सत्सम्भोगफलाः श्रियः॥७१॥

સદ્ગુણ સંપન્ન મહાત્મા પુરુષો કલ્પવૃક્ષના જેવા જે રાજાનો આશ્રય કરીને વિશ્રાંતિ લે છે, તે શ્રીમાન્ રાજાનું જ જીવતર વખાણવા યોગ્ય છે. કારણ કે જે લક્ષ્મી, સત્પુરુષોના ઉપભોગમાં આવે છે, એ જ લક્ષ્મીનું ફળ છે. ૭૧

ભાવાર્થઃ—જેમ કલ્પવૃક્ષની છાયા નીચે વિશ્રાંતિ કરનારાની સર્વ કામના સફળ થાય છે, તેમ જે રાજાનો આશ્રય કરનારા મહાત્મા પુરુષોની પણ સર્વ કામના પૂર્ણ થાય છે, તે જ રાજાનું જીવતર ધન્યવાદને પાત્ર છે. લક્ષ્મી જળ બુદ્બુદના જેવી ચંચળ છે. માટે અવીનાશી એવી તે લક્ષ્મીનો સત્પુરુષોને ઉપભોગ કરાવીને તેને સફળ કરવી જોઇએ. ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં લક્ષ્મી વિશે લખતાં કહે છે કે;—

" अलब्धलाभार्था लब्धपरिरक्षिणी रक्षित-
विवर्धनी वर्द्धिततीर्थप्रतिपादिनी प्रतिपत्तिः ।

નહિ મળેલી લક્ષ્મીને મેળવવી, મેળવેલી લક્ષ્મીનું રક્ષણ કરવું, રક્ષણ કરેલી લક્ષ્મીને વધારવી, અને વૃદ્ધિ પામેલી લક્ષ્મી સુપાત્રને આપવી. આ લક્ષ્મીનો ઉપયોગ છે." લોભી રાજાની પાસે સારા મંત્રીઓ રહેતા નથી, ને તેથી તેને રાજકીય કાર્યમાં સારી સલાહ પણ મળતી નથી. તેને લીધે તે છેવટે રાજ્યભ્રષ્ટ થાય છે. તેમ વ્યસની રાજાની પાસે પણ ગુણવાન્ પુરુષો રહેતા નથી, તેથી તેની લક્ષ્મીનો પણ હલકા પુરુષો ઉપભોગ કરે છે, નીચ વૃત્તિના પુરુષના સંગમાં રહેવાથી રાજાની બુદ્ધિ પણ તેના જેવી જ નીચ થાય છે. તે છેવટે અન્યાયના માર્ગ ઉપર ચઢી જવાથી રાજ્યપાટ ગુમાવી બેસે છે અને જીવના જોખમમાં આવી પડે છે. માટે રાજાએ પોતાની રાજ્ય-લક્ષ્મીનો છૂટે હાથે મહાત્માઓમાં તથા સત્પુરુષોમાં ઉપયોગ કરવો. પોતાની પાસે વિદ્વાન્ મંત્રીઓને રાખવા અને તેઓની સલાહ પ્રમાણે રાજ્ય-તંત્ર ચલાવવું. ૭૧

लक्ष्म्या लक्ष्मीवतां लोके विकासिन्यापि किं तया ।
बन्धुभिश्च सुहृद्भिश्च विस्रब्धं या न भुज्यते ॥ ७२ ॥

આ જગતમાં શ્રીમંતોની પ્રકાશમાન લક્ષ્મીનો તેના બાંધવો અને સ્નેહી પુરુષો જો ઇચ્છાનુસાર ઉપભોગ કરે નહિ તો પછી તેઓની લક્ષ્મી શા કામની? ૭૨

आयद्वारेषु सर्वेषु कुर्यादाप्तान् परीक्षितान् ।
आददीत धनं तैस्तु भास्वानुस्रैरिवोदकम् ॥ ७३ ॥

રાજાએ આવકનાં સર્વ દ્વારો ઉપર વિશ્વાસુ તથા જેની ચાર પ્રકારે પરીક્ષા કરી હોય તેવા પુરુષોને રાખવા અને સૂર્ય જેમ કિરણોદ્વારા જળને ગ્રહણ કરે છે, તેમ રાજાએ તે પુરુષોદ્વારા પ્રસંગ પડે ત્યારે ધન લેવું. ૭૩

अभ्यस्तकर्मणस्तज्ज्ञान् शुचीन् शुद्धार्थसङ्गतान् ।
कुर्यादुद्योगसम्पन्नानध्यक्षान् सर्वकर्मसु ॥ ७४ ॥

રાજાએ (ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ પ્રકારનાં) સર્વ કાર્ય કરવા ઉપર તે તે કાર્યનો સારી રીતે અભ્યાસ કરનારા અને તે તે કાર્યમાં કુશળ એવા ઉદ્યોગી અધ્યક્ષોની ચાર પ્રકારથી સારી રીતે પરીક્ષા કરીને તે તે કાર્ય ઉપર નિમવા તથા તેઓના હાથ નીચે હિસાબ જાણનારા ઉપયોગી કારકુનો પણ રાખવા. ૭૪

यो यद्वस्तु विजानाति तं तत्र विनियोजयेत् ।
अशेषविषयप्राप्ताविन्द्रियार्थेष्विवेन्द्रियम् ॥ ७५ ॥

જે પુરુષ જે કાર્યમાં કુશળ હોય, તેની તે કાર્ય ઉપર રાજાએ યોજના (નિમણુક) કરવી. જેમ આત્માને શબ્દાદિક પાંચ વિષયોનો ઉપભોગ કરવાની ઇચ્છા થાય છે ત્યારે તે ઇંદ્રિયોમાંથી જે ઇંદ્રિયનો જે વિષય હોય છે, તે ઇંદ્રિયની તે વિષયમાટે યોજના કરે છે તેમ. ૭૫

ભાવાર્થઃ—અધ્યક્ષ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે;—"अक्षवदधिक्रियन्ते इत्यध्यक्षाः અક્ષની પેઠે જેને અધિકારી કરવામાં આવે છે તે અધ્યક્ષ કહેવાય છે." રથ, ગાડી વગેરેમાં બને પૈડાં જેને આધારે રહે છે તેને અક્ષ કહેવામાં આવે છે. આ અક્ષના ઉપર આખા રથનો આધાર હોય છે. તેમ જ રાજા જેને અક્ષની પેઠે મુખ્ય અધિકારી કરે છે તે અધ્યક્ષ કહેવાય છે અને તેના ઉપર રાજકીય કાર્યનો આધાર રહે છે. ૭૫

कोष्ठागारेऽभियुक्तः स्यात् तदायत्तं हि जीवितम् ।
नात्ययं च व्ययं कुर्यात् प्रत्यवेक्षेत चान्वहम् ॥ ७६ ॥

રાજાએ (ધનના) કોષ્ઠાગાર (કોઠાર) ઉપર સાવધાન થઇને ધ્યાન આપવું. કારણ કે તેના ઉપર જીવનનો આધાર છે. રાજાએ આવકના કરતાં વિશેષ ખર્ચ કરવો નહિ તથા દરરોજ કોઠારનું અવલોકન કર્યા કરવું. ૭૬

ભાવાર્થઃ–આ શ્લોકમાં કોષ્ઠાગાર શબ્દ કહ્યો છે તેને અન્નનું અને ધનનું બન્નેનું મંદિર જાણવું. રાજાના અને પ્રજાના જીવનનો રાજ્યભંડાર ઉપર આધાર હોય છે. દુષ્કાળના સમયમાં રાજાએ પોતાના અન્નના કોઠારમાંથી છૂટે હાથે અન્ન આપીને પ્રજાનું રક્ષણ કરવું જોઇએ, તેમ જ પરકીય રાજ્યની આપત્તિ વખતે ધનથી સૈન્યને ઉત્સાહ આપીને દેશનું રક્ષણ કરવું જોઇએ. આ રીતે કોઠાર રાજાને સંકટમાં ઉપયોગી થઈ પડે છે. માટે રાજાએ જાતે જ રોજ રોજ કોઠારની તપાસ કરવી અને તેમાંથી જે આવક થાતી હોય, તેના કરતાં અધિક ખર્ચ ન થાય તેનું ધ્યાન રાખવું.

कृषिर्वणिक्पथो दुर्गं सेतुः कुञ्जरबन्धनम् ।
खन्याकरो वनाद्दानं शून्यानां च निवेशनम् ॥ ७७ ॥

ખેતી, (જળમાર્ગે તથા સ્થળમાર્ગે) વ્યાપાર, દુર્ગ (પર્વત), જળાશય, નેહેર વગેરે, હાથીઓનું પાલન, ખાણ (હીરા વેગેરેની), આકર (સોના રૂપા વગરે ધાતુની ખાણ), વનનાં લાકડાં કાપવાનું ખાતું તથા ઉજ્જડ પ્રદેશોને વસાવવા. (આ આઠ આવકનાં દ્વાર છે.) ૭૭

ભાવાર્થઃ–રાજાને આવકનાં આઠ સ્થાન છે. તે આ શ્લોકમાં દર્શાવ્યાં છે. જમીનને ખેડીને, તેમાં મોસમ ઉપર ધાન્યો વવરાવવાં, અને ખપ જોગું પોતાના દેશમાં રાખીને બાકીનું બહાર વહેંચી નાંખીને તેના પૈસા વસુલ કરવા. હાલમાં ગુજરાત કાઠિયાવાડમાં ઘણે ઠેકાણે જમીનદારોની જમીન પડતર–વગર ખેડેલી પડી રહે છે. તેના તરફ જમીનદારો જરા પણ લક્ષ્ય આપતા નથી. એ ખેદની વાત છે. વ્યાપાર પણ ધનની આવકનું દ્વાર છે. રાજાએ જળમાર્ગે તથા સ્થળમાર્ગે વ્યાપાર કરવો અને પોતાના દેશના વ્યાપારીઓની પાસે પણ કરાવવો, જેથી દેશમાં અને રાજ્યના ભંડારમાં ધનની આવક થાય, પર્વતમાંથી પણ ઘણી પેદાયસ નિપજાવી શકાય છે, પર્વતમાંથી પાણીનાં ઝરણાં દેશને ફળદ્રૂપ કરવામાં ઉપયોગી થઈ પડે છે, પર્વત ઉપર પાકતી ઔષધિઓ, તથા જાત જાતનાં ફૂળો, કંદો ફૂલો, અને ખડ વગેરેમાંથી તથા સાગ, વાંસ વગેરે ઇમારતી લાકડાં વગેરેમાંથી મોટી આવક ઉપજાવી શકાય છે.

કાઠિયાવાડી લોકોમાં કહેવત છે કે, ગીરનારના પર્વતમાંથી રોજ સાંજે અઢાર ભાર સોનું ઉતરે છે, આમ કહેવાનો તાત્પર્ય એ છે કે, રોજ રોજ તેમાંથી જૂદી જૂદી જાતની વનસ્પતિઓ, ફળ ફૂલો તથા લાકડાંઓનું એટલું બધું વેચાણ થાય છે કે; જેની કિંમત અઢારભાર સોના જેટલી હોય છે. વળી સોનારૂપાની તથા હીરા વગેરેની ખાણો પણ હોય છે, તેમાંથી પણ મોટી આવક થાય છે. આ રીતે પર્વત પણ આવકનું એક દ્વાર ગણાય છે. દેશમાં નહેરો અને જળાશય બંધાવવાં, કારણ કે કાળ દુકાળે અથવા તો હમેશાને માટે તે ખેતરોમાં પાણી પહોંચાડવામાં અત્યંત ઉપયોગી થઈ પડે છે. તે પાણી પહોંચાડવાના બદલામાં ખેડુતો રાજાને ધનની મદદ કરે છે. હાથીઓને ઉછેરવા અને તેને રાજ્યમાં રાખવા. આ વાત કામંદકે પોતાના સમયની સ્થિતિ જોઇને લખી છે. તે સમયમાં રાજાઓ પરસ્પર યુદ્ધ કરતા ત્યારે યુદ્ધમાં હાથીઓનો ઉપયોગ કરતા હતા. પરંતુ હાલમાં શાંતિનું રાજ્ય છે. શોભા શિવાય બીજા કશા કામમાં હાથી આવતા નથી. જે દેશમાં હીરા વગેરેની અને સોનાની ખાણ હોય છે, તે દેશ મોટા ધનવાન્ થઈ ગયા છે એટલું જ નહિ પરંતુ તે દેશની પ્રજા પણ લાખોની દોલત ધરાવે છે. આ પણ રાજાને આવકનું એક દ્વાર છે. મોટાં વનો પણ ઇમારતી લાકડાંઓ, તથા બાળવાનાં લાકડાંઓ પૂરાં પાડીને મોટી આવક આપે છે. તેમ જ ઉજ્જડ દેશ, જ્યાં પૂર્વે ગામડાં અથવા તો નગર વસતાં હોય અથવા તો પહેલેથી જે સ્થાન ઉજ્જડ હોય તેવાં સ્થાનોમાં ગામડાંઓને વસાવવાથી ત્યાંના લોકો ઉદ્યમ કરીને જમીન વગેરેમાંથી રાજાને આવક કરી આપે છે. આ રીતે આઠ સ્થાન રાજાને આવક કરી આપનારાં છે, તેમાંથી રાજાએ આવક મેળવવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે. ગુજરાત કાઠિયાવાડના રાજાઓ જો કામંદકના ઉપદેશ તરફ ધ્યાન આપીને પોતાના દેશની જમીનને સુધારવા માટે પ્રયત્ન કરે તો પોતાના દેશમાંથી જ કાચું સોનું પેદા કરે. ૭૭

अष्टवर्गमिमं साधु स्वस्थवृत्तं विवर्द्धयेत् ।
जीवनार्थमिहाजीव्यैः कारयेत् करणान्वितैः ॥ ७८ ॥

રાજા જ્યારે સુખી સ્થિતિમાં હોય ત્યારે તેણે આજીવિકાને માટે

પોતાના દેશમાં તે તે કાર્યમાં કુશળ એવા અધિકારીઓની તથા તેના હાથ નીચે હિસાબ જાણનારા કારકુનોની નિમણુક કરીને ઉપર ગણેલાં આઠ પ્રકારનાં આવકનાં સ્થાનો ઉભાં કરવાં અને ચાલતાં હોય તો તેમાં વધારો કરવો. ૭૮

यया यया इह वर्द्धेत वृत्त्या क्षीणोऽपि पार्थिवः ।
तस्यां तस्यां न संरोधं कुर्यात् पण्योपजीविनाम् ॥ ७९ ॥

રાજા ક્ષીણ હોય (નિર્ધન હોય) તો પણ તેણે જે જે ધંધાથી પોતાની ભવિષ્યમાં વૃદ્ધિ થવાની હોય તેવો તેવો ધંધો કરીને આજીવિકા કરનારા વ્યાપારીઓને ધંધો કરતાં અટકાવવા નહિ. ૭૯

ભાવાર્થઃ–વ્યાપાર બે પ્રકારનો હોય છે. એક સ્થળમાર્ગે અને બીજો જળમાર્ગે. પરદેશી વ્યાપારી જળમાર્ગે તથા સ્થળમાર્ગેથી પોતાના દેશમાં વ્યાપાર કરવા માટે આવે ત્યારે રાજા ધનાદિકથી નબળો હોય તો પણ તેણે અયોગ્ય જગાત લઈને પરદેશી વ્યાપારીઓને પોતાના દેશમાં વ્યાપાર કરતાં અટકાવવા નહિ અર્થાત્ પરદેશી માલને પોતાના દેશમાં આવતાં અટકાવવો નહિ, પરંતુ આવવા દેવો. આ રીતે જયમંગલ ટીકાકાર લખે છે. ગ્રંથકર્તાનો તાત્પર્ય એવો જણાય છે કે;–રાજા નિર્ધન હોય, તો પણ જે વ્યાપારથી પોતાની વૃદ્ધિ થવાની હોય તેવો વ્યાપાર કરનારા પોતાના વ્યાપારીઓની પાસેથી અયોગ્ય કર લઈને અટકાવવા નહિ, પરંતુ તેઓને છૂટથી વ્યાપાર કરવા દેવો અને જગાત ઓછી લેવી, અથવા તો જગાત છોડી દેવી. તેમ કરવાથી પોતાના દેશના વ્યાપારીઓ પરદેશમાંથી ધન કમાઇને પોતાના દેશમાં લાવે છે અને બીજી રીતે રાજાને અનેક પ્રકારનો કર આપે છે અને દેશ ધનાઢ્ય થાય છે. ૭૯

सुसंरक्षेत निपुणः सस्यं कण्टकशाखया ।
फलाय लगुडः कार्यो दस्युभोग्यमिदं जगत् ॥ ८० ॥

રાજકાર્યમાં કુશળ એવા રાજાએ આજુબાજુ કાંટાની વાડ કરીને ક્ષેત્રમાં ઉગેલાં ધાન્યનું સારી રીતે રક્ષણ કરવું તથા તેનાં ફળની

રક્ષામાટે ક્ષેત્રમાં એક ચીથરાનો પુરુષ ઉભો કરવો (કે જેથી ચોર લોકો તથા પશુઓ ક્ષેત્રમાં આવીને ધાન્યનો બીગાડ કરે નહિ.) (ન્ન ભય ન હોય તો) ચોર લોકો આ જગતને ખાઈ જાય છે. ૮૦

ભાવાર્થઃ—જયમંગલાકાર લખે છે કે, રાજાએ કાંટાની વાડ કરી લઈને અથવા તો દુષ્ટોને શિક્ષા કરીને દેશમાં નિપજતાં ધાન્યની રક્ષા કરવી તથા બીજી તરફથી પ્રજાના ઉપર તેની ઉપજનો ઉપભોગ કરવા માટે તેના ઉપર કર નાંખવો. પ્રજા ધાન્ય લઈ જાય અને રાજા તેની પાસેથી કોઈ પણ જાતનો કર લે નહિ તો પ્રજા પરિણામે મોટી ધનાઢ્ય થઈ પડે અને રાજાના તાબામાં રહે નહિ, એટલામાટે રાજાએ પ્રજાના ઉપર અમુક જાતનો કર નાંખવો. ૮૦

आयुक्तकेभ्यश्चोरेभ्यः परेभ्यो राजवल्लभात् ।
पृथिवीपतिलोभाच्च प्रजानां पञ्चधा भयम् ॥ ८१ ॥

અધિકારીઓના તરફથી, ચોર લોકોના તરફથી, શત્રુઓના તરફથી, રાજાના પ્રિય પુરુષો તરફથી અને રાજાના લોભથી આમ પ્રજાને પાંચ પ્રકારનો ભય હોય છે. ૮૧

पञ्चप्रकारमप्येतदपोह्य नृपतिर्भयम् ।
आददीत फलं काले त्रिवर्गपरिवृद्धये ॥ ८२ ॥

રાજાએ પ્રજાનો આ પાંચ પ્રકારનો ભય દૂર કરીને ધાન્ય પાકે ત્યારે પોતાનો કર લઈ લેવો અને પ્રજાનો ભાગ પ્રજાને સ્વાધીન કરવો. આ રીતે વર્તવાથી રાજાના ધર્મ, અર્થ અને કામની વૃદ્ધિ થાય છે. ૮૨

यथा गौः पाल्यते काले दुह्यते च तथा प्रजा ।
सिच्यते चीयते चैव लता पुष्पप्रदा यथा ॥ ८३ ॥

જેમ ખોળ, ખડ વગેરે ખવરાવીને ગાયનું પાલન કરવામાં આવે છે, અને દોહવાને સમયે તેનું દૂધ પણ દોહવામાં આવે છે;

વળી જેમ એક પુષ્પની લતાને પાણી સીંચીને ઉછેરવામાં આવે છે અને સમય ઉપર તેનાં પુષ્પો પણ ચુંટવામાં આવે છે. તેમ જ રાજાએ પ્રજાનાં ધન, ધાન્ય તથા ઢોર ઢાંખરની રક્ષા કરીને પ્રજાનું પાલન કરવું તથા સમય ઉપર પોતાનો ભાગ તથા કર પણ લેવો. ૮૩

आस्रावयेदुपचितान् साधु दुष्टव्रणानिव ।
आयुक्तास्ते च वर्त्तेरन् अस्राविव महीपतौ ॥ ८४ ॥

જેમ પાકી ગયેલાં ગુમડાંઓમાં પરુ ભરાઈ ગયું હોય અને વેદના કરતાં હોય ત્યારે તે દુષ્ટ ગુમડાંને શસ્ત્રથી ફોડી નાખીને તેમાંથી પરુ કાઢી નાંખવામાં આવે છે ત્યારે તે પીડા કરતાં અટકે છે. તેમ જ પ્રજાને દુઃખ દઈને ધનાઢય થયેલા અધિકારીઓની પાસેથી દંડ તરીકે ધન લઈને તેઓને ખાલી કરવામાં આવે છે ત્યારે જ તે અધિકારીઓ પ્રજા તરફ સારી રીતે વર્તે છે (પ્રજાને દુઃખ દેતા અટકે છે.) તથા અગ્નિનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે તો તેથી જેમ પાકાદિક ક્રિયા કરી શકાય છે, તેમ રાજાની પણ જો યોગ્ય સેવા કરવામાં આવે છે તો તે ફળદાયક થઈ પડે છે. ૮૪

ભાવાર્થઃ–આ શ્લોકમાં રાજાના દુષ્ટ અધિકારીઓને ગુમડાની સાથે સરખાવ્યા છે. એક ગુમડું થયું હોય અને તેમાં જ્યારે પરુ ભરાય ત્યારે તે બહુ જ દુઃખ દે છે. તે વખતે ગુમડાને કાં તો ફોડી નાંખીને અથવા તો જળો મૂકાવીને ગુમડામાંથી લોહી કઢાવી નાખવામાં આવે ત્યારે જ તેની વેદના બંધ પડે છે. તેમ જ રાજાના અધિકારીઓ પણ પ્રજાની પાસેથી લાંચ લઈને મોટા ધનાઢય બની ગયા હોય અને પ્રજાને બહુ જ દુઃખ દીધા કરતા હોય તેવા દુષ્ટ અધિકારીઓને રાજાએ શિક્ષા કરી, તેઓએ અન્યાયથી જે ધન એકઠું કર્યું હોય તે છિનવી લેવું. તેમ કરવાથી જ રાજાના અધિકારીઓ પ્રજાને દુઃખ દેતા અટકે છે. આ વિષયમાં શાર્ઙ્ગધર નામના એક સુભાષિતનો સંગ્રહ કરનારા પંડિતે રાજનીતિમાં એક શ્લોક કહ્યો છે. તે શ્લોક આ પ્રમાણે છે;–

उत्खातान्प्रतिरोपयन्कुसुमितांश्चिन्वल्लघून्वर्धय
नत्युच्चानमयन् नतान् सदुदयन् विश्लेषयन् संहतान् ॥
क्रूरान्कंटकिनो बहिर्निरसयन् म्लानान्पुनः सेचयन् ।
मालाकार इव प्रपंचचतुरो राजा चिरं नंदति ॥

માળી પ્રથમ વૃક્ષોને ઉખેડી નાંખે છે અને તેને પાછાં રોપે છે, વિકસિત થયેલાં વૃક્ષોમાંથી પુષ્પોને ચુંટી લે છે, નાના નાના રોપાઓને ઉછેરે છે, ઘણાં ઉંચાં વૃક્ષોને નમાવે છે, નમી ગયેલાં વૃક્ષોને સીધાં કરે છે, સંકડાશમાં આવી ગયેલાં વૃક્ષોને જૂદાં પાડે છે, ક્રૂર એવાં કાંટાવાળાં વૃક્ષોને બહાર કાઢી નાંખે છે, કરમાઈ ગયેલાંને પાણી પાઇને ઉછેરે છે, તેમ જ પ્રપંચમાં ચતુર એવો રાજા પણ અધિકાર ઉપરથી બરતરફ કરેલા અધિકારીઓને દયા લાવીને પાછા અધિકાર ઉપર સ્થાપે છે, ધનના મદથી ઉદ્ધત બની ગયેલા અધિકારીઓનું અન્યાયથી મેળવેલું ધન લઈ લે છે, ગરીબોને ઉંચા અધિકાર ઉપર ચઢાવે છે, અતિ ઉન્નત એટલે અભિમાની પુરુષોને શિક્ષા કરીને શાંત કરે છે, દુષ્ટે દમેલા દીન જનોનું દારિદ્ર્ય દૂર કરીને તેનો ઉદય કરે છે, ટોળીરૂપે એકઠા થયેલા અધિકારીઓને છૂટા પાડી નાંખે છે, કાંટાના જેવા ક્રૂર પુરુષોને દેશની બહાર કરે છે અને દરિદ્રતાથી મ્લાન થયેલાઓને ધન આપીને જે સંતુષ્ટ કરે છે, તે રાજા પ્રપંચનિપુણ માળીની પેઠે ઘણા કાળ સુધી સુખથી રાજ્ય કરે છે.

સભાતરંગમાં પણ રાજાને ઉપદેશરૂપે એક શ્લોક આ પ્રમાણે કહ્યો છે;–

राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेतां तेनाधवत्सममिव लोकमसूं पुषाण ।
तस्मिंश्च सम्यगनिशं परिपुष्यमाणे नानाफलैः फलति कल्पलतेव भूमिः ॥

એ રાજા! જો તારે આ પૃથ્વીરૂપી ગાયને દોહવાની ઇચ્છા હોય તો પૃથ્વીરૂપી ગાયના વાછરડા સમાન આ પ્રજાનું તું સારી રીતે પોષણ કર. આ રીતે પ્રજાનું પોષણ કરવાથી પૃથ્વી કલ્પલતાની પેઠે અનેક પ્રકારનાં ફળ આપે છે. ૮૪

स्वल्पमप्यपकुर्वन्ति ये पापाः पृथिवीपतौ ।
ते वह्नाविव दह्यन्ते पतङ्गा मूढचेतसः ॥ ८५ ॥

જે પાપી લોકો પૃથ્વીપતિનો મૂઢ બુદ્ધિને લીધે થોડો પણ અપરાધ કરે છે, તે પાપી પુરુષો પતંગીઆઓ જેમ અગ્નિમાં પડીને બળી જાય છે તેમ નાશ પામે છે. ૮૫

संवर्द्धयेत् तथा कोशमात्मैस्तज्ज्ञैरधिष्ठितम् ।
काले चास्य व्ययं कुर्यात् त्रिवर्गप्रतिपत्तये ॥ ८६ ॥

રાજાએ અર્થશાસ્ત્રમાં કુશળ એવા વિશ્વાસુ મનુષ્યોના અધિકાર નીચે પોતાનો ધનભંડાર રાખવો તથા તેને સારી રીતે વધારવો અને સમય આવે ત્યારે ધર્મ, અર્થ તથા કામને માટે તેમાંથી ખર્ચ કરવો. ૮૬

धर्मार्थं क्षीणकोशस्य कृशत्वमपि शोभते ।
सुरैः पीतावशेषस्य शरद्धिमरुचेरिव ॥ ८७ ॥

જે રાજાનો ખજાનો ધર્મ કરવાથી ખાલી થઈ જાય છે, તેવા રાજાનું ક્ષીણપણું પણ દેવોએ પાન કરવાથી કૃષ્ણ પક્ષમાં ક્ષીણ પડી ગયેલા શરદૃઋતુના ચંદ્રની પેઠે શોભે છે. ૮૭

ભાવાર્થ:–શાસ્ત્રમાં એમ લખ્યું છે કે, દેવતાઓ કૃષ્ણપક્ષમાં સુષુમ્ણા નામની નાડીથી ચંદ્રમાની કળાનું પાન કરે છે અને અમાવાસ્યાને દિવસે ચંદ્ર સર્વથા ક્ષીણ થઈ જાય છે. તે પછી શુકલપક્ષમાં દેવો પાછા ઈડા નામની નાડીથી ચંદ્રની કળાને પૂર્ણ કરવા માંડે છે અને પૂર્ણિમાને દિવસે ચંદ્ર સોળ કળાથી સંપૂર્ણ થાય છે. આ રીતે રાજા પોતાનો ખજાનો ધર્મને માટે ખર્ચીને પોતે ક્ષીણ બને છે, તો પણ ધર્મના પ્રભાવથી તેને પાછું ધન મળે છે. માટે ધર્મને અર્થે ક્ષીણ થવું એ પણ શોભા આપનારું છે. પરંતુ અર્થને લીધે અથવા તો કામને લીધે જે ક્ષીણતા થાય છે, તેનાથી પુરુષ શોભતો નથી. કારણ તેની તે ક્ષીણતા પાછી પૂરાતી નથી. સિંદૂરપ્રકર નામનો એક જૈનનો ગ્રંથ છે, તેમાં નિર્ધન એવા સજ્જનોનાં વખાણ કરતાં કહ્યું છે કે;–

वरं विभववंध्यता सुजनभावभाजां नृणामसाधुचरितात्मनां न पुनरुर्जिता संपदः ।
कृशत्वमपि शोभते सहजमायतौ सुंदरं विपाकविरसा न तु श्वयथुसंभवा स्थूलता ॥

સજ્જન પુરુષોની દરિદ્રતા સારી છે પરંતુ દુર્જનોની ઘણી સંપત્તિ સારી નથી. ભવિષ્યમાં સુખકારક એવું દુર્બળપણું શોભે છે પરંતુ પરિણામે દુઃખદાયક એવી સોજાને લીધે થયેલી સ્થૂલતા શોભતી નથી. ૮૭

बृहस्पतेरविश्वास इति शास्त्रार्थनिश्चयः ।
विश्वासी च तथा च स्याद् यथा संव्यवहारवान् ॥ ૮૮ ॥

બૃહસ્પતિના નીતિશાસ્ત્રનો એવો નિશ્ચય છે કે, કોઈ પણ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ. પરંતુ સામો મનુષ્ય જેટલો વિશ્વાસ રાખે, તેટલો જ તેનો વિશ્વાસ રાખવો. ૮૮

ભાવાર્થઃ—આ શ્લોકમાં અર્થશાસ્ત્રનો સંક્ષેપમાં સાર કહ્યો છે. અર્થશાસ્ત્રના આચાર્ય બૃહસ્પતિ છે અને તેનો સિદ્ધાંત એવો છે કે;—

न विश्वसेदविश्वस्ते विश्वस्तेऽपि न विश्वसेत् ।

અવિશ્વાસુનો વિશ્વાસ ન કરવો તેમ વિશ્વાસુ મનુષ્યનો પણ વિશ્વાસ કરવો નહિ. પરંતુ એમ વર્તવાથી મનુષ્યોની સાથે વ્યવહાર ચાલતો નથી. માટે જેની સાથે કામ પડે તેની સાથે મને તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, આમ કહી વિશ્વાસુનો ડોળ ધાલીને પોતાનું કાર્ય સાધવું. ૮૮

विश्वासयेदविश्वस्तं विश्वस्तं नातिविश्वसेत् ।
यस्मिन् विश्वासमायाति विभूतेः पात्रमेव सः ॥ ૮૯ ॥

વિશ્વાસુ ન હોય તેવા મનુષ્યને પોતાનો વિશ્વાસુ બનાવવો, પરંતુ પોતે પોતાના ઉપર વિશ્વાસ રાખનારાનો પણ અતિવિશ્વાસ રાખવો નહિ. રાજા જેના ઉપર વિશ્વાસ મૂકે છે, તે સેવક લક્ષ્મીનું પાત્ર બની જાય છે. ૮૯

ભાવાર્થઃ—રાજાએ સેવકોને પોતાના વિશ્વાસુ બનાવવા, પરંતુ પંડે તો પોતાના વિશ્વાસુ સેવકનો પણ વિશ્વાસ રાખવો નહિ; પણ રાજકીય પ્રત્યેક

કાર્યની જાતે તપાસ કરવી અથવા તો બીજા સેવકોની મારફતે તપાસ કરાવવી. રાજા જેનો વિશ્વાસ રાખે છે, તે પુરુષ પોતાને જે જે વસ્તુ જોઇએ છીએ, તે તે વસ્તુ મેળવી શકે છે અને છેવટે રાજાના અતિ વિશ્વાસનો તે દુરુપયોગ કરીને રાજકીય કાર્યોમાં ઘોટાળો પણ કરે છે. કારણ કે પુરુષોનો સ્વભાવ ઘોડાના જેવો હોય છે. તેને સ્વતંત્રતા મળ્યા પછી તેને બીજો આજ્ઞા કરે છે તેને તે સહન કરી શકતો નથી. પરંતુ આજ્ઞા કરનારાની પણ સામે થાય છે. એટલા માટે જ રાજાએ અથવા તો શ્રીમંતે પોતાના નોકરો ઉપર જરા પણ વિશ્વાસ રાખવો નહિ. તેની પાસે સર્વ કાર્યો કરાવવાં અને તેની પોતે જાતે તપાસ કરવી. ૮૯

प्रादुभवन्त्यर्थसमं यस्माच्चित्तान्यनुक्षणम् ।
तस्माद् योगीव सततं तानि पश्येत् समाहितः ॥ ९० ॥

જેમ ક્ષણે ક્ષણે કાર્યમાં ફેરફાર થઈ જાય છે, તેમજ કાર્ય કરનારા સેવકનાં ચિત્તો પણ ક્ષણે ક્ષણે બદલાય છે. માટે રાજાએ યોગીની પેઠે મનને સાવધાન કરીને નિત્ય સેવકોનાં ચિત્તોનું અવલોકન કર્યા કરવું. ૯૦

ભાવાર્થઃ–સેવકોનું ચિત્ત દરરોજ બદલાયા કરે છે, એટલા માટે રાજાએ અમુક સેવકનો શો અભિપ્રાય છે તેનું યોગીની પેઠે મનને સાવધાન કરીને અવલોકન કર્યા કરવું. જેમ ક્ષણે ક્ષણે કાર્યોના સ્વરૂપમાં ફેરફાર થાય છે તેમ કાર્ય કરનારા સેવકોના અભિપ્રાયો પણ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે.

स्वनुगतपरितोषितानुजीवी मधुरवचाश्चरितानुरक्तलोकः ।
सुनिपुणपरमास्त्रसक्ततन्त्रो भवति चिरं नृपतिः प्रदीप्तरश्मिः ॥ ९१ ॥

જે રાજા પોતાને અનુસરનારા અનુજીવીઓને (સેવકોને) સંપૂર્ણ રીતે સંતુષ્ટ કરે છે, વાતચિત વખતે મધુર વચનો બોલે છે, જેનાં ચરિત્રથી પ્રજા અનુરક્ત (પ્રસન્ન) રહે છે તથા જેનું સૈન્ય શસ્ત્રમાં તથા શાસ્ત્રની કળામાં નિપુણ હોય છે, અત્યંત વિશ્વાસુ હોય છે,

રાજાથી વિરુદ્ધ વર્તતું નથી, પરંતુ રાજાની સાથે પ્રીતિની ગાંઠથી બંધાયલું હોય છે, તે રાજાનો પ્રતાપ લાંબા સમય સુધી પ્રકાશ્યા કરે છે. ૯૨

'સ્વામી તથા સેવકનું વૃત્ત' એ નામનું પ્રકરણ ૮ મું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં "સ્વામી તથા સેવકનું વૃત્ત" એ નામનો સર્ગ ૫ મો સમાપ્ત.

સર્ગ ૬ ઠ્ઠો–પ્રકરણ ૯ મું

કંટક શોધન

लोके वेदे च कुशलः कुशलैः परिवेष्टितः ।
आदृतश्चिन्तयेद् राज्यं सबाह्याभ्यन्तरं नृपः ॥ १ ॥

વ્યવહારમાં તથા વેદ અને શાસ્ત્રમાં કુશળ એવા રાજાએ વ્યવહારમાં તથા વેદશાસ્ત્રમાં કુશળ એવા સેવકોથી વિંટાઇને (તેઓને સાથે રાખીને) આદરપૂર્વક બાહ્ય રાજ્યની તથા અંદરનાં રાજ્યની સંભાળ લીધા કરવી. ૧

ભાવાર્થ:–રાજાએ આભિગામિક ગુણો તથા આત્મગુણો સંપાદન કરવા, તે પછી અમાત્ય વગેરે છ ગુણવાન્ અંગોને મેળવવા, અને પોતાની સાથે સાત અંગવાળું રાજ્ય ગોઠવ્યા પછી રાજાએ પોતાના તથા રાજ્યના કંટકોનો (એટલે દ્રોહીઓનો) નાશ કરીને પોતાનું તથા પોતાના દેશનું રક્ષણ કરવું જોઇએ. એટલા માટે આ છઠ્ઠા સર્ગનું નામ 'કંટક શોધન' છે. આ છઠ્ઠા સર્ગમાં કંટક શોધન કેવી રીતે કરવું, તેનું વર્ણન કરવામાં આવ્યું છે. જૂદા જૂદા દેશને લીધે અને જૂદા જૂદા કાળના ફેરફારને લીધે આચારમાં તથા ધર્મમાં પણ ફેરફાર થયા કરે છે. જેમ કે હિંદુસ્તાનમાં જે ધર્મ છે, તેથી ઇરાનમાં બીજો ધર્મ છે, વિલાયતમાં તેથી બીજો ધર્મ છે, તેમ જ આચારમાં

પણ દેશપરત્વે મોટો ફેરફાર હોય છે. આ રીતે જ કાળને લઈને પણ ધર્મમાં અને આચારમાં ફેરફાર થાય છે. ભગવાન્ મનુ કહે છે કે,

अन्ये कृतयुगे धर्मा त्रेतायां द्वापरे परे ।

સત્યયુગમાં બીજા ધર્મ છે, ત્રેતામાં તેનાથી બીજા ધર્મ છે, દ્વાપરમાં તેનાથી બીજા ધર્મ છે અને કલિયુગમાં તેનાથી બીજા ધર્મ છે." આ રીતે કાળપરત્વે પણ ધર્મમાં અને આચારમાં ફેરફાર થાય છે, માટે દેશને તથા કાળને અનુસરતા ધર્મમાં, આચારોમાં અને ધર્મશાસ્ત્રમાં જે ધર્મ તથા આચાર કહ્યા હોય, તે સર્વમાં રાજા કુશળ હોવો જોઇએ, તેમ જ તેના મંત્રીઓ પણ તે વિષયમાં કુશળ હોવા જોઇએ. કારણ કે રાજાને અનેક વર્ણની અને અનેક ધર્મની પ્રજાના ઉપર રાજ્ય કરવાનું છે અને તે પ્રત્યેક વર્ણની પ્રજાના ધર્મ તથા આચારને અનુસરીને ન્યાય આપવો પડે છે. રાજાએ પોતાના લોકવ્યવહારમાં તથા વેદશાસ્ત્રમાં કુશળ એવા સેવકોની સાથે રહીને ઘણી જ બારીકીથી પોતાના શરીરની તથા દેશની સંભાળ રાખ્યા કરવી. ૧

आभ्यन्तरं शरीरं स्वं बाह्यं राष्ट्रमुदाहृतम् ।
अन्योन्याधारसम्बन्धादेकमेवेदमिष्यते ॥ २ ॥

રાજાનું પોતાનું શરીર આભ્યંતર રાજ્ય કહેવાય છે અને રાષ્ટ્ર (દેશ)ને બાહ્ય શરીર કહ્યું છે. રાજાને રાષ્ટ્રનો આધાર છે અને રાષ્ટ્રને રાજાનો આધાર છે, આમ અન્યોન્યને અન્યાયનો આધાર છે, તેથી રાજાને અને રાષ્ટ્રને બન્નેને એક જ માનવામાં આવ્યું છે. ૨

ભાવાર્થ:—બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકારનું રાજ્ય છે. તેમાં રાજાનું શરીર એ આભ્યંતર રાજ્ય કહેવાય છે અને દેશ બાહ્ય રાજ્ય કહેવાય છે. રાજાને તે બન્નેની રક્ષા કરવાની જરૂર છે. કારણ કે તે અન્યોન્યને આધારે રહેલાં છે. એકના અભાવે બીજાનો પણ નાશ થઈ જાય છે. આમ પરસ્પર ગાઢ સંબંધ હોવાથી એક રાજ્યમાં જ તે બન્નેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

राज्याङ्गानां तु सर्वेषां राष्ट्राद् भवति सम्भवः ।
तस्मात् सर्वप्रयत्नेन राजा राष्ट्रं समुन्नयेत् ॥ ३ ॥

રાજ્યના સર્વ અંગોની ઉત્પત્તિ રાષ્ટ્રથી (દેશથી) થાય છે. માટે રાજાએ સર્વ પ્રકારના યત્નથી પોતાના દેશની સારી રીતે ઉન્નતિ કરવી. ૩

ભાવાર્થઃ–જો દેશ સારી સ્થિતિમાં હોય છે તો તેથી રાજ્યની તીજોરી તર થાય છે, સેનામાં વધારો કરી શકાય છે, વિદ્વાન્ મંત્રીઓ રાખી શકાય છે અને મજબૂત કિલ્લાઓ બાંધી શકાય છે. આ સર્વનો આધાર દેશની આબાદી ઉપર છે. માટે રાજાએ કાળજીપૂર્વક પોતાના દેશની રક્ષા અવશ્ય કરવી જોઇએ. ૩

लोकानुग्रहमन्विच्छन् शरीरमनुपालयेत् ।
राज्ञः संरक्षणं धर्मः शरीरं धर्मसाधनम् ॥ ४ ॥

રાજાએ પ્રજાના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી પોતાના શરીરની રક્ષા કરવી. અને દેશનું સંરક્ષણ કરવું આ રાજાનો ધર્મ છે અને શરીર એ ધર્મનું સાધન છે. ૪

ભાવાર્થઃ–શરીર હોય તો જ ધર્મ સાધી શકાય છે, માટે રાજાએ પ્રથમ પોતાના દ્રોહીથી પોતાનાં શરીરનું રક્ષણ કરવું અને તે પછી ચોર વગેરેનો નાશ કરીને દેશનું રક્ષણ કરીને પોતાનો ધર્મ બજાવવો. આ પ્રકરણનું નામ કામંદકે કંટકશોધન એટલે રાજાના પોતાના તથા દેશના દ્રોહીઓનું શોધન એવું રાખ્યું છે, અને આમાં રાજાને કંટકશોધન કરવામાટે ઉપદેશ આપ્યો છે. ૪

धर्म्यामारेभिरे हिंसामृषिकल्पा महीभुजः ।
तस्मादसाधून् धर्माय निघ्नन् दोषैर्न लिप्यते ॥ ५ ॥

ઋષિસમાન રાજાઓ ધર્મની રક્ષાકરવામાટે (પૂર્વે) હિંસા કરતા હતા. માટે ધર્મને માટે દુષ્ટોને મારવાથી રાજાને દોષ લાગતો નથી. ૫

ભાવાર્થઃ–જેમ મહર્ષિઓ જગતના અભ્યુદય માટે યજ્ઞો કરતા અને તેમાં પશુનું આલભન કરતા હતા છતાં તેઓને પાતક લાગતું ન હતું. તે પ્રમાણે જ પ્રાચીન રાજર્ષિઓ પણ રાજ્યની રક્ષા કરવા માટે ચોર વગેરેનો

નાશ કરતા હતા, પરંતુ તેથી તેઓને પાપ લાગતું ન હતું. કારણ કે તેઓ પ્રજાપાલનરૂપી ધર્મને માટે દુષ્ટોની હિંસા કરતા હતા. માટે રાજાઓને પોતાની પ્રજાનાં રક્ષણમાટે દુષ્ટોને શિક્ષા કરવાથી દોષ લાગતો નથી. ૫

धर्मसंरक्षणपरो धर्मायार्थं विवर्द्धयेत् ।
ये ये प्रजाः प्रबाधेरन् तांस्तान् शिष्यान्महीपतिः ॥ ६ ॥

રાજાએ ધર્મની રક્ષા કરવામાં પરાયણ રહેવું, યાગાદિક ધર્મ કરવા માટે અર્થમાં વધારો કરવો અને જે જે દુષ્ટ પુરુષો પ્રજાને દુઃખ દે, તે તે દુષ્ટોને મહીપતિએ શિક્ષા કરવી. ૬

यमार्याः क्रियमाणं हि शंसन्त्यागमवेदिनः ।
स धर्मो यं विगर्हन्ति तमधर्मं प्रचक्षते ॥ ७ ॥

વેદ તથા શાસ્ત્ર જાણનારા આર્ય પુરુષો જે કર્મનાં વખાણ કરે, તેને ધર્મ જાણવો અને જેની નિંદા કરે, તેને અધર્મ કહેવામાં આવે છે. ૭

ભાવાર્થઃ-શિષ્ટોની રક્ષા કરવી, આ ધર્મ છે, પરંતુ દુષ્ટોને દંડ દેવો એ અધર્મ કેમ નહિ? આવી કોઇને શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે, ધર્મના અને અધર્મના સ્વરૂપનો નિર્ણય વેદવેત્તા બ્રાહ્મણોએ કર્યો છે. વેદવેત્તા બ્રાહ્મણો જેમ શિષ્ટના રક્ષણને ધર્મ કહે છે, તેમ જ દુષ્ટના દંડને પણ ધર્મ જ કહે છે. કારણ કે દુષ્ટને દંડ કરવાથી દેશમાં ધર્મની પ્રવૃત્તિ થાય છે અને અધર્મ દૂર થાય છે. ૭

धर्माधर्मौ विजानन् हि शासनेऽभिरतः सताम् ।
प्रजा रक्षेन्नृपः साधु हन्याच्च परिपन्थिनः ॥ ८ ॥

રાજાએ ધર્મનું તથા અધર્મનું સ્વરૂપ જાણવું, સત્પુરુષોના ઉપદેશ ઉપર પ્રીતિ રાખવી, પ્રજાની સારી રીતે રક્ષા કરવી અને શત્રુઓનો નાશ કરવો. ૮

राज्योपघातं कुर्वीरन् ये पापा राजवल्लभाः ।
एकैकशः संहता वा तान् दूष्यान् परिचक्षते ॥ ९ ॥

જે પાપી પુરુષો પાપ કર્મ કરવા પહેલાં રાજાને પ્રિય હોય, તેમાંનો એક પુરુષ અથવા તો તે સર્વે એકઠા મળીને રાજ્યનો નાશ કરે તો તેઓને નીતિશાસ્ત્ર જાણનારાઓ દૂષ્ય (શિક્ષા કરવા યોગ્ય) કહે છે. ૯

ભાવાર્થઃ—રાજાની આજુબાજુ જે પાસવાનો રહે છે, તેના ઉપર રાજાની પ્રીતિ હોય છે, પરંતુ તેમાંથી, જેઓ નીચ પ્રકૃતિના હોય છે તેઓ રાજાની પ્રીતિ મેળવ્યા પછી ઉદ્ધતાઇથી વર્તવા માંડે છે અને રાજાની કૃપાનો દુરુપયોગ કરે છે. આવા પ્રસંગમાં કોઇને શિક્ષા કરીને રાજમહેલમાંથી બહાર કાઢવામાં આવે છે ત્યારે તે રાજાને અને રાજ્યને કંટકની પેઠે દુઃખદાયક થઈ પડે છે તેથી તેને નીતિશાસ્ત્રમાં રાજ્યના કંટક કહેલા છે ને રાજાએ આવા કંટકોનો નાશ કરવો. ૯

दूष्यानुपांशुदण्डेन हन्याद् राजाविलम्बितम् ।
प्रदूष्य वा प्रकाशं हि लोकविद्वेषमागतान् ॥ १० ॥

રાજાએ રાજ્ય કંટકોને છૂપી રીતે શિક્ષા કરીને વિલંબ કર્યા વગર મારી નાંખવા અથવા તો તેના ઉપર દોષારોપ કરી લોકોમાં તેઓને દ્વેષપાત્ર કરીને જાહેરમાં મારી નાંખવા. ૧૦

ભાવાર્થઃ—રાજ્યમાં કંટક થઈ પડેલા દુષ્ટોને રાજાએ ગુપ્ત રીતે મારી નાંખવા, એટલે લોકોના જાણવામાં ન આવે તેમ ઝેર દઇને અથવા તો શસ્ત્રથી મારી નાંખવા, અથવા તો તેના ઉપર મોટા અપરાધો મૂકીને તેઓને પ્રજાના દ્વેષપાત્ર બનાવવા અને તેના ઉપર પ્રજાની અપ્રીતિ થયા પછી તેઓને જાહેરમાં મારી નાંખવા. ૧૦

राजा रहसि दूष्यं हि दर्शनायोपमन्त्रयेत् ।
गूढशस्त्रा विशेयुस्तं पश्चादासज्जिता नराः ॥ ११ ॥

અથવા તો રાજાએ અપરાધીને એકાંતમાં મળવા માટે નિમંત્રણ કરવું અને તે જેવો મળવા માટે અંદર આવે કે તેની પાછળ પાછળ રાજાએ પ્રથમથી છૂપી રીતે મસલત કરી રાખેલા પુરુષોએ

સર્ગ ૭ મો-પ્રકરણ ૧૦ મું

રાજકુમારનું રક્ષણ

प्रजात्मश्रेयसे राजा कुर्वीतात्मजरक्षणम् ।
लोलुभ्यमानास्तेऽर्थेषु हन्युरेनमरक्षिताः ॥ १ ॥

રાજાએ પ્રજાના કલ્યાણને માટે તથા પોતાના કલ્યાણને માટે પોતાના કુમારોનું રક્ષણ કરવું અર્થાત્ સદુપદેશ આપીને પોતાના વશમાં રાખવા. જો રાજકુમારોને વશમાં રાખવામાં આવતા નથી તો તેઓ રાજધનના અત્યંત લોભી થઈને રાજાને મારી નાંખે છે. ૧

ભાવાર્થઃ-રાજકુમારો, રાજરાણીઓ, મંત્રીઓ, તેના શત્રુઓ, સામંતો અને વનમાં ફરનારા લોકો રાજ્યના તથા ધનના લોભને લીધે રાજાને મારી નાંખે છે. આ વાત આપણે ઇતિહાસ ઉપરથી જાણીએ છીએ, માટે રાજાએ પોતાના રાજપુત્રોને ધર્મશાસ્ત્રની કેળવણી આપીને ધર્મનિષ્ઠ, વિનયી, દયાળુ અને અધર્મ કરતાં ડરે તેવા કરવાની ખાસ જરૂર છે. નહિતર ઉદ્ધત રાજકુમારો રાજ્યના લોભથી રાજાને મારી નાંખે છે. ૧

राजपुत्रा मदोन्मत्ता गजा इव निरङ्कुशाः ।
भ्रातरं वापि निघ्नन्ति पितरं वाभिमानिनः ॥ २ ॥

રાજપુત્રો (રાજકુમારો) ના ઉપર જો અંકુશ રાખવામાં આવતો નથી તો તેઓ હાથીની પેઠે મદોન્મત્ત થઈ જાય છે અને અભિમાની બની જઈને પોતાના ભાઈને અથવા તો પોતાના પિતાને પણ મારી નાંખે છે. ૨

ભાવાર્થઃ-હાથીના ઉપર જેમ અંકુશધારી માવત હોય તો જ હાથી શાંત રહે છે. પરંતુ અંકુશ વગરનો હાથી જેમ મદોન્મત્ત થઈ જાય છે, તેમ જ રાજપુત્રોના ઉપર પણ રાજાએ અંકુશ રાખવો, નહિ તો તેઓ પણ મદથી ઉન્મત્ત થઈ જાય છે અને ઉન્મત્ત થયા પછી તે ભાઈનો અથવા તો પિતાનો પણ નાશ કરે છે. ૨

राजपुत्रैर्मदोन्मत्तैः प्रार्थ्यमानमितस्ततः ।
दुःखेन रक्ष्यते राज्यं व्याघ्राघ्रातमिवामिषम् ॥ ३ ॥

જેમ એક વાઘે એકવાર માંસને સુંઘી લીધું હોય તો પછી તેનાથી જેમ માંસની રક્ષા કરવી દુઃખકારક થઈ પડે છે, તેમજ મદોન્મત્ત રાજકુમારો અનેક ઉપાયોથી રાજ્ય લેવાની ઇચ્છા કરે છે તો પછી રાજ્યની રક્ષા કરવી દુઃખકારક થઈ પડે છે. ૩

रक्ष्यमाणा यदिच्छिद्रं कथञ्चित् प्राप्नुवन्ति ते ।
सिंहशावा इव घ्नन्ति रक्षितारमसंशयम् ॥ ४ ॥

રાજકુમારોને સારી રીતે તાબામાં રાખ્યા હોય, તો પણ જો તેઓનો કોઈ પણ લાગ ફાવે છે તો તેઓ સિંહના બચ્ચાંઓ જેમ પોતાના પાલકને ફાડી ખાય છે, તેમ રાજાને અવશ્ય મારી નાંખે છે. ૪

विनयोपग्रहान् भूत्यै कुर्वीत नृपतिः सुतान् ।
अविनीतकुमारं हि कुलमाशु विनश्यति ॥ ५ ॥

માટે રાજાએ પોતાનાં તથા પોતાની પ્રજાનાં કલ્યાણને માટે પોતાના કુમારોને સત્પુરુષોદ્વારા વિનયી બનાવવા. જે રાજાના કુળમાં કુમારો અવિવેકી (ઉદ્ધત) હોય છે, તે રાજાનું કુળ ઝટ વિનાશ પામે છે. ૫

ભાવાર્થઃ—આ શ્લોકમાં રાજકુમારોને વિદ્યા ભણાવીને વિનયી કરવાની વાત કહી છે. રાજકુમારો વિનયી થવાથી રાજાને અને પ્રજાને બન્નેને લાભ થાય છે પરંતુ ઉદ્ધત રાજકુમાર રાજાને અને પ્રજાને બન્નેને દુઃખી કરે છે. જેમ ધનના લોભથી રાજાનો નાશ કરે છે તેમ વિષયી હોવાથી પ્રજાની વહુ દીકરીની લાજ પણ લુટે છે. માટે કામંદક આ શ્લોકના ઉત્તર ચરણમાં લખે છે કે, મૂર્ખ અને ઉદ્ધત રાજકુમારો રાજાના કુળનો સંહાર કરે છે. ઘણાજ વિષયી રાજકુમારોની ઉદ્ધતાઇને લીધે તેમના પૂર્વજોને

ઘણું જ દુઃખ ભોગવવું પડ્યું છે, આ વાત સૌ કોઇના જાણવામાં છે. કેટલાએક ઉદ્ધત રાજકુમારોને લીધે તેના પૂર્વજોનાં રાજ્યપાટ પાયમાલ થઈ ગયાં છે. યાદવ કુમારોની ઉદ્ધતાઈથી આખા યાદવવંશનો નાશ થયો હતો, એ વાત પ્રસિદ્ધ છે. ૫

विनीतमौरसं पुत्रं यौवराज्येऽभिषेचयेत् ।
दुष्टं गजमिवोद्वृत्तं कुर्वीत सुखबन्धनम् ॥ ६ ॥

માટે રાજાએ પોતાનો ઔરસ (પોતાની પરણેતર રાણીમાંથી પોતાથી ઉત્પન્ન થયેલો) રાજકુમાર વિનયી હોય તો તેનો યુવરાજના પદ ઉપર અભિષેક કરવો (યુવરાજ સ્થાપવો). પરંતુ પોતાનો ઔરસ પુત્ર પણ દુષ્ટ અને હાથીની પેઠે ઉદ્ધત હોય તો તેને આજીવિકા આપીને પોતાના તાબામાં રાખવો (યુવરાજ કરવો નહિ). ૬

ભાવાર્થઃ—વિનયી કુમારને રાજાએ યુવરાજ બનાવવો; પરંતુ ઉદ્ધત રાજકુમારને યુવરાજ બનાવવો નહિ. તેમ તેને રાજ્યમાંથી કાઢી પણ મૂકવો નહિ, પરંતુ તેને ગામ ગરાસ આપીને પોતાની પાસે રાખવો, કે જેથી તે રાજકુમાર શત્રુ રાજાઓને મળી શકે નહિ અને પોતાના પિતાનો દ્રોહ કરી શકે નહિ. ૬

राजपुत्रः परित्यागं सुदुर्वृत्तोऽपि नार्हति ।
क्लिश्यमानः स पितरं परमाश्रित्य हन्ति हि ॥ ७ ॥

રાજકુમાર અત્યંત દુરાચારી હોય તો પણ રાજાએ તેને તજી દેવો યોગ્ય નથી. જો તેને તજી દેવામાં આવે છે તો તે આજીવિકા વગેરેથી દુઃખી થવાથી શત્રુ રાજાનો આશ્રય કરીને પોતાના પિતાનો નાશ કરે છે. ૭

व्यसने सज्जमानं हि क्लेशयेद् व्यसनाश्रयैः ।
तथा च क्लेशयेदेनं यथा स्यात् पितृगोचरः ॥ ८ ॥

રાજકુમાર વ્યસનોથી બંધાઈ ગયો હોય તો રાજાએ વ્યસનોમાં રહેલાં દુઃખોથી એ કુમારને એવો તો દુઃખી કરવો કે, જેથી તે પોતાના પિતાને વશ થાય. ૮

ભાવાર્થઃ—રાજકુમારને મૃગયા કરવાનું અત્યંત વ્યસન લાગ્યું હોય તો તેને જંગલમાં સિંહ વાઘ વગેરેથી ઘેરી લઈને એવો તો દુઃખી કરવો કે, જેથી તે મૃગયા રમવાનું છોડી દે. જુગારના વ્યસનમાં પડ્યો હોય તો તેને બનાવટી જુગારીઓની સાથે જુગાર રમાડીને ઘણો જ હેરાન કરવો અને કરજદાર કરી મૂકવો. તેના ઉપર દેણું થાય અને તે ન આપી શકે ત્યારે પેલા જુગારીઓ તેને કડવા શબ્દો કહીને તેનું અપમાન કરે કે, જેથી તે પોતાનું દેણું પતાવવા માટે રાજાને શરણે જાય. મદિરાના વ્યસનમાં આસક્ત થયો હોય તો તેને ભયંકર અને ઝેરી માદક પીણા પાઈને એવો તો ઉન્મત્ત બનાવી દેવો કે, તે ફરીને મદિરા પીવાનું નામ પણ ન લે. પરસ્ત્રીમાં લંપટ થયો હોય તો એક ઉજ્જડ ઘરમાં હલકી જાતની સ્ત્રીઓની સાથે પૂરીને સારી પેઠે દુઃખી કરવો કે જેથી તે ફરીને પરસ્ત્રીની સાથે વ્યભિચાર કરવાની ઇચ્છા જ કરે નહિ. આ રીતે જે જે વ્યસનમાં રાજકુમાર પડ્યો હોય, તે તે વ્યસનનાં દુઃખથી રાજકુમારને દુઃખી કરવો, કે જેથી તે વ્યસનને છોડી દઈને રાજાને વશ થાય. ૮

રાજકુમારનું રક્ષણ એ નામનું પ્રકરણ ૧૦ મું સમાપ્ત.

સર્ગ ૭ મો—પ્રકરણ ૧૧ મું.

આત્મરક્ષણ

याने शय्यासने भोजे पाने वस्त्रे विभूषणे ।
सर्वत्रैवाप्रमत्तः सन् बुध्येत विषदूषितम् ॥ ९ ॥

ભીયાના, પાલખી વગેરે યાનો, વાહનો, શય્યા, સિંહાસન વગેરે આસનો, ભોજન, પીવાનું પાણી, પહેરવાનાં તથા ઓઢવાનાં વસ્ત્રો,

અને આભૂષણો, આ સર્વ પદાર્થો ઝેરથી દૂષિત થયેલા છે કે કેમ, તેની રાજાએ સાવધાન થઇને નિત્ય તપાસ કરવી. ૯

ભાવાર્થઃ–આ પ્રકરણનું આત્મરક્ષણ નામ છે. આ પ્રકરણમાં શત્રુઓની પ્રેરણાથી રાજાના ખાનગી સેવકો રાજાના વાહનાદિકમાં ઝેર નાંખીને પોતાનો નાશ ન કરે, (તેને માટે રાજાએ સાવધાન થઈ, પ્રત્યેક પદાર્થોની તપાસ કર્યા પછી તેનો ઉપયોગ કરવા વિશે કહેવામાં આવશે. ૯

विषघ्नैरुदकैः स्नातो विषघ्नमणिभूषणः ।
परीक्षितं समश्नीयाज्जाङ्गुलीविद्विषद्वृतः ॥ १० ॥

પાણીમાં ઝેરનો નાશ કરનારી ઔષધિઓ નાંખીને તે જળથી રાજાએ સ્નાન કરવું, ઝેરનો નાશ કરનારા હીરા મોતી વગેરેની માળાઓ પહેરવી અને વિષવિદ્યા (ઝેરની વિદ્યા)ને જાણનારા વૈદ્યોની પાસે અન્નની પરીક્ષા કરાવીને અન્નનું ભોજન કરવું. ૧૦

ભાવાર્થઃ–રાજાને મારી નાંખવાને માટે નાહાવાના પાણીમાં, વાહનોમાં અને ભોજનાદિકમાં તેના શત્રુઓ ઝેરનો ઉપયોગ કરે છે. માટે રાજાએ ઝેરનો નાશ કરનારી ઔષધિઓ પાણીમાં નાંખીને તે પાણીથી સ્નાન કરવું. શ્વેતપુષ્કર, પુષ્પવૃંત વગેરે ઔષધિઓ ઝેરનો નાશ કરનારી છે. તેમ મોતી, હીરા, ગરુડોદ્ધાર, મણિ વગેરે જે જે ઝેરનો નાશ કરનારા મણિઓ હોય, તેની માળા પણ રાજાએ પહેરવી. રત્નશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" रचितो गरुडोद्धारमणिर्यस्य विभूषणम् ।
स्थावरं जंगमं तस्य विषं निर्विषतां व्रजेत् ॥

ગરુડોદ્ધાર નામના મણિને ધરેણામાં જડાવીને જે કંઠમાં પહેરે છે તેને સ્થાવર તથા જંગમ કોઈ પણ વિષ નુકસાન કરતું નથી," તથા વિષવિદ્યામાં પ્રવીણ એવા વૈદ્યોની પાસે પોતાના ભોજનની પરીક્ષા કરાવીને પછી રાજાએ ભોજન કરવું અને ભોજન કરતી વખતે વિષવિદ્યા જાણનારા વૈદ્યોને પોતાની પાસે રાખવા. ૧૦

भृङ्गराजः शुकश्चैव शारिका चेति पक्षिणः ।
क्रोशन्ति भृशमुद्विग्ना विषपन्नगदर्शनात् ॥ ११ ॥

ભૃંગરાજ (ભમરો), પોપટ અને સારિકા, આ ત્રણ પક્ષીઓ પાસે ઝેરની પરીક્ષા કરાવવી. આ ત્રણ પક્ષીઓ ઝેરને તથા સર્પને જોઇને અત્યંત ઉદ્વિગ્ન થઈ જાય છે અને આક્રંદ કરવા માંડે છે. ૧૧

चकोरस्य विरज्येते नयने विषदर्शनात् ।
सुव्यक्तं माद्यति क्रौञ्चो म्रियते मत्तकोकिलः ॥ १२ ॥

ઝેર જોઇને ચકોર પક્ષીની બન્ને રાતી આંખો ઝાંખી પડી જાય છે, ક્રૌંચ પક્ષી ઝેર જોઇને મદિરામત્તની પેઠે પ્રસિદ્ધ રીતે ઉન્મત્ત થઈ જાય છે, કોયલ ઝેરને જોઇને મદમત્ત થઇને મરણ પામે છે. ૧૨

जीवञ्जीवस्य च ग्लानिर्जायते विषदर्शनात् ।
तेषामन्यतमेनापि समश्नीयात् परीक्षितम् ॥ १३ ॥

જીવંજીવક પક્ષી ઝેરને જોઇને ખિન્ન થઈ જાય છે. ઉપર કહેલાં પક્ષીઓમાંથી હર એક પક્ષીની પાસે અન્નની પરીક્ષા કરાવ્યા પછી રાજાએ ભોજન કરવું. ૧૩

मयूरपृषतोत्सर्गान्न भवन्ति भुजङ्गमाः ।
तस्मान्मयूरपृषतौ भवने नित्यमुत्सृजेत् ॥ १४ ॥

મોર તથા વૃષત નામનો મૃગ સર્પનું ભક્ષણ કરે છે, માટે મોરને તથા વૃષતને છૂટાં મૂકવાથી સર્પો નાસી જાય છે, એટલા માટે રાજાએ પોતાના મહેલમાં નિત્ય મોરને તથા વૃષતને ફરતા રાખવા. ૧૪

ભાવાર્થઃ—રાજાએ ઉપર કહેલાં પક્ષીઓ પાસે ઝેરની પરીક્ષા કરાવવા માટે પોતાનાં મહેલમાં રાખવાં અને નિત્ય તેઓની પાસે ઝેરની પરીક્ષા કરાવવી. પૂર્વે રાજાઓ આ પ્રમાણે પક્ષીઓની પાસે ઝેરની પરીક્ષા કરાવતા હતા, તે વાત કામંદકે આ શ્લોકમાં લખી છે. ૧૪

भोज्यमन्नं परीक्षार्थं प्रदद्यात् पूर्वमग्नये ।
वयोभ्यश्च ततो दद्यात् तत्र लिङ्गानि लक्षयेत् ॥ १५ ॥

ભોજન કર્યા પહેલાં રાજાએ ઝેરની પરીક્ષા કરવા માટે ભોજનમાંથી કેટલાએક કોળિયા પ્રથમ અગ્નિમાં નાંખવા અને તે પછી કેટલાએક કોળિયા પક્ષીઓને નાંખવા અને પછી તેનાં ચિહ્નો જોવાં. ૧૫

धूमार्चिर्नीलता वह्नेः शब्दस्फोटश्च जायते ।
अन्नेन विषदिग्धेन वयसां मरणं भवेत् ॥ १६ ॥

અગ્નિમાં ઝેરી અન્ન પડ્યા પછી અગ્નિનો ધૂમાડો તથા જ્વાળા ગળીના રંગ સરખાં થઈ જાય છે, ફટાકીયાના જેવો ફટફટ અવાજ થાય છે તથા ઝેરી અન્નના ભક્ષણથી પક્ષીઓ મરી જાય છે. ૧૬

अक्लिन्नता सोदकत्वमाशु शैत्यं विवर्णता ।
अन्नस्य विषदिग्धस्य तथा स्निग्धत्वमेव च ॥ १७ ॥

ઝેરવાળું અન્ન તીવ્ર અગ્નિથી પણ ચડતું નથી, તેમાંનું પાણી તપતું નથી, ઝટ થંડુ પડી જાય છે, નિસ્તેજ થઈ જાય છે તથા મોરના કંઠના રંગ જેવું શ્યામ રંગનું થઈ જાય છે. ૧૭

व्यञ्जनस्याशु शुष्कत्वं कथनं श्यामफेनता ।
गन्धस्पर्शरसाश्चैव नश्यन्ति विषदूषणात् ॥ १८ ॥

દાળ વગેરે ઝેરથી બગડી ગયાં હોય તો તેનો દેખાવ રુક્ષ લાગે છે, ઉકાળેલી હોય તેવી દેખાય છે, તેમાં કાળા રંગનાં ફીણ જોવામાં આવે છે, તથા તેનો ગંધ, સ્પર્શ અને રસ પણ નાશ પામે છે. ૧૮

ભાવાર્થઃ–દાળ, કઢી વગેરે પદાર્થમાં ઝેર ભેળવેલું હોય તો તેના ઉપર કાળા રંગનાં ફીણ અથવા તો પરપોટા જોવામાં આવે છે, તેમાં કોઈ

જનતનો ગંધ કે રસ પણ રહેતો નથી, દાળ ઉકાળેલા ક્વાથના જેવી જોવામાં આવે છે, આને હાથથી તેનો સ્પર્શ કરતાં, તેનો સ્પર્શ જણાતો નથી. ઝેર નાંખવાથી દાળ વગેરેની આવી સ્થિતિ થાય છે. ૧૮

छायातिरिक्ता हीना वा द्रवे च विषदूषिते ।
दृश्यते राजिरूर्ध्वा च फेनमण्डलमेव च ॥ १९ ॥

ઓસામણ વગેરેમાં ઝેર ભેળવેલું હોય તો તેમાં જોનારા પુરુષનું પ્રતિબિંબ કાં તો મોટું દેખાય છે અથવા તો નાનું દેખાય છે. ઉપરના ભાગમાં લાંબી રેખાઓ દેખાય છે તથા ફીણનાં મંડળો દેખાય છે. ૧૯

रसस्य नीला पयसश्च ताम्रा मद्यस्य तोयस्य च कोकिलाभा ।
श्यामा च दध्नो विषदूषितस्य मध्ये भवत्यूर्ध्वगता च रेखा ॥२०॥

શેરડી વગેરેના રસમાં ઝેર ભેળવેલું હોય તો તેના ઉપર ગળીના રંગની રેખા પડી જાય છે, દૂધમાં ઝેર ભેળેલું હોય તો તેના ઉપર રાતા રંગની રેખા પડી જાય છે, મદિરા તથા જળના ઉપર કોયલના શરીરના રંગના જેવી રેખા પડે છે, દહીંમાં ઝેર ભેળવવામાં આવ્યું હોય તો તેના ઉપર શ્યામ રંગની રેખા પડે છે. ૨૦

आर्द्रस्य सर्वस्य भवेत्तु सद्यः प्रम्लानभावो विषदूषितस्य ।
उत्पक्वता काथविनीलता च प्रश्यामता चेति वदन्ति तज्ज्ञाः ॥२१॥

દાડિમ વગેરે લીલાં ફળમાં ઝેર ભેળવવામાં આવ્યું હોય તો તે સર્વ ફળ તુરત ઝાંખા થઈ જાય છે, સડી જાય છે, ઓગળી જાય છે, શ્યામ પડી જાય છે તથા કાળાં પડી જાય છે. આમ વિષવિદ્યા જાણનારાઓ કહે છે. ૨૧

शुष्कस्य सर्वस्य विषोपदेहाद् विशीर्णता चाशु विवर्णता च ।
खरं मृदु स्यान्मृदुनः खरत्वं तदन्तिके चाल्पकजन्तुघातः ॥२२॥

શુષ્ક માંસ વગેરેમાં ઝેર ભેળવવામાં આવે છે તો તે છૂટું છૂટું થઈ જાય છે. તેનો રંગ કાળો થઈ જાય છે, મૃદુ હોય તે રુક્ષ થઈ જાય છે અને રુક્ષ હોય તે મૃદુ થઈ જાય છે, તથા ઝેરી પદાર્થની પાસે માખી વગેરે નાના પ્રાણીઓ ઉડે છે, તે તેના સ્પર્શથી તથા સુગંધાદિકથી મરણ પામે છે. ૨૨

प्रावाराास्तरणानां च श्याममण्डलकीर्णता ।
तन्तूनां पक्ष्मणां लोम्नां स्याद् भ्रंशश्च विषाश्रयात् ॥२३॥

ધાબળાઓમાં તથા સુતરના બનાવેલા ઓછાડોમાં ઝેર ચોપડવાથી તેમાં કાળા રંગનાં ધાબાં પડી જાય છે, તથા ઝેર ચોપડવાથી તંતુઓમાંથી બનાવેલાં વસ્ત્રોનાં તંતુઓ બળી જાય છે, પક્ષીઓના પીછામાંથી બનાવેલાં વસ્ત્રોનાં પીછાંઓ તથા બકરા વગેરેના વાળનાં વસ્ત્રોમાંના વાળ ખરી પડે છે. ૨૩

लोहानां च मणीनां च मलपङ्कोपदिग्धता ।
प्रभावस्नेहगुरुतावर्णस्पर्शवधस्तथा ॥ २४ ॥

સુવર્ણ વગેરે ધાતુને તથા પ્રવાલ વગેરે મણિને ઝેર ચોપડવાથી નહિ પરંતુ ઝેરી પાણીનો સંસ્કાર આપવામાં આવે તો તેનો પ્રભાવ (કાર્ય કરવાનું સામર્થ્ય) ચકચકાટ, વજન, લાલ પીળો વગેરે રંગ, તથા લીસાપણું વગેરે સ્પર્શ નાશ પામે છે. ૨૪

વિષ આપનારાનાં ચિહ્નો

संशुष्कश्यामवक्त्रत्वं वाग्भङ्गो जृम्भणं मुहुः ।
स्खलनं वेपथुः स्वेदो ह्यावेशो दिग्विलोकनम् ॥ २५ ॥

વિષ (ઝેર) દેનારાનું મુખ શુષ્ક તથા શ્યામ રંગનું થઈ જાય છે, વાણીનો ભંગ થાય છે એટલે તે બોલી શકતો નથી, વારંવાર

શ્વાસાં આય છે, માર્ગે ચાલતાં ઠેસો આય છે, કંપે છે, પવનવાળા પ્રદેશમાં પણ તેના શરીર ઉપર પરસેવો થાય છે, ભાન વિનાનો થઈ જાય છે, કારણ વગર દિશાઓ તરફ (ભયની શંકાથી) જોયા કરે છે. ૨૫

स्वकर्मणि स्वभूमौ स्यादनवस्थानमेव च ।
लिङ्गान्येतानि निपुणं लक्षयेद् विषदायिनाम् ॥ २६ ॥

પોતાના કાર્યમાં અસાવધ રહે છે, પોતાના ઘર વગેરેમાં પણ સ્થિર થઈને બેસતો નથી. આ સર્વ ચિહ્નો પુરુષે ઝેર આપનારાઓનાં પુણુતાથી જાણવાં. ૨૬

औषधानि च सर्वाणि पानं पानीयमेव च ।
तत्कल्पकैः समास्वाद्य प्राश्नीयाद् भोजनानि च ॥ २७ ॥

રાજાને મંદવાડ થયો હોય અને ઔષધ આવાનો પ્રસંગ પડે તો એ સર્વ જાતનાં ઔષધો, ઔષધ આપનારા વૈદ્યને પ્રથમ ખવરાવવાં અને પછી પોતે ખાવાં. સરબત વગેરે પાનકો પણ તેના બનાવનારાને પ્રથમ પાવાં, પાણી પણ પ્રથમ પાનારાને પાવું અને પછી પોતે પીવું. આ રીતે પ્રત્યેક વસ્તુ તેના બનાવનારાને પ્રથમ ખવરાવવી અને પછી રાજાને ખાવી. તેમ જ ભોજનો પણ પ્રથમ રાંધનારાઓને ખવરાવવાં અને પછી પોતે ખાવાં. ૨૭

प्रसाधनादि यत्किञ्चित् तत् सर्वं परिचारकाः ।
उपनिन्युर्नरेन्द्राय सुपरीक्षितमुद्रितम् ॥ २८ ॥

અંજન, આંજણ આંજવાની શલાકા, વગેરે જે કંઈ પ્રસાધન વસ્તુ હોય, તે સર્વની સારી રીતે પરીક્ષા કરીને તેના ઉપર છાપ મારી હોય, તે પરિચારકોએ રાજાની પાસે હાજર કરવી. ૨૮

શુષ્ક માંસ વગેરેમાં ઝેર ભેળવવામાં આવે છે તો તે છૂટું છૂટું થઈ જાય છે. તેનો રંગ કાળો થઈ જાય છે, મૃદુ હોય તે રુક્ષ થઈ જાય છે અને રુક્ષ હોય તે મૃદુ થઈ જાય છે, તથા ઝેરી પદાર્થની પાસે માખી વગેરે નાના પ્રાણીઓ ઉડે છે, તે તેના સ્પર્શથી તથા સુગંધાદ્દિકથી મરણ પામે છે. ૨૨

प्रावाराास्तरणानां च श्याममण्डलकीर्णता ।
तन्तूनां पक्ष्मणां लोम्नां स्याद् भ्रंशश्च विषाश्रयात् ॥२३॥

ધાબળાઓમાં તથા સુતરના બનાવેલા ઓછાડોમાં ઝેર ચોપડવાથી તેમાં કાળા રંગનાં ધાબાં પડી જાય છે, તથા ઝેર ચોપડવાથી તંતુઓમાંથી બનાવેલાં વસ્ત્રોનાં તંતુઓ બળી જાય છે, પક્ષીઓના પીછાંમાંથી બનાવેલાં વસ્ત્રોનાં પીછાંઓ તથા બકરા વગેરેના વાળનાં વસ્ત્રોમાંના વાળ ખરી પડે છે. ૨૩

लोहानां च मणीनां च मलपङ्कोपदिग्धता ।
प्रभावस्नेहगुरुतावर्णस्पर्शवधस्तथा ॥ २४ ॥

સુવર્ણ વગેરે ધાતુને તથા પ્રવાલ વગેરે મણિને ઝેર ચોપડવાથી નહિ પરંતુ ઝેરી પાણીનો સંસ્કાર આપવામાં આવે તો તેનો પ્રભાવ (કાર્ય કરવાનું સામર્થ્ય) ચકચકાટ, વજન, લાલ પીળો વગેરે રંગ, તથા લીસાપણું વગેરે સ્પર્શ નાશ પામે છે. ૨૪

વિષ આપનારાનાં ચિહ્નો

संशुष्कश्यामवक्त्रत्वं वाग्भङ्गो जृम्भणं मुहुः ।
स्खलनं वेपथुः स्वेदो ह्यावेशो दिग्विलोकनम् ॥ २५ ॥

વિષ (ઝેર) દેનારાનું મુખ શુષ્ક તથા શ્યામ રંગનું થઈ જાય છે, વાણીનો ભંગ થાય છે એટલે તે બોલી શકતો નથી, વારંવાર

બગાસાં આય છે, માર્ગે ચાલતાં ઠેસો આય છે, કંપે છે, પવનવાળા પ્રદેશમાં પણ તેના શરીર ઉપર પરસેવો થાય છે, ભાન વિનાનો થઈ જાય છે, કારણ વગર દિશાઓ તરફ (ભયની શંકાથી) જોયા કરે છે. ૨૫

स्वकर्मणि स्वभूमौ स्यादनवस्थानमेव च ।
लिङ्गान्येतानि निपुणं लक्षयेद् विषदायिनाम् ॥ २६ ॥

પોતાના કાર્યમાં અસાવધ રહે છે, પોતાના ઘર વગેરેમાં પણ સ્થિર થઇને બેસતો નથી. આ સર્વ ચિહ્નો પુરુષે ઝેર આપનારાઓનાં નિપુણતાથી જાણવાં. ૨૬

औषधानि च सर्वाणि पानं पानीयमेव च ।
तत्कल्पकैः समास्वाद्य प्राश्नीयाद् भोजनानि च ॥ २७ ॥

રાજાને મંદવાડ થયો હોય અને ઔષધ ખાવાનો પ્રસંગ પડે તો તેણે સર્વ જાતનાં ઔષધો, ઔષધ આપનારા વૈદ્યને પ્રથમ ખવરાવવાં અને પછી પોતે ખાવાં. સરબત વગેરે પાનકો પણ તેના બનાવનારાને પ્રથમ પાવાં, પાણી પણ પ્રથમ પાનારાને પાવું અને પછી પોતે પીવું. આ રીતે પ્રત્યેક વસ્તુ તેના બનાવનારાને પ્રથમ ખવરાવવી અને પછી પોતે ખાવી. તેમ જ ભોજનો પણ પ્રથમ રાંધનારાઓને ખવરાવવાં અને પછી પોતે ખાવાં. ૨૭

प्रसाधनादि यत्किञ्चित् तत् सर्वं परिचारकाः ।
उपनिन्युर्नरेन्द्राय सुपरीक्षितमुद्रितम् ॥ २८ ॥

અંજન, આંજણ આંજવાની શલાકા, વગેરે જે કંઈ પ્રસાધન વસ્તુ હોય, તે સર્વની સારી રીતે પરીક્ષા કરીને તેના ઉપર છાપ મારી હોય, તે પરિચારકોએ રાજાની પાસે હાજર કરવી. ૨૮

ભાવાર્થઃ–રાજાને આંખ આંજવાની શલાકા, અંજન, કેશ ઉતારવાનો સજ્જૈયો, વાળ કાપવાની કાતર, નખ ઉતારવાની નરેણી, મુખ જોવાનો અરીસો, વગેરે સર્વ પદાર્થોની સારી રીતે પરીક્ષા કરી તેના ઉપર મુદ્રા મારીને રાજમહેલમાં રહેનારા પુરુષોએ પોતાની પાસે રાખવાં અને તે તે કાર્ય કરનારા પરિચારક પુરુષોએ રાજાની પાસે તે હાજર કરવાં. ૨૮

परस्मादागतं यच्च तत्तत् सर्वं परीक्षयेत् ।
स्वेभ्यः परेभ्यश्च तदा रक्ष्यो राजा हि रक्षिता ॥ २९ ॥

સામંતને ઘેરથી અથવા તો શત્રુને ઘેરથી જે જે પદાર્થો આવે, તે તે સર્વ પદાર્થની પરીક્ષા કરીને તેનો ઉપયોગ કરવો. કારણ કે રાજાની પોતાના મનુષ્યોથી તથા બહારના મનુષ્યોથી રક્ષા કરવાની જરૂર છે. કારણ કે રાજા જગતનો રક્ષક છે. ૨૯

ભાવાર્થઃ–રાજા સર્વ મનુષ્યોનો પાલક છે, માટે સેવકોએ રાજાની અવશ્ય રક્ષા કરવી જોઇએ, એ વાત ઉપરના શ્લોકોમાં દર્શાવી છે. ૨૯

यानवाहनमारोहेद् ज्ञातं ज्ञातोपपादितम् ।
अविज्ञातेन हि पथा सङ्कटेन च न व्रजेत् ॥ ३० ॥

રાજાએ પોતાના વિશ્વાસુ મનુષ્યે આણેલા અને પોતાના જાણીતા પાલખી મીયાના વગેરે તથા હાથી ઘોડા વગેરે વાહન ઉપર બેસવું, અને જાણીતા તથા પહોળા માર્ગે થઇને જવું. પરંતુ અજાણ્યે માર્ગે તથા સાંકડા ગલીગુંચીવાળા માર્ગે જવું નહિ. ૩૦

वीक्षितादुष्टकर्माणमाप्तं वंशक्रमागतम् ।
संविभक्तं च कुर्वीत जनमासन्नवर्त्तिनम् ॥ ३१ ॥

જેનાં કર્મ વિશ્વાસપાત્ર જોવામાં આવે, જે વિશ્વાસપાત્ર હોય અને જે વંશપરંપરાથી ઉતરી આવ્યો હોય, એવા પુરુષને આજ્ઞાવિક્ષ કરી આપીને પોતાની સેવામાં રાખવો. ૩૧

अधार्मिकांश्च क्रूरांश्च दृष्टदोषान् निराकृतान् ।
परेभ्योऽभ्यागतांश्चैव दूरादेतान् समाचरेत् ॥ ३२ ॥

પરંતુ જે પુરુષો અધર્મિષ્ઠ હોય, જે ક્રૂર સ્વભાવના હોય, જેના દોષ જાણવામાં આવ્યા હોય, દાન વખતે તથા સન્માન સમયે જેઓનું અપમાન કરવામાં આવ્યું હોય તથા જે શત્રુઓની પાસેથી આવ્યા હોય, એવાને પોતાની પાસે સેવામાં રાખવા નહિ. ૩૨

महावातपरिभ्रान्तां परीतानाप्तनाविकाम् ।
अन्यनौप्रतिबद्धां वा नोपेयान्नावमातुराम् ॥ ३३ ॥

જે વહાણ મોટા પવનના ઝપાટાથી હાલકલોલક થતું હોય, જે અજાણ્યા ખારવાઓથી ભરપૂર હોય, જેને બીજાં વહાણની સાથે બાંધવામાં આવ્યું હોય તથા જે વહાણ જૂનું હોય તેવા વહાણમાં રાજાએ બેસવું નહિ. ૩૩

ભાવાર્થઃ—જે વહાણ પવનના મારાથી ડોલતું હોય તેવા વહાણમાં બેસવાથી ફેર ચઢે છે, અથવા તો વખતપર તેવું વહાણ ડૂબાડી પણ દે છે. જે વહાણના ખારવાઓ વિશ્વાસુ ન હોય તેવા વહાણમાં બેસવાથી વખતપર દગો થવાનો સંભવ રહે છે. જે વહાણને બીજાં વહાણની સાથે બાંધ્યું હોય તેવા વહાણમાં બેસવું, એ પણ એક સાહસ કર્મ કરવા સમાન છે. કારણ કે પોતાને જે વહાણમાં બેસવાનું હોય તે વહાણનો આધાર બીજા વહાણના ઉપર હોય છે. તેમ જ જૂનું વહાણ મોજાના મારથી વખત ઉપર ભાંગી જાય છે. માટે તેમાં બેસવું, એ પણ એક જાતનું જોખમ ખેડવા જેવું છે, માટે રાજાએ દરિયામાં કે સરોવરમાં વહાણમાં બેસીને ફરવા જવું હોય તો આ શ્લોકમાં વર્ણવેલા વહાણમાં કદી પણ બેસવું નહિ. ૩૩

परितापिषु वासरेषु पश्यंस्तटलेखान्तिकमाप्तसैन्यचक्रः ।
सुविशोधितमीननक्रजालं व्यवगाहेत जलं सुहृत्ससमेतः ॥ ३४ ॥

રાજાને સંતાપ ઉપજાવનારા ગ્રીષ્મ ઋતુના દિવસોમાં જળક્રીડા કરવાની ઇચ્છા થાય ત્યારે તેણે જળાશયમાંથી માછલાં તથા ઝુંડોને બહાર કઢાવીને જળાશયને સારી રીતે શુદ્ધ કરાવવું, જળાશયના તીર ઉપર વિશ્વાસુ સૈન્યમંડળને ઉભું રાખવું અને જળાશયની તપાસ કરીને પછી રાજાએ નાહાવામાટે સ્નેહીઓથી વિંટાઇને તે જળમાં પ્રવેશ કરવો. ૩૪

गहनादि विसर्जयेद् विशुद्धं बहिरुद्यानवनं समभ्युपेतः ।
विहरन् मधुरं वयोनुरूपैर्न च माद्येद् विषयोपभोगरागात् ॥३५॥

રાજાને વનવિહાર કરવા જવું હોય ત્યારે વૃક્ષોથી તથા લતાઓથી ગીચ (ભરપૂર) એવા વનોમાં જવું નહિ; પરંતુ સર્પ પકડનારા પુરુષોદ્વારા પ્રથમથી જ જીવજંતુ વિનાનાં કરાવેલાં, નગરની બહારના ઉદ્યાનમાં જવું અને ત્યાં સમાન વયના મિત્રોની સાથે ધીરે ધીરે વિહાર કરવો તથા વિષયોના ઉપભોગની ઇચ્છાથી પ્રમત્ત થઈ જવું નહિ. ૩૫

सुविनीतसुवेषपृष्ठयानः सुखगम्यामुचितां च लक्ष्यसिद्ध्यै ।
सुपरीक्षितरक्षितान्तसीमां लघुकोष्ठस्तु मृगाटवीमुपेयात् ॥ ३६ ॥

રાજાએ મૃગયા કરવા જવું હોય ત્યારે પરિમિત આહાર કરવો (થોડોક ખોરાક લેવો કે જેથી દોડી શકાય) અને પછી સારી રીતે કેળવેલ અને ઉત્તમ પ્રકારના સાજથી શણગારેલા હાથી અથવા તો ઘોડા ઉપર બેસીને, ખાડાખૈયા વિનાના હોવાથી સુખથી જઈ શકાય તેવા, નિત્ય જવાથી જાણીતા, અને શીકારી પશુઓથી ભરપૂર એવા અરણ્યમાં શિકાર કરવા માટે જવું, અને તે સારી રીતે પરીક્ષા કરેલા તથા પરંપરાથી ઉતરી આવેલા સીપાઇઓ પાસે તે અરણ્યના સીમાડાની રક્ષા કરાવવી. ૩૬

कारयेद् भवनशोधनमादौ मातुरन्तिकमपि प्रविविक्षुः ।
आप्तशस्त्रयनुगतः प्रविशेत् तत् सङ्कटे च गहने न च तिष्ठेत् ॥३७॥

રાજાને માતાની પાસે પણ જવાની ઇચ્છા થાય તો તેણે પ્રથમ રાજમાતાના મહેલમાંથી સર્વે મનુષ્યોને બહાર કઢાવવાં, અને તે પછી માતાના ઘરમાં દાખલ થવું અને તે વખતે પોતાના વિશ્વાસુ હથિયારબંધ મનુષ્યોએ રાજાની પાછળ પાછળ જવું. જ્યાં માર્ગ સાંકડો હોય ત્યાં અથવા તો ભયંકર માર્ગમાં રાજાએ ઉભા રહેવું નહિ. ૩૭

पांसूत्करोत्कर्षिणि वाति वाते संसक्तधाराजलदे च काले ।
अत्यातपे वापि तथान्धकारे स्वस्थस्तु सन् न क्वचिदभ्युपेयात् ॥३८॥

જે સમયે ધૂળના ઢગને ઉરાડતો પવન વાતો હોય, જે સમયે વરસાદ ધોધબંધ વરસતો હોય, જે સમયે ઘણો જ તડકો તપતો હોય અથવા તો જે વખતે ગાઢ અંધારું હોય, તે સમયે રાજાએ શાંત થઇને બેસી રહેવું, પરંતુ કોઈ પણ ઠેકાણે જવું નહિ. ૩૮

ભાવાર્થઃ—જો આવશ્યક કાર્ય હોય તો પવનાદિથી રક્ષણ કરનારાં જાડાં વસ્ત્રો પહેરી, છત્રી વગેરે લઇને બહાર જવું. ૩૮

निर्गमे च प्रवेशे च राजमार्गं समन्ततः ।
प्रोत्सारितजनं गच्छेत् सम्यगाविष्कृतोन्नतिः ॥ ३९ ॥

રાજમાર્ગ ઉપરથી બહાર જવું હોય અથવા તો રાજમાર્ગ ઉપર થઇને રાજમહેલમાં દાખલ થવું હોય ત્યારે રાજાએ રાજમાર્ગની ચારે પાસથી મનુષ્યોને દૂર કરાવવાં, અને રાજાએ પોતાના શરીરની સુંદરતા દેખાડવા માટે શરીરને સારી રીતે ઉન્નત કરીને રાજમાર્ગ ઉપર નિકળવું, કે જેથી લોકો પોતાને જોઈ શકે. ૩૯

यात्रोत्सवसमाजेषु जनसंबाधशालिनः ।
प्रदेशान् नावगाहेत नातिवेलं च संपतेत् ॥ ४० ॥

દેવોની યાત્રા ભરાઈ હોય, વસંતાદિના ઉત્સવો થતા હોય, અથવા તો મનુષ્યોની સભા ભરાઈ હોય, તેવે વખતે મનુષ્યોની ભીડવાળા પ્રદેશોમાં રાજાએ દાખલ થવું નહિ. તેમ જ કવેળાએ પણ મહેલમાંથી બહાર જવું નહિ. ૪૦

ભાવાર્થઃ-દેવોની યાત્રા વગેરેમાં મનુષ્યોની મોટી ભીડ થઈ હોય, તેવે સમયે રાજાએ માણસોની ભીડમાં દાખલ થવું નહિ. કારણ કે શત્રુઓ હંમેશાં યાત્રાદિકમાં મનુષ્યોના ટોળાંની અંદર છૂપાઇને વેર લેવા માટે ફર્યા કરે છે અને લાગ ફાવે ત્યારે પોતાના મનનું ધાર્યું કરે છે. તેમ જ પરોઢિયું, બપોર અને સાંજ આ કવેળા ગણાય છે. તે સમયે પણ રાજાએ રાજમહેલમાંથી બહાર નિકળવું નહિ. ૪૦

निषेवितो वर्षवरैः कञ्चुकोष्णीषधारिभिः ।
अन्तःपुरेषु विचरेत् कुब्जकैरातवामनैः ॥ ४१ ॥

રાજાને અંતઃપુરોમાં એટલે રાણીવાસોમાં ફરવું હોય ત્યારે નાજરોએ જામા તથા પાઘડી પહેરીને રાજાની સેવામાં હાજર થાવું તથા કુબડાઓએ ભીલ જાતિના પુરુષોએ અને ઠીંગણા પુરુષોએ પણ જામા તથા પાઘડી પહેરીને રાજાની સેવામાં હાજર રહેવું અને રાજાએ અંતઃપુરોમાં ફરવું. ૪૧

नीचैरन्तःपुरामात्याः शुचयश्चित्तवेदिनः ।
शस्त्राग्निविषवर्जं हि नर्मयेयुर्महीपतिम् ॥ ४२ ॥

વળી તે સમયે કામની પરીક્ષામાં જેઓ શુદ્ધ નિવડ્યા હોય અને રાજાના મનના અભિપ્રાયને જાણતા હોય એવા અંતઃપુરના અમાત્યોએ (ખોજાઓએ) હલકી જાતના પુરુષોની પાસે હથિયાર, અગ્નિ તથા ઝેર સિવાયની બીજી વસ્તુઓથી રમતો કરાવીને રાજાને રાજી કરવો. ૪૨

ભાવાર્થઃ–રાજાની પાસે જે શસ્ત્રની, અગ્નિની અથવા તો ઝેરની રમતો કરાવવામાં આવે તો વખત ઉપર શત્રુઓ તેવી રમત કરનારા લોકોને પૈસાની લાલચ આપીને ખાસ રમવાને મોકલે અને રમત કરનારાઓ રમત કરતાં કરતાં રાજાના શરીર ઉપર હથિયારનો ઘાવ કરે અથવા તો અગ્નિનો કે વિષનો પ્રક્ષેપ કરે તેથી રાજાનું મૃત્યુ નિપજે. માટે જનાનામાં રહેનારા નાજરોએ રમનારા નટ વગેરે હલકા લોકોની પાસે નિર્દોષ રમતો કરાવીને રાજાને પ્રસન્ન કરવો. ૪૨

अन्तर्वंशिकसैन्यं हि सन्नद्धं साधुसम्मतम् ।
रक्षेदायुक्तकुशलमन्तःपुरगतं नृपम् ॥ ४३ ॥

રાજા અંતઃપુરમાં હોય ત્યારે અંતઃપુરની રક્ષા કરવા માટે યોજેલાં અને ચારેય પ્રકારે પરીક્ષામાં સારી રીતે શુદ્ધ જણાયલાં, સારી રીતે માનીતાં થયેલાં, શસ્ત્રવિદ્યામાં કુશળ એવાં સૈન્યે શસ્ત્રો ધારણ કરી, તૈયાર થઈને રાજાની રક્ષા કરવી. ૪૩

आशीतिकाश्च पुरुषाः पञ्चाशत्काश्च योषितः ।
पश्येयुरवरोधानां शौचमागारिकाश्च ये ॥ ४४ ॥

એંસી વર્ષના પુરુષોએ, પચાસ વર્ષની સ્ત્રીઓએ અને અંતઃપુરમાં રહેનારા ખોજાઓએ રાણીનાં શુદ્ધ આચરણ ઉપર ધ્યાન રાખ્યા કરવું. ૪૪

ભાવાર્થઃ–આ શ્લોકમાં જે ઉમરના પુરુષો તથા જે ઉમરની સ્ત્રીઓ કહી છે, તે પ્રૌઢબુદ્ધિનાં હોય છે તેથી તેઓ દુષ્ટ પુરુષોની જાળમાં ફસાતાં નથી તેમ બહારના પુરુષની સાથે સંસર્ગ પણ કરતાં નથી. રાણી કદાચ કામાધીન થઈને બહારના કોઈ પણ પુરુષની સાથે લપટાય છે તો તેઓ તેને અધર્મ કરતાં અટકાવે છે. માટે રાજાએ આ શ્લોકમાં વર્ણવેલી ઉમરનાં સ્ત્રી પુરુષોને રાણીઓની પાસે રાખવાં જોઈએ. ૪૪

रूपाजीवाः स्त्रियः स्नाताः परिवर्त्तितवाससः ।
राजानमुपतिष्ठेयुर्विशुद्धस्त्राग्विभूषणाः ॥ ४५ ॥

વેશ્યાઓએ સ્નાન કરી, નવાં વસ્ત્રો પહેરી, અત્યંત શુદ્ધ એવી પુષ્પની માળા તથા આભૂષણો શરીર ઉપર ધારણ કરીને રાજાની સેવામાં હાજર થવું. ૪૫

कुहकैर्जटिलैश्चापि मुण्डैश्चाभ्यन्तरो जनः ।
संसर्गं न क्वचिद् गच्छेद् बाह्यैर्दासीजनैस्तथा ॥ ४६ ॥

રાજાના અંતઃપુરમાં રહેનારા સેવકોએ, ઇંદ્રજાળ જાણનારા પુરુષોની સાથે, જટાધારી પુરુષોની સાથે, મુંડ મુંડાવનારા મુંડીયા સાધુઓની સાથે, બહાર ફરનારા પુરુષો સાથે તેમ જ દાસીઓની સાથે કોઈ પણ દિવસ સંસર્ગ રાખવો નહિ. ૪૬

ભાવાર્થઃ—અંતઃપુરમાં રહેનારા રાજાના સેવકો જો ઇંદ્રજાળ જાણનારા, યતિ જોગીઓની અથવા તો બહારના પુરુષો અને દાસીઓની સાથે સંબંધ રાખે છે તો તેઓ વખતે શત્રુની પ્રેરણાથી અંતઃપુરમાં દાખલ થઈ જઈને રાણીને વશ કરે છે અને તેના મારફતે રાજાનો નાશ કરાવે છે અથવા તો રાણી મારફતે રાજ્યમાં ઉથલપાથલ કરાવે છે. માટે જનાનામાં રહેનારા મનુષ્યોનો બહારનાં મનુષ્યોની સાથે વ્યવહાર કરવાનો અટકાવ કરવામાં આવ્યો છે. ૪૬

निर्गच्छेत् प्रविशेच्चापि सर्वत्राभ्यन्तरो जनः ।
विज्ञातद्रव्यसञ्चारी करणेनोपलक्षितः ॥ ४७ ॥

જનાનામાં રહેનારાં મનુષ્યોએ બહાર જવું હોય અથવા તો બહારથી અંદર દાખલ થવું હોય ત્યારે દ્વારપાલને જાણ કરવું. તેમ જ કોઈ વસ્તુને બહાર લઈ જવી હોય અથવા તો અંદર લાવવી હોય ત્યારે પણ દ્વારપાલને જાણ કરવું અને તેના ઉપર રાજાની મોહોર છાપ માર્યા પછી તેને બહાર લઈ જવી. ૪૭

न चानुजीविनं पश्येदकल्यं पृथिवीपतिः ।
अन्यत्रात्ययिकात् कार्यात् सर्वत्रात्ययिको गुरुः ॥ ४८ ॥

અંતઃપુરમાં રહેનારો સેવક માંદો પડે ત્યારે રાજાએ તેને મળવું

નહિ. પરંતુ તેને નહિ મળવાથી રાજાને જો મોટી હાનિ થવાની હોય તો તેને મળવું. સર્વદા હાનિકારક પ્રસંગને મોટો ગણવામાં આવે છે. ૪૮

ભાવાર્થઃ—રાજાએ પોતાનો સેવક બીમાર પડે ત્યારે તેને ખાસ મળવા જવું નહિ. કારણ કે બીમાર સેવકને મળવા જવું, એ રાજાને અમંગળ ગણ્યું છે. પરંતુ કોઈ કોઈ પ્રસંગે તેને ખાસ મળવાની જરૂર જણાય અને ન મળવાથી જો મોટી હાનિ થતી હોય તો રોગી સેવકને પણ મળીને કાર્યનો ખુલાસો મેળવવો. ૪૮

स्नातानुलिप्तः सुरभिः स्रग्वी रुचिरभूषणः ।
स्नातां विशुद्धवसनां पश्येद् देवीं सुभूषणाम् ॥ ४९ ॥

રાજાએ શરીર ઉપર તેલનું અભ્યંગ કરીને જળથી સ્નાન કરવું, તે પછી શરીર ઉપર ચંદન લગાડીને શરીરને સુગંધી કરવું, પુષ્પની માળા પહેરવી, મોતીની માળા વગેરે સુંદર આભૂષણો ધારણ કરવાં, અને પછી ધોયેલાં શુદ્ધ વસ્ત્રો પહેરીને તથા સુંદર આભૂષણો ધારણ કરી, શણગાર સજીને તયાર થયેલી રાણીને મળવું. ૪૯

न च देवीगृहं गच्छेदात्मीयात् सन्निवेशनात् ।
अत्यन्तं वल्लभोऽस्मीति विस्रम्भं स्त्रीषु न व्रजेत् ॥ ५० ॥

રાજાએ પોતાના મહેલમાંથી રાણીના મહેલમાં જવું નહિ, તેમ 'હું રાણીને અત્યંત વહાલો છું' એમ માની રાણીનો અત્યંત વિશ્વાસ પણ કરવો નહિ. ૫૦

देवीगृहं गतो भ्राता भद्रसेनममारयत् ।
मातुः शय्यान्तरालीनः कारूशं चौरसः सुतः ॥ ५१ ॥

કલિંગ દેશમાં ભદ્રસેન નામે એક રાજા હતો. તેની રાણીની સાથે રાજા ભદ્રસેનના ભાઈને વાતચિત થવાથી રાણી તેના ઉપર પ્રસન્ન થઈ. તે પછી વીરસેન રાજ્યહરણની છચ્છાથી રાણીના મહેલના એક ભાગમાં છૂપાઈ રહ્યો અને કલિંગના રાજા ભદ્રસેનને મારી

નાંખ્યો હતો. તે પ્રમાણે જ કરુશ દેશના રાજાના ઔરસ પુત્રે પણ પોતાના પિતાએ બીજા પુત્રને રાજ્ય આપ્યું હતું, તે ઉપરથી કોપાયમાન થયેલી માતાની પ્રેરણાથી માતાની શય્યા નિચે છૂપાઇને પોતાના પિતાને મારી નાંખ્યો હતો. ૫૧

लाजान् विषेण संयोज्य मधुनेति विलोभ्यतम् ।
देवी तु काशिराजेन्द्रं निजघान रहोगतम् ॥ ५२ ॥

કાશીરાજાની રાણીએ ભાતમાં ઝેર ભેળીને એકાંતમાં રહેલા રાજાને 'આ ભાતમાં મધ મેળવ્યું છે' આમ કહી, રાજાને લોભાવી, તે ભાત ખવરાવીને મારી નાંખ્યો હતો. ૫૨

ભાવાર્થઃ–કાશીરાજાએ યુદ્ધમાં પોતાની રાણીના ભાઇઓને જિતીને કેદ કર્યા હતા. તે ઉપરથી રાણીને ક્રોધ ચઢ્યો હતો અને તેણે ભાતમાં ઝેર ભેળીને રાજાને કહ્યું કે; આ ભાતમાં મધ મેળવ્યું છે તમે ખાઓ; રાજાએ જેવો તે ભાત ખાધો કે તરત મરી ગયો. આવી ઇતિહાસમાં કથા છે. ૫૨

विषदिग्धेन सौवीरं मेखलामणिना नृपम् ।
नूपुरेण च वैरूप्यं जारुष्यं दर्पणेन च ॥ ५३ ॥

સૌવીર દેશના રાજાની રાણીએ કટિમેખલાના મણિઓ ઉપર ઝેર ચોપડીને તેનાથી રાજાને પ્રહાર કરીને સૌવીર દેશના રાજા પરંતપને મારી નાંખ્યો હતો, અવંતી દેશના રાજા વૈરૂપ્યની રાણીએ પોતાના પગના ઝાંઝરમાં ઝેર ચોપડીને તેના પ્રહારથી વૈરુપ્ય નામના રાજાને મારી નાંખ્યો હતો તથા અયોધ્યાના રાજા જારુષ્યને તેની રાણીએ અરીસા ઉપર ઝેર ચોપડી તેનાથી રાજાનું મુખ ખરડીને રાજાને મારી નાંખ્યો હતો. ૫૩

ભાવાર્થઃ–સૌવીર દેશના રાજાનું નામ પરંતપ હતું. તે નિત્ય રાણીને કઠોર વચનો કહ્યા કરતો હતો. તેથી રાણીને ઘણો જ ક્રોધ ચઢતો હતો. એક વખતે રાણીએ પોતાની મેખલાના મણિઓ ઉપર ઝેર ચોપડ્યું અને

પ્રણયકોપ કરીને તેનાથી રાજાને પ્રહાર કર્યો કે, શરીર ઉપર ઝેર લાગવાથી રાજા મરણ પામ્યો અને રાણીએ પોતાનું વેર વાળ્યું.

અવંતીના રાજા વૈરૂપ્યને ઘણી રાણીઓ હતી. તે રાણીઓએ એક રાણી ઉપર વ્યભિચારનો મિથ્યા આરોપ મૂકયો અને રાજાના તરફથી તેને મોટું સંકટ ભોગવવાનો સમય આવ્યો. તે સંકટ રાણીથી સહન થઈ શકયું નહિ. તે ઉપરથી તેણે પોતાના પગનાં ઝાંઝરોના બહારના ભાગમાં ઝેર ચોપડીને તે ઝાંઝરોથી રમવા લાગી, અને રમતાં રમતાં તેણે રાજાને ઝાંઝરોનો પ્રહાર કર્યો કે, રાજા ઝેરનો સ્પર્શ થવાથી તુરત મરણ પામ્યો. તે ઝેર ઘણું જ તીક્ષ્ણ હતું.

અયોધ્યાનો રાજા જરુષ્ય પરસ્ત્રીમાં લંપટ હતો; તે માત્ર ઉપર ઉપરથી જ પોતાની રાણી સાથે વ્યવહાર કરતો હતો. તે ઉપરથી તેની રાણીએ એક અરીસા ઉપર ઝેર ચોપડ્યું અને રાજાની પાસે બેસી હાથમાં અરીસો લઇને શણગાર સજવા લાગી અને લાગ જોઇને તે અરીસો રાજાના મુખ ઉપર નાંખ્યો એટલે અરીસા ઉપર ચોપડેલું ઝેર રાજાના મુખ ઉપર ખરડાઈ ગયું. તેથી રાજાને રક્તવાતનો રોગ થયો. રાણીએ જાણી જોઇને અરીસો નાખ્યો હતો છતાં મારી ભૂલથી તે અરીસો રાજાના મુખ ઉપર પડી ગયો; આમ કહીને પોતાનો અપરાધ છૂપાવ્યો, અને રાજા રક્તવાત રોગનો ભોગ થઇને મરણ પામ્યો હતો. ૫૩

वेण्यां शस्त्रं समाधाय तथा चापि विदूरथम् ।
इति वृत्तं परिहरेच्छत्रौ चापि प्रयोजयेत् ॥ ५४ ॥

વિદૂરથ રાજાની રાણીએ પોતાના કેશપાશમાં-(ચોટલાના અંબોડામાં) છરી છૂપાવીને તેનાથી રાજાને મારી નાંખ્યો હતો. માટે રાણીઓએ અથવા તો રાજાઓએ પોતાના સંબંધી ઉપર આવી રીતે વર્તવું નહિ. પરંતુ શત્રુના ઉપર આવા પ્રયોગ કરવા. ૫૪

यस्य दाराः सुगुप्ताः स्युः पुरुषैराप्तकारिभिः ।
सर्वभोगान्वितं तस्य हस्ते लोकद्वयं स्थितम् ॥ ५५ ॥

જે રાજા પોતાની રાણીઓનું પોતાના વિશ્વાસુ સેવકો મારફતે રક્ષણ કરે છે, તે રાજા આ લોકમાં સર્વ વૈભવ ભોગવે છે અને પરલોકમાં પણ સર્વ વૈભવ ભોગવે છે. ૫૫

ભાવાર્થઃ–વૃષ્ણિવંશમાં વિદૂરથ નામનો એક રાજા હતો. તે વેશ્યાઓ ઉપર અત્યંત આસક્ત હતો. તેણે પોતાની રાણીનું સર્વ ધન વેશ્યાને ખવરાવી દીધું અને વેશ્યાને માટે રાણીની પાસે બીજું ધન માગવા લાગ્યો. રાણીથી તે સહન થઈ શકયું નહિ, તેણે પોતાના માથાંના અંબોડામાં નાની છરી છૂપાવી રાખી અને રાત્રે રાજા પોતાના મહેલમાં નિદ્રાવશ થયો કે તેણે અંબોડામાંથી છરીને બહાર કાઢીને તેનાથી રાજાના મર્મ ભાગમાં પ્રહાર કર્યો કે, રાજા મરણ પામ્યો.

કવિ કામંદક કહે છે કે; ઘણી રાણીઓએ કપટ કરીને રાજાનાં ખૂન કર્યાં છે. માટે રાજાએ હું અમુક રાણીનો વલ્લભ છું, આમ માનીને તેનો વિશ્વાસ કરવો નહિ, તેમ રાણીઓએ પણ એ રીતે કપટથી રાજાનું ખૂન કરવું યોગ્ય નથી. તેમ પોતાના ભાઇને કે પુત્રને ઘરમાં દાખલ કરીને પોતાના પતિનો ઘાત કરાવવો પણ યોગ્ય નથી. તેમ રાજાએ પણ રાણીને કઠોર વચનો કહીને ઉદાસ કરવી નહિ, તેમ ઉદાસ રાણીને મહેલે સુવાને પણ જવું નહિ, તેમ રાણીને સંભોગથી પણ દુઃખી કરવી નહિ, તેમ પોતાની રાણીનાં આભૂષણોથી કે પૈસાથી તેની સોકય રાણીની સાથે વિલાસ ભોગ પણ કરવો નહિ. પરંતુ શત્રુઓને છેતરવા માટે આવા પ્રયોગ કરવા. ૫૫

धर्ममिच्छन् नरपतिः सर्वदाराननुक्रमात् ।
गच्छेदनुदिनं नित्यं वाजीकरणबृंहितः ॥ ५६ ॥

પોતાની સ્ત્રીના સ્ત્રી જાતના ધર્મની રક્ષા કરવાની ઇચ્છાથી રાજાએ વાજીકરણના પ્રયોગથી હૃષ્ટપુષ્ટ થવું અને અનુક્રમથી દરરોજ સર્વ રાણીઓની પાસે જવું. ૫૬

ભાવાર્થઃ–રાજાને ઘણી રાણી હોય છે માટે તેણે વાજીકરણ ઔષધનું સેવન કરીને હૃષ્ટપુષ્ટ થવું અને સર્વ રાણીઓની પાસે વારા પ્રમાણે એક એક દિવસ જવું. આમ કરવાથી સર્વ રાણીઓનું મન સચવાય છે અને તેઓને પર-

પુરુષનો સંગ કરવાનું મન થાતું નથી. તેથી રાણીઓ વ્યભિચાર કરતાં અટકે છે અને તેઓનો ધર્મ સચવાય છે તથા રાજા પણ સમદૃષ્ટિ રાખવાથી પોતાનો પતિ તરિકેનો ધર્મ સંપૂર્ણ રીતે પાળે છે તથા પોતાની પ્રજા વર્ણસંકર થતાં અટકે છે. આ પણ રાજાનો એક ધર્મ સચવાય છે. આવા વિચારથી કામંદક કહે છે કે ધર્મમિચ્છન્ ॥ ૫૬

विचार्य कार्यावयवान् दिनक्षये विसृज्य लोकं प्रमदाकृतक्रियः ।
अशस्त्रबन्धेन हि साधु पाणिना स्वपेदसक्तं परमात्मरक्षितः ॥५७॥

રાજાએ દિવસના આઠ વિભાગ પાડીને તે તે સમયે રાજકીય તથા વ્યાવહારિક કાર્ય કરવાં. સાયંકાળે સર્વ મનુષ્યોને રજા આપીને અંતઃપુરમાં જવું અને ત્યાં સ્ત્રીઓદ્વારા કામકાજ કરાવવાં, (કારણ કે ત્યાં પુરુષોને આવવાનો હુકમ હોતો નથી.) તે પછી રાજાએ હાથમાંથી શસ્ત્રને (હથિયાર) ને દૂર મૂકીને સારી રીતે નિદ્રા કરવી, પરંતુ નિદ્રામાં આસક્ત થવું નહિ અર્થાત્ જાગતાં સુવું અને તે સમયે અત્યંત વિશ્વાસુ સીપાઇઓએ રાજાની રક્ષા કરવી. ૫૭

ભાવાર્થઃ—રાજાએ અંતઃપુરમાં નિદ્રા કરવી, પરંતુ અર્ધજાગૃત સ્થિતિમાં સુવું અને સુતી વખતે હાથમાંથી હથિયારને દૂર મૂકી દેવાં, અર્થાત્ તે સમયે ઓસીકાની તરફ માથાની રક્ષા કરવા માટે હથિયાર મૂકવાં. ૫૭

नयेन जाग्रत्यनिशं नरेश्वरे सुखं स्वपन्तीह निराधयः प्रजाः ।
प्रमत्तचित्ते स्वपति त्रसद्भयात् प्रजागरेणास्य जगत् प्रबाध्यते ॥५८॥

રાજા જો નિત્ય નીતિથી જાગૃત રહે છે અર્થાત્ નિત્ય ન્યાયથી સર્વ કાર્યોની તપાસ કરે છે તો તેની સર્વ પ્રજા પીડારહિત થઇને સુખમાં નિદ્રા કરે છે. પરંતુ રાજા જો પ્રમત્ત મનનો થઇને નિદ્રા કરે છે એટલે રાત દહાડો વિષયમાં લંપટ રહે છે તો એની પ્રજા ચોર વગેરેના ભયથી ત્રાસ પામીને પ્રજાગરથી-ઉજાગરાથી (ચિંતાથી) પીડા પામ્યા કરે છે. ૫૮

ભાવાર્થઃ–જે રાજા નિત્ય સર્વ કાર્યોનો ન્યાયથી તપાસ કરે છે, તે રાજા જાગતો કહેવાય છે. આવો જાગતો રાજા જે દેશ ઉપર રાજ્ય કરે છે, તેની પ્રજાને ચોરાદિકનો અથવા તો લુચ્ચા અધિકારીઓનો ભય રહેતો નથી. તેથી તે સુખમાં નિદ્રા કરે છે. પરંતુ જે રાજા રાત દહાડો સ્ત્રી, મદિરાપાન, જુગાર, મૃગયા વગેરેમાં રચ્યો પચ્યો રહે છે, તે રાજા જાગતાં છતાં પણ ઉંઘતો ગણાય છે કારણ કે તે પોતાનાં રાજકીય કાર્યોની તપાસ કરી શકતો નથી. તેથી તેવા રાજાની પ્રજા અમારું રક્ષણ કોણ કરશે, એવી ચિન્તાથી રાતદિવસ જાગ્યા કરે છે. ૫૮

इतिस्म पूर्वे मुनयो बभाषिरे नृपस्य राज्यस्य च साधु रक्षणम् ।
तदेतदेवं परिपालयन् नयान्नरेश्वरः पालनकल्यतां व्रजेत् ॥ ५९ ॥

આ રીતે પૂર્વ કાળના મુનિઓ રાજાનું તથા રાજ્યનું રક્ષણ કરવા માટે સારી રીતે કહી ગયા છે. માટે રાજા જે ઉપર કહ્યા પ્રમાણે ન્યાયથી પોતાનાં રાજ્યનું પાલન કરે છે તો તે રાજા નિર્દોષ પાલનકર્તા રાજા ગણાય છે. ૫૯

'આત્મરક્ષણ' એ નામનું પ્રકરણ ૧૧ મું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં "રાજકુમારનું રક્ષણ તથા આત્મરક્ષણ" એ નામનો સર્ગ ૭ મો સમાપ્ત.

સર્ગ ૮ મો–પ્રકરણ ૧૨ મું

રાજમંડલના ભેદ

उपेतः कोशदण्डाभ्यां सामात्यः सह मन्त्रिभिः ।
दुर्गस्थश्चिन्तयेत् साधु मण्डलं मण्डलाधिपः ॥ १ ॥

મંડળના (દેશના) અધિપતિ એવા રાજાએ કોશ (ધનનો ભંડાર) તથા સૈન્ય સંપાદન કર્યા પછી અમાત્ય (કાર્યભારી) તથા મન્ત્રી (સલાહકાર બુદ્ધિસચિવ) સાથે કિલ્લામાં રહીને મંડલવિશે સારી રીતે વિચાર કરવો. ૧

ભાવાર્થઃ–રાજાએ પોતાનાં રાજ્યને સ્થિર કર્યા પછી બીજાં રાજ્યો મેળવવાં જોઇએ. તેને માટે હવે પછીના તેર સર્ગમાં ઉપાયો દેખાડવામાં આવશે. તેમાં આ સર્ગમાં મંડલયોનિ તથા મંડલચરિત્ર એમ બે પ્રકરણ કહ્યાં છે અને તેમાં રાજમંડલનો તથા તેનાં ચરિત્રનો વિચાર કરવામાં આવ્યો છે. રાજાએ પ્રથમ પોતાનાં પ્રકૃતિમંડલને વશ કરવું. તે પછી મજબૂત કિલ્લામાં વાસ કરવો અને તે પછી પોતાનાં તથા પરકીય મંડલ વિશે વિચાર કરવો. આ શ્લોકમાં મંડલ શબ્દ દેશનો વાચક છે. ૧

रोचते सर्वभूतेभ्यः शशीवाखण्डमण्डलः ।
सम्पूर्णमण्डलस्तस्माद् विजिगीषुः सदा भवेत् ॥ २ ॥

સંપૂર્ણ મંડલવાળો ચંદ્ર જેમ સર્વ પ્રાણીઓને ગમે છે, તેમ રાજા પણ જો સંપૂર્ણ મંડલવાળો (દેશવાળો) હોય તો તે સર્વ પ્રાણીઓને પ્રીતિપાત્ર થાય છે. માટે રાજાએ સદાય બીજા દેશોને જિતવાની ઇચ્છાવાળા થવું. ૨

ભાવાર્થઃ–પોતાનાં રાજ્યને સ્થિર કર્યા પછી રાજાને પરનાં રાજ્ય જિતવાની ઇચ્છા થાય છે તેથી તે રાજા વિજિગીષુ કહેવાય છે. વિજિગી રાજાએ પોતાની આસપાસનાં રાજમંડલને સાધવાની જરૂર છે. ૨

रथीव राजते राजा विशुद्धे मण्डले चरन् ।
अशुद्धे मण्डले सर्वं शीर्यते रथचक्रवत् ॥ ३ ॥

રથી જેમ શુદ્ધ એટલે ચોતરફથી સરખાં કરેલાં મંડળમાં ફરવાથી શોભે છે, તેમ જ રાજા પણ કપટરહિત રાજમંડલમાં ફરવાથી શોભે છે. પરંતુ ઉંચાં નીચાં મંડલમાં ફરવાથી જેમ રથનાં પૈડાં ભાંગી પડે છે, તેમ જ કપટવાળા રાજમંડલમાં ફરવાથી રાજાનો પણ નાશ થાય છે. ૩

अमात्यराष्ट्रदुर्गाणि कोशो दण्डश्च पञ्चमः ।
एताः प्रकृतयस्तज्ज्ञैर्विजिगीषोरुदाहृताः ॥ ४ ॥

રાજનીતિ જાણનારા પુરુષો, અમાત્ય, દેશ, કિલ્લો, ધનનો ભંડાર અને પાંચમો દંડ (સૈન્ય) આ પાંચને વિજિગીષુ રાજાની પ્રકૃતિ કહે છે. ૪

एताः पञ्च तथा मित्रं सप्तमः पृथिवीपतिः ।
सप्तप्रकृतिकं राज्यमित्युवाच बृहस्पतिः ॥ ५ ॥

ઉપર કહેલી પાંચ પ્રકૃતિ ઉપરાંત છઠ્ઠો મિત્ર અને સાતમો પૃથ્વીપતિ આ રીતે સાત પ્રકૃતિવાળું રાજ્ય છે; આમ બૃહસ્પતિ કહે છે. ૫

વિજિગીષુ રાજાના ગુણ

सम्पन्नस्तु प्रकृतिभिर्महोत्साहः कृतश्रमः ।
जेतुमेषणशीलश्च विजिगीषुरिति स्मृतः ॥ ६ ॥

ઉપર કહેલી સાત પ્રકૃતિવાળો, મોટા ઉત્સાહવાળો, જિતવા માટે પરિશ્રમ કરનાર, પરનાં રાજ્યોને જિતવાની ઇચ્છાવાળો જે રાજા હોય, તે રાજા વિજિગીષુ કહેવાય છે. ૬

कौलीन्यं वृद्धसेवित्वमुत्साहः स्थूललक्षता ।
चित्तज्ञता बुद्धिमत्त्वं प्रागल्भ्यं सत्यवादिता ॥ ७ ॥
अदीर्घसूत्रता क्षौद्र्यं प्रश्रयः स्वप्रधानता ।
देशकालज्ञता दार्ढ्यं सर्वक्लेशसहिष्णुता ॥ ८ ॥
सर्वविज्ञानिता दाक्ष्यमूर्जः संवृतमन्त्रता ।
अविसंवादिता शौर्यं भक्तिज्ञत्वं कृतज्ञता ॥ ९ ॥
शरणागतवात्सल्यममर्षित्वमचापलम् ।
स्वकर्मदृष्टशास्त्रत्वं कृतित्वं दीर्घदर्शिता ॥ १० ॥

जितश्रमत्वं वाग्मित्वमक्रूरपरिवारता ।
प्रकृतिस्फीतता चेति विजिगीषोर्गुणोदयः ॥ ११ ॥

કુલીનતા, વૃદ્ધોની સેવા, ઉત્સાહ, દાનાદિક દેતી વખતે પુષ્કળ આપવાનો સ્વભાવ, સામાના અભિપ્રાયને જાણવો, બુદ્ધિમાનપણું, સભાવચ્ચે બેધડક બોલવું, સત્યવાદીપણું, ઝડપથી કાર્ય કરવાનો સ્વભાવ, ગુણવાન્ પુરુષોનો સંગ્રહ કરવાનો સ્વભાવ, વિનય, પોતાનું પ્રાધાન્ય, દેશનું તથા કાળનું જ્ઞાન, દૃઢતા, (આરંભેલાં કાર્યને પરિપૂર્ણ કરવાનો સ્વભાવ, સર્વ પ્રકારના ક્લેશને સહન કરવાપણું, સર્વ કળામાં કુશળતા, ડહાપણ, ઉદારતા અથવા તો શારીરબળ, પોતાના ગુપ્ત વિચારોને (ઇંગીતથી તથા આકારથી) ગુપ્ત રાખવા, વાક્છળથી એટલે દ્વિઅર્થી શબ્દના પ્રયોગથી કોઇને છેતરવો નહિ તે, શૂરવીરતા, સેવકની ભક્તિને જાણવી, કરેલા ઉપકારને જાણવાપણું, શરણાગત ઉપર વાત્સલ્ય, ઉત્સાહ, ચપળતાનો ત્યાગ, પોતાના વિજયમાં ઉપયોગી એવા છ ગુણને કહેનારાં નીતિશાસ્ત્રને અર્થથી તથા પ્રયોગથી જાણવું, સર્વ શાસ્ત્રનાં જ્ઞાનને લીધે પંડિતપણું, દીર્ઘદર્શીપણું (લાંબી દૃષ્ટિ), યુદ્ધ કરવાથી તથા પંથ કરવાથી થાકી નહિ જવું, વાચાળતા, કોમળ સ્વભાવનો પરિવાર એટલે આસપાસનાં મનુષ્યો ઉત્તમ સ્વભાવનાં હોવાં તે, અને ઉત્તમ ગુણવાળું પ્રકૃતિમંડલ આ સર્વ વિજિગીષુ રાજાના ગુણો છે. ૭-૧૧

ભાવાર્થઃ—જે રાજામાં ઉપર કહેલા ગુણો હોય છે, તે પોતાની ધારણાને સફલ કરી શકે છે. માટે વિજિગીષુ રાજાએ ઉપર કહેલા ગુણો સંપાદન કરવા જોઇએ. ૭-૧૧

सर्वैर्गुणैर्विहीनोऽपि स राजा यः प्रतापवान् ।
प्रतापयुक्तात् त्रस्यन्ति परे सिंहान्मृगा इव ॥ १२ ॥

સર્વ ગુણો વિનાનો હોવા છતાં પણ જે પુરુષ પ્રતાપી હોય

છે, તે રાજા કહેવાય છે. મૃગો જેમ સિંહથી ભય પામે છે, તેમ પ્રતાપી રાજાથી શત્રુઓ ડરે છે. ૧૨

प्रतापयुक्तो नृपतिः प्राप्नोति महतीं श्रियम् ।
तस्मादुत्थानयोगेन प्रतापं जनयेत् प्रभुः ॥ १३ ॥

રાજા પ્રતાપને લીધે મોટી લક્ષ્મી મેળવે છે. માટે રાજાએ શત્રુના ઉપર ચઢાઈ કરીને પોતાનો પ્રતાપ દર્શાવવો. ૧૩

एकार्थाभिनिवेशित्वमरिलक्षणमुच्यते ।
दारुणस्तु स्मृतः शत्रुर्विजिगीषुगुणान्वितः ॥ १४ ॥

જે પદાર્થ લેવાની આપણને ઇચ્છા હોય તે જ પદાર્થ લેવાની જે પુરુષને ઇચ્છા હોય તે પુરુષ શત્રુ કહેવાય છે અને જે શત્રુમાં વિજિગીષુના ગુણો હોય છે, તે શત્રુને દારુણ શત્રુ જાણવો. ૧૪

लुब्धः क्रूरोऽलसोऽसत्यः प्रमादी भीरुरस्थिरः ।
मूढो योधावमन्ता च सुखोच्छेद्यो रिपुः स्मृतः ॥ १५ ॥

જે શત્રુ લોભી હોય, સ્વભાવે ક્રૂર હોય, આળસુ હોય, અસત્ય ભાષણ કરનારો હોય, પ્રમાદી હોય, ભીરુ હોય, ચંચળ મનનો હોય, મૂઢ હોય અને પોતાના સીપાઇઓનું અપમાન કરનારો હોય તેવો શત્રુ સુખેથી મારી શકાય એમ જાણવું. ૧૫

બાર પ્રકારનું રાજમંડલ

अरिर्मित्रमरेर्मित्रं मित्रामित्रमतःपरम् ।
मित्रारिमित्रमित्रं च विजिगीषोः पुरः स्मृताः ॥ १६ ॥

વિજિગીષુ રાજાની પડોસમાં રહેનારો રાજા વિજિગીષુ રાજાનો શત્રુ હોય છે, તેનો પડોસી રાજા વિજિગીષુ રાજાનો મિત્ર હોય છે, તેનો પડોસી રાજા શત્રુનો મિત્ર હોય છે અને તેનો પડોસી રાજા

વિજિગીષુ રાજાના મિત્રનો મિત્ર હોય છે અને તેનો પડોસી રાજા અરિના મિત્રનો મિત્ર હોય છે. આ રીતે વિજિગીષુ રાજાની આગળ પાંચ રાજાનું મંડલ રહેલું હોય છે. ૧૬

पार्ष्णिग्राहस्ततः पश्चादाक्रन्दस्तदनन्तरः ।
आसारावनयोश्चेति विजिगीषोस्तु पृष्ठतः ॥ १७ ॥

તથા વિજિગીષુ રાજાની પાછળના ભાગમાં શત્રુ પક્ષનો જે રાજા ચઢાઈ કરીને આવે છે તે **પાર્ષ્ણિગ્રાહ** કહેવાય છે અને વિજિગીષુ રાજાના આક્રંદ ઉપરથી એટલે આહ્વાન ઉપરથી જે રાજા પાર્ષ્ણિગ્રાહના ઉપર ચઢી આવે છે, તે **આક્રંદ** કહેવાય છે. પાર્ષ્ણિગ્રાહને બળની મદદ આપવા માટે જે આક્રંદની પાછળ ચઢી આવે છે, તે રાજા **પાર્ષ્ણિગ્રાહાસાર** કહેવાય છે. જે શત્રુના મિત્રનો મિત્ર હોય છે તથા આક્રંદને બળની મદદ આપવા માટે આક્રંદની પાછળ ચઢી આવે છે તે **આક્રંદાસાર** કહેવાય છે, જે વિજિગીષુના મિત્રનો મિત્ર હોય છે. ૧૭

अरेश्च विजिगीषोश्च मध्यमो भूम्यनन्तरः ।
अनुग्रहे संहतयोर्व्यस्तयोर्निग्रहे प्रभुः ॥ १८ ॥

શત્રુ રાજા તથા વિજિગીષુ રાજા આ બન્ને રાજાની પડોસમાં રહેનારો રાજા **મધ્યમ** કહેવાય છે. જો શત્રુ તથા વિજિગીષુ રાજા એકઠા થઇને શત્રુના ઉપર ચઢાઈ લઈ ગયા હોય તો તેઓને ધનની તથા સૈન્યની સહાયતા આપીને તેનો અનુગ્રહ કરી શકે છે; પરંતુ તે બન્ને જો છૂટા પડી ગયા હોય તો તે બન્નેનો નિગ્રહ કરવાને પણ સમર્થ હોય છે. ૧૮

ભાવાર્થઃ–મધ્યમ રાજા વિજિગીષુ તથા શત્રુ રાજાની પડોસમાં જ રહેનારો હોય છે, છતાં તેનાથી ભિન્ન ગુણનો હોવાથી તેને મધ્યમ કહેવામાં આવે છે. આ રાજા તે બન્નેનો જેમ શત્રુ ગણાય છે તેમ મિત્ર પણ ગણાય

છે. જો શત્રુ અને વિજિગીષુ બન્ને એક સાથે મળી ગયા હોય તો મધ્યમ રાજા તેનાથી ઓછા બળવાળો હોવાથી તેને શિક્ષા કરી શકતો નથી. પરંતુ તે બન્ને રાજાઓ વચ્ચે યુદ્ધ થાય છે અને તેઓ પરસ્પર છૂટા પડે છે તો તે બન્નેને શિક્ષા કરી શકે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે;—

मध्यमस्य प्रचारं च विजगीषोश्च चेष्टितम्

મધ્યમ રાજાની હીલચાલની તથા વિજિગીષુ રાજાનાં કર્મની તપાસ રાખ્યા કરવી. ૧૮

मण्डलाद् बहिरेतेषामुदासीनो बलाधिकः ।
अनुग्रहे संहतानां व्यस्तानां च वधे प्रभुः ॥ १९ ॥

શત્રુ, વિજિગીષુ અને મધ્યમ એ ત્રણેના મંડલથી બહાર એટલે તેની ભૂમિથી દૂરની ભૂમિમાં રહેનારો અને તેના કરતાં અધિક બળવાળો રાજા ઉદાસીન રાજા કહેવાય છે. તે પણ શત્રુ, વિજિગીષુ અને મધ્યમ આ ત્રણ રાજા જો એકઠા મળ્યા હોય તો તેઓને ધનાદિકની સહાયતા કરે છે; પરંતુ જો તે ત્રણે રાજા છૂટા પડી ગયા હોય તો તે ત્રણેને શિક્ષા કરી શકે છે. ૧૯

ભાવાર્થ:—એક રાજાના પડોસમાં જે રાજા રહેતો હોય તે તેનો સ્વાભાવિક રીતે શત્રુ હોય છે. તેથી પડોસી રાજાને શત્રુ ગણવામાં આવે છે. તેનો પડોસી રાજા તેનો શત્રુ હોવાથી તે વિજગીષુ રાજાનો મિત્ર ગણાય છે, તેનો પડોસી રાજા તેનો શત્રુ હોવાથી શત્રુનો મિત્ર ગણાય છે. અને તેનો પડોસી રાજા વિજિગીષુ રાજાના મિત્રનો મિત્ર ગણાય છે અને તેનો પડોસી રાજા શત્રુના મિત્રનો મિત્ર ગણાય છે. આ રીતે પાંચ રાજમંડલ વિજિગીષુની આગળના ભાગમાં રહેલું હોય છે અને તેની પાછળના ભાગમાં પાર્ષ્ણિગ્રાહ હોય છે, જે શત્રુનો મિત્ર હોય છે. તેની પાછળના ભાગમાં આક્રંદ હોય છે તે વિજગીષુનો મિત્ર હોય છે અને તેની પાછળ પાર્ષ્ણિગ્રાહાસાર હોય છે જે પાર્ષ્ણિગ્રાહનો મિત્ર હોય છે અને તેની પાછળ આક્રંદાસાર હોય છે જે આક્રંદનો મિત્ર હોય છે. આ ચાર રાજાનું મંડલ પાછ-

ળના ભાગમાં હોય છે. દશમો વિજગીષુ, અગ્યારમો મધ્યમ રાજા અને બારમો ઉદાસીન રાજા, આ રીતે બાર રાજાઓનું એક રાજમંડળ કહેવાય છે. ૧૯

मूलप्रकृतयस्त्वेताश्चतस्रः परिकीर्त्तिताः ।
आहैतत् तन्त्रकुशलश्चतुष्कं मण्डलं मयः ॥ २० ॥

નીતિશાસ્ત્રમાં કુશળ એવો મય નામનો આચાર્ય કહે છે કે; શત્રુ, વિજિગીષુ, મધ્યમ અને ઉદાસીન આ ચાર મૂલ પ્રકૃતિ કહી છે. માટે ચાર પુરુષનું રાજમંડળ છે. ૨૦

ભાવાર્થઃ–મય નામનો આચાર્ય ચાર મૂળ પ્રકૃતિને જ રાજમંડલ કહે છે. તેમાં મનુનું પણ પ્રમાણ મળે છે. મનુએ રાજમંડલનું વર્ણન કરતાં કહ્યું છે કે;–

एताः प्रकृतयो मूलं मंडलस्य समासतः ॥

બાર પ્રકારના રાજમંડલની શત્રુ, વિજગીષુ, મધ્યમ અને ઉદાસીન આ ચાર સંક્ષેપમાં મૂળ પ્રકૃતિ છે. ૨૦

विजिगीषुररिर्मित्रं पार्ष्णिग्राहोऽथ मध्यमः ।
उदासीनः पुलोमेन्द्रौ मण्डलं षट्कमूचतुः ॥ २१ ॥

પુલોમા તથા ઇંદ્ર કહે છે કે;–વિજિગીષુ, શત્રુ, મિત્ર, પાર્ષ્ણિગ્રાહ, મધ્યમ તથા ઉદાસીન આ રીતે છ પુરુષનું રાજમંડલ છે. ૨૧

उदासीनो मध्यमश्च विजिगीषोश्च मण्डलम् ।
उशना मण्डलमिदं प्राह द्वादशराजकम् ॥ २२ ॥

ઉદાસીન, મધ્યમ એમ વિજિગીષુનું બાર પુરુષનું રાજમંડલ છે, આમ ઉશના આચાર્ય (શુક્રાચાર્ય) કહે છે. ૨૨

ભાવાર્થઃ–શત્રુ તથા વિજિગીષુ બન્ને પરસ્પર યુદ્ધ કરવા તૈયાર થાય છે, ત્યારે તેની આગળના તથા પાછળના સર્વે રાજાઓ પણ યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે. તે ઉપરથી ઉશના–શુક્ર કહે છે કે બાર પુરુષનું રાજમંડલ છે. ૨૨

द्वादशानां नरेन्द्राणामरिमित्रे पृथक् पृथक् ।
षट्त्रिंशत्कमिति प्राहुस्ते च ते च महर्षयः ॥ २३ ॥

બાર રાજાઓના શત્રુઓને તથા મિત્રોને જૂદા જૂદા ગણતાં ચોવીશ થાય અને બાર રાજાઓ પંડે, એમ તે બન્નેને એકઠા ગણતાં છત્રીસ મનુષ્યનું રાજમંડલ છે, આમ મહર્ષિઓ કહે છે. ૨૩

ભાવાર્થ:–આ શ્લોકના છેવટના ચરણમાં પાઠભેદ છે. કલકત્તાવાળી પ્રતમાં ચોથા ચરણમાં આ પ્રમાણે પાઠ છે:–'પ્રાહ મંડલં ચ પુનર્મયઃ' મય આચાર્ય ફરીને છત્રીસ પુરુષનું રાજમંડલ કહે છે. ૨૩

द्वादशानां नरेन्द्राणां पञ्च पञ्च पृथक् पृथक् ।
अमात्याद्याश्च प्रकृतीरामनन्तीह मानवः ॥ २४ ॥

રાજમંડલમાંના બાર રાજામાંના પ્રત્યેક રાજાની જૂદી જૂદી અમાત્ય વગેરે પાંચ પાંચ પ્રકૃતિ છે, આમ મનુના શિષ્ય કહે છે. ૨૪

मौला द्वादश चैवैता अमात्याद्यास्तथा च याः ।
सप्ततिर्द्व्यधिका ह्येषां सर्वप्रकृतिमण्डलम् ॥ २५ ॥

બાર રાજાઓ મૂળ પ્રકૃતિ છે અને તે પ્રત્યેક રાજાની અમાત્ય વગેરે પાંચ પાંચ દ્રવ્ય પ્રકૃતિ છે. આ સર્વ મળીને બોતેર મનુષ્યનું રાજમંડલ થાય છે. આમ મનુના શિષ્યો કહે છે. ૨૫

ભાવાર્થ:–મનુ અને તેના શિષ્યો બોતેર પુરુષનું રાજમંડલ ગણાવતાં કહે છે કે;–બાર રાજાઓ મૂળ પ્રકૃતિ છે અને તે પ્રત્યેકની પાંચ પાંચ પ્રકૃતિને ગણતાં બધા મળીને બોતેર પુરુષનું એક રાજમંડલ થાય છે. મનુ કહે છે કે;

अमात्यराष्ट्रदुर्गार्थदण्डाख्याः पञ्च चापराः ।
प्रत्येकं कथिताह्येताः संक्षेपेण द्विसप्ततिः ॥

શત્રુ રાજા, વિજિગીષુ રાજા, મધ્યમ રાજા અને ઉદાસીન રાજા આ ચાર રાજા મૂલ પ્રકૃતિ છે અને તેની શત્રુ, મિત્ર વગેરે બીજી આઠ શાખા પ્રકૃતિ છે આ બન્ને મળીને બાર રાજમંડલ થાય છે. તે પ્રત્યેક રાજાની અમાત્ય, દેશ, દુર્ગ, ધનભંડાર તથા સૈન્ય આ રીતે પાંચ પાંચ પ્રકૃતિ હોય છે, તે સર્વેની ગણના કરતાં સંક્ષેપમાં બોતેર પ્રકૃતિમંડલ થાય છે. ૨

संयुक्तस्त्वरिमित्राभ्यामुभयारिस्तथा सुहृत् ।
मौला द्वादश राजान इत्यष्टादशकं गुरुः ॥ २६ ॥

વિજિગીષુ રાજાના શત્રુ તથા મિત્ર અને તે બન્નેના શત્રુ તથા મિત્ર એમ છ તથા મૂળના બાર રાજાઓ મળીને અઢાર પ્રકારનું રાજમંડલ છે, આમ બૃહસ્પતિ કહે છે. ૨૬

अष्टादशानामेतेषाममात्याद्याः पृथक् पृथक् ।
अष्टोत्तरशतं ह्येतन्मण्डलं कवयो विदुः ॥ २७ ॥

ઉપર કહેલા અઢાર રાજાઓના પ્રત્યેકના જૂદા જૂદા મન્ત્રી વગેરેની ગણના કરતાં એકસો અને આઠ રાજમંડલ થાય છે, આમ નીતિશાસ્ત્રવેત્તાઓનું માનવું છે. ૨૭

एतेऽष्टादश चैतेषां शत्रुमित्रे पृथक् पृथक् ।
चतुष्पञ्चाशत्कमिति विशालाक्षः प्रभाषते ॥ २८ ॥

વિશાલાક્ષ કહે છે કે;–ઉપર જે અઢાર રાજમંડલ કહ્યું છે, તેના પ્રત્યેકના જૂદા જૂદા શત્રુઓને તથા મિત્રોને ગણતાં ચોપન રાજાનું મંડલ થાય છે. ૨૮

चतुष्पञ्चाशतो राज्ञाममात्याद्याः पृथक् पृथक् ।
सचतुर्विंशतीदं हि मण्डलं त्रिशतं मतम् ॥ २९ ॥

ચોપન રાજાઓના પ્રત્યેકની જૂદી જૂદી અમાત્ય વગેરે પાંચ પાંચ પ્રકૃતિને ગણતાં ત્રણસો અને ચોવીસ રાજાનું મંડલ થાય છે, આમ કેટલાએકનો મત છે. ૨૯

सप्तप्रकृतिकं यत्तु विजिगीषोररेश्च तत् ।
चतुर्दशकमेवेह मण्डलं परिचक्षते ॥ ३० ॥

વિજિગીષુ તથા શત્રુ આ બન્ને રાજાની સાત સાત પ્રકૃતિ મળીને ચૌદ રાજાનું એક મંડલ થાય છે, આમ કેટલાક કહે છે. ૩૦

मण्डलं त्रिकमित्याहुर्विजिगीष्वरिमध्यमाः ।
मित्रयुक्ताः पृथक् चैते षट्कमित्यपरे जगुः ॥ ३१ ॥

કેટલાએક કહે છે કે;-વિજિગીષુ, મધ્યમ તથા ઉદાસીન આ ત્રણ રાજાનું જ મંડલ છે. ત્યારે બીજાઓ કહે છે કે; આ ત્રણેને તેના મિત્ર સાથે ગણતાં છ રાજાનું રાજમંડલ છે. ૩૧

अमात्याद्याः प्रकृतय एकैकस्यैव भूपतेः ।
मण्डलं मण्डलविदः षट्त्रिंशत्कं प्रचक्षते ॥ ३२ ॥

ઉપરના શ્લોકમાં જે છ રાજા કહ્યા છે, તે પ્રત્યેકની અમાત્ય વગેરે છ છ પ્રકૃતિની સાથે ગણત્રી કરતાં છત્રીસ રાજાનું એક રાજ-મંડલ થાય છે, આમ કેટલાએક કહે છે. ૩૨

सप्तप्रकृतिकाः सर्वे विजिगीष्वरिमध्यमाः ।
एकविंशतिरित्याहुरपरे परिवादिनः ॥ ३३ ॥

વિજિગીષુ, અરિ અને મધ્યમ આ ત્રણે રાજાઓને પોતાની સાત સાત પ્રકૃતિ હોય છે, તેથી એકવીસ પુરુષનું રાજમંડલ થાય છે, આમ કેટલાએક નીતિવેત્તાઓ કહે છે. ૩૩

चत्वारः पार्थिवा मौलाः पृथङ्मित्रैः सहाष्टकम् ।
अमात्यादिभिरेते च जगत्यक्षरसंमिताः ॥ ३४ ॥

વિજિગીષુ, શત્રુ, મધ્યમ તથા ઉદાસીન આ ચાર મૂળ રાજાઓ અને તે પ્રત્યેકના એક એક મિત્ર એમ ચાર મળીને આઠ થાય છે, અને તેની પ્રત્યેકની છ છ પ્રકૃતિને ગણતાં જગતી છંદના અક્ષર જેટલા, એટલે અડતાળીસ રાજાઓ થાય છે. આમ કેટલાએક નીતિ-વેત્તાઓ કહે છે. ૩૪

ભાવાર્થ:-યજુર્વેદના ૧૨ મા અધ્યાયમાં વિશ્વરૂપાણિ એ જગતી છંદ છે અને તેના પ્રત્યેક ચરણમાં ૧૨ અક્ષરો છે. ૩૪

विजिगीषोः पुरस्ताच्च ये च पश्चात् प्रकीर्त्तिताः ।
दशकं मण्डलमिदं मण्डलज्ञाः प्रचक्षते ॥ ३५ ॥

કેટલાએક મંડલને જાણુનારા કહે છે કે;–વિજિગીષુ રાજાની આગળના પાંચ રાજા, પાછળના ચાર અને પંડે, એમ દશ રાજાનું એક મંડલ થાય છે. ૩૫

दशानां भूमिपालानाममात्याद्याः पृथक् पृथक् ।
मण्डलं मण्डलविदः षष्टिसङ्ख्यं प्रचक्षते ॥ ३६ ॥

કેટલાએક રાજમંડલને જાણુનારા કહે છે કે;–મૂળ દશ રાજાઓ છે અને તેના પ્રત્યેકની અમાત્ય વગેરે પાંચ પાંચ પ્રકૃતિ છે. તે સર્વની ગણતરી કરતાં સાઠ રાજાનું મંડલ થાય છે. ૩૬

प्राग्यौ द्वौ विजिगीषुश्च पश्चिमौ चेति पञ्चकम् ।
अमात्याद्याः पृथक् चैषां त्रिंशत्कं हि प्रचक्षते ॥ ३७ ॥

કેટલાએક કહે છે કે;–વિજિગીષુ, તેના શત્રુ તથા મિત્ર, પાર્ષ્ણિગ્રાહ અને આક્રંદ આ પાંચ અને તે પ્રત્યેકની અમાત્ય વગેરે પાંચ પાંચ પ્રકૃતિ, એમ સર્વ મળીને ત્રીશનું રાજમંડલ કહેવાય છે. ૩૭

अरेरप्येवमेवेति दृष्टं दृष्टिमतां वरैः ।
पञ्चकं मण्डलं न्याय्यं त्रितयं च मनीषिभिः ॥ ३८ ॥

વિજિગીષુ રાજાના રાજમંડલની પેઠેજ શત્રુરાજાનું રાજમંડલ પણ જાણવું, આમ મોટા નીતિવેત્તાઓ કહે છે. કેટલાએક નીતિવેત્તાઓ કહે છે કે;–પાંચ રાજાનું મંડળ અથવા તો ત્રણ રાજાનું મંડળ ન્યાય્ય છે (નીતિશાસ્ત્રને અનુસરતું છે). ૩૮

ભાવાર્થ:–વિજિગીષુની પાછળ જે રાજા ચઢી આવે છે, તે પાર્ષ્ણિગ્રાહ કહેવાય છે. તેના ઉપર ચઢાઈ કરવા માટે વિજિગીષુ જે રાજાને આમંત્રણ કરે છે તે આક્રંદ કહેવાય છે. રાજાએ આક્રંદ રાજાને આમંત્રણ કરીને

પાર્ષ્ણિગ્રાહ રાજાનો પરાજય કરી પોતાની પાછળના ભાગને નિર્ભય કરવો, અને આગળના ભાગમાં જે શત્રુ હોય, તેને વિજિગીષુના મિત્રે છંછેડીને કોપાયમાન કરવો અને તેના ઉપર વિજિગીષુએ ચઢાઈ કરવી. આવી રીતે પાંચ રાજાનું મંડળ નીતિશાસ્ત્રને અનુસરતું છે અથવા તો વિજિગીષુ શત્રુના ઉપર ચઢાઈ કરે ત્યારે મધ્યમ રાજાએ તેને સહાયતા કરવી, એટલે વિજિગીષુ રાજા શત્રુનો પરાજય કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરે; આ પ્રમાણે ત્રણ રાજાનું મંડલ યોગ્ય ગણાય છે. ૩૮

द्वे एव प्रकृती न्याय्ये इत्युवाच पराशरः ।
अभियोक्तृप्रधानत्वात् तथान्यो योऽभियुज्यते ॥ ३९ ॥

પરાશર કહે છે કે; વિજિગીષુ અને શત્રુ આમ બે રાજાનું જ રાજમંડળ નીતિશાસ્ત્ર પ્રમાણે યોગ્ય છે. કારણ કે તેમાં ચઢાઈ કરનારો રાજા પ્રધાન (મુખ્ય) હોય છે અને જેના ઉપર ચઢાઈ કરવામાં આવે છે તે રાજા બીજો હોય છે. આવી રીતે બે રાજાનું મંડલ છે. ૩૯

परस्पराभियोगेन विजिगीषोररेस्तथा ।
अरित्वविजिगीषुत्वे एका प्रकृतिरित्यतः ॥ ४० ॥

વિજિગીષુ તથા શત્રુ આ બન્ને એકબીજાના ઉપર સરખી રીતે જ ચઢાઈ કરે છે, તેથી શત્રુનું અને વિજિગીષુનું બન્નેનું એક જ સ્વરૂપ છે, તેથી રાજમંડલને એક સંખ્યાવાળું કહીએ તો પણ કહી શકાય. (આ પરાશરનો મત છે.) ૪૦

इतिप्रकारं बहुधा मण्डलं परिचक्षते ।
सर्वलोकप्रतीतं हि स्फुटं द्वादशराजकम् ॥ ४१ ॥

આ રીતે નીતિશાસ્ત્રવેત્તાઓ મંડળના અનેક ભેદ કહે છે. પરંતુ સર્વ લોકોમાં પ્રસિદ્ધ રીતે બાર રાજાનું મંડલ જાણીતું છે. ૪૧

अष्टशाखं चतुर्मूलं षष्टिपत्रं द्वये स्थितम् ।
षट्पुष्पं त्रिफलं वृक्षं यो जानाति स नीतिवित् ॥ ४२ ॥

રાજમંડલ એક વૃક્ષ છે, વિજિગીષુ, અરિ, મધ્યમ અને ઉદાસીન આ ચાર તેનાં મૂળ છે; ઉપર ગણાવેલા ચાર રાજાના ચાર શત્રુઓ અને ચાર મિત્રો મળીને આઠ રાજાઓ તેની શાખા છે, વિજિગીષુ વગેરે બાર રાજાઓ અને તેની પ્રત્યેકની પાંચ પાંચ પ્રકૃતિ મળીને સાઠ પ્રકૃતિ તેનાં પાંદડાં છે. તે વૃક્ષને દૈવનો (પૂર્વ જન્મનાં કર્મનો) અને પુરુષ પ્રયત્નનો (પુરુષાર્થનો) એમ બન્નેનો આધાર છે. સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ આ છ ગુણ તેનાં પુષ્પ છે, અને ક્ષય, સ્થાન તથા વૃદ્ધિ આ ત્રણ તેનાં ફળ છે. આવા રાજમંડલ-રૂપી વૃક્ષને જે પુરુષ જાણે છે, તે પુરુષને નીતિવેત્તા જાણવો. ૪૨

રાજમંડલના ભેદ, એ નામનું પ્રકરણ ૧૨ મું સમાપ્ત

સર્ગ ૮ મો–પ્રકરણ ૧૩ મું

રાજમંડલનું કર્તવ્ય

पार्ष्णिग्राहस्तदासारः शत्रुमित्रे प्रकीर्त्तिते ।
आक्रन्दोऽथ तदासारो विजिगीषोरुदाहृते ॥ ४३ ॥

પાર્ષ્ણિગ્રાહ એટલે વિજિગીષુની પાછળ ચઢી આવનારો રાજા, તથા પાર્ષ્ણિગ્રાહે પોતાની સહાયતા માટે બોલાવેલો રાજા પાર્ષ્ણિ-ગ્રાહાસાર આ બન્નેને શત્રુના મિત્ર કહ્યા છે અને આક્રંદ તથા આક્રં-દાસાર કહેતાં આક્રંદને સહાયતા કરવા માટે ચઢી આવેલા રાજાને વિજિગીષુના મિત્ર કહ્યા છે. ૪૩

ભાવાર્થઃ–આ પ્રકરણમાં બાર પ્રકારના રાજમંડળનું કર્તવ્ય તથા વિજિ-ગીષુ રાજાએ રાજમંડલને વિશુદ્ધ કરવા માટે કેમ વર્તવું,તે વિશે કહેવામાં આવશે.

पुरो यायाद् विगृह्यैव मित्राभ्यां पश्चिमावरी ।
पश्चिमाविव पूर्वाभ्यामारिं तन्मित्रमेव च ॥ ४४ ॥

વિજિગીષુએ પોતાના બન્ને મિત્રની સહાયતાથી પાછળના બે શત્રુઓની સાથે એટલે પાર્ષ્ણિગ્રાહ અને પાર્ષ્ણિગ્રાહાસારની સાથે યુદ્ધ કરીને આગળ જવું અને પાછળના શત્રુની પેઠે આગળના બન્ને શત્રુનો એટલે શત્રુનો તથા શત્રુના મિત્રનો પોતાના મિત્રવડે તથા મિત્રના મિત્રવડે પરાજય કરવો. ૪૪

अरिमित्रस्य मित्रं तु कृतकृत्येन भूयसा ।
संस्तम्भ्योभयमित्रेण पश्चाद् गच्छेन्नरेश्वरः ॥ ४५ ॥

અને શત્રુના મિત્રના મિત્રનો તથા બન્નેના મિત્રરૂપ ઉદાસીન રાજા કે જે રાજા મહાશક્તિમાન્ હોય, તેનો ઉપકાર કરીને શત્રુને તેનાથી આગળ વધતાં અટકાવવો અને તે પછી વિજિગીષુ રાજાએ શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૪૫

आक्रन्देनात्मना चैव पार्ष्णिग्राहं प्रपीडयेत् ।
आक्रन्देन तदासारमाक्रन्दासारभागिना ॥ ४६ ॥

વિજિગીષુ રાજાએ આક્રંદથી પાર્ષ્ણિગ્રાહ રાજાને સંપૂર્ણ રીતે પીડવો, અને આક્રંદાસારથી એટલે આક્રંદને સહાયતા કરનારા રાજાથી પાર્ષ્ણિગ્રાહાસારને સારી રીતે પીડવો. ૪૬

मित्रेण चात्मना चैव कुर्वीतोद्धरणं रिपोः ।
मित्रेण हि सामित्रेण रिपुमित्रं प्रपीडयेत् ॥ ४७ ॥

પોતે વિજિગીષુએ તથા તેના મિત્રે શત્રુનો નાશ કરવો અને વિજિગીષુના મિત્રે તથા તેના મિત્રે શત્રુના મિત્રને સંપૂર્ણ રીતે પીડવો. ૪૭

अरिमित्रस्य मित्रस्य पीडनं पृथिवीपतिः ।
कुर्वीतोभयमित्रेण मित्रामित्रेण चैव हि ॥ ४८ ॥

વિજિગીષુ રાજાએ શત્રુના મિત્રના મિત્રને ઉદાસીન રાજાદ્વારા તથા મિત્રના મિત્રદ્વારા પીડવો. ૪૮

अनेन क्रमयोगेन विजिगीषुः सदोत्थितः ।
पीडयेदहितं शत्रुं मित्राणामन्तरान्तरा ॥ ४९ ॥

આવા ક્રમથી વિજિગીષુ રાજાએ સદાય તત્પર થઇને મિત્રની ભૂમિની પછીના અહિત કરનારા શત્રુ રાજાને પીડવા. ૪૯

पीड्यमानो ह्युभयतः सदोद्युक्तैर्मनीषिभिः ।
रिपुरुच्छेदमायाति तद्वशे वावतिष्ठते ॥ ५० ॥

નીતિશાસ્ત્રમાં કુશળ એવો વિજિગીષુ રાજા અને તેનો મિત્ર એ બન્ને રાજા જો બન્ને બાજુથી શત્રુને પીડવા માંડે છે તો કાં તો શત્રુ નાશ પામે છે અથવા તો તે વિજિગીષુ રાજાના તાબામાં રહે છે. ૫૦

सर्वोपायेन कुर्वीत सामान्यं मित्रमात्मसात् ।
भवन्ति मित्रादुच्छिन्नाः सुखोच्छेद्या हि विद्विषः ॥ ५१ ॥

શત્રુ તથા વિજિગીષુ બંનેની સાથે સમાન રીતે વતનારા પુરુષને સામ, દામ ભેદ વગેરે સર્વે ઉપાયોથી પોતાને વશ કરીને પોતાને મિત્ર બનાવવો. આ રીતે શત્રુઓ મિત્રથી રહિત થયા પછી સુખેથી ઉખેડી શકાય છે. ૫૧

कारणेनैव जायन्ते मित्राणि रिपवस्तथा ।
रिपवो येन जायेरन् कारणं तत् परित्यजेत् ॥ ५२ ॥

મિત્રો તથા શત્રુઓ કારણથી જ બને છે. માટે જે કારણથી શત્રુઓ ઉત્પન્ન થાય, તેવાં કારણને તજી દેવાં. ૫૨

प्राधान्येन हि सर्वत्र सर्वाः संरञ्जयेत् प्रजाः ।
तासां संवर्जनाद् राजा सर्वाङ्गीं श्रियमश्नुते ॥ ५३ ॥

વિજિગીષુ રાજાએ મુખ્યત્વે કરીને સર્વ દેશની (પોતાના તથા શત્રુના દેશની) અને સર્વ જાતિની પ્રજાને રંજન કરવી. પ્રજાને રંજન કરીને વશ કરવાથી રાજા સર્વ અંગવાળી લક્ષ્મીને ભોગવે છે. ૫૩

ભાવાર્થઃ–જે રાજાને દેશ તથા પરદેશ જિતીને તાબે કરવાની ઇચ્છા હોય છે, તે રાજા વિજિગીષુ કહેવાય છે અને તેવા રાજાએ મુખ્યત્વે કરીને સર્વ દેશની સર્વ પ્રજાને સન્માન આદિ આપીને વશ કરવાની જરૂર છે. જે રાજા પ્રજાને રંજન કરીને વશ કરે છે, તે રાજા આખી પૃથ્વી ઉપર રાજ્ય કરે છે અને ખજાનો, સૈન્ય, જાત જાતનું ધન વગેરે સર્વ અંગોવાળી રાજલક્ષ્મીનો ભોક્તા થાય છે. ૫૩

दूरेचरान् माण्डलिकांस्तथान्यान् दुर्गवासिनः ।
मित्रीकुर्वीत तत्प्राणाः साधयन्तीह मण्डलम् ॥ ५४ ॥

વિજિગીષુના મંડળથી બહાર રહેનારા, મંડળના રાજાઓ, બીજા રાજાઓ તથા અરણ્યસ્થાનમાં અથવા તો વિકટ પ્રદેશમાં રહેનારા રાજાઓને પોતાના મિત્ર કરવા. કારણ કે આ રાજાઓની સાથે જો મિત્રતા થાય છે તો વિજિગીષુ રાજા તે રાજાઓની સહાયતાથી શત્રુના મંડલને વશ કરી શકે છે. ૫૪

चलेच्चेदूर्जितबलो मध्यमो विजिगीषया ।
एकीभूयारिणा तिष्ठेदशक्तः सन्धिना नमेत् ॥ ५५ ॥

મધ્યમ રાજા બળવાન્ સૈન્ય સંપત્તિવાળો થઈને જિતવાની ઇચ્છાથી જો ચઢી આવે તો વિજિગીષુ રાજાએ શત્રુની સાથે મળી જઈને લઢવા માટે ઉભા રહેવું અને પોતે જો અસમર્થ હોય તો મધ્યમ રાજાની સાથે સંધિ કરીને નમી જવું. ૫૫

उदासीने विचलति सर्वे मण्डलिनः सह ।
सङ्घधर्मेण तिष्ठेयुः सन्नमेयुरशक्तयः ॥ ५६ ॥

જો ઉદાસીન રાજા યુદ્ધ કરવા માટે ચઢી આવે તો સર્વ મંડળવાળા રાજાઓએ એકઠા થઈને લઢવા માટે ઉભા રહેવું. પરંતુ તેઓ જો (પરસ્પર છૂટા છૂટા હોવાથી) શક્તિવિનાના હોય તો તેઓએ ઉદાસીન રાજાને નમી જવું. ૫૬

समुत्पन्नेषु कृच्छ्रेषु सम्भूय स्वार्थसिद्धये ।
आपत्प्रतरणं सम्यक् सङ्घधर्म इति स्थितिः ॥ ५७ ॥

જ્યારે આપત્તિઓ આવી પડે ત્યારે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે સર્વેએ એકઠા થઈને સારી રીતે આપત્તિને તરી જવી. આનું નામ સંઘધર્મ છે અને આવી નીતિશાસ્ત્રની મર્યાદા છે. ૫૭

सहजः कार्यजश्चैव द्विविधः शत्रुरिष्यते ।
सहजः स्वकुलोत्पन्न इतरः कार्यजः स्मृतः ॥ ५८ ॥

શત્રુ બે પ્રકારના હોય છે એક સહજ અને બીજો કાર્યજ. પોતાના કુળમાં ઉત્પન્ન થયેલો શત્રુ સહજ શત્રુ કહેવાય છે અને કોઈ કાર્યને લઈને જે શત્રુ થાય છે, તે કાર્યજ શત્રુ કહેવાય છે. ૫૮

ભાવાર્થઃ—મુખ્ય શત્રુ બે પ્રકારના હોય છે. એક જ પિતાથી ઉત્પન્ન થયેલા ભાઇઓ સહજ શત્રુ ગણાય છે. રાવણ અને વિભીષણની વચ્ચે જે શત્રુતા હતી તે સહજ શત્રુતા હતી. બીજો શત્રુ કાર્યને લીધે થાય છે. એક જ કાર્યમાં બન્ને જણાનો આગ્રહ હોય છે અને તેને માટે બન્નેની વચ્ચે કલહ થાય છે. રામ અને રાવણ વચ્ચે સીતાને પરણવા માટે જે વૈર થયું હતું, તે કાર્યજન્ય વૈર થયું હતું. આવાં વૈરને કૃત્રિમ વૈર પણ કહે છે. ૫૮

उच्छेदनं चापचयः पीडनं कर्शनं तथा ।
इति विद्याविदः प्राहुः शत्रौ वृत्तं चतुर्विधम् ॥ ५९ ॥

उच्छेदन, अपचय, पीडन तथा कर्शन આ રીતે વિજિગીષુનું શત્રુના ઉપર ચાર પ્રકારનું વર્ત્તન હોય છે, આમ નીતિશાસ્ત્રને જાણનારાઓ કહે છે. ૫૯

उच्छेदनं तु विज्ञेयं सर्वप्रकृतिनाशनम् ।
नाशो योग्यनरादीनां बुधैरपचयः स्मृतः ॥ ६० ॥
रेचनं कोशदण्डाभ्यां महामात्रवधस्तथा ।
एतत् कर्शनमित्याहुराचार्याः पीडनं परम् ॥ ६१ ॥

સર્વ પ્રકૃતિનો નાશ કરી નાંખવો તેનું નામ **उच्छेदन** જાણવું, યોગ્ય પુરુષો વગેરેને મારી નાંખવા તેને વિદ્વાનો **अपचय** કહે છે, શત્રુના ધનનો ભંડાર ખાલી કરી નાખવો અને તેનાં સૈન્યનો નાશ કરીને તેને ઓછું કરી નાંખવું એને આચાર્યો **कर्शन** કહે છે અને મુખ્ય નાયકને મારી નાંખવો એને આચાર્યો **पीडन** કર્મ કહે છે. ૬૦–૬૧

समाश्रयविहीनो वा दुर्बलं वा समाश्रितः ।
शक्योऽरिसम्पदा युक्त उच्छेत्तुं भूम्यनन्तरः ॥ ६२ ॥

પોતાનો શત્રુ થઈ પડેલો પોતાનો પડોસી રાજા જ્યારે દુર્ગ, મિત્ર તથા સૈન્ય વિનાનો થઈ પડે અથવા તો તેણે દુર્બળ રાજાનો આશ્રય કર્યો હોય ત્યારે તેનું ઉચ્છેદન કરી શકાય છે. ૬૨

कर्शनं पीडनं काले कुर्वीताश्रयमानिनः ।
समाश्रयं दुर्गमाहुर्मित्रं वा साधुसम्मतम् ॥ ६३ ॥

આશ્રયનું અભિમાન રાખનારા શત્રુનું **कर्शन** તથા **पीडन** વિજિગીષુએ સમય જોઈને કરવું. નીતિશાસ્ત્રવેત્તાઓ કિલ્લાને તથા સત્પુરુષોએ માન્ય કરેલા મિત્રને આશ્રય કહે છે. ૬૩

विभीषणस्य सोदर्यस्तथा सूर्यसुतस्य च ।
सर्वतन्त्रापहारित्वात् तयोच्छेद्यो निजो रिपुः ॥ ६४ ॥

સહોદર ભાઈ રાવણે વિભીષણનું સર્વ રાજ્ય હરી લઈને લંકામાં વાસ કર્યો હતો અને વાલીએ સૂર્યપુત્ર સુગ્રીવનું સર્વ રાજ્ય હરી લઈને કિષ્કિંધામાં વાસ કર્યો હતો. પરંતુ વિભીષણે અને સુગ્રીવે રામનો આશ્રય કરીને રાવણનો તથા વાલીનો નાશ કર્યો હતો. તે પ્રમાણે વિજિગીષુએ (મહાન્ પુરુષનો આશ્રય કરીને) સહજ શત્રુનો નાશ કરવો. ૬૪

ભાવાર્થઃ–વિજિગીષુ રાજા પડોસી શત્રુ રાજા ઉપર ચઢાઈ કરીને તેનો જેમ નાશ કરે તે પ્રમાણે જ તેણે સહજ શત્રુનો પણ નાશ કરવો. ૬૪

छिद्रं मर्म च वीर्यं च स जानाति निजो रिपुः ।
दहत्यन्तर्गतश्चैव शुष्कं वृक्षमिवानलः ॥ ६५ ॥

સહજ શત્રુ (ભાગીદાર, વંશજ વગેરે) છિદ્રોને (નબળાઈને), મર્મને (દુષ્ટ કર્મને) તથા વીર્યને (બળને) જાણે છે, તેથી શુષ્ક વૃક્ષની અંદર રહેલો અગ્નિ જેમ વૃક્ષને બાળીને ભસ્મ કરી નાંખે છે, તેમ તે પણ અંદર રહીને નાશ કરે છે. ૬૫

ભાવાર્થઃ–બધા શત્રુઓના કરતાં સહજ શત્રુ ઘણો જ વિષમ હોય છે. કારણ કે વિજિગીષુની સર્વ બાબતો તેના જાણવામાં હોય છે. માટે વિજિગીષુએ સહજ શત્રુનો અવશ્ય નાશ કરવો, અથવા તો તેનું કર્ષણ કરવું, અથવા તો તેને પીડવો. ૬૫

बलिना विगृहीतस्य जिगीषुः कृच्छ्रवर्त्तिनः ।
कुर्वीतोपचयं शत्रोरात्मोच्छित्तिविशङ्क्या ॥ ६६ ॥

પોતાના પડોસી એવા શત્રુ રાજાએ બળવાન્ રાજાની સાથે વિગ્રહ (યુદ્ધ) કર્યો હોય અને તે દુઃખમાં આવી પડ્યો હોય તો વિજિગીષુ રાજાએ તેનો પડોસી રાજા ભવિષ્યમાં પોતાનો નાશ કરશે, આવી શંકાથી પોતાના પડોસી શત્રુ રાજાને બળની સહાયતા કરવી. ૬૬

ભાવાર્થઃ–આપણી પ્રાચીન રાજ્યનીતિનો સામાન્ય નિયમ એવો છે કે, પોતાનો પડોસી રાજા પોતાનો શત્રુ ગણાય છે પરંતુ તે જો નબળો હોય અને તેનો પડોસી રાજા મહાબળવાન્ હોય તો તેને તાબે કરીને ભવિષ્યમાં વિજિગીષુ રાજાનો શત્રુ થઈ પડે છે. આવા પ્રસંગમાં પડોસી રાજાને મિત્ર ગણીને તેને ધનની તથા સૈન્યની સહાયતા કરીને તેના પડોસી રાજાની સામે જાગૃત રાખવાની જરૂર છે. જેથી પડોસી રાજાનો પડોસી રાજા આગળ વધી શકે નહિ અને વિજિગીષુ રાજાને તેને માટે કશો ભય રહે નહિ. આપણા રાજનીતિજ્ઞ ઇંગ્રેજ સરકાર આજ નીતિને અનુસરીને અફઘાનીસ્થાનના અમીરને તેના પડોસી રૂસીયાની સામે ટકી રહેવામાટે સંપૂર્ણ રીતે સહાયતા કરે છે. ૬૬

यस्मिन्नुच्छिद्यमाने तु रिपुरन्यः प्रवर्त्तते ।
न तस्योच्छित्तिमातिष्ठेत् कुर्वीतैनं स्वगोचरम् ॥ ६७ ॥

એક શત્રુનો નાશ કરવાથી બીજો શત્રુ ફાવી જાતો હોય તો તેનો નાશ કરવો નહિ, પરંતુ એને પોતાના વશમાં રાખવો. અર્થાત્ તેને પોતાના સેવકવર્ગમાં દાખલ કરવો. ૬૭

वशं गतो रिपुर्यश्च विचलेद् दुरुपग्रहः ।
तस्य संयमनायाशु तत्कुलीनं समुन्नयेत् ॥ ६८ ॥

પરંતુ તાબે થયેલો શત્રુ પણ જો દુરાગ્રહથી લઢવા માટે સામે થાય તો તેને કબજામાં લેવા માટે તુરત જ તેના વંશના પુરુષને અનુકૂળ કરીને તેની સામે લઢવા માટે તેને ઉભો કરવો. ૬૮

विषं विषेण व्यथते वज्रं वज्रेण भिद्यते ।
गजेन्द्रो दृष्टसारेण गजेन्द्रेणैव वध्यते ॥ ६९ ॥

ઝેરથી ઝેરને પીડી શકાય છે, વજ્રથી વજ્રને ભેદી શકાય છે અને ગજેંદ્રનાં બળને જાણનારો ગજેંદ્ર જ ગજેંદ્રનો નાશ કરી શકે છે. ૬૯

मत्स्यो मत्स्यमुपादत्ते ज्ञातिर्ज्ञातिमसंशयम् ।
रावणोच्छित्तये रामो विभीषणमपूजयत् ॥ ७० ॥

એક મચ્છ બીજા મચ્છને પકડી શકે છે, અને એક જ્ઞાતિનો પુરુષ પોતાની જ્ઞાતિના પુરુષને પકડી શકે છે એમાં સંશય નથી. રામે રાવણનો નાશ કરવા માટે (રાવણના ભાઈ) વિભીષણનો સત્કાર કર્યો હતો. ૭૦

ભાવાર્થઃ–રાવણે વિભીષણનું અપમાન કરીને તેને લંકામાંથી કાઢી મૂકયો ત્યારે તે લંકાના સામા તીર ઉપર જ્યાં રામ પડાવ નાંખીને પડ્યા હતા ત્યાં ગયો અને તેને રાવણની તથા લંકામાં જવાના માર્ગની સર્વ હકીકત નિવેદન કરી. રામે પણ તે જ વખતે વિભીષણને લંકાના રાજ્યઉપર

અભિષેક કરીને લંકાનો રાજા બનાવ્યો. આ વાત રામાયણમાં પ્રસિદ્ધ છે. માટે શત્રુનો જો પરાજય કરવો હોય તો તેના સંબંધીઓને રાજ્યાદિક આપીને તેનો સત્કાર કરવો, એટલે તેઓ પોતાના સહજ શત્રુની સંપૂર્ણ બાતમી આપીને વિજિગીષુ રાજાનો માર્ગ સરળ કરી આપે છે. ૭૦

यस्मिन् मण्डलसंक्षोभः कृते भवति कर्मणि ।
न तत् कुर्वीत मेधावी प्रकृतीरनुरञ्जयेत् ॥ ७१ ॥

જે કાર્ય કરવાથી બાર પ્રકારના રાજમંડળમાં ખળભળાટ ઉલ્લો થાય તેવું કાર્ય બુદ્ધિમાન્ વિજિગીષુ રાજાએ કદી પણ કરવું નહિ તથા પોતાનાં પ્રકૃતિમંડલને પ્રસન્ન રાખવું. ૭૧

साम्ना दानेन मानेन प्रकृतीरनुरञ्जयेत् ।
आत्मीया भेददण्डाभ्यां परकीयास्तु भेदयेत् ॥ ७२ ॥

રાજાએ સામથી, ધનના સત્કારથી તથા સન્માન આપીને પોતાનાં પ્રકૃતિમંડલને રંજન કરવું (રાજી રાખવું), અને શત્રુનાં તથા તેના મિત્રનાં પ્રકૃતિમંડલને ગુપ્ત દૂતોદ્વારા લાલચો આપીને તથા શિક્ષા કરીને પોતાના પક્ષમાં લેવું. ૭૨

आकीर्णं मण्डलं सर्वं मित्रैररिभिरेव च ।
सर्वः स्वार्थपरो लोकः कुतो मध्यस्थता क्वचित् ॥ ७३ ॥

બારેય રાજાનું મંડળ મિત્રોથી તથા શત્રુઓથી ભરપૂર હોય છે કારણ કે સર્વે લોકો સ્વાર્થપરાયણ હોય છે. કોઈ ઠેકાણે મધ્યસ્થપણું કેવી રીતે હોય? ૭૩

ભાવાર્થ:—મંડળમાં રહેલા સર્વે લોકો સ્વાર્થપરાયણ હોય છે. એક પુરુષે શત્રુની સાથે વિગ્રહ કર્યો હોય, તેને બળની સહાયતા કરનારા પુરુષને પણ મારો નાશ ન થાય આવી જાતનો સ્વાર્થ હોય છે જ અને તે સ્વાર્થ સાધવામાટે કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. બીજાની પાસેથી સ્વાર્થ સાધવાની ઇચ્છાવાળો પુરુષ કાં તો મિત્રતા કરીને સ્વાર્થ સાધે છે અથવા તો વૈર કરીને

સ્વાર્થ સાધે છે. આ બે વિના બીજો ઉપાય નથી. માટે મંડલમાં રહેનારા પુરુષને પોતાનો સ્વાર્થ સાધવા માટે કાં તો મિત્રતા કરવી પડે છે અથવા તો શત્રુતા કરવી પડે છે. આવી સ્થિતિમાં મધ્યસ્થપણું ક્યાંથી સંભવે? મધ્યસ્થ રાજા અથવા તો ઉદાસીન રાજા પણ કોઇના મિત્ર તો કોઇના શત્રુ હોય જ છે. તેથી જૂદા પ્રકારના હોતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે;–

मुनेरपि वनस्थस्य स्वानि कर्माणि कुर्वतः ।
उत्पद्यन्ते त्रयः पक्षा मित्रोदासीनशत्रवः ॥

મુનિ વનમાં વાસ કરીને પોતાનાં વાનપ્રસ્થનાં કર્મ કરે છે, તો પણ તેને મિત્ર, ઉદાસીન અને શત્રુ આ ત્રણ પક્ષ ત્યાં વનમાં પણ ઉભા થાય છે."

જે પુરુષ કોઇનો ઉપકાર કરતો નથી અથવા તો કોઇનો અપકાર પણ કરતો નથી, તેને ઉદાસીન જાણવો. જ્યારે તેને ધનની ઇચ્છા હોતી નથી ત્યારે તે પોતાના જ રાજ્યમાં બેસી રહે છે અને પોતાનું કાર્ય કર્યા કરે છે. તે સમયે તેને કોઈ પણ જાતની સ્પૃહા હોતી નથી. તેથી તેનો બાર રાજમંડલમાં અંતર્ભાવ કરવામાં આવતો નથી. પરંતુ તે જ્યારે પોતાનું કાર્ય સાધવા માટે સામ, દામ, ભેદ વગેરેનો પ્રયોગ કરવા માંડે છે ત્યારે તેને શત્રુ અથવા તો મિત્રરૂપે ગણવામાં આવે છે. પછી તેનું મધ્યસ્થપણું કેવી રીતે રહે? માટે શત્રુ અને મિત્ર આવા બે જ પ્રકાર મંડલમાં મુખ્ય છે.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે; સર્વે લોકો સ્વાર્થપરાયણ હોય છે. કોઈ પણ મનુષ્ય હમેશાં મધ્યસ્થ અથવા તો ઉદાસીન રહે, એ વાત સંભવે નહિ. કારણ કે સૌને લક્ષ્મી સંપાદન કરવાની ઇચ્છા હોય છે અને લક્ષ્મી મેળવવા માટે શત્રુતા અથવા તો મિત્રતા કરવી જ પડે છે. નીતિશાસ્ત્રમાં એક વચન આ પ્રમાણે છે;–

स नास्ति पुरुषो लोके यः श्रियं नाभिवाञ्छति ।
अशक्तिभग्रमानास्तु नरेन्द्रं पर्युपासते ॥

આ જગતમાં એવો કોઈ પણ પુરુષ નથી કે, જે લક્ષ્મીની વાંછા કરતો નથી. અર્થાત્ સર્વને ધનની વાંછા હોય છે, પરંતુ તેઓ અશક્તિને લીધે માનભંગ થઇને રાજાની સેવા કરે છે. ૭૩

भोगप्राप्तं विकुर्वाणं मित्रमप्यवपीडयेत् ।
अत्यन्तविकृतं हन्यात् स पापीयान् रिपुर्मतः ॥ ७४ ॥

પોતાનો મિત્ર પણ રાજ્યલક્ષ્મી મળવાથી મદમત્ત થઈને પોતાના ઉપર ચઢી આવે તો રાજાએ તેનો પણ પરાજય કરીને તેને પણ પીડવો–દુઃખી કરવો અને તે જો પોતાથી અત્યંત વિરુદ્ધ થઈ બેસે તો તેને મારી સુદ્ધાંત નાંખવો. કારણ કે મિત્રને મહા-પાપી શત્રુ માનવામાં આવ્યો છે. ૭૪

ભાવાર્થઃ–પોતાનો મિત્ર પણ મોટું રાજ્ય મળવાથી અભિમાની થઈને કદાચ આપણા ઉપર ચઢાઈ કરે તો તેની સામે યુદ્ધ કરીને તેનો પરાજય કરવો અને વિશેષ વૈર કરે તો તેને મારી પણ નાંખવો. કારણ કે જે પ્રથમ મિત્ર હોય અને પાછળથી શત્રુ થયેલો હોય, તેને નીતિશાસ્ત્રમાં મહાપાપી શત્રુ ગણેલો છે. ૭૪

वर्त्तते पक्षपातेन मित्रं चेदुभयात्मकम् ।
वज्रीव हि त्रिशिरसं तदुच्छिन्द्यात् कृतत्वरः ॥ ७५ ॥

વિજિગીષુનો તથા તેના શત્રુનો એમ બન્નેનો મિત્ર હોય, પરંતુ શત્રુના તરફ પક્ષપાતથી વર્તતો હોય તો વજ્રધારી ઇંદ્રે જેમ ત્રિશિ-રાને વજ્ર મારીને મારી નાંખ્યો હતો, તેમ તુરત શત્રુનો પક્ષપાત કરનારા મિત્રને મારી નાંખવો. ૭૫

ભાવાર્થઃ–પોતાનો તથા પોતાના શત્રુનો એમ બન્નેનો મિત્ર હોય છતાં શત્રુના તરફ વધારે પ્રીતિ ધરાવતો હોય તો તેને તુરત મારી નાંખવામાં જ શ્રેય છે. પૂર્વે ત્વષ્ટા નામના પ્રજાપતિને ત્રિશિરા નામનો એક પુત્ર થયો હતો. અને દેવતાઓએ તેને પોતાનો પુરોહિત કર્યો હતો. તે અત્યંત ઉગ્ર તપ કરનારો હતો અને દેવોનો તથા અસુરોનો મિત્ર હતો. પરંતુ અસુરોનો તે ભાણેજ થતો હતો તેથી તેનો અધિક પક્ષપાત કરતો હતો. અસુરો પણ પોતાના ભાણેજના તપના પ્રભાવથી દુર્જય થઈ પડ્યા હતા, તે વાત ઇંદ્રના જાણવામાં આવી; તે ઉપરથી તેણે તેને વજ્ર મારીને પૃથ્વી

ઉપર પાડી નાંખ્યો અને તક્ષાને કહ્યું કે; તું આનાં ત્રણે મસ્તકોને કાપી નાંખ. હું તને તેના બદલામાં યજ્ઞમાંથી ભાગ આપીશ. એટલે તક્ષાએ ત્રિશિરાનાં ત્રણે મસ્તકોને કાપી નાખ્યાં. આ કથાનો સાર એ છે કે, પોતાનો મિત્ર થઇને જે શત્રુને સહાયતા કરતો હોય, તે શત્રુના કરતાં પણ અધિક ભુંડું કરે છે. માટે તેવા મિત્રને ભયંકર શત્રુ ગણવો. ૭૫

अमित्रानपि कुर्वीत मित्राण्युपचयावहान् ।
अहिते वर्त्तमानानि मित्राण्यपि परित्यजेत् ॥ ७६ ॥

આપણા શત્રુ છતાં પણ આપણી ઉન્નતિ કરનારા હોય, તેઓને મિત્ર બનાવવા અને મિત્ર છતાં પણ આપણું અહિત કરનારા હોય, તેઓનો ત્યાગ કરવો. ૭૬

स बन्धुर्योऽनुबध्नाति हितेष्वत्याहितादरः ।
अनुरक्तं विरक्तं च तन्मित्रमुपकारि यत् ॥ ७७ ॥

જે પુરુષ આપણું હિત કરવા માટે અત્યંત આદર ધરાવતો હોય, તેને બંધુ (મિત્ર) જાણવો. કારણ કે પ્રીતિવાળો અથવા તો પ્રીતિ વિનાનો હોય, પરંતુ જે પુરુષ ઉપકાર કરનારો હોય તેને મિત્ર જાણવો.૭૭

ભાવાર્થઃ–મિત્રના વ્યવહારમાં પ્રીતિની અને અપ્રીતિની જરૂર નથી પરંતુ ઉપકારની જરૂર છે. જે ઉપકાર કરે છે તે મિત્ર. ચાણક્ય પોતાના અર્થશાસ્ત્રમાં મિત્રનું લક્ષણ બાંધતાં કહે છે કે;—

यावदुपकरोति तावन्मित्रं भवति । उपकारलक्षणं हि मित्रं ।
न मित्रं मित्रभावादुत्क्रान्तम् (अर्थः–७–८–११६)

જ્યાં સૂધી ઉપકાર કરે છે ત્યાં સૂધી મિત્ર ગણાય છે. ઉપકાર કરવો, એ મિત્રનું લક્ષણ છે. મિત્રભાવને તજી દેનારો મિત્ર ગણાતો નથી. ૭૭

मित्रं विचार्य बहुशो ज्ञातदोषं परित्यजेत् ।
त्यजन्नभूतदोषं हि धर्मार्थावुपहन्ति सः ॥ ७८ ॥

મિત્રની પ્રસંગે પ્રસંગે ઘણીવાર સૂધી પરીક્ષા કરવી અને જો

તેના દોષ જાણવામાં આવે તો તેનો ત્યાગ કરવો. પરંતુ નિર્દોષ મિત્રનો ત્યાગ કરવાથી પુરુષ ધર્મનો તથા અર્થનો બન્નેનો નાશ કરે છે. ૭૮

ભાવાર્થઃ–મિત્ર નિર્દોષ હોવા છતાં તેના ઉપર દોષારોપ કરવાથી ધર્મનો નાશ થાય છે. વળી મિત્રનો ત્યાગ કરવાથી અર્થનો પણ નાશ થાય છે, માટે કોઇના કહેવાથી મિત્રને અપરાધી માની લેવો નહિ. પરંતુ જાતે મિત્રની એકવાર નહિ, પરંતુ ઘણીવાર સૂધી પરીક્ષા કરવી અને જો તેના દોષ જાણવામાં આવે તો જ તેનો ત્યાગ કરવો. ૭૮

स्वयं दोषगुणान्वेषी भवेत् सर्वत्र सर्वदा ।
स्वयं ज्ञातेषु दोषेषु शस्यं स्याद्दण्डपातनम् ॥ ७९ ॥

રાજાએ પોતાના સેવકોના, મિત્રોના અને સંબંધીઓના અપરાધોની હમેશા જાતે તપાસ કર્યા કરવી, કારણ કે જાતે દોષો જાણ્યા પછી તેને માટે શિક્ષા કરવી યોગ્ય થઈ પડે છે. ૭૯

ભાવાર્થઃ–એક રાજાએ અથવા તો એક ગૃહસ્થે પોતાના સેવકો, મિત્રો અથવા તો સંબંધીઓના અવગુણોની જાતે જ તપાસ કરવી; પરંતુ બીજાના કહેવા ઉપર આધાર રાખવો નહિ. કારણ કે જાતે દોષો (અવગુણો) જાણ્યા પછી તેને યોગ્ય શિક્ષા કરી શકાય છે. ૭૯

नह्यविज्ञाय तत्त्वेन दोषं कुप्येत् कथञ्चन ।
भुजङ्गमिव मन्यन्ते निर्दोषक्रोधिनं जनाः ॥ ८० ॥

રાજાએ યથાર્થ રીતે દોષ જાણ્યા વગર કોઈ પણ રીતે સેવકાદિક ઉપર કોપ કરવો નહિ. રાજા જો નિર્દોષ સેવક ઉપર કોપ કરે છે તો મનુષ્યો તેવા રાજાને સર્પના જેવો માને છે. ૮૦

मित्राणामन्तरं विद्यात् समज्यायःकनीयसाम् ।
मध्यज्यायःकनीयांसि कार्याणि च पृथक् पृथक् ॥ ८१ ॥

રાજાએ ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ એમ મિત્રોના કાર્ય પ્રમાણે મિત્રને ત્રણ પ્રકારના જાણવા. જે રાજા અધિક ઉપકાર કરે, તેને ઉત્તમ

મિત્ર જાણવો; જે રાજા મધ્યમ ઉપકાર કરે; તેને મધ્યમ અને જે રાજા કનિષ્ઠ પ્રકારનો ઉપકાર કરે, તેને કનિષ્ઠ મિત્ર જાણવો. ૮૧

નહિ મિથ્યાભિયુઞ્જીત શૃણુયાચ્ચાપિ તદ્વિધમ્ ।
મિત્રભેદં ચ યે કુર્યુસ્તાન્ સમસ્તાન્ પરિત્યજેત્ ॥ ૮૨ ॥

તેં મારું ભુંડું કર્યું છે, આમ મિત્રના ઉપર મિથ્યા આરોપ મૂકવો નહિ, તેમ કોઈ કહે કે તારા મિત્રે તારું ભુંડું કર્યું છે તો તેને પણ સાંભળવું નહિ તથા જેઓ મિત્ર વચ્ચે ફાટફૂટ કરાવે, તેવા સર્વે પુરુષોનો ત્યાગ કરવો. ૮૨

પ્રાયોગિકં માત્સરિકં માધ્યસ્થં પાક્ષપાતિકમ્ ।
સોપન્યાસં ચ જાનીયાદ્ વચઃ સાનુશયં તથા ॥ ૮૩ ॥

પ્રાયોગિક, માત્સરિક, માધ્યસ્થ, પાક્ષપાતિક, સોપન્યાસ તથા સાનુશય એવાં શત્રુના સંબંધમાં તથા મિત્રના સંબંધમાં કહેલાં વચનને વિજિગીષુ રાજાએ યથાર્થ રીતે જાણવાં જોઇએ. ૮૩

ભાવાર્થઃ—પોતાના પક્ષનો અથવા તો શત્રુના પક્ષનો પુરુષ મિત્રના તથા શત્રુના સંબંધમાં જે કંઈ વચન કહે, તે વચન કેવા પ્રકારનું છે તે વિજિગીષુ રાજાએ ખાસ જાણવું જ જોઇએ. તે વચનના પ્રકાર કામંદકે આ શ્લોકમાં ગણાવ્યા છે. સ્નેહીઓ વચ્ચે ફાટફૂટ કરાવવા માટે શત્રુ તરફથી જે વચનનો પ્રયોગ કરવામાં આવે, તે વચન પ્રાયોગિક કહેવાય છે. ચંદ્રગુપ્તને ચાણક્યે રાજ્ય અપાવ્યા પછી બન્ને જણા કૃતકૃત્ય થયા હતા, એટલે પોતાના કાર્યમાં સફળ થયા હતા. પરંતુ તે વાત રાક્ષસ સહન કરી શક્યો નહિ. તેથી તેણે રાજાની સ્તુતિ કરનારા વૈતાલિકની પાસે રાજાની આગળ નીચેનો શ્લોક ભણાવ્યો હતો.

"भूषणाद्युपभोगेन प्रभुर्भवति न प्रभुः ।
परैरनभिभूताज्ञस्त्वमिव प्रभुरुच्यते ॥

આભૂષણો ધારણ કરવાથી રાજા રાજા ગણાતો નથી; પરંતુ તારી પેઠે જે રાજાની આજ્ઞાનો કોઈ પણ પરાભવ કરી શકે નહિ, તે રાજા કહેવાય છે."

આ વાક્યનું તાત્પર્ય એ હતું કે; તું આભૂષણ ધારણ કરનારો રાજા છો અને તારા રાજ્યમાં તારી આજ્ઞા ચાલતી નથી; પરંતુ ચાણક્યની આજ્ઞા ચાલે છે. ચાણક્ય જેટલું કહે છે, તેટલું જ થાય છે; તું તો નામનો જ રાજા છે. આ રીતે વૈતાલિકની પાસે રાક્ષસને વાક્ય ભણાવવાનું કારણ એ હતું કે, ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચે ભેદ ઉત્પન્ન થાય. ચાણક્ય આ વાક્ય સાંભળીને તુરત જ વિચારમાં પડ્યો અને મનમાં કહેવા લાગ્યો કે; પ્રથમ તો વિશિષ્ટ દેવતાની સ્તુતિ કરીને શરદૃઋતુના ગુણનું વર્ણન કર્યું; પરંતુ તે પછીના બીજા આ વચનમાં શું કહ્યું, તે સમજાતું નથી. થોડીવાર રહીને બોલ્યો કે હા, હવે જાણ્યું. આ તો રાક્ષસનો પ્રયોગ છે. દુરાત્મા રાક્ષસ ! તું દેખા દે છે, પરંતુ કૌટિલ્ય (ચાણક્ય) પણ જાગૃત છે. અર્થાત્ તારાં ભેદ પડાવનારાં વચનને સારી રીતે જાણે છે. મત્સર સાથે કહેલું વચન માત્સરિક કહેવાય છે. ચંદ્રગુપ્તની નિંદા સાંભળીને ચાણક્યે કહ્યું કે;–

आः क एष मयि स्थिते चंद्रगुप्तमभिभवितुमिच्छति ।

અરે આ કોણ હું બેઠાં ચંદ્રગુપ્તનો પરાભવ કરવાની ઇચ્છા કરે છે ? ઇચ્છાથી તથા દ્વેષથી રહિત વચન માધ્યસ્થ વચન કહેવાય છે. જેમ કે રાક્ષસ પોતાની સ્ત્રી ચંદનદાસને ઘેર મૂકીને નગર બહાર નાસી ગયો, તે પછી તેની શોધખોળ કરતી વખતે ચાણક્યે કહ્યું કે;–ચંદનદાસ તેનો અત્યંત મિત્ર છે. રાક્ષસ ખાલખોલ (સામાન્ય) મનુષ્યને ત્યાં પોતાની સ્ત્રીને મૂકે નહિ. ચાણક્યનાં આ વચનમાં રાગનો અથવા તો દ્વેષનો અંશ નથી. જે વચનમાં પક્ષપાત જણાતો હોય, તેને પાક્ષપાતિક વચન કહે છે. જેમ એક દૂતે રાક્ષસના નામની છાપવાળી વિંટી લાવીને ચાણક્યને આપી, એટલે ચાણક્યે તેને આંગળીમાં ઘાલતાં ઘાલતાં મનમાં કહ્યું કે; 'ननु राक्षस एवास्मदंगुलीप्रणयी संवृत्तः । હવે રાક્ષસ ખરેખર મારા હાથમાં આવ્યો છે.' ચાણક્યનું આ વાક્ય ચંદ્રગુપ્તના પક્ષનું હોવાથી પક્ષપાતી હતું. પરસ્પર શિષ્ટાચારવાળું વચન સોપન્યાસ અને પશ્ચાત્તાપવાળું વચન સાનુશય વચન કહેવાય છે. ૮૩

प्रकाशपक्षग्रहणं न कुर्यात् सुहृदां स्वयम् ।
अन्योन्यमत्सरं चैषां स्वयमेवाशु वारयेत् ॥ ८४ ॥

રાજાએ પોતે પ્રકટ રીતે સ્નેહીઓનો પક્ષ કરવો નહિ. પરંતુ સ્નેહીઓમાં પરસ્પર મત્સર હોય તો તેને પંડે જ તુરત અટકાવવો. ૮૪

ભાવાર્થઃ—રાજાએ પોતાના સ્નેહીઓનો પણ જાહેરમાં પક્ષ કરવો નહિ. પરંતુ ગુપ્ત રીતે સ્નેહીઓને સહાયતા કરવી. તેમ સ્નેહીઓ પરસ્પર મત્સર રાખતા હોય તો રાજાએ જાતે તેઓને એકદમ મત્સર કરતાં અટકાવવા. ૮૪

कार्यस्य हि गरीयस्त्वान्नीचानामपि कालवित् ।
सतोऽपि दोषान् प्रच्छाद्य गुणानप्यसतो वदेत् ॥ ८५ ॥

સમયને જાણનારા રાજાએ મોટું કાર્ય સાધવું હોય તો નીચ લોકોના દોષો હોવા છતાં પણ તેઓને ઢાંકી દેવા અને ગુણો ન હોય છતાં પણ ગાવા. ૮૫

प्रायो मित्राणि कुर्वीत सर्वावस्थानि भूपतिः ।
बहुमित्रो हि शक्नोति वशे स्थापयितुं रिपून् ॥ ८६ ॥

રાજાએ ઘણું કરીને ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ સર્વ પ્રકારના મિત્રો કરવા. જેને ઘણા મિત્ર હોય છે, તે રાજા શત્રુઓને વશમાં રાખી શકે છે. ૮૬

न तत्र तिष्ठति भ्राता न तथान्योऽपि वा जनः ।
पुंसामापत्प्रतीकारे सन्मित्रं यत्र तिष्ठति ॥ ८७ ॥

પુરુષોની આપત્તિ દૂર કરવા માટે જે ઠેકાણે સન્મિત્ર ઉભો રહે છે ત્યાં ભાઈ પણ ઉભો રહેતો નથી, તેમ બીજો મનુષ્ય પણ ઉભો રહેતો નથી. ૮૭

अमित्रान् सर्वतो मित्रैर्निगृह्णीयाद् दृढव्रतैः ।
इति मण्डलवृत्तं तद् मण्डलज्ञा प्रचक्षते ॥ ८८ ॥

દૃઢ સ્વભાવવાળા મિત્રોદ્વારા પોતાના ચોતરફના શત્રુઓને શિક્ષા કરવી. આ રીતે મંડળનાં સ્વરૂપને જાણનારા પુરુષો મંડળનાં આચરણનું વર્ણન કરે છે. ૮૮

मित्रोदासीनरिपव एतन्मात्रं तु मण्डलम् ।
सम्यक् साधनमेतेषामिति मण्डलशोधनम् ॥ ८९ ॥

મિત્ર, ઉદાસીન તથા શત્રુ આ ત્રણનું જ મંડળ બનેલું હોય છે. માટે આ ત્રણે કોપાયમાન ન થાય તે રીતે તેઓને વશમાં રાખવા, તેનું નામ મંડળનું શોધન કહેવાય છે. ૮૯

इति स्म राजा नयवर्त्मना व्रजन् समुद्यमी मण्डलशुद्धिमाचरेत् ।
विराजते साधु विशुद्धमण्डलः शरच्छशीव प्रतिरञ्जयन् प्रजाः॥९०॥

આ રીતે જે રાજા નીતિના માર્ગમાં ચાલે છે, રાજમંડળમાં ઉત્સાહથી ઘૂમે છે, અને રાજમંડળ કોપાયમાન ન થાય અને થતું હોય તો શાંત પડી જાય તે રીતે મંડળનું શોધન કરે છે તો વિશુદ્ધ રાજ-મંડળવાળો તે રાજા શરદ્ ઋતુના વાદળા વિનાના વિશુદ્ધ મંડળવાળા ચંદ્રની પેઠે પ્રજાને સારી પેઠે રંજન (પ્રસન્ન) કરે છે અને (પંડે) દીપી નીકળે છે. ૯૦

'રાજમંડળનું કર્તવ્ય' એ નામનું પ્રકરણ ૧૩મું સમાપ્ત.

ઇતિ શ્રી કામંદકીય નીતિસારમાં રાજમંડળના ભેદ તથા રાજ-મંડળનું કર્તવ્ય, એ નામનો સર્ગ ૮ મો સમાપ્ત..

સર્ગ ૯ મો–પ્રકરણ ૧૪ મું

સંધિના ભેદોનું વર્ણન

बलिना विगृहीतः सन् नृपोऽनन्यप्रतिक्रियः ।
आपन्नः सन्धिमन्विच्छेत् कुर्वाणः कालयापनम् ॥ १ ॥

બળવાન્ રાજા નિર્બળ રાજાની સાથે કલહ કરે, તે સમયે નિર્બળ રાજાની પાસે બળવાન્ રાજાની સાથે યુદ્ધ કરવાને કોઇપણ જાતનું

સાધન ન હોય અને તે સંકટમાં આવી પડે ત્યારે તેણે સંકટનો સમય વીતાડવા માટે બળવાન્ રાજાની સાથે સંધિ કરવી. ૧

ભાવાર્થઃ—બાર પ્રકારના રાજમંડલનું સ્વરૂપ તથા તેનાં ચરિત્ર કહ્યાં. હવે આ નવમા સર્ગમાં તથા તે પછીના બીજા બે સર્ગમાં એમ ત્રણ સર્ગમાં સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ આ છ ગુણનાં સ્વરૂપો તથા તેના પ્રકાર કહેવામાં આવશે. આ શ્લોકમાં સામાન્ય સંધિ કરવા વિશે અને તે સંધિ કયારે કરવી, તે વિશે દર્શાવ્યું છે. એક રાજાની સાથે બળવાન્ રાજા યુદ્ધ કરવા માટે ચઢી આવે ત્યારે જો તે રાજાની પાસે તેની સામે થવાનાં સાધનો ન હોય અને તે સંકટમાં આવી પડે તો તેણે સંકટના દિવસો ગાળવા માટે અને ભવિષ્યમાં શત્રુના ઉપર ચઢાઈ કરીને વૈર લેવા માટે શત્રુની સાથે સંધિ કરવી, અર્થાત્ પોતાની સ્થિતિ નબળી હોય ત્યારે કોઇપણ પ્રકારે સલાહ કરવી. પરંતુ શત્રુની સામે યુદ્ધમાં ઉતરવું નહિ. આ વાત જેમ રાજાને ઘટે છે, તેમ શ્રીમાનોને પણ ઘટે છે. પોતાની શક્તિ પ્રમાણે મનુષ્યે પ્રત્યેક મનુષ્યની સાથે વ્યવહાર કરવાનો હોય છે. પોતાની પડતી સ્થિતિમાં બળવાનની સામે થવું નહિ, પણ તેની સાથે સંધિ (સલાહ) કરીને પોતાના ઉદય કાળની વાટ જોયા કરવી. ૧

कपाल उपहारश्च सन्तानः सङ्गतस्तथा ।
उपन्यासः प्रतीकारः संयोगः पुरुषान्तरः ॥ २ ॥
अदृष्टनर आदिष्ट आत्मामिष उपग्रहः ।
परिक्रयस्तथोच्छिन्नस्तथा च परदूषणः ॥ ३ ॥
स्कन्धोपनेयः सन्धिश्च षोडशः परिकीर्त्तितः ।
इति षोडशकं प्राहुः सन्धिं सन्धिविचक्षणाः ॥ ४ ॥

કપાલ, ઉપહાર, સન્તાન, સંગત, ઉપન્યાસ, પ્રતીકાર, સંયોગ, પુરુષાન્તર, અદૃષ્ટનર, આદિષ્ટ, આત્મામિષ, ઉપગ્રહ, પરિક્રિય, ઉચ્છિન્ન, પરદૂષણ તથા સ્કંધોપનેય૦ આ રીતે નીતિશાસ્ત્રમાં સોળ પ્રકારના સંધિ કહ્યા છે.

સંધિના વિષયમાં વિચક્ષણ એવા નીતિશાસ્ત્રવેત્તા પુરુષો પણ સોળ પ્રકારનો સંધિ કહે છે. ૨–૪

कपालसन्धिर्विज्ञेयः केवलं समसन्धिकः ॥ ५ ॥

શત્રુ રાજા વિજિગીષુ રાજાને ખજાનો, દંડ વગેરે કંઈ પણ આપ્યા વગર કેવળ વાણી માત્રથી તેની સાથે સંધિ કરે છે તેવા સંધિને **કપાલસંધિ** જાણવો. જેમ એક ઘડાનું કપાળ ભાંગી ગયું હોય તે ઠેકાણે બીજું કપાળ સાંધવામાં આવે છે, તેથી બહારના ભાગમાં ઘડો નહિ ફૂટેલા જેવો દેખાય છે પરંતુ તે પ્રથમના જેવો બરોબર સંધાતો નથી. વાણી માત્રથી કરેલો સંધિ પણ તેના જેવો જ હોય છે. ૫

ભાવાર્થઃ–શત્રુ રાજા ઉપર વિજિગીષુ રાજા ચઢી આવે ત્યારે શત્રુ રાજા વિજિગીષુ રાજાને ધનભૂમિ વગેરે આપ્યા વગર કેવળ વાણીથી જ સંધિ કરે તો આવા સમસંધિને કપાળસંધિ કહ્યો છે. એક ઘડાનો એક તરફનો ભાગ ફૂટી ગયો હોય, તેને સાંધવા માટે તે ઠેકાણે બીજું નવું કપાળ (ઠીબડું) ચોંટાડવામાં આવે તેથી ઉપરથી ઘડો જેમ સાજો સારો દેખાય છે, પરંતુ અંદરથી જોતાં તે ફૂટેલો જણાય છે. તેમ જ શત્રુ ને વિજિગીષુ રાજા બન્ને વાણીથી પરસ્પર સલાહ કરે છે તેથી ઉપરથી બન્ને વચ્ચે સંધિ જોવામાં આવે છે, પરંતુ અંદરથી બન્નેને બન્નેનો વિશ્વાસ હોતો નથી. તેથી તેઓની વચ્ચે અંદર ખાનેથી એકતા થતી નથી. ૫

सम्प्रदानाद् भवति य उपहारः स उच्यते ।
सन्तानसन्धिर्विज्ञेयो दारिकादानपूर्वकः ॥ ६ ॥

વિજિગીષુ રાજાને ધન આપીને જે સંધિ કરવામાં આવે છે, તેને **उपहारसंधि** કહેવામાં આવે છે. પોતાની પુત્રી આપીને જે સંધિ કરવામાં આવે છે, તેને **संतानसंधि** કહેવામાં આવે છે. ૬

सद्भिः सङ्गतसन्धिस्तु मैत्रीपूर्व उदाहृतः ।
यावदायुःप्रमाणं तु समानार्थप्रयोजनः ॥ ७ ॥

सङ्गतः सन्धिरेवेह प्रकृष्टत्वात् सुवर्णवत् ।
अपरैः सन्धिकुशलैः काञ्चनः स उदाहृतः ॥ ८ ॥

સત્પુરુષોની સાથે મિત્રતાપૂર્વક જે સંધિ કરવામાં આવે છે, તે સંધિને **संगतसंधि** કહેવામાં આવે છે. શત્રુ તથા વિજિગીષુ બન્ને રાજાને સંધિ કરવાનું પ્રયોજન સમાન હોવાથી તેઓની વચ્ચે જીવતાં સૂધિ આ સંધિ ટકી રહે છે. સર્વ ધાતુઓમાં જેમ સુવર્ણ ઉત્તમ ગણાય છે, તેમ આ સંધિ પણ સર્વ સંધિઓમાં ઉત્તમ ગણાય છે. તેથી કેટલાએક સંધિના વિષયમાં કુશળ પુરુષો આ સંધિને **काञ्चन-संधि** કહે છે. ૭-૮

ભાવાર્થઃ—બે પ્રકારના પુરુષ સંધેય એટલે સંધિ કરવા યોગ્ય હોય છે. એક ચઢાઈ નહિ કરનારો અને બીજો ચઢાઈ કરનારો. ઉપર જે ચાર પ્રકારનો સંધિ કહ્યો છે, તે ચઢાઈ કરનારાની સાથે શત્રુને સંધિ કરવાનું કહ્યું છે.

सम्पत्तौ च विपत्तौ च कारणैर्यो न भिद्यते ।
सङ्गतः सन्धिरेवेह काञ्चनः समुदाहृतः ॥ ९ ॥

संगतसंधि સુખના સમયમાં અથવા તો દુઃખના સમયમાં ગમે તે સમયે ગમે તે કારણોથી પણ નાશ પામતો નથી અને એ સંધિને **कांचनसंधि** કરીને કહેવામાં આવે છે. ૯

भव्यामेकार्थसिद्धिं तु समुद्दिश्य क्रियेत यः ।
स उपन्यासकुशलैरुपन्यास उदाहृतः ॥ १० ॥

(એક રાજા બીજા રાજાને કહે કે; આ આપણા બન્નેનો શત્રુ છે, હું આ રાજાનો નાશ કરીશ તો પણ ભવિષ્યમાં તને કલ્યાણકારક અર્થસિદ્ધિ થાશે.) આ રીતે વાતનો ઉપન્યાસ કરીને બીજા રાજાની સાથે જે સંધિ કરવામાં આવે છે તેને ઉપન્યાસમાં કુશળપુરુષો **उपन्यास** નામનો સંધિ કહે છે. ૧૦

मयास्योपकृतं पूर्वमयं प्रतिकरिष्यति ।
इति यः क्रियते सन्धिः प्रतीकारः स उच्यते ॥ ११ ॥

હું જો આનો પ્રથમ ઉપકાર કરીશ તો તે મારો ઉપકાર કરશે, આવો વિચાર કરીને જે સંધિ કરવામાં આવે છે, તેને **प्रतीकारसंधि** કહે છે. ૧૧

उपकारं करोम्यस्य ममाप्येषः करिष्यति ।
अयं चापि प्रतीकारो रामसुग्रीवयोरिव ॥ १२ ॥

હું જેમ આનો ઉપકાર કરું છું તેમ આ મારો પણ ઉપકાર કરશે, આવા સંધિને પણ **प्रतीकारसंधि** કહેવામાં આવે છે. રામ તથા સુગ્રીવની વચ્ચે આવા પ્રકારનો સંધિ હતો. ૧૨

ભાવાર્થઃ–રાજાઓ પરસ્પર એક બીજાનો ઉપકાર કરવાનું માથે લઇને સંધિ કરે, તેવા સંધિને પ્રતીકાર કહે છે. વાલી સુગ્રીવને રાજ્યમાંથી હાંકી કાઢીને પંડે કિષ્કિંધાનો રાજા થયો હતો, અને સુગ્રીવ જંગલમાં ભટકતો હતો, તેને રામની સાથે સમાગમ થયો. સુગ્રીવ જેમ રાજ્યભ્રષ્ટ હોવાથી દુઃખી હતો તેમ રામ પણ સીતાના વિયોગથી દુઃખી હતા અને સીતાની શોધ કરવાનો વિચાર કરતા હતા, તેથી રામે સુગ્રીવની સાથે સલાહ કરીને તેના શત્રુ વાલીને મારી નાંખ્યો અને તેનું રાજ્ય સુગ્રીવને અપાવ્યું. તે ઉપરથી સુગ્રીવે રામચંદ્રને વાનરસૈન્યની સહાયતા કરીને સીતાની શોધ કરાવી અને લંકામાં પોતાનાં સૈન્યની સાથે જઇને શ્રીરામચંદ્રને અનેક પ્રકારની સહાયતા કરી હતી. ૧૨

एकार्थौ सम्यगुद्दिश्य यात्रां यत्र हि गच्छतः ।
स संहतप्रयाणस्तु सन्धिः संयोग उच्यते ॥ १३ ॥

શત્રુ તથા વિજિગીષુ બન્ને રાજા એક વસ્તુને માટે સલાહ કરીને એક સાથે ચઢાઈ કરે છે, તેવા સંધિને, **संयोगसंधि** કહે છે. ૧૩

आवयोर्योधमुख्याभ्यां मदर्थः साध्यतामिति ।
यस्मिन् पणः प्रक्रियते स सन्धिः पुरुषान्तरः ॥ १४ ॥

મારા તથા તારા એમ આપણા બન્નેના સેનાપતિઓ મારું કાર્ય પાર પાડી આપે, આ રીતે જે સંધિમાં 'પણ' કરવામાં આવે છે, તેને **પુરુષાન્તરસંધિ** કહે છે. ૧૪

ભાવાર્થઃ-આ સંધિમાં વિજિગીષુ રાજાને બીજા પુરુષની સાથે સંધાન કરવું પડે છે, તેથી તે પુરુષાન્તર નામનો સંધિ કહેવાય છે. ૧૪

त्वयैकेन मदीयार्थः सम्प्रसाध्यस्त्वसाविति ।
यत्र शत्रुः पणं कुर्यात् सोऽदृष्टपुरुषः स्मृतः ॥ १५ ॥

જે સંધિમાં શત્રુ એક પુરુષની સાથે એવી રીતે પણ કરે કે; તારે એકલાએ મારું આ કાર્ય સાધવું, તે સંધિને **અદૃષ્ટપુરુષ** નામનો સંધિ જાણવો. ૧૫

यत्र भूम्येकदेशेन पणेन रिपुरूर्जितः ।
सन्धीयते सन्धिविद्भिरादिष्टः स उदाहृतः ॥ १६ ॥

બળવાન્ શત્રુ પૃથ્વીનો અમુક ભાગ લઈને અથવા તો અમુક ધન લઈને સંધિ કરે છે, તેને સંધિવેત્તા પુરુષો **આદિષ્ટ** નામનો સંધિ કહે છે. ૧૬

ભાવાર્થઃ-બળવાન્ શત્રુની આજ્ઞા પ્રમાણે તેનું મન મનાવવામાટે તેના કહેવા પ્રમાણે ભૂમિનો અર્ધો ભાગ અથવા તો ત્રીજો ભાગ આપીને અથવા તો ધન આપીને જે સંધિ કરવામાં આવે છે, તે સંધિને **આદિષ્ટ** સંધિ કહેવામાં આવે છે. ૧૬

स्वसैन्येन तु सन्धानमात्मामिष इति स्मृतः ।

પોતાનાં સૈન્યસાથે શત્રુને શરણે જઈને તેની સાથે સંધિ કરવામાં આવે છે, તેને **આત્મામિષ** નામનો સંધિ કહેવામાં આવે છે.

ભાવાર્થઃ-આ સંધિમાં પોતાનું શરીર માંસરૂપે શત્રુને અર્પણ કરવામાં આવે છે. તેથી આ સંધિને આત્મામિષ કહેલો છે.

क्रियते प्राणरक्षार्थं सर्वदानमुपग्रहः ॥ १७ ॥

પોતાના પ્રાણોની રક્ષા કરવા માટે ભૂમિ, ધન વગેરે સર્વ પદાર્થનું દાન કરીને જે સંધિ કરવામાં આવે છે, તે સંધિને **उपग्रहसंधि** કહેવામાં આવે છે. ૧૭

ભાવાર્થઃ—શિર સલામત તો બહોત પઘડીયાં, એ કહેવત પ્રમાણે અથવા તો જીવતા હશું તો ફરીને દેશ મેળવીશું, આવો વિચાર કરીને પ્રાણની રક્ષા કરવા માટે સર્વસ્વ આપી દઇને સંધિ કરવામાં આવે છે, તેવા સંધિને ઉપગ્રહ નામનો સંધિ કહે છે. ૧૭

कोशांशेनाथ कुप्येन सर्वकोशेन वा पुनः ।
शेषप्रकृतिरक्षार्थं परिक्रय उदाहृतः ॥ १८ ॥

રાજા બાકી બચેલી પ્રકૃતિની રક્ષા કરવામાટે પોતાના ધન ભડારનો અમુક ભાગ અથવા તો બીયાના, પાલખી, સાલ, દુશાલા વગેરે અથવા તો સર્વ ભંડાર આપીને જે સંધિ કરે છે, તે સંધિને **परिक्रयसंधि** કહે છે. ૧૮

भुवां सारवतीनां तु दानादुच्छिन्न उच्यते ।
सर्वभूम्युत्थितफलदानेन परदूषणः ॥ १९ ॥

રસકસવાળી સર્વ ભૂમિનું દાન કરીને જે સંધિ કરવામાં આવે છે, તે **उच्छिन्नसंधि** કહેવાય છે અને ભૂમિમાંથી થતી તમામ પેદાશ આપીને જે સંધિ કરવામાં આવે છે, તે **परदूषण** નામનો સંધિ કહેવાય છે. ૧૯

ભાવાર્થઃ—રસકસવાળી સર્વ ભૂમિ આપી દેવાથી જમીનનો ધણી રાજા પાયમાલી પામે છે, તેથી તેવા સંધિને **उच्छिन्नसंधि** કહેવામાં આવે છે અને જમીનની તમામ ઉપજ આપી દઇને સંધિ કરવાથી આપનારા શત્રુને દૂષણ લાગે છે, તેથી તેને પરદૂષણ નામનો સંધિ કહ્યો છે. ઉપાધ્યાયનિરપેક્ષા ટીકાકાર **परदूषणसंधि**ની વ્યાખ્યા કરતાં કહે છે કે;—**परदूषणः** । तवैतत्सर्वं फलं न भवति त्वया परोपद्रवः कृत इति परोत्र दूष्यते इति तदारब्धः संधिः तारे

આ ભૂમિની સર્વ પેદાશ લેવી નહિ. તેં પરને-બીજાને ઉપદ્રવ કર્યો છે-દુઃખ દીધું છે. આમ કહીને જે સંધિમાં શત્રુને દોષ દેવામાં આવે છે, તે સંધિને પરદૂષણ કહેવામાં આવે છે. ૧૯

परिच्छिन्नं फलं यत्र स्कन्धस्कन्धेन नीयते ।
स्कन्धोपनेयं तं प्राहुः सन्धिं सन्धिविदो जनाः ॥ २० ॥

જે સંધિમાં ઠરાવેલે સમયે કટકે કટકે ધન આપવામાં આવે છે, તે સંધિને સંધિ જાણનારા પુરુષો સ્કંધોપનેય નામનો સંધિ કહે છે. ૨૦

ભાવાર્થઃ-આ સંધિમાં બદલો આપીને પ્રકૃતિ મંડળની રક્ષા કરવામાં આવે છે અર્થાત્ આમાં પ્રકૃતિને વેચાતી લેવા જવું છે; માટે આ સંધિનું નામ પરિક્રય છે. આ નવ સંધિ ચઢાઈ કરનારા રાજાના આધીન હોય છે. ૨૦

परस्परोपकारश्च मैत्रः सम्बन्धजस्तथा ।
उपहारश्च विज्ञेयाश्चत्वारोऽन्ये तु सन्धयः ॥ २१ ॥

કેટલાએક કહે છે કે;-પરસ્પરોપકાર, મૈત્ર, સંબંધજ અને ઉપહાર નામના બીજાં ચાર સંધિઓ છે એમ જાણવું. ૨૧

ભાવાર્થઃ-કામંદક આ શ્લોકમાં કેટલાએક એમ કહીને હવે પરમત દેખાડે છે. કેટલાએક સંધિના ચાર જ ભેદ કહે છેઃ પરસ્પર ઉપકાર કરવા માટે કરવામાં આવતા સંધિને પ્રતીકારસંધિ કહે છે. રામ અને સુગ્રીવ વચ્ચે આવી જાતનો સંધિ હતો. આ સંધિમાં ઉપન્યાસ તથા સંગત સંધિનો સમાવેશ થઈ જાય છે. આ સંધિમાં બને રાજા પરસ્પરનો ઉપકાર કરીને પરસ્પરનાં કાર્ય સિદ્ધ કરે છે. મૈત્રસંધિને, સંગતસંધિ કહેવામાં આવે છે. સંબંધજસંધિને સંતાનસંધિ કહેવામાં આવે છે અને ચોથો ઉપહારસંધિ છે. જેમાં વિજિગીષુ રાજાને બીજો રાજા પોતાના ધનનો ભંડાર વગેરે ભેટ કરે છે. આ ચોથા સંધિમાં બીજા સર્વ સંધિનો સમાવેશ થઈ જાય છે. ૨૧

एक एवोपहारस्तु सन्धिरेतन्मतं हि नः ।
उपहारस्य भेदास्तु सर्वेऽन्ये मैत्रवर्जिताः ॥ २२ ॥

અમારો મત તો એવો છે કે, ઉપહાર નામનો એક જ સંધિ છે અને મૈત્રસંધિ (संगतसंधि) વિના બીજા સર્વ સંધિ ઉપહારના ભેદ છે. ૨૨

ભાવાર્થઃ—આ શ્લોકમાં કામંદકે સંધિના વિષયમાં પોતાનું મત દર્શાવ્યું છે. ૨૨

अभियोक्ता बली यस्मादलब्ध्वा न निवर्तते ।
उपहारादृते तस्मात् सन्धिरन्यो न विद्यते ॥ २३ ॥

ચઢાઈ કરનારો રાજા બળવાન્ હોય છે, માટે તે ભેટ લીધા વિના પાછો ફરતો નથી. માટે ઉપહાર શિવાય બીજો કોઈ પણ સંધિ નથી. ૨૩

(સંધિ નહિ કરવા યોગ્ય પુરુષો)

बालो वृद्धो दीर्घरोगी तथा ज्ञातिबहिष्कृतः ।
भीरुको भीरुकजनो लुब्धो लुब्धजनस्तथा ॥ २४ ॥
विरक्तप्रकृतिश्चैव विषयेष्वतिसक्तिमान् ।
अनेकचित्तमन्त्रश्च देवब्राह्मणनिन्दकः ॥ २५ ॥
दैवोपहतकश्चैव दैवचिन्तक एव च ।
दुर्भिक्षव्यसनोपेतो बलव्यसनसङ्कुलः ॥ २६ ॥
अदेशस्थो बहुरिपुर्युक्तः कालेन यश्च सः ।
सत्यधर्मव्यपेतश्च विंशतिः पुरुषा अमी ॥ २७ ॥
एतैः सन्धिं न कुर्वीत विगृह्णीयात् तु केवलम् ।
एते विगृह्यमाणा हि ध्रुवं यान्ति रिपोर्वशम् ॥ २८ ॥

બાળક, વૃદ્ધ, લાંબા કાળનો રોગી, જ્ઞાતિમાંથી દૂર કરેલો, બીકણ, બીકણ સેવકવાળો, લોભી, લોભી પરિવારવાળો, જે રાજાના

અમાત્ય વગેરે અપ્રસન્ન રહેતા હોય તેવો રાજા, વિષયોમાં અત્યંત આસક્તિવાળો, અસ્થિર મનનો, અસ્થિર વિચારનો, દેવતા તથા બ્રાહ્મણની નિન્દા કરનારો, ભાગ્યહીન, ભાગ્ય ઉપર આધાર રાખનારો, દુષ્કાળનાં દુઃખથી પીડા પામનારો, નિર્બળ સૈન્યવાળો, સૈન્ય કવાયત કરી શકે નહિ તેવા ક્ષુદ્ર પ્રદેશમાં રહેનારો, જેને ઘણા શત્રુઓ હોય તેવો, સૈન્યને યુદ્ધ સમયે સજ્જ કરી શકે નહિ તેવો તથા અસત્ય ભાષણ કરનારો, આ વીશ પુરુષોની સાથે સંધિ કરવી નહિ, પરંતુ તેની સાથે તો કેવળ યુદ્ધ જ કરવું યોગ્ય છે. આ પુરુષોની સાથે યુદ્ધ કરવાથી તેઓ અવશ્ય શત્રુને વશ થઈ જાય છે. ૨૪-૨૮

સંધિ ન કરવાનાં કારણો.

बालस्यान्यप्रमाणत्वान्न लोको योद्धुमिच्छति ।
योद्धुं स्वयमशक्तः सन् परार्थे कोऽभियुज्यते ॥ २९ ॥

બાળક રાજા બીજાના ઉપર આધાર રાખે છે અર્થાત્ પંડે પ્રભુશક્તિ વિનાનો હોય છે. તેથી લોકો તેની સાથે લડવાની ઇચ્છા કરતા નથી. તેમ બાળક રાજા પોતે યુદ્ધ કરવાને અશક્ત હોય છે તો પછી પારકાને માટે કોણ યુદ્ધ કરે? ૨૯

ભાવાર્થઃ-બાળક રાજા કોઈ પણ જાતના વ્યવહારમાં પડેલો હોતો નથી, તેમ તેનામાં પ્રભાવશક્તિ પણ હોતી નથી અને પ્રભુશક્તિ ન હોવાથી તેને બીજાના ઉપર આધાર રાખવો પડે છે. વળી તેનામાં વિક્રમ ન હોવાથી તે યુદ્ધ પણ કરી શકતો નથી, તો પછી તેને માટે બીજા શા માટે યુદ્ધ કરે? માટે જ બાળક રાજાની સાથે સંધિ કરવી નહિ, પણ યુદ્ધ કરીને તેને વશ કરવો. ૨૯

उत्साहशक्तिहीनत्वाद् वृद्धो दीर्घामयस्तथा ।
स्वैरेव परिभूयेते द्वावप्येतावसंशयम् ॥ ३० ॥

વૃદ્ધ રાજા તથા દીર્ઘ રોગવાળો રાજા ઉત્સાહશક્તિ વિનાનો હોય છે, તેથી આ બન્ને રાજા પણ ખરેખર પોતાનાં મનુષ્યોથી હારીને તેઓને વશ હોય છે. ૩૦

सुखोच्छेद्यो हि भवति सर्वज्ञातिबहिष्कृतः ।
त एवैनं विनिघ्नन्ति ज्ञातयस्त्वात्मसात्कृताः ॥ ३१ ॥

સર્વ જ્ઞાતિઓ પોતાની જ્ઞાતિમાંથી દૂર કરેલા રાજાને પણ સુખેથી રાજ્યભ્રષ્ટ કરી શકાય છે. કારણ કે તેના જ્ઞાતિઓને વશ કરવામાં આવે છે, એટલે તેઓ જ એનો નાશ કરે છે. ૩૧

भीरुर्युद्धपरित्यागात् क्षिप्रमेव विनश्यति ।
वीरोऽप्यवीरपुरुषः सङ्ग्रामे तैर्विमुच्यते ॥ ३२ ॥

ભીરુ (બીકણ) રાજા પણ યુદ્ધનો ત્યાગ કરીને તુરત જ નાશી જાય છે. રાજા વીર હોય, પરંતુ તેના સીપાઇઓ ભીરુ (બીકણ) હોય તો સંગ્રામમાં તેઓ રાજાનો ત્યાગ કરે છે. ૩૨

लुब्धस्यासंविभागित्वान्न युध्यन्तेऽनुजीविनः ।
लुब्धानुजीवी तैरेव दानभिन्नैर्निहन्यते ॥ ३३ ॥

લોભી રાજા પોતાના સેવકોની આજીવિકા ચલાવતો નથી, તેથી તેના સેવકો યુદ્ધને સમયે યુદ્ધ કરતા નથી અને વિજિગીષુ રાજા તેના સેવકોને ધન આપીને ફોડે છે, તેથી તેઓ જ પોતાના લોભી રાજાને મારી નાંખે છે. ૩૩

मन्त्यज्यते प्रकृतिभिर्विरक्तप्रकृतिर्युधि ।
सुखाभियोगो भवति विषयेष्वतिसक्तिमान् ॥ ३४ ॥

જે રાજાનું પ્રકૃતિમંડલ (મંત્રી વગેરે) પોતાના રાજા ઉપર ઉદાસ થયું હોય, તે પ્રકૃતિમંડલ યુદ્ધ સમયે રાજાનો ત્યાગ કરે છે તથા જે

રાજા સ્ત્રીસેવા, મદિરાપાન વગેરે વિષયોમાં અતિ આસક્ત હોય છે, તેના ઉપર સુખેથી ચઢાઈ કરી શકાય છે. ૩૪

अनेकचित्तमन्त्रश्च द्वेष्यो भवति मन्त्रिणाम् ।
अनवस्थितचित्तत्वात् कार्ये तैः समुपेक्ष्यते ॥ ३५ ॥

જે રાજાનું મન તથા વિચારો અસ્થિર હોય છે, તે રાજાનો તેના મંત્રીઓ દ્વેષ કરે છે અને તેનું ચિત્ત અસ્થિર હોવાથી મંત્રીઓ કાર્ય વખતે તેની દરકાર કરતા નથી, (માટે તેની સાથે પણ સંધિ કરવી નહિ પણ યુદ્ધ કરવું.) ૩૫

सदा धर्मबलीयस्त्वाद् देवब्राह्मणनिन्दकः ।
विशीर्यते स्वयं ह्येव दैवोपहतकस्तथा ॥ ३६ ॥

ધર્મ સદા બળવાન્ છે, તેથી જે રાજા દેવોની તથા બ્રાહ્મણોની નિંદા કરે છે તે પોતાની મેળે જ નાશ પામે છે તથા ભાગ્યહીન રાજા પણ પોતાની મેળે જ નાશ પામે છે, માટે તેની સાથે સંધિ કરવી નહિ. ૩૬

सम्पत्तौ च विपत्तौ च दैवमेव हि कारणम् ।
इति दैवपरो ध्यायन्नात्मना न विचेष्टते ॥ ३७ ॥

જે રાજા દૈવના ઉપર આધાર રાખે છે તે આબાદીમાં તથા સંકટમાં ભાગ્યને જ કારણ માને છે. પરંતુ પોતે જાતે પુરુષાર્થ કરતો નથી, તેવા રાજાની સાથે પણ સંધિ કરવી નહિ. ૩૭

दुर्भिक्षव्यसनी चैव स्वयमेवावसीदति ।
बलव्यसनयुक्तस्य योद्धुं शक्तिर्न विद्यते ॥ ३८ ॥

જે રાજા દુષ્કાળના દુઃખથી પીડાતો હોય, તે જાતે જ અન્નને અભાવે દુઃખી હોય છે. (તે રાજાની સાથે સંધિ કરવી નહિ) તથા

જે રાજાનું સૈન્ય અમુક દુઃખથી દુઃખી હોય, તે રાજામાં યુદ્ધ કરવાની શક્તિ હોતી નથી. (તેવા રાજાની સાથે પણ સંધિ કરવી નહિ.) ૩૮

ભાવાર્થઃ—સેનાનાં દુઃખો ૧૪ મા સર્ગમાં વર્ણવ્યાં છે, ત્યાં આગળ જોઈ લેવાં. ૩૮

अदेशस्थो हि रिपुणा स्वल्पकेनापि हन्यते ।
ग्राहोऽल्पीयानपि जले गजेन्द्रमपि कर्षति ॥ ३९ ॥

રાજા અયોગ્ય દેશમાં એટલે જ્યાં પોતાની સેના પરાક્રમ કરી શકે નહિ તેવા પ્રદેશમાં રહેતો હોય, તે રાજાને નાનો શત્રુ પણ હણી શકે છે. ઝુડ નાનું પ્રાણી છે, પરંતુ તે જળમાં ગજેંદ્રને પણ ખેંચી જાય છે. ૩૯

ग्राहश्चानीरदेशस्थः शुनापि परिभूयते ।
बह्वमित्रस्तु सन्त्रस्तः श्येनमध्ये कपोतवत् ॥ ४० ॥

ઝુડ જમીન ઉપર હોય છે ત્યારે કુતરું પણ તેનો પરાજય કરે છે ને એક હોલો જેમ શકરાઓની વચ્ચે હોય છે ત્યારે ભયભીત થઈ જાય છે, તેમ જે રાજાને ઘણા શત્રુ હોય છે તે રાજા પણ અત્યંત ભયભીત રહે છે. ૪૦

येनैव गच्छति पथा तेनैवाशु विनश्यति ।
अकालयुक्तसैन्यस्तु हन्यते कालयोधिना ॥ ४१ ॥
कौशिकेन हतज्योतिर्निशीथ इव वायसः ।
सत्यधर्मन्यपेतेन न सन्दध्यात् कथञ्चन ॥ ४२ ॥
[सुसंहितोऽप्यसाधुत्वादचिराद् याति विक्रियाम्]

અને તેવો રાજા જે માર્ગેથી જાય છે, તે માર્ગ તેનો નાશ કરવામાં આવે છે, (માટે તેવા રાજાની સાથે પણ સંધિ કરવી નહિ.)

વળી જે રાજાનું સૈન્ય યુદ્ધસમયે તૈયાર ન હોય, તેવા રાજાને પોતાના અનુકૂળ સમયે યુદ્ધ કરનારો રાજા મારી શકે છે. જેમ અર્ધ રાત્રે કાગડો જ્યારે આંધળોભીંત થઈ જાય છે, ત્યારે ઘુડ તેનો નાશ કરી શકે છે. જે રાજા અસત્યવાદી હોય, તેની સાથે પણ કોઈ રીતે સંધિ કરવી નહિ. કારણ કે અધર્મી પુરુષની સાથે સારી રીતે સંધિ કરી હોય તો પણ તે તુરત જ વિકાર પામે છે અર્થાત્ બદલી જાય છે. ૪૧-૪૨

ભાવાર્થ:-રાજા પોતાની શક્તિને અનુકૂળ એવા સમય ઉપર યુદ્ધ કરે છે તો જ જિતે છે. પરંતુ પોતાની શક્તિથી વિરુદ્ધ એવા સમય ઉપર યુદ્ધ કરવા નિકળે છે તો તેનો નાશ થાય છે. જેમ કે ઘુડ દિવસે આંધળું હોય છે, તેથી તે દિવસે કાગડાની સાથે યુદ્ધ કરવામાટે નિકળતું નથી, પરંતુ રાત્રે જ યુદ્ધ કરવાને બહાર પડે છે. આ વાત આ શ્લોકમાં દર્શાવી છે.

સંધિ કરવાયોગ્ય રાજા

सत्यार्यौ धार्मिकानार्यौ भ्रातृसङ्घातवान् बली ।
अनेकविजयी चेति सन्धेयाः सप्त कीर्त्तिताः ॥ ४३ ॥

સત્યવાદી, આર્ય, ધાર્મિક, અનાર્ય, ઘણા ભાઈઓવાળો, બળવાન્ તથા અનેક રાજાનો વિજય કરનાર. આ રીતે સાત રાજાની સાથે સંધિ કરવાનું નીતિશાસ્ત્રમાં કહ્યું છે. ૪૩

सत्योऽनुपालयन् सत्यं सन्धितो नैति विक्रियाम् ।
प्राणबाधेष्वपि व्यक्तमार्यो नायात्यनार्यताम् ॥ ४४ ॥

સત્યવાદી રાજાની સાથે સંધિ કરવાથી તે સત્યનું પાલન કરે છે, પરંતુ વિકાર પામતો નથી (સમય ઉપર બદલી જાતો નથી), તેમજ આર્ય રાજા પણ પ્રાણનો નાશ થાય છે તો પણ અનાર્યપણું સ્વીકારતો નથી અર્થાત્ કરેલી સંધિને તોડતો નથી. ૪૪

धार्मिकस्याभियुक्तस्य सर्व एव हि युध्यते ।
प्रजानुरागाद् धर्माच्च दुःखोच्छेद्यो हि धार्मिकः ॥ ४५ ॥

ન્યાયથી પ્રજાનું પાલન કરનારા ધર્મનિષ્ઠ રાજા ઉપર કોઈ ચઢાઈ કરે છે તો તેવા રાજાને માટે સર્વેય યુદ્ધ કરે છે. ધર્મનિષ્ઠ રાજા ઉપર પ્રજાની પ્રીતિ હોય છે તથા પોતે ધર્માચરણ કરે છે, તેથી તેને સહજમાં ઉખેડી શકાતો નથી. ૪૫

सन्धिः कार्यो ह्यनार्येण स प्रायः सादयन् द्विषः ।
रेणुकायाः सुत इव मूलेष्वपि न तिष्ठति ॥ ४६ ॥

અનાર્ય એટલે અયોગ્ય (ક્રૂર) કર્મ કરનારા રાજાની સાથે પણ સંધિ કરવી. કારણ કે તેવા રાજાની સાથે સંધિ કરવામાં ન આવે તો તે રેણુકાના પુત્ર પરશુરામની પેઠે ઘણુંકરીને શત્રુનો મૂળ સાથે સંહાર કરી નાંખે છે. ૪૬

ભાવાર્થઃ-જમદગ્નિ નામના મહર્ષિને રેણુકા નામની સ્ત્રીથી પરશુરામ નામના પુત્ર થયા હતા. એક સમયે પરશુરામ બહારગામ ગયા હતા. તે સમયે કાર્તવીર્ય નામનો રાજા જમદગ્નિના આશ્રમમાં આવ્યો, એટલે જમદગ્નિએ તે રાજાનો અને તેનાં મનુષ્યોનો અતિથિસત્કાર કર્યો. વનમાં રહેનારા એક મુનિએ પોતાનો અત્યંત આદરસત્કાર કર્યો તે જોઇને રાજા આશ્ચર્ય પામ્યો અને તપાસ કરતાં જણાયું કે, આ મુનિની પાસે એક કામદુધા ગાય છે તે ઋષિને સર્વ પદાર્થો પૂરા પાડે છે. તે સાંભળીને રાજા તે કામદુધાને પોતાના નગરમાં લઈ જવા લાગ્યો. ઋષિએ રાજાને ગાય લઈ જતાં અટકાવ્યો. તે ઉપરથી રાજા જમદગ્નિને મારી નાંખી, ગાય લઇને પોતાના નગર તરફ ગયો. તે પછી પરશુરામ આવ્યા અને તેણે, જોયું તો કાર્તવીર્યે પોતાના પિતાને મારી નાંખેલા દીઠા. તે ઉપરથી તેણે કાર્તવીર્યને મારી નાંખ્યો અને તે પછી નિરપરાધી એવા સર્વે ક્ષત્રિયોનો પણ નાશ કર્યો. આ રીતે ક્રૂર કર્મ કરવા ઉપરથી પરશુરામને અનાર્ય કહેવામાં આવ્યા

છે. આવા અનાર્ય રાજાની સાથે સંપૂર્ણ રીતે સંધિ કરવી, નહિતર તે આખા કુળનો સંહાર કરી નાંખે છે. ૪૬

सङ्घातवान् यथा वेणुर्निबिडः कण्टकैर्वृतः ।
न शक्यते समुच्छेत्तुं भ्रातृसङ्घातवांस्तथा ॥ ४७ ॥

જેમ કાંટાઓથી વિંટાયલા તથા મૂળના ભાગમાં ઘણા જથ્થાવાળા એવા ઘાટા વાંસને ઉખેડી શકાતો નથી, તેમ જ ભાઇઓના જથ્થાવાળા રાજાને પણ રાજ્યના પદ ઉપરથી ઉખેડી શકાતો નથી. (માટે તેની સાથે પણ સંધિ કરવી). ૪૭

समाक्रान्तस्य बलिना सर्वयत्नवतोऽपि हि ।
हरिणस्येव सिंहेन शरणं नैव विद्यते ॥ ४८ ॥

બળવાન્ સિંહ હરિણના ઉપર ચઢાઈ કરે છે ત્યારે હરિણ સર્વ પ્રકારનો પ્રયત્ન કરે છે તો પણ તેને આશ્રય મળતો જ નથી. તેમ ત્રણ પ્રકારની શક્તિવાળો બળવાન્ રાજા ચઢાઈ કરીને સપડાવ્યા પછી રાજા સર્વ પ્રકારના પ્રયત્નો કરે છે તો પણ તેને શરણ (આશ્રય) મળતું જ નથી. ૪૮

ईषदायच्छमानोऽपि सिंहो मत्तानपि द्विपान् ।
निहन्ति बलवांस्तस्मात् सन्धेयः शिवमिच्छता ॥ ४९ ॥

બળવાન્ સિંહ જરા પણ પ્રયત્ન કરે છે તો તે મદમત્ત હાથીઓને પણ મારી નાંખે છે. તે માટે કલ્યાણની ઇચ્છા રાખનારા રાજાએ બળવાન્ રાજાની સાથે સંધિ કરવી. ૪૯

बलिना सह योद्धव्यमिति नास्ति निदर्शनम् ।
प्रतिवातं नहि घनः कदाचिदपि सर्पति ॥ ५० ॥

બળવાનની સાથે યુદ્ધ કરવું, આવું કંઈ શાસ્ત્રનું પ્રમાણ નથી. મેઘ કોઈ પણ દિવસ પવનની સામે થતો નથી. ૫૦

बलीयसि प्रणमतां काले विक्रामतामपि ।
सम्पदो नापगच्छन्ति प्रतीपमिव निम्नगाः ॥ ५१ ॥

જે રાજાઓ બળવાનની આગળ નમી જાય છે અને પોતાનો વખત આવે ત્યારે પરાક્રમ પણ કરે છે, તો નદી જેમ પાછી ફરતી નથી તેમ તેવા રાજાઓની સંપત્તિઓ નાશ પામતી નથી. ૫૧

जमदग्नेः सुतस्येव सर्वः सर्वत्र सर्वदा ।
अनेकयुद्धजयिनः प्रतापादेव भिद्यते ॥ ५२ ॥

જમદગ્નિના પુત્ર પરશુરામની પેઠે જે રાજા અનેક યુદ્ધમાં વિજય કરે છે, તેવા રાજાના પ્રતાપથી જ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પંક્તિના સર્વે રાજાઓ, જેઓ કિલ્લામાં વસતા હોય તે તથા જેઓ ખુલ્લા પ્રદેશમાં વસતા હોય તેઓ સર્વદા ડરી જાય છે. ૫૨

ભાવાર્થઃ—પરશુરામે કાર્તવીર્યની સાથે યુદ્ધ કરીને તેને મારી નાંખ્યો અને તે પછી ક્રોધને લીધે એકવીસ વાર ક્ષત્રિયોની સાથે યુદ્ધ કર્યું અને તે સર્વ યુદ્ધોમાં તેણે વિજય કર્યો હતો, તેથી અનેક યુદ્ધમાં વિજય કરનારા રાજાને પરશુરામની ઉપમા આપી છે. જે રાજા પરશુરામના જેવો અનેક યુદ્ધમાં વિજયી હોય, તેના પ્રતાપથી જ બીજા રાજાઓ વશ થાય છે. ૫૨

अनेकयुद्धविजयी सन्धानं यस्य गच्छति ।
तत्प्रतापेन तस्याशु वशं गच्छन्ति विद्विषः ॥ ५३ ॥

જે રાજાએ અનેક યુદ્ધમાં વિજય કર્યો હોય છે, તે રાજા જેની સાથે સંધ કરે છે, તે રાજાના પ્રતાપથી તેના શત્રુઓ ઝટ તેના વશ થાય છે. ૫૩

न जातु गच्छेद् विश्वासं संहितोऽपि हि बुद्धिमान् ।
अद्रोहे समयं कृत्वा वृत्रमिन्द्रः पुरावधीत् ॥ ५४ ॥

બુદ્ધિમાન્ મનુષ્યે સંધિ કર્યા પછી પણ કોઈ દિવસ શત્રુનો વિશ્વાસ

કરવો નહિ. પૂર્વે ઇંદ્રે વૃત્રાસુરની સાથે 'આપણે પરસ્પર દ્રોહ કરવો નહિ' આવી સલાહ કરી હતી, છતાં તેણે વૃત્રને મારી નાંખ્યો હતો. ૫૪

ભાવાર્થઃ—ત્વષ્ટાનો પુત્ર ત્રિશિરા અસુરોનો ભાણેજ હતો. તેથી તે અસુરોને સહાયતા કર્યા કરતો હતો. તે વાત ઇંદ્રના જાણવામાં આવવાથી તેણે ત્રિશિરાને મારી નાંખ્યો. તે ઉપરથી તેના પિતા વિશ્વકર્માને કોપ ચઢ્યો અને તેણે ઇંદ્રને મારવામાટે વૃત્ર નામના એક બળવાન્ અસુરને ઉત્પન્ન કર્યો. આ અસુરે ઇંદ્રના ઉપર ઘણી ચઢાઇઓ કરીને ઇંદ્રને હરાવ્યો. તે ઉપરથી ઇન્દ્રે એક દિવસે વૃત્રની ભેટ લીધી અને સોગન ખાઇને એવો ઠરાવ કર્યો કે; હવેથી આપણે પરસ્પર યુદ્ધ કરવું નહિ. વૃત્રાસુરને ઇંદ્રના બોલવા ઉપર વિશ્વાસ આવ્યો અને તેણે ઇંદ્રની સાથે લઢવું છોડી દીધું. ઇંદ્રે વિચાર કર્યો કે; આ વૃત્રાસુર કંઈ મારા વજ્રથી મરે તેવો નથી, તેથી તે દધીચિ ઋષિની પાસે ગયો અને તેનાં હાંડકાં માગી, તેનું વજ્ર બનાવીને તેનાથી વૃત્રાસુરને મારી નાંખ્યો. ૫૪

विकारं याति पुत्रोऽपि राज्यालीढस्तथा पिता ।
तल्लोकवृत्तान्नृपतेरन्यद् वृत्तं प्रचक्षते ॥ ५५ ॥

રાજ્ય મળવાથી પુત્ર તથા પિતા બન્નેને વિકાર થાય છે. માટે લોકના ચરિત્ર કરતાં રાજ્યચરિત્ર ભિન્ન છે, આમ નીતિશાસ્ત્રવેત્તાઓ કહે છે. ૫૫

ભાવાર્થઃ—રાજ્યલક્ષ્મી મળ્યા પછી પુરુષના ચરિત્રમાં તુરત ફેરફાર થાય છે. પુત્રને રાજ્ય મળે છે તો તે પોતાના પિતાને તુચ્છ માને છે, અને પંડે મહા-અભિમાની થઈ પડે છે. તે પ્રમાણે જ પિતાને રાજ્ય મળે છે તો તે પોતાના પુત્રને સામાન્ય સમજે છે, એટલું જ નહિ પરંતુ પુત્ર રાજ્યને માટે પોતાના પિતાને મારી નાંખે છે અને પિતા રાજ્યને માટે પુત્રને મારી નાંખે છે. આવો રાજાઓનો વ્યવહાર છે. માટે લોકનાં ચરિત્ર કરતાં રાજાનું ચરિત્ર ભિન્ન છે, એમ નીતિશાસ્ત્રવેત્તાઓ કહે છે. ૫૫

अभियुक्तो बलवता तिष्ठन् दुर्गे प्रयत्नवान् ।
तद्बलीयस्तराह्वानं कुर्वीतात्मविमुक्तये ॥ ५६ ॥

પોતાના ઉપર બળવાન્ રાજા ચઢાઈ કરે, તે વખતે રાજાએ કિલ્લામાં ભરાઈ રહેવું, કિલ્લાની રક્ષા કરવા માટે પ્રયત્ન કરવો અને પોતાના છૂટકારા માટે તેના કરતાં બળવાન્ રાજાને બોલાવવો. ૫૬

ભાવાર્થઃ—ચઢાઈ કરનારા રાજા ત્રણ પ્રકારના હોય છે. એક પોતાના કરતાં અધિક બળવાન્, બીજો મધ્યમ બળવાન્ અને ત્રીજો કનિષ્ઠ બળવાન્. જે રાજા મંત્રશક્તિ, પ્રભાવશક્તિ તથા ઉત્સાહશક્તિથી પોતાના કરતાં ચઢિયાતો હોય, તે રાજા મોટો કહેવાય છે. જે રાજાની ઉપર કહેલી ત્રણે શક્તિ પોતાના સમાન હોય તે મધ્યમ કહેવાય છે અને પોતાથી ઉતરતી શક્તિવાળો રાજા હીન કહેવાય છે. જો પોતાના કરતાં મોટો રાજા ચઢાઈ કરીને આવે અને સંધિ (કોલકરાર) કરવાની ના કહે તો રાજાએ કિલ્લાનો આશ્રય કરવો, પોતાના કિલ્લાની રક્ષા કરવા માટે પ્રયત્ન કરવો અને ચઢાઈ કરી આવેલા રાજાના કરતાં બળવાન્ બીજા રાજાને પોતાની સહાયતા માટે બોલાવીને પોતાનો છૂટકારો કરવો. ૫૬

स्वशक्त्युत्साहमुद्वीक्ष्य विगृह्णीयान्महत्तरम् ।
केसरीव द्विपमिति भरद्वाजः प्रभाषते ॥ ५७ ॥

(જો બળવાન્ રાજાનો આશ્રય મળે નહિ તો) કેસરી સિંહ જેમ હાથીની સાથે યુદ્ધ કરે છે તેમ પોતાની શક્તિ તથા પોતાનો ઉત્સાહ જોઈને બળવાન્ રાજાની સાથે પણ યુદ્ધ કરવું, આમ ભરદ્વાજ કહે છે. ૫૭

ભાવાર્થઃ—બળવાન્ રાજા ચઢી આવે તો તેના પંઝામાંથી છૂટવા માટે બળવાન્ રાજાનો આશ્રય કરવાની વાત કહી. પરંતુ બળવાન્ રાજાનો આશ્રય મળે નહિ તો પછી સિંહ હાથીના જેવો મોટો હોતો નથી પરંતુ તેનામાં ઉત્સાહશક્તિ હોય છે તેથી તે જેમ હાથીની સામે લઢે છે, તેમ રાજાએ

પોતાની શક્તિ તથા ઉત્સાહના પ્રમાણમાં કિલ્લામાંથી બાહાર નિકળીને બળવાન્ રાજાની સામે યુદ્ધ કરવું. આ શ્લોકનો તાત્પર્ય એ છે કે, નિરુપાયે નિર્બળ રાજાને પણ બળવાન્ રાજાની સામે યુદ્ધ કરવું પડે છે. ૫૭

एकोऽपि सिंहः साहस्रं यूथं मथ्नाति दन्तिनाम् ।
तस्मात् सिंहमिवोदारमात्मानं वीक्ष्य सम्पतेत् ॥ ५८ ॥

સિંહ એકલો હોય છે, તો પણ હાથીઓના હજારો ટોળાનો નાશ કરે છે; તે માટે પોતાના આત્માને સિંહની પેઠે પરાક્રમી જોઈને યુદ્ધ કરવામાટે નિકળવું. ૫૮

ज्यायांसमल्पसैन्यस्य बलाद् विक्रम्य निघ्नतः ।
प्रतापसिद्धाः सर्वत्र भवन्ति रिपवो वशे ॥ ५९ ॥

એક રાજા થોડાં સૈન્યવાળો હોય, તો પણ તે જો બળ વાપરીને પોતાના કરતાં અધિક બળવાન્ રાજાનો નાશ કરે છે તો તેના સર્વે શત્રુઓ સર્વ ઠેકાણે તેના પ્રતાપથી તેને વશ થાય છે. ૫૯

सन्धिमिच्छेत् समेनापि सन्दिग्धो विजयो युधि ।
नहि संशयितं कुर्यादित्युवाच बृहस्पतिः ॥ ६० ॥

સમાન બળવાળા રાજાની સાથે પણ સંધિ કરવી. કારણ કે યુદ્ધમાં વિજય થવો, એ સંદેહ ભરેલી વાત છે. બૃહસ્પતિ કહે છે કે; સંદેહવાળું કર્મ કરવું નહિ. ૬૦

आ सम्पवृद्धेरभिवृद्धिकामः समेन सन्धानमिवोपगच्छेत् ।
अपक्वयोर्वा घटयोरवश्यमन्योन्यभेदी समसन्निपातः ॥६१॥

પોતાની અભિવૃદ્ધિની ઇચ્છાવાળા વિજિગીષુ રાજાએ પોતાની સંપૂર્ણ વૃદ્ધિ થાય, ત્યાં સૂધી આ જગતમાં સમાન બળવાળા રાજાની સાથે સંધિ હોય તેમ વર્તવું. કારણ કે બે ઘડા કાચા હોય તે જો

પરસ્પર સરખી રીતે ભટકાય છે તો તે બન્ને અન્યોન્યને ફોડી નાંખે છે (તેમ જ સમાન બળવાળા રાજા પણ પરસ્પર યુદ્ધ કરે છે તો તેથી બન્નેનો નાશ થાય છે.) ૬૧

युद्धे विनाशो नियतः कदाचिदुभयोरपि ।
सुन्दोपसुन्दावन्योन्यं समवीर्यौ हतौ न किम् ॥ ६२ ॥

સમાન બળવાન્ પરસ્પર યુદ્ધ કરે છે તો તે યુદ્ધમાં તે બન્નેનો પણ કદાચિત્ અવશ્ય નાશ થાય છે. સુંદ તથા ઉપસુંદ બન્ને સરખા બળવાન્ હતા, છતાં તે બન્નેનો શું નાશ થયો ન હતો? ૬૨

ભાવાર્થઃ–સમાન બળવાળા રાજા પરસ્પર યુદ્ધ કરે છે. તેમાં કદાચિત્ બન્નેનો પણ નાશ થાય છે. તેને માટે સુંદ તથા ઉપસુંદ એક દૃષ્ટાંતરૂપ છે. ઉપલા નામના બે અસુર ભાઇઓ હતા. તેઓએ વિંધ્યાચલ ઉપર જઈ તપ કરીને બ્રહ્માને પ્રસન્ન કર્યા. તે ઉપરથી બ્રહ્માએ તેને વર માગવાનું કહ્યું. એટલે તે બન્નેએ માગ્યું કે; મહારાજ! અમને કોઈ પણ મારી ન શકે તેવો વર આપો. બ્રહ્માએ તથાસ્તુ કહીને તેઓને અવધ્ય બનાવ્યા. તે પછી તેઓ આખા જગતને રંજાડવા લાગ્યા. તે ઉપરથી દેવતાઓ બ્રહ્માની પાસે ગયા, અને તે બન્ને રાક્ષસ દુઃખ દેતા હતા, તે વિશે કથા કહી એટલે બ્રહ્માની આજ્ઞાથી પ્રજાપતિએ તિલોત્તમા નામની એક રૂપ તથા યૌવનવતી અપ્સરા ઉત્પન્ન કરીને તે અસુરના આશ્રમમાં મોકલી. તે અપ્સરાને જોઇને બન્ને ભાઇઓ, તેના ઉપર મોહ પામ્યા અને તે અપ્સરાને મેળવવા માટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા, જેમાં તે બન્ને ભાઇઓ નાશ પામ્યા. ૬૨

विहीनोऽपि हि सन्धेयो व्यसने रिपुरागतः ।
पतन् दुनोति हिमवत्तोयबिन्दुरिव क्षते ॥ ६३ ॥

વિજિગીષુ રાજા દૈવી અથવા તો માનુષી સંકટમાં આવી પડ્યો હોય, તે સમયે પોતાના કરતાં હીન શક્તિવાળો રાજા યુદ્ધ કરવાને ચઢી આવ્યો હોય તો તેની સાથે પણ સંધિ કરવી. કારણ કે શરી-

રના ક્ષત (ઘારા)માં થંડા જળનું બિંદુ પણ જો પડે છે તો તે મનમાં દુઃખ ઉપજાવે છે. ૬૩

ભાવાર્થઃ–શરીરમાં એક ઘારું પડ્યું હોય તેના ઉપર જો થંડા પાણીનું ટીપું પણ પડે છે તો તેથી વેદના થાય છે. તેમ જ નિર્બળ રાજા પણ જો સંકટ વેળાએ ચઢાઈ કરે છે તો તેથી દુઃખ થાય છે. માટે સંકટના સમયમાં બળવાન્ રાજાએ પણ નિર્બળ રાજાની સાથે સંધિ કરવી યોગ્ય છે. ૬૩

न सन्धिमिच्छेद्धीनश्चेत् तत्र हेतुरसंशयः ।
तस्य विस्रम्भमालक्ष्य प्रहरेत् तत्र निःस्पृहः ॥ ६४ ॥

નિર્બળ રાજા સંધિ કરવાની ઇચ્છા ન રાખતો હોય અને યુદ્ધને માટે તેનો હેતુ ખરો જણાતો હોય, તો તેની ઇચ્છાને જાણી લઈને સંધિની ઇચ્છા નહિ કરતાં તેની સાથે યુદ્ધ કરવું. ૬૪

ભાવાર્થઃ–ઉપાધ્યાય નિરપેક્ષા નામની ટીકામાં આ શ્લોકનો અર્થ આ પ્રમાણે કર્યો છે. બળહીન રાજા સંધિ ન કરે તો તેમાં ખરેખર કંઈ પણ કારણ છે એમ જાણવું. તે પછી તેની સાથે સામ, દાન વગેરેના ઉપાયોથી તેને વિશ્વાસુ બનાવવો અને તેના વિશ્વાસને સ્થિર કર્યા પછી અતિ નિષ્ઠુરતાથી તેનો નાશ કરવો. આ શ્લોકના ચોથા ચરણમાં આ ટીકાકાર આ પ્રમાણે પાઠ સ્વીકારે છે. 'प्रहरेदतिनिष्ठुरम्' અને તેને અનુસરતો અર્થ કરે છે. જયમંગલાકારનો પાઠ 'प्रहरेत्तत्र निःस्पृहः' એવો છે અને 'तत्र संधौ निःस्पृहः' એમ ટીકા કરે છે. જયમંગલાકાર तत्र विश्रंभमालक्ष्य એ ચરણની ટીકા કરતાં કહે છે કે; 'अभियोगस्थैर्यमालक्ष्य' એટલે કે ચઢાઇનો દૃઢ વિચાર જાણીને. ૬૪

बलीयसाभिसन्धाय तं प्रविश्य प्रयत्नवान् ।
तथासावुपगन्तव्यो यथा विस्रम्भमाप्नुयात् ॥ ६५ ॥

બળવાન્ રાજાની સાથે સંધિ કરીને તેનું પ્રિય તથા હિત કરવું; અને તેની પ્રયત્નથી એવી તો સેવા કરવી કે, જે પ્રમાણે તે રાજા વિશ્વાસુ બને. ૬૫

ભાવાર્થઃ—રાજા વિશ્વાસુ થયા પછી વિજિગીષુ રાજાએ તેનો નાશ કરવો. ૬૫

विस्रम्भे नित्यमुद्युक्तो निगूढाकारचेष्टितः ।
प्रियाण्येवाभिभाषेत यत् कार्यं कार्यमेव तत् ॥ ६६ ॥

રાજાને વિશ્વાસુ કરવામાટે નિત્ય પ્રયત્ન કર્યા કરવો, પોતાનો અભિપ્રાય તથા કર્મ છૂપાં રાખવાં, રાજાની પાસે તમારો જય થાવ, તમે સો વર્ષના થાવ, એવાં પ્રિય વચનો કહેવાં તથા તે રાજાનો નાશ કરવારૂપી જે કાર્ય પોતાને કરવાનું હોય, તે છૂપી રીતે આરંભી જ દેવું. ૬૬

विस्रम्भात् प्रियतामेति विस्रम्भात् कार्यमिच्छति ।
विस्रम्भेण हि देवेन्द्रो दितेर्गर्भमपातयत् ॥ ६७ ॥

પુરુષ સામા મનુષ્યને વિશ્વાસ બેસાડવાથી તેનો પ્રિય થઈ પડે છે, તથા સામા મનુષ્યને વિશ્વાસ બેસાડવાથી તેની પાસેથી કાર્ય સાધી શકે છે. કારણ કે દેવેંદ્રે (ઇંદ્રે) દૈત્યોની માતા દિતિને વિશ્વાસુ બનાવીને તેના ગર્ભનો નાશ કર્યો હતો. ૬૭

ભાવાર્થઃ—પૂર્વે દેવતા અને દૈત્યોની વચ્ચે ઘણાં વર્ષો સૂધી યુદ્ધો થયાં, તેમાં દેવોએ દિતિના અનેક પુત્રોને મારી નાંખ્યા હતા. તે ઉપરથી દિતિએ શોકસંતપ્ત થઇને કશ્યપની સેવા કરવા માંડી. કશ્યપે તેની સેવાથી પ્રસન્ન થઇને તેને વર માગવાનું કહ્યું. એટલે દિતિએ તેની પાસે યાચના કરી કે; પ્રાણનાથ ! મને એવો પુત્ર આપો કે, જે પુત્ર ઇંદ્રનો નાશ કરે. કશ્યપે કહ્યું કે, તું જો સો વર્ષ સૂધી પવિત્ર થઇને ગર્ભ ધારણ કરીશ તો તને, ઇંદ્રને મારે તેવો પુત્ર થશે. દિતિએ ગર્ભ ધારણ કર્યો અને તે ગર્ભની રક્ષા કરવામાટે કશ્યપના કહેવા પ્રમાણે વ્રત કરવા લાગી. તે સમયે ઇંદ્રે પોતાની માસીની સેવા કરવાનું માથે લીધું અને નિત્ય તેની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યો, તેથી તેની માસીનો તેના ઉપર વિશ્વાસ બેઠો. તે પછી એક દિવસે દિતિ સાયંકાળે હાથ પગ ધોયા વગર શય્યામાં સુતાં હતાં. તે જોઇને ઇંદ્રે યોગના બળથી તેના પેટમાં પ્રવેશ કરી, વજ્ર મારીને તેના ગર્ભના સાત

કટકા કરી નાંખ્યા; અને તે પ્રત્યેકના સાત સાત કટકા કર્યા. આ રીતે દિતિને વિશ્વાસુ બનાવીને તેના ગર્ભનો નાશ કર્યો હતો. જે ગર્ભના સાત ટુકડા કર્યા હતા, તે ગર્ભે ઇંદ્રની પ્રાર્થના કરી કે તું મને બચાવ, અમે તારા પક્ષમાં રહીશું. તે ઉપરથી ઇંદ્રે તે ગર્ભનો સર્વથા નાશ કર્યો નહિ અને તેઓ ઓગણપચાસ વાયુ થયા. ૬૭

સંધિ નહિ ઇચ્છનારા રાજાને શિથિલ કરવાના ઉપાય

युवराजेन सन्धाय प्रधानपुरुषेण वा ।
अन्तः प्रकोपं जनयेदभियोक्तुं स्थिरात्मनः ॥ ६८ ॥

ચઢાઈ કરનારો રાજા ચઢાઈ કરવામાટે સ્થિર મનનો હોય અને પોતામાં શક્તિ ન હોય તો રાજાએ ચઢાઈ કરનારા રાજાના યુવરાજની સાથે અથવા તો તેના મંત્રી, અમાત્ય, પુરોહિત કે સેનાપતિમાંના કોઈ પ્રધાન પુરુષની સાથે સંધિ (સલાહ) કરીને તેઓમાં અંદર અંદરમાં વિરોધ ઉભો કરવો. ૬૮

ભાવાર્થ:–રાજામાં પોતામાં ઉત્સાહશક્તિ હોય નહિ, અને શત્રુ રાજા સંધિ કરવાની ના પાડતો હોય તો, રાજાએ ચઢી આવનારા રાજાના યુવરાજની સાથે અથવા તો તે રાજાના મંત્રી વગેરે કોઈ પ્રધાન પુરુષની સાથે સંધિ કરીને તેઓની અંદર લડાઈ કરાવવી, કે જેથી કલેશને લીધે શત્રુ રાજા ચઢાઈ કરવાનો પ્રયત્ન છોડી દે. આ એક ઉપાય કહ્યો છે અને આવા બીજા ઉપાયો હવે પછીના શ્લોકોમાં કહેશે. ૬૮

अर्थोत्सर्गेण महता लेखैश्चाप्यर्थसंहितैः ।
प्रधानपुरुषस्येह प्रकुर्वीतार्थदूषणम् ॥ ६९ ॥

ઘણું ધન આપીને તથા ઘણા અર્થોથી ભરપૂર એવા લેખ લખીને યુવરાજના ઉપર તથા મંત્રી વગેરે રાજ્યના પ્રધાન પુરુષોના ઉપર રાજ્યનું ધન ખાઈ જવાના આરોપો મૂકવા, કે જેથી ચઢાઈ કરનારો રાજા ચઢાઈ કરવી બંધ કરી દે. ૬૯

ભાવાર્થ:–રાજાને પુષ્કળ ધન આપવાથી રાજા ચઢાઈ કરવી બંધ કરે છે અથવા તો તેના રાજકુમાર કે મંત્રી વગેરેના દોષોને દેખાડનારા ખોટા કાગળો રાજાના ઉપર લખવા, જે કાગળો વાંચીને તે શંકામાં પડી જાય અને ચઢાઈ કરતો બંધ પડે. ૬૯

दूषिते हि महामात्रे रिपुरुग्रोऽपि धीमता ।
स्वपक्षे यात्यविश्वासमित्थंभूतश्च निष्क्रियः ॥ ७० ॥

બુદ્ધિમાન્ વિજિગીષુ રાજાએ ચઢાઈ કરનારા રાજાના મંત્રી, સેનાપતિ વગેરે મહાપુરુષ ઉપર દોષારોપ કરવો, કે જેથી ભયંકર શત્રુ રાજાને પણ પોતાના પક્ષ ઉપર અવિશ્વાસ થાય છે અને પોતાના પક્ષ ઉપરથી વિશ્વાસ ઉઠી જવાથી તે ચઢાઈ કરતો નથી. ૭૦

अरेरमात्यान् सन्धाय तदारम्भं शमं नयेत् ।
भिषग्भेदेन वा शत्रुं रसदानेन शातयेत् ॥ ७१ ॥

શત્રુ સંધિ કરવાની ઇચ્છા રાખતો ન હોય તો શત્રુના અમાત્યોની સાથે સંધિ કરવી અને શત્રુએ કરેલા ચઢાઇના આરંભને શાંત કરી દેવો. અથવા તો શત્રુનો ઉપચાર કરનારા વૈદ્યને ફોડીને વશ કરવો, ને તેના દ્વારા શત્રુને ઝેર ખવરાવીને મારી નંખાવવો. ૭૧

अरेः सर्वप्रयत्नेन पश्चात् कोपं प्रकल्पयेत् ।
पश्चात् कोपमथानिष्टमनुसृत्य प्रधर्षयेत् ॥ ७२ ॥

અથવા તો સંપૂર્ણ રીતે પોતાના મિત્રની સાથે એટલે પોતાના શત્રુને તેના પડોસી શત્રુ રાજા સાથે લડાવવો અને તેની સાથે શત્રુ યુદ્ધ કરવા માંડે, તે સમયે શત્રુની પાછળ ધસી જઇને તેનો નાશ કરવો. ૭૨

तद्देशकृतसंवासैश्चारैर्नैमित्तिकैरपि ।
उपोढव्यसनादेशं कारयेत् सिद्धलक्षणैः ॥ ७३ ॥

અથવા તો શત્રુના દેશમાં વસનારા નક્ષત્રો જોઇને તથા શકુનો જોઇને ભવિષ્ય કહેનારા અને સિદ્ધોનો વેશ ધારણ કરનારા પોતાના છૂપા દૂતોદ્વારા ચઢી આવનારા રાજાને કહેવરાવવું કે, તારા દેશ ઉપર મોટી આપત્તિ આવશે (તે ઉપરથી રાજા પોતાની ચઢાઈ બંધ કરે છે.) ૭૩

क्षयव्ययायासवधादिदोषव्यपेक्षयान्वीक्षितसाधुकृत्यः ।
कामं तु पीडामपि काञ्चिदिच्छेन्न विग्रहं तत्प्रभवा हि दोषाः ॥७४॥

તે સમયે આ કાર્ય કરવું સારું છે; આ રીતે વિચાર કર્યા પછી શત્રુએ કરેલી ચઢાઇથી થોડીક પીડા ઇચ્છાપૂર્વક સહન કરવી; પરંતુ તેની સાથે વિગ્રહ (યુદ્ધ) કરવો નહિ; કારણ કે વિગ્રહ કરવાથી આ પ્રમાણે દોષો ઉપજે છેઃ—એક તો મનુષ્યોનો તથા વાહનાદિકનો નાશ થાય છે, સુવર્ણ, ધાન્ય વગેરેનો ક્ષય થાય છે, શરીરને પરિશ્રમ પડે છે અને પોતાનું મરણ થવાથી મિત્ર, સ્ત્રી વગેરેનો પોતાને વિયોગ થાય છે. ૭૪

कलत्रमात्मा सुहृदो धनानि वृथा भवन्तीह निमेषमात्रात् ।
मुहुर्मुहुश्चाकुलितानि तानि तस्मान्न विद्वानतिविग्रही स्यात् ॥७५॥

સ્ત્રી, પોતાનું શરીર, સ્નેહીઓ અને ધન આ સર્વ મટકું મારવા માત્રમાં નિષ્ફળ થઈ પડે છે અને તેઓ દુઃખને લીધે વારંવાર વ્યાકુળ થાય છે. તે માટે વિદ્વાન્ પુરુષે અતિવિગ્રહ કરવો નહિ. ૭૫

सुहृद्धनं तथा राज्यमात्मानं कीर्त्तिमेव च ।
इति सन्देहदोलास्थं को हि कुर्यादबालिशः ॥ ७६ ॥

યુદ્ધ કરનારા પુરુષના સ્નેહીજનો, ધન, રાજ્ય, શરીર અને કીર્તિ આ સર્વ સંદેહરૂપી હીંચોળામાં હીંચકા ખાધા કરે છે અર્થાત્ તે સર્વ રહેશે કે નહિ રહે, એમ થઈ પડે છે. માટે કયો સમજુ પુરુષ યુદ્ધ કરે? ૭૬

सान्त्वा प्रदानेन विभेदनेन सन्धापयेत् साध्वभियुज्यमानः ।
सन्धित्सुरारात् समसैन्यचक्रं सामन्तमायान्तमपेतसन्धिम् ॥ ७७ ॥
स्वगुप्तिमाधाय सुसंहतेन बलेन धीरो विचरन्नरातिम् ।
सन्तापयेद् येन सुसम्प्रतप्तस्तप्तेन सन्धानमुपैति तप्तः ॥ ७८ ॥

પોતાનો પડોસી શત્રુ પોતાના ઉપર ચઢાઈ કરીને આવ્યો હોય અને તેને તુરત જ સંધિ કરવાની ઇચ્છા થાય તો પોતાના સમાન સૈન્ય સમૂહવાળા તેવા શત્રુની સાથે સામથી, દાનથી અથવા તો ભેદથી સંધિ કરવી. પરંતુ ચઢી આવેલા શત્રુને જો સંધિ કરવાની ઇચ્છા ન હોય તો વિજિગીષુ રાજાએ સારી રીતે પોતાનાં દૃઢ સૈન્યવડે પોતાની રક્ષા કરવી તથા ધીરજથી ચોતરફ ફરી વળીને શત્રુને સારી રીતે સંતાપવો; કે જેથી અત્યંત સંતાપ પામેલો શત્રુ સંધિ કરે છે. કારણ કે તપેલું લોઢું, તપેલા લોઢાની સાથે મળી જાય છે. ૭૭-૭૮

इति स्म सन्धिं खलु सन्धिवित्तमा बभाषिरे पूर्वतना महर्षयः ।
तदेतदेवं विनयेन्नरेश्वरः संवीक्ष्य कार्यं गुरु चेतरद् द्विधा ॥७९॥

આ રીતે પ્રાચીન કાળના મહાન્ સંધિવેત્તા મહર્ષિઓએ સંધિનું વર્ણન કર્યું છે. માટે રાજાએ કાર્યનાં ગૌરવનો (મોટાઇનો) તથા લાઘવનો (સાધારણપણાનો) એમ બન્ને પ્રકારનો સંપૂર્ણ રીતે વિચાર કરીને સંધિની ઇચ્છા ન કરનારા રાજાને ઉપર કહેલી યુક્તિથી શિક્ષા કરવી. ૭૯

'સંધિવિકલ્પ' નામનું પ્રકરણ ૧૪ મું સંપૂર્ણ.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં 'સંધિવિકલ્પ' નામનો સર્ગ ૯ મો સમાપ્ત.

સર્ગ ૧૦ મો–પ્રકરણ ૧૫ મું

વિગ્રહના ભેદો

अमर्षोपगृहीतानां मन्युसन्तप्तचेतसाम् ।
परस्परापकारेण पुंसां भवति विग्रहः ॥ १ ॥

અમર્ષને (અસહનતાને) આધીન થયેલા તથા દુઃખથી જેઓનું ચિત્ત સંતપ્ત થયું હોય એવા પુરુષો પરસ્પરનું ભુંડું કરવામાટે વિગ્રહ (યુદ્ધ) કરે છે. ૧

ભાવાર્થઃ–છ પ્રકારના ઉપાયમાં પ્રથમ ઉપાય સંધિ છે, તેનું વર્ણન કર્યું. હવે વિગ્રહ એટલે યુદ્ધ નામના બીજા ઉપાયનું આ સર્ગમાં વર્ણન કરવામાં આવશે. અમર્ષ એટલે બીજાએ કરેલા પરાભવને સહન ન કરવો તે. કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે;–आरण्योऽग्निरिव हि दुःखामर्षजं तेजो विक्रमयति । દુઃખને લીધે તથા અમર્ષને લીધે થયેલું તેજ અરણ્યના અગ્નિની પેઠે મનુષ્યની પાસે પરાક્રમ કરાવે છે. ૧

आत्मनोऽभ्युदयाकाङ्क्षी पीड्यमानः परेण वा ।
देशकालबलोपेतः प्रारभेतैव विग्रहम् ॥ २ ॥

જેને પોતાના અભ્યુદયની ઇચ્છા હોય અથવા તો જેને શત્રુ પીડા કરતો હોય તેણે દેશ, કાળ તથા બળથી સંપન્ન થઈને યુદ્ધનો આરંભ કરવો. ૨

ભાવાર્થઃ–યુદ્ધ કરવાનાં બે કારણો હોય છે. એક તો પોતાની ઉન્નતિ માટે અથવા તો શત્રુ દુઃખ દેતો હોય તો તેમાંથી છૂટવાને માટે. પરંતુ યુદ્ધ કરનારાએ યુદ્ધ કરતાં પહેલાં પોતાને જ્યાં યુદ્ધ કરવું છે, તે દેશ પોતાને અનુકૂળ છે કે કેમ? તેનો, શરદ્, હેમંત વગેરે કાળનો (સમયનો) તથા પોતાની શક્તિનો પ્રથમ વિચાર કરવો. કારણ કે તે ત્રણે સંપત્તિના ઉપર વિજયનો આધાર હોય છે. ૨

વિગ્રહ થવાનાં કારણ

राज्यस्त्रीस्थानदेशानां ज्ञानस्य च बलस्य च ।
अपहारो मदो मानः पीडा वैषयिकी तथा ॥ ३ ॥
ज्ञानार्थशक्तिधर्माणां विघातो दैवमेव च ।
मित्रार्थं चावमानश्च तथा बन्धुविनाशनम् ॥ ४ ॥
भूतानुग्रहविच्छेदस्तथा मण्डलदूषणम् ।
एकार्थाभिनिवेशित्वमिति विग्रहयोनयः ॥ ५ ॥

૧ રાજ્યનું હરણ, ૨ સ્ત્રીનું હરણ, ૩ સ્થાનનું હરણ, ૪ દેશનું હરણ, ૫ જ્ઞાનનું હરણ, ૬ સૈન્યનું હરણ, ૭ મદ, ૮ માન, ૯ દેશને દુઃખ દેવું, ૧૦ વ્યાવહારિક જ્ઞાનનો, ૧૧ ધનનો, ૧૨ શક્તિનો અને ૧૩ ધર્મનો નાશ થવો, ૧૪ દૈવી આપત્તિમાટે, ૧૫ મિત્રને માટે, ૧૬ અપમાનને માટે, ૧૭ ભાઇઓના વિનાશમાટે, ૧૮ ભૂતો ઉપર દયા કરવામાં વિઘ્ન આવતાં તેને માટે, ૧૯ બાર પ્રકારના રાજમંડળમાં ભેદ ઉપજાવવો તથા ૨૦ એક વસ્તુને માટે બન્નેનો આગ્રહ. આ સર્વ યુદ્ધ થવાનાં કારણ છે. ૩–૫

ભાવાર્થઃ–યુદ્ધ થવાનાં વીસ કારણ છે. એક રાજા બીજા રાજાનું રાજ્ય હરી જાય ત્યારે, એક રાજા કે પુરુષ બીજા રાજાની કે પુરુષની સ્ત્રીને હરી જાય ત્યારે, જેમ રાવણે સીતાનું હરણ કરવાથી રામ તથા રાવણ વચ્ચે યુદ્ધ થયું હતું, સ્થાનનું એટલે કીલ્લો, રાજધાની વગેરેનું હરણ કરવાથી, દેશ એટલે રાષ્ટ્રના એક ભાગનું હરણ કરવાથી, એક મનુષ્ય વિદ્વાન્ હોય તેને મૂર્ખ કહેવો એ તેના જ્ઞાનનું અપહરણ કહેવાય છે. તેવો પ્રસંગ ઉભો થવાથી, સૈન્યના હરણથી, એટલે આખી સેનાને કેદ કરીને લઈ જવાથી, શૌર્યાદિકને લીધે થયેલા મદથી, અભિમાનથી, પોતાના દેશ ઉપર શત્રુ ચઢી આવીને તેને દુઃખ દેવાથી, એક પુરુષ એક ગુરુની પાસે વિદ્યા ભણતો હોય તેના ઉપર ઇર્ષા હોવાથી તેના ગુરુને તેને ભણાવતાં અટકાવવો,

તેનું નામ જ્ઞાનવિઘાત ગણાય છે. જેમ કે દુર્યોધને ઇર્ષાથી દ્રોણાચાર્યને અર્જુનને ભણાવતાં અટકાવ્યા હતા. તેવા જ્ઞાનના વિઘાતથી, અર્થના વિઘાતથી એટલે ભૂમિ, ધન તથા મિત્રરૂપી અર્થના નાશથી, શક્તિના વિઘાતથી એટલે પ્રભુશક્તિ, મંત્રશક્તિ અને ઉત્સાહશક્તિ આ ત્રણ શક્તિનો નાશ કરવાથી, ધર્મનો વિઘાત કરવાથી, પૂર્વ જન્મના શુભાશુભ કર્મને લીધે અર્થાત્ દૈવેને લીધે મિત્રને માટે, પોતાનું અપમાન થવાથી, ભાઇઓને અથવા તો ભાયાતોને શત્રુ મારી નાંખે તે સમયે, તથા એક મનુષ્યે એક પ્રાણી ઉપર દયા કરી હોય તેને બીજો મારવા માટે તયાર થાય ત્યારે, બાર પ્રકારના રાજમંડળમાં ભેદ ઉપજાવવાથી તથા એક જ પદાર્થને લેવામાટે બે જણા તયાર થાય તે વખતે યુદ્ધનો પ્રસંગ ઉભો થાય છે. ૩–૫

राज्यस्त्रीस्थानदेशानां दानेन च दमेन च ।
विग्रहस्य तु युक्तिज्ञैरिति प्रशमनं स्मृतम् ॥ ६ ॥

રાજ્ય, સ્ત્રી, સ્થાન તથા દેશના હરણથી યુદ્ધનો પ્રસંગ ઉભો થાય ત્યારે રાજ્ય, સ્ત્રી, સ્થાન અથવા તો દેશ એમાંથી જે વસ્તુનું હરણ કર્યું હોય, તે વસ્તુ તેને પાછી આપવાથી અથવા તો શત્રુને છૂપી રીતે કે જાહેર રીતે શિક્ષા કરવાથી યુદ્ધ શાંત પડે છે. આ રીતે નીતિનીયુક્તિવેત્તા પુરુષોએ કહ્યું છે. ૬

एतदेव तु विज्ञेयं स्वार्थधर्मविघातजे ।
विषयध्वंसजे शत्रोर्विषयप्रतिपादनम् ॥ ७ ॥

પોતાના અર્થનું એટલે ભૂમિ, ધન વગેરેનું હરણ કરવાથી થયેલાં યુદ્ધની શાંતિને માટે તથા ધર્મના નાશને માટે એટલે સામાજિક નિયમનો ભંગ કરવામાટે થયેલા યુદ્ધની શાંતિને માટે પણ એ જ ઉપાય જાણવો. અર્થાત્ જેની ભૂમિ, ધન વગેરે હરી લીધાં હોય તે તેને પાછાં આપવાં તથા સામાજિક નિયમને પાછા ચાલુ કરવા અને જો શત્રુએ પોતાના દેશ ઉપર ચઢી આવીને પોતાના દેશને પીડા કરી હોય તો પંડે શત્રુના દેશને પીડવો. ૭

ज्ञानापहारसम्भूते ज्ञानशक्तिविघातजे ।
शमस्तदर्थत्यागेन क्षान्त्या वोपेक्षणेन वा ॥ ८ ॥

એક મનુષ્યે વિદ્વાનને મૂર્ખ કહ્યો, અથવા તો એક મનુષ્યે બીજા મનુષ્યને વિદ્યાભ્યાસ કરવામાં વિઘ્ન કર્યું હોય, અથવા તો એક રાજાએ બીજા રાજાની પ્રભુશક્તિ, મંત્રશક્તિ તથા ઉત્સાહશક્તિનો નાશ કર્યો હોય અને તેથી યુદ્ધનો પ્રસંગ ઉભો થાય ત્યારે જે સામા રાજાએ જેને માટે શક્તિનો નાશ કર્યો, તે વસ્તુ તે રાજાને ભેટ કરીને યુદ્ધની શાંતિ કરવી, અથવા તો ચઢાઈ કરનારો રાજા ચઢાઈ કરીને જે વસ્તુ સાધવાની ઇચ્છા કરતો હોય, તે વસ્તુ તેને આપીને યુદ્ધની શાંતિ કરવી અને કોઈ જ્ઞાનનો અપહાર કરે તો તેની સાથે યુદ્ધ નહિ કરતાં તેના ઉપર ક્ષમા કરવાથી યુદ્ધની શાંતિ થાય છે. કારણ કે શુષ્ક વૈર કરવા કરતાં ક્ષમા કરવી, એ બળવાનને કલ્યાણકારક છે. આમાં ક્રોધની શાંતિ થવાથી તે સામ નામના ઉપાયરૂપ જ છે. વિદ્યાભ્યાસમાં વિઘ્ન કરે તો તેમાં ઉપેક્ષા કરવાથી યુદ્ધ અટકે છે. બળવાન્ મનુષ્યે પણ કલાણો મારા વિદ્યાભ્યાસમાં કેટલો સમય વિઘ્ન કરશે, એમ માનીને ઉપેક્ષા કરવી. પરંતુ સાહસ કરીને વિગ્રહ કરવો નહિ. ૮

अधर्मद्रोहसंयुक्ते मित्रजातेऽप्युपेक्षणम् ।
आत्मवन्मित्रजाते तु प्राणानपि परित्यजेत् ॥ ९ ॥

મિત્રો પણ અધર્મિષ્ઠ હોય અથવા આપણો દ્રોહ કરનારા હોય અથવા તો અધર્મી અને દ્રોહી બન્ને હોય, તેઓને બીજાની સાથે યુદ્ધનો પ્રસંગ આવે ત્યારે ઉપેક્ષા કરવી (તેઓને મદદ કરવી નહિ) પરંતુ દૃઢ મનના મિત્રોને માટે પ્રાણોનો પણ પરિત્યાગ કરવો. ૯

ભાવાર્થઃ–સ્થિર મનના અને ધર્મનિષ્ઠ મિત્રો પોતાના મિત્રનો કદી પણ દ્રોહ કરતા નથી. તેવા મિત્રોને સંકટના સમયમાં સહાયતા કરવી. પરંતુ અધર્મિષ્ઠ અને દ્રોહી મિત્રોને સહાયતા કરવી નહિ. ૯

अपमानात् तु सम्भूतं मानेन प्रशमं नयेत् ।
सामपूर्व उपायो वा प्रणामो वाभिमानजे ॥ १० ॥

અપમાન કરવાથી યુદ્ધ થનારું હોય, તેને માન આપીને શાંત પાડવું, અભિમાનથી યુદ્ધ થવાનો પ્રસંગ આવ્યો હોય ત્યાં સામપૂર્વક ઉપાયની યોજના કરીને અથવા તો પ્રણામ કરીને યુદ્ધ અટકાવવું. ૧૦

ભાવાર્થ:-વિજિગીષુ રાજાએ સામા રાજાનું વાણી વગેરેથી અપમાન કર્યું હોય ને તેથી યુદ્ધનો પ્રસંગ ઉભો થાય તો જેનું અપમાન કર્યું હોય તેને શાંત પાડી સત્કાર કરીને યુદ્ધને શાંત કરવું અને રાવણની પેઠે અભિમાનને લીધે યુદ્ધનો પ્રસંગ ઉભો થાય ત્યારે સામ, દામ અથવા તો ભેદથી યુદ્ધને શાંત પાડી દેવું અથવા તો 'હું તારો છું' આમ કહીને જેનું અપમાન કર્યું હોય તેને પ્રણામ કરવા એટલે યુદ્ધ શાંત પડી જાય છે. ૧૦

रहस्येन प्रयोगेण रहस्यकरणेन वा ।
विग्रहं शमयेद् धीरा बन्धुनाशसमुद्भवम् ॥ ११ ॥

પોતાના ભાઇઓને મારી નાંખવાથી ઉભા થયેલા વિગ્રહને (યુદ્ધને) ધીર પુરુષે ચાર ઉપાયોમાં કોઈ પણ ઉપાયનો ગુપ્ત પ્રયોગ કરીને અથવા તો અભિચાર એટલે મારણ મોહનાદિક કરીને યુદ્ધને શાંત પાડવું. ૧૧

येन पीडा न जायेत तादृशं तु विचक्षणः ।
कुर्यादर्थपरित्यागमेकार्थाभिनिवेशजे ॥ १२ ॥

એક વસ્તુ ઉપર બન્નેનો આગ્રહ હોવાથી યુદ્ધ થવાનું હોય ત્યાં ડાહ્યા પુરુષે જેનો ત્યાગ કરવાથી પોતાને પીડા ન થાય, તેવા પદાર્થનો ત્યાગ કરી દેવો. ૧૨

धनापहारजे जातु विरोधं न समाचरेत् ।
कदाचिद् विग्रहे पुंसां सर्वनाशोऽपि जायते ॥ १३ ॥

શત્રુ બળનો હરણ કરી જાતો હોય અને તેથી યુદ્ધ ઉભું થવાનું હોય તો તેને માટે પણ કોઈ દિવસ યુદ્ધ કરવું નહિ. કારણ કે યુદ્ધમાં કોઈ દિવસ પુરુષના સર્વસ્વનો પણ નાશ થાય છે. ૧૩

दृष्टोपन्यासयुक्तेन सम्प्रदानादिकेन च ।
महाजनसमुत्पन्नं भेदेन प्रशमं नयेत् ॥ १४ ॥

ઘણા મનુષ્યોની સાથે વિગ્રહ કરવાનો પ્રસંગ આવે તો સામથી, દામથી અથવા તો ભેદથી તેઓને વશ કરીને વિગ્રહને (યુદ્ધને) શાંત પાડવો. ૧૪

भूतानुग्रहविच्छेदजातस्यान्तं व्रजेद् वशी ।
दैवमेव तु दैवोत्थे शमनं साधुसम्मतम् ॥ १५ ॥

કોઈ પ્રાણીના ઉપર અનુગ્રહ કરવા જતાં તેમાં કોઈ વિઘ્ન કરે તો જિતેંદ્રિય રાજાએ વિઘ્ન કરનારા રાજાની સામે યુદ્ધ કરવું. પૂર્વ જન્મનાં કર્મને લીધે યુદ્ધ થવાનો પ્રસંગ ઉભો થાય તો રાજાએ પુરોહિતની સંમતિથી અથર્વવેદમાં કહેલાં શાંતિ, પૌષ્ટિક કર્મ કરીને યુદ્ધને શાંત પાડવું. ૧૫

मण्डलक्षोभसम्भूतमुपायैः प्रशमं नयेत् ।
सापत्नं वास्तुजं स्त्रीजं वाग्जातमपराधजम् ॥ १६ ॥
वैरप्रभेदनिपुणैर्वैरं पञ्चविधं स्मृतम् ।

રાજમંડળમાં ક્ષોભ ઉભો થવાથી જે યુદ્ધ થવાનું હોય તેવા યુદ્ધને સામ, દામ, આદિક ચાર ઉપાયોથી શાંત પાડવું. ૧ ઓરમાન ભાઈઓની વચ્ચે થનારું યુદ્ધ, ૨ ઘરને માટે થનારું યુદ્ધ, ૩ સ્ત્રીના હરણથી થનારું યુદ્ધ, ૪ કઠોર વાણી બોલવાથી થનારું યુદ્ધ અને ૫ અપરાધ કરવાથી થનારું યુદ્ધ, આવી રીતે વૈરના ભેદોમાં નિપુણ એવા પુરુષો પાંચ પ્રકારનું વૈર કહે છે. ૧૬

ભાવાર્થઃ–કેટલાએક વિગ્રહના ઉપર ગણાવેલા પાંચ ભેદ કહે છે અને તેમાં બીજા ભેદનો અંતર્ભાવ કરે છે. રાવણ તથા વિભીષણની વચ્ચે જે

યુદ્ધ થયું હતું તેનું કારણ તેઓ ઓરમાન ભાઈ હતા. એક વસ્તુ ઉપર બે પુરુષનો આગ્રહ થયો હોય તેથી થનારાં યુદ્ધનો આયુદ્ધમાં અંતર્ભાવ કરવામાં આવે છે. સ્ત્રીને માટે તથા ઘરને માટે થનારાં યુદ્ધમાં સ્ત્રીના અને સ્થાનના અપહારથી થનારા યુદ્ધનો અંતર્ભાવ કરવામાં આવે છે. કઠોર વાણીથી થનારા યુદ્ધમાં, જ્ઞાનના અપહારથી તથા અપમાનથી થનારા યુદ્ધનો અંતર્ભાવ કરવામાં આવે છે અને અપરાધથી થનારા યુદ્ધમાં બીજાં ચૌદ વૈરનો અંતર્ભાવ કરવામાં આવે છે. ૧૬

जातं भूम्युपरोधेन तथा शक्तिविघातजम् ॥ १७ ॥
भूम्यनन्तरजातं च मण्डलक्षोभजं तथा ।
चतुर्विधं वैरजातं बाहुदन्तिसुतोऽब्रवीत् ॥ १८ ॥

જમીનને દબાવી લેવાથી થનારું, પ્રભુ, મંત્ર અને ઉત્સાહ આ ત્રણ પ્રકારની શક્તિનો નાશ કરવાથી થનારું, સીમાડાના વિવાદથી થનારું અને રાજમંડળમાં ક્ષોભ ઉભો થવાથી થનારું એમ ચાર પ્રકારનું વૈર છે, આમ બાહુદંતિના પુત્રે કહ્યું છે. ૧૭-૧૮

ભાવાર્થઃ-ઉપાધ્યાયનિરપેક્ષા નામની ટીકામાં वाहुदन्तिसुतः ને બદલે वल्गुदन्तिसुतः' એવો પાઠ છે. એટલે वल्गुदंतिનો પુત્ર એવો તેનો અર્થ થાય છે. ૧૭-૧૮

कुलापराधजे प्राहुर्वैरे द्वे एव मानवाः ।

મનુના શિષ્યો બે પ્રકારનું જ વૈર કહે છે. એક કુળ સંબંધી વૈર જેને બાપદાદાથી ઉતરી આવેલું સહજ વૈર કહેવામાં આવે છે તે, અને બીજું અપરાધ કરવાથી થયેલું વૈર જે કૃત્રિમ વૈર કહેવાય છે તે. (આ બે વૈરમાં સર્વ વૈરોનો સમાવેશ થાય છે.)

નહિ કરવા યોગ્ય વિગ્રહ

किञ्चित्फलं निष्फलं च सन्दिग्धफलमेव च ॥ १९ ॥
तदात्वे दोषजननमायत्यां चापि निष्फलम् ।

आयत्यां च तदात्वे च दोषस्य जननं तथा ॥ २० ॥
अपरिज्ञातवीर्येण परेण स्तोभितोऽपि वा ।
परार्थं स्त्रीनिमित्तं च दीर्घकालं द्विजोत्तमैः ॥ २१ ॥
अकालदैवयुक्तेन बलोद्वृत्तसखेन च ।
तदात्वे फलसंयुक्तमायत्यां फलवर्जितम् ॥ २२ ॥
आयत्यां फलसंयुक्तं तदात्वे निष्फलं तथा ।
इतीमं षोडशविधं न कुर्यादेव विग्रहम् ॥ २३ ॥

૧ જે વિગ્રહનું ફળ અલ્પ હોય, ૨ જે નિષ્ફળ હોય, ૩ જેનાં ફળને માટે સંદેહ જ હોય, ૪ જે વર્તમાન કાળમાં દોષ ઉત્પન્ન કરનારું હોય, ૫ જે ભવિષ્ય કાળમાં નિષ્ફળ હોય, ૬ જે ભવિષ્યમાં તથા વર્તમાન કાળમાં દુઃખ ઉત્પન્ન કરનારું એટલે મિત્રોમાં વિરોધ ઉપજાવનારું તથા રાજમંડળમાં ક્ષોભ કરનારું હોય, ૭ જેનું વીર્ય જાણતા ન હોઇએ તેવા શત્રુની સાથે યુદ્ધ, ૮ બીજાની ઉશ્કેરણીથી ઉત્તેજિત થઇને કરવામાં આવતું યુદ્ધ, ૯ ઉપકાર નહિ કરનારા એવા પારકાને માટે, ૧૦ સ્ત્રી સંપાદન કરવામાટે, લાંબા કાળ સૂધી ચાલે તેવું ધર્મનિષ્ઠ બ્રાહ્મણોની સાથે, ૧૧ યુદ્ધ કરવાનો સમય ન હોય તેવા વર્ષા આદિ કાળમાં, ૧૨ દૈવી શક્તિથી સંપન્ન એવા પુરુષની સાથે, ૧૩ મહા બળવાન્ મિત્રની સાથે, ૧૪ વર્તમાન કાળમાં ફળવાળું પરંતુ ભવિષ્યમાં ફળરહિત, અને ૧૫ ભવિષ્યમાં ફળ યુક્ત પરંતુ વર્તમાન કાળમાં નિષ્ફળ આવી રીતે સોળ પ્રકારનું યુદ્ધ કરવું જ નહિ. ૧૯–૨૩

ભાવાર્થઃ–ઉપર ગણાવેલાં સોળ પ્રકારનાં વૈર કરવાં નહિ. કારણ કે તેમાંથી પરિણામે ફળનો લાભ થતો નથી, પરંતુ પરિણામે હાનિ જ થાય છે. લાંબા કાળ સૂધી ચાલે તેવું યુદ્ધ કરવાથી લાભ થતો નથી પણ હાનિ જ થાય છે. તેમ ધર્મનિષ્ઠ બ્રાહ્મણોની સાથે વૈર કરવાથી તેને મારવાનો પણ પ્રસંગ આવે છે ને તેથી મહાપાપ લાગે છે. માટે બ્રાહ્મણોની સાથે પણ

વૈર કરવું નહિ. જે વૈર કરવાથી વર્તમાન કાળમાં ફળ જણાતું હોય, પરંતુ ભવિષ્યમાં ફળ ન હોય તેવું વૈર પણ કરવું નહિ. અર્થાત્ શત્રુના દેશનો નાશ કરી નાંખવારૂપી ફળ વર્તમાન કાળમાં તો જોવામાં આવે પરંતુ શત્રુનો અને શત્રુએ જેનો આશ્રય કર્યો હોય તેનો નાશ ન કરવાથી શત્રુ ભવિષ્યમાં બળ સંપાદન કરીને દુઃખ દે છે; તેથી તે ભવિષ્યમાં ફળ રહિત કહેવાય છે. તેમ જે વૈર ભવિષ્યમાં ફળદાયક હોય, પરંતુ વર્તમાન કાળમાં નિષ્ફળ હોય તેવું યુદ્ધ પણ કરવું નહિ. અર્થાત્ રાજમંડળના શત્રુનો નાશ કરવાથી રાજમંડળ વિજિગીષુના ઉપર અનુગ્રહ કરે છે પરંતુ તુરતમાં પોતાને તથા પોતાના દેશને મોટા ખર્ચમાં ઉતરવું પડે છે તેથી તે વર્તમાનમાં ફળ-રહિત હોય છે. આવાં વૈર કરવાં નહિ. જ્યારે પોતાનો તથા પોતાનાં મનુષ્યોનો નાશ થવાનો પ્રસંગ આવે, ભૂમિ, ધન વગેરેના નાશનો પ્રસંગ ઉભો થાય, દેશ છોડીને પરદેશ જવાનો પ્રસંગ પડે, અથવા તો કોઈ જાતનો અધર્મ થતો હોય ત્યારે યુદ્ધ કરવાનો પ્રસંગ પડે છે. તે યુદ્ધ કરવાથી જો વર્તમાન કાળમાં તેમજ ભવિષ્ય કાળમાં એમ બન્ને કાળમાં ફળ મળે નહિ તો પછી યુદ્ધ કરવાથી શો ફાયદો? ૧૯–૨૩

तदात्वायतिसंशुद्धमारभेत विचक्षणः ।
तदात्वायतिशुद्धानि सर्वकर्माणि चिन्तयेत् ॥ २४ ॥

વિચક્ષણ પુરુષે જે કર્મનું ફળ વર્તમાન કાળમાં તથા ભવિષ્યમાં મળે તેવાં કર્મ કરવાં તથા વર્તમાન કાળમાં અને ભવિષ્ય કાળમાં શ્રેયસ્કર એવાં સર્વ કર્મો કરવાનો વિચાર કરવો. ૨૪

तदात्वायतिसंशुद्धमातिष्ठन्नीति वाच्यताम् ।
साधु लोकद्वयग्राहि विद्वान् कर्म समाचरेत् ॥ २५ ॥

વર્તમાન કાળમાં તથા ભવિષ્ય કાળમાં ફળ આપનારું કર્મ કરવાથી રાજાની જગતમાં નિંદા થાતી નથી; વિદ્વાન્ પુરુષે આ લોકમાં તથા પરલોકમાં સુખ આપનારું ઉત્તમ કર્મ કરવું જોઇએ. ૨૫

परित्यजेदिमं लोकं नार्थलेशोपलोभितः ।
परलोकविरुद्धानि कुर्वाणं दूरतस्त्यजेत् ॥ २६ ॥
इत्यागमप्रमाणत्वात् साधु कल्याणमाचरेत् ॥ २६½ ॥

થોડાક ધનમાં લોભાઈ જઈને આ લોકનો ત્યાગ કરવો નહિ. (અર્થાત્ થોડાક ધનની તૃષ્ણાથી યુદ્ધમાં ઉતરતાં વખતપર મરણ થાય છે તો આ લોકનો ત્યાગ કરવાનો પ્રસંગ આવે છે માટે, થોડાક ધનને માટે સાહસ કર્મ કરવું નહિ.) તેમ પરલોકનો નાશ કરનારાં કર્મ કરનારા પુરુષનો પણ દૂરથી ત્યાગ કરવો. (તેવા પુત્રનો પણ ત્યાગ કરવો.) આ વિષયમાં શાસ્ત્ર પણ સાક્ષી પૂરે છે, માટે કલ્યાણકારક કર્મ કરવાં. ૨૬

ભાવાર્થઃ—ધર્મનાં કર્મ અતીંદ્રિય છે તેથી તેનો નિર્ણય પ્રત્યક્ષાદિક પ્રમાણોથી થઈ શકતો નથી પરંતુ તેમાં તો શાસ્ત્ર જ પ્રમાણરૂપ છે. માટે કામંદક કહે છે કે, અધર્મનાં કર્મ નહિ કરવાં, પરંતુ ધર્મનાં કર્મ કરવાં અને તેમાં શાસ્ત્ર પ્રમાણ છે. ૨૬

વિગ્રહ કરવાનો સમય

यदा मन्येत मतिमान् हृष्टं पुष्टं स्वकं बलम् ।
परस्थं विपरीतं च तदा विग्रहमाचरेत् ॥ २७½ ॥

બુદ્ધિમાન્ વિજિગીષુ રાજા જ્યારે પોતાનાં ચતુરંગ સૈન્યને ઉત્સાહી તથા પરિપુષ્ટ માને અને શત્રુનાં સૈન્યને ઉત્સાહ વિનાનું તથા બળરહિત માને ત્યારે તેણે વિગ્રહ કરવો. ૨૭

स्फीतं यदानुरक्तं च भवेत् प्रकृतिमण्डलम् ।
परस्य विपरीतं च तदा विग्रहमाचरेत् ॥ २८½ ॥

પ્રકૃતિમંડળ જ્યારે હૃષ્ટપુષ્ટ હોય, વિજિગીષુ રાજા ઉપર પ્રીતિવાળું હોય અને શત્રુનું પ્રકૃતિમંડળ હૃષ્ટપુષ્ટ ન હોય તથા તેના રાજા ઉપર અપ્રસન્ન થયું હોય ત્યારે વિજિગીષુએ યુદ્ધ કરવું. ૨૮

ભાવાર્થઃ–જયમંગલાકાર પ્રકૃતિમંડલમ્ નો અર્થ અમાત્યાદિક કરે છે અને ઉપાધ્યાયનિરપેક્ષા ટીકાકાર પ્રકૃતિમંડલમ્ નો પ્રજાવર્ગ એવો અર્થ કરે છે. ૨૮

उपनामि यदा दैवं सुव्यक्तमुपलक्षितम् ।
परस्य विपरीतं तु सदा विग्रहमाचरेत् ॥ २९½ ॥

જ્યારે ભાગ્ય પ્રત્યક્ષ રીતે અનુકૂળ થયેલું જોવામાં આવે અને શત્રુનું દૈવ વિપરીત જોવામાં આવે ત્યારે વિજિગીષુ રાજાએ વિગ્રહ કરવો. ૨૯

ભાવાર્થઃ–થોડોક પુરુષાર્થ કરતાં પણ અડચણ વગર લક્ષ્મીનો લાભ થાય તો જાણવું કે દૈવ પોતાને અનુકૂળ છે અને અધિક પુરુષાર્થ કરતાં પણ વિપરીત ફળ થાય તો જાણવું કે દૈવ પોતાને પ્રતિકૂળ છે. અનુકૂળ દૈવ (ભાગ્ય) હોય ત્યારે જ યુદ્ધ કરવું પરંતુ પ્રતિકૂળ દૈવ હોય ત્યારે યુદ્ધ આરંભવું નહિ. ૨૯

मित्रमाक्रन्द आसारो यदा स्युर्दृढभक्तयः ।
परस्य विपरीताश्च तदा विग्रहमाचरेत् ॥ ३०½ ॥

જ્યારે મિત્ર, આક્રંદ અને આસાર દૃઢ ભક્તિવાળા હોય અને શત્રુના મિત્ર, આક્રંદ અને આસાર તેનાથી વિરુદ્ધ થઈ બેઠા હોય ત્યારે વિગ્રહ કરવો. ૩૦

ભાવાર્થઃ–શત્રુ રાજાનો પડોસી રાજા તે વિજિગીષુ રાજાનો મિત્ર, પાછળના ભાગમાં ચઢી આવેલાને શિક્ષા કરવા માટે બોલાવેલો રાજા આક્રંદ અને આક્રંદને સહાયતા કરનારો તે આસાર કહેવાય છે. આ વાત રાજમંડળના પ્રકરણમાં વિસ્તારથી કહી છે. ૩૦

भूमिर्मित्रं हिरण्यं च विग्रहस्य फलं त्रयम् ।
यदैतन्नियतं भावि तदा विग्रहमाचरेत् ॥ ३१½ ॥

ભૂમિ, મિત્ર તથા ધન આ ત્રણ વિગ્રહનાં ફળ છે અર્થાત્ આ

ત્રણને માટે યુદ્ધ કરવું પડે છે, માટે જો આ ત્રણ ફળ અવશ્ય થવાનાં હોય તો વિગ્રહ કરવો. ૩૧

गुरु वित्तं ततो मित्रं तस्माद् भूमिर्गरीयसी ।
भूमेर्विभूतयः सर्वास्ताभ्यो बन्धुसुहृद्गणाः ॥ ३२½ ॥

જગતમાં ધન ઉત્તમ ગણાય છે, તેના કરતાં મિત્ર ઉત્તમ ગણાય છે, તેના કરતાં ભૂમિ ઉત્તમ ગણાય છે, તેના કરતાં રાજ્યની સંપત્તિઓ ઉત્તમ ગણાય છે, અને તેના કરતાં પોતાના ભાઇઓ તથા સ્નેહીઓ ઉત્તમ ગણાય છે. ૩૨

ભાવાર્થઃ—આ શ્લોકમાં ધન કરતાં મિત્રને, મિત્ર કરતાં ભૂમિને, ભૂમિ કરતાં રાજ્યસંપત્તિને અને તેના કરતાં ભાઇઓને શ્રેષ્ઠ ગણાવ્યા છે. તેનો ઉદ્દેશ એ છે કે; વિજિગીષુ રાજાએ ઉત્તરોત્તર ઉત્તમ વસ્તુ સંપાદન કરવા માટે પ્રયત્ન કરવો. ધનને હાનિ પહોંચતી હોય તો તે પણ સહન કરવી, પરંતુ મિત્રનો સંગ્રહ પ્રથમ કરવો, મિત્ર કરતાં પણ ભૂમિનો લાભ ઉત્તમ ગણાય છે કારણ કે ભૂમિનો લાભ થાશે તો અનેક મિત્રો મળી આવશે. આમ ઉત્તરોત્તર ગુણવાળી વસ્તુ સંપાદન કરવાનો પ્રયત્ન કરવો. કૌટિલ્ય, અર્થશાસ્ત્રમાં લખે છે કે;—यो वा लाभः सिद्धः शेषयोरन्यतरं साधयति स श्रेयान्। જે લાભ થયો હોય, તે બાકીના બેમાંથી એકને સાધી આપે તેને શ્રેષ્ઠ જાણવો અને એટલા માટે જ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ કહ્યું છે કે;—मित्रं हिरण्यलाभात् ધનના લાભ કરતાં પણ મિત્રના લાભને અધિક માનવો જોઇએ. ૩૨

सर्वसम्पत्समे शत्रावुपायान् निक्षिपेद् बुधः ।
उपायैरप्रतिव्यूढे समे दण्डः प्रशस्यते ॥ ३३½ ॥

જો શત્રુની સર્વ યુદ્ધ સામગ્રી પોતાના સમાન જ હોય તો યુદ્ધ-કુશળ વિજિગીષુ રાજાએ સામ આદિક ઉપાયોનો પ્રયોગ કરીને યુદ્ધ બંધ પાડવું, ઉપાયોથી પણ જો સમાન બળવાન્ શત્રુ ઠેકાણે આવે નહિ તો પછી તેની સાથે યુદ્ધ કરવું, એ શ્રેષ્ઠ ગણાય છે. ૩૩

ભાવાર્થઃ–સમાન બળવાળા રાજાની સાથે કેવી રીતે વર્તવું, એ વાત આ શ્લોકમાં દર્શાવી છે. સમાન બળવાન્ રાજાની સાથે સલાહ કરવી સારી છે, કારણ કે વખત ઉપર સુંદ તથા ઉપસુંદની પેઠે યુદ્ધ કરતાં બન્નેનો નાશ થાય છે. ૩૩

आगतं विग्रहं विद्वानुपायैः प्रशमं नयेत् ।
विजयस्य ह्यनित्यत्वाद् रभसेन न सम्पतेत् ॥ ३४½ ॥

યુદ્ધનો પ્રસંગ આવે કે વિદ્વાન્ રાજાએ સામ આદિક ઉપાયોથી તેને શાંત પાડી દેવો. કારણ કે યુદ્ધમાં વિજય અનિત્ય હોય છે. તેથી ઉતાવળ કરીને યુદ્ધમાં પડવું નહિ. ૩૪

समाक्रान्तो बलवता काङ्क्षन्नभ्रंशिनीं श्रियम् ।
श्रयेत वैतसीं वृत्तिं न भौजङ्गीं कदाचन ॥ ३५½ ॥

બળવાન્ રાજા પોતાના ઉપર ચઢી આવે તો વિજિગીષુ રાજાએ લક્ષ્મીને અવિનાશિની રાખવાની ઇચ્છાથી નેતરની પેઠે નમી જવું, પરંતુ કોઈ પણ દિવસ સર્પની પેઠે શત્રુની સામે થાવું નહિ. ૩૫

ભાવાર્થઃ–એક બળવાન્ રાજા નિર્બળ રાજા ઉપર ચઢી જાય ત્યારે નિર્બળ રાજાએ પોતાની રાજ્યલક્ષ્મીના રક્ષણમાટે નેતરની પેઠે નમી જવું સારું છે. સિંધુ નદીમાં નેતરનાં વૃક્ષો ઉગે છે તે સિંધુ નદીમાં જ્યારે પુર આવે છે ત્યારે પાણીના પુરની સાથે ટટાર થઇને ઉભાં રહેતાં નથી પરંતુ વાંકાં વળીને નમી જાય છે તેથી તે પુરમાં તણાઈ જતાં નથી પણ પોતાના સ્થાનકમાં જ કાયમ ટકી રહે છે, તેમ જ નિર્બળ રાજા બળવાન્ રાજાની પાસે નમી જાય છે તો તે ટકી રહે છે. પરંતુ સર્પને કોઈ સળી અડાડે છે તો પણ તે જેમ ફુફાડા મારી ફેણ ઉંચી કરીને તેની સામે દોડે છે, તેમ સામે થાય છે તો શત્રુ તેને મારી નાંખે છે અને તે રાજ્યલક્ષ્મી વિનાનો થઈ રહે છે. ૩૫

क्रमाद् वेतसवृत्तिः सन् प्राप्नोति महतीं श्रियम् ।
भुजङ्गवृत्तिरामोति वधमेव तु केवलम् ॥ ३६½ ॥

જે રાજા નેતરની પેઠે નમ્ર થઇને રહે છે તેને અનુક્રમે મહાન્ લક્ષ્મી મળે છે; પરંતુ જે રાજા સર્પની પેઠે સામે થાય છે, તે કેવળ નાશને જ પામે છે. ૩૬

मत्तप्रमत्तवत् स्थित्वा ग्रसेतोत्प्लुत्य पण्डितः ।
अपरिभ्रश्यमानं हि क्रमप्राप्तं मृगेन्द्रवत् ॥ ३७½ ॥

બુદ્ધિમાન્ રાજાએ પોતાનો યુદ્ધ કરવાનો સમય ન હોય તો દારુ પીધેલાની પેઠે અથવા તો ઉન્માદ રોગીની પેઠે શત્રુનાં છિદ્રો શોધવામાટે કેટલોએક સમય સૂધી બેસી રહેવું અને ક્રમે કરીને જ્યારે પોતાનો સમય આવે ત્યારે સિંહની પેઠે કુદકો મારીને બળવાન્ રાજાને પણ મારી નાંખવો. ૩૭

कौर्मं सङ्कोचमास्थाय प्रहारमपि मर्षयेत् ॥ ३८ ॥

(જ્યારે રાજાને પોતાને પરાક્રમ કરવાનો સમય ન હોય ત્યારે) રાજાએ કાચબાની પેઠે પોતાનાં અંગોને સંકોચી લઇને શત્રુના મારને પણ સહન કરવો. ૩૮

काले प्राप्ते तु मतिमानुत्तिष्ठेत् क्रूरसर्पवत् ।
काले सहिष्णुर्गिरिवदसहिष्णुश्च वह्निवत् ॥ ३९ ॥

પરંતુ પોતાનો સમય આવે ત્યારે બુદ્ધિમાન્ રાજાએ ક્રૂર સર્પની પેઠે સામે થવું. એક સમયે પર્વતની પેઠે સહનશીલ થવું અને એક સમયે અગ્નિની પેઠે પોતાનો પ્રતાપ દર્શાવવો. ૩૯

ભાવાર્થઃ–રાજાએ પોતાની નિર્બળ સ્થિતિમાં પર્વતની પેઠે સહનશીળ થઈ જવું. એટલે કે પર્વત ઉપર કોઈ થુંકે છે, કોઈ મૂતરે છે, કોઈ કુવાડા કોદાળીથી તેને ખોદે છે છતાં તે જરા પણ વિકાર પામતો નથી, તે પ્રમાણે રાજાએ પણ અવિકારી રહેવું; પરંતુ પોતામાં બળ હોય ત્યારે અગ્નિની પેઠે પોતાનો પ્રતાપ દર્શાવવો, એટલે કોઈ પણ અગ્નિનું અપમાન કરે છે તો તે જેમ તેને દગ્ધ કરે છે, તેમ બળવાન્ રાજાએ પોતાનું અપમાન કરનારાને શિક્ષા કરવી. ૩૯

(स्कन्धेनापि वहेत् काले प्रियाणि समुदाहरन् ।
सम्प्राप्ते चैव काले तु भिन्द्याद् घटमिवाश्मनि) ॥ १ ॥

(એક સમયે શત્રુને મધુર વચનો કહીને પોતાની કાંધ ઉપર બેસાડીને પણ ફેરવવો અને પોતાનો સમય આવે ત્યારે જેમ પથ્થર ઉપર ઘડાને પછાડીને ફોડી નાંખવામાં આવે છે, તેમ શત્રુને મારી નાંખવો.) ૧

(नित्यं स्वार्थपरो लोकः स्वार्थसिद्धिर्यथा भवेत् ।
तथा तस्य प्रतीकारं यथोक्तं समुपाचरेत्) ॥ २ ॥

(મનુષ્ય નિત્ય પોતાના સ્વાર્થમાં તત્પર રહે છે અને સ્વાર્થ જે પ્રમાણે સિદ્ધ થાય તે પ્રમાણે વર્તે છે. માટે શત્રુને તેના સ્વાર્થમાંથી ભ્રષ્ટ કરવામાટે ઉપર કહ્યા પ્રમાણે ઉપાય કરવો.) ૨

प्रसादवृत्त्याहितलोकवृत्तया प्रविश्य शत्रोर्हृदयं निरन्तरम् ।
नयाग्रहस्तेन हि कालमास्थितः प्रसह्य कुर्वीत कचग्रहं श्रियः ॥ ४० ॥

વિજિગીષુ રાજાએ કૃત્રિમ પ્રીતિ દર્શાવીને, તથા ઉપર ઉપરથી ભલુ મનાવીને શત્રુ રાજાના હૃદયમાં નિત્ય પ્રવેશ કરવો, અર્થાત્ તેના પ્રિય થઈ જવું અને પોતાનો સમય આવે ત્યારે વિગ્રહરૂપી જમણા હાથથી એકદમ લક્ષ્મીના કેશપાશ ને પકડી પાડવો અર્થાત્ જાહેર રીતે યુદ્ધ કરીને રાજ્યલક્ષ્મી પોતાને હાથ કરવી. ૪૦

कुलोद्गतं सत्यमुदारविक्रमं स्थिरं कृतज्ञं मतिमन्तमूर्जितम् ।
अतीव दातारमुपेतवत्सलं सुदुष्प्रसाधं प्रवदन्ति विद्विषम् ॥ ४१ ॥

ઉત્તમ કુળમાં જન્મેલો, સત્યવાદી, મહાપરાક્રમી, દૃઢતાવાળો, કરેલા ઉપકારને જાણનારો, ધીર, તેજસ્વી, મહાન્ ઉદાર અને શરણાગત ઉપર વત્સલતા રાખનારા શત્રુને નીતિશાસ્ત્રમાં કષ્ટસાધ્ય કહે છે. ૪૧

असत्यता निष्ठुरताऽकृतज्ञता भयं प्रमादोऽलसता विषादिता ।
वृथाभिमानोऽपि च दीर्घसूत्रता तथाङ्गनाक्षादि विनाशनं श्रियः ४२॥

અસત્ય ભાષણ, ક્રૂરતા, કરેલા ઉપકારને નહિ જાણવો, ભય, પ્રમાદ, આલસ્ય, ઉદાસીનપણું, વૃથા અભિમાનીપણું, થાથાઈ, પરસ્ત્રીનું સેવન તથા જુગાર વગેરે વ્યસનો લક્ષ્મીનો નાશ કરનારાં છે. ૪૨

इति स्म दोषान्वितमाशु विद्विषं त्रिशक्तियुक्तो विजिगीषया व्रजेत् ।
अतोऽन्यथासाधुजनस्य सम्मतः करोत्यविद्वानुपघातमात्मनः ॥४३॥

ઉપર કહેલા દોષ જે શત્રુ રાજામાં હોય, તે શત્રુ રાજાને જિતવાની ઇચ્છાથી પ્રભુ, મંત્ર અને ઉત્સાહ આ ત્રણ શક્તિથી સંપન્ન એવા રાજાએ યુદ્ધ કરવામાટે જવું. પરંતુ દુર્જન પુરુષોની સંમતિથી જે તેથી વિરુદ્ધ રીતે એટલે પોતે બળરહિત હોય તો પણ બળવાન્ રાજાની સામે યુદ્ધ કરવાને જાય તો તે મૂર્ખ રાજા પોતાનો નાશ કરે છે. ૪૩

समन्वितो राज्यपदोन्निनीषया चरेक्षणैर्वीक्षितमण्डलक्रियः ।
इमं नृपो विग्रहमार्गमास्थितः स्थिरोद्यमः सम्प्रयतेत सिद्धये ॥४४॥

વિજિગીષુ રાજાએ પોતાનાં રાજ્યને તથા પોતાની પદવીને ઉંચે ચઢાવવાની ઇચ્છાથી દૂતરૂપી દૃષ્ટિથી રાજ્યમંડળનાં કાર્યોનું અવલોકન કરવું, પોતાનાં કાર્ય સિદ્ધ કરવામાટે વિગ્રહ માર્ગનો સ્વીકાર કરવો અને કાર્યની સમાપ્તિ સૂધી સ્થિરતાથી ઉદ્યમ કર્યા કરવો. ૪૪

ભાવાર્થઃ—રાજાએ પોતાનાં રાજ્યની વૃદ્ધિમાટે તથા પોતાના રાજા એવા નામને ઉન્નત સ્થિતિમાં આણવામાટે આસપાસના રાજ્યમંડળનાં કર્તવ્યને દૂતોદ્વારા જાણી લેવાં અને પછી પોતાનું કાર્ય સિદ્ધ કરવામાટે યુદ્ધનો માર્ગ લેવો. પરંતુ આસપાસના રાજ્યમંડળનું કર્મ જાણ્યા વિના કદી

પણ યુદ્ધમાં ઉતરવું નહિ. કારણ કે યુદ્ધ કરતાં પહેલાં રાજાએ પોતાની તથા પોતાના શત્રુની બન્નેની શક્તિનું અવલોકન કરવાની ખાસ જરૂર છે. ૪૪

'વિગ્રહ ભેદ' નામનું ૧૫ મું પ્રકરણ સમાપ્ત.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં 'વિગ્રહના ભેદ'
એ નામનો સર્ગ ૧૦ મો સમાપ્ત.

સર્ગ ૧૧ મો–પ્રકરણ ૧૬ મું
યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રયના ભેદ

उत्कृष्टबलवीर्यस्य विजीगीषोर्जयैषिणः ।
गुणानुरक्तप्रकृतेर्यात्रा यानमिति स्मृतम् ॥ १ ॥

ઉત્તમ બળ તથા ઉત્તમ વીર્યવાળો, રાજાના ગુણોથી પ્રકૃતિમંડળ જેના ઉપર પ્રીતિવાળું છે એવો વિજિગીષુ રાજા વિજયની ઇચ્છાથી શત્રુના ઉપર યાત્રા (ચઢાઈ) કરે, તેને નીતિશાસ્ત્રમાં યાન કહે છે. ૧

ભાવાર્થઃ–છ ગુણોમાં સંધિ તથા વિગ્રહ આ બે પ્રધાન ગુણ છે, તેનું વર્ણન પ્રથમના બે સર્ગમાં કર્યું. હવે આ સર્ગમાં બાકીના ચાર ગુણનું વર્ણન કરવામાં આવશે. તેમાં પ્રથમ યાનનું એટલે શત્રુના ઉપર યાત્રા કરવારૂપી ગુણનું વર્ણન કરે છે. જે રાજાને શત્રુના ઉપર યાન એટલે ચઢાઈ કરવી હોય, તે રાજામાં ઉત્તમ બળ તથા ઉત્તમ વીર્ય હોવું જોઇએ. અહીં બળ શબ્દથી શક્તિબળ, દેશબળ, અને કાળબળ એ ત્રણ પ્રકારનાં બળ કહ્યાં છે. તે ત્રણે બળ રાજામાં હોવાં જોઇએ. તે ઉપરાંત વીર્ય એટલે ઉત્સાહ પણ હોવો જોઇએ. બળ અને વીર્ય એટલે ઉત્સાહ આ બન્ને ઉપરાંત રાજાનું પ્રકૃતિમંડળ એટલે અમાત્યમંડળ અથવા તો પ્રજા-મંડળ રાજાના ગુણો જોઇને તેના ઉપર પ્રીતિવાળું હોવું જોઇએ. કારણ કે, પ્રીતિવાળું પ્રકૃતિમંડળ જ રાજાને તન, મન અને ધનથી સહાયતા કરવાને બહાર પડે છે. જો પ્રજા રાજાથી ઉદાસ રહેતી હોય તો, રાજા ગમે તેટલો

બળવાન્ હોય તો પણ તેનું બળ કે ઉત્સાહ શત્રુ રાજાને જિતવાને નિરર્થક થઈ પડે છે. માટે શત્રુ રાજા ઉપર ચઢાઈ કરનારા રાજામાં બળ અને ઉત્સાહ આ બે વસ્તુ પ્રથમ હોવી જોઇએ. પ્રજામાં પ્રીતિપાત્ર થઈ પડેલા રાજાની જ શત્રુ ઉપર યાત્રા સફળ થાય છે. કૌટિલ્યકૃત અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે:-' गुणातिशययुक्तो यायात् ' कौ. अ. ६-२-९९. રાજાએ ઉત્તમ ગુણોથી સંપન્ન થઇને શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૧

विगृह्य सन्धाय तथा सम्भूयाथ प्रसङ्गतः ।
उपेक्षा चेति निपुणैर्यानं पञ्चविधं स्मृतम् ॥ २ ॥

નીતિશાસ્ત્રમાં નિપુણ પુરુષો ૧ વિગૃહ્યયાન, ૨ સંધાયયાન, ૩ સંભૂયયાન, ૪ પ્રસંગયાન, અને ૫ ઉપેક્ષાયાન, આમ પાંચ પ્રકારનું યાન કહે છે. ૨

विगृह्य याति हि यदा सर्वाञ्छत्रुगुणान् बली ।
विगृह्ययानं यानज्ञास्तदाचार्याः प्रचक्षते ॥ ३ ॥

બળવાન્ વિજિગીષુ રાજા જ્યારે શત્રુના સર્વ અમાત્યાદિકની સાથે યુદ્ધ કરીને તથા તેના બળના વગેરેને લુંટી લઇને મુખ્ય રાજાની ઉપર ચઢાઈ કરે છે, તેને યાત્રાની બાબતને જાણનારા શુક્રાચાર્ય વગેરે 'विगृह्ययान' કહે છે. ૩

अरिमित्राणि सर्वाणि स्वमित्रैः सर्वतो बलात् ।
विगृह्य वारिगमनं विगृह्यगमनं स्मृतम् ॥ ४ ॥

પોતાના સર્વ મિત્રોદ્વારા શત્રુના સર્વ મિત્રોની સાથે બળપૂર્વક ચોતરફથી વિગ્રહ કરીને પંડે શત્રુની ઉપર ચઢાઈ કરવી, તેને પણ નીતિશાસ્ત્રમાં 'विगृह्ययान' કહ્યું છે. ૪

ભાવાર્થ:-પોતાની આગળ રહેનારા તથા પીઠ પાછળ રહેનારા મિત્રોને શત્રુની આગળના તથા પાછળના ભાગમાં રહેનારા શત્રુઓના મિત્રોની સાથે પરાણે લડાવવા અને પોતે શત્રુના ઉપર ચઢાઈ કરવી. આવી યાત્રાને (ચઢાઇને) વિગૃહ્યયાન એટલે યુદ્ધપૂર્વક ચઢાઈ કહે છે અને આ ચઢાઈમાં શત્રુને બને બાજુથી પીડવામાં આવે છે. ૪

(सन्धाय सार्धमरिभिश्चेष्टासंरोधकारिभिः ।
यदन्यत्र रिपौ यानं सन्धायगमनं हि तत् ॥ १ ॥

પોતાની યાત્રામાં (ચઢાઈમાં) અટકાવ કરનારા શત્રુઓની સાથે સમાધાન કરીને બીજા શત્રુ ઉપર જે ચઢાઈ કરવામાં આવે, તેને 'संधाययान' કહે છે.) ૧

सन्धायान्यत्र या यात्रा पार्ष्णिग्राहेण शत्रुणा ।
सन्धायगमनं प्रोक्तं तज्जिगीषोः फलार्थिनः ॥ ५ ॥

ફળની ઇચ્છાવાળો વિજિગીષુ રાજા પોતાની પાછળ, પોતાના રાજ્ય ઉપર ચઢી આવનારા શત્રુ રાજાની સાથે સંધિ કરીને (સલાહ કરીને) બીજા શત્રુ રાજાની ઉપર જે ચઢાઈ કરે છે, તેને 'संधाययान' કહે છે. ૫

एकीभूय यदेकत्र सामन्तैः सामवायिकैः ।
शक्तिशौचयुतैर्यानं सम्भूयगमनं हि तत् ॥ ६ ॥

પોતાના સીમાડા ઉપર રહેનારા અને વિજયમાં મળનારી વસ્તુમાંથી ભાગ લેવામાટે સાથે જોડાયલા એવા શક્તિમાન્ તથા શુદ્ધ અન્તઃકરણના રાજાઓની સાથે, એકત્ર થઈને વિજિગીષુ રાજા શત્રુના ઉપર જે ચઢાઈ કરે, તેને 'संभूययान' કહે છે. ૬

ભાવાર્થઃ–આ શ્લોકમાં સાથે જોડાનારા રાજાને 'शक्तिशौचयुतैः' એવું જે વિશેષણ આપ્યું છે, તેનો અર્થ એવો થાય છે કે, વિજિગીષુ રાજાએ શત્રુ ઉપર ચઢાઈ કરતી વખતે જે રાજાઓને ચઢાઇમાં પોતાની સાથે લઈ જવા હોય, તે રાજા શક્તિમાન્ એટલે બળવાળા હોવા જોઇએ. જો તેઓ નિર્બળ હોય તો ચઢાઈ કરનારા રાજાને ઉલટા હાનિકર્તા થઈ પડે છે તથા તે રાજાઓ શુદ્ધ અન્તઃકરણના પણ હોવા જોઇએ. એટલે વિજિગીષુનો યુદ્ધમાં વિજય થાય તો તેઓએ જિતેલી વસ્તુની વહેંચણી વખતે વિજિગીષુ રાજાની સાથે ટંટો કરીને એમ કહેવું નહિ કે, અમારા પરાક્રમથી તારો વિજય થયો

છે, માટે તું અમને જિતેલા રાજ્યમાંથી અમુક ભાગ આપ. પરંતુ પ્રથમથી જ કરેલા ઠરાવ પ્રમાણે પોતાનો ભાગ લઈને સંતોષ રાખવો. જો રાજ્ય-લોભને લીધે વિજિગીષુ રાજાની સાથે સહાયક રાજાઓ યુદ્ધ કરે છે તો, પરાજય પામેલો શત્રુ રાજા પાછો વિજિગીષુનો પરાજય કરવાને તૈયાર થાય છે અને તેથી વિજિગીષુ રાજાની સ્થિતિ કઠંગી થઈ પડે છે. ૬

उभयारौ तु वा यानं द्वयोः प्रकृतिनाशने ।
सम्भूयगमनं प्रोक्तं हनूमत्सूर्ययोरिव ॥ ७ ॥

અરિ અને વિજિગીષુ બન્ને રાજા પોતાની અમુક બાબતને નાશ થાય ત્યારે હનૂમાન્ અને સૂર્યની પેઠે પરસ્પર સંધિ કરીને પોતાના શત્રુ ઉપર ચઢાઈ કરે, તેને 'संभूययान' કહે છે. ૭

ભાવાર્થઃ—શત્રુ રાજા અને વિજિગીષુ રાજા પરસ્પર સલાહ કરીને પોતાનો નાશ કરવાને તયાર થયેલા ત્રીજા પુરુષ ઉપર ચઢાઈ કરે, તેને સંભૂયયાન કહે છે. આ વિષયમાં હનૂમાન્ અને સૂર્યની કથા એક દૃષ્ટાંત-રૂપ છે. હનૂમાન્ નાની ઉમ્મરના હતા ત્યારે એક વખતે તેણે ઉદય પામતા સૂર્યને અત્યંત લાલચોળ જોઈને, આ શું હશે? એ જાણવાની ઉત્કંઠાથી બે હાથથી સૂર્યને પકડી પાડ્યો. પરંતુ એટલામાં રાહુ સૂર્યને ગળવા માટે આવ્યો, અને હનૂમાનના હાથમાંથી તેને છોડાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. એટલે હનૂમાન્ હાથમાંથી સૂર્યને છોડી દઈને રાહુની પાછળ પડ્યો. સૂર્યે વિચાર કર્યો કે, રાહુ મારો શત્રુ છે અને મને ગળવામાટે આવ્યો હતો અને તેની પાછળ હનૂમાન્ પડ્યો છે માટે મારે હનૂમાનને સહાયતા કરવી જોઈએ. આવો વિચાર કરીને સૂર્યે હનૂમાનને સહાયતા કરીને રાહુનો પરાજય કર્યો. આવી રીતે શત્રુએ તથા વિજિગીષુ રાજાએ દર એક મનુષ્યે આ નીતિનો વ્યવહારમાં પણ ઉપયોગ કરવાની જરૂર છે. ૭

(उभयत्र तु या यात्रा द्वयोः प्रकृतिनाशने ।
सम्भूययानं तत् प्रोक्तं रामसुग्रीवयोरिव) ॥ २ ॥

(બન્ને રાજાની પ્રકૃતિ એટલે સેનાપતિ, અમાત્ય વગેરેનો નાશ

થયો હોય અથવા ભૂમિનું હરણ થયું હોય તેથી, બન્ને એકઠા થઈને બંનેના શત્રુ ઉપર રામ તથા સુગ્રીવની પેઠે ચઢાઈ કરે, તેને સંભૂયયાન કહ્યું છે.) ૨

ભાવાર્થઃ–રામે સુગ્રીવને રાજ્ય અપાવવા માટે સહાયતા કરીને વાલિને માર્યો હતો, અને સુગ્રીવે સીતા અપાવવા માટે રામને સંપૂર્ણ રીતે સહાયતા આપી હતી. ૨

(अल्पसारानुपादाय प्रतिज्ञाय फलोदयम्।
गम्यते यत् परान् जेतुं सम्भूयगमनं हि तत्) ॥ ३ ॥

(થોડા બળવાળા પડોસી રાજાની સાથે 'જિત થશે તો તને અમુક ધન આપીશ' આ રીતે પ્રતિજ્ઞા કરી તેને સાથે લઈને શત્રુઓને જિતવામાટે જે ચઢાઈ કરવામાં આવે છે, તેને સંભૂયયાન કહે છે.) ૩

ભાવાર્થઃ–આ શ્લોકને ક્ષેપક ગણીને જયમંગલકારે આના ઉપર ટીકા કરી નથી પરંતુ ઉપાધ્યાયનિરપેક્ષાકારની ટીકા આ શ્લોક ઉપર છે. તે લખે છે કે; છઠ્ઠા શ્લોકમાં જે યાન કહ્યું છે તે યાનમાં સર્વે એકઠા થઈને જે દેશને જિતે, તે દેશ ઉપર સર્વનું સરખું સામ્ય ગણાય અને આ શ્લોકમાં તો પ્રથમથી કરેલા ઠરાવ પ્રમાણે અમુક ધન જ આપવાનું દર્શાવ્યું છે. ૩

अन्यत्र प्रस्थितः सङ्गादन्यत्रैव हि गच्छति ।
प्रसङ्गयानं तत् प्रोक्तमत्र शल्यो निदर्शनम् ॥ ८ ॥

એક રાજા એકના ઉપર ચઢાઈ કરવામાટે જાતો હોય ત્યાં માર્ગમાં પ્રસંગને લીધે બીજા રાજા ઉપર ચઢાઈ કરવામાટે જાય, તેને પ્રસંગયાન કહે છે. આ વિષયમાં શાલ્ય રાજા ઉદાહરણ છે. ૮

ભાવાર્થઃ–પાંડવોનો મામો શલ્ય રાજા એક અક્ષૌહિણી સેના લઈને પાંડવોને સહાયતા કરવામાટે અને કૌરવોના ઉપર ચઢાઈ કરવામાટે જતો હતો. ત્યાં માર્ગમાં દુર્યોધન તેને જઈ મળ્યો અને તેને કાલાવાલા કરી પોતાનો આત્મા અર્પણ કરીને પોતાના પક્ષમાં આવવામાટે બહુ જ આગ્રહ કર્યો. તે ઉપરથી શલ્ય કૌરવના પક્ષમાં ગયો હતો. આવા યાનને પ્રસંગયાન કહે છે. ૮

रिपुं यातस्य बलिनः सम्प्राप्यारिकृतं फलम् ।
उपेक्ष्य तन्मित्रयानमुपेक्षायानमुच्यते ॥ ९ ॥

વિજિગીષુ રાજા શત્રુના ઉપર ચઢાઈ કરે, તે સમયે તેના બળવાન્ મિત્રો પણ વિજિગીષુ રાજાને સહાયતા કરવામાટે ચઢાઈ કરે. તે સમયે મુખ્ય રાજાએ કરેલી ચઢાઈની ઉપેક્ષા કરીને તેના મિત્રો ઉપર ચઢાઈ કરવી, તેને **उपेक्षायान** કહે છે. ૯

निवातकवचान् हित्वा हिरण्यपुरवासिनः ।
उपेक्षायानमास्थाय निजघान धनञ्जयः ॥ १० ॥

અર્જુને હિરણ્યપુરના નિવાતકવચોને તજી દઇ ઉપેક્ષાયાનનો આશ્રય કરીને તેની સહાયતામાટે ચઢી આવેલા કાલકંજોને પ્રથમ માર્યા હતા અને તે પછી નિવાતકવચોને માર્યા હતા. ૧૦

ભાવાર્થઃ—અર્જુને સ્વર્ગમાં જઇને ઇંદ્રની પાસે દિવ્ય અસ્ત્રોનો અભ્યાસ કર્યો અને અસ્ત્રવિદ્યા ભણી રહ્યા પછી ગુરુ દક્ષિણા માગવાનું કહ્યું એટલે ઇંદ્રે માગ્યું કે, તું નિવાતકવચોને માર. અર્જુને કહ્યું, ઠીક! તે પછી તે ઇંદ્રના રથમાં બેસીને નિવાતકવચોના ઉપર ચઢ્યો. તે વખતે કાલકંજ નામના અસુરો જે નિવાતકવચના મિત્ર થતા હતા, તેઓ નિવાતકવચોનો પક્ષ લઇને લઢવામાટે આવ્યા, એટલે અર્જુને નિવાતકવચોને છોડી દઇને કાલકંજોના ઉપર પ્રથમ ચઢાઈ કરીને તેઓને મારી નાંખ્યા અને તે પછી નિવાતકવચોને મારી નાંખ્યા. આવી જાતની ચઢાઇને **उपेक्षायान** કહે છે. ૧૦

स्त्रियोऽथ पानं मृगया तथाक्षा दैवोपघातश्च बहुप्रकारः ।
इति प्रदिष्टं व्यसनं ह्यनेन समन्वितो यो व्यसनी स गम्यः ॥ ११ ॥

સ્ત્રીસંગ, મદિરાપાન, મૃગયા, જુગાર તથા નાના પ્રકારની દૈવી આપત્તિ આ બધાંને વ્યસન કહ્યાં છે. આમાંથી કોઈ એક વ્યસનમાં જે રાજા પડ્યો હોય, તેવા રાજાના ઉપર ચઢાઈ કરવી ચોગ્ય ગણાય છે. ૧૧

ભાવાર્થઃ—જે રાજાને વ્યસન લાગ્યું હોય તેનાપર ચઢાઈ કરવી, એમ

નીતિશાસ્ત્રમાં કહ્યું છે. વ્યસન બે પ્રકારનાં છેઃ–એક મનુષ્ય તરફથી આવનારું અને બીજું દૈવી એટલે દૈવ તરફથી આવનારું. માનુષી વ્યસન પણ બે પ્રકારનાં છે. એક કામથી થનારું અને બીજું ક્રોધથી થનારું. તેમાં સ્ત્રીસંગ, મદિરાપાન, મૃગયા, અને જુગાર આ કામનાજન્ય વ્યસન છે અને ગાળાગાળી, મારામારી, તથા બીજાને ધનની હાનિ કરવી આ વ્યસન ક્રોધજન્ય કહેવાય છે. આ શ્લોકમાં કામજન્ય વ્યસન કહ્યાં છે પરંતુ ક્રોધજન્ય વ્યસન કહ્યાં નથી. કારણ કે, કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે. દૈવી વ્યસનો એટલે દુઃખો તે અનેક પ્રકારનાં હોય છે. જેમ કે, અગ્નિનો ઉત્પાત, જળનો ઉત્પાત, દુષ્કાળ, મરકી વગેરે અનેક પ્રકારનાં સંકટો હોય છે. ૧૧

આસનના ભેદ

परस्परस्य सामर्थ्यविघातादासनं स्मृतम् ।
अरेश्च विजिगीषोश्च तत् पञ्चविधमुच्यते ॥ १२ ॥

શત્રુ તથા વિજિગીષુ એક બીજાનાં સામર્થ્યનો નાશ નહિ કરી શકવાથી બન્ને જણા પોતપોતાના રાજ્યમાં બેસી રહે, તેને આસન કહે છે. અને તે આસન પાંચ પ્રકારનું કહેવાય છે. વિગૃહ્યાસન, સંધાયાસન, સંભૂયાસન, પ્રસંગાસન અને ઉપેક્ષાસન. ૧૨

ભાવાર્થઃ–શત્રુ અને વિજિગીષુ એક બીજાનો પરાજય કરવા અશક્ત હોય ત્યારે શાંતિથી પોતાના કિલ્લામાં બેસી રહે છે. તેને નીતિશાસ્ત્રમાં આસન કહે છે. કૌટિલ્યકૃત નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ–न मां परो नाहं परमुपहन्तुं शक्त इत्यासीत् (કૌ. અ. ૭–૧–૬૮–૬૯) શત્રુ મારો નાશ કરવાને અને હું શત્રુનો નાશ કરવાને શક્તિમાન્ નથી આમ જાણવામાં આવે ત્યારે એક ઠેકાણે બેસી રહેવું તેને આસન કહે છે. ૧૨

अन्योन्याक्रान्तिकरणं विगृह्यासनमुच्यते ।
अरिं विगृह्य वास्थानं विगृह्यासनमुच्यते ॥ १३ ॥

યુદ્ધ કરનારા અરિ રાજાનું તથા વિજિગીષુ રાજાનું બળ પડી ભાગે ત્યારે તેઓનું પોતાના સ્થાનમાં જઈને જે બેસવું તેને વિગૃહ્યાસન

કહે છે. અથવા તો વિજિગીષુ રાજા શત્રુ રાજાની સાથે યુદ્ધ કરીને પાછળથી પોતાના કિલ્લામાં ભરાઈ બેસે, તેને પણ **વિગૃહ્યાસન** કહે છે. ૧૩

यदा दुर्गस्थितः शत्रुर्ग्रहीतुं न च शक्यते ।
विगृह्यैनं तदासीत हत्वास्यासारवीवधौ ॥ १४ ॥
विच्छिन्नवीवधासारं प्रक्षीणयवसेन्धनम् ।
विरज्यमानप्रकृतिं कालेनैव वशं नयेत् ॥ १५ ॥

શત્રુ કિલ્લામાં ભરાઈ બેઠો હોય અને તેને પકડીને વશ કરી શકાતો ન હોય ત્યારે વિજિગીષુ રાજાએ શત્રુરાજાને સહાયતા કરવા માટે આવતાં તેનાં સ્નેહીઓનાં સૈન્યને અટકાવીને તથા પરદેશમાંથી આવતાં ધાન્યાદિકનો નાશ કરીને એ રાજાની સાથે યુદ્ધ કરીને એક સ્થાન ઉપર બેસી જવું અને કાળે કરીને શત્રુ રાજાને ધાન્યાદિકની તથા સ્નેહીઓનાં સૈન્યની સહાયતા બંધ પડી જાય, રાજ્યમાંથી ધાન્ય, કાષ્ઠ વગેરે ખૂટી જાય, તથા તેની પ્રજા તેના ઉપર વિરક્ત (અપ્રસન્ન) થઈ જાય ત્યારે તે રાજાના ઉપર ચઢાઈ કરીને તેને વશ કરવો. ૧૪-૧૫

अरेश्च विजिगीषोश्च विग्रहे हीयमानयोः ।
सन्धाय समवस्थानं सन्धायासनमुच्यते ॥ १६ ॥

શત્રુ રાજા અને વિજિગીષુ રાજા યુદ્ધમાં લઢીને નિર્બળ પડી ગયા પછી પરસ્પર સલાહ કરીને પોતાના રાજ્યમાં બેસી જાય, તેને **સંધાયાસન** કહે છે. ૧૬

निवातकवचैः सार्धं रावणः शत्रुरावणः ।
ब्रह्माणमन्तरे कृत्वा सन्धायासनमास्थितः ॥ १७ ॥

પૂર્વે શત્રુને રોવરાવનારા રાવણને નિવાતકવચોની સાથે યુદ્ધ થયું હતું. તે યુદ્ધ ઘણા સમય સૂધી ચાલ્યું હતું. છેવટે રાવણે બ્રહ્માને

વચ્ચે નાંખીને સલાહ કરી અને પોતે પોતાના રાજ્યમાં જઇને બેઠો. આને **સંધાયાસન** કહે છે. ૧૭

ભાવાર્થઃ–પૂર્વે રાવણે તપ તપી, બ્રહ્માને પ્રસન્ન કરી, તેની પાસેથી વર મેળવીને ત્રણે લોકનો વિજય કર્યો હતો અને મોટી ઉત્સાહ શક્તિ સાથે પાતાળ લોકનો વિજય કરવામાટે તે પાતાળમાં દાખલ થયો. ત્યાં ભોગવતી નામની એક નગરી હતી, જેમાં નિવાતકવચ નામના અસુરો રહેતા હતા. રાવણે તેઓની સાથે ઘણા સમય સૂધી યુદ્ધ કર્યું, અને તેમાં બન્ને જણા ક્ષીણ થઈ ગયા. એટલામાં બ્રહ્માને ખબર પડી કે, રાવણ પાતાળમાં નિવાતકવચોની સાથે લઢે છે અને કદાચ તેની સાથે લઢતાં રાવણનું મૃત્યુ થશે તો મેં તેને જે વર આપ્યો છે તે નિષ્ફળ થશે અને તેથી મારું વર ખોટું ગણાશે. માટે ત્યાં જઇને નિવાતકવચોને અને રાવણને લઢતાં અટકાવું, આવો વિચાર કરીને બ્રહ્મા પાતાળમાં ગયા અને રાવણને તથા નિવાતકવચોને લઢતાં બંધ પાડ્યા. રાવણ લોકોને રોવરાવનારો હતો પરંતુ લઢીને થાકી ગયો હતો તેથી તેને પણ સલાહ કરવાની ઇચ્છા હતી. તેથી તેણે બ્રહ્માને પ્રતિભૂ એટલે લવાદ ઠરાવીને નિવાતકવચોની સાથે સલાહ કરી અને તે પોતાની રાજધાનીમાં જઇને શાંતિથી બેઠો. આ રીતના આસનને સંધાયાસન કહે છે. ૧૭

उदासीने मध्यमे च समानप्रतिशङ्क्या ।
एकीभूय व्यवस्थानं सम्भूयासनमुच्यते ॥ १८ ॥

ઉદાસીન તથા મધ્યમ રાજા મારા સમાન બળવાન્ છે, તેથી તે કોઈ દિવસ મારા ઉપર ચઢાઈ કરશે આવી, શંકાથી તેની સાથે સલાહ કરીને રહેવું, તેને સંભૂયાસન કહે છે. ૧૮

उभयारिं हि वाञ्छन्तं विनाशमुभयोरपि ।
सम्भूयैनं प्रतिव्यूहेदधिकं सर्वसम्पदा ॥ १९ ॥

મધ્યમના તથા ઉદાસીનના એમ બન્નેના શત્રુ અને બન્નેનો નાશ કરવાની ઇચ્છા કરનારા અને સર્વ પ્રકારની રાજકીય સંપત્તિથી

અધિક બળવાન્ થયેલા વિજિગીષુ રાજાના ઉપર મધ્યમ તથા ઉદાસીન રાજા પરસ્પર સલાહ કરી, એકઠા મળીને ચઢાઈ કરે, તેને **संभूयासन** કહે છે. ૧૯

यियासोरन्यमन्यत्र प्रसङ्गेन हि केनचित् ।
आसनं यत् तदर्थज्ञैः प्रसङ्गासनमुच्यते ॥ २० ॥

વિજિગીષુ રાજાને શત્રુ ઉપર ચઢાઈ કરવાની ઇચ્છા હોય, એટલામાં તે પોતાના મિત્રને ત્યાં વિવાહાદિક પ્રસંગને લીધે જાય તેને, આસન નામના ગુણને જાણનારા વિદ્વાનો **प्रसंगासन** કહે છે. ૨૦

अथोपेक्ष्यारिमधिकमुपेक्षासनमुच्यते ।
उपेक्षां कृतवानिन्द्रः पारिजातग्रहं प्रति ॥ २१ ॥

પોતાના કરતાં અધિક બળવાન્ શત્રુની ઉપેક્ષા કરીને પોતાની રાજધાનીમાં બેસી જવું, તેને **उपेक्षासन** કહે છે. પૂર્વે શ્રીકૃષ્ણ પારિજાતક નામનું વૃક્ષ સ્વર્ગમાંથી લઈ ગયા, તે સમયે ઇંદ્રે તેને માટે ઉપેક્ષા કરી હતી. ૨૧

ભાવાર્થઃ—શ્રીકૃષ્ણને સત્યભામા નામની એક પ્રિય રાણી હતી. તેને સાથે લઇને એક વખતે શ્રીકૃષ્ણ ઇંદ્રને સહાયતા કરવામાટે સ્વર્ગમાં ગયા હતા, ત્યાં ઇંદ્રાણીએ સત્યભામાને પોતાનું નંદન વન દેખાડ્યું; નંદનવનમાં અનેક જાતનાં પુષ્પિત વૃક્ષો તથા પુષ્પિત લતાઓ જોઇને સત્યા પ્રસન્ન થયાં અને તેણે પારિજાતકનાં પુષ્પવૃક્ષની ઇંદ્રાણીની પાસે પ્રણયપૂર્વક માગણી કરી, પરંતુ ઇંદ્રાણીએ સત્યાને મનુષ્ય જાતિની માનીને પારિજાતક વૃક્ષ આપવાની ના કહી. તે ઉપરથી સત્યભામાને કોપ ચઢ્યો, અને તેણે તે વૃક્ષ લેવામાટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. એટલે શ્રીકૃષ્ણ જાતે નંદનવનમાં ગયા અને ત્યાંથી પારિજાતકનું વૃક્ષ ઉખેડીને દ્વારકામાં લાવ્યા અને તેને ઉપવનમાં વાવ્યું. ઇંદ્રે વિચાર કર્યો કે, દેવોને શ્રીકૃષ્ણની સાથે અનેકવાર કામ પડે છે. વળી શ્રીકૃષ્ણ મહાબળવાન્ છે, માટે તેની સાથે વિરોધ કરવો યોગ્ય નથી. આવો વિચાર કરીને તે બેસી રહ્યો. આવી રીતનાં આસનને **उपेक्षासन** કહે છે.

उपेक्षितस्य वान्यैस्तु कारणेनैव केनचित् ।
आसनं रुक्मिण इव तद्धयुपेक्षासनं स्मृतम् ॥ २२ ॥

બન્ને પક્ષના રાજાઓ પરસ્પર યુદ્ધ કરવાને તત્પર થયા હોય ત્યારે એક રાજા પોતાની સેનાને સાથે લઇને તે રાજાઓને કહે કે, તમારે જો મારી સહાયતા જોઇતી હોય તો લ્યો. તે ઉપરથી બન્ને પક્ષના રાજા કોઈ કારણથી તેની ઉપેક્ષા કરે, એટલે તેની સહાયતા લે નહિ; અને તે રાજા રુક્મિની પેઠે એક ઠેકાણે બેસી રહે, તેને **उपेक्षासन** કહે છે. ૨૨

ભાવાર્થઃ–કૌરવો અને પાંડવો યુદ્ધ કરવામાટે તત્પર થયા. તે સમયે કથકૈશિક દેશનો રાજા રુક્મિ એક અક્ષૌહિણી સેના સાથે લઇને કૌરવોની તથા પાંડવોની પાસે ગયો, અને કહ્યું કે, જો તમને રણમાં ભય લાગતો હોય તો હું તમને સહાયતા કરું. તેઓએ જાણ્યું કે; આને લઢવાની ઘણી ઇચ્છા જણાતી નથી. તેથી બન્ને પક્ષે તેને ના કહી, એટલે તે પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો. ૨૨

દ્વૈધીભાવના ભેદ

बलिनोर्द्विषतोर्मध्ये वाचात्मानं समर्पयेत् ।
द्वैधीभावेन वर्त्तेत काकाक्षिवदलक्षितः ॥ २३ ॥

એક રાજા બે બળવાન્ શત્રુઓની વચ્ચે વસતો હોય તો તેણે બન્ને શત્રુ રાજાને પોતાનો આત્મા તથા પોતાનું રાજ્ય વાણીથી અર્પણ 'કરવું એટલે બન્ને શત્રુ રાજાને વાણીથી કહેવું કે મારો આ આત્મા તથા મારું આ રાજ્ય તમને અર્પણ કરું છું.' આમ વાણીથી કહીને કાગડાની આંખની પેઠે કોઈ પણ જાણે નહિ, તેમ બન્નેના તરફ દ્વિધા-ભાવથી વર્તવું. ૨૩

ભાવાર્થઃ–એક રાજા નિર્બળ હોય અને તેની આસપાસના બન્ને રાજા બળવાન્ હોય તો તે રાજાએ બન્ને રાજાને કર્મથી નહિ પરંતુ વાણીથી અનુસર્યા કરવું. જેમકે હું અને આ મારું રાજ્ય સર્વ તમારું છે, એમ માત્ર

વાણીથી જ કહેવું, પરંતુ કર્મથી તેનો અમલ કરવો નહિ અને તે પણ બન્ને રાજાને કહીને બન્નેનો આશ્રય કરવો. પરંતુ બન્ને રાજા ન જાણે તેમ બન્નેય રાજાનો આશ્રય કરવો. તેમાં કામંદક કાગડાની આંખનું દૃષ્ટાંત આપે છે. કાગડાને એક જ આંખ હોય છે, પરંતુ કાગડો એક આંખનો બન્ને નેત્ર ગોલકમાં ઉપયોગ કરે છે અને બન્ને બાજુ જોયા કરે છે. કોઈ એમ પારખી શકતું નથી કે. કાગડાને એક આંખ છે. તેમ બુદ્ધિમાન્ રાજાએ પણ એવી રીતે બન્ને બળવાન્ રાજાનો આશ્રય કરવો કે, એક રાજા એમ સમજી શકે નહિ કે, આ રાજાએ બીજા રાજાનો આશ્રય કર્યો છે. જેમાં બે રાજાનો આશ્રય કરવામાં આવે છે તેને દ્વૈધીભાવ કહે છે અને જેમાં એક રાજાનો આશ્રય કરવામાં આવે છે તેને સંશ્રય કહે છે. ૨૩

यापयेद् यत्नमास्थाय सन्निकृष्टतरस्तयोः ।
उभयोरपि सम्पाते सेवेत बलवत्तरम् ॥ २४ ॥

બન્ને શત્રુ રાજાની અત્યંત સમીપમાં રહેનારા રાજાએ પ્રયત્નથી પોતાનો કાળ કાઢી નાંખવો અને એ બન્ને રાજા પોતાના ઉપર ચઢી આવે તો અધિક બળવાન્ રાજાની સેવા કરવી. ૨૪

ભાવાર્થઃ—બન્ને બળવાન્ રાજાની વચ્ચે રહેનારા રાજાએ બન્ને રાજાને, રાજી રાખવામાટે બન્નેને કહ્યા કરવું કે, 'તમારા કહેવા પ્રમાણે કરું છું.' આમ બન્નેને આશા આપીને કાળ કાઢી નાંખવો. ૨૪

यदा द्वावपि नेच्छतां संश्लेषं जातसंविदौ ।
तदोपसर्पस्तच्छत्रुमधिकं वा समाश्रयेत् ॥ २५ ॥

જ્યારે બન્નેય રાજા જાણે કે 'આ રાજા વંચક છે' અને સંધિ કરવાની ઇચ્છા કરે નહિ ત્યારે વિજગીષુ રાજાએ તેના શત્રુ રાજાનો અથવા તો તેના કરતાં અધિક બળવાન્ રાજાનો આશ્રય કરવો. ૨૫

द्वैधीभावो द्विधा प्रोक्तः स्वतन्त्रपरतन्त्रयोः ।
स्वतन्त्र उक्तो ह्यन्यस्तु यः स्यादुभयवेतनः ॥ २६ ॥

સ્વતંત્ર તથા પરતંત્ર એમ દ્વૈધીભાવ બે પ્રકારનો કહ્યો છે, તેમાં સ્વતંત્ર એટલે વિજિગીષુના આધીન એવો દ્વૈધીભાવ પૂર્વના શ્લોકમાં કહ્યો અને બીજો દ્વૈધીભાવ પરાધીન છે. કારણ કે, તેમાં પુરુષ બન્ને રાજાનો પગારદાર હોવાથી તેને બન્નેના આધીન વર્તવું પડે છે. ૨૬

ભાવાર્થઃ-જે રાજાથી પોતાનું રક્ષણ થાય તે રાજાનો વિજિગીષુ રાજા આશ્રય કરે છે તેથી તે દ્વૈધીભાવ વિજિગીષુના સ્વાધીન હોવાથી સ્વતંત્ર કહેવાય છે. પરંતુ એક સેવક બન્ને રાજા તરફથી પગાર ખાય છે તેનું કર્મ તે રાજાના આધીન હોય છે, તેથી તેનો દ્વૈધીભાવ પરતંત્ર હોય છે. ૨૬

સંશ્રયના ભેદ

उच्छिद्यमानो बलिना निरुपायप्रतिक्रियः ।
कुलोद्गतं सत्यमार्यमाश्रयेत बलोत्कटम् ॥ २७ ॥

જ્યારે બળવાન્ રાજા પોતાના રાજ્ય ઉપર ચઢી આવે અને પોતાના દેશમાંથી પોતાને બહાર કાઢી મૂકે, ત્યારે પોતાની રક્ષા કરવાનો ઉપાય ન હોય તો રાજકુળમાં જન્મેલા, સત્યવાદી અને મહાબળવાન્ એવા આર્ય (ઉત્તમ ગુણવાળા) રાજાનો આશ્રય કરવો. ૨૭.

ભાવાર્થઃ-વિજિગીષુ રાજાને બળવાન્ રાજાનો ભય લાગે ત્યારે તેમણે કુલીન રાજાનો આશ્રય કરવો, એમ નીતિશાસ્ત્રમાં કહ્યું છે. જરાસંધે એકસો રાજાને પહાડી કિલ્લામાં કેદ કરીને તેની બુરી દશા કરી. તે ઉપરથી તે રાજાઓએ શ્રીકૃષ્ણનો આશ્રય માંગ્યો હતો અને શ્રીકૃષ્ણે તે રાજાઓને કેદમાંથી મુકત કર્યા હતા. આ આશ્રયનો દૃષ્ટાન્ત છે. ૨૭

तेदर्शनोपास्तिकता नित्यं तद्भावभाविता ।
तत्कारिता प्रश्रयिता वृत्तं संश्रयिणां स्मृतम् ॥ २८ ॥

બળવાન્ રાજાનો આશ્રય કરનારા રાજાએ પોતાને આશ્રય આપનારા રાજાનાં દર્શન કરવાં, તેની ઉપાસના કરવી, તેના અભિપ્રાય પ્રમાણે વર્તવું, તેનાં કાર્ય કરવાં અને સરળતાથી વર્તવું આ સમાશ્રિત રાજાઓનું વર્તન નીતિશાસ્ત્રમાં કહ્યું છે. ૨૮

विनीतवत् तत्र कालं गमयित्वा गुराविव ।
तत्सङ्गात् प्रतिपूर्णः सन् क्रमेण स्ववशो भवेत् ॥ २९ ॥

શિષ્ય જેમ ગુરુની પાસે વિનયથી સમય ગાળે, તેમ સમાશ્રિત રાજાએ આશ્રયદાતા રાજાની પાસે વિનયથી સમય ગાળવો અને આશ્રયદાતાના સહવાસથી ક્રમે કરીને સંપૂર્ણ શક્તિમાન્ થયા પછી પોતાનાં કર્મ સ્વતન્ત્રીપણાથી કરવાં. ૨૯

ददद् बलं वा कोशं वा भूमिं वा भूतिसम्भवाम् ।
आश्रयेदभियोक्तारं विसन्धिरनपाश्रयः ॥ ३० ॥

શત્રુ રાજા સંધિ (સલાહ) કરે નહિ, તેમ આર્ય રાજાનો આશ્રય મળે નહિ, તો રાજાએ દંડ આપીને અથવા તો પોતાનો ખજાનો આપીને અથવા તો ગુણવતી ભૂમિ આપીને ચઢાઈ કરનારા રાજાની સાથે સલાહ કરવી. ૩૦

सर्वाणि चैतान्यार्तः सन् दद्यात् त्राणार्थमात्मनः ।
युधिष्ठिर इवाप्नोति पुनर्जीवन् वसुन्धराम् ॥ ३१ ॥

અથવા તો શત્રુ તરફથી આર્ત થયેલા રાજાએ પોતાનાં રક્ષણ માટે સર્વ વસ્તુઓ આપી દેવી. તે જીવતો રહે છે તો યુધિષ્ઠિરની પેઠે ફરી પૃથ્વીને પ્રાપ્ત કરે છે. ૩૧

निष्पतेदात्मलाभे वा व्यसने वा रिपोः श्रितः ।
प्रहरेद् वा बलीयस्या सैंह्या वा काल उत्थितः ॥ ३२ ॥

શત્રુનો આશ્રય કરનારા રાજાએ (શત્રુના તાબામાંથી છૂટવા માટે) પોતાનો અભ્યુદય થાય ત્યારે, અથવા તો શત્રુને સંકટ આવે ત્યારે તેના ઉપર ચઢાઈ કરવી, અથવા તો કાળ પોતાને અનુકૂળ થાય તે સમયે મત્તપ્રમત્તની પેઠે બળવાન્ વૃત્તિથી અથવા તો સિંહની પેઠે શત્રુરાજાના ઉપર ચઢાઈ કરીને તેનો નાશ કરવો. ૩૨

ભાવાર્થઃ–રાજાના પ્રકૃતિ મંડળમાં કલહ થાય છે, તે રાજાનું એક જાતનું સંકટ કહેવાય છે. તેવા સમયમાં શત્રુ રાજાનો પરાજય કરવાની ઇચ્છા કરે છે તો કરી શકે છે. નિરુપાયથી બળવાન્ રાજાને સર્વસ્વ આપી દઇને વશ થઈ રહેલો રાજા આવા સમયનો ખાસ લાભ લે છે. ૩૨

नाकारणात् सङ्गमियाज्ज्यायसा वेतरेण वा ।
क्षयव्ययकृताद् दोषाद् विस्रम्भद्रोहजादपि ॥ ३३ ॥

પોતાના કરતાં અધિક બળવાળા રાજા સાથે, પોતાના સમાન બળવાળા રાજાની સાથે અથવા તો પોતાનાથી ન્યૂન બળવાળા રાજાની સાથે કારણ વિના યુદ્ધ કરવું નહિ. કારણ કે, યુદ્ધ કરવાથી પોતાના ભાઇઓ વગેરેનો તથા મિત્ર સ્નેહીઓનો નાશ થાય છે. ધનાદિકનો ખર્ચ થાય છે અને વિશ્વાસઘાત પણ કરવો પડે છે. આ સર્વ યુદ્ધમાં દોષ રહેલા છે, માટે કારણ વગર યુદ્ધ કરવું નહિ. ૩૩

ભાવાર્થઃ–પોતાના શત્રુ રાજાએ પોતાના શત્રુની સાથે વિગ્રહ કર્યો ન હોય ત્યાં સૂધી વિજિગીષુ રાજાએ તેની સાથે યુદ્ધ કરવું નહિ પરંતુ દૂરથી તેને ખજાનો વગેરે આપીને તેને શરણે જવું. કૌટિલ્યકૃત અર્થ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

"कोशदंडभूमीनामन्यतमेनास्योपकर्तुमदृष्टः प्रयतेत ।
महादोषो हि निविष्टबलसमागमो राज्ञामन्यत्रारिविगृहीतात् ॥

વિજિગીષુ રાજાએ શત્રુ રાજાની દૃષ્ટિએ પડ્યા વગર ખજાનો, દંડ અને ભૂમિ એમાંથી કોઈ એક વસ્તુ આપીને શત્રુ રાજાનો ઉપકાર કરવાનો પ્રયત્ન કરવો. શત્રુને શત્રુની સાથે વિગ્રહ થયો ન હોય ત્યારે તેની સાથે યુદ્ધ કરવામાટે જવું, એ રાજાઓનો મોટો અવગુણ ગણાય છે. વ્યવહાર દૃષ્ટિથી જોતાં યુદ્ધ કરવામાં કેટલીએક હાનિ રહેલી છે. જેમ યુદ્ધમાં કેટલાક પુરુષોનું મરણ થાય, ધનનો મોટો ખર્ચ થાય, વળી વિશ્વાસઘાત કરવાથી પાપ પણ લાગે, આવા કેટલાએક દોષો યુદ્ધમાં સમાયલા હોવાથી બનતાં સૂધી યુદ્ધ કરવું નહિ. ૩૩

संयोगं हेतुना गत्वा पितर्यपि न विश्वसेत् ।
विश्वासमागतं सन्तं प्रायो हिंस्यन्त्यसाधवः ॥ ३४ ॥

કોઈ કારણને લઈને પિતાની સાથે પણ સંધિ કરવી, પરંતુ તેનો વિશ્વાસ કરવો નહિ. કારણ કે દુર્જન પુરુષો વિશ્વાસ કરનારા સત્પુરુષનો ઘણું કરીને નાશ કરે છે. ૩૪

इति षाड्गुण्यमन्ये तु द्वैगुण्यमभिचक्षते ।
यानासने विग्रहस्य रूपं सद्भिः प्रकीर्तितम् ॥ ३५ ॥

આ રીતે સંધિ, વિગ્રહ, યાન, આસન, અને સંશ્રય એ છ ગુણ છે, પરંતુ કેટલાએક સંધિ અને વિગ્રહ આ બે ગુણ છે આમ કહે છે. અને તેમાં યાન તથા આસન એ વિગ્રહનું સ્વરૂપ છે, એમ સત્પુરુષો કહે છે. ૩૫

सन्धेस्तु सन्धिमार्गज्ञैर्द्वैधीभावसमाश्रयौ ।
सोऽभिगच्छंश्च तिष्ठंश्च विग्रहं कुरुते यतः ॥ ३६ ॥
ततो यानासने प्राज्ञैर्विग्रहः परिकीर्त्यते ॥ ३६½ ॥

અને સંધિના માર્ગને જાણનારા નીતિવેત્તાઓ દ્વૈધીભાવ તથા સમાશ્રય આ બે સંધિનાં સ્વરૂપ છે, આમ કહે છે. વિજિગીષુ રાજા શત્રુની ભૂમિમાં ચઢાઈ કરી તેના દેશને ઉજ્જડ કરીને વિગ્રહ કરે છે અથવા તો શત્રુને હણવામાટે અશક્ત હોવાથી, અને શત્રુ રાજાને છેતરવાની ઇચ્છાથી પોતાની ભૂમિનો આશ્રય કરીને બેસી રહે છે. અથવા તો પોતાની રાજધાનીમાં બેઠો બેઠો યુદ્ધ કરે છે. માટે યાન તથા આસન વિગ્રહરૂપ છે, આમ નીતિવેત્તાઓ કહે છે. ૩૬

असन्धाय यतो नास्ति द्वैधीभावः समाश्रयः ।
ततो द्वावपि तौ प्राज्ञै रूपं सन्धेरुदाहृतौ ॥ ३७½ ॥

સંધિ કર્યા વિના દ્વિધારૂપે કેમ વર્તી શકાય તેમ આશ્રય પણ કેવી રીતે કરી શકાય ? માટે દ્વૈધીભાવને તથા સમાશ્રયને વિદ્વાનો સંધિનાં રૂપ કહે છે. ૩૭

(सन्धायेति हि यत् प्रोक्तं तत् सन्धे रूपमुच्यते ।
विगृह्येति च यत् प्रोक्तं विग्रहस्य तदुच्यते ॥
सन्धिश्च विग्रहश्चेति द्वैगुण्यमिति चक्षते) ॥ ४ ॥

('સંધિ કરીને' આમ કહીને જે જે ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે તે સંધિનું રૂપ કહ્યું છે અને 'વિગ્રહ કરીને' એમ કહીને જે જે ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે તે વિગ્રહનું રૂપ કહ્યું છે. સંધિ તથા વિગ્રહ આ બે ગુણ છે, એમ નીતિવેત્તાઓ કહે છે.) ૪

एतौ च संश्रयश्चैव त्रैगुण्यमिति चापरे ॥ ३८ ॥

કેટલાએક કહે છે કે સંધિ વિગ્રહ તથા સંશ્રય આ ત્રણ ગુણ છે. ૩૮

तस्मादन्यं संश्रयेत बाध्यमानो बलीयसाः ।
तत्सन्धेः संश्रयो ह्यन्य इत्युवाच बृहस्पतिः ॥ ३९ ॥

બળવાન્ શત્રુ રાજા દુઃખ દેવા માંડે ત્યારે બીજા રાજાનો આશ્રય કરવો આમ કહ્યું છે. માટે સંશ્રય નામનો ગુણ સંધિના કરતાં ભિન્ન છે, આમ બૃહસ્પતિ કહે છે. અર્થાત્ બૃહસ્પતિના મતમાં સંધિ, વિગ્રહ અને સંશ્રય આમ ત્રણ ગુણ છે. ૩૯

न्याय्यो गुणो विग्रह एक एव सन्ध्यादयोऽन्ये तु गुणास्तदुत्थाः ॥
अवस्थया भेदमुपागतः सन् षाड्गुण्यमित्येव गुरोर्मतं नः ॥ ४० ॥

અમારા ગુરુનો (કૌટિલ્યનો-ચાણક્યનો) મત એવો છે કે, નીતિશાસ્ત્રમાં વિગ્રહ નામનો એક જ ગુણ કહ્યો છે અને સંધિ વગેરે બીજા ગુણો તેમાંથી ઉત્પન્ન થયા છે અર્થાત્ તેના અંગભૂત છે. વિગ્રહ નામનો ગુણ પ્રધાન છે અને તે અવસ્થાને લીધે ભેદ પામે છે ત્યારે છ પ્રકારનો થાય છે. ૪૦

ભાવાર્થઃ–નીતિશાસ્ત્રમાં વિગ્રહ નામનો એક જ ગુણ વર્ણવ્યો છે, પરંતુ અવસ્થાને લીધે તેના છ પ્રકાર થાય છે. કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

"हीयमानः संधीयेत, अभ्युच्चीयमानो विगृह्णीयात्, न मां परो नाहं परमुपहन्तुं शक्त इत्यासीत, गुणातिशययुक्तो यायात्, शक्तिहीनः संश्रयेत, साहाय्यसाध्ये कार्ये द्वैधीभावं गच्छेत्, (कौ. अ. ६–२–९९) ૧ જો પોતે બળમાં શત્રુ રાજાના કરતાં ઉતરતો હોય તો સંધિ કરવો, ૨ તેના કરતાં વધારે બળવાન્ હોય તો શત્રુની સાથે વિગ્રહ કરવો, ૩ મને શત્રુ મારી શકે તેમ નથી, તેમ હું શત્રુને મારી શકું તેમ નથી, આમ જાણનારાએ એક સ્થાનકે આસન કરવું એટલે બેસી જવું, ૪ વિશેષ ગુણવાળા પુરુષે શત્રુના ઉપર ચઢાઈ કરવી, ૫ શક્તિહીન પુરુષે બીજા રાજાનો આશ્રય કરવો, અને ૬ પોતાનું કાર્ય સહાયથી સાધી શકાય તેવું છે એમ જો જાણવામાં આવે તો, દ્વૈધીભાવ ધારણ કરવો. આ રીતે એક જ વિગ્રહ ગુણ અવસ્થાના ભેદથી છ પ્રકારનો છે. ૪૦

યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રયના ભેદ એ નામનું પ્રકરણ ૧૬ મું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં 'યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રયના ભેદ' એ નામનો સર્ગ ૧૨ મો સમાપ્ત

સર્ગ ૧૨ મો–પ્રકરણ ૧૭ મું

મંત્રના વિકલ્પ તથા મંત્રની પ્રશંસા

षाड्गुण्यनिश्चितमतिर्गुह्यं गूढप्रचारवान् ।
मन्त्रयेतेह मन्त्रज्ञो मन्त्रज्ञैः सह मन्त्रिभिः ॥ १ ॥

બુદ્ધિથી (સંધિ, વિગ્રહ, આદિ) છ ગુણોનો નિર્ણય કરનારા, ગુપ્ત રીતે રાજકીય કાર્ય કરનારા તથા મંત્રને જાણનારા રાજાએ, મંત્રને જાણનારા મંત્રીઓની સાથે પોતાના તથા પરકીય રાજાના રાજ્યવિશે મંત્ર (વિચાર) કરવો. ૧

ભાવાર્થઃ-પારકાં રાજ્યને જિતવામાં ઉપાયરૂપ એવા છ ગુણનું ત્રણ સર્ગમાં વર્ણન કર્યું; પરંતુ મંત્રને નહિ જાણનારો રાજા એ છ ગુણોનો પ્રયોગ કરી શકતો નથી, માટે આ સર્ગમાં મંત્રવિકલ્પ એટલે મંત્રના ભેદ કહેવામાં આવશે. મંત્ર એટલે રાજ્ય સંબંધી ગુપ્ત વિચાર. જેમ છ ગુણોમાંથી કયા ગુણનો આશ્રય કરવાથી મારી વૃદ્ધિ થાય અથવા તો પડતી થાય, કયા ઉપાયથી મને રાજ્ય, ધન, હાથી, ઘોડા, સૈન્ય વગેરેનો લાભ થાય, કયા ઉપાયથી હું બીજાનું રાજ્ય તાબે કરી શકું, મેળવેલી વસ્તુની કેવી રીતે રક્ષા કરવી અને નહિ મેળવેલી ભૂમિ વગેરેને કેવી રીતે મેળવવી, મારી પ્રજા કેવી રીતે વર્તવાથી રાજી થાય, વગેરે વિષયોનો મંત્રીઓની સાથે વિચાર કરવો, તેનું નામ મંત્ર અને તે મંત્રને જાણનારો રાજા મંત્રજ્ઞ કહેવાય છે. રાજા મંત્રજ્ઞ હોય તો પણ તેણે એકલાએ વિચાર કરવો નહિ, પરંતુ મંત્ર જાણનારા મંત્રીઓની સાથે બેસીને રાજકીય કાર્યો વિશે મંત્ર-વિચાર-કરવો. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

"नैकस्य मंत्रसिद्धिरस्तीति विशालाक्षः એક પુરુષ મંત્ર (વિચાર) કરે છે, તો તેના મંત્રની સિદ્ધિ થતી નથી, એવો વિશાલાક્ષનો મત છે." ૧

मन्त्रार्थकुशलो राजा सुखं विजयमश्नुते ।
विपरीतस्तु विद्वद्भिः स्वतन्त्रोऽप्यवधूयते ॥ २ ॥

જે રાજા મંત્ર કરવામાં કુશળ હોય છે, તે રાજા સુખેથી વિજય મેળવે છે, પરંતુ જે રાજા મંત્ર કરવામાં કુશળ હોતો નથી, તે રાજા સ્વતંત્ર હોવા છતાં પણ વિદ્વાન્ પુરુષો (તેને મૂર્ખ ગણીને) તેનું અપમાન કરે છે. ૨

दुर्मन्त्रमेनं रिपवो यातुधाना इव क्रतुम् ।
समन्ततो विलुम्पन्ति तस्मान्मन्त्रपरो भवेत् ॥ ३ ॥

જે યજ્ઞમાં અશુદ્ધ મંત્ર ભણવામાં આવે છે, તે યજ્ઞનો જેમ રાક્ષસો સંપૂર્ણ રીતે નાશ કરી નાંખે છે, તેમ જે રાજા દુર્મંત્રણા

(નીતિશાસ્ત્રથી વિરુદ્ધ વિચાર) કરે છે, તેનો શત્રુઓ ચોતરફથી નાશ કરે છે. તે માટે રાજાએ મંત્રમાં (વિચારમાં) પરાયણ થવું (અર્થાત્ રાજકીય કાર્ય કરતાં પહેલાં વિચાર કરવો.) ૩

मन्त्रयेतेह कार्याणि सहाप्तेन विपश्चिता ।
आप्तं मूर्खमनाप्तं च मन्त्रिणं परिवर्जयेत् ॥ ४ ॥

જે મંત્રી નીતિશાસ્ત્રમાં વિદ્વાન્ હોય તથા યથાર્થવક્તા હોય, તેવા મંત્રીની સાથે રાજકીય કાર્યોનો વિચાર કરવો. પરંતુ યથાર્થ વક્તા છતાં જે મૂર્ખ હોય અને વિદ્વાન્ છતાં જે યથાર્થવક્તા ન હોય તેવા મંત્રીની સાથે રાજાએ કાર્યોનો વિચાર કરવો નહિ. ૪

मार्गं सन्मार्गगतिभिः सिद्धये सिद्धकर्मभिः ।
पूर्वैराचरितं सद्भिः शास्त्रीयं न परित्यजेत् ॥ ५ ॥

રાજાએ કાર્યની સિદ્ધિમાટે સન્માર્ગ ઉપર ચાલનારા અને પોતાનાં કર્મમાં વિજયી થયેલા એવા પૂર્વ કાળના સત્પુરુષોએ આચરેલા શાસ્ત્રીય માર્ગનો (મંત્ર કરવામાં) ત્યાગ કરવો નહિ. ૫

ભાવાર્થઃ—કોઈ પણ કાર્ય વિચાર કર્યા વગર કરવું નહિ, પરંતુ કાર્ય કરતાં પહેલાં તેને માટે મંત્રીઓની સાથે વિચાર કર્યા પછી કાર્યનો આરંભ કરવો. મંત્રની બાબતમાં પૂર્વકાળના મહાન્ રાજાઓએ જે શાસ્ત્રીય માર્ગ સ્વીકાર્યો હોય, તે માર્ગનો સ્વીકાર કરવો. કારણ કે, પૂર્વકાળના રાજાઓએ તથા બૃહસ્પતિ વગેરે નીતિશાસ્ત્રના આચાર્યોએ નીતિશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મંત્ર કરવાથી પોતાના કાર્યમાં સિદ્ધિ મેળવી હતી. ૫

उच्छास्त्रपदविन्यासः सहसैवाभिसम्पतन् ।
शत्रुखड्गमुखग्रासमगत्वा न निवर्त्तते ॥ ६ ॥

જે રાજા નીતિશાસ્ત્રથી વિરુદ્ધ પગલું ભરે છે અને સહસા જ (મંત્ર કર્યા વગર જ) શત્રુની સામે ચઢાઈ કરે છે, તે રાજા શત્રુની તર-

વારના મુખનો કોળિયો થયા વગર પાછો ફરતો નથી અર્થાત્ મરણ પામે છે. ૬

प्रभावोत्साहशक्तिभ्यां मन्त्रशक्तिः प्रशस्यते ।
प्रभावोत्साहवान् काव्यो जितो देवपुरोधसा ॥ ७ ॥

પ્રભાવશક્તિના તથા ઉત્સાહશક્તિના કરતાં મંત્રશક્તિ વખણાય છે. શુક્રાચાર્ય પ્રભાવશક્તિવાળા તથા ઉત્સાહશક્તિવાળા હતા, છતાં દેવના પુરોહિતે–ગુરુએ તેને જિત્યા હતા. ૭

ભાવાર્થઃ–પ્રભાવશક્તિ અને ઉત્સાહશક્તિ ઉત્તમ છે, છતાં તે મંત્રશક્તિના કરતાં ઉતરતી છે. બૃહસ્પતિએ મંત્રશક્તિના બળથી પ્રભાવ તથા ઉત્સાહશક્તિવાળા શુક્રાચાર્યને જિત્યા હતા, તે વિશે આ પ્રમાણે પ્રાચીન કથા છેઃ–

પૂર્વે દેવો અને દૈત્યોની વચ્ચે મહાન્ યુદ્ધ થયું હતું, તેમાં દેવો અસુરોને મારી નાંખતા કે અસુરના મંત્રી શુક્રાચાર્ય તેઓને સંજીવની નામની વિદ્યાથી પાછા સજીવન કરતા હતા. તે વાત સાંભળીને દેવોના મંત્રી બૃહસ્પતિના મનમાં મોટી ચિંતા ઉત્પન્ન થઈ, અને તેણે શુક્રાચાર્યને ઠગીને તેની પાસેથી સંજીવની વિદ્યા ગ્રહણ કરવામાટે વિચાર કર્યો, અને પોતાના પુત્ર કચને તે વિદ્યા ભણવામાટે શુક્રાચાર્યની પાસે શિષ્ય તરીકે મોકલ્યો. કચ શુક્રાચાર્યના ઘરમાં રહીને શુક્રાચાર્ય પાસે વિદ્યાભ્યાસ કરવા લાગ્યો અને તેમની સેવા કરવા લાગ્યો. ત્યાં કચને તેમની પુત્રી દેવયાનીની સાથે ઓળખાણ થઈ અને ધીરેધીરે બંનેની વચ્ચે ગાઢ પ્રીતિ થઈ. તે પછી એક દિવસે કચ ઘરની બહાર ગયો કે, અસુરોએ તેને શત્રુપક્ષનો હોવાથી મારી નાંખ્યો. સાંઝ પડી, પણ કચ બહારથી આવ્યો નહિ, એટલે દેવયાનીએ પોતાના પિતા શુક્રાચાર્યને પૂછ્યું કે, પિતાજી હજી કચ કેમ આવ્યો નહિ? તેનું શું થયું હશે? શુક્રાચાર્યે તુરત યોગદૃષ્ટિથી જોયું તો કચને મરી ગયેલો દીઠો, એટલે તુરત સંજીવની વિદ્યા ભણીને બોલ્યા કે, ઓ કચ! અહીં આવ, કે તુરત કચ આળસ મરડીને બેઠો થયો અને શુક્રાચાર્યને ઘેર આવ્યો. અસુરોએ આ રીતે કચને ઘણીવાર મારી નાંખ્યો અને શુક્રાચાર્યે પણ તેને

ઘણીવાર જીવતો કર્યો. તે પછી એક દિવસે અસુરોએ કચને મારી નાંખી, તેને ઝીણો વાટીને મદિરામાં નાખ્યો અને તે મદિરા શુક્રાચાર્યને પાઈ દીધી. શુક્રાચાર્યને મદિરાપાન કરવાની ટેવ હતી, તેથી તે મદિરાપાન કરીને મદથી વિહ્વળ થઇને બેઠા હતા, તે સમયે તેને મદિરા સાથે પાઈ દીધો, કે જેથી શુક્રાચાર્ય જાણી શકયા નહિ. તે પછી કચને ન જોવાથી દેવયાનીએ પિતાને પ્રશ્ન કર્યો કે, પિતાજી હજી કચ કેમ આવ્યો નથી! તે કયાં ગયો હશે? એટલે શુક્રાચાર્યે ધ્યાન ધરીને જોયું તો પોતાના ઉદરમાં તેને દીઠો. એટલે તેને પોતાના પેટમાં પાછો સજીવન કર્યો, પરંતુ તેને બહાર કેવી રીતે કાઢવો. કચ પોતાનું પેટ ફાડીને બહાર નિકળે તો પોતાનું મરણ થાય. તેથી તેણે કચને ઉદરમાં જ સંજીવની વિદ્યા ભણાવી. તે પછી કચ શુક્રાચાર્યનું પેટ ફાડીને બહાર નિકળ્યો અને તેણે સંજીવની વિદ્યાથી શુક્રાચાર્યને પાછા સજીવન કર્યા. આ રીતે બૃહસ્પતિએ મંત્રશક્તિના પ્રભાવથી શુક્રાચાર્યની પાસેથી સંજીવની વિદ્યા ગ્રહણ કરી હતી. શુક્રાચાર્યે પણ વિચાર કર્યો કે, મદિરાના પાનથી આવી જાતનો અપરાધ થઈ જાય છે, તેથી તેમણે તે દિવસથી શાપ આપ્યો કે, જે બ્રાહ્મણ મદ્યનું પાન કરશે તે મહાપાતકી થશે. ૭

(असुरान् मोहयामास शुक्ररूपी बृहस्पतिः ।
बृहस्पतिं तथा शुक्रः शशापानुपमद्युतिः) ॥ १ ॥

બૃહસ્પતિએ શુક્રાચાર્યનો વેશ ધારણ કરી અસુરોને મિથ્યા ઉપદેશ આપી, છેતરીને અધર્મમાં ઉતાર્યા હતા; તે ઉપરથી મોટી કાંતિવાળા શુક્રાચાર્યે બૃહસ્પતિને શાપ આપ્યો હતો.) ૧

ભાવાર્થઃ—પૂર્વે શુક્રાચાર્ય તપ કરવા ગયા, તે સમયે બૃહસ્પતિ શુક્રાચાર્યનો વેશ ધારણ કરીને અસુરોની પાસે ગયા અને તેઓને ઉપદેશ આપ્યો કે, વેદોમાં દેવોની પ્રશંસા છે અને તે વેદ દેવનો પક્ષપાત કરે છે માટે તમે વેદોનો ત્યાગ કરો. અસુરોએ બૃહસ્પતિના ઉપદેશથી ભોળવાઈ જઇને વેદોને તજી દીધા, એટલે તેઓનાં બળનો નાશ થયો અને દેવોએ તેઓનો પરાજય કર્યો. એટલામાં શુક્રાચાર્ય આવ્યા અને તેણે બૃહસ્પતિને પોતાના

યજમાનોને વેદવિરુદ્ધ ઉપદેશ આપતા જોઇને બોલ્યા કે; આ તો દેવનો ગુરુ બૃહસ્પતિ છે અને તમને ઠગવા માટે મારું રૂપ લઇને તમારી પાસે આવ્યો છે, અને તમને મિથ્યા ઉપદેશ કરે છે, આમ કહ્યા પછી શુક્રાચાર્યે બૃહસ્પતિને શાપ આપ્યો હતો. ૭

अशिक्षितनयः सिंहो हन्तीभं केवलं बलात् ।
तं च धीरो नरस्तेषां शतानि मतिमान् जयेत् ॥ ८ ॥

નીતિશાસ્ત્ર નહિ શીખેલો (અર્થાત્ મંત્રશક્તિથી રહિત) એવો સિંહ બળથી કેવળ એક જ હાથીને મારી શકે છે. પરંતુ બુદ્ધિમાન (મંત્ર શક્તિવાળો) મનુષ્ય સેંકડો હાથીઓને જિતી શકે છે. ૮

पश्यद्भिर्दूरतोऽपायान् सूपायप्रतिपत्तिभिः ।
भवन्तीह फलायैव विद्वद्भिर्मान्त्रिताः क्रियाः ॥ ९ ॥

દેશના તથા કાળના વ્યવધાનને લીધે દૂર રહેલાં એવાં સંકટોને શાસ્ત્રના બળથી પ્રત્યક્ષ જોનારા તથા તેને માટે ઉત્તમ ઉપાયો કરનારા વિદ્વાન્ પુરુષો સારી રીતે વિચાર કરીને જે કર્મ કરે છે, તે કર્મ સફળ જ થાય છે. ૯

ભાવાર્થઃ–આ શ્લોકમાં મંત્રશક્તિથી કરેલું કાર્ય સફળ થાય છે, એમ કહીને મંત્રશક્તિનું સામર્થ્ય દર્શાવ્યું છે. ૯

उपायपूर्वं लिप्सेत कालं वीक्ष्य समुत्पतेत् ।
पश्चात्तापाय भवति विक्रमैकरसज्ञता ॥ १० ॥

સામાદિક ઉપાયનો પ્રયોગ કરીને કોઈ પણ વસ્તુ લેવાની ઇચ્છા કરવી. જે વસ્તુ યાનથી જ મળી શકે તેમ હોય, તેને માટે યાનના યોગ્ય કાળનો નિર્ણય કરીને ચઢાઈ કરવી. કારણ કે કેવળ ઉત્સાહશક્તિના ઉપર જ આધાર રાખવાથી પશ્ચાત્તાપ કરવો પડે છે. ૧૦

ભાવાર્થઃ–આ શ્લોકથી ૨૯ મા શ્લોક સૂધી મંત્રના વિસ્તારથી ગુણો

કહીને મંત્રથી જ કાર્યનો નિર્ણય કરવો જોઇએ, આ વાતને સ્થિર કરે છે. કોઈ પણ વસ્તુ લેવાની ઇચ્છા હોય તો સામાદિક ઉપાયથી તેને લેવાની ઇચ્છા કરવી, અને કોઇના ઉપર ચઢાઈ કરવી હોય તો આ સમય ચઢાઇનો છે કે કેમ, તેનો વિચાર કર્યા પછી ચઢાઈ કરવી. પરંતુ દેશ તથા કાળની દરકાર કર્યા વગર એક ઉત્સાહશક્તિના ઉપર જ આધાર રાખવાથી પશ્ચાત્તાપ કરવાનો સમય આવે છે. દેશ તથા કાળને અનુસરીને જો પરાક્રમ કરવામાં આવે છે તો તેનું પરાક્રમ પણ મંત્રની સહાયતાથી ફળીભૂત થાય છે. ૧૦

शक्याशक्यपरिच्छेदं कुर्याद् बुद्धया प्रसन्नया ।
केवलं दन्तभङ्गाय दन्तिनः शैलताडनम् ॥ ११ ॥

વિજિગીષુ રાજાએ પ્રથમ અમુક કાર્ય શક્ય થઈ શકે તેવું છે, અને અમુક કાર્ય અશક્ય છે, આવો પ્રસન્ન બુદ્ધિથી નિર્ણય કરવો. હાથી પણ નિર્ણય કર્યા વગર પોતાના દાંતથી પર્વતને પ્રહાર કરે છે તો કેવળ તેના દાંત ભાંગી પડે છે. ૧૧

ભાવાર્થઃ—રાજા જો પ્રસન્ન બુદ્ધિથી કાર્યનો નિર્ણય કર્યા વગર કાર્યનો આરંભ કરે છે તો તેની દશા હાથીના જેવી થાય છે. હાથી એક બળવાન્ પ્રાણી છે. પર્વતની શિલામાં પોતાનું પ્રતિબિંબ જોઈ આ મારો શત્રુ હાથી છે, એમ માનીને વિચાર કર્યા વગર તે પર્વતની શિલા ઉપર દાંતથી પ્રહાર કરવા માંડે છે, તેથી જેમ તેના દાંત પડી જાય છે તેમ વિજિગીષુ રાજા પણ અમુક કાર્ય મારાથી થઈ શકે તેમ છે કે નથી, તેનો નિર્મળ બુદ્ધિથી વિચાર કર્યા વગર કાર્ય કરે છે તો તેનાં કાર્યનો પણ હાથીના દાંતની પેઠે નાશ થાય છે. ૧૧

अशक्यारम्भवृत्तीनां कुतः क्लेशादृते फलम् ।
आकाशमास्वादयतः कुतस्तु कवलग्रहः ॥ १२ ॥

અશક્ય કાર્યનો આરંભ કરનારા પુરુષોને કલેશ શિવાય (બીજું) ફળ કયાંથી મળે? જે પુરુષ આકાશને ખાવા ધાય છે, તે પુરુષ કોળિયાને કયાંથી ગ્રહણ કરી શકે? ૧૨.

नाग्निं पतङ्गवद् गच्छेत् स्पृश्यमेव तु संस्पृशेत् ।
किमन्यत् स्यादृते दाहात् पतङ्गस्याग्निमृच्छतः ॥ १३ ॥

વિજિગીષુ રાજાએ પતંગ જેમ અગ્નિના તરફ ધસી જાય છે, તેમ શત્રુ રાજાની સામે ધસી જવું નહિ, પરંતુ જે કાર્ય પોતાથી થઈ શકે તેવું હોય તે જ કરવું. પતંગ અગ્નિની સામે ધસી જાય છે, તેને દાહ વિના બીજું શું ફળ મળે છે? કંઈ જ નહિ. ૧૩

मोहात् प्रक्षिपतश्चेष्टां दुःखलभ्येषु वस्तुषु ।
भवन्ति परितापिन्यो व्यक्तं कर्मविपत्तयः ॥ १४ ॥

જે મનુષ્ય દુઃખે કરીને મળી શકે તેવી વસ્તુઓને માટે મૂર્ખાઇને લીધે કર્મ કરે છે, તેને ખુલ્લી રીતે કર્મમાં સંતાપ ઉપજાવનારી વિપત્તિઓ આવી પડે છે. ૧૪

बुद्ध्या बोध्यानुगतया परीयात् सम्पदः पदम् ।
विशुद्धपदविन्यासः पर्वताग्रमिवोन्नतम् ॥ १५ ॥

વિજિગીષુ રાજા જ્ઞેયાનુસાર જ્ઞાનવડે અર્થાત્ સાધ્યનાં અનુકૂળ સાધનોને ઉપયોગમાં લે છે તો રાજ્ય મેળવે છે. પુરુષ જો વિશુદ્ધ રીતે એટલે સંભાળપૂર્વક પગલાં મૂકીને પર્વતના ઉપર ચઢે છે તો તે પર્વતની ઉંચી ટોચ ઉપર પહોંચે છે. ૧૫

दुरारूढं पदं राज्ञां सर्वलोकनमस्कृतम् ।
स्वल्पेनाप्यपचारेण ब्राह्मण्यमिव दुष्यति ॥ १६ ॥

રાજાપણું તથા બ્રાહ્મણપણું એ બન્ને મહાન્ કલેશથી પ્રાપ્ત કરી શકાય છે અને સર્વે લોકો તે બન્નેને નમસ્કાર કરે છે, પરંતુ થોડો પણ અપરાધ થવાથી બ્રાહ્મણપણાની પેઠે રાજાપણાને દૂષણ લાગે છે. ૧૬

ભાવાર્થઃ-બ્રાહ્મણપણું ઉત્તમ છે અને તેને મેળવવા માટે જેમ તપ વગેરે કલેશ સહન કરવો પડે છે, તેમ તેના રક્ષણમાટે પણ અનેક

દોષોથી ડરીને વર્તવું પડે છે. તેમ રાજપણું પણ તપાદિક મહાન્ કલેશ સહન કર્યા પછી મળે છે અને તે મળ્યા પછી પણ તેને નિભાવવું મહા કઠિન છે. રાજ્યતંત્રને ચલાવતાં જરા પણ અન્યાયનું કાર્ય થઈ જાય છે તો તેથી રાજા દોષપાત્ર થઈ પડે છે. માટે રાજાએ રાજકીય કાર્ય બહુ જ સંભાળપૂર્વક કરવાં જોઇએ. ૧૬

आरब्धानि यथाशास्त्रं कार्याण्यमलबुद्धिभिः ।
वनानीव मनोहारि प्रयच्छन्त्यचिरात् फलम् ॥ १७ ॥

નિર્મળ બુદ્ધિવાળા રાજાઓ નીતિશાસ્ત્ર અનુસાર જે કાર્યોનો આરંભ કરે છે, તે કાર્યો વૃક્ષાયુર્વેદ અનુસાર વાવેલાં વનોની પેઠે થોડા જ સમયમાં મનોહર ફળ આપે છે. ૧૭

सम्यगारभ्यमाणं हि कर्म यद्यपि निष्फलम् ।
न तत् तथा तापयति यथा मोहसमीहितम् ॥ १८ ॥

શાસ્ત્ર પ્રમાણે આરંભેલું કર્મ જો કે નિષ્ફળ નિવડે છે તથાપિ મોહને લીધે આરંભેલું કર્મ જે પ્રમાણે સંતાપ ઉપજાવે છે, તે પ્રમાણે તે સંતાપ ઉપજાવતું નથી. ૧૮

यत्तु सम्यगुपक्रान्तं कार्यमेति विपर्ययम् ।
पुमांस्तत्रानुपालभ्यो दैवान्तरितपौरुषः ॥ १९ ॥

શાસ્ત્રાનુસાર જે કાર્યનો આરંભ કર્યો હોય તે નિષ્ફળ થાય છે તો તેને માટે કાર્ય કરનારો પુરુષ ઠપકાને યોગ્ય ગણાતો નથી. કારણ કે, તે પુરુષના પુરુષાર્થનો બળવાન્ દૈવ નાશ કરે છે. ૧૯

प्रयत्नस्तावदास्थेयः फलायामलबुद्धिना ।
अथर्ववेदनिपुणः शेषं दैवं समाश्रयेत् ॥ २० ॥

પુરુષે શુદ્ધ બુદ્ધિથી છેવટ સૂધી ફળને માટે પ્રયત્ન કરવો, છતાં પણ ફળ મળે નહિ તો પછી અથર્વવેદમાં કુશળતા ધરાવનારા પુરુષે છેવટે દેવતાનો આશ્રય લેવો. ૨૦

ભાવાર્થઃ–દૈવ જો પ્રધાન છે તો પછી કર્મ કરવાની કંઈ પણ જરૂર નથી, આવી કોઈ શંકા કરે તેનો ઉત્તર આ શ્લોકમાં છે; મનુષ્યે ફળ મેળવવા-માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. અને પ્રયત્નમાં જો તે નિષ્ફળ ઉતરે તો પછી તેણે છેવટે દેવનો આશ્રય કરવો, એટલે કાર્યની સિદ્ધિને માટે અથર્વ-વેદમાં કહેલા પ્રયોગો કરવા કે જેથી વિઘ્ન દૂર થાય અને કાર્ય સિદ્ધ થાય. કેટલાએક અદૃષ્ટને નહિ માનનારા અર્ધદગ્ધોને આ વાત અશ્રદ્ધેય લાગશે. પરંતુ મણિમંત્ર ઔષધાદિકનો પ્રભાવ અમોઘ છે અને તેને માટે અથર્વ-વેદમાં અનેક વિધિઓ કહ્યા છે. ૨૦

आत्मानं च परं चैव वीक्ष्य धीरः समुत्पतेत् ।
एतदेव हि विज्ञानं यदात्मपरवेदनम् ॥ २१ ॥

ધીર પુરુષે પોતાની શક્તિ તથા શત્રુની શક્તિ એમ બન્નેની શક્તિનું અવલોકન કરીને શત્રુના ઉપર ચઢાઈ કરવી. પોતાની અને શત્રુની શક્તિને જાણવી, આ જ વિજ્ઞાન છે. ૨૧

निष्फलं क्लेशबहुलं सन्दिग्धफलमेव च ।
न कर्म कुर्यान्मतिमान् महावैरानुबन्धि च ॥ २२ ॥

જે કર્મ નિષ્ફળ હોય, જેમાં ઘણો કલેશ પડે તેમ હોય, જેનાં ફળને માટે સંદેહ જ હોય, અને જે કરવાથી મહાન્ વૈર ઉભું થાય તેમ હોય તેવું કર્મ બુદ્ધિમાન્ પુરુષે કરવું નહિ. ૨૨

तदात्वायतिसंशुद्धं सुविशुद्धक्रमागतम् ।
हितानुबन्धि च सदा कर्म सद्भिः प्रशस्यते ॥ २३ ॥

પરંતુ જે કર્મ વર્તમાન કાળમાં તથા ભવિષ્ય કાળમાં કલ્યાણ કરનારું હોય, દેશ તથા કાળાનુકૂળ હોવાથી અત્યંત વિશુદ્ધ હોય અને આ લોકમાં તથા પરલોકમાં હિત કરનારું હોય, આવાં કર્મનાં સત્પુરુષો સદા વખાણ કરે છે. ૨૩

हितानुबन्धि तज्जातु गच्छेद् येन न वाच्यताम् ।
तस्मिन् कर्मणि सज्जेत तदात्वकटुकेऽपि हि ॥ २४ ॥

જે કર્મ હિતકારક હોય, જે કર્મ કરવાથી મનુષ્યની કોઈ પણ દિવસે નિંદા થાય તેમ ન હોય, આવું કર્મ આરંભ કાળમાં કદાચ કડવા ઓસડની પેઠે ઉદ્વેગજનક હોય, તો પણ તે કર્મ કરવા માટે તત્પર થવું. ૨૪

ભાવાર્થઃ—ઔષધ પાન કરતી વખતે કડવું લાગે છે, પરંતુ પરિણામે તે હિતકારક નિવડે છે, તેમજ જે કર્મ આરંભમાં ઉદ્વેગજનક લાગે, પરંતુ પરિણામે હિતકારક હોય તે કર્મ કરવું. ૨૪

बुद्ध्यैवोपक्रमः श्रेयान् फलनिष्पत्तये सदा ।
क्वचित् कल्याणमित्रस्य दृश्यते सिंहवृत्तिता ॥ २५ ॥

પુરુષે ફળની સિદ્ધિને માટે સદાય બુદ્ધિથી જ—વિચારથી જ કાર્યનો આરંભ કરવો, એ કલ્યાણકારક છે. છતાં કોઈ વેળા (ભયને સમયે) રાજાનું સારા મિત્રોની સહાયતાથી સિંહના જેવું વર્તન જોવામાં આવે છે. ૨૫

सहसोत्पत्य दुष्टेभ्यो दुष्करं सम्पदार्जनम् ।
उपायेन पदं मूर्ध्नि न्यस्यते मत्तहस्तिनः ॥ २६ ॥

દુષ્ટોના ઉપર એકદમ ચઢાઈ કરીને તેઓની પાસેથી સંપત્તિ મેળવવી, એ કામ દુષ્કર છે. મદમત્ત હાથીના મસ્તક ઉપર (એકદમ પગ મૂકી શકાતો નથી પણ) ઉપાયથી પગ મૂકી શકાય છે. ૨૬

ભાવાર્થઃ—સાહસ કર્મ કરવાથી અર્થની સિદ્ધિ થતી નથી, પરંતુ ઉપાયથી કાર્યસિદ્ધિ થાય છે, એ વાત આ શ્લોકમાં દૃષ્ટાંત દઈને દર્શાવી છે. મદમત્ત હાથીના મસ્તક ઉપર એકદમ પગ મૂકી શકાતો નથી, પરંતુ પગ મૂકવા માટે ઉપાયની જરૂર પડે છે. તેમ જ દુષ્ટોની પાસેથી સંપત્તિ મેળ-

વવા માટે તેના ઉપર એકદમ હુમલો કરવો યોગ્ય નથી. પરંતુ સામાદિક ઉપાયોથી તેને વશ કરીને તેની પાસેથી સંપત્તિ મેળવી શકાય છે. ૨૬

न किञ्चित् कचिदस्तीह वस्त्वसाध्यं विपश्चिताम् ।
अयोऽभेद्यमुपायेन द्रवतामुपनीयते ॥ २७ ॥

વિદ્વાનોને કોઈ પણ વસ્તુ કોઈ પણ ઠેકાણેથી અસાધ્ય નથી. લોઢું ભેદી શકાય નહિ તેવું છે, છતાં ઉપાયથી તેનું પાણી કરી શકાય છે. ૨૭

वाह्यमानमयःपिण्डं महच्चापि न कृन्तति ।
तदल्पमपि धारावद् भवतीप्सितसिद्धये ॥ २८ ॥

લોઢાના મોટા ગોળાથી કોઈ પણ પદાર્થને કાપવા માટે પ્રયત્ન કરીએ તો પણ તે પદાર્થને કાપી શકાતો નથી. પરંતુ લોઢું નાનું હોવા છતાં પણ જો ધારવાળું હોય તો તેથી ઇચ્છિત કાર્યની સિદ્ધિ થાય છે, અર્થાત્ તે પદાર્થને કાપી શકે છે. ૨૮

लोकप्रसिद्धमेवैतद् वारि वह्नेर्नियामकम् ।
उपायोपगृहीतेन तत् तेनैव विशोष्यते ॥ २९ ॥

અગ્નિ પાણીથી શાંત પડી જાય છે, આ વાત લોક પ્રસિદ્ધ જ છે. પરંતુ તે અગ્નિનો યોગ્ય ઉપયોગ કરવાથી તે અગ્નિ જ પાણીનું શોષણ કરી જાય છે. ૨૯

ભાવાર્થઃ—પાણી નાંખવાથી અગ્નિ ઠરી જાય છે, પરંતુ એક કઢાઇમાં પાણી ભરી ચુલાપર ચઢાવીને નીચે તાપ કરવાથી અગ્નિ પાણીને શોષી જાય છે. ૨૯

अविज्ञातस्य विज्ञानं विज्ञातस्य विनिश्चयः ।
अर्थद्वैधस्य सन्देहच्छेदनं शेषदर्शनम् ॥ ३० ॥

નહિ જાણેલા વિષયને જાણવો, જાણેલા વિષયનો નિશ્ચય કરવો,

જ્યાં અમુક કાર્ય કરવું કે અમુક, આ રીતે બે કાર્યને માટે સંદેહ પડે ત્યાં તેનો નિર્ણય કરવો, તથા અમુક કાર્યનો એક ભાગ જાણવામાં આવ્યો હોય પરંતુ બાકી ભાગ જાણવામાં આવ્યો ન હોય તે વિશે નિર્ણય કરવો, આ કામ મંત્રીનું છે. ૩૦

ભાવાર્થઃ—આ શ્લોકથી ૪૭ શ્લોક સુધીમાં મંત્રના જ્ઞાન વિશે, મંત્રની રક્ષા કરવા વિશે, મંત્રને પ્રકટ કરવા વિશે, મંત્રનાં ઉત્તમ અંગો, મંત્રના વ્યાપાર, મંત્રની ઉત્પત્તિનો ક્રમ, મંત્રની શુદ્ધિ, મંત્રની સિદ્ધિ, તેની આવૃત્તિ, ધારણા તથા મંત્ર કરવાના પ્રદેશવિશે કહેવામાં આવશે. આ શ્લોકમાં રાજાને મંત્રનું જ્ઞાન કેમ થાય, તે વિશે કહેવામાં આવ્યું છે. રાજાએ એકલાએ મંત્રનો નિર્ણય કરવો નહીં પરંતુ મંત્રીની સાથે મળીને મંત્રનો નિર્ણય કરવો. કારણ કે જે વિષયને દેશનો અથવા તો કાળનો અંતરાય હોય, એટલે જે દૂરદેશ સંબંધી બાબત હોય અથવા તો જે બાબત ઘણા કાળ ઉપર થઈ ગઈ હોય તેવા અજ્ઞાત વિષયનો નિર્ણય મંત્રી કરી શકે છે. અમુક વિષય પોતાનો જાણીતો હોય અને પોતાને તેના ખરાપણા વિશે ખાતરી હોય તો પણ રાજાએ મંત્રીની બુદ્ધિ પ્રમાણે તેનો નિશ્ચય કરવો. જ્યારે બે રાજા ઉપર ચઢાઈ કરવાની હોય ત્યારે કોના ઉપર ચઢાઈ કરવી, આવો સંદેહ ઉભો થાય ત્યારે મંત્રીએ તે સંદેહનું છેદન કરવું અર્થાત્ નિર્ણય કરવો તથા એક દેશને જોઇને બીજાનો નિર્ણય કરવો તેનું નામ શેષદર્શન. સંધિ અને વિગ્રહ આ બન્ને જોયા પછી સંધિ શ્રેયાન્ છે, આવો નિર્ણય કરવો તે. ઉપર કહેલા ચારે વિષયનો નિર્ણય મંત્રીએ કરવાનો છે. માટે રાજાએ મંત્રીની સાથે રહીને મંત્ર કરવો. ૩૦

विदुषां शासने तिष्ठन् नावमन्येत कञ्चन ।
सर्वस्यैवोपशृणुयात् सुभाषितजिघृक्षया ॥ ३१ ॥

વિજિગીષુ રાજાએ વિદ્વાન્ મંત્રીની આજ્ઞામાં રહેવું; કોઇનું પણ અપમાન કરવું નહિ અને સુભાષિત ગ્રહણ કરવાની ઇચ્છાથી સર્વનું જ સાંભળવું. ૩૧

ભાવાર્થઃ–રાજાએ હલકા કુળમાં ઉત્પન્ન થયેલા અથવા તો મૂર્ખ એવા પુરુષનું પણ અપમાન કરવું નહિ. વિદ્વાન્ મંત્રીઓની સલાહ પ્રમાણે વર્તવું તથા સુભાષિત વચનો જાણવાની ઇચ્છાથી સર્વની પાસેથી હિત વચનો સાંભળવાં. આ રીતે આ શ્લોકમાં મંત્રનું જ્ઞાન સંપાદન કરવામાટે કહ્યું છે. ૩૧

मदोद्वृत्तः क्रियामूढो योऽतिक्रामति मन्त्रिणम् ।
अचिरात् तं वृथामन्त्रमतिक्रामन्ति विद्विषः ॥ ३२ ॥

હું જ જ્ઞાની છું, આ રીતે મદથી અવલિપ્ત, પરંતુ ક્રિયાને નહિ જાણનારો જે રાજા મંત્રીનું અપમાન કરે છે, તે રાજાનો મંત્ર વૃથા થાય છે અને શત્રુઓ થોડા સમયમાં તે રાજાને તાબે કરી લે છે. ૩૨

संरक्षेन्मन्त्रबीजं हि तद्बीजं हि महीभृताम् ।
तस्मिन् भिन्ने ध्रुवो भेदो गुप्ते गुप्तिरनुत्तमा ॥ ३३ ॥

રાજાએ મંત્રરૂપી બીજનું સારી રીતે રક્ષણ કરવું. કારણ કે મંત્ર રાજાઓનું બીજ ગણાય છે. મંત્ર ઉઘાડો પડી જાય છે તો રાજાનો અવશ્ય નાશ થાય છે અને મંત્ર ગુપ્ત રહે છે તો રાજાનું સંપૂર્ણ રીતે રક્ષણ થાય છે. ૩૩

ભાવાર્થઃ–આ શ્લોકમાં મંત્રની રક્ષા કરવામાટે કહેવામાં આવ્યું છે. મંત્ર એ રાજ્યનું બીજ છે. કારણ કે મંત્રથી રાજ્યરૂપી ફળની ઉત્પત્તિ થાય છે. માટે જ્યારથી મંત્રનો નિર્ણય કર્યો હોય તે કાળથી આરંભીને કાર્યના આરંભકાળ સૂધી કોઇને પણ તે વાતની ખબર પડવા દેવી નહિ. જો મંત્ર ઉઘાડો પડી જાય છે તો રાજાનો નાશ થાય છે અને મંત્રને ગુપ્ત રાખવાથી રાજાની અને રાજ્યની બન્નેની સંપૂર્ણ રીતે રક્ષા થાય છે. ૩૩

सिंहवच्चेष्टमानस्य काले कर्म विपश्चितः ।
क्रियमाणं स्वकुल्यास्तु विद्युरस्य परे कृतम् ॥ ३४ ॥

નીતિશાસ્ત્રમાં કુશળ એવા રાજાએ પોતાનો સમય આવે ત્યારે સિંહની પેઠે પરાક્રમ કરી દેખાડવું, કાર્ય કરવામાં આવતું હોય ત્યારે

માત્ર પોતાના ભાયાતો જાણે, પરંતુ શત્રુઓ કાર્ય સમાપ્ત થયા પછી જાણે, એવી રીતે મંત્ર કરવો. ૩૪

ભાવાર્થઃ–આ શ્લોકમાં રાજાએ પોતાનો મંત્ર કયાં સૂધી છૂપો રાખવો ને કયારે તેને પ્રસિદ્ધ કરવો તે વિશે ઉપદેશ આપવામાં આવ્યો છે. રાજાનું કાર્ય સંપૂર્ણ થયા પછી જ બીજાઓ તેના મંત્રનું અનુમાન કરે, પરંતુ કાર્ય થયા પહેલાં તેના મંત્રને કોઈ પણ જાણે નહિ, એમાં જ રાજાનું ડાહાપણ છે. ૩૪

अपश्चात्तापकृत् सम्यगनुबन्धिफलप्रदः ।
अदीर्घकालोऽभीष्टश्च प्रशस्तो मन्त्र इष्यते ॥ ३५ ॥

જે મંત્રથી ઉત્તર કાળમાં પશ્ચાત્તાપ કરવો પડે નહિ, જે રાજ્ય ઉપરાંત બીજાં પણ ઉત્તમ ફળનો લાભ કરાવે, જે મંત્ર અલ્પકાળમાં ફળદાયક હોય અને જે સર્વને પ્રિય હોય તે મંત્ર પ્રશંસાપાત્ર ગણાય છે. ૩૫

ભાવાર્થઃ–આ શ્લોકમાં ઉત્તમ મંત્રની પ્રશંસા કરવામાં આવી છે. ૩૫

सहायाः साधनोपाया विभागो देशकालयोः ।
विपत्तेश्च प्रतीकारः सिद्धिः पञ्चाङ्ग इष्यते ॥ ३६ ॥

સહાયો, સાધનના ઉપાયો, દેશનો તથા કાળનો વિભાગ, વિપત્તિનો ઉપાય અને કાર્યની સિદ્ધિ આ રીતે મંત્રનાં પાંચ અંગ છે. ૩૬

ભાવાર્થઃ–રાજકીય કાર્યમાં સહાય કરનારા પુરુષો પછી તે ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ એમ ત્રણ જાતના હોય, તે મંત્રના સહાયક કહેવાય છે. કાર્ય કરવામાં જે ઉપાયરૂપ હોય તે સાધનના ઉપાય કહેવાય છે. અમુક પ્રદેશમાં અને અમુક સમયે કાર્ય કરવામાં આવે તો તે સિદ્ધ થાય, આને દેશ તથા કાળનો વિભાગ કહે છે. દૈવી તથા માનુષી આપત્તિ આવી પડે ત્યારે તેને આથર્વણ વિધિથી તથા લૌકિક યુક્તિથી દૂર કરવી, તેને વિપત્તિનો ઉપાય કહે છે. અને કાર્યની સિદ્ધિને સિદ્ધિ કહે છે. આ પાંચ મંત્રનાં અંગ છે. તે અંગ જો સફળ નિવડે છે તો મંત્ર ઉત્તમ ગણાય છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ–**कर्मणामारंभोपायः, पुरुषद्रव्यसंपद्,**

देशकालविभागो, विनिपातप्रतीकारः, कार्यसिद्धिश्चेति पंचांगो मंत्रः । (कौ. अ. १-१९-११) કાર્યના આરંભના ઉપાયો, પુરુષો તથા ધન, દેશનો અને કાળનો વિભાગપૂર્વક નિર્ણય, આપત્તિનો ઉપાય, અને કાર્યની સિદ્ધિ આ પાંચ મંત્રનાં અંગ છે.” મંત્રનાં આ અંગો જો સારી રીતે સફળ થાય છે તો મંત્ર પ્રશંસાપાત્ર ગણાય છે. ૩૬

अनुतिष्ठेत् समारब्धमनारब्धं प्रयोजयेत् ।
अनुष्ठितं च सद्बुद्ध्या विशेषेणोपपादयेत् ॥ ३७ ॥

જે કાર્યનો આરંભ કર્યો હોય તે કાર્ય સમાપ્તિ સૂધી કરવું, આરંભ નહિ કરેલાં કાર્યનો આરંભ કરવો અને કરેલું કાર્ય લાંબા કાળ સૂધી ટકી રહે તે પ્રમાણે વિશેષે કરીને સદ્બુદ્ધિથી તેની વ્યવસ્થા કરવી. ૩૭

ભાવાર્થઃ–આ શ્લોકમાં મંત્રનો વ્યાપાર દર્શાવ્યો છે તથા મંત્રીનું કર્તવ્ય દર્શાવ્યું છે. મંત્રીએ આ શ્લોકમાં કહ્યા પ્રમાણે રાજકીય કાર્ય કરવાં. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે:–अकृतारंभं, आरब्धानुष्ठानं, अनुष्ठितविशेषं, नियोगसंपदा च कर्मणां कुर्युः मंत्रिणः ॥ મંત્રીઓએ નહિ કરેલા કાર્યનો આરંભ કરવો, આરંભ કરેલાં કાર્યને સમાપ્ત કરવાં અને સિદ્ધ કરેલાં કાર્યને નિયોગ-સંપત્તિથી સ્થાયી કરવાં. ૩૭

प्रचारयेन्मन्त्रविदः कार्यद्वारेषु नैकधा ।
यत्र तच्चेतसां साम्यं तेषु साधु समुत्पतेत् ॥ ३८ ॥

રાજકીય કાર્યો કરવાનાં હોય ત્યારે રાજાએ મંત્રવેત્તા મંત્રીઓને અનેકવાર પૂછવું કે, અમુક કાર્ય કરવાનું છે તેમાં તમારો શો મત છે? આ રીતે પૂછયા પછી જે કાર્યો કરવામાં ઘણા મંત્રીઓનો એક મત મળે તે કાર્યો કરવા માટે સારી રીતે ઉદ્યમ કરવો. ૩૮

ભાવાર્થઃ–આ શ્લોકના અનેક અર્થ થઈ શકે છે. ઉપર જે અર્થ કરવામાં આવ્યો છે તે जयमंगला ટીકાને અનુસરીને કર્યો છે. उपाध्यायनिरपेक्षा

ટીકામાં તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે:—રાજાના મંત્રને જાણનારા મંત્રીઓ, દૂતો તથા ગુપ્ત પુરુષો આ સર્વ મંત્રવેત્તાઓને રાજાએ રાજકીય કાર્યના દ્વારભૂત શત્રુ, મિત્ર, મધ્યમ તથા ઉદાસીન રાજાઓની પાસે અનેકવાર મોકલવા, અને તેઓ ત્યાં જઈને જે રાજકીય કાર્ય કરવામાં એકમત થાય, તે રાજકીય કાર્યો કરવા માટે રાજાએ ઉત્તમ પ્રકારનો ઉદ્યમ કરવો. ૩૮

यत्र मन्त्रिमनस्साम्यं यत्र चेतो न शङ्कते ।
यत्र सन्तो न निन्दन्ति तत् परीयाच्चिकीर्षितम् ॥ ३९ ॥

જે કાર્યમાં મંત્રીઓનો એકમત થાય, જે કાર્ય કરવાને પોતાનું મન શંકા કરે નહિ તથા જે કાર્યની સત્પુરુષો નિંદા કરે નહિ, તેવું કાર્ય કરવાની રાજાએ ઇચ્છા કરવી. ૩૯

धृतेऽपि मन्त्रे मन्त्रज्ञैः स्वयं भूयो विचारयेत् ।
तथा वर्त्तेत मन्त्रज्ञो यथा स्वार्थं न पीडयेत् ॥ ४० ॥

મંત્રવેત્તા મંત્રીઓએ મંત્રનો સારી રીતે નિર્ણય કર્યો હોય તોપણ રાજાએ પોતે પુનઃ તેનો વિચાર કરવો તથા મંત્રને જાણનાર રાજાએ એવી રીતે વર્તવું કે વિગ્રહાદિકમાં પોતાના સ્વાર્થને હાનિ પહોંચે નહિ. ૪૦

मन्त्रिणः स्वार्थतात्पर्याद् दीर्घमिच्छन्ति विग्रहम् ।
तेषां च भोग्यतामेति दीर्घकार्याकुलो नृपः ॥ ४१ ॥

મંત્રીઓ પોતાના સ્વાર્થને માટે લાંબા કાળ સૂધી વિગ્રહ (યુદ્ધ) ચાલે એમ ઇચ્છે છે અને રાજા લાંબા કાળ સૂધી ચાલેલા વિગ્રહાદિક કાર્યથી વ્યાકુળ થઈને મંત્રીઓનો ભોગ્ય થઈ પડે છે અર્થાત્ તેને મંત્રીઓને વશ થવું પડે છે. ૪૧

मनःप्रसादः श्रद्धा च तथा करणपाटवम् ।
सहायोत्थानसम्पच्च कर्मणां सिद्धिलक्षणम् ॥ ४२ ॥

મનની પ્રસન્નતા, કાર્ય ઉપર શ્રદ્ધા, જ્ઞાનેન્દ્રિયોનું તથા કર્મેન્દ્રિ-

યેાનું પેાતાનાં કાર્ય કરવામાં સામર્થ્ય, સહાયકેાની સંપત્તિ તથા ચઢાઈ કરવાની સંપત્તિ આ સર્વ કર્મોની સિદ્ધિ કરનારાં છે. ૪૨

ભાવાર્થઃ–આ શ્લેાકમાં ને તે પછીના શ્લેાકેામાં મંત્રની સિદ્ધિનાં મૂળ કહ્યાં છે. ૪૨

लघूत्थानान्यविघ्नानि सम्भवत्साधनानि च ।
कथयन्ति पुनः सिद्धिं करणान्येव कर्मणाम् ॥ ४३ ॥

જે કર્મનાં સાધનેા જલદી તૈયાર થઈ શકે તેવાં હેાય, વિઘ્ન વિનાનાં હેાય તથા જેનાં ઉપસાધનેા પણ તૈયાર હેાય, આવાં કર્મનાં સાધનેા જ કાર્યની સિદ્ધિને કહી બતાવે છે. ૪૩

आवर्तयेन्मुहुर्मन्त्रं धारयेच्च प्रयत्नतः ।
अप्रयत्नधृतो मन्त्रः प्रचलन्नग्निवद् दहेत् ॥ ४४ ॥

મંત્રનેા વારંવાર વિચાર કરવેા, અને તે મંત્રનું પ્રયત્નથી રક્ષણ કરવું, અર્થાત્ મંત્ર બહાર પડે નહિ તેને માટે બહુ જ પ્રયત્ન કરવેા. જો મંત્રનું પ્રયત્નથી રક્ષણ કરવામાં આવે નહિ તેા તે મંત્ર ચલાયમાન થાય છે (એટલે બીજાના જાણવામાં આવે છે) અને તે એક ઘરમાંથી બીજા ઘરમાં ફેલાયલેા અગ્નિ જેમ ઉત્તરેાત્તર આખા નગરને બાળીને ભસ્મ કરે છે, તેમ મંત્ર પણ રાજ્ય સાથે રાજાનેા નાશ કરી નાખે છે. ૪૪

आप्तासन्ततेर्मन्त्रं संरक्षेत् तत्परस्तु सन् ।
अरक्ष्यमाणं मन्त्रं हि भिनत्त्याप्तपरम्परा ॥ ४५ ॥

રાજાએ સાવધાન થઇને વિશ્વાસુ પુરુષેાની પરંપરાથી મંત્રની રક્ષા કરવી. જો મંત્રની રક્ષા કરવામાં આવે નહિ તેા તે મંત્ર આપ્ત પુરુષની પરંપરાને ભેદીને બહાર પડે છે. ૪૫

ભાવાર્થઃ–રાજાએ પેાતાનેા મંત્ર (ગુપ્ત વિચારેા) ઘણાની પાસે કહેવેા નહિ, પરંતુ તે છૂપેા રાખવા માટે ખાસ પ્રયત્ન કરવેા. મંત્ર ઉત્તરેાત્તર

પુરુષોના જાણવામાં આવવાથી છેવટે બહાર પડી જાય છે, તો ધાર્યું કાર્ય થાતું નથી. જેમ રાજા પોતાના આપ્ત-વિશ્વાસુ મંત્રીની આગળ મંત્ર (ગુપ્ત વિચાર) કહે, ને તેનો વિચાર માગે, તેમ મંત્રી પોતાના આપ્ત પુરુષને તે મંત્ર કહે, તે તેના આપ્તને કહે. આમ ઉત્તરોત્તર આપ્ત પુરુષોને કહેવાથી મંત્ર બહાર પડી જાય છે; નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, षट्कर्णो भिद्यते मंत्रः એક મંત્ર છ કાને ગયો કે તે બહાર પડી જાય છે અર્થાત્ તેને ત્રણ પુરુષોએ જાણવો જોઇએ નહિ પરંતુ રાજાએ પંડે અને તેના મંત્રીએ બે જણાએ જ જાણવો જોઇએ. માટે મંત્ર ખાસ છૂપો રાખવો. જો મંત્ર બહાર પડી જાય છે તો, અગ્નિ જેમ એક ઘરને બાળે, તે બીજાને, તે ત્રીજાને એમ અગ્નિ અનુક્રમે આખા નગરમાં ફેલાઇને આખા નગરને બાળીને ભસ્મ કરી નાંખે છે. તેમ જ મંત્ર પણ ઉત્તરોત્તર બહાર પડવાથી રાજાનો તથા તેનાં પ્રકૃતિમંડળનો નાશ કરી નાંખે છે. માટે રાજાએ મંત્રની ખાસ કરીને રક્ષા કરવી અર્થાત્ પોતાના વિચાર છૂપા રાખવા. ૪૫

मदः प्रमादः कामश्च सुप्तप्रकपितानि च ।
भिन्दन्ति मन्त्रं प्रच्छन्नाः कामिन्योऽवमतास्तथा ॥ ४६ ॥

(મંત્રને બહાર પાડવાનાં નીચે પ્રમાણે દ્વાર છે.) મદિરાપાનથી થયેલા મદને લીધે પરવશ થયેલો પુરુષ મંત્રને બહાર પાડી દે છે, આળસુ પુરુષ પણ આળસને લીધે મંત્રને બહાર પાડી દે છે, સુતેલાં પુરુષનાં પ્રલપિત (બકબકાટો) પણ મંત્રને બહાર પાડે છે, ભીંત, થાંભલા વગેરેને ઓથે સંતાયલા પુરુષો પણ છૂપી રીતે મંત્ર સાંભળીને બહાર પાડે છે, પાસે રહેનારી સ્ત્રીઓ પણ મંત્ર ઉઘાડો પાડી દે છે, તથા પાસે રહેનારા સેવકાદિકો પણ અપમાન કરવામાં આવવાથી મંત્રને ઉઘાડો પાડી દે છે. ૪૬

ભાવાર્થઃ-ટીકાકાર કહે છે કેઃ-રોતો બાળક તથા શુકસારિકા પણ જો મંત્ર સાંભળી જાય છે તો તેઓ પણ વખત ઉપર મંત્રને ઉઘાડો પાડી દે છે. માટે આ શ્લોકમાં કહેલા પુરુષોને તથા ઉપર કહેલા લોકોને કાને મંત્ર પડવા દેવો નહિ. ૪૬

निस्तम्भे निर्गवाक्षे च निष्कुड्यान्तरसंश्रये ।
प्रासादाग्रे ह्यरण्ये वा मन्त्रयेदविभावितः ॥ ४७ ॥

સ્તંભ વિનાના, બારી જાળી વિનાના, તથા ભીંત વગેરેની આડચ વગરના ખુલ્લા દીવાનખાનામાં, અથવા તો મહેલના ઉપરના ભાગમાં (ખુલ્લી અગાસીમાં) અથવા તો અરણ્યમાં રાજાએ કોઈ પણ જાણે નહિ તેમ છૂપાઇને મન્ત્ર (વિચાર) કરવો. ૪૭

મંત્રીઓની સંખ્યા

द्वादशेति मनुः प्राह षोडशेति बृहस्पतिः ।
उशना विंशतिरिति मन्त्रिणां मन्त्रिमण्डलम् ॥ ४८ ॥

મનુ કહે છે કે; રાજાએ બાર મન્ત્રીઓનું મંડળ રાખવું, બૃહસ્પતિ કહે છે કે; સોળ મન્ત્રીઓનું મંડળ રાખવું, શુક્રાચાર્ય કહે છે કે; વીસ મન્ત્રીઓનું મંડળ રાખવું. ૪૮

यथासम्भवमित्यन्ये तत् प्रविश्य यथाविधि ।
मन्त्रयेताहितमनाः कार्यं बुद्धिविवृद्धये ॥ ४९ ॥

કેટલાએક કહે છે કે; કાર્યનું ગૌરવ તથા લાઘવ જોઇને તેના પ્રમાણમાં મન્ત્રીઓનું મંડળ ગોઠવવું અને રાજાએ તે મન્ત્રીઓનાં મંડળમાં હાજર થઈ મનને એકાગ્ર કરી, પોતાના કર્તવ્યકર્મના યથાર્થ જ્ઞાનમાટે તે વિશે વિચાર કરવો. ૪૯

ભાવાર્થઃ—કામંદકે આ શ્લોકમાં અન્યે પદથી કૌટિલ્યનો મત દર્શાવ્યો છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં મંત્રીના મંડળ વિશે કહે છે કેઃ–

"इन्द्रस्य हि परिषदृषीणां सहस्रं समभवत् । तच्च तच्चक्षुस्तस्मादिन्द्रं सहस्राक्षमाहुः ।"

" ઇંદ્રની રાજસભામાં એક હજાર ઋષિઓ હતા અને તેઓ તેની ચક્ષુપૂરૂપ હતા, તેથી ઇંદ્રને સહસ્રાક્ષ કહે છે. ૪૯

एकैकेनापि कार्याणि प्रविचार्य पुनः पुनः ।
प्रविशेत् स्वहितान्वेषी मतमेषां पृथक् पृथक् ॥ ५० ॥

રાજાએ એક એક મન્ત્રીની સાથે પણ રાજકીય કાર્યોનો વારંવાર વિચાર કરવો અને પોતાનાં હિતનું શોધન કરનારા રાજાએ એ મન્ત્રીઓના જૂદા જૂદા મતને જાણવા. ૫૦

महापक्षो यथाशास्त्रं दृष्टकर्मा हितः सुधीः ।
यद्यद् ब्रूयान्मतारूढस्तत्तत् साधु समाचरेत् ॥ ५१ ॥

જે મન્ત્રીનો પક્ષ મોટો હોય (એટલે જેના મતને ઘણા સંમતિ આપતા હોય,) જેણે મન્ત્રના પ્રયોગ નજરે દીઠા હોય, જે રાજાનો હિતૈષી હોય, જે નિષ્કપટ બુદ્ધિનો હોય અને જેને પોતાના મતને માટે ખાતરી હોય તેવો મન્ત્રી શાસ્ત્રાનુસાર જે જે મત આપે, તે તે મતને રાજાએ સ્વીકારવો અને તે પ્રમાણે સારી રીતે કાર્ય કરવાં. ૫૧

नातीयात् कार्यकालं हि कृत्वा मन्त्रविनिश्चयम् ।
अतिक्रान्तं तु तं भूयो यथायोगं प्रकल्पयेत् ॥ ५२ ॥

મન્ત્રીઓની સાથે મન્ત્રનો નિર્ણય કર્યા પછી કાર્ય કરવાનો સમયને ઉલ્લંઘન કરવો નહિ. (અર્થાત્ નિશ્ચય કરેલા સમય ઉપર જ કાર્ય કરવું). પરંતુ જો તે કાર્યનો કાળ વીતી જાય તો ફરીથી ઘટતી રીતે તે કાર્યને અનુકૂળ કાળ મેળવવો. ૫૨

ભાવાર્થઃ—આ શ્લોકમાં તથા આ પછીના બે શ્લોકમાં કાર્યના સમયની કિંમત જાણવા માટે ઉપદેશ કર્યો છે. જે સમયે જે કાર્ય કરવાનું હોય, તે વખતે જ જો તે કાર્ય કરવામાં ન આવે તો પછી તે કાર્યની મહત્તા ઘટી જાય છે અને કાલાંતરે કરેલું કાર્ય ધાર્યા પ્રમાણે બનતું નથી. આપણામાં કહેવત છે કે. અવસર ચુકયા મેહુલાં, ચોમાસામાં મેઘ વરસે નહિ, પરંતુ બીજી ઋતુમાં વરસે તો જોઇએ તેવું ધાન્ય નિપજે નહિ. ૫૨

न कार्यकालं मतिमानतिक्रामेत् कदाचन ।
कथञ्चिदेव भवति कार्ययोगः सुदुर्लभः ॥ ५३ ॥

બુદ્ધિમાન્ પુરુષે કોઇપણ દિવસે કાર્ય કરવાના સમયને ઉલ્લંઘન કરવો નહિ. કારણ કે, કાર્ય કરવાને યોગ્ય એવો સમય અત્યંત દુર્લભ હોય છે અને તે માંડમાંડ જ મળે છે. ૫૩

सतां मार्गेण मतिमान् काले कर्म समाचरेत् ।
काले समाचरन् साधु रसवत् फलमश्नुते ॥ ५४ ॥

બુદ્ધિમાન્ રાજાએ મન્ત્રીઓના ઉપદેશ પ્રમાણે અથવા તો સત્પુરુષોએ દર્શાવેલા માર્ગ પ્રમાણે સમય ઉપર કાર્ય કરવું. જે રાજા સમય ઉપર કાર્ય કરે છે, તે રાજા રસવાળું (સ્વાદિષ્ટ) ફળ મેળવે છે. ૫૪

ભાવાર્થઃ–જે કાર્ય કરવાનો જે સમય હોય, તેને ગુમાવી દેવાથી कालः पिबति तद्रसम् કાળ તે કાર્યના રસનું પાન કરી જાય છે. અર્થાત્ સમય વગર કરેલું કાર્ય નીરસ અને નિરુપયોગી થઈ પડે છે. ૫૪

इति चेति च सम्पश्यन् काले देशे सहायवान् ।
विशुद्धपार्ष्णिस्तद्वस्तु समाक्रामेन्न चापलात् ॥ ५५ ॥

અમુક કાર્ય કરવાથી અમુક ફળ થશે અને અમુક કાર્ય કરવાથી અમુક જાતની હાનિ થશે, આ વિશે વિચાર કરવો, કાર્ય કરવા માટે સારા સહાયક મેળવવા, પોતાની બન્ને બાજૂઓના શત્રુઓનો નાશ કરીને વિશુદ્ધ (નિર્ભય) થવું અને પછી યોગ્ય દેશમાં તથા યોગ્ય કાળે ગ્રામ, નગર વગેરે સંપાદન કરવાં. પરંતુ ચપળપણાથી સંપાદન કરવાનો પ્રયત્ન કરવો નહિ. ૫૫

ભાવાર્થઃ–રાજાએ શત્રુનું રાજ્ય મેળવવામાટે દેશનો તથા કાળનો વિચાર કરવો તથા કાર્યના લાભનો અને હાનિનો વિચાર કરવો. આ રીતે મંત્રનાં અંગોને અનુકૂળ થઇને કાર્યનો આરંભ કરવો, પરંતુ ચપળપણાથી કાર્યનો આરંભ કરવો નહિ. ૫૫

अहिते हितबुद्धिरल्पधीरवमन्येत मतानि मन्त्रिणाम् ।
चपलः सहसैव सम्पतन्नरिखड्गाभिहतः प्रबुध्यते ॥५६॥

જે રાજાને અહિતમાં હિતની બુદ્ધિ થાય છે, જેની બુદ્ધિ ટુંકી હોય છે, જે મન્ત્રીઓનાં મતોનું અપમાન કરે છે, જે ચપળ સ્વભાવનો હોય છે અને જે સહસાજ (વિચાર કર્યા વિના જ) શત્રુના ઉપર ચઢાઈ કરે છે, તે રાજા શત્રુની તરવારથી ઘાયલ થાય છે ત્યારે પોતાની ભૂલને જાણે છે. ૫૬

अविचार्य बलाबलं द्विषामहमित्येव समुद्धतोऽनयात् ।
चपलः स्वमतेन सम्पतन्नानिपत्याल्पमना न बुध्यते ॥५७॥

શત્રુઓનાં બળનો અથવા તો નિર્બળતાનો વિચાર કર્યા વિના હું જ બળવાન્ છું, આવી રીતે ઉદ્ધત થઈ ગયેલો, ચપળ તથા અલ્પ બુદ્ધિનો રાજા પોતાના મતથી (એટલે મંત્રીઓની સાથે વિચાર કર્યા વગર) અન્યાયથી શત્રુ રાજાના ઉપર ચઢાઈ કરે છે, તે અલ્પ બુદ્ધિવાળો રાજા પોતાની પદવી ઉપરથી ભ્રષ્ટ થયા વગર સમજતો નથી. ૫૭

इति मन्त्रबलान्महीपतिर्महतो दुष्टभुजङ्गमानिव ।
विनयेन्नयमार्गमास्थितो वशमुद्योगसमन्वितो रिपून् ॥५८॥

ઉદ્યોગી ગારુડી જેમ મંત્રના બળથી મોટા દુષ્ટ સર્પોને પોતાને વશ કરે છે, તેમ ઉદ્યોગી રાજાએ પણ નીતિના માર્ગમાં રહીને મંત્રના બળથી મોટા શત્રુ રાજાઓને વશ કરવા. ૫૮

'મંત્રવિકલ્પ' નામનું પ્રકરણ ૧૭ મું સમાપ્ત.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં 'મંત્રવિકલ્પ' નામનો સર્ગ ૧૨ મો સમાપ્ત.

સર્ગ ૧૩ મો–પ્રકરણ ૧૮ મું.

દૂતપ્રચાર.

कृतमन्त्रः सुमन्त्रज्ञो मन्त्रिणं मन्त्रिसम्मतम् ।
यातव्याय प्रहिणुयाद् दूतं दूत्याभिमानिनम् ॥ १ ॥

મંત્રને સારી રીતે જાણનારા રાજાએ રાજકીય કર્મ માટે મંત્રિઓની સાથે મંત્ર (વિચાર) કર્યા પછી, દૂતનું કાર્ય કરવાનું અભિમાન ધરાવનારા (નીડર) મંત્રીને, સર્વ મંત્રીઓની સંમતિ લઈને શત્રુ રાજાની પાસે દૂત તરિકે મોકલવો. ૧.

ભાવાર્થઃ—આ સર્ગમાં દૂતપ્રચાર તથા ચારવિકલ્પ એમ બે પ્રકરણ છે. દૂતપ્રચાર એટલે દૂતને શત્રુ રાજાના દરબારમાં મોકલવો તે, તથા ત્યાં દૂતનું કર્તવ્ય અને ચારવિકલ્પ એટલે ચારના ભેદ તેમાં દૂત પ્રસિદ્ધ તરિકે ફરે છે, અને ચાર છૂપા વેશમાં રાજા શિવાય બીજો કોઈ પણ ઓળખી શકે નહિ તેવા આકારમાં શત્રુના દેશમાં તથા શત્રુના મંડળમાં ફરે છે અને તેની સર્વ હકીકત મેળવે છે. સંધિને માટે તથા વિગ્રહને માટે જે વિચાર કરવામાં આવે છે, તેનું નામ મંત્ર અને તે મંત્રનો આધાર પોતાનો તથા પરનો મત જાણવા ઉપર છે અને તે બંનેનો મત દૂતની પાસેથી તથા ચારની પાસેથી જાણી શકાય છે. માટે મંત્રનો વિચાર કર્યા પછી આ સર્ગમાં દૂતનાં તથા ચારનાં કર્મ કહેવામાં આવશે. તેમાં પ્રથમ દૂતનું કર્મ કહે છે. ૧

प्रगल्भः स्मृतिमान् वाग्मी शस्त्रे शास्त्रे च निष्ठितः ।
अभ्यस्तकर्मा नृपतेर्दूतो भवितुमर्हति ॥ २ ॥

જે પુરુષ શત્રુ રાજાની સભામાં નિર્ભયપણે બોલી શકે એવો હોય, સ્મરણ શક્તિવાળો હોય એટલે રાજાએ કહેવરાવેલા સંદેશાને જરા પણ નહિ વિસરનારો હોય, વાચાળ હોય, શસ્ત્રવિદ્યામાં તથા નીતિશાસ્ત્રમાં કુશળ હોય, જેણે ઘણી વખત દૂતનું કાર્ય કર્યું હોય આવો પુરુષ રાજાનો દૂત થવાને યોગ્ય ગણાય છે. ૨

निसृष्टार्थो मितार्थश्च तथा शासनहारकः ।
सामर्थ्यात् पादतो हीनो दूतस्तु त्रिविधः स्मृतः ॥ ३ ॥

નિસૃષ્ટાર્થ, મિતાર્થ, તથા શાસનહારક એમ ત્રણ પ્રકારના દૂત નીતિશાસ્ત્રમાં કહ્યા છે. તે દૂતોમાં પૂર્વ પૂર્વના દૂત કરતાં પછી પછીના દૂત સામર્થ્યમાં એક એક ચતુર્થાંશ ન્યૂન હોય છે. ૩

ભાવાર્થઃ—રાજા સંધિ અથવા વિગ્રહ કરવાનું જે દૂતની મરજી ઉપર સોંપી દે, અને જે દૂત પોતાની ઇચ્છા પ્રમાણે સંધિ અથવા તો વિગ્રહ કરે, તે દૂત 'નિસૃષ્ટાર્થ' કહેવાય છે. યુધિષ્ઠિરના દૂત તરિકે કૌરવની રાજ-સભામાં ગયેલા શ્રીકૃષ્ણ નિસૃષ્ટાર્થ જાતિના દૂત હતા. શ્રીકૃષ્ણ દૂત તરિકે હસ્તિનાપુર જવાને તયાર થયા ત્યારે યુધિષ્ઠિરે તેને નીચે પ્રમાણે શબ્દ કહ્યા હતા કે, "यद्यदस्मद्धितं कृष्ण तत्तद्वाच्यः सुयोधनः" આ દૌત્યમાં સંધિ જ કરવો અથવા તો વિગ્રહ જ કરવો એવો નિયમ હોતો નથી, પરંતુ કર્તવ્ય કર્મનો સર્વ ભાર દૂતના ઉપર મૂકવામાં આવે છે માટે નિસૃષ્ટાર્થ દૂતમાં મંત્રિ તરિકેનું સામર્થ્ય સંપૂર્ણ રીતે હોવું જોઇએ. રાજા જે દૂતને કહે કે, તારે શત્રુની સભામાં (શત્રુના દરબારમાં) જઇને અમુક શબ્દો જ બોલવા, અથવા તો સંધિ કે વિગ્રહ કરવા વિશે વાત કરવી, તેટલો મિત (માપસર) વ્યવહાર જે દૂત કરે છે તે **મિતાર્થ** દૂત કહેવાય છે. આ દૂતનું સામર્થ્ય સંપૂર્ણ નહિ પણ ત્રણ ચતુર્થાંશ ગણાય છે. જે રાજાના શાસનને કહેતાં લેખને (લખાણને) લઇને શત્રુના દરબારમાં જાય છે તે **શાસનહારક** કહેવાય છે. આ દૂતનું સામર્થ્ય આઠ આના ગણાય છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—**अमात्यसंपदोपेतो निसृष्टार्थः पादगुणहीनः परिमितार्थः अर्धगुणहीनः शासन हारकः** (**कौ. अ. १. १६. १२**) જેનામાં અમાત્યની સંપૂર્ણ શક્તિ હોય તે **નિસૃષ્ટાર્થ** દૂત કહેવાય છે. જેનામાં ત્રણ ચતુર્થાંશ શક્તિ હોય તે **મિતાર્થ** કહેવાય છે ને જેનામાં અર્ધ શક્તિ હોય તે **શાસનહારક** (લેખ લઈ જનારો) કહેવાય છે. બીજા શ્લોકમાં તથા ત્રીજા શ્લોકમાં દૂતના ગુણોનું તથા તેના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. ૩

स भर्तुः शासनाद् गच्छेद् गन्तव्यं द्युत्तरोत्तरम् ।
स्ववाक्यपरवाक्यनामिति चेति च चिन्तयन् ॥ ४ ॥

રાજાની આજ્ઞાથી દૂતે શત્રુ રાજાના દરબારમાં જવું અને જતી વખતે ઉત્તરોત્તર આ પ્રમાણે વિચાર કરવો કે, આપણા રાજાનું વાક્ય આ પ્રમાણે કહેવું ને શત્રુ રાજા તરફથી જે વાક્ય કહેવામાં આવે તેનો અમુક ઉત્તર આપવો. ૪

ભાવાર્થઃ—આ શ્લોકથી એકવીસ શ્લોક સૂધી દૂતનો પ્રચાર કહેતાં દૂતનું ધતિકર્તવ્ય કહેવામાં આવશે. રાજેંદ્રલાલ મિત્રે છપાવેલી પ્રતિમાં ત્રીજું ચરણ स्वराष्ट्रपरराष्ट्राणां એવો પાઠ છે અને તેનો અર્થ આ પ્રમાણે છેઃ—

આમ કરવાથી આપણા દેશનું પરિણામ આ રીતે આવશે અને આમ કરવાથી શત્રુના દેશનું પરિણામ આ રીતે આવશે. એવો વિચાર દૂતે શત્રુના દરબારમાં જતી વખતે પોતાના મનમાં કરવો. ૪

अन्तपालांश्च कुर्वीत मित्राण्याटविकांस्तथा ।
जलस्थानानि मार्गांश्च विद्यात् स्वबलसिद्धये ॥ ५ ॥

પોતાના દેશના તથા શત્રુના દેશના સીમાડાનું રક્ષણ કરનારા રક્ષકોની સાથે તથા જંગલીઓની સાથે મિત્રતા કરવી (કે જેથી પોતાનો પ્રવાસ સહેલાઇથી થઈ શકે) તથા પોતાનું સૈન્ય સહેલાઇથી મુસાફરી કરી શકે. તેને માટે જળવાળા પ્રદેશોને તથા સ્થળવાળા પ્રદેશોને જાણી લેવા. ૫

नाविज्ञातः पुरं शत्रोः प्रविशेन्न च संसदम् ।
कालमीक्षेत कार्यार्थमनुज्ञातश्च निष्पतेत् ॥ ६ ॥

દૂતે શત્રુ રાજાને ખબર આપ્યા વગર તેના નગરમાં કે તેની સભામાં દાખલ થવું નહિ, પરંતુ આજ્ઞા થાય કે તેના નગરમાં અને તેની સભામાં દાખલ થવું અને પોતાનું કાર્ય કરવામાટે સમયની વાટ જોયા કરવી. ૬

सारवत्तां च राष्ट्रस्य दुर्गं तद्दुष्टिमेव च ।
छिद्रं च शत्रोर्जानीयात् कोशमित्रबलानि च ॥ ७ ॥

જેના ઉપર ચઢાઈ કરવાની હોય, તે શત્રુનો દેશ કેવો સમૃદ્ધિમાન્ છે તેનો કિલ્લો કેવો મજબૂત છે, તેની રક્ષા માટે શાં શાં સાધન છે, તેને તથા શત્રુ રાજાનાં છિદ્રોને જાણવાં તથા શત્રુ રાજાના ખજાનાને, તેના મિત્રોને તથા તેનાં સૈન્યને પણ જાણી લેવું. ૭

ભાવાર્થઃ—શત્રુ રાજાનાં છિદ્ર એટલે તે રાજાના પ્રકૃતિમંડળમાં કુસંપ, તેની પ્રજાની રાજા ઉપર અપ્રીતિ વગેરે. ૭

उद्यतेष्वपि शस्त्रेषु यथोक्तं शासनं वदेत् ।
रागापरागौ जानीयाद् दृष्टिवक्रविचेष्टितैः ॥ ८ ॥

શત્રુ રાજાના તરફથી મારવા માટે શસ્ત્રો ઉગામવામાં આવે તો પણ દૂતે પોતાના રાજાએ જે પ્રમાણે સંદેશો કહ્યો હોય, તે પ્રમાણે કહેવું તથા શત્રુ રાજાની દૃષ્ટિની ચેષ્ટા ઉપરથી તથા મુખની ચેષ્ટા ઉપરથી તેની પ્રીતિને તથા અપ્રીતિને જાણી લેવી. ૮

ભાવાર્થઃ—શત્રુ રાજાના તરફથી મારી નાખવાનો ભય દેખાડવામાં આવે તો પણ, દૂતે પોતાના રાજાનો સંદેશો બેધડક કહેવો તથા શત્રુ-રાજાની દૃષ્ટિના અને મુખના વિકાર ઉપરથી તેની પ્રીતિ અથવા તો અપ્રીતિનું અનુમાન કરી લેવું. તે આ પ્રમાણેઃ—જો તેની દૃષ્ટિ વક્ર ને લાલ રંગની જોવામાં આવે તો જાણવું કે રાજાની આપણા ઉપર અપ્રીતિ છે, અને જો પ્રસન્ન તથા નિર્મળ જોવામાં આવે તો જાણવું કે રાજા પ્રસન્ન છે. તેમ જ મુખ જો વક્રાકાર જોવામાં આવે તો જાણવું કે અપ્રીતિ છે અને પ્રસન્ન જોવામાં આવે તો જાણવું કે રાજા પ્રસન્ન છે. ૮

सहेतानिष्टवचनं कामं क्रोधं च वर्जयेत् ।
नान्यैः शयीत संरक्षेद् भावं विद्यात् परस्य च ॥ ९ ॥

શત્રુ રાજાનાં અનિષ્ટ વચનો સહન કરવાં, કામનો અને ક્રોધનો

ત્યાગ કરવો, બીજાની સાથે સુવું નહિ (એકલા સુવું), પોતાનો અભિપ્રાય છૂપો રાખવો અને પરનો અભિપ્રાય જાણી લેવો. ૯

ભાવાર્થઃ–દૂતે હમેશાં એકલા સુવું. કારણ કે, વખતે નિદ્રામાં કંઇક બકી જવાય તો સાથે સુનારાઓ દૂતનો અભિપ્રાય સમજી જાય છે, અને તેથી મંત્ર ઉઘાડો પડી જાય છે, તેમ જ દૂતે બહુ વાતો પણ કર્યા કરવી નહિ. કારણ કે તેમ કરવાથી હૃદયનો અભિપ્રાય કહેવાઈ જાય છે પરંતુ શત્રુપક્ષના મનુષ્યોના અભિપ્રાયથી જાણીતા થવું, કારણ કે તેના ઉપર જ પોતાના કાર્યનો આધાર હોય છે. ૯

रागापरागौ जानीयात् प्रकृतीनां च भर्तरि ।
कृत्यपक्षोपजापं च कुर्यादनभिलक्षितः ॥ १० ॥

શત્રુ રાજાનાં પ્રકૃતિમંડળની તેના રાજા ઉપર પ્રીતિ છે કે અપ્રીતિ તે જાણવું તથા શત્રુ જાણે નહિ તેમ શત્રુના પક્ષના ક્રોધી, લોભી, ભીરુ તથા અપમાન પામેલા પુરુષોને, શાંતિનાં વચનોથી, દામથી, દંડથી તથા માનથી પોતાના પક્ષમાં લઈ લેવા. ૧૦

वध्यमानोऽपि न ब्रूयात् स्वस्वामिप्रकृतिच्युतिम् ।
ब्रूयात् प्रश्रितया वाचा सर्वं वेद भवानिति ॥ ११ ॥

શત્રુના તરફથી મારી નાંખવામાં આવે તો પણ દૂતે પોતાના રાજાની તથા તેના પ્રકૃતિમંડળની નિર્બળતા કહેવી નહિ. પરંતુ અનુકૂળ વાણીથી કહેવું કે, આપ સર્વ જાણો છો. (અર્થાત્ તમે ચારરૂપી નેત્રદ્વારા સર્વ જાણો છો અને અમે તો માત્ર અમારાં કાર્યને જ જાણનારા છીએ.) ૧૧

कुलेन नाम्ना द्रव्येण कर्मणा च गरीयसा ।
कुर्याच्चतुर्विधं स्तोत्रं पक्षयोरुभयोरपि ॥ १२ ॥

દૂતે અન્યેય પક્ષનાં કુળની, નામની, ધનની અને ઉત્તમ કર્મની આમ ચારેય પદાર્થની સ્તુતિ કરવી. ૧૨

ભાવાર્થઃ–દૂતે શત્રુની આગળ પોતાના રાજાની તથા શત્રુની એમ બન્ને પક્ષની સ્તુતિ કરીને કહેવું કે, તમારું અને અમારા રાજાનું કુળ ઉદિતોદિત છે, તમારું તથા અમારા રાજાનું ધન પરોપકારમાં ખર્ચાય છે, તમારાં ને અમારા રાજાનાં કર્મ પણ ઉત્તમ છે, આમ કહીને શત્રુ રાજાનો ભાવ પોતાના ઉપર ઉપજાવવો અને પછી તેના તરફથી સર્વ બાબતો જાણી લેવી. ૧૨

विद्याशिल्पापदेशेन संश्लिष्योभयवेतनैः ।
कृत्यपक्षं विजानीयात् तद्भर्तुश्च विचेष्टितम् ॥ १३ ॥

આન્વીક્ષિકી વિગેરે વિદ્યા ભણવાના બહાનાથી તથા શિલ્પ (કળા વગેરે) શિખવાના બહાનાથી બન્ને તરફનો પગાર ખાનારા છૂપા દૂતો સાથે સંબંધ બાંધીને વશ કરવા યોગ્ય શત્રુના પક્ષને સારી રીતે જાણવો તથા શત્રુ રાજાનાં કર્મને પણ જાણવાં. ૧૩

ભાવાર્થઃ–શત્રુના પક્ષને પોતાના પક્ષમાં લેવા માટે તેને જાણવાની જરૂર છે, તથા શત્રુની સામે ઉપાયો લેવા માટે તેનાં કર્મ પણ જાણવાની જરૂર છે. એ વાત આ શ્લોકમાં કહી છે તથા તે જાણવાનું સાધન પણ દર્શાવ્યું છે. ૧૩

तीर्थाश्रमसुरस्थाने शास्त्रविज्ञानहेतुना ।
तपस्विव्यञ्जनोपेतैः स्वचारैः सह सम्पतेत् ॥ १४ ॥

તીર્થસ્થાનમાં, આશ્રમમાં અને દેવોના મંદિરમાં શાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરવામાટે તપસ્વીઓના વેશમાં રહેલા પોતાની તરફના ગુપ્ત દૂતોને બાનગી રીતે મળવું. ૧૪

ભાવાર્થઃ–રાજાના ગુપ્ત દૂતો શત્રુ રાજાના દેશમાં આવેલાં પવિત્ર તીર્થોમાં, આશ્રમોમાં તથા દેવોના મંદિરોમાં તપસ્વીઓનો વેશ ધારણ કરીને રહે છે. ત્યાં રાજદૂતે શાસ્ત્ર ભણવાના બહાનાથી જવું ને ગુપ્ત રીતે તેઓની મુલાકાત લઈને શત્રુ રાજાનું કર્તવ્ય જાણી લેવું. ૧૪

प्रतापं कुलमैश्वर्यं त्यागमुत्थानसौष्ठवम् ।
अक्षुद्रतां दक्षतां च भर्तुर्भेद्येषु कीर्तयेत् ॥ १५ ॥

શત્રુ પક્ષના જે પુરુષોને ફોડવાના હોય, તેઓની પાસે પોતાના રાજાનો પ્રતાપ, કુલ, ઐશ્વર્ય, ઉદારતા, ઉત્સાહશક્તિ, ઉત્તમ પુરુષોને આશ્રય આપીને તેનો સંગ્રહ કરવાનો સ્વભાવ અને તેની કર્મકુશળતા વગેરે ગુણો કહેવા. ૧૫

ભાવાર્થઃ-ફોડાયમાન થયેલાની પાસે પોતાના રાજાનો પ્રતાપ, ઉત્સાહ-શક્તિ અને કર્મકુશળતા વગેરે ગુણો કહેવા, બીધેલાઓની આગળ ઉપર કહેલા ત્રણે ગુણો તથા ઉત્તમ પુરુષોનો સંગ્રહ કરવારૂપી ગુણ કહેવા, માનીની આગળ ઉપર કહેલા સર્વે ગુણો ઉપરાંત રાજાના ઉત્તમ કુળ વિશે કહેવું અને લોભીની આગળ ઉદારતા તથા ઐશ્વર્ય આ બે ગુણો ગાવા. ૧૫

भावमन्तर्गतं व्यक्तं सुप्तो मत्तश्च भाषते ।
तस्मादेकः स्वपेन्नित्यं स्त्रियः पानं च वर्जयेत् ॥ १६ ॥

નિદ્રાવશ થયેલો તથા મદિરાના પાનથી મત્ત થયેલો પુરુષ પોતાના મનનો અભિપ્રાય સ્પષ્ટ રીતે કહી દે છે. તે માટે દૂતે નિત્ય એકલા જ સુવું તથા સ્ત્રીસંગનો અને મદિરાપાનનો ત્યાગ કરવો. ૧૬

काले व्रजति मेधावी न खिद्येतार्थसिद्धये ।
क्षिप्यमाणं च बुध्येत कालं नानाविलोभनैः ॥ १७ ॥

બુદ્ધિમાન્ દૂતે સમય વીતી જાય તો પણ, પોતાનાં કાર્યની સિદ્ધિ માટે ખેદ કરવો નહિ; પરંતુ ધીરજ ધરવી તથા શત્રુરાજા અનેક જાતનાં પ્રલોભનો બતાવીને સમય કાઢી નાંખે, તેના તરફ પણ ધ્યાન આપવું. ૧૭

ભાવાર્થઃ-કાર્ય સિદ્ધ થાય નહિ અને સમય વીતી જાય તો પણ દૂતે એવો વિચાર કરવો નહિ કે મને અહીં આવ્યાને ઘણા દિવસ વીતી ગયા છે, તેમ શત્રુરાજા કહેતો હોય કે હું તારું મન મનાવીશ, ધીરજ ધર,

આમ કહીને કાર્ય કરી આપતો ન હોય ને વિલંબ કરતો હોય તો જાણવું કે શત્રુ રાજા વૃથા કાળ લંબાવે છે. ૧૭

एतेष्वहस्सु गच्छत्सु तत्र नः पृथिवीपतेः ।
पश्यति व्यसनं किञ्चित् स्वयं वा कर्तुमीहते ॥ १८ ॥

આ દિવસો વીતી જાય છે, તેમાં આપણા રાજાને કંઈક વિપત્તિ થાય એમ શત્રુરાજા જોવાની ઇચ્છા કરે છે અથવા તો આસપાસના રાજાઓને તથા જંગલી રાજાઓને ઉશ્કેરીને પંડે જ આપણા રાજા ઉપર ચઢાઈ કરવાની ઇચ્છા કરે છે. આ હકીકત પણ દૂતે જાણવી. ૧૮

स्वान्तःप्रकोपमथवा विनेतुं नीतिवित्तमः ।
सस्यादेः सङ्ग्रहं कर्तुं दुर्गे वा दुर्गसत्क्रियाम् ॥ १९ ॥

અથવા તો મહાન્ નીતિવેત્તા રાજા પોતાના પ્રકૃતિમંડળમાં ઉભા થયેલા કલહની શાંતિ કરવાની ઇચ્છા કરે છે, અથવા તો ધાન્યાદિકનો સંગ્રહ કરવાની ઇચ્છા કરે છે, અથવા તો પોતાના ભાંગી તૂટી ગયેલા કિલ્લાને નવો સંસ્કાર કરવાની ઇચ્છા કરે છે. તે વિશેના સમાચાર પણ જાણવા. ૧૯

स्वपक्षाभ्युदयाकाङ्क्षी देशकालावुदीक्षते ।
उत यात्रां स्वयं दातुं येनास्मान्न समीहते ॥ २० ॥

અથવા તો પોતાના પક્ષનો અભ્યુદય થવાની વાટ જુવે છે, અથવા તો જાતે ચઢાઈ કરવા માટે પોતાનું સૈન્ય પરાક્રમ કરી શકે તેવા દેશની તથા કાળની પ્રતીક્ષા કરે છે. આવાં કારણોથી શત્રુ રાજા અમને અમારા દેશમાં જવા દેતો નથી. (વગેરે વાતો દૂતે જાણી લેવી.) ૨૦

ભાવાર્થઃ—દૂત શત્રુ રાજાના દરબારમાં જઈને પોતાના રાજાના તરફથી સંધિ અથવા તો વિગ્રહ વિશેની વાત કરે ત્યારે નીતિવેત્તા રાજા તેને એકદમ કંઈ પણ ઉત્તર ન આપતાં, કેટલાએક દિવસો ગાળી કાઢે છે અને એ દિવસોમાં પંડે શત્રુ, વિજગીષુની સામે લડાઈ કરવાની તૈયારી

કરવા માંડે છે. પરદેશી દૂત તે રાજાની પાસેથી આખરે કંટાળીને રજા માગે છે, તો પણ તે તેને જવાની રજા આપતો નથી. કારણ કે, જો શત્રુના દૂતને ઉત્તર આપ્યા વગર રજા આપીશ તો વિજિગીષુ રાજા ઉત્તર ન મળવાથી મારા ઉપર ચઢી આવશે, આવો તેને ભય રહે છે. આવા પ્રસંગમાં દૂતે શત્રુ રાજાની કપટ નીતિને જાણી લઇને તેના અનુસાર કાર્ય કરવું.

यात्राकालक्रियार्थी वा तत्र चायं विलम्बते ।
काले विक्षिप्यमाणे तु तर्कयेदिति पण्डितः ॥ २१ ॥

રાજા ઉત્તર આપવા માટે કાળ કાઢી નાંખે તો પંડિત દૂતે વિચાર કરવો કે, આ રાજા યુદ્ધસમયે જે પરાક્રમ કરવું જોઇએ, તે પરાક્રમ માટે તૈયારી કરવામાં તત્પર થયો છે અને તેથી ઉત્તર આપવામાં વિલંબ કરે છે. ૨૧

कार्यकालव्यपेतं च व्यक्तं ज्ञात्वा विनिष्पतेत् ।
तिष्ठन् वार्ताविशेषार्थी भर्त्रे सर्वं निवेदयेत् ॥ २२ ॥

શત્રુ રાજા સંદેશામાં કહેવરાવેલું કાર્ય કરે નહિ, પણ કાળને લંબાવ્યા કરે તો દૂતે પોતાના દેશમાં ચાલ્યા આવવું અથવા તો શત્રુ રાજાની વિશેષ વાતો જાણવામાટે તેની રાજધાનીમાં રહેવું અને તેની સર્વ વાત પોતાના રાજાને નિવેદન કરવી. ૨૨

ભાવાર્થઃ—શત્રુ રાજા કંઈ પણ જવાબ ન આપે તો દૂતે પોતાના દેશમાં ચાલ્યા આવવું અથવા તો તેની રાજધાનીમાં રહીને તે રાજાની સર્વ હીલચાલ તપાસ્યા કરવી કે તે રાજા અમારો અનાદર કરીને, બીજા કયા રાજાની સાથે સલાહ કરે છે, અને ત્યાંથી તેને શી સહાયતા મળી છે? એ વિશે નિશ્ચય કરીને તેના ઉપાયો લેવા માટે પોતાના રાજાને તે સર્વ વાત જાણ કરવી. ૨૨

रिपोः शत्रुपरिच्छेदः सुहृद्भन्युविभेदनम् ।
दुर्गकोशबलज्ञानं कृत्यपक्षोपसङ्ग्रहः ॥ २३ ॥

પોતાના શત્રુના શત્રુ કોણ છે તેનો નિર્ણય કરવો, શત્રુના સ્નેહીઓને અને આંધવોને ફોડીને પોતાના પક્ષમાં લેવા, શત્રુના કિલ્લાને, ખજાનાને તથા સૈન્યને યથાર્થ રીતે જાણવું એટલે કિલ્લો કેવો મજબૂત છે તે જાણવું, ખજાનો કેટલો મોટો છે તે જાણવું તથા શત્રુપક્ષના મનુષ્યોને પોતાના પક્ષમાં લેવા. ૨૩

राष्ट्राटव्यन्तपालानामात्मसात्करणं तथा ।
युद्धापसारभूज्ञानं दूतकर्मेति कीर्तितम् ॥ २४ ॥

શત્રુના દેશના સીમાડા ઉપર તથા અરણ્યના સીમાડા ઉપર રક્ષા કરનારા રક્ષકોને પોતાના વશ કરવા, તથા હાથી, ઘોડા, રથ, અને પાળાઓને યુદ્ધ કરવામાટે અમુક ભૂમિ યોગ્ય છે તથા બળવાન્ શત્રુ ચઢી આવે તો અમુક ભૂમિ નાશી જવામાટે યોગ્ય છે તે જાણવું, આ દૂતનું કાર્ય છે, આમ નીતિશાસ્ત્રમાં કહ્યું છે. ૨૪

दूतेनैव नरेन्द्रस्तु कुर्यादरिविमर्शनम् ।
स्वपक्षे च विजानीयात् परदूतविचेष्टितम् ॥ २५ ॥

રાજાએ દૂતદ્વારા જ શત્રુ તરફના સર્વ સમાચાર જાણવા તથા શત્રુના દૂતો પોતાના પક્ષમાં કેવી રીતે વર્તે છે, તે પણ, દૂતદ્વારા જ જાણવું. ૨૫

'દૂતપ્રચાર' નામનું પ્રકરણ ૧૮ મું સમાપ્ત.

સર્ગ ૧૩ મો–પ્રકરણ ૧૯ મું

દૂતના તથા ચારના પ્રકાર

तर्केङ्गितज्ञः स्मृतिमान् मृदुर्लघुपरिक्रमः ।
क्लेशायाससहो दक्षश्चारः स्यात् प्रतिपत्तिमान् ॥ २६ ॥

જે પુરુષ તર્ક કરવામાં તથા સામાનો અભિપ્રાય જાણવામાં કુશળ હોય, પૂર્વાપરની વાર્તાને સ્મૃતિમાં રાખનારો હોય, મૃદુ (સરળ) હોય,

શીઘ્રતાથી જવાને સમર્થ હોય, ક્ષુધા, તૃષા વગેરેના કલેશને તથા બહુ પરિશ્રમથી થયેલી મહેનતને સહન કરનારો હોય, કાર્યકુશળ હોય, ભયને સમયે અથવા તો પોતાથી ભૂલ થઈ ગઈ હોય તે વખતે તેનો ઉપાય જાણનારો હોય અથવા તો ગમે ત્યારે ઉત્તર આપવામાં કુશળ હોય, તેવો પુરુષ ચાર થઈ શકે છે. ૨૬

ભાવાર્થઃ-આ પ્રકરણનું દૂતચરવિકલ્પ એવું નામ છે. જે પુરુષ રાજા તરફથી ખુલ્લી રીતે પરરાજાના રાજ્યમાં જઈને, ત્યાંથી સર્વ હકીકત જાણે તે દૂત કહેવાય છે અને જે પુરુષ છૂપા વેશમાં પરરાજાના રાજ્યમાં જઈને ત્યાંની સર્વ હકીકત જાણે તે ચાર કહેવાય છે. દૂત તથા ચારના ભેદનો તથા તેનાં કર્તવ્યનો આ પ્રકરણમાં વિચાર કરવામાં આવશે. જેમ દૂતદ્વારા શત્રુ રાજાનું કર્તવ્ય જાણી શકાય છે, તેમ જ ચારદ્વારા પણ શત્રુ રાજાનું કર્તવ્ય જાણી શકાય છે; તેથી પૂર્વના પ્રકરણમાં દૂતનું કર્તવ્ય કહ્યું. હવે આ પ્રકરણમાં ચારનું કર્તવ્ય કહેશે. ચાર કેવો હોવો જોઇએ, તે વિશે આ શ્લોકમાં કહ્યું છે. ૨૬

तपस्विलिङ्गिनो धूर्ताः शिल्पपण्योपजीविनः ।
चराश्चरेयुः परितः पिबन्तो जगतां मतम् ॥ २७ ॥

બીજાઓને છેતરવામાં કુશળ એવા ચારોએ (છૂપા દૂતોએ) તપસ્વીનો વેશ ધારણ કરીને અથવા તો સુતાર લુવાર વગેરેનો અથવા તો વ્યાપારીનો વેશ ધારણ કરીને જગતનાં મતને જાણવા માટે પૃથ્વી ઉપર ચોતરફ પ્રવાસ કરવો. ૨૭

निर्गच्छेयुर्विशेयुश्च सर्ववार्ताविदोऽन्वहम् ।
चराः शकाशं नृपतेश्चक्षुर्दूरचरं हि ते ॥ २८ ॥

જગતની સર્વ વાતો જાણનારા ચારોએ નિત્ય રાજાની પાસેથી લોકવૃત્તાંત જાણવામાટે પરદેશમાં નિકળવું અને જગતની વાર્તા જાણીને પાછું રાજાની પાસે આવવું. કારણ કે, ચાર લોકો રાજાની દૂર દેશમાં ફરનારી એક દૃષ્ટિ છે. ૨૮

ભાવાર્થઃ—રાજાનાં ખરાં નેત્ર ચાર છે. કારણ કે રાજા રાજમંદિરમાં બેઠો બેઠો આખા જગતના રાજાનાં ચરિત્રને જાણી શકે છે, તે ચારદ્વારા જ. તેનાં ચર્મ ચક્ષુ તો સમીપના જ પદાર્થને જોઇ શકે છે, તેનાથી દૂરની કોઈ પણ વસ્તુ જોવામાં કે જાણવામાં આવતી નથી. ૨૮

सूक्ष्मसूत्रप्रचारेण पश्येद् वैरिविचेष्टितम् ।
स्वपन्नपि हि जागर्ति चारचक्षुर्महीपति ॥ २९ ॥

એક વસ્ત્રમાં વાણારૂપે તથા તાણારૂપે વણાતો તંતુ જેમ અત્યંત સૂક્ષ્મ હોવાથી તેનો પ્રચાર જેમ જોવામાં આવતો નથી, તેમ ચારે પણ પોતાનો પ્રચાર (હરફર) અત્યંત ગુપ્ત રાખવો અને વૈરીઓનું કર્તવ્ય જાણવું. જે રાજાને ચારરૂપી ચક્ષુઓ છે તે રાજા નિદ્રા કરે છે ત્યારે પણ જાગે છે એમ જાણવું. ૨૯

विवस्वानिव तेजोभिर्नभस्वानिव चेष्टितैः ।
राजा चारैर्जगत् कृत्स्नं व्याप्नुयाल्लोकसम्मतैः ॥ ३० ॥

સૂર્ય જેમ પોતાનાં કિરણોથી આખા જગતમાં વ્યાપી જાય છે, અને વાયુ જેમ પોતાની ગતિથી આખા જગતમાં વ્યાપી જાય છે, તેમ રાજાએ પણ પ્રજામાં માનીતા થઈ પડેલા ચારદ્વારા આખા જગતમાં વ્યાપ્ત થવું જોઇએ. અર્થાત્ આખા જગતના અભિપ્રાયને જાણવો જોઇએ. ૩૦

चारचक्षुर्नरेन्द्रस्तु सम्पतेत् तेन भूयसा ।
अनेनासम्पतन् मार्गात् पतत्यन्धः समेऽपि हि ॥ ३१ ॥

રાજાએ ચારરૂપી ચક્ષુ ધારણ કરવી, અર્થાત્ વૈરી રાજાનું વૃત્તાંત જાણવા માટે ચારોને રાખવા અને ચારરૂપી ચક્ષુવડે જ ઘણુંકરીને સંચાર કરવો. જે રાજા ચારરૂપી દૃષ્ટિથી જોઇને ચાલતો નથી પણ સ્વતંત્રતાથી રાજકીય કાર્યોમાં વ્યવહાર કરે છે, તે રાજા જગતનું સર્વ

વૃત્તાંત જાણવામાં આંધળો ગણાય છે અને આંધળો મનુષ્ય જેમ સીધા માર્ગ ઉપર ચાલતાં પણ પડી જાય છે, તેમ રાજા પણ, સાધારણ રાજકીય કાર્ય કરવામાં ભૂલો કરે છે તો પછી વિષમ કાર્યોમાં ભૂલો કરે તેમાં તો કહેવું જ શું? ૩૧

ભાવાર્થ:–રાજાની ખરી આંખો ચાર છે. રાજા જો તેના મત પ્રમાણે ચાલે છે, તો રાજકીય કાર્યમાં વિજયી નિવડે છે. દેખતો રાજા પણ જો ચાર વિનાનો હોય તો તે આંધળો કહેવાય છે. કારણ કે, તે પ્રજાના અને શત્રુરાજાના મતને જાણી શકતો નથી અને તેથી "અજાણ્યો એ આંધળા બરોબર" એ કહેવત પ્રમાણે, તેવો રાજા સીધા માર્ગ ઉપરથી પણ પડી જાય છે. અર્થાત્ સાધારણ રાજકીય કાર્યોમાં ભૂલ કરે છે. માટે રાજાને ચારની ઘણી જ જરૂર છે. ૩૧

सर्वसम्पत्समुदयं सर्वावस्थाविचेष्टितम् ।
चारेण द्विषतां विद्यात् तद्देशप्रार्थनादि च ॥ ३२ ॥

રાજાએ ચારદ્વારા શત્રુરાજાઓના અમાત્ય મંડળના ગુણને, ખજાનાની સ્થિતિને, શત્રુરાજાની જાતજાતની અવસ્થાનાં કર્મને, તેના દેશમાં રહેનારી પ્રજાની માંગણીને તથા તેની આર્થિક સ્થિતિ વગેરેને જાણવી. ૩૨

प्रकाशश्चाप्रकाशश्च चरस्तु द्विविधः स्मृतः ।
अप्रकाशोऽयमुद्दिष्टः प्रकाशो दूत उच्यते ॥ ३३ ॥

ચાર બે પ્રકારના હોય છે. એક પ્રકટ અને બીજો ગુપ્ત. ગુપ્ત હોય તે ચાર કહેવાય છે, અને પ્રકટ હોય તે દૂત કહેવાય છે. ૩૩

चरेण प्रचरेत् प्राज्ञः सूत्रेणर्त्विगिवाध्वरे ।
दूते सन्धानमायत्तं चरे चर्या प्रतिष्ठिता ॥ ३४ ॥

ઋત્વિજ જેમ યજ્ઞમાં કાત્યાયનાદિકે કરેલાં યજ્ઞનાં સૂત્ર પ્રમાણે કર્મ કરે છે, તેમ રાજાએ ચારનો વિચાર લઈને રાજકીય કાર્ય કરવાં.

શત્રુની સાથે સંધિ કરવાનો આધાર દૂતના ઉપર હોય છે અને શત્રુનાં કર્મ જાણવાનો આધાર ચારના ઉપર હોય છે. (અર્થાત્ ચાર-દ્વારા જ શત્રુનું કર્તવ્ય જાણી શકાય છે.) ૩૪

संस्थानवत्यः संस्थाश्च कार्याः कार्यसमृद्धये ।
तिष्ठेयुर्यासु सञ्चाराः परचर्योपवेदिनः ॥ ३५ ॥

રાજાએ રાજકીય કાર્યનો અભ્યુદય કરવામાટે ગુપ્ત વેશવાળી તથા ગુપ્ત ચરિત્રવાળી ચારની એક સંસ્થા સ્થાપવી અને ચારોએ પણ શત્રુ રાજાનાં કર્તવ્ય જાણવામાટે આ સંસ્થાઓનો આશ્રય કરવો. ૩૫

वणिक् कृषीवलो लिङ्गी भिक्षुकोऽध्यापकस्तथा ।
संस्थाः स्युश्चारसंस्थित्यै दत्तदायाः सुखाश्रयाः॥ ३६ ॥

રાજાએ ચારના (ગુપ્તદૂતના) નિર્વાહ અર્થે વ્યાપારી, ખેડુત, બ્રહ્મચારી, સંન્યાસી તથા અધ્યાપક આવી પાંચ જાતની સંસ્થા સ્થાપવી અને તેઓને આજીવિકા કરી આપવી તથા સુખકારક આશ્રય આપવો. ૩૬

ભાવાર્થ:–આ શ્લોકમાં પાંચ જાતના ચાર દર્શાવ્યા છે. એક વણિક એટલે વ્યાપારી, બીજો ખેડુત, ત્રીજો લિંગી એટલે બ્રહ્મચારી અથવા તો તપસ્વી, ચોથો ભિક્ષુક અને પાંચમો અધ્યાપક. ચારે ઉપર દર્શાવેલા વ્યાપારી વગેરેમાંથી કોઈ એકનું સ્વરૂપ ધારણ કરીને શત્રુના દેશમાં ફરવું અને તેની હીલચાલ જાણવી. આમાં જે વણિક કહ્યો છે તેનું બીજું નામ વૈદેહક છે, ખેડુતનું બીજું નામ ગૃહપતિ છે, લિંગીનાં જટિલ, તાપસ વગેરે નામ છે, ભિક્ષુકનું બીજું નામ ઉદાસ્થિત (ઉદાસી) છે અને અધ્યાપકનું બીજું નામ કાપટિક છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં દૂતોના ભેદો દર્શાવતાં કહે છે કે;– गूढपुरुषानुत्पादयेत् कापटिकोदास्थितगृहपतिवैदेहकतापसव्यंजनान् । રાજાએ કાપ-ટિક, ઉદાસ્થિત, ગૃહપતિ, વૈદેહક અને તાપસના વેશધારી ગુપ્ત પુરુષો રાખવા. કામંદકે પાંચ જાતનાં જે ચારનાં નામ કહ્યાં છે, તે ચાણક્યે દર્શા-વેલા નામના પર્યાયરૂપ છે.

કામંદકે જેને અધ્યાપક તરિકે કહ્યો છે, તેને ચાણુક્યે કાપટિકના નામથી કહ્યો છે. કપટથી—માયાથી વ્યવહાર કરનારો માટે કાપટિક. જે પુરુષ પારકાના મર્મને જાણી શકતો હોય, જેના વિદ્યાર્થીઓ ઘણા જ વાચાળ અને કુશલ હોય, તેવા અધ્યાપકને આજીવિકાની તથા માનની ઇચ્છા હોય તો રાજાએ તેને ધન અને માન બન્ને આપીને એકાંતમાં કહેવું કે;—જેનો દુરાચાર તારા જોવામાં આવે તે તારે મને તે જ વખતે એકાંતમાં જણાવવો. હું તેના બદલામાં તને આજીવિકા કરી આપું છું, આમ કહીને તેની ચાર તરિકે યોજના કરવી. સંન્યાસીના ધર્મથી ભ્રષ્ટ થયો હોય તે ઉદાસ્થિત કહેવાય છે. જેને કામંદકે ભિક્ષુકના નામથી જણાવ્યો છે, જે સંન્યાસીના ધર્મથી ભ્રષ્ટ થયો હોય અને લોકોમાં જેના દોષ જાણવામાં આવ્યા હોય તેવા ભિક્ષુકને આજીવિકાની ઇચ્છા હોય તો તેને પણ રાજાએ એકાંતમાં બોલાવીને કહેવું કે, હું તને એક મઠનો મહંત બનાવું અને સારી આજીવિકા બાંધી આપું. લોકોના જે જે અપરાધ તારા જાણવામાં આવે તે તારે મને તુરત જાહેર કરવા. આમ કહીને તેની મઠના અધિપતિ તરિકે યોજના કરવી. તે પ્રમાણે જ બીજા સંન્યાસીઓને પણ ભોજન, વસ્ત્ર વગેરે આપીને છૂપા દૂત બનાવવા. ગામનો એક ખેડુત ભાંગી પડ્યો હોય, અને તેની આજીવિકા ચાલતી ન હોય, પરંતુ તે બુદ્ધિમાન અને સદાચારસંપન્ન હોય તે ગૃહપતિના નામથી એટલે પટેલના નામથી ઓળખાય છે. રાજાએ તેને પોતાના ગામમાંથી જમીન કાઢી આપવી અને પૈસાની સહાયતા કરવી અને તેને કહેવું કે તારા સંબંધમાં આવનારા જે જે લોકોના રાજકીય અપરાધ તારા જાણવામાં આવે, તે તારે મને છૂપી રીતે તુરત જણાવવા.

એક વ્યાપારી નિર્ધન થઈ ગયો હોય, તેને ધન આપીને વ્યાપાર કરાવવો તથા માન આપીને પોતાનો કરવો અને તેને પણ પ્રથમની પેઠે જ રાજાએ કહેવું કે, તારા સંબંધ આપનારા લોકોના જે જે અપરાધ તારા જાણવામાં આવે, તે તારે મને તુરત કહેવા. કોઈ મુંડીયો અથવા તો તપસી આજીવિકાની ઇચ્છાવાળો હોય, તેને રાજાએ કોઈ આશ્રમમાં રાખવો અને પોતાના તરફથી આજીવિકા કરી આપવી અને તેને પણ ઉપર પ્રમાણે કહેવું અને તે મુંડીયા બાવાએ ઘણાક મુંડીયા બાવાઓને તથા સાધક એવા

કપટી શિષ્યોને પોતાની પાસે રાખવા, અને પંડે તપ કરવાનો ડોળ કરવો, તથા છૂપી રીતે રાજા તરફથી મળતી આજીવિકામાંથી માલ ઉડાવવા, પરંતુ પોતાના શિષ્યોની પાસે લોકોની આગળ કહેવરાવવું કે, મહારાજ કંઈ પણ ખાતા નથી. તે તો નિત્ય નિરાહાર રહે છે. બે ચાર મહિના થાય કે તેણે જાહેરમાં બે મુઠ્ઠિ બોર અથવા તો ચણા ખાવા, અને સંસારના તરફ વૈરાગ્ય દર્શાવવો. તેના શિષ્યોએ પણ જાહેરમાં કહેવું કે મહારાજ ભૂત, ભવિષ્ય જાણે છે, ફલાણાને ફલાણી વાત કહી, ફલાણાને ફલાણી વસ્તુ આપી. તે સાંભળીને તેના ઉપર લોકોનો વિશ્વાસ બેસે છે અને લોકો તેની પાસે પોતાની ગુપ્ત વાર્તા તથા દુરાચરણ કહે છે. અને બીજાનાં દુરાચરણો પણ કહે છે. આ રીતે પાંચ પ્રકારના ચાર રાજાએ પોતાના દેશમાં રાખવા, જેઓ પોતાના નગર જનોની તથા દેશની ગુપ્ત વાર્તા જાણીને રાજાને જાણ કરે. શ્રીમાનો કે જેનો વહીવટ ઘણો જ મોટો હોય છે તેઓએ પણ પોતાનાં ચાકર નોકરોની ચારદ્વારા તપાસ કરવી અને અપરાધીનો અપરાધ જાણીને તેને શિક્ષા કરવી. ૩૬

स्वपक्षे परपक्षे च यावान् कश्चिद् विवक्षितः ।
सर्वस्मिंस्तत्र सञ्चारास्तिष्ठेयुश्चित्तवेदिनः ॥ ३७ ॥

પોતાના પક્ષનો અથવા તો શત્રુના પક્ષનો જે કોઈ પણ પુરુષ રાજકીય કાર્યની સાથે સંબંધ ધરાવતો હોય, તે સર્વની છૂપા દૂતોએ તપાસ રાખવી અને તેઓનાં મનનો અભિપ્રાય જાણવો. ૩૭

ભાવાર્થઃ—રાજાએ છૂપા દૂતોદ્વારા પોતાના સર્વ અધિકારીઓનો, શત્રુ રાજાનો અને તેના સર્વ અધિકારીઓનો શો મત છે તે હંમેશા જાણવો જોઇએ. રાજકીય કાર્ય સાથે સંબંધ ધરાવનારા અઢાર પુરુષો હોય છે અને તેઓને નીતિશાસ્ત્રમાં તીર્થના નામથી વર્ણવ્યા છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં અઢાર તીર્થ આરીતે ગણાવ્યાં છેઃ—'मंत्रिपुरोहितसेनापतियुवराजदौवारिक.....शिकप्रशास्तृसमाहर्तृसन्निधातृप्रदेष्टृनायकपौरव्यावहारिकपरिषदध्यक्षदण्डदुर्गान्तकपालाटविकाः' [૧]મંત્રી, [૨]પુરોહિત, [૩]સેનાપતિ, [૪]યુવ-

રાજ, [૫]દ્વારપાલ, [૬]અંતઃપુરમાં રહેનારા હીજડા, [૭]પ્રશાસ્તા, [૮]સમાહર્તા (મહેસુલ ઉઘરાવનારા), [૯]સંનિધાતા, [૧૦]પ્રદેષ્ટા, [૧૧]નાયક, [૧૨]પૌરજનો, [૧૩]વ્યાવહારિક, [૧૪]સભાધ્યક્ષ, [૧૫]દંડપાલ, [૧૬]દુર્ગપાલ, [૧૭]સીમાન્તપાલ તથા [૧૮]અરણ્યમાં વસનારા ભિલ્લો, આ અઢાર તીર્થ કહેવાય છે. રાજાના ચારોએ આ તીર્થની હીલચાલ ઉપર છૂપી રીતે નજર રાખ્યા કરવી અને તેઓનો અભિપ્રાય જાણીને રાજાને નિવેદન કરવો. ૩૭

तीक्ष्णः प्रव्रजिता चैव सत्री रसद एव च ।
एते प्रधानं सञ्चाराः सर्वे नान्योन्यवेदिनः ॥ ३८ ॥

તીક્ષ્ણ, ભિક્ષુકી, સત્રી, તથા વિષ દેનાર આ પ્રધાન ચાર કહેવાય છે અને તે સર્વે એક બીજાને ઓળખતા ન હોવા જોઇએ. ૩૮

ભાવાર્થઃ—જે મનુષ્યને મરવાનો ભય ન હોય તથા જે વીર હોય તેને તીક્ષ્ણ જાણવો અને તેવા ચારને રાજાએ શસ્ત્રના કામ ઉપર યોજવો. સાધુના વેશમાં ફરનારી ભિક્ષુકી કહેવાય છે. પૂર્વે બુદ્ધ ધર્મની આર્યાઓ, ભિક્ષુકીના નામથી પ્રસિદ્ધ હતી અને રાજાઓ તેનો પોતાની ગુપ્ત દૂતી તરિકે ઉપયોગ કરતા હતા. રેખા જાણનારા જ્યોતિર્વિદનો વેશ ધારણ કરીને સ્ત્રીનાં તથા પુરુષનાં લક્ષણો કહે છે, તે પુરુષ સત્રી કહેવાય છે. આનો પણ રાજાએ છૂપા દૂત તરિકે ઉપયોગ કરવો. જે પુરુષ ઘણો જ ક્રૂર હોય, તે બીજાને વિષપાન કરાવી શકે છે. તેવાનો પણ રાજાએ છૂપા દૂત તરિકે ઉપયોગ કરવો. આ ચાર પ્રધાન ચાર કહેવાય છે. રાજાએ આ ચારોની ઘણી જ છૂપી રીતે યોજના કરવી. તે એવી રીતે કરવી કે, તે ચારો પોતે પણ એક બીજાને ઓળખી શકે નહિ. જો તેઓ એક બીજાને ઓળખે છે તો પરસ્પર વાતચિત કરવા લાગે છે અને તે ઉપરથી લોકો તેને જાણી જાય છે. તેથી રાજાનું કાર્ય સિદ્ધ થતું નથી. માટે તેઓ પણ એક બીજાથી અજ્ઞાત રહેવા જોઇએ. ૩૮

स्वपक्षे परपक्षे वा यो न वेद चिकीर्षितम् ।
जाग्रत्स्वरिषु सुप्तोऽसौ न भूयः प्रतिबुध्यते ॥ ३९ ॥

જે રાજા પોતાના પક્ષનું કર્તવ્ય તથા શત્રુ પક્ષનું કર્તવ્ય જાણતો નથી, એ રાજા જાગતાં છતાં પણ ઉંઘે છે અને તે ફરીને જાગૃત થતો નથી અર્થાત્ નાશ પામે છે. ૩૯

कारणाकारणक्रुद्धान् बुध्येत स्वपरिग्रहे ।
पापानकारणक्रुद्धान् तूष्णीं दण्डेन साधयेत् ॥ ४० ॥

રાજાએ પોતાના પક્ષમાં કારણને લઈને અથવા તો કારણ વગર ક્રોધાયમાન થયેલા પુરુષોને ચારદ્વારા જાણવા. અને કારણ વગર ક્રોધાયમાન થયેલા પાપીઓને છૂપી રીતે શિક્ષા કરીને વશ કરવા. ૪૦

ભાવાર્થઃ–પાપીઓને શિક્ષા કરીને તાબે કરવા એમ કહ્યું તે ઉપરથી એમ પણ જાણી લેવું કે, નિર્દોષ પુરુષો કોઈ કારણથી કોપાયમાન થયા હોય તો તેઓનાં કારણને યોગ્ય રીતે જાણીને તેની માગણી મુજબ વર્તી તેને વશ કરવા. ૪૦

ये तु कारणतः क्रुद्धास्तान् वशीकृत्य संविशेत् ।
शमयेद् दानमानाभ्यां छिद्रमण्वप्यरेर्मुखम् ॥ ४१ ॥

જેઓ કારણને લઈને ક્રોધાયમાન થયા હોય, તેઓને વશ કરીને પછી રાજાએ નિશ્ચિંત થવું. રાજાએ દાનથી તથા સન્માનથી પોતાનાં નાનાં છિદ્રને પણ શાંત પાડી દેવું. કારણ કે તે, શત્રુને દાખલ થવાનું દ્વાર કહેવાય છે. ૪૧

ભાવાર્થઃ–ક્રોધ, લોભ, ભય, માન વગેરે પ્રકૃતિમંડળના દોષો છે અને તે રાજાનું છિદ્ર ગણાય છે અને શત્રુને પ્રવેશ કરવાનું તે દ્વાર છે. કારણ શત્રુ ખિન્ન થયેલા પ્રકૃતિ મંડળદ્વારા રાજાનું રહસ્ય જાણી લઈને તેના નાશમાટે પ્રયત્ન કરે છે. રાજા પોતાનાં નાનામાં નાના છિદ્રની પણ ઉપેક્ષા કરે છે તો તેથી તેનું અશુભ થાય છે. માટે ક્રોધાયમાન પ્રકૃતિમંડળને સમજાવી અને તેને શાંત કરવું. લોભીને ધનથી વશ કરવા અને જેનું અપમાન થયું હોય તેને અથવા તો જેને માનની ઇચ્છા હોય તેને માન આપીને વશ કરવા, કે જેથી પ્રકૃતિમંડળ પોતાના રાજાને જ ભજ્યા કરે. ૪૧

कण्टकान् मुखभङ्गेन राजास्य प्रशमं नयेत् ।
उद्युक्तः सामदानाभ्यां छिद्रं च परिपूरयेत् ॥ ४२ ॥

રાજાએ સાવધાન થઈને રાજ્યના મુખ્ય શત્રુઓને મારી નાંખીને રાજ્યમાં શાંતિ પાથરવી તથા ભયભીત થયેલાને અભયવચન આપીને અને લોભીને દામ દઈને પોતાનાં છિદ્રને ચોતરફથી પૂરી દેવાં. (પોતાની નિર્બળતા ઉઘાડી પડવા દેવી નહિ.) ૪૨

अणुनापि प्रविश्यारिश्छिद्रेण बलवत्तरम् ।
निःशेषं मार्जयेद्राज्यं यानपात्रमिवोदकम् ॥ ४३ ॥

વહાણ ઘણું જ મજબૂત હોય તોપણ તેમાં જો નાનું પણ કાણું હોય તો તે દ્વારા વહાણમાં પાણી દાખલ થઈને જેમ આખા વહાણને ડૂબાડી દે છે તેમ જ રાજ્ય મહાબળવાન્ હોય તોપણ તેમાં જો નાનું પણ છિદ્ર હોય તો તે દ્વારા શત્રુ રાજ્યમાં પ્રવેશ કરીને આખા રાજ્યનો નાશ કરી નાંખે છે. ૪૩

जडमूकान्धबधिरच्छद्मानः षण्डकास्तथा ।
किरातवामनाः कुब्जास्तद्विधा ये च कारवः ॥ ४४ ॥
भिक्षुक्यश्चारणा दास्यो मालाकाराः कलाविदः ।
अन्तःपुरगतां वार्तां निर्हरेयुरलक्षिताः ॥ ४५ ॥

મૂર્ખ, મૂગા, આંધળા, અને બહેરાનો ઢોંગ કરનારા પુરુષો, ષંઢ પુરુષો, કોળી, ભિલ્લ, ઠીંગણા પુરુષો, કુબડા પુરુષો, સોની, સુતાર, લુહાર વગેરે કારીગરો, ભિક્ષુકીઓ, નટો, દાસીઓ, માલણો અને ચિતારા વગેરે કલા જાણનારા પુરુષો, આ સર્વે પુરુષોને રાજાએ ચાર તરિકે યોજવા અને તેઓએ છૂપી રીતે શત્રુના અંતઃપુરની વાર્તા જાણીને રાજાને નિવેદન કરવી. ૪૪-૪૫

छत्रव्यजनभृङ्गारयानवाहनधारिणः ।
महामात्रा बहिर्वार्तां विद्युरन्ये च तद्विधाः ॥ ४६ ॥

રાજાનું છત્ર, ચામર, જલપાત્ર વગેરે ઉપાડનારા, તેની પાલખી ઉપાડનારા, તેના હાથી, ઘોડા વગેરેના રક્ષકો, હાથીને કેળવનારા માવતો, તેના રથોને હાંકનારા, તથા તેના ઘોડાઓને કેળવનારા પુરુષોને તથા જેઓ બહારની વાર્તાથી જાણીતા હોય તેઓને અને તેના જેવા બીજા પુરુષોને પણ રાજાએ પોતાના ચાર બનાવવા અને તેઓએ રાજાને શત્રુ રાજાની વાત નિવેદન કરવી. ૪૬

अन्नव्यञ्जनकर्तारः कल्पकाः स्नापकास्तथा ।
प्रसाधका भोजकाश्च गात्रसंवाहका अपि ॥ ४७ ॥
जलताम्बूलकुसुमगन्धभूषणदायकाः ।
कर्तव्या रसदा ह्येते ये चान्येऽभ्याशवर्तिनः ॥ ४८ ॥

રાજાના રસોઇઆ, હજામત કરનારા હજામો, સ્નાન કરાવનારા પુરુષો, રાજાને શણગાર સજાવનારા, (વસ્ત્ર આભૂષણ વગેરે પહેરાવનારા) ભોજન કરાવનારા, તેના શરીરની ચંપી કરનારા, રાજાને જળ પાનારા, તાંબૂલ, પુષ્પ, ચંદન તથા આભૂષણો આપનારા તથા જેઓ રાજાની પાસે રહેતા હોય, તેઓની પાસે વિજિગીષુ રાજાએ શત્રુ રાજાને ઝેર અપાવવું. ૪૭-૪૮

संज्ञाभिर्म्लेच्छितैर्लेख्यैराकारैरिङ्गितैरपि ।
सञ्चारयेयुरव्यग्राश्चाराश्चर्यां परस्परम् ॥ ४९ ॥

અંતઃપુરમાં રહેનારા ચારો બહાર નિકળી શકતા ન હોય, તેઓએ પ્રથમથી સંકેત કરી રાખેલા વીણા, મૃદંગ વગેરે વાદ્યિત્રનાં નામો કહેવરાવીને, સ્પષ્ટ રીતે સમજાય નહિ તેવાં મ્લેચ્છ ભાષાનાં વચનો કહેવરાવીને, છૂપા લેખો લખીને, મુખ, નેત્ર વગેરેના વિકારો દર્શા-

વીને તથા અમુક કર્મો કરીને સાવધાનપણાથી અંતઃપુરની હકીકત બહાર મોકલવી. ૪૯

समापिबन्तो जगतां मतानि जलानि भूमेरिव सूर्यपादाः ।
अनेकशिल्पाध्ययनप्रवीणाश्चाराश्चरेयुर्बहुलिङ्गिरूपाः ॥ ५० ॥

અનેક જાતની કળામાં તથા વિદ્યામાં પ્રવીણ એવા ચારોએ (છૂપા દૂતોએ) અનેક જાતના બ્રહ્મચારી વગેરેનો વેશ લઈને પૃથ્વી ઉપર ફરવું અને સૂર્યનાં કિરણો જેમ પૃથ્વી ઉપરથી પાણીનું પાન કરે છે અર્થાત્ રસને ખેંચે છે, તેમ ચારોએ પણ જગતના મતોનું પાન કરવું. અર્થાત્ જગતના મતને જાણવા. ૫૦

ભાવાર્થઃ–ચારોને અનેક જાતના વેશ લેવાનો ઉપદેશ કર્યો છે, તેનું તાત્પર્ય એ છે કે જે વેશ ઉપર રાજાની તથા તેની પ્રજાની શ્રદ્ધા બેસે તેવો વેશ ધારણ કરીને ચારે રાજાનું તથા તેની પ્રજાનું મત જાણી લેવું.

येन प्रकारेण परानुपेयात् परावरज्ञः स्वसमृद्धिहेतोः ।
तमात्मनि स्वस्थमतिश्च तज्ज्ञैः प्रयुज्यमानं च परेण विद्यात् ॥ ५१ ॥

પોતાના તથા શત્રુના સ્વરૂપને જાણનારો વિજિગીષુ રાજા જે પ્રકારે પોતાના અભ્યુદયને માટે ચારને શત્રુઓની પાસે મોકલે, તે પ્રમાણે જ શત્રુએ પણ સાવધાન થઈને પોતાના તરફ મોકલેલા ચારોને, ચારની રીતને જાણનારા પોતાના ચારો દ્વારા ઓળખવા. ૫૧

ભાવાર્થઃ–વિજિગીષુ રાજા બ્રહ્મચારી, સંન્યાસી, વગેરેના આકારમાં જે પ્રમાણે શત્રુના રાજ્યમાં છૂપા દૂતો મોકલે, તે પ્રમાણે જ શત્રુ રાજાએ પણ બ્રહ્મચારી, સંન્યાસી વગેરેના વેશમાં ફરનારા પોતાના દૂતોદ્વારા વિજિગીષુ રાજાના ગુપ્ત દૂતોને ઓળખી કાઢવા અને તેઓને તેના કામમાં ફાવવા દેવા નહિ. ૫૧

'દૂતચર વિકલ્પ' નામનું પ્રકરણ ૧૯ મું સમાપ્ત.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં રાજોપદેશવિશે દૂતપ્રચાર તથા દૂતચર વિકલ્પ, નામનો સર્ગ ૧૩ મો સમાપ્ત.

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૦ મું.

ઉત્સાહની પ્રશંસા.

अन्वहं चरचर्याभिर्विफले दूतचेष्टिते ।
यायाद् यथोक्तयानस्तु सूक्ष्मबुद्धिपुरस्सरः ॥ १ ॥

દરરોજ ચારોની ચર્યા સાથે દૂતનું કર્મ નિષ્ફળ નિવડે (અર્થાત્ સંધિ વગેરે કાર્ય સિદ્ધ થાય નહિ) તો વિજિગીષુ રાજાએ સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરીને શક્તિની, દેશની અને કાળની અનુકૂળતા જોઈને શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૧

ભાવાર્થ:–આ સર્ગમાં ત્રણ પ્રકરણ છે. ઉત્સાહની પ્રશંસા, પ્રકૃતિનાં કર્મ અને પ્રકૃતિનાં વ્યસન. રાજાને શત્રુ ઉપર ચઢાઈ કરવામાં પ્રથમ ઉત્સાહની જરૂર પડે છે. માટે આ સર્ગના આરંભમાં સોળ શ્લોકથી ઉત્સાહની પ્રશંસા કરે છે. ૧

सूक्ष्मा सत्त्वप्रयत्नाभ्यां दृढं बुद्धिरधिष्ठिता ।
प्रसूते हि फलं श्रीमदरणीव हुताशनम् ॥ २ ॥

(આપત્કાળમાં અથવા તો અભ્યુદયના સમયમાં વિકાર નહિ પામનાર) સત્વગુણવાળા તથા ઉહાપોહવાળા બુદ્ધિના વ્યાપારથી યુક્ત એવી સૂક્ષ્મ બુદ્ધિ, અરણી જેમ અગ્નિને ઉત્પન્ન કરે છે, તેમ ઉત્તમ ફળને ઉત્પન્ન કરે છે. ૨

धातोश्चामीकरमिव सर्पिर्निर्मथनादिव ।
बुद्धिप्रयत्नोपगताद् व्यवसायाद् ध्रुवं फलम् ॥ ३ ॥

બુદ્ધિ સાથે અને પ્રયત્ન સાથે ઉદ્યોગ કરવાથી જેમ પત્થરમાંથી તથા માટીમાંથી પણ સુવર્ણ નિકળે છે અને દહીંને મથવાથી જેમ ઘી નિકળે છે, તેમ બુદ્ધિ અને પ્રયત્નપૂર્વક ઉત્સાહથી અવશ્ય ફળ મળે છે. ૩

धीमानुत्साहसम्पन्नः व्यवसायसमन्वितः ।
भाजनं परमं श्रीणामपामिव महार्णवः ॥ ४ ॥

ધીમાન્, ઉત્સાહસંપન્ન અને પ્રભુશક્તિસંપન્ન રાજા મહાસમુદ્ર જેમ જળનું પાત્ર છે, તેમ લક્ષ્મીનું શ્રેષ્ઠ પાત્ર છે. ૪

नलिनीवाम्बुसम्पत्त्या बुद्ध्या श्रीः परिपाल्यते ।
उत्थानाध्यवसायाभ्यां विस्तारमुपनीयते ॥ ५ ॥

જેમ પાણીથી કમલિનીનું રક્ષણ થાય છે, તેમ બુદ્ધિથી કમલાનું (લક્ષ્મીનું) રક્ષણ થાય છે અને પવનથી તથા તડકાથી જેમ કમલિની વિસ્તાર પામે છે તેમ ઉત્સાહથી તથા ખંતથી લક્ષ્મી વિસ્તાર પામે છે. ૫

ભાવાર્થઃ–જેમ કમલિનીનાં રક્ષણ માટે જલની જરૂર છે, તેમ લક્ષ્મીના રક્ષણ માટે બુદ્ધિની જરૂર છે. પરંતુ તેના વિસ્તારને માટે ઉત્સાહ અને ખંત આ બેની જરૂર છે. તે વિના લક્ષ્મીની વૃદ્ધિ થાતી નથી. જલ કમલિનીનું રક્ષણ કરે છે, પરંતુ તેના ફેલાવાને માટે ખુલ્લી હવાની અને સૂર્યના તાપની ખાસ જરૂર હોય છે. તે વિના કમલિની સડી જઈને નાશ પામે છે.

लक्ष्मीरुत्साहसम्पन्नाद् बुद्धिशुद्धं प्रसर्पतः ।
नापैति कायाच्छायेव विस्तारं चोपगच्छति ॥ ६ ॥

જે ઉત્સાહસંપન્ન હોય, બુદ્ધિથી વિચાર કરીને શુદ્ધ રીતે પગલું ભરનાર હોય તેવા રાજાનો, છાયા જેમ કાયાનો ત્યાગ કરતી નથી તેમ લક્ષ્મી ત્યાગ કરતી નથી, પરંતુ વૃદ્ધિ પામે છે. ૬

वीतव्यसनमश्रान्तं महोत्साहं महामतिम् ।
प्रविशन्ति महालक्ष्म्यः सरित्पतिमिवापगाः ॥ ७ ॥

નદીઓ જેમ સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ મહાલક્ષ્મીઓ વ્યસન વિનાના, ઉદ્યોગથી કંટાળી નહિ જનારા, મહાઉત્સાહી અને મહામતિવાળા પુરુષનો આશ્રય કરે છે. ૭

सत्त्वबुद्ध्युपपन्नोऽपि व्यसनग्रस्तमानसः ।
श्रीभिः षण्ड इव स्त्रीभिरलसः परिभूयते ॥ ८ ॥

પુરુષ સત્વથી અને બુદ્ધિથી સંપન્ન હોય છતાં પણ જેનું મન દુઃખમાં ડૂબી ગયું હોય (જે નિરુત્સાહી હોય) તેવા પુરુષનો સ્ત્રીઓ જેમ નપુંસકનો પરાભવ કરે છે, તેમ લક્ષ્મીઓ પરાભવ કરે છે (અર્થાત્ તેનો ત્યાગ કરે છે.) ૮

उत्थानेनैधयेत् सत्त्वमिन्धनेनेव पावकम् ।
श्रियो हि सततोत्थायी दुर्बलोऽपि समश्नुते ॥ ९ ॥

કાષ્ઠથી જેમ અગ્નિને વધારવામાં આવે છે, તેમ ઉત્સાહથી મનને વધાર્યા કરવું. રાજા ખજાનાથી તથા સેનાથી રહિત હોય તોપણ જો નિત્ય ઉત્સાહી હોય તો લક્ષ્મીને મેળવે છે. ૯

भोक्तुं पुरुषकारेण दुष्टां स्त्रियमिव श्रियम् ।
व्यवसायं सदैवेच्छेन्न हि क्लीबवदाचरेत् ॥ १० ॥

રાજાએ પુરુષાર્થ કરીને દુષ્ટ સ્ત્રીની પેઠે લક્ષ્મીનો ઉપભોગ કરવામાટે સદાય ઉદ્યમ કર્યા કરવો. પરંતુ નપુંસકની પેઠે નિરુદ્યમી બેસી રહેવું નહિ. ૧૦

वशे श्रियं सदोत्थायी सैंहीं वृत्तिं समाश्रितः ।
कचग्रहेण कुर्वीत दुर्वृत्तामिव योषितम् ॥ ११ ॥

રાજાએ સદાય ઉદ્યોગ કર્યા કરવો, સિંહના જેવું વર્તન રાખવું અને દુરાચરણી સ્ત્રીનો જેમ ચોટલો પકડીને તેને જેમ વશ કરવામાં આવે, તેમ રાજલક્ષ્મીને વશ કરવી. ૧૧

किरीटमणिचित्रेषु मूर्धसु त्राणधारिषु ।
नाकृत्वा विद्विषां पादं पुरुषोऽभद्रमश्नुते ॥ १२ ॥

મુકુટના મણિઓથી વિચિત્ર લાગતાં અને શિરસ્ત્રાણને (ટોપને) ધારણ કરનારાં શત્રુઓના મસ્તકો ઉપર પગ મૂકયા વગર પુરુષ (લક્ષ્મીનું) સુખ ભોગવતો નથી. ૧૨

प्रयत्नप्रेर्यमाणेन महता चित्तहस्तिना ।
रूढवैरिद्रुमोत्खातमकृत्वेह कुतः सुखम् ॥ १३ ॥

પ્રયત્નથી પ્રેરાયલો ચિત્તરૂપી મહા હાથી ઉંડાં મૂળ ઘાલીને પડેલા શત્રુરૂપી વૃક્ષને જ્યાં સૂધી ઉખેડી નાંખતો નથી ત્યાં સૂધી આ લોકમાં ક્યાંથી સુખ મળે? ૧૩

हेलाकृष्टस्फुरत्तीक्ष्णखड्गांशुपरिपिञ्जरैः ।
श्रीमत्करिकराकारैराह्रियन्ते भुजैः श्रियः ॥ १४ ॥

ઝડપથી બહાર ખેંચી કઢાડેલી તીક્ષ્ણ તરવારનાં ઝગઝગતાં કિરણોથી ચોતરફથી પીળી થયેલી, અને હાથીની સુંઢના જેવી શોભાયમાન ભુજાઓથી લક્ષ્મીને વશ કરી શકાય છે. ૧૪

उच्चैरुच्चैस्तरामिच्छन् पदान्यायच्छते महान् ।
नीचो नीचैस्तरां याति निपातभयशङ्कया ॥ १५ ॥

મહાઉત્સાહી પુરુષ જો ઉંચી પદવીની ઇચ્છા રાખે છે તો તે ધીરે ધીરે ઉંચી પદવી ઉપર ચઢતો જાય છે. પરંતુ જે પુરુષ પડી જવાના ભયની શંકાથી ઉત્સાહ રહિત થઈ જાય છે, તે ધીરે ધીરે નીચે ઉતરતો જાય છે. ૧૫

प्रमाणाभ्यधिकस्यापि महत् सत्त्वमधिष्ठितः ।
करोत्येव पदं मूर्ध्नि केसरी मत्तहस्तिनः ॥ १६ ॥

મહા બળવાન્ કેસરી સિંહ જેમ પોતાના કરતાં વધારે ઉંચા એવા મદમત્ત હાથીના મસ્તક ઉપર ચઢી બેસે છે, તેમ જ મહા ઉત્સાહવાળો રાજા પણ પોતાના કરતાં મોટાં રાજ્યના રાજાના મસ્તક

ઉપર પણ ચઢી બેસે છે (અર્થાત્ ઉત્સાહી નાનો રાજા પણ મોટા રાજાને વશ કરે છે.) ૧૬

गतभीर्भीतिजननं भोगं भोगीव दर्शयेत् ।
यथाबलं च कुर्वीत रिपोर्दण्डनिपातनम् ॥ १७ ॥

સર્પ જેમ નિર્ભય થઈને સામા મનુષ્યને પોતાનું ભયંકર શરીર બતાવે છે (અર્થાત્ ફેણ ઉંચી કરીને મનુષ્યોને ડરાવે છે) તેમ રાજાએ પણ નિર્ભય થઈને ભય ઉત્પન્ન કરનારું શૌર્યાદિક શત્રુ રાજાને દર્શાવવું અને પોતામાં જેટલું બળ હોય, તેને અનુસરીને શત્રુને શિક્ષા કરવી. ૧૭

'ઉત્સાહ પ્રશંસા' નામનું પ્રકરણ ૨૦ મું સમાપ્ત.

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૧ મું

પ્રકૃતિનાં કર્મ

प्रकृतिव्यसनं यत् स्यात् तत् प्रशाम्य समुत्पतेत् ।
अनयापनयाभ्यां तज्जायते दैवतोऽपि च ॥ १८ ॥

પ્રકૃતિને જે વ્યસન થયું હોય, તે વ્યસનને શાંત કરીને રાજાએ ચઢાઈ કરવી. તે વ્યસન અનયથી તથા અપનયથી એમ બન્નેથી થાય છે અથવા તો કેવળ અનયથી અથવા તો કેવળ અપનયથી પણ થાય છે. ૧૮

ભાવાર્થઃ–વિજિગીષુ રાજાએ ઉત્સાહથી વ્યસની શત્રુના ઉપર ચઢાઈ કરવી એ વાત કહી, પરંતુ રાજા પોતે અને પોતાનું પ્રકૃતિમંડળ વ્યસનમાં કહેતાં દુઃખમાં હોય ત્યારે રાજાએ પોતાનાં પ્રકૃતિમંડળને પ્રથમ દુઃખમાંથી મુક્ત કરવું અને પછી શત્રુના ઉપર ચઢાઈ કરવી. પ્રકૃતિમંડળ જો વ્યસનમાં (દુઃખમાં) હોય તો તેઓ પોતાનાં કર્મ કરી શકે નહિ. આ સર્ગમાં પ્રથમ પ્રકૃતિનાં

વ્યસન અને તે પછી પ્રકૃતિનાં કર્મ કહેવામાં આવશે. તેમાં પ્રથમ વ્યસનોનું કારણ, વ્યસન શબ્દનો અર્થ, તેના ભેદ અને તેને દૂર કરવાના ઉપાયો પાંચ શ્લોકથી કહે છે. દૈવી કર્મ તથા માનુષી કર્મ લોકોનું પાલન કરે છે. તેમાં દૈવ નામનું કર્મ અનય કહેવાય છે અને મનુષ્યનું કર્મ અપનય કહેવાય છે. પૂર્વ જન્મમાં જે કર્મ કરવામાં આવે છે, તેને દૈવ કહેવામાં આવે છે અને આ લોકમાં જે કર્મ કરવામાં આવે છે તેને માનુષી કર્મ કહેવામાં આવે છે. પૂર્વ જન્મનાં કર્મને લીધે ઇષ્ટ ફળની સાથે યોગ થાય છે ત્યારે તેને અય કહેવામાં આવે છે અને અનિષ્ટ ફળની સાથે સંબંધ થાય છે ત્યારે તેને અનય કહેવામાં આવે છે. યોગક્ષેમની સિદ્ધિને નય કહેવામાં આવે છે અને તેની વિપત્તિને અપનય કહેવામાં આવે છે. તે અનય તથા અપનય એ બન્નેથી પ્રકૃતિમંડળને વ્યસન થાય છે. ૧૮

यस्मात् तद्व्यस्यति श्रेयस्तस्माद्व्यसनमुच्यते ।
व्यसत्यधो वा व्रजति तस्मात् तत् परिवर्जयेत् ॥ १९ ॥

જે માટે શ્રેયને એટલે અભિમત અર્થને દૂર ફેંકી દે છે, માટે તે વ્યસન કહેવાય છે. વ્યસન શબ્દમાં વિ ઉપસર્ગ છે અને અસ્ गति दीप्त्यादानेषु गति, दीप्ति અને आदान એવા અર્થમાં अस् ધાતુ છે, તેમાંથી વ્યસન શબ્દ ઉત્પન્ન થયો છે. વિ ઉપસર્ગ નીચે અથવા તો નાશ એવા અર્થમાં છે. મનુષ્ય જેનાવડે ઇષ્ટ અર્થથી ભ્રષ્ટ થાય છે અથવા તો નાશ પામે છે, તેનું નામ વ્યસન. માટે વિદ્વાન્ પુરુષે વ્યસનનો ત્યાગ કરવો. ૧૯

हुताशनो जलं व्याधिर्दुर्भिक्षं मरणं तथा ।
इति पञ्चविधं दैवं व्यसनं मानुषं परम् ॥ २० ॥

અગ્નિ, જળ, વ્યાધિ, દુષ્કાળ અને મરકી આ પાંચ પ્રકારનાં દૈવી વ્યસન છે અને તેનાથી બીજાં મનુષ્યકૃત વ્યસન છે. ૨૦

ભાવાર્થઃ—શત્રુ રાજાના તરફથી ચઢાઈ થવી વગેરે વ્યસનોની માનુષી વ્યસનોમાં ગણના કરી લેવી. ૨૦

दैवं पुरुषकारेण शान्त्या वा प्रशमं नयेत् ।
उत्थायित्वेन नीत्या वा मानुषं कार्यतत्त्ववित् ॥ २१ ॥

કાર્યને જાણનારા તત્વવેત્તા પુરુષે પુરુષાર્થથી એટલે અગ્નિ વગેરેનો નાશ કરનારા તેના પ્રતિપક્ષી જળ વગેરે પદાર્થનો પ્રયોગ કરીને અથવા તો અથર્વ વેદમાં કહેલાં શાંતિકર્મથી દૈવી વ્યસનને શાંત કરવું અને માનુષી વ્યસનને ઉત્સાહ શક્તિથી તથા નીતિથી શાંત પાડવું. ૨૧

स्वाम्यादिमित्रपर्यन्तं प्राकृतं मण्डलं हि यत् ।
तस्य कर्म प्रवक्ष्यामि व्यसनं च यथाक्रमम् ॥ २२ ॥

રાજાથી લઈને મિત્ર સૂધીનું જે મંડળ, તે પ્રકૃતિમંડળ કહેવાય છે. તે પ્રકૃતિમંડળનાં કર્મ તથા વ્યસન હું અનુક્રમે કહીશ. ૨૨

અમાત્યનું કર્મ

मन्त्रो मन्त्रफलावाप्तिः कार्यानुष्ठानमायतिः ।
आयव्ययौ दण्डनीतिरमित्रप्रतिषेधनम् ॥ २३ ॥
व्यसनस्य प्रतीकारो राजराज्याभिरक्षणम् ।
इत्यमात्यस्य कर्मेदं हन्ति तद्व्यसनान्वितः ॥ २४ ॥

મંત્ર કરવો, મંત્રના ફળનો લાભ, કાર્યનું અનુષ્ઠાન, ભવિષ્ય કાળમાં થનારાં શુભાશુભ ફળનો વિચાર કરવો, આવકનો વિચાર, ખર્ચનો વિચાર, દંડ કરવા યોગ્ય અપરાધીને શાસ્ત્રાનુસાર શિક્ષા કરવી, નીતિના બળથી ચઢી આવતા શત્રુને અટકાવવો, દુષ્કાળ વગેરે દુઃખોને શાંત પાડવાં, રાજાનું અને રાજ્યનું રક્ષણ કરવું, આ અમાત્યનાં કર્મ છે; પરંતુ વ્યસની મંત્રી તે કર્મ કરી શકતો નથી. ૨૩–૨૪

ભાવાર્થઃ–મંત્ર એટલે રાજકીય વિચાર તેનાં પાંચ અંગો છે ને તે આગળ કહેવાઈ ગયાં છે. તે મંત્ર અમાત્યના ઉપર આધાર રાખે છે.

રાજ્ય મેળવવું અને મેળવેલાં રાજ્યની રક્ષા કરવી, આ મંત્રના ફળનો લાભ કહેવાય છે. કાર્યાનુષ્ઠાન એટલે કિલ્લા વગેરે બંધાવવા. જે મંત્રી વ્યસની હોય છે, તે મંત્રી આ શ્લોકમાં દર્શાવેલાં કર્મોમાંથી એક કર્મ પણ કરી શકતો નથી. માટે મંત્રી વ્યસન વિનાનો હોવો જોઇએ. રાજાનાં કર્મ અને વ્યસન પ્રથમ કહેવાં જોઇએ. પણ તેમ નહિ કહેતાં પ્રથમ મંત્રીનાં કર્મ અને વ્યસન કહેવાનું કારણ એ છે કે;—રાજાનાં કર્તવ્યકર્મ ઘણાં છે, માટે તે હવે પછી કહેશે. ૨૩–૨૪

अमात्यैर्व्यसनोपेतैर्ह्रियमाणो हि भूपतिः ।
अशक्त एवोत्पतितुं छिन्नपक्ष इवाण्डजः ॥ २५ ॥

જે રાજાના અમાત્યો વ્યસની હોય છે, તે રાજા સુખમાંથી ભ્રષ્ટ થાય છે અને જેની પાંખો કપાઈ ગઈ હોય, એવું પક્ષી જેમ ઉડી શકતું નથી તેમ તે રાજા પણ આગળ વધી શકતો નથી. ૨૫

દેશનું કર્મ

[कोशो दण्डश्च कुप्यं च पिष्टवाहनमेव च]
हिरण्यवस्त्रधान्यादि वाहनादि तथैव च ।
तथान्ये द्रव्यनिचयाः प्रजातः सम्भवन्ति हि ॥ २६ ॥

ખજાનો, દંડ (સૈન્ય), સાધારણ ધાતુઓ, મન ગમતાં વાહનો, સુવર્ણ, વસ્ત્ર, ધાન્યાદિ, હાથી ઘોડા વગેરે વાહન, કિલ્લા વગેરે બાંધવામાં ઉપયોગી એવા બીજા પદાર્થો રાજાને પ્રજાના તરફથી મળે છે. ૨૬

वार्ता प्रजा साधयति वार्ता वै लोकसंश्रया ।
प्रजायां व्यसनस्थायां न किञ्चिदपि सिध्यति ॥ २७ ॥

વાર્તા (વ્યાપાર ખેતી વગેરે) નો લાભ પણ રાજાને પ્રજા તરફથી મળે છે. કારણ કે વાર્તાનો આધાર લોકના ઉપર હોય છે. પ્રજા જો દુઃખી હોય છે તો રાજાને કંઈ પણ મળતું નથી. ૨૭

કિલ્લાનું કર્મ

प्रजानामापदि त्राणं रक्षणं कोशदण्डयोः ।
पौराश्चैवोपकुर्वन्ति संश्रयायेह दुर्गिणाम् ॥ २८ ॥

કિલ્લો દુઃખના સમયમાં પ્રજાનું રક્ષણ કરે છે, ખજાનાનું તથા સૈન્યનું પણ રક્ષણ કરે છે, નગરજનો પણ ભયને સમયે કિલ્લાનો આશ્રય કરવામાટે ધનાદિકથી રાજાઓનો ઉપકાર કરે છે. ૨૮

तूष्णीं युद्धं जनत्राणं मित्रामित्रपरिग्रहः ।
सामन्ताटविकाबाधानिरोधो दुर्गसंश्रयात् ॥ २९ ॥

રાજા કિલ્લાનો આશ્રય કરવાથી છુપી રીતે ઉપજાપ કરીને યુદ્ધ કરી શકે છે, પોતાની પ્રજાનું રક્ષણ કરી શકે છે, મિત્રોને તથા શત્રુઓને આશ્રય આપી શકે છે તથા આસપાસના રાજાઓ તરફની તથા જંગલી લોકો તરફની પીડાને અટકાવી શકે છે. ૨૯

स्वपक्षैः परपक्षैश्च दुर्गस्थः पूज्यते नृपः ।
एतद्धि दुर्गव्यसनात् सर्वमेव विपद्यते ॥ ३० ॥

કિલ્લામાં રહેનારા રાજાનો તેના પક્ષના પુરુષો તથા શત્રુ પક્ષના પુરુષો બન્ને સત્કાર કરે છે. (અર્થાત્ તેના પક્ષના લોકો માને છે કે આ રાજા સંકટ સમયે આપણી રક્ષા કરશે અને શત્રુ પક્ષના રાજાઓ માને છે કે આ રાજાને રાજ્ય ઉપરથી પદભ્રષ્ટ કરી શકાય તેમ નથી.) પરંતુ જો કિલ્લાને વ્યસન નડે છે તો ઉપર કહેલાં સર્વેય કર્મ નાશ પામે છે. ૩૦

કોશ (ખજાનો) નું કર્મ

भृत्यानां भरणं दानं भूषणं वाहनक्रियाः ।
स्थैर्यं परोपजापश्च दुर्गसंस्कार एव च ॥ ३१ ॥

सेतुबन्धो वणिक्कर्म प्रजामित्रपरिग्रहः ।
धर्मकामार्थसिद्धिश्च कोशादेतत् प्रवर्तते ॥ ३२ ॥

સેવકોનું પોષણ, સેવકોને તુષ્ટિદાન, આભૂષણો, હાથી ઘોડા વગેરે વાહનોની ખરીદી, ધૈર્ય, શત્રુના પક્ષમાં ફાટફુટ કરાવવી, કિલ્લાઓને સમરાવવા, નદી નાળાવાળા પ્રદેશોમાં પાળો બાંધવી, વ્યાપાર કરવો, શૂન્ય સ્થાનમાં પ્રજાને વસાવવા માટે પ્રજાનો સંગ્રહ કરવો, શત્રુ ઉપર ચઢાઈ કરવામાટે મિત્રનો સંગ્રહ કરવો, ધર્મ, અર્થ તથા કામની સિદ્ધિ થવી આ કર્મ કોશથી-(ખજાનાથી) સિદ્ધ થાય છે. ૩૧-૩૨

कोशमूलो हि राजेति प्रवादः सार्वलौकिकः ॥
एतत् सर्वं जहात्याशु कोशव्यसनवान् नृपः ॥ ३३ ॥

સર્વ લોકોનું કહેવું એવું છે કે; કોશ (ખજાનો) રાજાનું મૂળ છે. જે રાજાની પાસે કોશ હોતો નથી તે રાજા ઉપર કહેલાં સર્વ કાર્યનો તુરત નાશ કરે છે. ૩૩

क्षीणं बलं वर्धयते स्वतो गृह्णाति च प्रजाः ।
कोशवान् पृथिवीपालः परैरप्युपजीव्यते ॥ ३४ ॥

જે રાજાની પાસે ખજાનો હોય છે તે રાજા યુદ્ધમાં મરણ પામવાથી ઘટી ગયેલાં સૈન્યમાં વધારો કરી શકે છે નિર્ધન પ્રજાને પણ પોતે (ધનની સહાયતા આપીને પોતાના પક્ષમાં) લઈ શકે છે અને શત્રુઓ પણ તેના ઉપર આજીવિકા કરે છે. ૩૪

સન્યનું કર્મ

मित्रामित्रहिरण्यानां भूमीनां च प्रसाधनम् ।
दूरकार्याशुकारित्वं लब्धस्य परिपालनम् ॥ ३५ ॥

परचक्रविघातश्च स्वदण्डस्य परिग्रहः ।
दण्डादेतत् प्रभवति याति तद्व्यसने क्षयम् ॥ ३६ ॥

મિત્રનો ઉપકાર, શત્રુનો અપકાર, સુવર્ણ, ભૂમિ વગેરે સંપાદન કરવાં, પરદેશનું કાર્ય ઘણી જ ત્વરાથી કરવું, ભેળવેલી વસ્તુઓનું રક્ષણ કરવું, શત્રુનાં સૈન્યનો સંહાર કરવો અને પોતાનાં સૈન્યની રક્ષા કરવી આ કર્મ સૈન્યથી થઈ શકે છે પરંતુ જો સૈન્ય વ્યસનમાં (દુઃખમાં) હોય છે તો તે સર્વ કર્મ વિનાશ પામે છે. ૩૫-૩૬

अरयोऽपि हि मित्रत्वं यान्ति दण्डवतो ध्रुवम् ।
दण्डप्रायो हि नृपतिर्भुनक्त्याक्रम्य मेदिनीम् ॥ ३७ ॥

જે રાજાની પાસે સૈન્ય છે તે રાજાના શત્રુઓ પણ તેના અવશ્ય મિત્ર થાય છે. સૈન્યવાળો રાજા પૃથ્વીને પોતાને તાબે કરીને તેનો ઉપભોગ કરે છે. ૩૭

મિત્રનું કર્મ

संस्तम्भयति मित्राणि शत्रूनुत्सादयत्यपि ।
भूकोशदण्डैर्व्रजति प्राणैश्चाप्युपकारिताम् ॥ ३८ ॥

મિત્ર, વિજિગીષુ રાજાના શત્રુના બળવાન્ મિત્રોને આગળ વધતા અટકાવી દે છે, શત્રુઓનો સંહાર પણ કરે છે તથા પૃથ્વી, કોશ અને સૈન્યની સહાયતા આપીને તથા પોતાના પ્રાણ પણ અર્પણ કરીને ઉપકાર કરે છે. ૩૮

तत्तत् करोति च बहिर्मित्रं स्नेहनिबन्धनम् ।
तस्मिन् व्यसनमापन्ने मित्रकर्म न विद्यते ॥ ३९ ॥

વિજિગીષુ રાજાને જે જે કર્મ અનુકૂળ હોય તે તે કર્મ મિત્ર સ્નેહને લીધે કરે છે પરંતુ તેના બદલાની આશા રાખતો નથી. તે

મિત્ર જ્યારે દુઃખમાં આવી પડે છે ત્યારે મિત્રનાં કર્મ પણ નાશ પામે છે. ૩૯

उपकारादृतेऽप्याशु मित्रं श्रेयसि तिष्ठति ।
मित्रवान् साधयत्यर्थान् दुस्साधानप्यनादरात् ॥ ४० ॥

મિત્ર ઉપકારની આશા રાખ્યા વગર પણ ઝટ મિત્રનાં કલ્યાણ કરવામાટે ઉભો રહે છે. મિત્રવાળો પુરુષ દુઃખથી કરી શકાય તેવાં કાર્યોને પણ સહજમાં કરી શકે છે. ૪૦

ભાવાર્થઃ-કહેવાની મતલબ એ છે કે જો મિત્ર દુઃખી હોય છે તો તે પોતાનું કાર્ય બજાવી શકતો નથી. ૪૦

રાજાનું કર્મ

अन्वीक्षणं च विद्यानां सद्वर्णाश्रमरक्षणम् ।
ग्रहणं शस्त्रशास्त्राणां युद्धमार्गोपशिक्षणम् ॥ ४१ ॥
व्यायामः शास्त्रविज्ञानं वर्मणां लक्षणानि च ।
गजाश्वरथपृष्ठेषु यथावत् सम्प्रवर्तनम् ॥ ४२ ॥
नियुद्धकौशलं माया परचित्तप्रवेदनम् ।
धूर्तता शाठ्ययुक्तेषु सत्सु सद्वृत्तदर्शनम् ॥ ४३ ॥
मन्त्रोद्योगोऽनुमन्त्रत्वं तद्रक्षा तात्स्थ्यमेव च ।
उपेक्षा साम दानं च भेदो दण्डश्च साधनम् ॥ ४४ ॥
प्रशास्तृसूतसेनानीमन्त्र्यमात्यपुरोधसाम् ।
सम्यक् प्रचारविज्ञानं दुष्टानां चावरोपणम् ॥ ४५ ॥
गतागतपरिज्ञानं दूतसम्प्रेषणानि च ।
प्रकृतिव्यसनापोहः क्रुद्धप्रशमनानि च ॥ ४६ ॥

गुरूणामनुवृत्तिश्च पूज्यानामनुपूजनम् ।
धर्मासनप्रतिष्ठानं राज्यकण्टकशोधनम् ॥ ४७ ॥
भृताभृतपरिज्ञानं कृताकृतपरीक्षणम् ।
तुष्टातुष्टविचारश्च सर्वेषामनुजीविनाम् ॥ ४८ ॥
मध्योदासीनचरितज्ञानं तत्सिद्धिपालनम् ।
प्रतिग्रहश्च मित्राणाममित्राणां च निग्रहः ॥ ४९ ॥
पुत्रदारादिगुप्तिश्च बन्धुवर्गपरिग्रहः ।
खनिद्वीपवनादीनां स्ववृत्तीनां प्रवर्तनम् ॥ ५० ॥
असतां च परिक्षेपः सतां च परिगूहनम् ।
अहिंसा सर्वभूतानामधर्माणां च वर्जनम् ॥ ५१ ॥
अकार्यप्रतिषेधश्च कार्याणां च प्रवर्तनम् ।
प्रदानं च प्रदेयानामदेयानामसङ्ग्रहः ॥ ५२ ॥
अदण्डनमदण्ड्यानां दण्ड्यानां चापि दण्डनम् ।
अग्राह्याग्रहणं चैव ग्राह्याणां ग्रहणं तथा ॥ ५३ ॥
अर्थयुक्तस्य करणमनर्थस्य च वर्जनम् ।
न्यायतश्च करादानं स्वयं च प्रतिमोक्षणम् ॥ ५४ ॥
समर्थनं प्रधानानां निरस्यानां निराकृतिः ।
वैषम्याणां प्रशमनं भृत्यानां चाविरोधनम् ॥ ५५ ॥
अविज्ञातस्य विज्ञानं विज्ञातस्य च निश्चयः ।
आरम्भः कर्मणः शश्वदारब्धस्यान्तदर्शनम् ॥ ५६ ॥
अलब्धलिप्सा न्यायेन लब्धस्य च विवर्धनम् ।
परिवृद्धस्य विधिवत् पात्रे सम्प्रतिपादनम् ॥ ५७ ॥

अधर्मप्रतिषेधश्च न्यायमार्गेण वर्तनम् ।
उपकार्योपकारित्वमितिवृत्तं महीपतेः ॥ ९८ ॥

ત્રયી, વાર્તા, દંડનીતિ વગેરે વિદ્યાનું વારંવાર અવલોકન, પોતાના ધર્મકર્મનું પાલન કરનારા વર્ણના તથા આશ્રમના પુરુષોનું રક્ષણ કરવું, શસ્ત્રનું તથા ધનુર્વેદ વગેરે શાસ્ત્રનું અધ્યયન, યુદ્ધવિદ્યાનું શિક્ષણ, કસરત, શાસ્ત્રનું જ્ઞાન, કવચ વગેરે પદાર્થોનું જ્ઞાન, હાથી ઘોડા તથા રથ ઉપર બેસીને તેને બરાબર ચલાવવાનું જ્ઞાન, મલ્લ યુદ્ધમાં કુશળતા, માયા (કપટપૂર્વક વ્યવહાર કરવો), પારકાનાં ચિત્તને જાણવું, શઠોની સાથે ધૂર્તતા કરવી, સત્પુરુષોની પાસે સદાચારથી વર્તવું, મંત્ર કરવા માટે જ્ઞાનવૃદ્ધોની સાથે સમાગમ કરવો, મંત્રીઓની સાથે વિચાર કર્યા પછી પુનઃ વિચાર કરવો, મંત્રની રક્ષા કરવી (ગુપ્ત રાખવો), મંત્રના તાત્પર્યને જાણવો, સામાદિકના વિકલ્પમાં ઉપેક્ષા, (બેદરકાર રહેવું) સામ (સલાહ), દાન (ધન આપવું), ભેદ (શત્રુના મનુષ્યને લાંચ આપીને ફોડવાં) અને અપરાધીને શિક્ષા આ પાંચ સાધનને જાણવાં, સેનાપતિ, સારથિ, ચતુરંગિણી સેનાનો નાયક, મંત્રી (પ્રાઇવેટ સેક્રેટરી–બુદ્ધિસચિવ), અમાત્ય, પુરોહિત વગેરેનાં કર્મને સારી રીતે જાણવાં અર્થાત્ કોણે કયું કર્મ કર્યું, તેની તપાસ રાખવી, દુષ્ટ કાર્ય કરનારાઓને પદવી ઉપરથી ભ્રષ્ટ કરવા, અમુક મનુષ્ય કારણને લીધે કે વગર કારણે આવ્યો હતો તે વિશે જાણીતા થવું, દૂતોને (એલચીઓને) પર રાજ્યોમાં મોકલવા, પ્રકૃતિમંડળનાં દુઃખને દૂર કરવું, કારણથી અથવા તો કારણ વગર કોપાયમાન થયેલા પુરુષોને સામાદિક ઉપાયથી શાંત પાડવા, ગુરુજનોના તરફ અનુકૂળતાથી વર્તવું, પૂજ્ય પુરુષોની પૂજા કરવી, (નિત્ય) ન્યાયસભામાં બેસવું, રાજ્યના શત્રુઓને શિક્ષા કરવી, કયા નોકરોને પગાર આપવામાં આવ્યો છે અને કયાને નથી આપવામાં

આવ્યો તેનાથી જાણીતા રહેવું, કોણે કાર્ય કર્યું છે, અને કોણે કર્યું નથી તે વિશે પરીક્ષા કરવી, સર્વે અનુજીવી–સેવકોમાંથી કોણ સંતુષ્ટ છે અને કોણ અસંતુષ્ટ છે તેનો વિચાર કરવો, મધ્યમ તથા ઉદાસીન રાજાનાં ચરિત્ર જાણ્યા પછી કાર્યસિદ્ધિ કરવી અને તેનું રક્ષણ કર્યા કરવું, મિત્રોનો સંગ્રહ કરવો, શત્રુઓને શિક્ષા કરવી, પુત્રો તથા સ્ત્રીઓ વગેરેનું પાલન કરવું, બાંધવોનો સંગ્રહ કરવો (પોતાની પાસે રાખવા), ખાણ, દ્વીપ, વન, કિલ્લા, પાજ, વ્યાપાર તથા ઉદ્દંડ પ્રદેશને વસાવવા વગેરે પોતાની આજીવિકાનાં સાધન છે માટે તે તે કાર્યની પ્રવૃત્તિ કરવી, દુષ્ટ પુરુષોનું અપમાન કરીને રાજ્યમાંથી હાંકી કાઢવા, સત્પુરુષોને સત્કાર કરીને રાજ્યમાં વસાવવા, સર્વ પ્રાણીઓની હિંસા કરવી નહિ, અધર્મોનો ત્યાગ કરવો, શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલાં નીચ કૃત્ય કરવાં નહિ, શાસ્ત્રોક્ત કર્મની દેશમાં પ્રવૃત્તિ કરવી, દાન દેવા-યોગ્ય ક્ષેત્રાદિકનું દાન દેવું, વેદવેત્તા બ્રાહ્મણોનાં ધનને લેવું નહિ, દંડ કરવા યોગ્ય નહિ એવા શિષ્ટ પુરુષોને શિક્ષા કરવી નહિ, દંડ કરવા યોગ્ય અપરાધીઓને શિક્ષા કરવી, પાસે નહિ રાખવા યોગ્ય પૂર્વના શત્રુ વગેરે પુરુષોને પાસે રાખવા નહિ, પાસે રાખવા યોગ્ય બુદ્ધિમાનોને પાસે રાખવા, અર્થવાળી બાબત કરવી (અર્થાત્ નિર્બળ સાથે વિગ્રહ કરવો), અનર્થકારક કાર્ય કરવું નહિ, પ્રજાની પાસેથી ન્યાયપૂર્વક કર લેવો, પોતે પણ ઉદારતાથી પ્રજાને ધનની સહા-યતા કરવી, મુખ્ય પુરુષોના ગુણો ગાવા, કાઢી મૂકવા યોગ્ય પુરુષોને રાજ્યમાંથી કાઢી મૂકવા, ઉગ્ર પુરુષોને શિક્ષા કરીને સરળ કરવા, ભૃત્યોની વચ્ચે એક બીજાના દોષો કહીને વિરોધ કરાવવો નહિ, નહિ જાણેલી બાબતને જાણવી, જાણેલા વિષયનો નિર્ણય કરવો, નિત્ય ઉત્તમ કર્મ આરંભવાં, આરંભેલાં કર્મને સમાપ્ત કરવાં, જે વસ્તુ મળી ન હોય તેને ન્યાયથી મેળવવાની ઇચ્છા કરવી, મેળવેલી વસ્તુમાં વધારો કરવો, અને વૃદ્ધિ પામેલાં ધનાદિક સુપાત્ર પુરુષને આપવાં, અધર્મને

અટકાવવો, ધર્મશાસ્ત્રમાં કહેલે માર્ગે ચાલવું તથા ઉપકાર કરવા યોગ્ય પુરુષોનો ઉપકાર કરવો. આ મહીપતિનું કર્તવ્યકર્મ છે. ૪૧–૫૮.

एतत् सर्वममात्यादि राजा नयपुरस्सरः ।
नयत्युन्नतिमुद्युक्तो व्यसनी क्षयमेव तु ॥ ५९ ॥

આ રીતે નીતિથી વર્તનારો ઉદ્યમી રાજા અમાત્યાદિક સર્વ પ્રકૃતિ-મંડળની ઉન્નતિ કરે છે, પરંતુ વ્યસની રાજા પ્રકૃતિમંડળનો નાશ જ કરે છે. ૫૯

तस्मिन् धर्मार्थयोर्व्यग्रे तथैवास्वस्थचेतसि ।
सर्वमेतद्विशेषेण मन्त्री सन्नेतुमर्हति ॥ ६० ॥

રાજા ધર્માચરણ કરવામાં અથવા તો ધન સંપાદન કરવામાં રોકાયલો હોય અથવા તો તેનું મન રોગને લીધે વ્યગ્ર હોય ત્યારે આ સર્વ કર્મની વ્યવસ્થા મંત્રીએ વિશેષે કરીને કરવી યોગ્ય છે. (કારણ કે તે સમયે રાજ્યનો સર્વ ભાર મંત્રીના ઉપર હોય છે.) ૬૦.

'પ્રકૃતિનાં કર્મ' નામનું પ્રકરણ ૨૧ મું સમાપ્ત.

સર્ગ ૧૪ મો–પ્રકરણ ૨૨ મું

પ્રકૃતિનાં વ્યસન

રાજાનાં વ્યસન

वाग्दण्डयोश्च पारुष्यमर्थदूषणमेव च ।
पानं स्त्री मृगया द्यूतं व्यसनानि महीपतेः ॥ ६१ ॥

લોકોને કઠોર વચન કહેવાં, સખત દંડ કરવો, અર્થદૂષણ કરવું (પગાર આપવો નહિ અથવા તો ધરબાર લૂટીલેવાં), મદિરા પાન કરવું, સ્ત્રીઓમાં આસક્તિ રાખવી, મૃગયા ખેલ્યા કરવી અને જુગાર રમવો, આ સર્વ રાજાનાં વ્યસનો (કુટેવ) કહેવાય છે. ૬૧

ભાવાર્થઃ–કઠોર વાણી કહેવી એટલે લોકોને ગાળો દેવી, તથા તીક્ષ્ણ દંડ દેવો એટલે વધ વગેરેની સખ્ત સજા કરવી, અને ભરી શકાય નહિ તેવા કઠિન દંડ કરવા આને અર્થદૂષણ કહે છે. આ સર્વ રાજાનાં વ્યસન છે. રાજા તેથી પોતાનું રાજ્ય ગુમાવી બેસે છે માટે રાજાએ તે વ્યસનોને તજી દેવાં જોઇએ. ૬૧

સચિવનાં વ્યસન

आलस्यं स्तब्धता दर्पः प्रमादो वैरकारिता ।
इति पूर्वोपदिष्टं च सचिवव्यसनं स्मृतम् ॥ ६२ ॥

આળસ, અભિમાન, દર્પ, (મદ) પ્રમાદ, વૈર ઉપજાવે તેવાં કાર્ય તથા ઉપર કહેલાં રાજાનાં વ્યસન આ સર્વ સચિવનાં વ્યસન જાણવાં. ૬૨

ભાવાર્થઃ–સચિવ એટલે કાર્યભારી, તેનાં વ્યસનો આ શ્લોકમાં કહ્યાં છે.

દેશનાં વ્યસન

अतिवृष्टिरनावृष्टिर्मूषिकाः शलभादयः ।
असत्कश्च दण्डश्च परचक्राणि तस्करा ॥ ६३ ॥
राजानीकप्रियोत्सर्गो मारकव्याधिपीडनम् ।
पशूनां व्यसनं रोगो राष्ट्रव्यसनमुच्यते ॥ ६४ ॥

અતિવૃષ્ટિ (વિશેષ વરસાદ) અનાવૃષ્ટિ (સુકો દુષ્કાળ) ઉંદર થવા, તીડની ઉત્પત્તિ, ખોટી રીતે કર લેવો, ખોટી રીતે દંડ કરવો, શત્રુ રાજાઓનું ચઢી આવવું, ચોર લોકો, રાજાના સીપાઇઓને તથા રાજાના પ્રીતિપાત્ર પુરુષોને દેશમાં ફરવાની છુટ, મરકીના વ્યાધિની પીડા, ઢોર ઢાંખરનો મરો તથા રોગ આ દેશનું વ્યસન કહેવાય છે. ૬૩-૬૪

કિલ્લાનાં વ્યસન

विशीर्णयन्त्रप्राकारपरिखात्वमशस्त्रता ।
क्षीणघासेन्धनान्नत्वाद् दुर्गव्यसनमुच्यते ॥ ६५ ॥

કિલ્લામાં ગોઠવેલાં યંત્રોનું, કિલ્લાનું તથા ખાઇનું એકાએક ભાંગી પડવું, ધનુષ, ભાલાં, બાણ, તરવાર વગેરે શસ્ત્રોનો અભાવ, ઘાસ, લાકડાં અને અનાજનું ખુટી જવું, આ સર્વ કિલ્લાનાં વ્યસન કહેવાય છે. ૬૫

ખજાનાનાં વ્યસન

व्ययीकृतः परिक्षिप्तो भक्षितोऽसञ्चितस्तथा ।
मुषितो दूरसंस्थश्च कोशव्यसनमुच्यते ॥ ६६ ॥

ધનનો અવળે માર્ગે ખર્ચ, ગામોમાં અને નગરોમાં કટકે કટકે રહેલો, અધિકારીઓથી ખવાઈ ગયેલો, હલકા લોકોની પાસે રાખવા આપેલો, ચોરોએ ચોરી લીધેલો તથા ઘણા દૂર દેશમાં રહેલો હોય આ ખજાનાનાં વ્યસન કહેવાય છે. ૬૬

સૈન્યનાં વ્યસન

उपरुद्धं परिक्षिप्तं विमानितममानितम् ।
अभृतं व्याधितं श्रान्तं दूरायातं नवागतम् ॥ ६७ ॥
परिक्षीणं प्रतिहतं प्रहताग्रजवं तथा ।
आशानिर्वेद्यभूमिष्ठमनृतप्राप्तमेव च ॥ ६८ ॥
कलत्रगर्भ्यतिक्षिप्तमन्तःशल्यं तथैव च ।
भिन्नगर्भं ह्यपसृतमत्रमुक्तं तथैव च ॥ ६९ ॥
क्रुद्धमौलारिमित्रं च निविष्टं चापि विद्विषा ।
दूष्ययुक्तं स्वविक्षिप्तं मित्रविक्षिप्तमेव च ॥ ७० ॥
विच्छिन्नवीवधासारं शून्यमूलं तथैव च ।
अस्वामिसङ्गतं चैव भिन्नकूटं तथैव ॥ ७१ ॥
दुष्पार्ष्णिग्राहमन्धं च बलव्यसनमुच्यते ।
अत्र किञ्चिदसाध्यं तु किञ्चित् साध्यं तदुच्यते ॥ ७२ ॥

શત્રુનું સૈન્ય માર્ગ રોકી રાખીને વિજિગીષુ રાજાનાં સૈન્યને આગળ વધતાં અટકાવે તે **उपरुद्ध** કહેવાય છે, જે સૈન્યને ચોતરફથી ઘેરી લેવામાં આવે તે **परिक्षिप्त** કહેવાય છે, જે સૈન્યનું અપમાન કરવામાં આવે તે **विमानित** કહેવાય છે, જેને અપમાન આપવામાં આવે તે **अमानित** કહેવાય છે, જેને સમય પ્રમાણે પગાર આપવામાં ન આવે તે **अभृत** કહેવાય છે, રોગી સૈન્ય **व्याधित** કહેવાય છે, યુદ્ધાદિક કરવાથી થાકી ગયેલું સૈન્ય **श्रांत** કહેવાય છે, દૂર દેશમાંથી આવેલું સૈન્ય **दूरायात** કહેવાય છે, દેશાવરમાંથી નવીન આવેલું સૈન્ય **नवागत** કહેવાય છે, જેમાંથી મુખ્ય વીર પુરુષો મરી ગયા હોય તે સૈન્ય **परिक्षीण** કહેવાય છે, પ્રથમ હલ્લા વખતે જેમાં ભંગાણ પડયું હોય તે સૈન્ય **प्रतिहत** કહેવાય છે, જેનો મુખ્ય સેનાપતિ મરણ પામ્યો હોય તે **प्रहतायजव** કહેવાય છે, જે સૈન્ય આશાનો ભંગ થવાથી ખિન્ન થયેલું હોય તે **आशानिर्वेदि** કહેવાય છે, જે સૈન્યને લઢવામાટે યોગ્ય ભૂમિ ન હોય તે સૈન્ય **अभूमिष्ठ** કહેવાય છે, જે સૈન્યને અયોગ્ય શસ્ત્રો પુરાં પાડવામાં આવ્યાં હોય તેવું સૈન્ય **अनृतप्राप्त** કહેવાય છે, જે સૈન્યમાં રાણીઓ હોય છે તે સૈન્ય **कलत्रगर्भि** કહેવાય છે, શત્રુના તથા મિત્રના રાજ્યમાં દૂર મોકલેલું સૈન્ય **अतिक्षिप्त** કહેવાય છે, જે સૈન્યમાં શત્રુઓ સીપાઇરૂપે દાખલ થયા હોય તે **अन्तःशल्य** કહેવાય છે, જે સૈન્યમાં સીપાઇઓ એક બીજાના વિરોધી થઈ બેઠા હોય તે સૈન્ય **भिन्नगर्भ** કહેવાય છે, શત્રુના રાજ્યે ઘેરી લીધેલું સૈન્ય **अपसृत** કહેવાય છે, જેમાંથી મુખ્ય મુખ્ય શૂર પુરુષો ચાલ્યા ગયા હોય તે સૈન્ય **अवमुक्त** કહેવાય છે, જે સૈન્યમાં પરંપરાના સીપાઇઓ ક્રુદ્ધ થયા હોય તેવું સૈન્ય **क्रुद्धमौल** કહેવાય છે, શત્રુની સાથે જેનો પડાવ હોય તેવું સૈન્ય **अरिमित्र** કહેવાય છે, શત્રુના પાડોસમાં જેનો પડાવ હોય તે સૈન્ય **निविष्ट** કહેવાય છે, જે સૈન્યમાં દૂષણ દેવા યોગ્ય સીપાઇઓ હોય તે સૈન્ય **दूष्ययुक्त** કહેવાય છે, સંકટ વખતે પોતાના દેશમાં મોકલેલું સૈન્ય

સ્વવિક્ષિપ્ત કહેવાય છે, મિત્રની પાસે મોકલેલું સૈન્ય, મિત્રવિક્ષિપ્ત કહેવાય છે, જે સૈન્યને ધાન્યાદિકનો લાભ બંધ કરવામાં આવ્યો હોય તથા મિત્ર તરફના બળની સહાયતા પણ બંધ કરવામાં આવી હોય તે સૈન્ય વિચ્છિન્નવીવધાસાર કહેવાય છે, જે સૈન્યમાં પરંપરાના સીપાઇઓ ન હોય તેવું સૈન્ય, શૂન્ય કહેવાય છે, જે સૈન્યનો સ્વામી (ઉપરી) સૈન્ય સાથે ન હોય તે સૈન્ય અસ્વામિસંગત કહેવાય છે, જેના નાયકને મારી નાખવામાં આવ્યો હોય તેવું સૈન્ય ભિન્નકૂટ કહેવાય છે, જે સૈન્યની પાછળ દુષ્ટ પાર્ષ્ણિગ્રાહો લાગેલા હોય તે સૈન્ય દુષ્ટપાર્ષ્ણિગ્રાહ કહેવાય છે અને જે સૈન્ય માર્ગથી અજાણ્યું હોય તે સૈન્ય અંધ કહેવાય છે. આ સર્વ વિશેષણ તરિકે કહેલાં સૈન્યનાં વ્યસન છે. આ વ્યસનોમાં કેટલાંએક વ્યસન દૂર થઈ શકે તેવાં નથી અને કેટલાંએક વ્યસન દૂર થઈ શકે તેવાં છે. તે વિશે કહેવામાં આવે છે. ૬૭-૭૨

उपरुद्धं तु युध्येत निर्गत्यान्यत ऊर्जितम् ।
परिक्षिप्तं न निर्मार्गं सर्वतः परिवेष्टितम् ॥ ७३ ॥

જે સૈન્યને શત્રુની સેનાએ અટકાવ્યું હોય તે સૈન્ય બીજે માર્ગેથી બહાર નિકળી જઈ, બળવાન્ થયા પછી શત્રુની સેના સાથે યુદ્ધ કરી શકે, જે સૈન્યને સર્વ તરફથી ઘેરી લીધેલું હોય તેને બહાર નિકળવાનો માર્ગ હોતો નથી તે પરિક્ષિપ્ત સૈન્ય યુદ્ધ કરી શકતું નથી. ૭૩

अमानितं हि युध्येत कृतमानार्थसङ्ग्रहम् ।
न विमानितमत्यर्थं प्रदीप्तक्रोधपावकम् ॥ ७४ ॥

જે સૈન્યનું રાજાએ અપમાન કર્યું હોય, તે સૈન્યને માન તથા ધન આપીને સ્વીકાર કરવામાં આવે તો તે યુદ્ધ કરે છે. પરંતુ જેનું અત્યંત અપમાન કરવામાં આવ્યું હોય, તે સૈન્યનો ક્રોધરૂપી અગ્નિ પ્રદીપ્ત થઈ જાય છે અને તે યુદ્ધ કરતું નથી. ૭૪

युध्येताभृतमत्यर्थं तदात्वकृतवेतनम् ।
न व्याधितमकर्मण्यं व्याधितं परिभूयते ॥ ७५ ॥

જે સૈન્યને પગાર આપવામાં આવ્યો ન હોય તેવાં સૈન્યને યુદ્ધ સમયે પગાર આપવામાં આવે છે તો તે અત્યંત યુદ્ધ કરે છે. રોગી સૈન્ય યુદ્ધના કાર્યમાં અસમર્થ ગણાય છે અને તે યુદ્ધ કરી શકતું નથી. જો યુદ્ધ કરે છે તો તેમાં પરાજય પામે છે. ૭૫

परिश्रान्तं हि युध्येत विश्रान्तं सुविधानतः ।
दूरायातं हतप्राणं न शस्त्रग्रहणे क्षमम् ॥ ७६ ॥

જે સૈન્ય પરિશ્રાંત થયું હોય, તે સૈન્યને સ્નાન, ભોજન, નિદ્રા વગેરે ઉત્તમ વિધિથી વિશ્રાંતિ આપવામાં આવે છે તો તે યુદ્ધ કરી શકે છે. જે દૂર દેશમાંથી આવેલું હોય અને તેથી અશક્ત થઈ ગયું હોય તે સૈન્ય શસ્ત્ર ઉપાડવાને શક્તિમાન્ હોતું નથી. ૭૬

नवागतं हि युध्येत तद्देश्यैर्मिश्रितं नयात् ।
हतमुख्यप्रवीरं तु परिक्षीणं न युध्यते ॥ ७७ ॥

પરદેશમાંથી નવીન આવેલા સૈન્યમાં જો નીતિપૂર્વક તેના દેશના મનુષ્યોને મિશ્રિત કરવામાં આવે છે તો તે યુદ્ધ કરે છે. જે સૈન્યમાંથી મુખ્ય મુખ્ય વીર પુરુષો મરણ પામ્યા હોય, તે સૈન્ય **परिक्षीण** કહેવાય છે અને તે યુદ્ધ કરી શકતું નથી. ૭૭

युध्यते हि प्रतिहतं प्रवीरैः सह सङ्गतम् ।
हताग्रवेगं शक्तं न प्रमाथितपुरस्सरम् ॥ ७८ ॥

જે સૈન્યમાં પ્રથમ હલ્લા વખતે જ ભંગાણ પડયું હોય, તે સૈન્ય સાથે મહાન્ વીર પુરુષો લઢવાને ચઢે તો તે યુદ્ધ કરી શકે છે. જે સૈન્યના સેનાપતિને મારી નાંખવામાં આવ્યો હોય, તે **हताग्रवेग** નામનું સૈન્ય યુદ્ધ કરવાને શક્તિમાન્ રહેતું નથી. ૭૮

आशानिर्वेद्यलब्धार्थं पूर्णाशत्वात् तु युध्यते ।
अभूमिष्ठं प्रसारे न निरुद्धेऽल्पतया भुवः ॥ ७९ ॥

જે સૈન્યના ધારેલા મનોરથ પૂર્ણ થતા નથી, તે आशानिर्वेदि કહેવાય છે. જો તેની આશા પૂર્ણ કરવામાં આવે છે તો તે યુદ્ધ કરે છે જે સૈન્યને યુદ્ધ કરવામાટે યોગ્ય ભૂમિ મળી ન હોય, તે ભૂમિના સંકોચને લીધે રણમાં વ્યાયામના અવરોધને લીધે લઢી શકતું નથી. ૭૯

युध्येतानृतसम्प्राप्तं यथार्हायुधवाहनम् ।
कलत्रगर्भि चोन्नीतकलत्रं समरक्षमम् ॥ ८० ॥

જેની પાસે ખોટાં શસ્ત્રો હોય તેવાં સૈન્યને સારાં શસ્ત્રો તથા વાહનો પૂરાં પાડવામાં આવે તો તે યુદ્ધ કરી શકે છે. જે સૈન્યમાં રાણી વગેરે સ્ત્રીઓ હોય છે તે સ્ત્રીઓને જો તે સૈન્યમાંથી દૂર લઇ જવામાં આવે છે તો તે સૈન્ય યુદ્ધ કરી શકે છે. ૮૦

अनेकराज्यान्तरितमतिक्षिप्तं न युध्यते ।
अन्तर्गतामित्रशल्यमन्तःशल्यं हि न क्षमम् ॥ ८१ ॥

જે સૈન્ય દૂર આવેલા શત્રુ મિત્ર વગેરેનાં રાજ્યમાં ગયું હોય, તે अतिक्षिप्त સૈન્ય પણ યુદ્ધ કરી શકતું નથી. જે સૈન્યમાં શત્રુરૂપી શલ્ય ભરાયલાં હોય, તે अन्तःशल्य સૈન્ય પણ યુદ્ધ કરી શકતું નથી. ૮૧

अन्योन्यस्माद्विनिर्भिन्नं भिन्नगर्भं न युध्यते ।
तथैवापसृतं शत्रुं नैकराज्यान्तरीकृतम् ॥ ८२ ॥

માંહોમાંહેમાં કલેશ કરનારું સૈન્ય भिन्नगर्भ કહેવાય છે અને તે પણ યુદ્ધ કરી શકતું નથી તથા શત્રુનાં સૈન્યે જેને ઘેરી લીધું હોય તેવું સૈન્ય अपसृत કહેવાય છે અને તે પણ યુદ્ધ કરવાને અશક્ત ગણાય છે. ૮૨

अवमुक्तमपक्रान्तमुख्यं तन्न क्षमं युधि ।
पितृपैतामहं मौलं तत् क्रुद्धं सान्त्वितं क्षमम् ॥ ८३ ॥

જેમાંથી મુખ્ય શૂરવીર પુરુષો ચાલ્યા ગયા હોય, તે अवमुक्त નામનું સૈન્ય પણ યુદ્ધ કરવા સમર્થ હોતું નથી. બાપદાદાથી ઉતરી આવેલું સૈન્ય મૌલ કહેવાય છે. તે ક્રોધાયમાન થયેલું હોય તો તેને શાંત પાડવામાં આવે છે તો તે યુદ્ધ કરે છે. ૮૩

मित्रं शत्रुभिरेकस्थं तदाक्रान्ततयाक्षमम् ।
शत्रोरुपनिविष्टं तत्सामर्थ्यान्न क्षमं युधि ॥ ८४ ॥

યુદ્ધયાત્રામાં શત્રુની સાથે પડાવ કરનારું સૈન્ય પણ શત્રુનું મિત્ર ગણાય છે અને તે શત્રુએ વશ કરેલું હોવાથી શત્રુની સાથે યુદ્ધ કરવામાટે અસમર્થ થઈ પડે છે. જે સૈન્યે શત્રુના પડોસમાં પડાવ કર્યો હોય, તે સૈન્ય પણ શત્રુનાં સામર્થ્યને લીધે યુદ્ધમાં કાર્ય કરી શકતું નથી. ૮૪

दूष्ययुक्तं तदुद्धारात् युध्येतोद्धृतकण्टकम् ।
प्रधानयोधसंगुप्तं दूष्ययुक्तं समुत्पतेत् ॥ ८५ ॥

જે સૈન્યમાં અપરાધી પુરુષો હોય, તેઓને સૈન્યમાંથી દૂર કરવાથી તે સૈન્ય કંટક વિનાનું થાય છે અને તે યુદ્ધ કરી શકે છે. દુષ્ટ પુરુષો સૈન્યમાં હોય તો પણ તે સૈન્યનું પ્રધાન યોધાઓથી રક્ષણ કરવામાં આવતું હોય તો તે યુદ્ધ કરી શકે છે. ૮૫

स्वविक्षिप्तं स्वविषये क्षिप्तमापद्युदाहृतम् ।
प्रकृष्टदेशकालत्वान्मित्रक्षिप्तमयौगिकम् ॥ ८६ ॥

આપત્કાલ આવે ત્યારે પોતાના દેશમાં મોકલેલું સૈન્ય स्वविक्षिप्त કહેવાય છે અને તે યુદ્ધસમયે ઉપયોગી થઈ પડે છે. પરંતુ બીજાની સહાયતા માટે મોકલેલું સૈન્ય દૂર દેશમાં હોવાથી લાંબે

સમયે આવી પહોંચે છે, તેથી તે સૈન્ય સમય ઉપર ઉપયોગમાં આવી શકતું નથી. ૮૬

धान्यादेर्विवधः प्राप्तिरासारस्तु सुहृद्बलम् ।
विच्छिन्नवीवधासारं बलं युद्धाय नेष्यते ॥ ८७ ॥

ધાન્યાદિકની પ્રાપ્તિનું નામ વિવધ છે અને સ્નેહીનાં સૈન્યનું નામ આસાર છે. જે સૈન્યને ધાન્યાદિકની સહાયતા ન હોય તથા જે સૈન્યને સ્નેહીનાં સૈન્યની સહાયતા ન હોય, તે સૈન્ય યુદ્ધ કરી શકતું નથી. ૮૭

कृतजानपदारक्षं शून्यमूलं युधि क्षमम् ।
पितृपैतामहं मौलं तेन शून्यं हि न क्षमम् ॥ ८८ ॥

જેનો આગેવાન ન હોય તેવાં શન્યમૂલ સૈન્યને જો દેશ સહાયતા આપે છે તો તે સૈન્ય યુદ્ધ કરી શકે છે. બાપ દાદાથી ઉતરી આવેલું સૈન્ય મૌલ સૈન્ય કહેવાય છે. તેવા મૌલ પુરુષો વિનાનું સૈન્ય પણ યુદ્ધ કરી શકતું નથી. ૮૮

युध्यते शून्यमूलं हि यत्नान्मौलेन पालितम् ।
अस्वामिसङ्गतं नैव स्वामिना यद्विनाकृतम् ॥ ८९ ॥

પરંતુ મૌલ પુરુષો પ્રયત્નથી રક્ષા કરે છે તો શૂન્યમૂલ સૈન્ય યુદ્ધ કરી શકે છે. જેમાં સેનાપતિ ન હોય, તે સૈન્ય અસ્વામિસંગત કહેવાય છે અને તે પણ યુદ્ધ કરી જ શકતું નથી. ૮૯

न युध्यते भिन्नकूटं भिन्नकूटमनायकम् ।
पश्चात् कोपातिसन्तप्तं दुष्पार्ष्णिग्राहमक्षमम् ॥ ९० ॥

જેનો નાયક મરી ગયો હોય તે ભિન્નકૂટ કહેવાય છે તેવું સૈન્ય પણ યુદ્ધ કરી શકતું નથી. પરંતુ પોતાના સ્વામીનાં મરણને લીધે પાછળથી કોપથી અતિ સંતપ્ત થાય છે ત્યારે વૈર લેવા માટે યુદ્ધ કરે

છે. જે સૈન્યની પાછળ દુષ્ટ સૈન્ય પડ્યું હોય તે પણ પાછળનાં સૈન્યનાં ભયથી યુદ્ધ કરી શકતું નથી. ૯૦

अदेशिकं स्मृतं ह्यन्धं तन्मूढत्वात् क्रियाक्षमम् ।
बलव्यसनमित्यादि तत् समीक्ष्य समुत्पतेत् ॥ ९१ ॥

જે સૈન્યને યુદ્ધ સંબંધી ઉપદેશ કરનારો યુદ્ધાચાર્ય હોય નહિ, તે સૈન્ય અન્ધ કહેવાય છે, અને તે સૈન્ય યુદ્ધના વિષયમાં મૂઢ હોય છે તેથી તે પણ યુદ્ધ કરવાને સમર્થ હોતું નથી. આ સર્વ સૈન્યનાં વ્યસનો છે. તેનો વિચાર કરીને રાજાએ શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૯૧

ભાવાર્થઃ-ઉપરના શ્લોકોમાં સૈન્યનાં વ્યસનો કહેવામાં આવ્યાં છે. તે વ્યસનોને રાજાએ દૂર કરવાની જરૂર છે. યુદ્ધ કરવામાટે ચઢાઈ કરવી, અમુક સમયે પાછું હઠવું, અમુક બાજુએથી હલ્લો કરવો વગેરે યુદ્ધના પ્રકારનો ઉપદેશક પુરુષ ન હોય તો સૈન્ય યુદ્ધ સમયે મોહ પામે છે અને તેને કર્તવ્ય કર્મ સૂઝતું નથી. કામંદક તેવાં સૈન્યને અન્ધ સૈન્ય કહે છે. ૯૧

મિત્રનું વ્યસન

दैवोपपीडितं ग्रस्तं मित्रं शत्रुबलेन च ।
कामक्रोधसमुत्थैश्च दोषैः संपरिकीर्तितैः ॥ ९२ ॥

દૈવયોગથી મિત્ર સંકટમાં આવી પડે અથવા તો શત્રુનાં સૈન્યે તેને ઘેરી લીધો હોય, અથવા તો ઉપર કહેલા કામ, ક્રોધ, મૃગયા, વાક્પારુષ્ય, દંડપારુષ્ય વગેરેથી સંકટમાં આવી પડે તો મિત્ર પોતાનું કર્તવ્ય કરી શકતો નથી. ૯૨

नरेन्द्राद्याः प्रकृतयः सप्त याः परिकीर्तिताः ।
पूर्वपूर्वं गुरुतरं तासां व्यसनमुच्यते ॥ ९३ ॥

રાજા વગેરે જે સાત પ્રકૃતિ કહી, તે સાત પ્રકૃતિઓમાં પૂર્વ પૂર્વની પ્રકૃતિનું વ્યસન પછી પછીની પ્રકૃતિનાં વ્યસન કરતાં ઘણું જ મોટું કહેવાય છે. ૯૩

ભાવાર્થઃ–શત્રુ રાજા તથા તેનું પ્રકૃતિમંડળ એમ બન્નેય એક સાથે સંકટમાં આવી પડે, એટલે વિજિગીષુ રાજાએ તુરત તેના ઉપર ચઢાઈ કરવી. એમ દેખાડવા માટે ઉપરના શ્લોકમાં સાતેય પ્રકૃતિમંડળનાં નામ લેવામાં આવ્યાં છે, અને તેમાં પૂર્વપૂર્વની પ્રકૃતિનું વ્યસન વિશેષ નુકસાનકારક છે એમ દર્શાવ્યું છે. રાજાનો એક મિત્ર વ્યસની (દુઃખી) હોય તેના કરતાં તેના સૈન્યનું વ્યસન રાજાને વિશેષ હાનિ કરતા થઈ પડે છે. કારણ કે સૈન્યથી મિત્રોને અને શત્રુઓને વશમાં રાખી શકાય છે અને સૈન્યવાળા રાજાના મિત્રો તેની મિત્રતા સાચવે છે, અને શત્રુઓ પણ તેના મિત્ર થાય છે. તેના કરતાં ખજાનાનું સંકટ વિશેષ મોટું ગણાય છે. કારણ કે ધનથી સેનામાં વધારો કરી શકાય છે. જો રાજાની પાસે ધન ન હોય તો રાજા સૈન્યનું પોષણ કરી શકે નહિ અને તેનું સૈન્ય પોષણ ન થવાથી શત્રુને શરણે જાય છે. કિલ્લાનું સંકટ તેના કરતાં પણ વિશેષ ગણાય છે. કારણ કે ખજાનો અને સૈન્ય કિલ્લાનો આશ્રય કરીને રહે છે. જો આશ્રયરૂપ કિલ્લો ન હોય તો સૈન્યને અને ખજાનાને શત્રુઓ તાબે કરે છે. તેના કરતાં પણ દેશનું દુઃખ વિશેષ મોટું ગણાય છે. કારણ કે કિલ્લાનો, ભંડારનો, સૈન્યનો અને મિત્રોનો આધાર દેશના ઉપર છે. અર્થાત્ દેશના મનુષ્યોની સહાયતાથી જ કિલ્લા વગેરેનું પોષણ થાય છે. તેના કરતાં પણ અમાત્યનું સંકટ વિશેષ ગણાય છે. કારણ કે દેશનાં સર્વ કાર્યોનો આધાર અમાત્યના ઉપર હોય છે. અમાત્ય રાજકીય સર્વ કાર્યો વિચાર કરીને કરે છે અને તેનાં સર્વ પ્રકારનાં દુઃખોને દૂર કરે છે. તેના કરતાં પણ રાજાનું વ્યસન વિશેષ મોટું ગણાય છે. કારણ કે રાજા જો સંકટરહિત હોય તો બીજી પ્રકૃતિઓને ઉત્પન્ન કરે છે તથા તેની વૃદ્ધિ પણ કરે છે. આ રીતે પૂર્વપૂર્વની પ્રકૃતિનું સંકટ રાજાને વિશેષ નુકસાન કરનારું છે. એમ રાજાએ તથા તેના અમાત્યાદિકે જાણવું જોઇએ અને તે વ્યસન દૂર કરવામાટે પ્રયત્નો પણ કરવા જોઇએ. એ વાત હવે પછીના શ્લોકમાં કહે છે. ૯૩

इत्यादि सर्वं प्रकृतेर्यथावद् बुध्येत राजा व्यसनं प्रयत्नात् ।
बुद्धया च शक्त्या व्यसनस्य कुर्यादकालहीनं व्यवरोपणं सः ॥९४॥

રાજાએ ઉપર વર્ણવેલાં પ્રકૃતિનાં સર્વ વ્યસનને યથાર્થ રીતે પ્રયત્નથી જાણવાં જોઇએ અને જાણ્યા પછી બુદ્ધિથી અને શક્તિથી કાળક્ષેપ કર્યા વગર (તુરત જ) તે વ્યસનને દૂર કરવાં. ૯૪

ભાવાર્થઃ—રાજાએ કાળક્ષેપ કર્યા વગર વ્યસનોને દૂર કરવાં જોઇએ. એમ કહેવાનું કારણ એ છે કે, જો કાળક્ષેપ કરવામાં આવે તો તે વ્યસનો દૂર થઈ શકતાં નથી. ૯૪

प्रकृतिव्यसनानि भूतिकामः समुपेक्षेत न हि प्रमाददर्पात् ।
प्रकृतिव्यसनान्युपेक्षते यो नचिरात् तं रिपवः पराजयन्ते ॥ ९५ ॥

જે રાજાને ઐશ્વર્યની ઇચ્છા હોય, તે રાજાએ પ્રમાદથી તથા દર્પથી પ્રકૃતિનાં વ્યસનો તરફ બે દરકાર રહેવું નહિ. જે રાજા પ્રકૃતિનાં વ્યસનો તરફ બે દરકાર રહે છે, તે રાજાનો તેના શત્રુઓ થોડા જ સમયમાં પરાજય કરે છે. ૯૫

ભાવાર્થઃ—ગીત વાદિત્ર વગેરેમાં અત્યંત આસક્તિ રાખવી, એને પ્રમાદ કહે છે અને પોતાના બળને માટે અભિમાન રાખવું, એને દર્પ કહે છે. રાજાએ આ બન્ને દોષનો ત્યાગ કરવો જોઇએ. ૯૫

इदमिदमिति सम्यक् कर्मणा योजनीयं
नियतमिति विचिन्त्य प्रापयेदीहमानः ।
सुनयपिहितरन्ध्रः प्राकृतो यस्य वर्गः
क्षितिपतिरुपभुङ्क्ते स त्रिवर्गं चिराय ॥ ९६ ॥

આ રીતે પ્રકૃતિનાં વ્યસનથી રાજાને હાનિ થાય છે. માટે રાજાએ આ પ્રકૃતિની આ કાર્યમાં યોજના કરવી અને આ પ્રકૃતિની આ કાર્યમાં યોજના કરવી, આવો સારી પેઠે વિચાર કરીને તે પછી પ્રકૃતિની પાસે તેનાથી થઈ શકે તેવાં કાર્ય નિયમિત રીતે કરાવવાનો પ્રયત્ન કરવો. જે રાજાનો સાત પ્રકૃતિવર્ગ શાસ્ત્રોક્ત નીતિને માર્ગે

ચાલીને પોતાનાં વ્યસનોને ઢાંકી દે છે, તે રાજા ચિરકાળ સૂધી ધર્મ, અર્થ અને કામ નામના ત્રણ વર્ગને ભોગવે છે. ૯૬

'પ્રકૃતિનાં વ્યસન' નામનું પ્રકરણ ૨૨ મું સમાપ્ત.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં ઉત્સાહ પ્રશંસા, પ્રકૃતિનાં કર્મ અને પ્રકૃતિનાં વ્યસન નામનો સર્ગ ૧૪ મો સમાપ્ત.

સર્ગ ૧૫ મો-પ્રકરણ ૨૩ મું

સાત વ્યસનનો વર્ગ

अमात्याद्याः प्रकृतयो मित्रान्ता राज्यमुच्यते ।
अशेषराज्यव्यसनात् पार्थिवव्यसनं गुरु ॥ १ ॥

અમાત્યથી લઇને મિત્ર સૂધીની પ્રકૃતિ રાજ્ય કહેવાય છે અને સર્વ રાજ્યનાં વ્યસન કરતાં પણ રાજાનું વ્યસન મોટું કહેવાય છે. ૧

ભાવાર્થઃ-પ્રકૃતિનાં વ્યસનોમાં સાત વ્યસનો જે આ સર્ગમાં હવે પછી ગણાવશે, તે મહાવ્યસન ગણાય છે. તેના દોષો દર્શાવવામાટે આ સર્ગમાં તે સાત વ્યસનનું વર્ણન કરવામાં આવશે. રાજ્ય સાત અંગવાળું કહેવાય છે. તેમાં રાજા મુખ્ય અંગ છે. જો તે વ્યસની હોય છે તો બીજાં બધાં અંગો પોતાનું કાર્ય કરી શકતાં નથી. માટે આ શ્લોકમાં રાજાનાં વ્યસનને મોટામાં મોટું વ્યસન કહ્યું છે અને તેનાં કારણ ઉત્તરોત્તર દર્શાવ્યાં છે.

राजा त्वव्यसनी राज्यव्यसनापोहनक्षमः ।
न राज्यव्यसनापोहे समर्थं राज्यमूर्जितम् ॥ २ ॥

જે રાજા વ્યસન વિનાનો હોય, તે રાજ્યનું વ્યસન ટાળી શકે છે. પરંતુ સમૃદ્ધિવાળું રાજ્ય રાજાનાં વ્યસન ટાળવા શક્તિમાન્ થતું નથી. ૨

आत्मामात्यप्रजादुर्गकोशानां दण्डमित्रयोः ।
व्यसनेभ्यः समुन्नेता राजा यः स त्रिवर्गभाक् ॥ ३ ॥

જે રાજા પોતાનો, અમાત્યનો, પ્રજાનો, કિલ્લાનો, ખજાનાનો, દંડનો, (સેનાનો) અને મિત્રનો વ્યસનમાંથી ઉદ્ધાર કરે છે, તે રાજા ધર્મનો, અર્થનો તથા કામનો ઉપભોગ કરી શકે છે. ૩

अशास्त्रचक्षुर्नृपतिरन्ध इत्यभिधीयते ।
वरमन्धो न चक्षुष्मान् मदादाक्षिप्तसत्पथः ॥ ४ ॥

જે રાજાને નીતિશાસ્ત્રરૂપી નેત્ર નથી, તે રાજા અંધ કહેવાય છે. અંધ રાજા સારો પરંતુ મદને લીધે સન્માર્ગનો ત્યાગ કરનાર દેખતો રાજા સારો ગણાતો નથી. ૪

मन्त्रिभिर्मन्त्रकुशलैरन्धः पथि निवेश्यते ।
चक्षुष्मांस्तु मदान्धः सन्नात्मानं हन्त्यशेषतः ॥ ५ ॥

મંત્ર કરવામાં કુશળ એવા મંત્રીઓ અંધ રાજાને (નીતિશાસ્ત્રને નહિ જાણનારા રાજાને) સન્માર્ગ ઉપર લાવી શકે છે. પરંતુ નીતિશાસ્ત્ર જાણતાં છતાં પણ મદાંધ રાજા સંપૂર્ણ રીતે પોતાનો નાશ કરે છે. ૫

शास्त्रचक्षुर्नृपस्तस्मान्महामात्रमते स्थितः ।
धर्मार्थप्रतिघातीनि व्यसनानि परित्यजेत् ॥ ६ ॥

તે માટે નીતિશાસ્ત્ર જાણનારા રાજાએ મોટા અમાત્યના મતને અનુસરવું અને ધર્મનો તથા અર્થનો નાશ કરનારાં વ્યસનોનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવો. ૬

સાત વ્યસન

वाग्दण्डयोश्च पारुष्यमर्थदूषणमेव च ।
स्मृतं व्यसनतत्त्वज्ञैः क्रोधजं व्यसनत्रयम् ॥ ७ ॥

૧-કઠોર વાણી, ૨ મહાન્ દંડ અને ૩ અર્થ દૂષણ આ ત્રણ વ્યસન ક્રોધથી ઉત્પન્ન થાય છે એમ વ્યસનનાં તત્ત્વને જાણનારા વિદ્વાનો કહે છે. ૭

कामजं मृगया द्यूतं स्त्रियः पानं तथैव च ।
व्यसनं व्यसनार्थज्ञैश्चतुर्विधमुदाहृतम् ॥ ८ ॥

અને ૪ મૃગયા, ૫ જુગાર, ૬ સ્ત્રીઓ, (સ્ત્રીસંગ) તથા ૭ મદિરાપાન આ ચાર પ્રકારનાં વ્યસન કામથી ઉત્પન્ન થાય છે. આમ વ્યસનના વિષયને જાણનારા કહે છે. ૮

કઠોર વાણી

वाक्पारुष्यं परं लोक उद्वेजनमनर्थकम् ।
न कुर्याद् विप्रियां वाचं प्रकुर्याज्जनमात्मसात् ॥ ९ ॥

કઠોર વાણી આ લોકમાં અત્યંત ઉદ્વેગ ઉપજાવનારી અને અનર્થકારક છે માટે કોઇને પણ કઠોર વાણી કહેવી નહિ. પરંતુ પ્રિય વાણીથી મનુષ્યને પોતાને વશ કરવો. ૯

ભાવાર્થઃ-પ્રસંગને લઇને કોઇને કઠોર વાણી કહેવી પડે તો તે વ્યસનમાં ગણાતી નથી. જેમ કે એક નોકરે અપરાધ કર્યો હોય તો તેને ઠપકો આપવા માટે શેઠને કઠોર વચન કહેવાં પડે છે પરંતુ તે કંઈ વક્તાનું વ્યસન ગણાતું નથી. ૯

अकस्मादेव यः कोपात् परुषं बहु भाषते ।
तस्मादुद्विजते लोकः सस्फुलिङ्गादिवानलात् ॥१०॥

જે રાજા અકસ્માત્ જ કોપ કરીને ઘણું જ કઠોર વચન બોલે છે, તેવા રાજાથી તણખાવાળા અગ્નિની પેઠે લોકો ઉદ્વેગ પામે છે. ૧૦

हृदये वागसिस्तीक्ष्णो मर्मच्छिन्निपतन् मुहुः ।
तेजस्विनं दीपयति स दीप्तो याति वैरिताम् ॥ ११ ॥

વાણીરૂપી તીક્ષ્ણ તરવાર વારંવાર તેજસ્વી પુરુષનાં હૃદય ઉપર પડીને તેના મર્મભાગને છેદી નાંખે છે. તેથી તેજસ્વી પુરુષને ક્રોધ ચઢે છે અને તે ક્રોધી થઇને વૈરી થાય છે. ૧૧

नोद्वेजयेद् जगद्वाचा रूक्षया प्रियवाग् भवेत् ।
प्रायेण प्रियवाक्कर्मा कृपणोऽपि हि सेव्यते ॥ १२ ॥

માટે પુરુષે કઠોર વાણી કહીને જગતને ઉદ્વિગ્ન કરવું નહિ. પ્રિયંવદ થવું. કૃપણ મનુષ્ય પણ જે બહુધા પ્રિય (મનગમતી) વાણી બોલે છે તથા પ્રિય કર્મ કરે છે તો લોકો તેની સેવા કરે છે. ૧૨

કઠોર શિક્ષા

असिद्धसाधनं सद्भिः शासनं दण्ड उच्यते ।
तं युक्त्यैव नयेद्दण्डं युक्तदण्डः प्रशस्यते ॥ १३ ॥

કાર્ય સિદ્ધ કરવામાટે જે શાસન (શિક્ષા) કરવામાં આવે છે, તેને સત્પુરુષો દંડ કહે છે. રાજાએ યુક્તિથી જ દંડનો ઉપયોગ કરવો. યોગ્ય દંડ કરનારો રાજા વખણાય છે. ૧૩

ભાવાર્થઃ—એક અપરાધી અપરાધ કબૂલ કરતો ન હોય તો તેની પાસે અપરાધ કબૂલ કરાવવામાટે તેની મીલકત ખાલસા કરવી, તેને મારવો અથવા તો તેને દેહાંત દંડની શિક્ષા કરવી. આ રીતે જે શિક્ષા કરવામાં આવે છે, તેને નીતિશાસ્ત્રમાં દંડ કહે છે. રાજાએ અપરાધીનો અપરાધ જોઇને તે પછી તેના પ્રમાણમાં જ અપરાધીને શિક્ષા કરવી, કે જેથી પ્રજા રાજાને ન્યાયી કહીને તેનાં વખાણ કરે. ૧૩

उद्वेजयति भूतानि दण्डपारुष्यवान् नृपः ।
भूतान्युद्वेज्यमानानि द्विषतां यान्ति संश्रयम् ॥ १४ ॥

પરંતુ જે રાજા તીક્ષ્ણ દંડ કરે છે, તે રાજા મનુષ્યોને ઉદ્વિગ્ન કરે છે અને ઉદ્વેગ પામેલાં મનુષ્યો શત્રુઓને શરણે જાય છે. ૧૪

आश्रिताश्चैव लोकेन समृद्धिं यान्ति विद्विषः ॥
समृद्धाश्च विनाशाय तस्मान्नोद्वेजयेत् प्रजाः ॥ १५ ॥

આશ્રયે આવેલા લોકોથી શત્રુઓનો અભ્યુદય થાય છે અને અભ્યુદય પામેલા શત્રુઓ લોકોને દુઃખ દેનારા રાજાનો નાશ કરે છે. માટે રાજાએ પોતાની પ્રજાને ખિન્ન કરવી નહિ. ૧૫

लोकानुग्रहकर्तारः प्रवर्धन्ते महीभुजः ।
लोकवृद्ध्या नरेन्द्राणां वृद्धिस्तत्संक्षये क्षयः ॥ १६ ॥

પોતાની પ્રજા ઉપર અનુગ્રહ કરનારા રાજાઓ પંડે આબાદ થાય છે. કારણ કે પ્રજાની આબાદીથી રાજાઓની આબાદી થાય છે અને પ્રજાની પડતીથી રાજાની પડતી થાય છે. ૧૬

ભાવાર્થઃ–રાજા ધાન્યની, ઢોર ઢાંખરોની તથા સુવર્ણ વગેરે પૈસાની સહાયતા કરીને પ્રજાના ઉપર અનુગ્રહ કરે છે તો પ્રજા સમૃદ્ધિવાળી થાય છે અને તેથી રાજાની પણ આબાદી થાય છે. પરંતુ રાજા જો પ્રજાને અયોગ્ય રીતે શિક્ષા કરે છે અને કાળ દુષ્કાળે ધન ધાન્યાદિકની સહાયતા કરતો નથી, તો તેની પ્રજા નિર્ધન સ્થિતિમાં આવી પડે છે અને નિર્ધન પ્રજાના ઉપર રાજ્ય કરનારો રાજા પણ પડતી સ્થિતિમાં આવી પડે છે. પ્રજાની આબાદી રાજાની આબાદીનું મુખ્ય કારણ ગણાય છે. ૧૬

महत्स्वप्यपराधेषु दण्डं प्राणान्तिकं त्यजेत् ।
ऋते राज्यापहारात् तु तत्र दण्डः प्रशस्यते ॥ १७ ॥

રાજાએ રાજ્યહરણ શિવાય બીજા મોટા અપરાધોમાં પણ દેહાંત દંડની શિક્ષા કરવી નહિ. પરંતુ રાજ્યહરણરૂપ અપરાધમાં દેહાંત દંડની શિક્ષા યોગ્ય ગણાય છે. ૧૭

અર્થ દૂષણ

दूष्यस्य दूषणार्थं हि परित्यागो महीयसः ।
अर्थस्य नीतितत्त्वज्ञैरर्थदूषणमुच्यते ॥ १८ ॥

દૂષ્યને (શત્રુને) નુકસાન કરવામાટે મોટા પૈસાનો ખર્ચ કરવો, તેને નીતિશાસ્ત્રવેત્તા વિદ્વાનો અર્થદૂષણ કહે છે. ૧૮

ભાવાર્થઃ–અર્થદૂષણ એટલે ધનનો નાશ કરવો. કૌટિલ્યઅર્થશાસ્ત્રમાં અર્થ-દૂષણ વિશે કહે છે કેઃ–अदानम्, आदानं, विनाशः परित्यागश्चार्थस्येत्यर्थदूषणम्। (कौ. अ. ३-१२९) પરંપરાથી વર્ષાસન તરિકે ચાલતી આવતી આજી-વિકાને બંધ કરી દેવી, તેનું નામ अदान છે. વ્યાપારાદિક દ્વારા ધનનું ધસ-ડાઈ જવું તેનું નામ आदान, પંડે મેળવેલાં ધનનો અગ્નિ, રાજદંડ, ચોર વગેરેથી નાશ થઈ જવો તેનું નામ विनाश, કોઇ ઠેકાણેથી ધનનો લાભ થતો હોય પરંતુ તેની સાથે મારામારી કરીને અથવા તો તેના ઉપર ક્રોધ કરીને તેના ધનને ન લેવું તેનું નામ परित्याग. આ રીતે ચાર પ્રકારનું અર્થ-દૂષણ છે. કેટલાએક આ શ્લોકનો એવો અર્થ કરે છે કે, પોતાનો શત્રુ હોય તેને નુકસાન માટે જે પુરુષ મોટા ધનના ખર્ચમાં ઉતરીને પણ તેને નુકસાન કરે તેનું નામ અર્થદૂષણ. એક ગૃહસ્થ દ્વેષને લીધે નજીવી બાબ-તને માટે લાખો રૂપિયા ખર્ચીને પોતાના શત્રુને હેરાન કરે છે; એ વાત હાલમાં ઘણા પ્રસંગમાં આપણે જોઇએ છીએ; આનો અર્થદૂષણમાં સમા-વેશ થાય છે અને આને નીતિશાસ્ત્રમાં એક વ્યસન તરિકે ગણ્યું છે. મનુષ્યે બને ત્યાંસુધી કોઇને પણ ધનનું નુકસાન કરવું નહિ. કારણ કે ધર્મનો તથા કામનો આધાર ધન ઉપર રહેલો છે. જેના ધનનો નાશ કરવામાં આવે છે, તેના ધર્મનો, દાનનો તથા કામનો પણ નાશ કર્યો ગણાય છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે;–अर्थमूलौ धर्मकामौ अर्थप्रतिबंधश्च लोको वर्तते तस्योपघातो गरीयान्। ૧૮

तदकस्मात् समाविष्टः कोपेनातिबलीयसा ।
नित्यमात्महिताकाङ्क्षी न कुर्यादर्थदूषणम् ॥ १९ ॥

જે રાજા પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છતો હોય, તેવા રાજાએ એકદમ અત્યંત બળવાન્ કોપને વશ થઇને કોઇના ધનની હાનિ કરવી નહિ. ૧૯

મૃગયા

यानक्षोभो यानपातो यानाभिहरणं तथा ।
क्षुत्पिपासाश्रमायासशीतवातोष्णपीडनम् ॥ २० ॥
अभियानस्य सम्पत्त्या यानव्यसनजं महत् ।
दुःखं प्रतप्तासिकताकुशकण्टकभूमयः ॥ २१ ॥
वृक्षसङ्कटजा देशा लताकण्टकपातनम् ।
शैलपातशिलाजालस्थाणुवल्मीकपीडनम् ॥ २२ ॥
प्रच्छन्नोपहितैः शैलसरिद्विपिनकुक्षिषु ।
वधबन्धपरिक्लेश आसन्नाटविकादिभिः ॥ २३ ॥
स्वसैन्यैश्च स्वकुल्यैश्च परभिन्नैश्च मारणम् ।
ऋक्षाजगरमातङ्गसिंहव्याघ्रभयादि च ॥ २४ ॥
दवाग्निधूमसंरोधो दिङ्मोहभ्रमणानि च ।
इत्यादि पृथिवीन्द्राणां मृगयाव्यसनं स्मृतम् ॥ २५ ॥

મૃગયા કરનારાને રથ વગેરે યાનમાં બેસીને અરણ્યમાં જવું પડે છે, તે સમયે મૃગયા કરનારાનું શરીર રથાદિકની સાથે અથડાય છે, કોઇવાર રથાદિકમાંથી નીચે પડી જાય છે, કોઇવાર રથાદિક અજાણ્યા દેશમાં ઘસડી જાય છે, ક્ષુધા, તૃષા, પરિશ્રમ, વ્યાવહારિક દુઃખ, તાઢ, તડકો વગેરેની પીડા વેઠવી પડે છે, સામા આવતા રથની સાથે પોતાનો રથ ભટકાવાથી મહાન્ દુઃખ થાય છે, તપેલી રેતીવાળી, દર્ભવાળી અને કાંટાવાળી ભૂમિઓમાં ફરવાથી દુઃખ થાય છે. ઘટ્ટ

ઝાડીવાળા પ્રદેશોમાંથી બહાર નીકળતાં દુઃખ પડે છે, કાંટાવાળી લતાઓમાંથી બહાર નીકળતાં શરીર ઉતરડાઈ જાય છે, કોઇવાર પર્વત ઉપરથી નીચે પડી જવાય છે. કોઇવાર શિલાઓના ઢગોને, વૃક્ષોને અને રાફડાઓને ઓળંગતાં પીડા પડે છે, કોઇવાર પર્વતોની ગુફાઓમાં, નદીઓના ખોયાણોમાં અને અરણ્યોની અંદર છૂપાઈ રહેલા આસપાસના જંગલી લુંટારા વગેરે કાંતો મારી નાંખે છે અથવા તો કેદ કરે છે, તેનાં દુઃખ ભોગવવાં પડે છે. શત્રુઓએ પોતાના પક્ષમાં લીધેલાં પોતાનાં સૈન્યો તથા પોતાના કુળના પુરુષો (ભાયાતો) વખતપર મારી નાંખે છે, રીંછ, અજગર (સર્પ), હાથી, સિંહ અને વાઘનો ભયાદિક પણ રહે છે. કોઇવાર વનના અગ્નિનું અને ધૂમાડાનું દુઃખ વેઠવું પડે છે, કોઇવાર દિશા ભૂલી જવાથી (જે માર્ગે જવું હોય તે માર્ગ ભૂલી જવાથી) વનમાં ભટકવું પડે છે. ઇત્યાદિ દુઃખો રાજાઓને મૃગયામાં વેઠવાં પડે છે. ૨૦-૨૫

जितश्रमत्वं व्यायाम आममेदःकफक्षयः ।
चलस्थिरेषु लक्षेषु बाणसिद्धिरनुत्तमा ॥ २६ ॥
मृगयायां गुणानेतानन्ये प्राहुर्न तत् क्षमम् ।
दोषाः प्राणहराः प्रायस्तस्मात् तत् परिवर्जयेत् ॥ २७ ॥

પરિશ્રમને સહન કરવાપણું, કસરત, આમનો, મેદનો અને કફનો નાશ, ચલાયમાન તથા સ્થિર એવાં નિશાનોને આબાદ રીતે પાડવાં, આ ગુણો મૃગયામાં રહેલા છે. આમ કેટલાએક કહે છે. પરંતુ મૃગયાનું વ્યસન યોગ્ય નથી. કારણ કે મૃગયામાં પ્રાણનો નાશ કરનારા ઘણા દોષો સમાયલા છે, માટે મૃગયાનો ત્યાગ કરવો. ૨૬-૨૭

आमादयो हि जीर्यन्ति योग्ययैव दिवानिशम् ।
चलेषु यन्त्रलक्षेषु बाणसिद्धिश्च जायते ॥ २८ ॥

રાત દિવસ જે યોગ્ય એવી આયુધોની તથા વાહનોની કસરત કરવામાં આવે છે તો તેનાથી જ આમ આદિ દોષો નાશ પામે છે તથા કળથી ફરનારા યન્ત્રમાં બનાવટી મૃગ વગેરેને ગોઠવીને તેના ઉપર બાણનો નિત્ય પ્રયોગ કરવામાં આવે છે તો તેથી ઉત્તમ પ્રકારની બાણની સિદ્ધિ થાય છે. ૨૮

મૃગયારણ્યની રચના

अथ चेन्मृगयाक्रीडावाञ्छा तन्नगरान्तिके ।
कारयेन्मृगयारण्यं क्रीडाहेतोर्मनोहरम् ॥ २९ ॥
परिक्षिप्तं परिखया दुर्गया मृगगम्यया ।
आयामपरिणाहाभ्यामर्धयोजनसम्मितम् ॥ ३० ॥
गिरेरुपान्ते नद्या वा पर्याप्तजलशाद्वलम् ।
अकण्टकलतागुल्मं विषपादपवर्जितम् ॥ ३१ ॥
पादपैः पुष्पफलदैः प्रज्ञातैश्चित्तहारिभिः ।
स्निग्धनीलघनच्छायैर्विरलैरुपशोभितम् ॥ ३२ ॥
पांसुपूरितनिश्छिद्रश्वभ्रप्रदरकन्दरम् ।
दलितस्थाणुवल्मीकपाषाणसमभूतलम् ॥ ३३ ॥
शोधितग्राहसलिलमगभीरजलाशयम् ।
नानापुष्पसमाकीर्णं नानाविहगसेवितम् ॥ ३४ ॥
सुपात्यमृगसम्पूर्णं हस्तिनीकलभान्वितम् ।
भग्नदंष्ट्रनखव्यालं छिन्नशृङ्गविषाणि च ॥ ३५ ॥
सुखसंसेव्यलतया पुष्पपर्णावनद्धया ।
वनराज्या परिक्षिप्तं परिखातटजातया ॥ ३६ ॥

बहिर्दूरान्तराभोगनिर्वृक्षस्तम्भभूतलम् ।
अगम्यं रिपुसैन्यानां मनःप्रीतिविवर्धनम् ॥ ३७ ॥
तद्वनेचरचित्तज्ञैः क्लेशायाससहैर्दृढैः ।
रक्षितं रक्षिभिः स्वाप्तैर्भूभुजामभिवृद्धये ॥ ३८ ॥

માટે રાજાને જો મૃગયા રમવાની ઇચ્છા થાય તો તેણે પોતાની રાજધાનીના નગરની પડોસમાં મૃગયા રમવામાટે એક મનોહર અરણ્ય બનાવવું. તે અરણ્યની આસપાસ એક ખાઈ બનાવવી, જે ખાઇમાં મનુષ્યો જઈ શકે નહિ પરંતુ મૃગો જઈ શકે તેવી કરવી. જે અરણ્ય કરવું તે લંબાઇમાં તથા પહોળાઇમાં અર્ધ યોજન જેવડું કરવું. તે અરણ્ય પર્વતની પડોસમાં અથવા તો નદીની પડોસમાં કરવું. તે અરણ્યમાં જળ ભરપૂર રાખવું, તથા તેને હરિયાળું (લીલા રંગનું) રાખવું. તેમાં કાંટા વિનાની લતાઓ તથા ગુલ્મો વાવવાં, પરંતુ ઝેરી ઝાડ વાવવાં નહિ. પુષ્પ તથા ફળ આપનારાં મનોહર, શ્યામ અને ઘાટી છાયાવાળાં વૃક્ષોને છૂટાંછૂટાં વાવીને તે અરણ્ય શોભાયમાન કરવું. નોળીઆ, ઘો વગેરેને રહેવાની બખોલોમાં, ભાંગી ગયેલાં સ્થાનોમાં તથા ગુફા વગેરેમાં પત્થર, ઘુડ ભરીને છિદ્ર વિનાનું કરવું. વૃક્ષોને, રાફડાઓને તથા ધારોને તોડી નાંખીને અરણ્યની જમીનને સપાટ કરવી. તેમાં જળાશયો છિછરાં કરવાં, તેમાં ઝુડને રહેવા દેવાં નહિ અનેક જાતનાં પુષ્પોથી અરણ્યને ભરપૂર રાખવું, અનેક જાતનાં પક્ષીઓને વસાવવાં, સહજમાં મારી શકાય તેવાં મૃગોથી અરણ્યને ભરપૂર રાખવું, હાથણીઓને તથા તેનાં બચ્ચાંઓને પણ તેમાં વસાવવાં, સિંહાદિકની દાઢ અને નખ પાડી નાંખીને તેઓને તથા જેનાં શીંગડાં ભાંગી નાંખ્યાં હોય એવા ગેંડા વગેરેને પણ તેમાં વસાવવા, ખાઇના તટ ઉપર ચોતરફ ફરતી વનરાજિ વાવવી, અને તેમાં સુખેથી સેવી શકાય તેવી અર્થાત્ કાંટા અને વિષ વિનાની, પુષ્પો તથા પાંદડાંવાળી લતાઓ

રોપવી. ખાઇની બહાર એક એક ગાઉમાં જે અરણ્ય બનાવ્યું હોય, તેની આસપાસની ભૂમિ વૃક્ષો વિનાની તથા થાંભલા વિનાની અર્થાત્ સપાટ રાખવી. વળી તે અરણ્ય શત્રુનાં સૈન્યથી અંદર આવી શકાય નહિ તેવું તથા મનમાં પ્રીતિ વધારે તેવું કરવું તથા વનમાં ફરનારાં ભિલ્લ વગેરેનાં મનને જાણનારા, ક્લેશ તથા પરિશ્રમ સહન કરનારા, મજબૂત શરીરવાળા એવા પોતાના વિશ્વાસપાત્ર રક્ષક પુરુષોએ રાજાઓનાં કલ્યાણ માટે તે અરણ્યની ચો તરફથી રક્ષા કરવી. ૨૯–૩૮

तत्कर्मास्तो नरेन्द्रस्य जनो जितपरिश्रमः ।
क्रीडनायात्र विविधा मृगजातीः प्रवेशयेत् ॥ ३९ ॥

રાજાનો વિશ્વાસપાત્ર તથા પરિશ્રમ કરનારો જે મનુષ્ય મૃગોને અરણ્યમાં લાવવાના કામમાં કુશળ હોય, તેણે અનેક જાતનાં મૃગોને ક્રીડા કરવામાટે એ અરણ્યમાં દાખલ કરવાં. ૩૯

अन्यकार्याविरोधेन प्रातश्चङ्क्रमणक्षमः ।
क्रीडनाय विशेद्राजा तदाप्तैः सहितो मितैः ॥ ४० ॥

રાજા જો ચાલવાને શક્તિમાન્ હોય તો તેણે રાજકીય કાર્યોમાં અડચણ આવે નહિ, તે પ્રમાણે પ્રભાતમાં પોતાનાં થોડાંક વિશ્વાસપાત્ર મનુષ્યોને સાથે લઇને મૃગયા કરવા માટે તે અરણ્યમાં દાખલ થવું. ૪૦

यदा च प्रविशेद्राजा क्रीडनार्थं तदा बहिः ।
सन्नद्धं यत्नतस्तिष्ठेत् सैन्यं दूरान्तगोचरम् ॥ ४१ ॥

રાજા જ્યારે મૃગયા રમવામાટે તે અરણ્યમાં પ્રવેશ કરે ત્યારે તે અરણ્યના બહારના ભાગમાં દૂર–છેટે રાજાનાં સૈન્યે સંનદ્ધ થઇને (સર્વ શસ્ત્રોથી સજ્જ થઇને) પ્રયત્નપૂર્વક ઉભા રહેવું. ૪૧

साद्रिर्यो मृगयायाने गुणः साधु प्रकीर्तितः ।
क्रीडाप्रीतिर्नरपतिस्तं तत्र स्वयमाप्नुयात् ॥ ४२ ॥

સત્પુરુષોએ મૃગયા વિહારમાં જે ઉત્તમ ગુણ કહ્યા છે, તે ઉત્તમ ગુણ મૃગયા ઉપર પ્રીતિ રાખનારો રાજા પોતે મેળવે છે. ૪૨

विधिरेष समुद्दिष्टो मृगयाक्रीडने परः ।
न गच्छेदन्यथा राजा मृगयां मृगयुर्यथा ॥ ४३ ॥

મૃગયાની રમતનો આ ઉત્તમ વિધિ કહ્યો. રાજાએ આથી ઉલટી રીતે પારધીની પેઠે મૃગયા કરવા માટે અરણ્યમાં જવું નહિ. ૪૩

જુગાર

महतोऽपि क्षणान्नाशो धनस्य ह्रीविमुक्तता ।
निस्सत्यता निष्ठुरता क्रोधो वाक्छस्त्रखण्डनम् ॥ ४४ ॥
लोभो धर्मक्रियालोपः कर्मणामप्रवर्तनम् ।
सत्समागमविच्छित्तिरसद्भिः सह वर्तनम् ॥ ४५ ॥
अर्थनाशक्रियावश्यं नित्यं वैरानुबन्धिता ।
सत्यप्यर्थे निराशत्वमसत्यपि च साशता ॥ ४६ ॥
प्रतिक्षणं क्रोधहर्षौ सन्तापश्च प्रतिक्षणम् ।
प्रतिक्षणं च संक्लेशः साक्षिप्रश्नः प्रतिक्षणम् ॥ ४७ ॥
स्नानादिगात्रसंस्कारपरिभोगेष्वनादरः ।
अव्यायामोऽङ्गदौर्बल्यं शास्त्रार्थप्रत्युपेक्षणम् ॥ ४८ ॥
गूहनं मूत्रशकृतोः क्षुत्पिपासोपपीडनम् ।
इत्यादींस्तन्त्रकुशला द्यूतदोषान् प्रचक्षते ॥ ४९ ॥

એક ક્ષણમાં ઘણા ધનનો પણ નાશ થાય છે, અસભ્ય આચરણ કરવાથી નિર્લજ્જપણું આવે છે, ક્ષણે ક્ષણે અસત્ય ભાષણ કરવું પડે છે, પરસ્પરમાં મારામારી થતાં ક્રૂરતા વાપરવી પડે છે, હાર થતાં ક્રોધ કરવો પડે છે, ગાળાગાળી કરવી પડે છે, હથિયારવતી મારા-

મારી કરવી પડે છે, પારકાં ધનને હરણ કરવાનો લોભ થાય છે, ધર્મ કર્મ થઈ શકતાં નથી, સંધ્યા વંદનાદિક પણ થઈ શકતાં નથી, સત્પુરુષોનો સમાગમ થઈ શકતો નથી, દુર્જન એવા જુગારીઓની સાથે સહવાસ કરવો પડે છે, કોઇએ મૂકેલી થાપણને અવશ્ય ઓળવવી પડે છે, લોકોની સાથે નિત્ય વૈર કરવાનો પ્રસંગ આવે છે, ધન હોવા છતાં પણ કોઇ ધનને જિતી જશે આવી રીતે ધનને માટે નિરાશા રહે છે, અને ધન ન હોવા છતાં પણ હું જિતીશ, આ રીતે ધનને માટે આશા રહે છે, પ્રત્યેક ક્ષણે હારી જનારાને ક્રોધ થાય છે, અને જિતનારાને હર્ષ થાય છે, જે ધન હારી જાય છે તેને પ્રત્યેક ક્ષણે સંતાપ થાય છે. પ્રત્યેક ક્ષણે અત્યંત ક્લેશ ભોગવવો પડે છે. પ્રતિક્ષણે સાક્ષીઓને પ્રશ્ન કરવો પડે છે કે અમારામાંથી કોણ જિત્યો ? સ્નાન વગેરે શરીરના સંસ્કારો માટે તથા ખાનપાનાદિકના સુખને માટે બેદરકાર રહેવું પડે છે. અર્થાત્ વખતસર સ્નાનાદિક થઈ શકતાં નથી, તેમ સમય ઉપર ખાનપાનાદિક પણ થઈશકતાં નથી, શરીરની કસરત થઈ શકતી નથી, સમય પ્રમાણે ભોજન નહિ કરવાથી અથવા તો ચિંતાથી શરીર દુર્બળ રહે છે, અધ્યયન કરેલાં શાસ્ત્રોની ચિંતનિકા થઈ શકતી નથી, પેશાબને તથા ઝાડાને રોકવો પડે છે, ક્ષુધા તથા તૃષાને પણ મારવી પડે છે, જુગારવિદ્યામાં કુશળ પુરુષો જુગારના ઉપર કહેલા દોષો કહે છે. ૪૪-૪૯

पाण्डवो धर्मराजस्तु लोकपाल इवापरः ।
द्यूतेन ह्यसता दीव्यन् कलत्राद्यपहारितः ॥ ५० ॥

પાંડુના પુત્ર ધર્મરાજા બીજા લોકપાલના જેવા પરાક્રમી હતા, તે કપટદ્યૂત (જુગાર) રમતાં સ્ત્રીને તથા રાજ્યને હારી ગયા હતા. ૫૦

ભાવાર્થઃ-રાજા યુધિષ્ઠિર કૌરવોની સાથે કપટદ્યૂત રમ્યા હતા, તેમાં દુર્યોધને શકુનિની સહાયતાથી યુધિષ્ઠિરને હરાવ્યા હતા. એ કથા મહાભારતમાં વિસ્તારથી વર્ણવી છે. જુઓ ગુજરાતી પ્રેસનું મહાભારત-સભાપર્વ. ૫૦

नलश्च राजा द्यूतेन हृते राज्ये महोदये ।
धर्मदारान् वने त्यक्त्वा परकर्मकरोऽभवत् ॥ ५१ ॥

નળ રાજા પણ જુગારમાં પોતાનું મહાન્ સમૃદ્ધિવાળું રાજ્ય હારી ગયો હતો અને પોતાની ધર્મપત્ની દમયંતીનો વનમાં ત્યાગ કરીને ઋતુપર્ણ રાજાને ઘેર રસોઇયા તરિકે નોકર રહ્યો હતો. ૫૧

ભાવાર્થઃ—નળ રાજા પણ જુગારમાં જ પોતાનું રાજ્ય હારી ગયો હતો, અને દમયંતીની સાથે વનમાં ગયો હતો. ત્યાં દમયંતીનો પણ તેણે ત્યાગ કર્યો હતો અને ઋતુપર્ણના દરબારમાં રસોઇયા તરિકે નોકર રહ્યો હતો. આ કથાને માટે જુઓ ગુજરાતી પ્રેસનું મહાભારત—વનપર્વ. ૫૧

तुल्यो भुवीन्द्रतुल्यस्य यस्य नास्तिःधनुर्धरः ।
स रुक्मी रुक्मशैलाभो द्यूतदोषाद्गतः क्षयम् ॥ ५२ ॥

સુવર્ણના પર્વત જેવી ઝળહળતી કાંતિવાળો રુકમી રાજા ઇંદ્રના સમાન હતો. પૃથ્વી ઉપર તેના સમાન બીજો ધનુર્ધારી રાજા ન હતો. તે રુકમી રાજા જુગારના વ્યસનથી નાશ પામ્યો હતો. ૫૨

ભાવાર્થઃ—રુકમી, શ્રીકૃષ્ણની પત્ની રુકિમણીનો ભાઈ ને ભીમક રાજાનો પુત્ર થતો હતો. તે એક વખતે બળદેવની સાથે જુગાર રમવા લાગ્યો. રમતાં રમતાં તે જુઠું બોલ્યો કે; હું જિત્યો, તે ઉપરથી બળદેવને ક્રોધ ચઢ્યો ને તેણે તેને મારી નાંખ્યો હતો. જુઓ ગુજરાતી પ્રેસનું શ્રીમદ્ ભાગવત—દશમસ્કંધ.

राजा काशिकरूशानां दन्तवक्त्रोऽपि मन्दधीः ।
तीव्राद् द्यूतकृताद् दोषाद् दन्तभङ्गमवाप्तवान् ॥ ५३ ॥

કાશી તથા કરૂશ દેશનો રાજા દંતવકત્ર જે મૂર્ખ હતો, તેના પણ જુગારના અત્યંત વ્યસનને લીધે દાંત પાડી નાંખવામાં આવ્યા હતા. ૫૩

ભાવાર્થઃ—દંતવકત્ર નામનો અસુર કાશી તથા કરૂશ નામના દેશ ઉપર રાજ્ય કરતો હતો. તેણે પોતાની પુત્રીનો સંબંધ પ્રદ્યુમ્નના પુત્રની સાથે કર્યો હતો. કન્યાના વિવાહનો સમય થયો કે પ્રદ્યુમ્ન ઘણા યાદવોની સાથે જાન

જેડી વરરાજાને લઇને દંતવક્ત્રની રાજધાનીમાં આવ્યો અને ત્યાં વરકન્યા પરણ્યાં. તે પછી વહેવાઇઓની વચ્ચે ફલાણો ફલાણી કળામાં નિપુણ છે, ફલાણો ફલાણી કળામાં કુશળ છે, એવી રીતે વાતો થવા લાગી. અને કળાનાં જ્ઞાનને માટે પરસ્પર સ્પર્ધા કરવા લાગ્યા. તે વખતે વિષ્ણુના પુત્રે કહ્યું કે; હું દ્યૂતની કળામાં કુશળ છું. એમ કહીને તે ઉભો થયો અને દંતવક્ત્રની સાથે જુગાર રમવા લાગ્યો. બળભદ્ર દંતવક્ત્રના પક્ષના કથકૈશિક દેશના રાજા ઋકમીની સાથે જુગાર રમવા લાગ્યા; રમતાં રમતાં કજીયો થયો એટલે બળભદ્રે એક સ્તંભ ઉપાડીને તેનાથી ઋકમીને માર્યો, તેથી તે મરી ગયો. એટલે એ વખતે દંતવક્ત્ર પોતાના મિત્ર ઋકમીને બચાવવા માટે ગયો; એટલે બળભદ્રે તે જ થાંભલો તેની બોચી ઉપર માર્યો તેથી તેના દાંત પડી ગયા. જુગારમાં છેવટે આવાં પરિણામ આવે છે. ૫૩

द्यूतादनर्थसंरम्भो द्यूतात् स्नेहक्षयो महान् ।
पक्षाणां चापि महतां द्यूताद्भेदः प्रवर्तते ॥ ५४ ॥

જુગારમાં અમે જિત્યા છીએ, અમને તેઓએ અન્યાયથી જિત્યા છે, આવી રીતનો અનર્થરૂપ આવેશ રહ્યા કરે છે. જુગારમાં જય પરાજય થવાથી સ્નેહનો સર્વથા નાશ થાય છે અને મોટા પક્ષોની વચ્ચે પણ જુગારને લીધે ફાટફૂટ થાય છે. (અર્થાત્ જુગારને લીધે સ્નેહથી બંધાયલા પક્ષોમાં પણ ફાટફૂટ થાય છે.) ૫૪

इति केवलदोषं हि राजा द्यूतं विवर्जयेत् ।
समाह्वयं च मेधावी दर्पिणां विनिवारयेत् ॥ ५५ ॥

આ રીતે કેવળ દોષોથી ભરેલા જુગારનો રાજાએ ત્યાગ કરવો તથા બુદ્ધિમાન્ રાજાએ દર્પથી ભરેલા મલ્લોનું અને પ્રાણીઓનું યુદ્ધ પણ કરાવવું નહિ. ૫૫

સ્ત્રીવ્યસન

कालातिपातः कार्याणां धर्मार्थपरिपीडनम् ।
नित्याभ्यन्तरवर्तित्वात् साधुप्रकृतिकोपनम् ॥ ५६ ॥

रहस्यभेदस्तत्पक्षादकार्येषु प्रवर्तनम् ।
ईर्ष्यामर्षस्तथा क्रोधो निरोधः साहसानि च ॥ ५७ ॥
इत्यादि च स्त्रीव्यसने यच्च पूर्वं प्रकीर्तितम् ।
तस्मात् स्त्रीव्यसनं राजा राज्यकामः परित्यजेत् ॥ ५८ ॥

સ્ત્રીમાં આસક્ત થયેલો રાજા પોતાનાં કામ વખતસર કરી શકતો નથી, ન્યાય સભામાં જઇને લોકોના દાવાઓને તપાસી શકતો નથી તેથી તેના ધર્મની હાનિ થાય છે અને આર્થિક બાબતોનું અવલોકન કરી શકતો નથી તેથી અર્થની પણ હાનિ થાય છે. નિત્ય અંતઃપુરમાં રહેવાથી સદાચાર સંપન્ન પ્રજાવર્ગ કોપાયમાન થાય છે, સ્ત્રીના પક્ષના પુરુષો રાજાનું રહસ્ય ઉઘાડું પાડે છે, નૃત્ય ગીત વગેરે અકાર્યોમાં પ્રવૃત્તિ થાય છે. ઇર્ષ્યા, અમર્ષ (અસહિષ્ણુતા), ક્રોધ, પરસ્ત્રીઓને કેદમાં પૂરવી પડે છે તથા પરસ્ત્રીની સાથે સમાગમ કરવા માટે ભીંત વગેરેને ઠેકવી, મારામારી કરવી વગેરે સાહસ કર્મ કરવાં પડે છે. ઇત્યાદિક દુઃખ તથા પૂર્વે જે દુઃખ કહ્યાં છે, તે સ્ત્રીના વ્યસનમાં રહેલાં છે. માટે રાજ્યની કામનાવાળા રાજાએ સ્ત્રીના વ્યસનનો ત્યાગ કરવો. ૫૬–૫૮.

स्त्रीमुखालोकनतया व्यग्राणामल्पचेतसाम् ।
ईहितानीह गच्छन्ति यौवनेन सह क्षयम् ॥ ५९ ॥

ક્ષુદ્ર હૃદયના પુરુષો સ્ત્રીઓનું મુખ જોવાથી વ્યગ્ર થઈ જાય છે ને તેના પ્રયત્નો તેના યૌવનની સાથે આ લોકમાં નાશ પામે છે. ૫૯

ભાવાર્થઃ—પરસ્ત્રીની સાથે વ્યભિચાર કરનારાઓ અલ્પ વયમાં જ મરી જાય છે. ભગવાન્ મનુ કહે છે કેઃ—न हीदृशमनायुष्यं लोके किंचन दृश्यते यादृशं पुरुषस्येह परदारोपसेवनम् ॥ આ જગતમાં પુરુષને વ્યભિચાર કરવાથી આયુષ્યનો જેવો ક્ષય થાય છે તેવું આયુષ્યનો નાશ કરનારું બીજું કોઈ પણ કર્મ જોવામાં આવતું નથી. ૫૯

મદિરાપાન

वमनं विह्वलत्वं च संज्ञानाशो विवस्त्रता ।
बह्वबद्धप्रलापित्वमकस्माद् व्यसनं मुहुः ॥ ६० ॥
प्राणग्लानिः सुहृन्नाशः प्रज्ञाश्रुतमतिभ्रमः ।
सद्भिर्विंयोगोऽसद्भिश्च संयोगोऽनर्थ्यसङ्गमः ॥ ६१ ॥
स्खलनं वेपथुस्तन्द्री नितान्तं स्त्रीनिषेवणम् ।
इत्यादि पानव्यसनमत्यन्तं सद्विगर्हितम् ॥ ६२ ॥
श्रुतशीलबलोपेताः पानदोषेण भूयसा ।
क्षयमक्षीणनामानो जग्मुरन्धकवृष्णयः ॥ ६३ ॥

મદિરાપાનથી ઉલટી થાય છે, દેહ વિહ્વળ બને છે, ભાન ભૂલી જવાય છે, નગ્ન થઈ જવાય છે, સંબંધ વગરનો ઘણો બડબડાટ થાય છે, વારંવાર ઉન્મત્તની પેઠે ગાવા તથા નાચવા માંડે છે, જીવવા ઉપર તિરસ્કાર ઉપજે છે, અથવા તો નિર્બળ થઈ જાય છે. સ્નેહીઓના તરફ તિરસ્કાર આવે છે, ઉહાપોહનું સામર્થ્ય ન રહેવાથી પ્રજ્ઞાનો નાશ થાય છે, ભણેલાં શાસ્ત્રમાં ભ્રમ ઉત્પન્ન થાય છે, બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે, સત્પુરુષોનો વિયોગ થાય છે, દુર્જનોનો સંગ થાય છે, મદિરા-પાન કરનારા પુરુષોની સાથે સમાગમ થાય છે, ચાલતાં ચાલતાં પડી જવાય છે, શરીરમાં કંપ વછૂટે છે, તંદ્રા આવે છે, સ્ત્રીઓનું સેવન કરવું પડે છે, આવી રીતનું મદિરાપાનનું વ્યસન છે ને સત્પુરુષો આ વ્યસનની અત્યંત નિંદા કરે છે. અંધક તથા વૃષ્ણિ કુળના રાજાઓ શાસ્ત્ર ભણેલા, શીલ સંપન્ન અને બળવાન્ હતા તથા પ્રસિદ્ધ નામધારી હતા. છતાં તેઓ મદિરાપાનના અત્યંત વ્યસનથી નાશ પામ્યા હતા. ૬૦-૬૩

ભાવાર્થઃ-જેઓની જાતિમાં મદિરાપાનનો અભ્યાસ છે તેઓ નિત્ય માફકસર મદિરા પીએ છે અને તેથી તેને કોઈ પણ જાતની પીડા થતી

નથી. પરંતુ જેઓ અત્યંત મદિરાપાન કરે છે તેઓ થોડા જ વખતમાં ક્ષય રોગ થવાથી મરણ પામે છે. અથવા અંધક અને વૃષ્ણિની પેઠે અંદર અંદર લડીને મરણ પામે છે. અંધક તથા વૃષ્ણિવંશના યાદવો પ્રભાસ-ક્ષેત્રમાં સૂર્યગ્રહણને વખતે સ્નાન કરવા ગયા હતા. ત્યાં સરસ્વતીમાં સ્નાન કરીને શરીર ઉપર ચંદનાદિક લગાડ્યાં, અને ભોજન કર્યા પછી મદિરાનું ઘણું પાન કર્યું. થોડીવાર પછી મદિરાનો કેફ ચઢ્યો, અને મહાભારતના યુદ્ધની વાત કરવા લાગ્યા, વાત કરતાં કરતાં એક બીજા ઉપર ક્રોધે ભરાયા અને પરસ્પર યુદ્ધ કરીને મરણ પામ્યા. મદિરાપાનનું આ રીતે અનિષ્ટ ફળ આવે છે. આ કથા ભાગવતના એકાદશસ્કંધમાં છે.

योगीश्वरस्तु भगवान् भार्गवो भृगुतुल्यधीः ।
शुक्रः पानमदात् तीव्राद् बुभुजे शिष्यमौरसम् ॥ ६४ ॥

યોગીશ્વર ભગવાન્ ભાર્ગવ (શુક્ર) ની બુદ્ધિ ભૃગુ સમાન હતી, પરંતુ તે મદિરાપાનના અત્યંત મદને લીધે પોતાના પ્રિય શિષ્ય કચને ખાઈ ગયા હતા. ૬૪

ભાવાર્થઃ—પુરાણમાં એવી કથા છે કે; પૂર્વે દેવો અને દૈત્યો યુદ્ધ કરતા, તેમાં જે દૈત્યો મરી જતા હતા તેઓને શુક્રાચાર્ય મૃતસંજીવિની વિદ્યાથી જીવાડતા હતા, પરંતુ દેવો મરી ગયા પછી જીવતા થતા ન હતા. દેવોએ અને તેના પુરોહિત બૃહસ્પતિએ એકઠા થઇને આ વિષય ઉપર વિચાર કર્યો કે; શુક્રાચાર્યની પાસે મૃતસંજીવિની વિદ્યા છે તેના પ્રભાવથી તે દૈત્યોને પાછા જીવતા કરે છે માટે કોઇએ પણ આ વિદ્યા ભણવાની જરૂર છે, તે પછી બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને તે વિદ્યા ભણવા માટે મોકલ્યો. ત્યાં તેને શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે પ્રીતિ થઈ, તેથી શુક્રાચાર્ય પણ તેના તરફ વત્સલતા દેખાડવા લાગ્યા. તે ઉપરથી દૈત્યોએ કચને ઘણી-વાર મારી નાંખ્યો. પરંતુ શુક્રાચાર્યે વારંવાર તેને જીવતો કર્યો. તે પછી એક સમયે દૈત્યોએ કચને મારી તેનું માંસ રાંધીને સુરાની સાથે શુક્રાચા-ર્યને ખાવા માટે આપ્યું. શુક્રાચાર્ય મદિરાના મદમાં આંધળા થઇ ગયા હતા તેથી

તે કચના માંસને પણ ખાઈ ગયા. પરંતુ પાછળથી તેણે જાણ્યું કે હું તો કચને ખાઈ ગયો છું તે ઉપરથી તેને અત્યંત પશ્ચાત્તાપ થયો અને તેણે બ્રાહ્મણોને સુરાપાન કરવાનો નિષેધ કર્યો. આ કથાનું તાત્પર્ય એ છે કે સુરાપાન કરવાથી શુક્રાચાર્ય જેવા પણ ભાન ભૂલી ગયા હતા તો પછી બીજાની તો વાત જ શી કરવી?

पानासक्तिमान् हि पुरुषो यत्र यत्र प्रवर्तते ।
यात्यसंव्यवहारित्वं तत्र तत्राप्रवर्तनात् ॥ ६५ ॥

મદિરામાં આસક્તિવાળો પુરુષ જે જે કાર્યમાં પ્રવૃત્તિ કરે છે તે તે કાર્યને યથાર્થરીતે કરી શકતો નથી તેથી તે ઉત્તમ વ્યવહાર કર્તા ગણાતો નથી. ૬૫

कामं स्त्रियो निषेवेत पानं वा साधु मात्रया ।
न द्यूतमृगये विद्वानन्त्यन्तव्यसने हि ते ॥ ६६ ॥

સ્ત્રીઓને અને મદિરાપાનને માત્રા પ્રમાણે એટલે શરીરની પ્રકૃતિને નુકસાન ન કરે તેટલાં સેવવાં યોગ્ય છે. પરંતુ વિદ્વાન્ મનુષ્યે (સમજુ મનુષ્યે) જુગાર અને મૃગયાને તો કદી પણ સેવવાં નહિ. કારણ કે, તે બન્ને મોટાં વ્યસન છે. ૬૬

तदपनयविधिज्ञैः श्रेयसां विघ्नकारि
व्यसनमिदमुदारं सप्तधेहोपदिष्टम् ।
जनयति हि निषङ्गादेकधैवाशु नाशं
किमु न भवति हन्ता यौगपद्योदयेन ॥ ६७ ॥

તે માટે અન્યાયને જાણનારા આચાર્યોએ કલ્યાણમાં વિઘ્ન કરનારાં સાત મોટાં વ્યસનોનો નીતિશાસ્ત્રમાં ઉપદેશ કર્યો છે. એક વ્યસનને પણ જો સેવવામાં આવે છે તો તે તુરત નાશ કરી નાંખે છે તો પછી સાતેય વ્યસનોનો એક સાથે જ ઉદય થાય તો તે કેમ નાશ કરે નહિ? ૬૭

पटयति परिभोगग्राहितामिन्द्रियाणां
श्रुतमपि विनिहन्ति श्रेष्ठतां प्रष्ठतां च ।
चलयति हि विभूतिं भूयसीमप्यनीचै-
रपि विबुधमतीनां सप्तकोऽयं दुरन्तः ॥ ६८ ॥

આ સાત વ્યસન દુષ્ટ પરિણામ લાવનારાં છે. તે દેવ સમાન બુદ્ધિમાન્ પુરુષોની ઇંદ્રિયોને પણ વિષયોને ગ્રહણ કરવામાટે ઝટ કુશળ કરે છે, તેના શાસ્ત્રાભ્યાસનો પણ ઝટ નાશ કરે છે, તેની મોટાઇનો પણ ઝટ નાશ કરે છે તથા તેની મહાન્ વિભૂતિનો પણ ઝટ નાશ કરે છે. ૬૮

अरिगणा नियतं व्यसने स्थितान्
परिभवन्ति भवन्ति च दुश्छिदः ।
अपगतव्यसनास्तु बुधा रिपून्
परिभवन्ति भवन्ति च दुश्छिदः ॥ ६९ ॥

શત્રુઓ નિત્ય સ્ત્રી, દ્યૂત વગેરેના વ્યસનમાં આસક્ત થયેલા રાજાઓનો પરાભવ કરે છે અને પોતે દુર્ભેદ્ય થઈ પડે છે. પરંતુ વ્યસન રહિત વિદ્વાન્ રાજાઓ શત્રુઓનો પરાભવ કરે છે અને પોતે દુર્ભેદ્ય થઇ પડે છે. પરંતુ વ્યસનરહિત વિદ્વાન રાજાઓ શત્રુઓનો પરાભવ કરે છે અને પંડે દુર્ભેદ્ય થઈ પડે છે. ૬૯

'સાત વ્યસનનો વર્ગ' એ નામનું પ્રકરણ ૨૩ મું સમાપ્ત.
ઇતિ કામંદકીય નીતિસારમાં રાજોપદેશ વિશે 'સાત વ્યસનનો વર્ગ' એ નામનો સર્ગ ૧૫ મો સમાપ્ત.

સર્ગ ૧૬ મો-પ્રકરણ ૨૪ મું

યાત્રાનું (ચઢાઈનું) તથા યાત્રા કરનારા રાજાનું વર્ણન રાજાએ કયારે ચઢાઈ કરવી?

नानाप्रकारैर्व्यसनैर्वियुक्तः शक्तित्रयेणाप्रतिमेन युक्तः ।
परं दुरन्तव्यसनोपपन्नं यायान्नरेन्द्रो विजयाभिकाङ्क्षी ॥ १ ॥

અનેક પ્રકારનાં વ્યસનોથી રહિત તથા અનુપમ એવી પ્રભુશક્તિ, મંત્રશક્તિ અને ઉત્સાહશક્તિ આ ત્રણ શક્તિથી સંપન્ન એવા વિજયની ઇચ્છાવાળા રાજાએ દુઃખદાયક પરિણામ લાવનારાં વ્યસનોથી ઘેરાયલા રાજાના ઉપર ચઢાઈ કરવી. ૧

ભાવાર્થઃ-આ સર્ગમાં યાત્રા-ચઢાઈ તથા ચઢાઈ કરનારા રાજા વિશે વર્ણન કરવામાં આવશે તેમાં પ્રથમ ત્રેંતાલીસ શ્લોકથી ચઢાઇનું વર્ણન કરવામાં આવશે અને તે પછી સોળ શ્લોકથી ચઢાઈ કરનારા રાજાનું વર્ણન કરવામાં આવશે.

प्रायेण सन्तो व्यसने रिपूणां यातव्यमित्येवमुपादिशन्ति ।
तत्रैष पक्षो व्यसनं ह्यनित्यं क्षमस्तु सन्नभ्युदितो हि यायात् ॥२॥

આચાર્યો કહે છે કે; શત્રુઓ જ્યારે વ્યસનમાં હોય ત્યારે તેઓના ઉપર ઘણું કરીને ચઢાઈ કરવી. પરંતુ તે બાબતમાં આવો પક્ષ છે કે;-વ્યસન નિત્ય હોતું નથી માટે જે રાજાનો શક્તિથી, દેશથી અને કાળથી અભ્યુદય થયો હોય, તે રાજા ચઢાઇ કરવાને સમર્થ ગણાય છે. અને તેવા રાજાએ શત્રુના ઉપર ચઢાઇ કરવી. ૨

ભાવાર્થઃ-જયમંગલાકાર કહે છે કે તત્રૈષ પક્ષઃ એમાં એષઃ પક્ષઃ એ કૌટિલ્યનો પક્ષ જાણવો.

यदा क्षमस्तु प्रसभं निहन्तुं पराक्रमादूर्जितमप्यमित्रम् ।
तदापि यायाद्विहितानि कर्तुं परस्य वा पीडनकर्शनानि ॥ ३ ॥

રાજા પરાક્રમને લીધે જે સમયે બળવાન્ શત્રુને પણ બળાત્કારથી મારવાને સમર્થ હોય, તે સમયે પણ રાજાએ ચઢાઇ કરવી, તથા નીતિશાસ્ત્રમાં કહેલાં પીડન તથા કર્ષણ કર્મ કરવાની શક્તિ હોય ત્યારે પણ રાજાએ શત્રુના ઉપર ચઢાઇ કરવી. ૩

ભાવાર્થઃ-પીડન કહેતાં શત્રુને પીડા કરવી, દુઃખ દેવું વગેરે અને કર્ષણ કહેતાં શત્રુની ભૂમિ, ધન, ધાન્ય વગેરેને હરણ કરવાં તે, આ બન્ને કર્મ કરીને શત્રુના ઉપર ચઢાઈ કરવી. અર્થશાસ્ત્રમાં કહ્યું છે કેઃ- प्रायशश्चाचार्याः परव्यसने यातव्यमित्युपदिशन्ति स्वशक्त्युयचये यातव्यमनैकान्तिकत्वाद् व्यसनानामिति कौटिल्यः । यदा वा प्रयाता कर्शयितुमुच्छेतुं वा शक्नुयादमित्रं तदा यायादिति । कौ. अ. ९-१-१३६. આચાર્યો ઘણું કરીને આવો ઉપદેશ કરે છે કે શત્રુ દુઃખમાં હોય ત્યારે તેના ઉપર ચઢાઈ કરવી પરંતુ કૌટિલ્ય કહે છે કે;-વ્યસન અનિત્ય છે માટે પોતાની શક્તિમાં વૃદ્ધિ થાય ત્યારે રાજાએ ચઢાઇ કરવી, અથવા તો ચઢાઇ કરનારો રાજા જ્યારે શત્રુનું કર્ષણ કરવાને અથવા તો શત્રુનો ઉચ્છેદ કરવાને સમર્થ હોય ત્યારે તેણે શત્રુના ઉપર ચઢાઇ કરવી.

सम्पन्नसस्यं विषयं परस्य यायात् प्रमृद्नन् विजयाय राजा ।
सस्योपघातेन परस्य वृत्तेश्छेदः स्वसैन्योपचयश्च साधु ॥ ४ ॥

રાજાએ વિજય કરવામાટે શત્રુના દેશ ઉપર ચઢાઈ કરવી અને તે વખતે શત્રુના દેશના ઉભા મોહોલનો એટલે ધાન્યનો નાશ કરવો. ધાન્યનો નાશ કરવાથી શત્રુની આજીવિકાનો નાશ થાય છે, અને પોતાનાં સૈન્યને સારી રીતે પુષ્ટિ મળે છે. ૪

विशुद्धपृष्ठः पुरतो विचिन्वन् भयप्रदेशान् परकर्मवेदी ।
स्ववीवधासारविशुद्धमार्गो विशेद् धरित्रीं द्विषतोऽप्रमत्तः ॥ ५ ॥

શત્રુના દેશ ઉપર ચઢાઈ કરનારા રાજાએ, પોતાની પાછળનો ભાગ શત્રુ વિનાનો કરવો, (અર્થાત્ પોતે ચઢાઈ કર્યા પછી પોતાની

પાછળ શત્રુ રાજા ચઢાઈ કરે નહિ અને કરે તો ફાવી શકે નહિ તેવી વ્યવસ્થા કરવી.) આગળના ભયંકર સ્થાનોને સાફ કરાવવાં, શત્રુની હીલચાલથી જાણીતા રહેવું, ધાન્ય, તૃણ, કાષ્ઠાદિકની તથા મિત્રની સહાયતા મેળવવા માટે ખુલ્લો માર્ગ રાખવો, અને સાવધાન થઈને શત્રુના દેશમાં પ્રવેશ કરવો. ૫

समे प्रदेशे विषमे च भूमेर्निम्ने स्थले वा स्वमुखेन यायात् ।
अनातुरः सन्नभयो हि विद्वान् सन्नद्धसैन्यो विहितान्नतोयः ॥६॥

રાજાએ સમ પ્રદેશમાં થઈને, વિષમ પ્રદેશમાં થઈને અથવા તો નીચાણવાળા પ્રદેશમાં થઈને પોતાની સેનાને જે સુગમ માર્ગ લાગે તેવે માર્ગે થઈને શત્રુના દેશ ઉપર ચઢાઈ કરવી. ચઢાઈ કરતી વખતે વિદ્વાન્ રાજાએ વ્યાકુલતાનો તથા ભ્રમનો ત્યાગ કરવો, પોતાનાં સૈન્યને તૈયાર રાખવું અને તેને માટે અનાજ તથા પાણી તૈયાર રાખવું. ૬

ग्रीष्मे प्रभूताम्बुवनेन यायान्निर्वापनार्थं करिणां पथा तु ।
ऋतेऽम्भसो ग्रीष्मकृतात् प्रतापाद् भवन्ति कुष्ठानि मतङ्गजानाम् ।७।

ગ્રીષ્મઋતુમાં સૈન્યના હાથીઓને તડકો ન લાગે તે માટે જે માર્ગે ઘણું પાણી તથા વન હોય તે માર્ગે થઈને ચઢાઈ કરવી, ઉનાળામાં ગ્રીષ્મઋતુનો તડકો લાગવાથી પાણી વિના હાથીઓને કુષ્ઠનો રોગ થાય છે. (તથા પાણી ન પીવાથી હાથીઓ આંધળા થાય છે.) ૭

स्वस्थक्रियाणामपि कुञ्जराणामूष्मा शरीरेषु हि जाज्वलीति ।
आयासयोगेन च सम्प्रवृद्धः प्रसह्य हन्ति द्विरदान् प्रतापः ॥ ८॥

હાથીઓ પોતાના હાથીખાનામાં બાંધેલા હોય છે ત્યાં પણ તેઓના શરીરોમાં અગ્નિની ગરમી અત્યંત તપ્યા કરે છે તે ગરમી પરિશ્રમને લીધે અત્યંત વધી જાય છે અને હાથીઓને તુરત મારી નાખે છે. ૮

सर्वाणि सत्त्वानि खलूष्णकाले विनाम्बुना यान्ति परामवस्थाम्।।
अत्यर्थमुष्णप्रतितप्तकायाः प्रयान्ति सद्यः करिणोऽपिवन्तः।। ९ ।।

ઉષ્ણકાળમાં (ગરમીની ઋતુમાં) સર્વે પ્રાણીઓ પાણી વગર અત્યંત દુઃખી થાય છે તો પછી જેની કાયા ગરમીથી અત્યંત તપેલી રહે છે એવા હાથીઓ પાણી ન પીવાથી તુરત અત્યંત દુઃખી થાય એમાં શું કહેવું? ૯

सुगन्धिदानस्रुतिशीकरेषु दन्ताभिघातस्फुटितोपलेषु ।
गजेषु नीलाभ्रसमप्रभेषु राज्यं निबद्धं पृथिवीपतीनाम् ॥ १० ॥

જેઓના ગંડસ્થલ ઝરતા સુગંધી મદજળના બિન્દુઓથી શોભી રહેલા હોય છે, જેઓ દાંતના પ્રહારથી પત્થરોને ફોડી નાખે છે, એવા શ્યામ રંગના મેઘ સમાન કાંતિવાળા હાથીઓના ઉપર પૃથિવી પતિઓના રાજ્યનો આધાર છે. ૧૦

सुकल्पितः संयति दृष्टमार्गः स्वधिष्ठितो वीरतमेन पुंसा ।
तुरङ्गमाणामपि कल्पितानामेको गजः षष्टिशतानि हन्ति ॥ ११ ॥

હાથીને યુદ્ધ કરવાની કેળવણી આપી હોય, યુદ્ધ કરવામાં તે કુશળ હોય અને મહાવીર પુરુષ તેના ઉપર બેઠો હોય તો એક હાથી યુદ્ધની કેળવણી લેનારા છ હજાર ઘોડાઓને પણ મારી નાખે છે. ૧૧

जले स्थले च द्रुमसङ्कटे च समेऽसमे साधु चलेऽचले च ।
प्राकारहर्म्याट्टविदारणे च जयो ध्रुवं नागवतां बलानाम् ॥ १२ ॥

નદી વિગેરે જળવાળા પ્રદેશમાં, સ્થળમાં, વૃક્ષોની ઘાટી ઝાડીમાં, સપાટ પ્રદેશમાં, વિષમ પ્રદેશમાં, ચળાયમાન પ્રદેશમાં તથા અચળ પ્રદેશમાં, યુદ્ધ કરવામાં તથા કિલ્લા, હવેલી, અટ્ટાલિકા વગેરે પાડવામાં હાથીવાળી સેનાઓનો અવશ્ય જય થાય છે. ૧૨

तस्माद् यतो भूरिजलस्तु पन्था यतोऽन्नपानोपचयोऽविशङ्कः ।
ततो हि यायाज्जनयन् प्रतापं शनैःशनैर्विश्रमयन् बलानि ॥ १३ ॥

તે માટે જે માર્ગ ઉપર ઘણું પાણી હોય, જે માર્ગે અન્ન તથા પાણી ઘણાં હોય, જે માર્ગે સામંતાદિકનો ભય ન હોય તેવે માર્ગે રાજાએ પોતાની સેનાને વિશ્રાંતિ આપતાં તથા પોતાનો પ્રતાપ જમાવતાં, ધીરે ધીરે ચઢાઈ કરવી. ૧૩

अभ्युन्नतानामणुरप्युदारं पश्चात्प्रकोपं जनयेदरीणाम् ।
तं चाप्रमत्तः प्रसमीक्ष्य यायान्न नाशयेद् दृष्टमदृष्टहेतोः ॥ १४ ॥

વિજિગીષુ રાજાઓ શક્તિ વગેરેથી અભ્યુદયવાળા હોય તો પણ તેઓને તેના શત્રુઓમાંનો નાનો શત્રુ પણ પાછળથી મહાન્ દુઃખ દે છે માટે વિજિગીષુ રાજાએ સાવધાન થઈને પાછળના શત્રુના પ્રકોપનો સારી રીતે વિચાર કરીને ચઢાઈ કરવી. તથા અદૃષ્ટ માટે એટલે નહિ મળેલું રાજ્ય મેળવવામાટે પોતાનાં રાજ્યનો નાશ કરવો નહિ. ૧૪

पश्चात्प्रकोपः पुरतः फलं च पश्चात्प्रकोपस्तु तयोर्गरीयान् ।
रन्ध्रं हि तद् विप्रकृता महत्त्वं नयन्ति तस्मात् प्रविधाय यायात् १५

પાછળના ભાગમાં શત્રુ તરફનો અલ્પ ભય હોય અને આગળના ભાગમાં ચઢાઈ કરવાથી મહાન્ ફળ મળવાનું હોય, તો તે બન્નેમાં પાછળના શત્રુનો ભય મહાન્ ગણાય છે. શત્રુઓ પાછળના ભાગની નિર્બળતાનો મોટો ઉપયોગ કરે છે. તે માટે રાજાએ પાછળના ભાગમાંથી શત્રુઓનો નાશ કરીને આગળના ભાગમાં ચઢાઈ કરવી. ૧૫

पुरश्च पश्चाच्च यदा समर्थस्तदाभियायान्महते फलाय ।
पुरः प्रसर्पन्नविशुद्धपृष्ठः प्राप्नोति तीव्रं खलु पार्ष्णिभेदम् ॥१६॥

વિજિગીષુ રાજા પાછળના ભાગમાં તથા આગળના ભાગમાં શત્રુઓનો પરાજય કરવાને સમર્થ હોય તો તેણે મહાન્ ફળ મેળવવા માટે શત્રુના ઉપર ચઢાઈ કરવી. પરંતુ વિજિગીષુ રાજા આગળ ચઢાઈ કરે; પણ પાછળના ભાગમાં શત્રુઓ ચઢી આવવાનો સંભવ હોય તો રાજાનો પાછળના ભાગમાંથી સખત રીતે નાશ થાય છે. ૧૬

यास्यन् पुरो रक्ष्यमनेकवर्गमनेकमुख्यं च बलं विदध्यात् ।
अनेकमुख्यस्य हि नैकमत्यमनेकमुख्यं द्विषतामभेद्यम् ॥ १७॥

વિજિગીષુ રાજાએ ચઢાઈ કરતી વખતે પોતાની આગળના ભાગમાં રક્ષણ કરવામાટે અનેક ટુકડીઓવાળું સૈન્ય ગોઠવવું અને તેના ઉપર અનેક અધિકારીઓ નિમવા. સૈન્યની જૂદી જૂદી ટુકડીઓ ગોઠવીને તેઓના અનેક અધિકારીઓ નિમવામાં આવે તો તેઓનો મત ભિન્ન ભિન્ન હોવાથી શત્રુઓ તેવાં સૈન્યને (લાલચો દઈને) ફોડી શકતા નથી. (પોતાના પક્ષમાં લઈ શકતા નથી.) ૧૭

ભાવાર્થઃ–રાજાએ ઉપર કહ્યા પ્રમાણે પોતાની આગળના ભાગમાં સૈન્યની ટુકડીઓ ગોઠવવી અને પ્રત્યેક ટુકડીઓ ઉપર ભિન્ન ભિન્ન નાયકોને નિમવા. તેઓનો મત નિરાળો નિરાળો હોવાથી શત્રુઓ તેઓને લાંચ દઈને વશ કરી શકતા નથી. રાજાએ આ ટુકડીઓના પાછલા ભાગમાં રહેવું કે, જેથી શત્રુઓ એકદમ પોતાના ઉપર છાપો મારી શકે નહિ. ૧૭

अवश्ययातव्यतयोद्यतः सन् पश्चात्प्रकोपाहितयानशङ्कः ।
सेनापतिं वाप्यथवा कुमारं बलैकदेशेन पुरो निदध्यात् ॥ १८ ॥

રાજા ચઢાઈ અવશ્ય કરવાની હોવાથી ચઢાઈ કરવા તયાર થાય, એટલામાં પાછળથી શત્રુ કોપાયમાન થઈને ચઢી આવે છે આવી તેને શંકા થાય તો રાજાએ સેનાપતિને અથવા તો કુમારને સેનાનો એક ભાગ (તૃતીયાંશ અથવા તો ચતુર્થાંશ) આપીને આગળના ભાગમાં મોકલવો (અને પંડે પાછળ રહેવું). ૧૮

आभ्यन्तराद् बाह्यकृताच्च कोपाद्याभ्यन्तरस्त्वेव तयोर्गरीयान् ।
आदाय गच्छेदबहिःप्रचारान् बाह्यांश्च कृत्वा विहितार्थकल्यान १९

આભ્યંતરનો કોપ અને બાહ્યનો કોપ એમ બે પ્રકારના કોપ હોય છે. તેમાં બાહ્યના કોપ કરતાં આભ્યંતરનો કોપ મહાન્ ગણાય છે. આભ્યંતર પુરુષો (અંતરંગ પુરુષો) કોપાયમાન થયા હોય, તેઓને સામ, દામ વગેરેથી શાંત પાડીને પછી રાજાએ ચઢાઈ કરવી, અને બાહ્ય પુરુષો જો કોપાયમાન થયા હોય તો તેઓને જે વસ્તુને માટે ક્રોધ થયો હોય, તે વસ્તુ તેઓને આપીને શાંત પાડવા. ૧૯

पुरोहितामात्यकुमारकुल्याः सेनाभिगोप्तार इमे प्रधानाः ।
एषां हि सन्तोऽन्यतमप्रकोपमन्तःप्रकोपं समुपादिशन्ति ॥ २० ॥

પુરોહિત, મંત્રી, રાજકુમાર, રાજાના કુળના પુરુષો તથા સેનાપતિઓ, આ પુરુષો રાજાના પ્રધાન પુરુષો કહેવાય છે અને તેઓ રાજાની છાવણીમાં રહે છે તેથી તેઓ રાજાના અંતરંગ પુરુષો ગણાય છે. તેઓમાંનો કોઈ પણ કોપાયમાન થાય છે, તેને નીતિ-શાસ્ત્ર જાણનારાઓ આભ્યંતરનો કોપ કહે છે. ૨૦

राष्ट्रान्तपालाटविकानतानां बाह्यप्रकोपोऽन्यतमप्रकोपः ।
उत्पाद्यमानं निपुणप्रचारैस्तं मंत्रिभिः सम्यगुपाददीत ॥ २१ ॥

દેશના રક્ષકો, દેશના સીમાડા ઉપર રક્ષા કરનારાઓ, વનના રાજાઓ તથા દંડ કરીને વશ કરેલા રાજાઓ બાહ્ય એટલે બહારના કહેવાય છે. આમાંથી કોઈ કોપી ઉઠે છે તેને બાહ્યકોપ કહેવામાં આવે છે. રાજાએ કાર્યકુશળ મંત્રિઓદ્વારા તે બન્ને પ્રકારના પુરુષો તરફથી કરવામાં આવેલા કોપને યથાર્થ રીતે જાણવો જોઈએ. ૨૧

सामादिभिः संशमयेत् प्रकोपं परस्परावग्रहभेदनैश्च ।
तथा च धीरः शमयेद्विकारं यथा भजेरन्न परान् प्रतप्ताः ॥ २२ ॥

રાજાએ બાહ્યકોપને તથા આભ્યંતર કોપને સામ આદિક ઉપા-યોથી શાંત પાડવો, અથવા તો પરસ્પરમાં યુદ્ધ કરાવીને અથવા તો

ભેદ પડાવીને કોપને શાંત પાડવો. પ્રકૃતિમંડળના પુરુષો તથા બાહ્ય પુરુષો કોપાયમાન થઈને શત્રુ રાજાના પક્ષમાં ભળી ન જાય તે પ્રમાણે રાજાએ ધીરજથી તેઓના કોપને શાંત પાડવો જોઈએ. ૨૨

ભાવાર્થઃ—પ્રકૃતિમંડળના અંતરંગ પુરુષો અથવા તો બહારના પુરુષો વખતપર કોઈ કારણને લઈને રાજાના ઉપર કોપી ઉઠે છે, તેવે પ્રસંગે રાજાએ ઉતાવળા થઈને તેઓને સખ્ત શિક્ષા કરીને પીડવા નહિ. કારણ કે જો તેઓના ઉપર સખ્તાઈ વાપરવામાં આવે છે તો તેઓ શત્રુના પક્ષમાં ભળી જાય છે. માટે રાજાએ તેવા પ્રસંગે ધીરજથી કોપાયમાન થયેલાને, તેઓનાં કારણો સાંભળીને સામ આદિ ઉપાયથી શાંત પાડવા. ૨૨

मनुष्ययुग्यापचयः क्षयो हि हिरण्यधान्यापचयो व्ययस्तु ।
तस्मादिमां नैव विदग्धबुद्धिः क्षयव्ययायासकरीमुपेयात् ॥ २३ ॥

મનુષ્યોનો તથા હાથી ઘોડા વગેરે વાહનોનો જે નાશ, તે ક્ષય કહેવાય છે અને સુવર્ણનો તથા ધાન્યનો જે ઘટાડો, તે વ્યય કહેવાય છે. તે માટે જે યાત્રાથી (ચઢાઈથી) ક્ષયનો તથા વ્યયનો પરિશ્રમ વેઠવો પડે, તેવી યાત્રા કુશળબુદ્ધિના રાજાએ ખેડવી જ નહિ. ૨૩

अवश्यनिष्पत्तिमहाफलाढ्यामदीर्घसूत्रां परिणामकल्याम् ।
कामं व्ययायासकरीमुपेयान्न त्वेव जातु क्षयदोषयुक्ताम् ॥ २४ ॥

જે યાત્રા (ચઢાઈ) માં મહાન્ ફળનો લાભ અવશ્ય થવાનો હોય, યાત્રા કરી કે તુરત ફળનો લાભ થવાનો હોય, જે પરિણામે સુખકારક હોય, આવી યાત્રા વ્યયના દોષવાળી હોય તો પણ કરવી. પરંતુ તે જો ક્ષયના દોષથી ભરપૂર હોય તો કોઈ પણ દિવસ કરવી જ નહિ. ૨૪

કાર્યનાં વ્યસનો

वस्तुष्वशक्येषु समुद्यमश्च शक्येषु चाकालसमुद्यमश्च ।
शक्येषु मोहादसमुद्यमश्च त्रिधैव कार्यव्यसनं वदन्ति ॥ २५ ॥

જે કાર્યો થવાં અશક્ય હોય, તેઓને માટે ઉદ્યમ કરવો. બની

શકે તેવાં કાર્યને માટે કસમયે ઉદ્યમ કરવો અને જે કાર્ય થઈ શકે તેવાં હોય તેઓને માટે અજ્ઞાનને લીધે ઉદ્યમ કરવો નહિ. આ રીતે કાર્યનાં ત્રણ પ્રકારનાં વ્યસનો (વિઘ્નો) છે, એમ વિદ્વાનો કહે છે. ૨૫

ભાવાર્થઃ—જે રાજાને વિજય મેળવવાની ઇચ્છા હોય, તેણે ઉપર કહેલાં ત્રણે વ્યસનોનો ત્યાગ કરવો, અર્થાત્ પ્રત્યેક કાર્ય તેના સમય પ્રમાણે કરવાં તથા અશકય કાર્યને માટે ઉદ્યમ કરવો નહિ. ૨૫

कामोऽक्षमा दक्षिणतानुकम्पा ह्रीः साध्वसं क्रौर्यमनार्यता च ।
दम्भोऽभिमानोऽथ च धार्मिकत्वं दैन्यं स्वयूथस्य विमाननं च॥२६॥
द्रोहो भयं शश्वदुपेक्षणं च शीतोष्णवर्षास्वसहिष्णुता च ।
एतानि काले समुपाहितानि कुर्वन्त्यवश्यं खलु सिद्धिविघ्नम् ॥ २७॥

કામ (ઇંદ્રિયોના વિષયોમાં તથા મૃગયા, મદિરા, જુગાર વગેરેમાં આસક્તિ), અક્ષમા (ક્રોધ), અનુજીવી પુરુષો ઉપર દયા, જીતેલા શત્રુઓ ઉપર અનુકંપા, લજ્જા, વ્યામોહ, ક્રૂરતા, અનાર્યતા, દંભ, અભિમાન, ધાર્મિકપણું, દીનતા, પોતાના મંડળનું અપમાન, દ્રોહ, ભય, નિત્ય આવી પડનારી આપત્તિની ઉપેક્ષા, તાઢ, તડકો, તથા વરસાદને સહન નહિ કરવાં, આટલાં વ્યસનને જો કાર્ય સાધવાને વખતે સ્વીકારવામાં આવે છે તો તેઓ અવશ્ય કાર્યની સિદ્ધિમાં વિઘ્ન કરે છે. ૨૬-૨૭

ભાવાર્થઃ—જે મનુષ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધમાં અત્યંત આસક્ત હોય છે, સ્ત્રી, જુગાર અને મદિરામાં આસક્ત હોય છે તે પુરુષ વ્યસનને આધીન હોવાથી પોતાનું કાર્ય સાધી શકતો નથી. ગાળા ગાળી, મારા મારી, લોકોનું ધન હરી લેવું, હિંસા કરવી, આ બધાં ક્રોધથી થાય છે અને ક્રોધ કાર્યને સિદ્ધ થવા દેતો નથી, માટે કાર્ય કર્તા પુરુષે ક્રોધનો ત્યાગ કરવો. પોતાના સેવક ઉપર દયા રાખવી તેનું નામ દક્ષિણતા કહેવાય છે. તે જે રાજામાં ન હોય તેના સેવકો તે રાજાના ઉપર ભક્તિ રાખતા નથી અને ભક્તિને અભાવે

રાજકીય કાર્યોનો નાશ થાય છે. જીતેલા શત્રુઓ ઉપર પણ દયા કરવી. આને અનુકંપા કહે છે. આવી અનુકંપાથી પણ લાભની હાનિ અને કાર્યનો નાશ થાય છે. પૃથુરાજે યવનોના ઉપર અનુકંપા કરી હતી; તેને પરિણામે તેણે ભારતવર્ષ ગુમાવ્યું હતું અને પોતાને કેદખાનું ભોગવવું પડ્યું હતું. લજ્જાથી પણ મનુષ્ય પોતાનું કાર્ય યથોચિત કરી શકતો નથી અને તેથી તેને નુકસાન વેઠવું પડે છે. કાર્ય વખતે શું કરવું તે ન સૂઝે તેને अप्रतिपत्तिः કહે છે તેથી પણ કાર્યનો નાશ થાય છે. ક્રૂર મનુષ્યનો પણ કોઈ આશ્રય કરતું નથી, તેથી તેનાં કાર્ય પણ સિદ્ધ થતાં નથી. અનાર્ય પુરુષ ઉત્તમ કાર્ય કરે છે છતાં પણ તેનાથી તેને લાભ થાતો નથી. કારણ કે તેના ઉપર કોઇને વિશ્વાસ આવતો નથી. દંભત્વ એટલે બીજાને છેતરવાપણું; દંભીનો કોઈ પણ વિશ્વાસ કરતું નથી, તેથી તેનાં કાર્ય પણ સિદ્ધ થાતાં નથી. અભિમાન એટલે અહંકાર કેવળ કાર્યનો જ નાશ કરતો નથી પરંતુ તેથી પંડનો ક્ષય પણ થાય છે. ધાર્મિકપણું એટલે અમુક ધર્મ ઉત્તમ છે અમુક ધર્મ ઉતરતો છે વગેરે ધર્માંધતા પણ રાખવી નહિ. ધર્માંધપણાથી હાથમાં રહેલાં રાજ્યનું પણ રક્ષણ થઈ શકતું નથી. આપણી નીતિમાન્ અને માયાળુ ઇંગ્રેજ સરકાર સર્વને મોકળે મને ધર્મ પાળવા દે છે તેથી તેનું રાજ્ય આજે રામરાજ્ય ગણાય છે અને તેમણે પ્રજાનો સંપૂર્ણ સંતોષ મેળવ્યો છે. દીનતા એટલે નપુંસકપણું, કાર્ય કરતી વખતે જે ભય રાખવામાં આવે છે તો તેથી કાર્યની હાનિ થાય છે. સેવકોને માન આપવામાં આવે છે તો તેઓ પોતાના પ્રાણોનો પણ વ્યય કરીને ધણીનું કાર્ય કરે છે. પરંતુ જે તેઓનું અપમાન કરવામાં આવે છે તો તેઓ કાર્યમાં હાનિ જ કરે છે. મિત્રાદિકનો દ્રોહ કરનારા પુરુષોનાં કાર્યો પણ સિદ્ધ થાતાં નથી. જે પુરુષ વર્ષા વગેરે ઋતુના સ્વભાવને સહન કરી શકતો ન હોય, તે સર્વ દેશમાં તથા સર્વ કાળમાં પોતાનું કાર્ય કેવી રીતે સાધી શકે? આ શ્લોકમાં જે જે વ્યસનો જણાવ્યાં છે તે જો કાર્ય કરતી વખતે સેવવામાં આવે છે તો આરંભેલુ કાર્ય સિદ્ધ થાતું નથી. માટે રાજાએ અથવા તો શ્રીમંતોએ પોતાનાં કાર્ય સાધવામાટે ઉપર ગણાવેલાં વ્યસનોનો ત્યાગ કરવો જોઇએ. ૨૬–૨૭

निजोऽथ मैत्रश्च समाश्रितश्च सम्बन्धजः कार्यसमुद्भवश्च ।
भृत्यो गृहीतो विविधोपचारैः पक्षं बुधाः सप्तविधं वदन्ति ॥ २८ ॥

૧ કુલ પરંપરાથી ઉતરી આવેલો પુરુષ અથવા તો સ્વાભાવિક બંધુવર્ગ, ૨ મિત્રનો મિત્ર, ૩ પોતાની રક્ષા માટે આશ્રય કરનારો, ૪ કન્યા આપીને સંબંધી થયેલો, ૫ કાર્ય પ્રસંગથી સંબંધમાં આવેલો, ૬ સેવક, તથા ૭ ધન, અન્ન, વસ્ત્ર વગેરે અનેક પદાર્થો આપીને વશ કરેલો પુરુષ, આ સાત પુરુષને વિદ્વાનો પોતાનો પક્ષ કહે છે. ૨૮

सदानुसृत्या गुणकीर्तनेन निन्दासहत्वेन च रन्ध्रगुप्त्या ।
तदर्थशौचोद्यमसङ्कथाभिः पक्षोऽनुरागीति स वेदितव्यः ॥ २९ ॥

નિત્ય પોતાને અનુસરવાથી, પોતાના ગુણનું કીર્તન કરવાથી, પોતાની નિંદા સહન ન કરવાથી, પોતાની છૂપી વાર્તાનું રક્ષણ કરવાથી, તથા પોતાનાં ન્યાયથી મેળવેલાં ધન વિશે તથા ઉદ્યમ વિશે કથાઓ કરવાથી અમુક પક્ષ પોતાના ઉપર અનુરક્ત છે એમ જાણવું. ૨૯

कुलीनमार्यं श्रुतवद्विनीतमलोलुपं सत्यमहार्यमन्यैः ।
कृतज्ञतोर्जामतिसत्त्वयुक्तं सद्वृत्तपक्षं खलु तं च विद्यात् ॥ ३० ॥

જે પુરુષ કુળવાન્ હોય, જે આર્ય એટલે મહાવંશમાં ઉત્પન્ન થયેલો હોય, શાસ્ત્ર ભણેલો હોય, વિનીત હોય, લોભરહિત હોય, સત્યવાદી હોય, શત્રુ પક્ષના પુરુષો જેઓના વિચારને ફેરવી શકે નહિ તેવો હોય, જે કૃતજ્ઞતા, બળ અને પ્રતિભાશક્તિવાળો હોય, આપત્તિના સમયમાં અથવા તો અભ્યુદયના સમયમાં પણ વિકાર નહિ પામે તેવા ધૈર્યથી જે યુક્ત હોય તથા જે સદાચારસંપન્ન હોય, તે પુરુષને પોતાના પક્ષનો જાણવો. ૩૦

વિજિગીષુ રાજાના આત્મગુણ

उद्योगमेधाधृतिसत्त्वसत्यत्यागानुरागास्थितिगौरवाणि ।
जितेन्द्रियत्वं प्रसहिष्णुता ह्रीः प्रागल्भ्यमित्यात्मगुणप्रवेकः ॥ ३१ ॥

ઉદ્યોગ (ઉત્સાહ), મેધા (સ્મૃતિ), ધૈર્ય, સત્વ (સુખ અથવા તો દુઃખના સમયમાં વિકાર નહિ પામનારું મન) સત્ય ભાષણ, ત્યાગ, (ઉદારતા), ગુણ તરફ પક્ષપાત, અડગપણું, વિદ્યાવૃદ્ધોના તરફ પૂજ્ય બુદ્ધિ, જિતેંદ્રિયપણું, તાઢ તડકા વગેરેને સહન કરવા, લજ્જા અને સભા વચ્ચે અટકયા વગર ભાષણ કરવું, આ સર્વ આત્માના પ્રધાન ગુણ છે. ૩૧

मन्त्रस्य शक्तिं सुनयप्रचारं स्वकोशदण्डौ प्रभुशक्तिमाहुः ।
उत्साहशक्तिं वलवद्विचेष्टां त्रिशक्तियुक्तो भवतीह जेता ॥ ३२ ॥

ચાર ઉપાયની તથા છ ગુણોની યથાર્થ વ્યવસ્થા કરવી, તેને મંત્રશક્તિ કહે છે. પોતાના ગુણોથી ભરપૂર એવા કોશને તથા સૈન્યને પ્રભુશક્તિ કહે છે અને મહાન્ પરાક્રમને ઉત્સાહશક્તિ કહે છે. જે રાજામાં ઉપર કહેલી ત્રણ શક્તિ હોય છે, તે રાજા વિજયી થાય છે. ૩૨

ભાવાર્થઃ—મંત્રશક્તિ, પ્રભુશક્તિ તથા ઉત્સાહશક્તિ આ ત્રણ રાજામાં હોવી જ જોઇએ અને તેનાથી જ રાજાનો વિજય થાય છે. મંત્રશક્તિ એટલે જ્ઞાનબળ, જ્ઞાનના બળથી જ રાજકીય ગુપ્ત વિચારો થઈ શકે છે, તથા ચાર ઉપાયોની તથા છ ગુણોની પણ વ્યવસ્થા થઈ શકે છે. કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે **ज्ञानबलं मंत्रशक्तिः** જ્ઞાનનાં બળને મંત્રની શક્તિ જાણવી. રાજાની પાસે જો ધનથી ભરપૂર કોશ અને બળવાન્ સૈન્ય હોય તો જ રાજાની પ્રભુશક્તિ ટકી શકે છે, નહિતર ટકી શકતી નથી. માટે કોશને અને સૈન્યને પ્રભુશક્તિ કહેલી છે. પરાક્રમ ભરેલાં કર્મને ઉત્સાહશક્તિ કહે છે. અર્થાત્ એ જ ઉત્સાહનું રૂપ છે. આપણા શહેનશાહમાં ઉપર કહેલા ત્રણે પ્રકારની શક્તિ છે, તેથી તે દુનિયાના એક ચતુર્થાંશ ભાગ ઉપર રાજ્ય કરે છે. રાજા જો જ્ઞાન વિનાનો, પ્રભાવ વગરનો તથા નિરુત્સાહી હોય તો તે કેવી રીતે વિજય કરી શકે? ૩૨

शैघ्र्यं सुदाक्ष्यं व्यसनेष्वदैन्यमुत्साहसम्पद्युधि धीरता च ।
औत्पादिकी शास्त्रसमुद्भवा च सांसर्गिकी धीः परिणामिनी च ३३

ઉતાવળથી કાર્ય કરવાપણું ઉત્તમ ડહાપણ, આપત્તિઓના સમયમાં અદીનતા તથા યુદ્ધસમયે ધૈર્ય આ ઉત્સાહની સંપત્તિ (ગુણ) કહેવાય છે. તથા પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે ઉત્પન્ન થનારી, શાસ્ત્રોના જ્ઞાનથી થનારી, જ્ઞાનવૃદ્ધ પુરુષોના સંબંધથી થનારી તથા પાછળથી વિચાર કરતાં ઉત્પન્ન થનારી આ રીતે ચાર પ્રકારની બુદ્ધિ છે. (જે મંત્રશક્તિમાં ઉપયોગી થઈ પડે છે.) ૩૩

उत्साहसत्त्वाध्यवसायचेष्टादार्ढ्यं च कर्मस्विह पौरुषं च ।
अरोगता कर्मफलोपपत्तिर्दैवानुकूल्यं च निराधिता च ॥ ३४ ॥

પ્રત્યેક કાર્ય કરવાનો ઉત્સાહ, અપ્રતિહત ધૈર્ય, અમુક કાર્ય હું સિદ્ધ કરું આવી જાતનો નિશ્ચય, શારીરિક ક્રિયા અને દૃઢતા, આ પાંચ પૌરુષ એટલે પુરુષનાં કર્મ કહેવાય છે તથા આરોગ્ય, કરેલાં કર્મનાં ફળનો લાભ, ભાગ્યની અનુકૂળતા, અને પ્રિયના વિયોગથી થનારાં દુઃખનો અભાવ, આ ત્રણ દૈવની અનુકૂળતા કહેવાય છે. ૩૪

पक्षादिनानेन गृहीतकोशः पक्षादिहीनं रिपुमभ्युपेयात् ।
इति प्रसर्पन् नियतं समुद्रप्रक्षालितां तां लभते धरित्रीम् ॥ ३५ ॥

જે રાજાનો પક્ષ અનુરાગી અને સદાચારી હોય, જેનામાં ઉત્તમ આત્મગુણ હોય, જેનામાં ત્રણ શક્તિ, પૌરુષ તથા દૈવની અનુકૂળતા આ સર્વ હોય, તે રાજાએ ધનનો ભંડાર સાથે લઈને ઉપર કહેલા પક્ષાદિકથી રહિત એવા શત્રુ રાજાના ઉપર ચઢાઈ કરવી. જે રાજા ઉપર કહ્યા પ્રમાણે શત્રુના ઉપર ચઢાઈ કરે છે, તે રાજા સમુદ્રનાં જળથી પ્રક્ષાલિત થાતી અર્થાત્ સમુદ્ર સૂધીની પૃથ્વીને મેળવે છે. ૩૫

યુદ્ધે ચઢવાનો સમય

कालो गजानां सजलाभ्रजालो यातुं तदन्यश्च तुरङ्गमाणाम् ।
नात्यर्थवर्षोष्णतुषारयुक्तः सम्पन्नसस्यस्त्विति कालसम्पत् ॥ ३६ ॥

જે સમયે પાણીથી ભરેલાં વાદળાં ચઢી આવ્યાં હોય એવો

વર્ષાકાળ હાથીઓને ચઢાઈ કરવાને યોગ્ય છે, તેનાથી બીજો (એટલે વર્ષા ઋતુ વિનાનો બીજો) સમય ઘોડાઓને ચઢાઈ કરવાને અનુકૂળ છે, પરંતુ જે સમયમાં અત્યંત વર્ષાદ વરસતો ન હોય, તેમ અત્યંત તડકો પણ પડતો ન હોય, પરંતુ ઝાકળ વરસતી હોય તથા જે વખતે ધાન્યો પાકીને તયાર થયાં હોય, તે સમય યુદ્ધમાં ચઢાઈ કરવા માટે ઉત્તમ કહ્યો છે. આ રીતે ચઢાઈના સમયના ગુણ નીતિશાસ્ત્રમાં કહ્યા છે. ૩૬

रात्रावुलूको विनिहन्ति काकान् काकोऽप्युलूकान् रजनीव्यपाये ।
इति स्म कालं समुदीक्ष्य यायात् काले फलन्तीह समीहितानि ३७

રાત્રે એક ઘૂડ ઘણા કાગડાઓને મારી નાખે છે અને દિવસે એક કાગડો ઘણા ઘૂડોને મારી નાખે છે. આ પ્રમાણે સમયનું અવલોકન કરીને રાજાએ ચઢાઈ કરવી. સમય ઉપર કરેલાં કાર્યો આ જગતમાં ફળે છે. ૩૭

श्वा नक्रमाकर्षति कूलसंस्थं श्वानं च नक्रः सलिलाभ्युपेतम् ।
व्यायच्छमानो ध्रुवमभ्युपैति देशस्थितः कर्मफलोपभोगम् ॥३८॥

કૂતરો કિનારા ઉપર આવેલા ઝુડને ખેંચી જાય છે અને પાણીમાં ઉતરેલા કૂતરાને ઝુડ ખેંચી જાય છે. માટે રાજા યુદ્ધ કરવા યોગ્ય સ્થાનમાં ઉભો રહીને જો યુદ્ધ કરે છે તો તેને યુદ્ધનું ફળ અવશ્ય મળે છે. ૩૮

ભાવાર્થઃ-જે રાજાને દેશનું તથા કાળનું જ્ઞાન છે, તે જ રાજા વિજયી નિવડે છે એટલા માટે શ્લોક ૩૭ મામાં તથા ૩૮ મામાં રાજાને સમયનું અને દેશનું બળ જાણવાની આવશ્યકતા દર્શાવી છે. ૩૮

समं तुरङ्गैर्विषमं च नागैस्तथा जलाढ्यं समहीधरं च ।
नावा(धि?दि)तः पत्तिबलानुयातो यथाबलं च प्रसमीक्ष्य मिश्रम् ३९

સપાટ પ્રદેશમાં ઘોડેસ્વારોનાં સૈન્યને લઈને ચઢાઈ કરવી, ઉંચી

નીચી જમીન ઉપર હાથીઓનાં સૈન્યને લઇને ચઢાઈ કરવી, પર્વત ઉપર ચઢાઈ કરવી હોય તો પણ હાથીઓનાં સૈન્યની સાથે ચઢાઈ કરવી, પાણીવાળા સ્થાનકમાં નૌકાસૈન્ય સાથે ચઢાઈ કરવી તથા જ્યાં સપાટ અને ઉંચી નીચી એમ બન્ને જાતની ભૂમિ હોય તેવા પ્રદેશમાં ઘોડાનાં તથા હાથીનાં બન્ને જાતનાં સૈન્યની સાથે ચઢાઈ કરવી. રાજાએ પ્યાદા તથા હાથીનાં અને ઘોડાનાં સૈન્ય સાથે યાત્રા કરતી વખતે પોતાનાં સૈન્યની બરાબર તપાસ કરીને પછી ચઢાઈ કરવી. ૩૯

मरुप्रगाढं पततीह तोये ग्रीष्मे त्वनूपोदककक्षदुर्गम् ।
मिश्रं च संवीक्ष्य यथासुखं च गच्छेन्नरेन्द्रो विजयाय देशम् ४०

નિર્જળ પ્રદેશમાં વરસાદ પડતો હોય ત્યારે વિજય માટે ચઢાઈ કરવી તથા જે દેશ પાણીથી, તૃણથી તથા લતા વગેરેથી દુઃખે કરીને જઈ શકાય તેવો હોય તેવા દેશમાં ગ્રીષ્મ ઋતુમાં વિજય માટે ચઢાઈ કરવી અને જે દેશમાં પાણી પણ હોય અને ખુલ્લા પ્રદેશો પણ હોય, તેવા પ્રદેશમાં રાજાએ તપાસ કરીને પોતાની મરજી પ્રમાણે વિજય કરવા માટે ચઢાઈ કરવી. ૪૦

न चातितोयं न च तोयहीनं युक्तं च सम्यग्यवसेन्धनेन ।
उपेत्य मार्गं बहुतज्ज्ञयुक्तं सुखं प्रयाणै रिपुमभ्युपेयात् ॥ ४१ ॥

જે માર્ગે ઘણું પાણી ન હોય તેમ સર્વથા નિર્જળતા પણ ન હોય, અર્થાત્ જે માર્ગ જોઇએ તેટલાં પાણીવાળો હોય, જ્યાં ખડ તથા કાષ્ઠ મળતાં હોય તથા ઝાડનાં થુંભડાં, ખાડા ખૈયા તથા ટેકરા ન હોવાથી સુખેથી જઈ શકાય તેવો જે માર્ગ હોય, આવા માર્ગે રાજાએ ઘણા માર્ગના ભોમિયાઓને સાથે લઇને શત્રુના ઉપર સુખેથી ચઢાઇઓ કરવી. ૪૧

स्ववीवधासारमुपेततोयं विश्वासिताक्रान्तजनं विशुद्धम् ।
तन्मात्रमेव द्विषतामुपेयाद् यस्मान्न कुर्यादपयानमार्तः ॥ ४२ ॥

જે શત્રુના દેશમાં પોતાને તૃણની તથા કાષ્ઠની સહાયતા મળે, પોતાના મિત્રો તરફની સહાયતા મળી શકે, જે પ્રદેશમાં પાણી હોય, જે દેશના માર્ગ પોતાના વિશ્વાસુ મનુષ્યોથી ભરપૂર હોય, એવા શત્રુના વિશુદ્ધ દેશમાં રાજાએ એટલે સૂધી જવું કે જ્યાંથી શત્રુના મારાથી ખિન્ન થઈને પાછું ફરવું પડે નહિ. ૪૨

ये दूरयात्रां सहसा विशन्ति मूढा रिपूणामविचार्य भूमिम् ।
ते यान्ति तेषामचिरेण खड्गधारापरिष्वङ्गमयत्नसाध्यम् ॥ ४३ ॥

જે મૂઢ પુરુષો અન્ન, તૃણ, કાષ્ઠાદિકની સહાયતાનો વિચાર કર્યા વિના સહસા શત્રુના દેશમાં પ્રવેશ કરે છે, તેઓ પ્રયત્ન વિના તુરત જ શત્રુની તરવારની ધારાનું આલિંગન કરે છે (અર્થાત્ શત્રુ તરવારથી તેને મારી નાખે છે.) ૪૩

मार्गे च दुर्गोपनिविष्टसैन्यो विधाय रक्षां विधिवद् विधिज्ञः ।
सन्नद्धपार्श्वस्थितवीरयोधः सेवेत साध्वीं निशि योगनिद्राम् ॥४४॥

રાજાએ કુચ કરતી વખતે માર્ગમાં, દુર્ગપ્રદેશમાં પોતાની છાવણી નાખીને સૈન્યનો પડાવ કરવો અને છાવણી નાખવાની રીતને જાણનારા રાજાએ છાવણીની બહારના ભાગની તથા અંદરના ભાગની વિધિપૂર્વક રક્ષા કરવી, રાત્રે શૂરવીર યોધાઓને હુથિયારોથી સજ્જ કરીને પોતાની બાજુમાં ઉભા રાખવા તથા પોતે ઉત્તમ એવી યોગનિદ્રા સેવવી. ૪૪

ભાવાર્થઃ—રાજાએ કુચ કરતી વખતે માર્ગમાં વિશ્રાંતિ લેવાને માટે દુર્ગ પ્રદેશમાં એટલે શત્રુથી હલ્લો કરી શકાય નહિ તેવા પ્રદેશમાં છાવણી નાખવી અને તે વખતે પોતે ચોકી પહેરામાં રહીને યોગનિદ્રા સેવવી એટલે જાગતાં સુવું, ઘોડાનો કે હાથીનો શબ્દ જેવો કાને પડે કે તુરત જાગી જવાય એવી નિદ્રા કરવી, પરંતુ ગાઢ નિદ્રા સેવવી નહિ. ૪૪

भ्रमत्तुरङ्गद्विरदेन्द्रहेषाघण्टास्वनापूरितकर्णरन्ध्रः ।
तदन्तरा तु प्रतिबोधवर्ती के जाग्रतीत्याहित आद्रियेत ॥ ४५ ॥

છાવણીની આસપાસ ફરનારા ઘોડાઓના હણહણાટ સાંભળીને, તથા હાથીઓના કંઠમાં બાંધેલી ઘંટાઓના ધ્વનિ સાંભળીને રાજા જ્યારે જાગૃત થાય ત્યારે તેણે સાવધાન થઈને આદરપૂર્વક પ્રશ્ન કરવો કે; કોણ પહેરેગીરો જાગે છે? ૪૫

ततः प्रबुद्धः शुचिरिष्टदेवः श्रीमद्विभूषोज्ज्वलितः प्रहृष्टः ।
सेव्येत मन्त्रिप्रवरैर्यथावत् पुरोहितामात्यसुहृद्गणैश्च ॥ ४६॥

તે પછી રાજાએ પ્રભાતમાં જાગૃત થઈ સ્નાન કરીને શુદ્ધ થવું, દેવતાનું પૂજન કરવું, સુંદર આભૂષણો પહેરીને શણગારવું, સૈન્યને ઉત્સાહ આપવામાટે પોતે આનંદમાં રહેવું, તે પછી સભામાં જઈને ઉત્તમ મંત્રીઓની, પુરોહિતોની, અમાત્યોની તથા સ્નેહી મંડળની સેવાને યથાવિધિ સ્વીકારવી. અર્થાત્ વિજિગીષુ રાજાએ ઉપર કહેલા અમાત્ય વગેરેની સાથે બેસીને રાજકીય કાર્યોનો વિચાર કરવો. ૪૬

कर्तव्यतां तैः सह सम्प्रधार्य यानं समारुह्य विचित्रयानम् ।
कुलोद्गतैः शस्त्रिभिरात्मकल्पैर्बहिर्निरीयात् परिवारितः सन् ॥४७॥

રાજાએ ઉત્તમ મંત્રીઓની સાથે રાજકીય કાર્યોનો વિચાર કરી, રથમાં વિચિત્ર રંગના ઘોડાઓ જોડી, તેમાં બેસીને કુલીન તથા પોતાના સમાન એવા શસ્ત્રધારી પુરુષોથી વિંટાઈને છાવણીમાંથી બહાર નિકળવું. ૪૭

पश्येन्नृपो हस्तिरथाश्वचर्यां सामूहिकं योधगणं पृथक् च ।
विवक्षितांश्च द्विरदान् द्विरह्नस्तुरङ्गमांश्चापि विधानयुक्तान् ॥४८॥

(અને છાવણીના મેદાનમાં જઈને) રાજાએ, હાથી, રથ અને ઘોડાઓની ચર્યા જોવી. વ્યૂહરચનામાં ગોઠવાયલા સર્વ યોધાઓની એક સાથે તપાસ કરવી તથા પ્રત્યેક યોધાની જૂદી જૂદી તપાસ કરવી, શૌર્યાદિક ગુણવાળા અને સંગ્રામમાં યુદ્ધ કરવા માટે સજ્જ થઈ રહેલા હાથીઓની તથા ઘોડાઓની પણ તપાસ કરવી. આ તપાસ એક દિવસમાં બે વાર (એટલે સવારે તથા સાયંકાળે) કરવી. ૪૮

सुखोपगम्यः स्मितपूर्वभाषी प्रियं वदेद् वृत्त्यधिकं च दद्यात् ।
प्रियेण दानेन च सङ्गृहीतास्त्यजन्ति भर्तर्यपि जीवितानि ॥४९॥

પોતાની મુલાકાત માટે આવનારાઓને સારી સગવડ કરી આપવી, સ્મિતપૂર્વક ભાષણ કરવું, મધુર ને પ્રિય વાર્તા કરવી અને આજીવિકા ચાલે તેના કરતાં અધિક આપવું. પ્રિય વાણીથી તથા દાનથી વશ કરેલા પુરુષો પોતાના ધણીને માટે પ્રાણોને પણ તજી દે છે. ૪૯

रथाश्वनौकुञ्जरयानयोग्यो नित्यक्रियः स्याद्धनुषि प्रगल्भः ।
सुमेधसां कर्मणि दुष्करेऽपि नित्यक्रिया कौशलमादधाति ॥५०॥

રથ, ઘોડા, નૌકા ને હાથીરૂપી યાન ઉપર સ્વારી કરવામાં કુશળતા હોય તથા ધનુર્વિદ્યામાં કુશળતા હોય તો પણ નિત્ય રથાદિક ઉપર બેસીને ફરવાનો અભ્યાસ રાખવો તથા ધનુષ બાણ લઈને નિત્ય નિશાન પાડવાનો અભ્યાસ કર્યા કરવો. બુદ્ધિમાન્ પુરુષ જો દુષ્કર કર્મ પણ નિત્ય કર્યા કરે છે તો તેમાં તે કુશળતા મેળવે છે. ૫૦

सन्नद्धमुच्चैर्द्विपमास्थितः सन् सन्नद्धसैन्यानुगतः प्रकुर्वन् ।
सामन्तदूतेन हि साधुमन्त्रं प्रवीरयोधान्तरितेन यायात् ॥ ५१ ॥

રાજાએ યુદ્ધનો સાજ પહેરાવીને તયાર કરેલા ઉંચા હાથી ઉપર બેસીને, મહાન્ વીર યોધાઓથી આંતરેલા સામંતોની તથા દૂતોની સાથે શત્રુઓનો પરાજય કરવા વિશેની વાતચિત કરતાં કરતાં શત્રુના ઉપર ચઢાઈ કરવી અને તે સમયે સૈન્યે સજ્જ થઈને રાજાની પાછળ ચાલવું. ૫૧

आलोकयेद् बुद्धिगुणोपपन्नैश्चरैश्च दूतैश्च परप्रचारम् ।
एतैर्वियुक्तो भवति क्षितीन्द्रो जनैरनेत्रैश्च समानधर्मा ॥ ५२ ॥

આઠ ગુણવાળા બુદ્ધિથી સંપન્ન એવા ચારોદ્વારા અને દૂતો દ્વારા શત્રુની હિલચાલનું અવલોકન કરવું. જે રાજાની પાસે બુદ્ધિમાન્ દૂતો ન હોય, તે રાજાને આંધળા મનુષ્યોના સમાન જાણવો. ૫૨

ભાવાર્થઃ–સેવા, એકાગ્રતા, વિજ્ઞાન, સર્વ વિષયમાં વગર અટકયે પ્રવેશ થવો વગેરે બુદ્ધિના ગુણ કહેવાય છે. આ ગુણ જે ચારમાં હોય તે યથાર્થ રીતે કાર્ય કરી શકે છે. ૫૨

विलोभयन् किञ्चिदपि प्रयच्छन् कुर्वीत मित्रं द्विषतोऽन्तपालम् ।
राष्ट्रादभीक्ष्णं द्विषतः प्रपण्यं पण्यैर्हितं नाडिकयाददीत ॥ ५३ ॥

શત્રુના રાજ્યની સીમાનું રક્ષણ કરનારા સીમાપાલકને તે સમયે 'હું તને દેશનો પાળક બનાવીશ,' આમ કહીને લોભાવો થોડીક લાંચ આપીને પોતાનો મિત્ર કરી લેવો અને તે સીમાપાળકદ્વારા વારંવાર શત્રુના દેશમાંથી મોટી કિમતના ઉપયોગી પદાર્થોને પૈસાઓ આપીને મંગાવવા. ૫૩

उपक्रमं वाञ्छितमाशु कुर्याद् दूतोपयानात् क्रियमाणसन्धिः ।
स चेद् विसन्धिः स तु तत्र चैकः कृतो भवत्यात्मसमुच्छ्रयश्च ५४

વિજગીષુ રાજાએ એક તરફથી સંધિ કરવામાટે દૂતને મોકલવો અને બીજી તરફથી શત્રુનાં પ્રકૃતિમંડળને ફોડવામાટે તુરત પોતાનાં વાંછિત કાર્યનો આરંભ કરવો, કે જેથી શત્રુ રાજા સંધિ કરે નહિ તો પણ તે એકલો પડી જાય છે. (અર્થાત્ પોતાનાં પ્રકૃતિમંડળથી જૂદો પડી જાય છે) અને શત્રુ રાજાના પ્રકૃતિમંડળની સાથે એકતા થવાથી વિજગીષુ રાજાની ઉન્નતિ થાય છે. ૫૪

दौर्गान् पथिष्वाटविकान्तपालान् संश्लेषयेद् दानवतापि साम्ना ।
विरुद्धदेशेषु हि सन्निरोधे ते ह्यस्य मार्गोपदिशो भवन्ति ॥ ५५ ॥

વિજિગીષુ રાજાએ કુચ કરવાના માર્ગમાં દુર્ગપાલોને, અરણ્યોના પાલકોને તથા સીમાડાના રક્ષક પુરુષોને સામનાં વચનો કહીને તથા દામ દઈને પોતાના કરી લેવા, જેથી શત્રુના દેશોમાં શત્રુએ માર્ગમાં મોરચાઓ ઉભા કરીને, માર્ગને રુંધી દીધો હોય તો, તેઓ માર્ગ દેખાડે છે. ૫૫

अकारणादेव हि कारणाद् वा य एति कश्चित् पुरुषोऽरिसेवी।
निजश्च विश्लिष्ट उपेत्य शत्रुमायाति यस्तस्य गतिं प्रपश्येत् ॥५६॥

શત્રુનો કોઈ નોકર કારણને લીધે અથવા તો વગર કારણે પોતાની પાસે નોકરી કરવામાટે આવે, અથવા તો પોતાનો નોકર પોતાનો ત્યાગ કરીને શત્રુના પક્ષમાં ભળી ગયો હોય અને પાછો પોતાની પાસે આવે તો તે બન્ને નોકરની હીલચાલ રાજાએ તપાસ્યા કરવી. ૫૬

आरिप्सुना मन्त्रबलान्वितेन प्रागेव कार्यो निपुणं विचारः ।
दोष्णां बलान्मन्त्रबलं गरीयः शक्रोऽसुरान् मन्त्रबलाद् विजिग्ये ५७

મંત્રના બળથી સંપન્ન એવા રાજાએ શત્રુના ઉપર ચઢાઈ કરવાની ઇચ્છા હોય તો ચઢાઈ કર્યા પહેલાં જ સારી રીતે વિચાર કરવો. કારણ કે બાહુઓના બળ કરતાં પણ મંત્રનું બળ મોટું છે. ઇંદ્રે મંત્રના બળથી (વિચારના બળથી) અસુરોને જિત્યા હતા. ૫૭

मनीषया निर्मलया विलोकितं फलाय कर्मोद्यममास्थितः परम् ।
अकालहीनं नयवित् समाचरेत् फलं ह्यकाले नियतं व्युदस्यति ५८

નીતિશાસ્ત્રવેત્તા વિજગીષુ રાજાએ ફળને માટે મહાન્ ઉદ્યમ આરંભવો, નિર્મળ બુદ્ધિથી સંધિ વિગ્રહાદિક કર્મનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરવું અને તે પછી સમયને અનુસરીને સંધિવિગ્રહાદિક કર્મ કરવાં. તે જો કવખતે કરવામાં આવે છે તો અવશ્ય ફળ આપતાં નથી. ૫૮

प्रभावितानां श्रुतशौर्यशालिनां यथावदालोचितमार्गचारिणाम् ।
चिराय दैवी द्यूतिरुन्नतात्मनां भुजङ्गदीर्घेषु भुजेषु लम्बते ॥५९॥

પ્રતાપશાળી, શાસ્ત્રવેત્તા, શૂરવીર, શાસ્ત્રે દર્શાવેલા માર્ગ ઉપર બરાબર રીતે ચાલનારા અને ઉન્નત મનના એવા વિજગીષુ રાજાઓની સર્પના જેવડી લાંબી ભુજાઓમાં દૈવી પ્રભા ચિરકાળ સુધી

વાસ કરે છે અર્થાત્ તેવા વિજગીષુ રાજા દેવતાજેવા અપ્રતિહત બળવાળા થાય છે. ૫૯

समुदितनरसम्पद् भूरिसम्पन्नसस्ये
विगतसलिलपङ्के काल उद्भूतशक्तिः ।
कुसुमितसहकारश्रीज्वलत्काननेवा
नरपतिररिभूमिं साधु गच्छेज्जयाय ॥ ६० ॥

જે રાજાના સીપાઇઓ હૃષ્ટ પુષ્ટ હોય અને જેનામાં ત્રણે પ્રકારની શક્તિ પ્રકટ રીતે વાસ કરતી હોય, તેવા રાજાએ જેમાં ધાન્યનો ઘણો પાક થાય છે એવી શરદ્ ઋતુમાં અથવા તો પાણી અને ઘાંસ વિનાની હેમંત ઋતુમાં અથવા તો મહોરાઈ ગયેલા આંબાની મંજરીની શોભાથી શોભાયમાન વનોવાળી વસંત ઋતુમાં શત્રુની ભૂમિમાં વિજય કરવામાટે સારી રીતે ચઢાઈ કરવી. ૬૦

ભાવાર્થઃ—શત્રુના ઉપર ચઢાઈ કરવા માટે ત્રણ ઋતુઓ કહી છે. તેમાં એક શરદ્ ઋતુ એટલે કાર્તિક અને માર્ગશીર્ષ માસ. આ ઋતુમાં ધાન્ય પાકીને તયાર થાય છે અને કાપણીનો સમય હોય છે તે વખતે શત્રુના દેશ ઉપર ચઢાઈ કરવાથી ચઢાઈ કરનારાને વિજય મળે છે. બીજો સમય પાણી તથા ગારા વિનાના સમયમાં એટલે હેમંત ઋતુમાં ચઢાઈ કરવી. અર્થાત્ પોષ અને માઘ માસમાં ચઢાઈ કરવી અને ત્રીજો સમય વસંતમાં એટલે ચૈત્ર અને વૈશાખમાં જ્યારે આંબાની મંજરીથી વનો શોભી રહ્યાં હોય ત્યારે ચઢાઈ કરવી. પરંતુ વર્ષા ઋતુમાં ચઢાઈ કરવી નહિ. ૬૦

इति नरपतिराहितादरः परमभियोक्तुमनाः समुत्पतेत् ।
इति विधिविषयोपसेवनान्नियतमरातिरुपैति गोचरम् ॥ ६१ ॥

શત્રુના ઉપર ચઢાઈ કરવાની ઇચ્છાવાળા રાજાએ આ પ્રકરણમાં કહેલા વિષયો તરફ ધ્યાન આપવું અને તે પછી શત્રુના ઉપર ચઢાઈ કરવી. રાજા જો ચઢાઇના અને ચઢાઈ કરનારા પુરુષને માટે કહેલા

વિધિનું સેવન કરે છે અર્થાત્ તે પ્રમાણે વર્તે છે તો શત્રુ અવશ્ય તેને વશ થાય છે. ૬૧

'યાત્રા તથા યાત્રા કરનારાનાં કર્તવ્ય' એ નામનું પ્રકરણ ૨૪ મું સમાપ્ત.
ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં 'યાત્રા (ચઢાઈ) અને યાત્રા કરનારા રાજાનાં કર્તવ્ય' એ નામનો સર્ગ ૧૬ મો સમાપ્ત.

સર્ગ ૧૭ મો–પ્રકરણ ૨૫ મું

છાવણીની રચના

यात्वा वैरिपुराभ्याशं भूभागे साधुसम्मते ।
स्कन्धावारनिवेशज्ञैः स्कन्धावारं निवेशयेत् ॥ १ ॥

રાજાએ વૈરી રાજાના નગરની પડોસમાં ગયા પછી વાસ્તુવિદ્યામાં (ઘર બાંધવાની વિદ્યામાં) કુશળ પુરુષોએ માન્ય કરેલા સપાટ પ્રદેશમાં છાવણી બાંધવાના કામમાં કુશળ એવા પુરુષોની પાસે છાવણી બંધાવવી. ૧

ભાવાર્થઃ–ચઢાઈ કર્યા પછી યુદ્ધનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, પરંતુ છાવણી નાંખ્યા વગર ચઢી આવેલો રાજા કેવી રીતે યુદ્ધ કરી શકે? માટે યુદ્ધ કર્યા પહેલાં ચઢાઈ કરનારા રાજાએ છાવણી નાંખવાની જરૂર છે. આ પછીના ચાર સર્ગમાં યુદ્ધને લગતી બાબતોનો વિધિ કહેવામાં આવશે અને આ સર્ગમાં છાવણી કેવી બાંધવી તે વિશે તથા શકુનો વિશે નીતિશાસ્ત્રાનુસાર નિર્ણય કરવામાં આવશે. તેમાં પ્રથમ બત્રીસ શ્લોકથી છાવણીની બાબત કહે છે. ૧

चतुरश्रं चतुर्द्वारं नातिविस्तारसङ्कटम् ।
साट्टप्रतोलीप्राकारं महाखातसमावृतम् ॥ २ ॥
शृङ्गाटकार्धचन्द्रं वा मण्डलं दीर्घमेव वा ।
भूमिप्रदेशसामर्थ्यादगारमुपकल्पयेत् ॥ ३ ॥

રાજાએ જમીનના પ્રદેશનું સામર્થ્ય જોઇને (એટલે અમુક જમીનમાં છાવણીના અમુક વિભાગ થઈ શકશે આવો વિચાર કરીને) ચાર ખૂણાવાળું, ચાર બારણાવાળું, ઘણું મોટુંએ નહિ, તેમ ઘણું નાનું પણ નહિ, એવું છાવણીને માટે ઘર બાંધવું. તે છાવણીના ઘર ઉપર માળ કરવા, આસપાસ રાજમાર્ગ (મોટા માર્ગ) કરવા, આસપાસ કિલ્લો કરવો, કિલ્લાને ફરતી ખાઈ કરવી, જે છાવણીને માટે ઘર બાંધવાનું હોય તે ચોતરફ ચાર બારણાવાળું તથા માર્ગવાળું કરવું, અથવા તો અર્ધચંદ્રાકાર કરવું અથવા તો ભંડલાકાર કરવું અથવા તો લાંબું કરવું. ૨–૩

विभक्तैश्च विविक्तैश्च पार्श्वैरान्वितमायतैः ।
गुप्तं कक्षपुटाकारं महामार्गसमावृतम् ॥ ४ ॥

છાવણીની ચાર બાજુએ એકાંત પ્રદેશમાં જૂદા જૂદા ખંડો કરવા અને તે ઘણા જ વિશાળ અને એકાંત પ્રદેશવાળા કરવા, જેમાં પહેરેગીરો રાત દિવસ પહેરો કર્યા કરે. વળી છાવણીના મકાનની આસપાસ સીપાઇઓને ઉભા રાખીને તેની રક્ષા કરાવવી, ખડની ગંજીની પેઠે તેને ગોળાકાર કરવું અને તેમાં મોટા રાજમાર્ગો બનાવવા. ૪

तस्य मध्ये मनोहृादि महन्मौलबलावृतम् ।
अन्तः कोशगृहोपेतं कारयेद् राजमन्दिरम् ॥५॥

તે છાવણીના મધ્ય પ્રદેશમાં એક મનોહર અને મોટું રાજમંદિર બાંધવું. તે રાજમંદિરની અંદર એક કોશગૃહ બાંધવું અને વંશપરંપરાના સીપાઇઓએ તેને ઘેરી લઇને (તેની રક્ષા કર્યા કરવી.) ૫

मौलं भृतं श्रेणि सुहृद् द्विषदाटविकं बलम् ।
राजहर्म्यं समावृत्य क्रमेण विनिवेशयेत् ॥ ६ ॥

તે રાજમંદિરની આસપાસ અનુક્રમે નીચેના સૈન્યને ઉભું રાખવું. પહેલી ચોકીમાં વંશપરંપરાથી ઉતરી આવેલા સીપાઇઓને ઉભા

રાખવા, બીજી ચોકીમાં પગારદાર સીપાઇઓને ઉભા રાખવા, ત્રીજી ચોકીમાં પોતાના દેશના મનુષ્યોથી તયાર કરેલાં સૈન્યને ઉભું રાખવું, તે પછી સ્નેહીઓનાં સૈન્યને ઉભું રાખવું, તે પછી શત્રુનાં સૈન્યને ઉભું રાખવું અને તે પછી અરણ્યમાં રહેનારા લોકોનાં સૈન્યને ઉભું રાખવું. ૬

अन्तः स्ववर्गिणः क्रूरानलुब्धान् दृष्टकर्मणः ।
पर्याप्तवेतनानाप्तान् मण्डलेन निवेशयेत् ॥ ७ ॥

છાવણીની અંદરના ભાગમાં પોતાની જાતિના પુરુષોને મંડળાકારે ચોતરફ ઉભા રાખવા. તે પુરુષો, કરડા સ્વભાવના, લોભરહિત, અને સર્વ યુદ્ધકર્મને પ્રત્યક્ષ રીતે જાણનારા હોવા જોઇએ. તેઓને પરિપૂર્ણ પગાર આપવો અને તેઓ વિશ્વાસુ હોવા જોઇએ. ૭

हस्तिनो लब्धनामानस्तुरङ्गाश्च मनोजवाः ।
गृहोपकण्ठे नृपतेर्वसेयुः स्वाप्तरक्षिताः ॥ ८ ॥

વળી રાજમંદિરની પડોસમાં યુદ્ધમાં નામના મેળવનારા હાથીઓને તથા પવનના જેવા વેગવાળા ઘોડાઓને બાંધી રાખવા અને વિશ્વાસુ પુરુષોએ તે હાથીઓનું તથા ઘોડાઓનું રક્ષણ કરવું. ૮

ભાવાર્થઃ—પૂર્વે રાજમંદિરની પડોસમાં જ હાથીઓ તથા ઘોડાઓ બાંધવામાં આવતા હતા અને હજી પણ પ્રાચીન રજવાડાઓમાં રાજમંદિરની પાસે જ હસ્તિશાળા અને અશ્વશાળા હોય છે. તેનો હેતુ એવો હતો કે; શત્રુ ઓચિંતો ચઢી આવે તો રાજા હાથીના ઉપર અથવા તો ઘોડા ઉપર ચઢીને યુદ્ધ કરવાને અથવા તો પલાયન કરવાને શક્તિમાન્ થઈ શકે. ૮

यामवृत्त्या सुसन्नद्धं रात्रिन्दिवमुदायुधम् ।
अन्तर्वंशिकसैन्यं च तिष्ठेद् राजाभिगुप्तये ॥ ९ ॥

અંતઃપુરની રક્ષા કરવા માટે નિમેલાં સૈન્યે રાત દહાડો સર્વ શસ્ત્રોથી સજ્જ થઈ હાથમાં ઉઘાડી તરવાર લઇને રાજાની રક્ષા કરવા માટે અંતઃપુરમાં ઉભા રહેવું અને પ્રહરે પ્રહરે પહેરો બદલાવવો. ૯

ભાવાર્થઃ-દિવસ તથા રાત્રિનો આઠમો ભાગ તે એક પ્રહર. પ્રત્યેક ચોકીદારે જે પ્રહરમાં ચોકી કરવાનો પોતાનો વારો હોય, તે પ્રહરમાં હથિયારબંધ થઈ, ઉઘાડી તરવાર લઈને અંતઃપુરમાં ચોકી કર્યા કરવી. એક પહેરેગીરનો વારો પૂરો થાય એટલે બીજા પહેરેગીરે હાજર થવું ને પહેરો ભરવો. આ નિયમ અત્યારે પણ પ્રત્યેક રજવાડામાં ચાલે છે. ૯

युद्धयोग्यो महादन्ती सन्नद्धः साध्वधिष्ठितः ।
तिष्ठेन्नरपतिद्वारे वेगवांश्च तुरङ्गमः ॥ १० ॥

રાજમંદિરની દેવડી ઉપર એક મોટા હાથીને યુદ્ધની સર્વ સામગ્રીથી સજ્જ કરીને ઉભો રાખવો અને તે હાથી ઉપર માવતે સ્વારી કરીને તયાર રહેવું. તે ઉપરાંત એક વેગવાળા ઘોડાએ પણ રાજમંદિરની દેવડી ઉપર ઉભાં રહેવું. ૧૦

सैन्यैकदेशः सन्नद्धः सेनापतिपुरस्सरः ।
प्रयत्नवान् परिपतेन्मण्डलेन बहिर्निशि ॥ ११ ॥

સેનાના ત્રીજા અથવા તો ચોથા ભાગે સર્વ હથિયારોથી સજ્જ થઈ, સેનાપતિને મોખરે કરીને, છાવણીની બહારના ભાગમાં રાત્રે મંડળાકારે ચો તરફ ફર્યા કરવું. ૧૧

परसैन्यप्रचारांश्च सत्त्वाढ्याः शीघ्रगामिनः ।
वाताश्विका विजानीयुर्दूरसीमान्तचारिणः ॥ १२ ॥

બળવાન્ ને ઉતાવળથી ચાલનારા પુરુષોએ પવનવેગી ઘોડા ઉપર સ્વાર થઈને સીમાડાના દૂરના છેડા ઉપર જવું અને શત્રુના સૈન્યની હીલચાલ જાણવી. ૧૨

तोरणाबद्धमाल्येषु यन्त्रवत्सु पताकिषु ।
द्वारेषु परमां गुप्तिं कारयेदाप्तकारिभिः ॥ १३ ॥

છાવણીમાં ઉભાં કરેલાં રાજમંદિરનાં ચારેય બારણાનાં તોરણો ઉપર પુષ્પોની માળા લટકાવવી, શત્રુઓના ઉપર બાણો તથા પાષાણો

ફેંકવા માટે બારણા ઉપર યંત્રો ગોઠવવાં, ઉપરના ભાગમાં પતાકાઓ લટકાવવી તથા વિશ્વાસુ પુરુષો મારફતે રાજમંદિરનું રક્ષણ કરાવવું. ૧૩

निर्गच्छेत् प्रविशेच्चैव सर्व एवोपलक्षितः ।
तिष्ठेयुः परदूताश्च राजशासनगोचराः ॥ १४ ॥

સર્વે જાણીતા પુરુષોએ જ છાવણીમાંથી બહાર નીકળવું તથા પાછું અંદર દાખલ થવું. પરંતુ પારકા રાજ્યના દૂતોએ રાજાની આજ્ઞાને આધીન થઈને છાવણીના બારણા ઉપર ઉભા રહેવું. ૧૪

वृथाकोलाहलाद्धास्याद् द्यूतात् पानाच्च वारितः ।
सज्जोपकरणस्तिष्ठेत् सर्वः कार्योन्मुखो जनः ॥ १५ ॥

સૈન્યના સર્વ મનુષ્યોને વૃથા કોલાહલ કરવાથી, વૃથા હસવાથી, જુગાર રમવાથી તથા મદિરાપાનથી અટકાવવા અને સૈન્યનાં મનુષ્યોએ સર્વ હથિયારોથી સજ્જ થઈને જે કાર્ય ઉપર પોતાની યોજના કરવામાં આવી હોય, તે કાર્ય કરવા માટે તત્પર રહેવું. ૧૫

बहिः खातात् तु सैन्यानां मुक्त्वा सञ्चारमात्मनः ।
परसैन्यविघातार्थं सर्वां भूमिं विनाशयेत् ॥ १६ ॥

પોતાના સૈન્યને હરવા ફરવા માટે જેટલો ભૂમિભાગ જોઈએ તેટલો છોડી દઈને, છાવણીની બહાર ખોદેલી ખાઈથી બહારના ભાગની સર્વ ભૂમિનો નાશ કરવો. ૧૬

ભાવાર્થઃ—ભૂમિનો નાશ કરવો, એટલે શત્રુસેના તે ભૂમિમાં ફરી હરી શકે નહિ તેવી કરવી. તે વાત હવે પછીના શ્લોકમાં દર્શાવે છે. ૧૬

क्वचित् कण्टकशाखाभिः क्वचिच्छूलैरयोमुखैः ।
दूषयेत् परितो भूमिं प्रच्छन्नैः प्रदरैरपि ॥ १७ ॥

કોઈ ભૂમિમાં વૃક્ષની કાંટાવાળી શાખાઓ દાટવી, કોઈ ભૂમિમાં લોઢાના ફળાવાળાં શૂલ દાટવાં, કોઈ ઠેકાણે છૂપા ખાડાઓ કરીને તેઓને પાંદડાંથી તથા તૃણથી ઢાંકી દેવા. આ રીતે પોતાની છાવ-

ણીની ચારે તરફની ભૂમિને દૂષિત કરવી એટલે દુર્ગમ કરવી અર્થાત્ શત્રુ એકદમ તે ભૂમિ ઉપર ચઢાઈ કરી શકે નહિ તેવી કરવી. ૧૭

निर्वृक्षक्षुपपाषाणस्थाणुवल्मीकनिर्दरे ।
कारयेत् करणैश्चित्रैः सैन्यव्यायामभूमिकाः ॥ १८ ॥

વૃક્ષો, નાનાં નાનાં ઝાડો, પત્થરો, વૃક્ષનાં ઠુંઠાં, રાફડા અને ખાડા વિનાના સપાટ પ્રદેશમાં અનેક જાતના વિભાગો પાડીને સૈન્યને કૃત્રિમ યુદ્ધ કરવામાટે વ્યાયામ ભૂમિઓ કરાવવી. ૧૮

ભાવાર્થઃ-સીપાઇઓને યુદ્ધવિદ્યા શિખવવા માટે જે વિશાળ મેદાનમાં લઈ જઇને ત્યાં તેઓને યુદ્ધનું શિક્ષણ આપવામાં આવે છે, તે જગ્યાને વ્યાયામ-ભૂમિ કહેવામાં આવે છે. ૧૮

यस्मिन् देशे यथाकामं सैन्यव्यायामभूमयः ।
परस्य विपरीताश्च श्रुतो देशः स उत्तमः ॥१९॥

જે રાજાના દેશમાં સૈન્યોને વ્યાયામ કરવા માટે ઇચ્છાનુસાર વ્યાયામભૂમિઓ હોય છે પણ તેના શત્રુના દેશમાં જોઇએ તે પ્રમાણે વ્યાયામભૂમિઓ હોતી નથી, તે વિજિગિષુ રાજાના દેશને ઉત્તમ જાણવો. ૧૯

आत्मनश्च परेषां च तुल्या व्यायामभूमयः ।
यत्र मध्यम उद्दिष्टो देशः शास्त्रार्थचिन्तकैः ॥ २० ॥

જે રાજાના દેશમાં તથા તેના શત્રુના દેશમાં સરખી રીતે વ્યાયામની ભૂમિઓ હોય છે, તેવા રાજાના દેશને નીતિશાસ્ત્રના વિષયને જાણનારા વિદ્વાનો મધ્યમ દેશ કહે છે. ૨૦

अरातिसैन्यव्यायामसुपर्याप्तमहीतलः ।
आत्मनो विपरीतश्च यः स देशोऽधमः स्मृतः ॥ २१ ॥

પોતાના શત્રુનાં સૈન્યને વ્યાયામ કરવા માટે પરિપૂર્ણ ભૂમિ હોય અને પોતાનાં સૈન્યને વ્યાયામ કરવા માટે યોગ્ય ભૂમિ ન હોય તો તેવા રાજાના દેશને અધમ જાણવો. ૨૧

नित्यमुत्तममाकाङ्क्षेत् तदभावे तु मध्यमम् ।
अधमं बन्धनागारं नोपसेवेत सिद्धये ॥ २२ ॥

રાજાએ નિત્ય કાર્યની સિદ્ધિમાટે ઉત્તમ ભૂમિની ઇચ્છા કરવી. જો ઉત્તમ ભૂમિ ન મળે તો મધ્યમ ભૂમિની ઇચ્છા રાખવી. પરંતુ બંધનગૃહના જેવી અધમ ભૂમિને છાવણી કરવા માટે અથવા તો યુદ્ધને માટે સ્વીકારવી નહિ. ૨૨

'છાવણીની રચના' નામનું પ્રકરણ ૨૫ મું સમાપ્ત.

સર્ગ ૧૭ મો–પ્રકરણ ૨૬ મું

શકુનનું જ્ઞાન

અશુભ છાવણીનાં ચિહ્ન

आक्रान्त इव केनापि रोगानीकैरभिद्रुतः ।
अकस्माद्भवदुद्वेगो रजोनीहारसंवृतः ॥ २३ ॥

છાવણીમાં ભૂતાદિકની પીડા જોવામાં આવે, છાવણીમાં રહેનારા મનુષ્યો જ્વરાદિક રોગોથી પીડા પામે, કારણ વગર છાવણીમાં રહેનારાં મનુષ્યોનાં મનમાં ઉદ્વેગ થાય, ધુએથી તથા ઝાકળથી છાવણી ઢંકાઈ જાય; ૨૩

विधूतः परुषैर्वातैरकस्माच्च पतद्ध्वजः ।
परस्परभवद्रोहो न तथातूर्यनिस्वनः ॥ २४ ॥

તીક્ષ્ણ પવનો વાવાથી છાવણી કંપી ઉઠે, અકસ્માત્ છાવણી ઉપરની ધ્વજા નીચે પડી જાય, સીપાઇઓમાં પરસ્પર મારામારી થાય, પ્રથમની પેઠે રણતુરીના શબ્દો થાય નહિ; ૨૪

उत्प्रेक्षितभयत्रासो निर्घातोल्का (भि?दि) दूषितः ।
उद्गमत्प्रज्वलच्छस्त्रो विदक्षिणशिवारुतः ॥ २५ ॥

ભયની (મરણના ભયની) તથા ત્રાસની ઉત્પ્રેક્ષા (સંશય) કરવામાં આવે, ગાજવીજ થાય, આકાશમાંથી બળતાં ઉંબાડીયાં પડે, તરવાર વગેરે પ્રકાશમાન શસ્ત્રો પોતાના મ્યાનમાંથી આપોઆપ બહાર નીકળવા માંડે, શિયાળણીઓના પ્રતિકૂળ શબ્દો થાય; ૨૫

मण्डलैःकाकगृध्राणामाकीर्णो रूक्षवाशिभिः ।
मुहुरत्युग्रतादीप्तः संसिक्तो रक्तवृष्टिभिः ॥ २६ ॥

કાગડાઓના અને ગીધ પક્ષીઓના મંડળોના રૂક્ષ શબ્દોથી છાવણી ગાજી રહે, રાક્ષસીઓના નિવાસભૂમિની પેઠે અતિ ભયંકર દેખાય, લોહીની વૃષ્ટિથી ભીંજાઈ જાય; ૨૬

परीतराजनक्षत्रः क्रूरैरौत्पातिकैर्ग्रहैः ।
सूर्यदष्टकबन्धादिरकस्मान्मूढवाहनः ॥ २७ ॥

રાહુ, મંગળ, શનિ વગેરે ક્રૂર ગ્રહોએ તથા કેતુ વગેરે ઉત્પાત કરનારા ગ્રહોએ રાજાનાં જન્મનક્ષત્રને ઘેરી લીધું હોય, સૂર્યના મંડળમાં ખવીશો વગેરે દેખાવા માંડે, વાહનો એકાએક મૂઢ બની જાય; ૨૭

अकस्मान्मत्तमातङ्गः संशुष्यदानशीकरः ।
इत्यादिविकृतोपेतः स्कन्धावारो न शस्यते ॥ २८ ॥

હાથીઓ એકાએક ગાંડા થઈ જાય, તેના ગંડસ્થળ ઉપરથી ઝરતો મદ સુકાઈને બંધ પડે ઇત્યાદિક વિકારો જે છાવણીમાં જોવામાં આવે, તે છાવણી શુભ ગણાતી નથી. ૨૮

શુભ છાવણીનાં ચિહ્નો.

प्रहृष्टनरनारीकः प्रशस्तस्वनदुन्दुभिः ।
गम्भीरहेषितहयः पूरितद्विपबृंहितः ॥ २९ ॥

જે છાવણીમાં નર અને નારીઓ અત્યંત હર્ષમાં રહે છે, જ્યાં દુંદુભિઓના શુભ ધ્વનિઓ થયા કરે છે, ઘોડાઓના ગંભીર હણહણાટથી તથા હાથીઓની ગર્જનાથી જે છાવણી ભરપૂર રહે છે; ૨૯

पुण्याहब्रह्मघोषाढ्यो नृत्तगीतसमाकुलः ।
निरीतिको महोत्साह आकाङ्क्षितजयोदयः ॥ ३० ॥

જ્યાં બ્રાહ્મણો પુણ્યાહવાચન તથા વેદના ધ્વનિ કરે છે, જે નૃત્યોથી તથા ગીતોથી ભરપૂર રહે છે, જ્યાં રોગાદિકનો ઉપદ્રવ થતો નથી, જ્યાં મહા ઉત્સાહ જોવામાં આવે છે, જ્યાં જયના ઉદયની ઇચ્છા રાખવામાં આવે છે; ૩૦

विरजस्कोऽभिवृष्टश्च प्रादक्षिण्यास्थितग्रहः ।
दिव्यान्तरिक्षैरुत्पातैः पार्थिवैश्च विवर्जितः ॥ ३१ ॥

જ્યાં ધુડ ઉડતી નથી, જ્યાં વરસાદના પાણીનો છંટકાવ થાય છે, જ્યાં છાવણીના અધિપતિને સર્વે ગ્રહો અનુકૂળ હોય છે, પૃથ્વીના, અંતરિક્ષના તથા આકાશના એમ ત્રણ પ્રકારના ઉત્પાતો જ્યાં થતા ન હોય; ૩૧

प्रशस्तकूजद्विहगः प्रदक्षिणशिवारुतः ।
नीचैःप्रवृत्तानुलोममारुतः स्तुतमङ्गलः ॥ ३२ ॥

જ્યાં પક્ષીઓ મધુર શબ્દો કરતાં હોય, જ્યાં દક્ષિણ દિશા તરફ શિયાળણીઓના અવાજ થતા હોય, જ્યાં પવનો ધીમે ધીમે પાછળના ભાગમાં વાતા હોય, જ્યાં બંદીજનો ઠેકાણે ઠેકાણે મંગળ પાઠ કરતા હોય; ૩૨

हृष्टपुष्टजनः साधुः सुगन्धिज्वलितानलः ।
अमन्दमत्तमातङ्ग आसाराभ्युदयान्वितः ॥ ३३ ॥
इत्यादिलक्षणोपेतः स्कन्धावारः प्रशस्यते ।
शस्ते तस्मिन् द्विषो भङ्गोऽशस्ते ज्ञेयो विपर्ययः ॥ ३४ ॥

જ્યાં મનુષ્યો હૃષ્ટપુષ્ટ અને સદ્‌ગુણી હોય, ગંધ રહિત કાષ્ઠને બાળવાથી પણ જ્યાં અગ્નિમાંથી સુગંધ આવતો હોય, જ્યાં હાથીઓ ઉત્સાહી અને મદમત્ત જણાતા હોય, જ્યાં મિત્રનું બળ મળવાથી અભ્યુદય થાય તેમ લાગતું હોય ઇત્યાદિક લક્ષણોવાળી છાવણી શુભ ફળદાયક ગણાય છે અને તેવી ઉત્તમ છાવણીનો આશ્રય કરવાથી શત્રુનો પરાજય થાય છે અને અશુભ છાવણીમાં વાસ કરવાથી શત્રુનો વિજય થાય છે. ૩૩-૩૪

सिद्धयसिद्धी निमित्तानि यतः शंसन्ति कर्मणाम् ।
विद्यादात्महिताकाङ्क्षी तस्मादेतानि तत्त्वतः ॥ ३५ ॥

વિદ્વાનો કર્મની સિદ્ધિનાં તથા અસિદ્ધિનાં ઉપર પ્રમાણે કારણો કહે છે. માટે પોતાનાં હિતની ઇચ્છાવાળા પુરુષે ઉપર કહેલાં શુભ તથા અશુભ શકુનોને યથાર્થ રીતે જાણવાં જોઇએ. ૩૫

प्रशस्तेन निमित्तेन विशुद्धेनान्तरात्मना ।
व्यक्तमारभ्यमाणं हि सिद्धिं याति समीहतम् ॥ ३६ ॥

માટે રાજા વિશુદ્ધ મનથી, શુભ શકુન જોઇને યુદ્ધાદિક કાર્યનો આરંભ કરે છે તો તેનું આરંભેલું કાર્ય સ્પષ્ટરીતે સિદ્ધ થાય છે. ૩૬

सहायसम्पत् प्रज्ञानं सत्त्वं दैवानुकूलता ।
उद्योगोऽध्यवसायश्च यस्यैते तस्य सिद्धयः ॥ ३७ ॥

ઉત્તમ સહાયતા, ઉહાપોહવાળું જ્ઞાન, સંકટમાં પણ ગભરાય નહિ તેવું ધૈર્ય, દૈવની અનુકૂળતા, ઉદ્યોગ (ઉત્સાહ) તથા અમુક કાર્ય કરવું જ છે આવી જાતનો નિશ્ચય આટલી વસ્તુ જે વિજિગીષુ રાજામાં હોય, તે રાજાનાં કાર્ય સિદ્ધ થાય છે. ૩૭

स्कंधावार શબ્દનો અર્થ

तन्मूलत्वात् प्रजानां तु राजा स्कन्ध उदाहृतः ।
आवारोऽमात्यदण्डादिर्वृतिरावार उच्यते ॥ ३८ ॥

વૃક્ષની શાખાઓને જેમ સ્કંધનો આશ્રય છે, તેમ સર્વ પ્રજાને રાજાનો આશ્રય છે તેથી રાજાને સ્કંધ કહે છે અને અમાત્ય, સૈન્ય વગેરેને આવાર કહે છે. આવાર વૃત્તિ એટલે વાડ કહેવાય છે. (જેમ વાડ વૃક્ષની રક્ષા કરે છે તેમ ચેતન પ્રકૃતિવાળા અમાત્ય, સૈન્ય વગેરે, રાજારૂપી સ્કંધની રક્ષા કરે છે.) ૩૮

भूतानां भूतिनिष्पत्तेरावारेण महीयसा ।
आवृतस्तु यतः स्कन्ध स्कन्धावारस्ततः स्मृतः ॥ ३९ ॥

પ્રજાને ધર્માદિક ત્રિવર્ગનો લાભ આપવા માટે તથા તેનું રક્ષણ કરવા માટે સ્કંધરૂપ રાજા અમાત્યાદિકરૂપી મહાન્ આવારથી (વાડથી) વિંટાયલો રહે છે, તેથી રાજા સ્કંધાવાર કહેવાય છે. ૩૯

समवस्कन्दघासाम्बुवीवधासारनिग्रहाः ।
एते प्रयत्नतो रक्ष्याः स्कन्धावारस्य मृत्यवः ॥४०॥

શત્રુના હલ્લાથી તથા ઘાસ, પાણી, ધાન્યાદિક તથા મિત્રના બળની મદદનો અટકાવ કરવાથી સ્કંધાવારનો નાશ થાય છે, માટે આ સર્વની પ્રયત્નથી રક્ષા કરવી. ૪૦

इति प्रयत्नेन निवेशयेद् बलं
शुभाशुभं चास्य तथोपलक्षयेत् ।
परस्य चैतन्निपुणं विलोकयेत्
समारभेताशुभहीनदर्शने ॥ ४१ ॥

ઉપર કહ્યા પ્રમાણે પ્રયત્નથી છાવણી નાંખવી તથા તેનાં શુભ અને અશુભ શકુનો જોવાં. તેમ જ શત્રુની છાવણીનાં શુભ તથા અશુભ ચિહ્નનું પણ નિપુણતાથી અવલોકન કરવું. જો પોતાની છાવણીનાં શુભ ચિહ્ન જોવામાં આવે અને શત્રુની છાવણીનાં અશુભ જોવામાં આવે તો યુદ્ધનો આરંભ કરવો. ૪૧

'નિમિત્તજ્ઞાન' નામનું પ્રકરણ ૨૬ મું સમાપ્ત.

ઇતિશ્રી કામંદકીય નીતિસારમાં 'છાવણીની રચના અને તેનાં શુભ અશુભ શકુનનું જ્ઞાન' નામનો સર્ગ ૧૭ મો સમાપ્ત.

સર્ગ ૧૮ મો-પ્રકરણ ૨૭ મું

ઉપાયોનો વિકલ્પ

ઉપાયોનો ઉપયોગ કરવાનો સમય

महाप्रज्ञानसम्पन्नः सहायैरुपबृंहितः ।
उद्योगाध्यवसायाभ्यामुपायान् निक्षिपेत् परे ॥ १ ॥

જે રાજા મહાન્ બુદ્ધિમાન્ હોય, જે સહાયકોની સંપત્તિથી વૃદ્ધિ પામેલો હોય તથા જે ઉદ્યોગી અને આરંભેલું કાર્ય કરવામાટે નિશ્ચય ઉપર આવ્યો હોય, તે રાજાએ શત્રુ રાજાની સાથે સામ આદિ ઉપાયોથી કામ લેવું. ૧

ભાવાર્થઃ-રાજાએ છાવણીનાં શુભ તથા અશુભ શકુનો જોયા પછી ઉત્સાહપૂર્વક શત્રુઓની સાથે સામાદિક ઉપાયોથી કાર્ય કરવાનો આરંભ કરવો જોઇએ. આ ૧૮ મા સર્ગમાં સામાદિક ઉપાયોનો શત્રુની સામે કેવી રીતે ઉપયોગ કરવો, તે વિશે કહેવામાં આવશે. મહાબુદ્ધિના આઠ ગુણ નીતિશાસ્ત્રમાં કહ્યા છે ને તે આ પ્રમાણે છેઃ-૧ સેવા, ૨ શ્રવણ, ૩ શ્રવણ કરેલાને ગ્રહણ કરવું, ૪ ગ્રહણ કરેલાને ધારણ કરવું એટલે યાદ રાખવું, ૫ વ્યાવહારિક જ્ઞાન, ૬-૭ ઉહાપોહ કરવો તથા ૮ સત્ય વાતને જાણી લેવી. ૧

चतुरङ्गं बलं मुक्त्वा कोशो मन्त्रश्च युध्यते ।
तत् साधुमन्त्रो मन्त्रेण कोशेन च जयेदरीन् ॥२॥

ચાર અંગવાળાં સૈન્યને દૂર રાખીને પ્રથમ કોશ (ખજાનો) અને રાજકીય મંત્ર યુદ્ધ કરે છે. માટે રાજાએ યથાર્થ રીતે વિચાર કરીને મંત્રથી તથા કોશથી (ખજાનાથી) શત્રુઓને જિતવા. ૨

ભાવાર્થઃ-રાજાએ મંત્રથી એટલે સામથી તથા ભેદથી શત્રુને વશ કરવા. જો મંત્રથી શત્રુ વશ ન થાય તો પછી કોશથી એટલે દામ દઇને શત્રુને વશ કરવા. હાથી, ઘોડા, રથ અને પાળા આ ચાર અંગવાળી સેનાનો

ઉપયોગ એટલે યુદ્ધ, તેનો આરંભમાં ઉપયોગ કરવો નહિ; પરંતુ છેવટે કરવાનો છે. સામ, દામ અને ભેદથી જો શત્રુ સમજે નહિ તો પછી અણછૂટકે યુદ્ધ કરવું. ૨

સાત ઉપાય

साम दानं च भेदश्च दण्डश्चेति चतुष्टयम् ।
मायोपेक्षेन्द्रजालं च सप्तोपायाः प्रकीर्तिताः ॥ ३ ॥

સામ, દામ, ભેદ અને દંડ આ ચાર તથા માયા, ઉપેક્ષા અને ઇંદ્રજાળ આ ત્રણ, આ બધા મળીને નીતિશાસ્ત્રમાં સાત ઉપાય કહ્યા છે; ૩

સામના પાંચ પ્રકાર

परस्परोपकाराणां दर्शनं गुणकीर्तनम् ।
सम्बन्धस्य समाख्यानमायतेः सम्प्रदर्शनम् ॥ ४ ॥
वाचा पेशलया साधु तवाहमिति चार्पणम् ।
इति सामप्रभेदज्ञैः साम पञ्चविधं स्मृतम् ॥ ५ ॥

૧ તમે અમારો કૂલાણો ઉપકાર કર્યો છે અને અમે તમારો કૂલાણો ઉપકાર કર્યો છે, આ રીતે પરસ્પર કહેલો ઉપકાર દેખાડવો, ૨ સામા રાજાના ગુણ ગાવા, ૩ સામા રાજાની સાથે પોતાનો અમુક જાતનો સંબંધ છે આમ કહી બતાવવું, ૪ ભવિષ્યમાં આપણને લાભ થાશે, એમ સારી રીતે દર્શાવવું તથા મૃદુ વાણીથી સભ્યતાપૂર્વક હું તમારો છું એમ કહીને પોતાનો આત્મા તેને અર્પણ કરવો. આ રીતે સામના ભેદને જાણનારાઓ, સામના પાંચ ભેદ કહે છે. ૪–૫

ભાવાર્થઃ–તમે અમુક સમયે અમારો ઉપકાર કર્યો હતો ને અમે તમારો ઉપકાર કર્યો હતો, આ રીતે કરેલા ઉપકારો કહી દેખાડવા. તમે વિદ્વાન્ છો, શૂરવીર છો, ધર્મનિષ્ઠ છો વગેરે સામા રાજાના ગુણ ગાવા, તમારા કુટુંબની કન્યા પૂર્વે અમારા કુટુંબમાં પરણાવેલી હતી, તમારા પિતા મારા પિતાની પાસે શસ્ત્રવિદ્યા શિખ્યા હતા વગેરે સંબંધ કહી

સંભળાવવો. હું તમારો છું ને મારું ધન તમારું છે. તમે તેનો મરજી માફક ઉપયોગ કરો. આ રીતે પાંચ પ્રકારનો સામ છે, તેમાંથી એકનો ઉપયોગ શત્રુ રાજાની સાથે કરવો. ૪-૫

દાન પાંચ પ્રકારનું છે

यः सम्प्राप्तधनोत्सर्ग उत्तमाधममध्यमः ।
प्रतिदानं तथा तस्य गृहीतस्यानुमोदनम् ॥ ६ ॥
द्रव्यदानमपूर्वं च स्वयंग्राहप्रवर्तनम् ।
देयस्य प्रतिमोक्षश्च दानं पञ्चविधं स्मृतम् ॥ ७ ॥

૧ પોતાને મળેલાં ધનનું ઉત્તમ રીતે, મધ્યમ રીતે તથા કનિષ્ઠ રીતે દાન કરી દેવું, ૨ કોઈ પોતાને ત્યાં થાપણ મૂકી ગયું હોય, તેને તેની થાપણ પાછી આપવી, ૩ આપ્યા વગર કોઈ લઈ જાય તેને અનુમોદન આપવું, (એટલે તે લઈ ગયો તે ઠીક કર્યું એમ અનુમોદન આપવું) ૪ ધનના ભંડારમાંથી રોજ રોજ ધનનું દાન દેવું, ૫ લેનારાની ઇચ્છાનુસાર તેને ધન દેવું તથા કરજદારને કરજ-માંથી મુક્ત કરવો, આ રીતે પાંચ પ્રકારનું દાન કહ્યું છે. ૬-૭

ભેદના ત્રણ પ્રકાર

स्नेहरागापनयनं सङ्घर्षोत्पादनं तथा ।
सन्तर्जनं च भेदज्ञैर्भेदस्तु त्रिविधः स्मृतः ॥ ८ ॥

૧ સહોદરના સ્નેહમાં તથા પરસ્પરની પ્રીતિમાં ભંગ પડા-વવો, ૨ પરસ્પરમાં કલહ ઉપજાવવો તથા ૩ પરસ્પરમાં તિરસ્કાર કરાવવો, આ રીતે ભેદને જાણનારા ત્રણ પ્રકારનો ભેદ કહે છે. ૮

ત્રણ પ્રકારનો દંડ

वधोऽर्थहरणं चैव परिक्लेशस्तथैव च ।
इति दण्डविभागज्ञैर्दण्डस्तु त्रिविधः स्मृतः ॥ ९ ॥

૧ વધ (દેહાંત દંડની શિક્ષા) કરવો, ૨ પૈસા હરી લેવા અને ૩ કેદ કરીને તથા માર મારીને દુઃખ દેવું, આ રીતે દંડના વિભાગને જાણનારા પુરુષોએ ત્રણ પ્રકારનો દંડ કહ્યો છે. ૯

प्रकाशश्चाप्रकाशश्च वधो द्विविध उच्यते ।
प्रकाशदण्डं कुर्वीत लोकद्विष्टे तथा रिपौ ॥ १० ॥

વધરૂપી દંડ બે પ્રકારનો કહ્યો છેઃ—એક જાહેરમાં કરેલો અને બીજો ગુપ્ત રીતે કરેલો. તેમાં શત્રુનો તથા લોકોમાં દ્વેષપાત્ર થયેલા ચોર, વ્યભિચારી પુરુષનો જાહેર રીતે વધ કરવો. ૧૦

उद्वेज्यते हतैर्लोको यैर्ये स्युर्नृपवल्लभाः ।
बाधन्तेऽभ्यधिका ये तु तेषूपांशु प्रशस्यते ॥ ११ ॥

પરંતુ જેઓને મારવાથી લોકો ઉદ્વાસ થાય, જેઓ રાજાના વલ્લભ હોય, જેઓ જાહેરમાં મારવાથી અત્યંત પીડા કરનારા થઈ પડનારા હોય, તેઓને ગુપ્ત રીતે વધની શિક્ષા કરવી પ્રશંસાપાત્ર ગણાય છે. ૧૧

विषेणोपनिषद्योगैः शस्त्रेणोद्वर्तनेन वा ।
तथोपांशु नयेद्दण्डं यथान्यो न विभावयेत् ॥ १२ ॥

અન્નમાં ઝેર આપીને, અભિચાર વગેરે ગુપ્ત પ્રયોગો કરીને, ઝેર ચોપડેલા શસ્ત્રના પ્રહારથી, વિસ્ફોટક વગેરે ઉપજાવનારો ઝેરી સાબુ વગેરે શરીર ઉપર ચોળાવીને બીજો જાણી શકે નહિ તે પ્રમાણે ગુપ્ત રીતે વધની શિક્ષા કરવી. ૧૨

ब्राह्मणे जातिमात्रेऽपि धार्मिके चान्त्यजेऽपि वा ।
धर्मोन्नितीषया धीमान् न वधं दण्डमादिशेत् ॥ १३ ॥

બુદ્ધિમાન્ રાજાએ ધર્મની ઉન્નતિ કરવાની ઇચ્છાથી નામધારી બ્રાહ્મણને પણ તથા ધર્મનિષ્ઠ ચંડાળને પણ વધની શિક્ષા કરવી નહિ. ૧૩

उपेक्षया वा हन्तव्या येषूपांशु प्रशस्यते ।
उपेक्षां चापि निपुणः प्रत्यक्षं परिवर्जयेत् ॥ १४ ॥

જેઓને ગુપ્ત રીતે વધની શિક્ષા કરવાનું કહ્યું છે તેવા પુરુષોને બીજાઓ મારવાને તયાર થયા હોય તો તેઓને કહેવું કે, ભલે તેને મારો, આમ કહીને, ઉપેક્ષાથી તેઓને મારવા; પરંતુ કુશળ પુરુષે પોતાની સમક્ષમાં પણ ઉપેક્ષા કરવી નહિ. અર્થાત્ બીજાઓ મારતા હોય તો પંડે તેઓની રક્ષા કરવી. (આ એક જાતનું નૈતિક ડહાપણ ગણાય છે.) ૧૪

સામનો પ્રયોગ કેવી રીતે કરવો?

प्रविशन्निव चेतांसि दृष्ट्या साधु पिबन्निव ।
स्रवन्निवामृतं साम प्रयुञ्जीत प्रियं वचः ॥ १५ ॥

વિજિગીષુ રાજાએ સામા રાજાના ચિત્તમાં પ્રવેશ કરતો હોય તેમ તથા દૃષ્ટિથી તેનું પાન કરતો હોય તેમ દેખાવ કરવો અને અમૃતને ઝરતાં હોય તેવાં સામનાં પ્રિય વચન (શત્રુ રાજાની પાસે) કહેવાં. ૧૫

वागनुद्वेगजननी सामेति परिकीर्त्यते ।
साख्याने सूनृते सान्त्वे प्रिये स्तोत्रे च कीर्त्यते ॥१६॥

ઉદ્વેગ નહિ ઉપજાવનારી વાણીને साम કહેવામાં આવે છે અને તે વાણી પરસ્પરનો ઉપકાર દેખાડવાને, પરસ્પરનો સંબંધ કહેવાને હું તમારો છું, આ રીતે મધુર વચન કહીને આત્મા અર્પણ કરવા માટે, ભવિષ્યનો લાભ દર્શાવવા માટે તથા સામા મનુષ્યના ગુણની સ્તુતિ કરવામાટે કહેવામાં આવે છે. ૧૬

आत्मनो विक्रयमिव कुर्वन् दद्यात् समीहितम् ।
जलवत् पर्वताञ्छत्रून् भिन्द्यादनुपलक्षितः ॥ १७ ॥

પોતાનો વિક્રય કરતો હોય તેમ પોતાનો આત્મા શત્રુને અર્પણ કરવો, તેને ગમતી વસ્તુ આપવી તથા પાણી જેમ કોઈ જાણે નહિ તેમ ધીરે ધીરે પર્વતોને ફોડી નાખે છે તેમ વિજિગીષુ રાજાએ પણ કોઈ જાણે નહિ તેવી રીતે, ધીરે ધીરે શત્રુઓનો નાશ કરવો. ૧૭

दण्डपाणिरिवाधृष्यो दण्डं दण्ड्येषु पातयेत् ।
प्रत्यक्षामपि चोपेक्षामप्रत्यक्षामिवाचरेत् ॥ १८॥

હાથમાં દંડ ધારણ કરનારા યમનો જેમ લોકો તિરસ્કાર કરી શકતા નથી, તેમ રાજાએ પણ હાથમાં દંડ ધારણ કરીને અધૃષ્ય થવું, દંડવા યોગ્ય પુરુષોને શિક્ષા કરવી તથા પ્રત્યક્ષ રીતે ઉપેક્ષા પણ કરવી, પરંતુ તે ઉપેક્ષા બીજાઓ જાણે નહિ તેમ કરવી. ૧૮

साम्नार्थसिद्धये विद्वान् यतेत यतमानसः ।
सामसिद्धिं प्रशंसन्ति सर्वतश्च विपश्चितः ॥ १९ ॥

વિદ્વાન્ પુરુષે મનને નિયમમાં રાખીને સામથી કાર્યને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો. પંડિતો ચારે ઉપાયોમાંથી સામથી થયેલી કાર્યસિદ્ધિનાં વખાણ કરે છે. ૧૯

क्षीरोदो मथितः साम्ना फलायामरदानवैः ।
निजघ्निरे धार्तराष्ट्राः सामप्रद्वेषिणोऽचिरात् ॥ २० ॥

દેવોએ અને દૈત્યોએ અમૃતને માટે પરસ્પર સલાહ કરીને ક્ષીર સાગરને મથ્યો હતો. અને ધૃતરાષ્ટ્રના પુત્રો સામથી વિરુદ્ધ હતા તેથી તેઓ થોડા સમયમાં મરણ પામ્યા હતા. ૨૦

ભાવાર્થઃ—દેવોએ અને દૈત્યોએ પરસ્પર સલાહ કરીને સમુદ્રનું મથન કર્યું હતું તેથી અમૃત મેળવ્યું હતું. પરંતુ દુર્યોધન વગેરે કૌરવોએ પાંડવોની સાથે સલાહ કરી નહતી, તેથી તેઓ થોડા જ સમયમાં નાશ પામ્યા હતા. માટે ચારેય ઉપાયોમાં સામને ઉત્તમ કહ્યો છે. ૨૦

દામનો વિધિ

दारुणं विग्रहं विद्वान् दानेन प्रशमं नयेत् ।
इन्द्रोऽपचारे शुक्रस्य दानेन शममेयिवान् ॥ २१ ॥
अपराधेन दुहितुः कुपिते भृगुनन्दने ।
वृषपर्वा च दानेन दानवेन्द्रोऽभवत् सुखी ॥२२॥

વિદ્વાન્ રાજાએ ધન આપીને પણ દારુણ યુદ્ધને શાંત પાડવું. દૈત્યના રાજા વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ શુક્રાચાર્યની પુત્રીને કુવામાં નાંખી દઈને શુક્રાચાર્યનો અપરાધ કર્યો હતો. તે ઉપરથી શુક્રાચાર્ય કોપાયમાન થયા હતા. તે ઉપરથી દાનવનો રાજા વૃષપર્વા પોતાની પુત્રીનું દાન કરીને સુખી થયો હતો. ૨૧–૨૨

ભાવાર્થઃ–શુક્રાચાર્ય દૈત્યના આચાર્ય હતા અને વૃષપર્વા રાજાની નગરીમાં રહેતા હતા. રાજાની પુત્રી શર્મિષ્ઠાને અને શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને સહીપણું હતાં. એક દિવસે દેવયાની રાજકુમારી શર્મિષ્ઠાની સાથે રમવા માટે નગરીની પડોસમાં આવેલા એક ઉદ્યાનમાં ગઈ. ત્યાં રાજકુમારી અને દેવયાની પોતાની સાહેલીઓની સાથે સ્નાન કરવા માટે નદીમાં ઉતરી. દેવયાની નાહીને સૌની પહેલાં બહાર નીકળી અને તેણે ભૂલમાં રાજકુમારીનાં વસ્ત્ર પહેરી લીધાં, એટલામાં રાજકન્યા પણ નાહીને આવી અને પોતાનાં વસ્ત્રો તપાસવા લાગી તો મળ્યાં નહીં. કારણ કે તે દેવયાનીએ પહેર્યાં હતાં. પોતાનાં વસ્ત્રો દેવયાનીએ પહેરેલાં જોઈને, રાજકન્યાને ક્રોધ ચઢ્યો. તે પછી તેણે દેવયાનીના શરીર ઉપરથી વસ્ત્રો ઉતારી લીધાં; તેને ન કહેવાનાં કેટલાંએક કડવાં વેણ કહ્યાં અને એક ઉંડા કૂવામાં તેને નાગી નાગી જ નાંખી દઈને પોતાની નગરીમાં ચાલી ગઈ. પાછળથી યયાતિ રાજા શિકાર કરવામાટે ત્યાં આવી ચઢ્યો. તેણે દેવયાનીનો હાથ પકડીને તેને કૂવામાંથી બહાર કાઢી; તે પછી દેવયાનીએ રાજાને કહ્યું કે; તેં મારો હાથ પકડીને મને આ કૂવામાંથી બહાર કાઢી છે. માટે તું જ મારો ભર્તાર છો, ને હું આજથી તારી પત્ની છું. રાજાએ પ્રશ્ન કર્યો કે તું કોની પુત્રી

છો? દેવયાનીએ ઉત્તર વાળ્યો કે; હું શુક્રાચાર્યની પુત્રી છું. આ રીતે વાતચિત થયા પછી તે નગરીમાં ગઈ ને યયાતિ પોતાના નગર તરફ ગયો. દેવયાનીએ ઘેર આવીને પોતાના પિતાની પાસે સર્વ વાર્તા કહી. તે ઉપરથી શુક્રાચાર્યને ક્રોધ ચઢ્યો. તે પછી દેવયાનીએ પિતાને કહ્યું કે; શર્મિષ્ઠાએ મારું અપમાન કર્યું છે. માટે હવે હું આ નગરમાં નહિ રહું. તે ઉપરથી શુક્રાચાર્ય તે નગરીનો ત્યાગ કરવાને તૈયાર થયા. તે સાંભળીને વૃષપર્વા રાજા શુક્રાચાર્યની પાસે આવ્યો, અને તેણે પોતાની પુત્રીએ કરેલા અપરાધને માટે શુક્રાચાર્યની પાસે ક્ષમા માગી. એટલે શુક્રાચાર્ય બોલ્યા કે;–તું મારી પુત્રીને કોઈ પણ રીતે મનાવ તો હું તારી નગરીમાં રહેવાને રાજી છું. તે ઉપરથી વૃષપર્વાએ દેવયાનીને ક્ષમા કરવામાટે કહ્યું. એટલે દેવયાની બોલી કે; હું એવી સરતે ક્ષમા કરું કે જ્યાં હું પરણીને જાઉં ત્યાં તારી પુત્રી શર્મિષ્ઠા મારી દાસી થઈને આવે. તે વાત શર્મિષ્ઠાના જાણવામાં આવી. તે ઉપરથી તેણે પોતાના પિતાને સુખી કરવામાટે દાસી થઈને સાથે જવાનું કબૂલ કર્યું અને વૃષપર્વા રાજા પોતાની પુત્રીનું શુક્રાચાર્યને દાન કરીને સુખી થયો. ૨૧–૨૨

उपच्छन्द्यापि दातव्यं बलिने शान्तिमिच्छता ।
समूलमेव गान्धारिरप्रयच्छन् गतः क्षयम् ॥ २३ ॥

શાંતિની ઇચ્છા રાખનારા રાજાએ પ્રાર્થના કરીને પણ બળવાન્ રાજાને ધન આપવું. ગાંધારીનો પુત્ર દુર્યોધન (પાંડવોને) રાજ્યનો ભાગ ન આપવાથી સમૂળગો જ પુત્રો અને પૌત્રોની સાથે નાશ પામ્યો હતો. ૨૩

ભેદનો પ્રયોગ

किञ्चित् प्रयच्छन् भूयस्या तृष्णया विप्रलोभयन् ।
भिन्द्याच्चतुर्विधान् भेद्यान् प्रविश्योभयवेतनैः ॥ २४ ॥

વિજિગીષુ રાજાએ શત્રુને થોડુંક ધન આપવું અને મોટી આશા આપીને સંપૂર્ણ રીતે લોભમાં નાંખવો; અને બન્ને તરફનો પગાર ખાનારા દૂતોદ્વારા શત્રુ રાજાના ઘરની વાર્તા જાણી લઈને ફોડવા

ચેાગ્ય ચાર પ્રકારના પુરુષોને (લેાભી, ક્રોધી, માની અને બીકણ પુરુષોને) ફોડીને પોતાના પક્ષમાં લઈ લેવા. ૨૪

अलब्धवेतनो लुब्धो मानी चाप्यवमानितः ।
क्रुद्धश्च कोपितोऽकस्मात् तथा भीतश्च भीषितः ॥ २५ ॥
यथाभिलषितैः कामैर्भिन्द्यादेतांश्चतुर्विधान् ।
परपक्षे स्वपक्षे च यथावत् प्रशमं नयेत् ॥ २६ ॥

જે જાતે લેાભી હેાય અને શત્રુના તરફથી જેને પગાર મળ્યેા ન હેાય તેવેા પુરુષ, જે માની હેાય છતાં જેનું શત્રુના દરબારમાં અપમાન કરવામાં આવ્યું હેાય, જે ક્રોધી હેાય અને જેને અકસ્માત્ કોપાયમાન કરવામાં આવ્યેા હેાય, જે બીકણ હેાય અને જેને બીવરાવવામાં આવ્યેા હેાય, આ ચાર પ્રકારના શત્રુપક્ષના પુરુષોની ઇચ્છાનુસાર કામના પૂર્ણ કરીને પોતાના પક્ષમાં લેવા અને પોતાના પક્ષના ચાર પુરુષોને યથાર્થ રીતે (ધન માનાદિક આપીને) શાંત પાડવા. ૨૫–૨૬

भेदं कुर्वीत यत्नेन मन्त्र्यमात्यपुरोधसाम् ।
तेषु भिन्नेषु भिन्नं हि युवराजे तथोर्जिते ॥ २७ ॥

શત્રુ પક્ષના મંત્રીઓને, અમાત્યોને અને પુરોહિતોને પણ પ્રયત્નથી ભેદવા એટલે તેઓને તેના રાજાથી જૂદા પાડીને પોતાના પક્ષમાં લેવા તથા પ્રતાપી રાજકુમારને પણ પોતાના પક્ષમાં લેવેા. કારણ કે આ લોકોને ફોડવાથી શત્રુનાં રાજ્યનેા નાશ થાય છે. ૨૭

अमात्यो युवराजश्च भुजावेतौ महीपतेः ।
मन्त्री नेत्रं हि तद्भिन्न एतस्मिन्नपि तद्वधः ॥ २८ ॥

અમાત્ય તથા યુવરાજ (રાજકુમાર) આ બંને રાજાના બાહુ ગણાય છે અને મંત્રી રાજાનાં નેત્ર ગણાય છે. જો ઉપરના પુરુષો પોતાના પક્ષનેા ત્યાગ કરે છે તેા તેના રાજાનેા નાશ થાય છે. ૨૮

सर्वावस्थं तु मेधावी तत्कुलीनं विकारयेत् ।
विकृतस्तत्कुलीनस्तु स्वयोनिं ग्रसतेऽग्निवत् ॥ २९ ॥

નીતિનિપુણ રાજાએ શત્રુના કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષને ફોડીને પોતાના પક્ષમાં લેવો, પછી તે (લોભી, માની ગમે તે) સ્થિતિમાં હોય. જો રાજાના કુળનો પુરુષ વિકાર પામે છે તો તે અગ્નિ જેમ પોતાને ઉત્પન્ન કરનારાં કાષ્ઠને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ તેમ પોતાના આશ્રયભૂત રાજાને ગળી જાય છે (તેનો નાશ કરે છે). ૨૯

तत्कुलीनेन तुल्यस्तु पुमानभ्यन्तरोषितः ।
तस्मादेतौ परे भिन्द्याच्छमं चात्मनि सन्नयेत् ॥ ३० ॥

શત્રુરાજાની રાજધાનીના નગરમાં રહેનારા પુરુષને પણ રાજાના કુળના પુરુષ જેવો જ જાણવો. માટે શત્રુપક્ષના તે બન્ને પુરુષોને ફોડવા અને પોતાના પક્ષના બન્ને પુરુષોને શાંત પાડવા. ૩૦

तत्रोपजापः कर्तव्यो यः कोपानुग्रहक्षमः ।
स कल्याणः शठो वेति परीक्ष्यः सूक्ष्मया धिया ॥३१॥

જે પુરુષ ક્રોધ કરવાને તથા અનુગ્રહ કરવાને સમર્થ હોય, તેવા પુરુષને પણ ફોડીને પોતાના પક્ષમાં લેવો. પરંતુ તે પુરુષ આપણું શુભ ચાહનારો છે કે શઠ છે, તેનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો. ૩૧

कल्याणस्तु यथाशक्ति करोति सफलं वचः ।
शठः पक्षौ चलयति द्वावप्यर्थोपलिप्सया ॥ ३२ ॥

તે જો આપણું શુભ ઇચ્છતો હોય તો શક્તિ પ્રમાણે વિજિગીષુ રાજાનાં વચનને સફળ કરે છે, પરંતુ શઠ હોય છે તો ધનની લાલસાથી બન્ને પક્ષને ચલાયમાન કરી મૂકે છે. ૩૨

ક્રોધી વગેરે ચાર પુરુષોનું સ્વરૂપ

पूर्वं सम्भाषितोऽनीचः कालयापनमाश्रितः ।
मिथ्याभिशस्तः श्रीकाम आहूयाप्रतिमानितः ॥ ३३ ॥

કોઈ મહાન્ પુરુષને પ્રથમ કહે કે હું તને અમુક ધન કે ગામ ગરાસમાં આપીશ, પરંતુ કાળ કાઢી નાંખે, પણ આપે નહિ તો સામો મનુષ્ય તેના ઉપર ક્રોધ કરે છે. રાજાએ જેના ઉપર મિથ્યા અભિશાપ (ચોરીનો કે છીનાળીનો) મૂક્યો હોય તેવો પુરુષ પણ ક્રોધ કરે છે તથા ધનની કામનાવાળો હોય અને રાજા તેને બોલાવીને તેનું અપમાન કરે છે તેવો પુરુષ પણ ક્રોધ કરે છે. ૩૩

ભાવાર્થ:–આ શ્લોકમાં કહેલા ત્રણેને ક્રોધી જાણવા. ૩૩

राजद्वेषी तत्कुलीनो द्विष्यते यश्च भूभुजा ।
आहृतव्यवहारश्च तथा करनिवेशितः ॥ ३४ ॥

રાજાનો દ્વેષ કરનારો, રાજાનો ભાયાત, રાજા જેનો દ્વેષ કરતો હોય તેવો પુરુષ, રાજાએ જેની આજીવિકાના ઉપાયો છિનવી લીધા હોય તેવો પુરુષ, જેના ઉપર કર ન હોય તેના ઉપર કર નાખવામાં આવ્યો હોય તેવો પુરુષ; ૩૪

ભાવાર્થ:–પહેલા ત્રણને ભીરુ, અને ચોથા તથા પાંચમાને ક્રોધી જાણવા. ૩૪

रणप्रियः साहसिक आत्मसम्भावितस्तथा ।
विच्छिन्नधर्मकामार्थः क्रुद्धो मानी विमानितः ॥ ३५ ॥

રણસંગ્રામમાં પ્રીતિવાળો, સાહસ કર્મ કરનારો, વિદ્યાકુળ વગેરેનું અભિમાન રાખનારો, જેનો ધર્મ તથા સુખ નાશ પામ્યાં હોય તેવો દુઃખી, ક્રોધી, જેનું અપમાન કરવામાં આવ્યું હોય તેવો માની પુરુષ; ૩૫

ભાવાર્થ:–આ શ્લોકમાં પહેલા ત્રણ માની કહ્યા છે, ચોથો લોભી અને પાંચમો તથા છઠ્ઠો ક્રોધી કહ્યા છે. ૩૫

भीतः स्वदोषवित्रस्तः कृतवैरोऽतिसान्त्वितः ।
अतुल्येन सहासक्तस्तुल्यमानान्निराकृतः ॥ ३६ ॥

રાજાથી ભયભીત થયેલો, પોતે કરેલા અપરાધને લીધે ડરનારો, પ્રથમ વૈર કરનારો અને પાછળથી સમજાવીને પક્ષમાં લીધેલો, યોગ્ય છતાં અયોગ્ય પુરુષોની સાથે કાર્ય કરવામાટે યોજેલો, જેને યોગ્ય માન આપવામાં આવતું ન હોય તેવો પુરુષ; ૩૬

अकारणनिरुद्धश्च कारणाच्च विशेषतः ।
अकारणात् परित्यक्तः पूजार्होऽप्रतिपूजितः ॥ ३७॥

કારણ વગર કેદ કરેલો, અપરાધના પ્રમાણ કરતાં વિશેષ વખત સૂધી કેદ કરવામાં આવેલો, જેને કારણ વગર દેશ બહાર કરવામાં આવેલો, પૂજા કરવા યોગ્ય હોવા છતાં જેની પૂજા કરવામાં આવતી ન હોય તે; ૩૭

हृतद्रव्यकलत्रश्च महाभोगाभिकाङ्क्षीतः ।
परिक्षीणो बहिर्बन्धुर्बहिर्द्रव्यो बहिष्कृतः ॥ ३८ ॥

જેનું ધન તથા સ્ત્રી હરી લીધાં હોય, જેને મોટા વૈભવોની ઇચ્છા હોય, દુષ્કાળ વગેરેને લીધે જે નિર્ધન થઈ ગયો હોય, જેના ભાઇ-ઓને દેશનિકાલ કરવામાં આવ્યા હોય, જેનું સર્વ ધન ખુંચવી લીધું હોય તથા જેને નગર બહાર કરવામાં આવ્યો હોય; ૩૮

इति भेद्या समाख्याता भिन्द्यादेतान् परे स्थितान् ।
आगतान् पूजयेत् कामैर्निजांश्च प्रशमं नयेत् ॥ ३९ ॥

આ પુરુષોને નીતિશાસ્ત્રવેત્તાઓ ફોડી શકાય તેવા કહ્યા છે. શત્રુના પક્ષમાં રહેલા ઉપર કહેલા પુરુષોને ફોડવા અને પોતાની પાસે આવે એટલે તેઓની ઇચ્છાને પૂર્ણ કરીને તેઓનો સત્કાર કરવો તથા ઉપર જણાવેલા પુરુષો પોતાના પક્ષમાંના હોય તો તેઓની કામના પૂર્ણ કરીને તેઓને શાંત પાડવા. ૩૯

साम तृष्णानुसन्धानमत्युग्रभयदर्शनम् ।
प्रधानं दानमानं च भेदोपायाः प्रकीर्तिताः ॥ ४० ॥

મધુર વચનોથી સમજાવવો, તેની તૃષ્ણા પૂરી પાડવી, મહાન્ ભય દેખાડવો, આ સામા મનુષ્યને ફોડવાના ઉપાયો કહ્યા છે. તેમાં સામ એટલે સમજાવવું તથા દાન એટલે ધનાદિક આપવું, આ બે ઉપાયને મુખ્ય ઉપાય કહ્યા છે. ૪૦

भेदं कुर्वीत मतिमान् विगृहीतो बलीयसा ।
शण्डामर्कौ सुरैर्भित्त्वा बलवन्तौ पराजितौ ॥ ४१ ॥

બુદ્ધિમાન્ રાજાએ બળવાનની સાથે વિરોધ કર્યો હોય તો તેના પક્ષમાં ભેદ ઉભો કરવો. દેવોએ સુંદ તથા ઉપસુંદ નામના બળવાન દૈત્યોને તિલોત્તમા નામની અપ્સરાદ્વારા વિખૂટા પાડી હરાવ્યા હતા. ૪૧

ભાવાર્થ:–મૂળ શ્લોકમાં શંડ તથા અમર્ક પાઠ છે તેનો અર્થ અને ટીકાકાર સુંદ અને ઉપસુંદ એવો કરે છે. ૪૧

દંડનો પ્રયોગ

दण्डेन हि समाहन्याद् भित्त्वारेः संहतं बलम् ॥
भिन्नं हि तत् काष्ठमिव घुणजग्धं विशीर्यते ॥ ४२ ॥

શત્રુ રાજાનાં સંપથી એકઠાં મળેલાં સૈન્યમાં ભેદ ઉપજાવીને પછી પોતાના સૈન્યથી શત્રુના સૈન્યનો નાશ કરવો. ઘણે કોરી ખાધેલું કાષ્ઠ જેમ છિન્ન ભિન્ન થઈ જાય છે તેમ ભેદ પામેલું શત્રુનું સૈન્ય પણ નાશ પામે છે. ૪૨

उत्साहदेशकालैस्तु संयुक्तः सुसहायवान् ।
युधिष्ठिर इवात्यर्थं दण्डेनास्तं नयेदरीन् ॥ ४३ ॥

વિજિગીષુ રાજાએ યુધિષ્ઠિર રાજાની પેઠે ઉત્સાહી થવું, દેશ તથા કાળને ઓળખવો, સારા સહાયકોને પાસે રાખવા અને ચાર અંગવાળી સેનાથી શત્રુઓનો સર્વથા નાશ કરવો. ૪૩

आत्मनः शक्तिमुद्वीक्ष्य दण्डमप्यधिके नयेत् ।
एकाकी शक्तिसम्पन्नो रामः क्षत्रं पुरावधीत् ॥ ४४ ॥

રાજાએ પોતાની શક્તિ જોઇને પોતાના કરતાં અધિક બળવાનને પણ શિક્ષા કરવી. પરશુરામ એકલા હતા છતાં શક્તિમાન્ હતા, તેથી તેમણે પૂર્વે ક્ષત્રિયોનો નાશ કર્યો હતો. ૪૪

સામાદિક ઉપાયના પ્રયોગ

अलसं विक्रमश्रान्तं विहतोपायचेष्टितम् ।
क्षयव्ययप्रवासैश्च श्रमेण विपरिद्रुतम् ॥ ४५ ॥
भीरुं मूर्खं स्त्रियं बालं धार्मिकं दुर्जनं पशुम् ।
मैत्रीप्रधानं कल्याणबुद्धिं सान्त्वेन साधयेत् ॥ ४६ ॥

આળસુ, પરાક્રમ કરીને થાકી ગયેલો, જેના સામાદિક ઉપાયો નિષ્ફળ થયા હોય તેવો, જે મનુષ્યોના નાશથી, ઢોરઢાંખરના નાશથી, પ્રવાસ કરવાથી તથા પરિશ્રમ કરવાથી થાકી ગયો હોય તે, જેનું સૈન્ય ભટકી ગયું હોય, જે બીકણ હોય, જે મૂર્ખ હોય, સ્ત્રી, બાળક, ધર્મનિષ્ઠ, દુર્જન, લોકના વ્યવહારને નહિ જાણનારો અને સર્વને માટે ઉત્તમ વિચાર ધરાવનારો હોય, તેવાઓને સામથી વશ કરવા. ૪૫-૪૬

ભાવાર્થઃ—આ બે શ્લોકમાં દર્શાવેલા પુરુષોને સામથી એટલે સલાહકારક મધુર વાણીથી વશ કરવા. ૪૫-૪૬

लुब्धं क्षीणं च दानेन सत्कृत्य वशमानयेत् ।
अन्योन्यशङ्क्या भिन्नान् दुष्टान् वै दण्डदर्शनात् ॥ ४७ ॥

લોભી પુરુષને તથા જેનાં ધન, ઢોરઢાંખર, જમીન વગેરેનો નાશ થઈ ગયો હોય તેવા ક્ષીણ દશામાં આવી પડેલા પુરુષને, ધનના દાનથી

સત્કાર કરીને વશ કરવા તથા અન્યોન્ય ઉપર શંકા લાવીને છૂટા પડી ગયેલા દુષ્ટ પુરુષોને દંડ કરીને (શિક્ષા કરીને) વશ કરવા. ૪૭

पुत्रान् भ्रातॄंश्च बन्धूंश्च साम्नार्थेन च साधयेत् ।
एतैः कः सदृशो लोके दूरं विप्रकृतैरपि ॥ ४८ ॥

પુત્રોને, ભાઈઓને તથા મામાના, માસીના અને ફઈના પુત્રોને સામથી તથા ધનના દાનથી વશ કરવા. કારણ કે પુત્રાદિકોનું જો અત્યંત બુરું કરવામાં આવે છે તો તેઓના સમાન આ જગતમાં બીજો કોણ શત્રુ છે? કોઈ નથી. ૪૮

सामैतेषु प्रयुञ्जीत दैवात् प्रस्खलितेष्वपि ।
दुष्करां यान्ति विकृतिमार्याः शीलबन्धनाः ॥ ४९ ॥

પુત્ર, ભાઈ વગેરે દૈવયોગથી અપરાધ કરે, તોપણ તેઓની સાથે સામનો જ પ્રયોગ કરવો એટલે તેઓને સમજાવીને તેઓની સાથે સલાહ કરવી. કારણ કે આર્ય પુરુષો પોતાના સ્વભાવને વળગી રહેનારા હોય છે. તેથી તેઓને જો કોપાયમાન કરવામાં આવે છે તો તેઓ ટાળી ટળી શકે નહિ તેવી વિકૃતિને પામે છે અર્થાત્ ભયંકર શત્રુ બની બેસે છે. ૪૯

कुलं शीलं दया दानं धर्मः सत्यं कृतज्ञता ।
अलोभ इति येष्वेते तानार्यान् परिचक्षते ॥ ५० ॥

કુલ, શીલ, દયા, દાન, ધર્મ, સત્ય, કૃતજ્ઞતા અને ઉદારતા આટલા ગુણ જેઓમાં હોય, તેને 'આર્ય' કહે છે. ૫૦

पौरान् जानपदांश्चैव दण्डमुख्यांश्च दण्डवित् ।
साधयेद् दानभेदाभ्यां यथायोगेन चापरान् ॥ ५१ ॥

દંડનીતિને જાણનારા રાજાએ નગરના પુરુષોને, દેશના વાસીઓને તથા સેનાપતિઓને દાનથી તથા ભેદથી વશ કરવા અને તે

શિવાયના બીજા પુરુષોને જ્યાં જે રીતે ઘટે ત્યાં તે રીતે ઉપાય લઈને વશ કરવા. ૫૧

अवरुद्धांस्तत्कुलीनान् सामन्तांश्च विचक्षणः ।
साधयेद् भेददण्डाभ्यां यथायोगेन चापरान् ॥ ५२ ॥

અપરાધ થવાથી કેદ કરેલા પુરુષોને તથા તેના કુળના પુરુષોને અને સામંતોને ભેદથી તથા દંડથી વશ કરવા અને બીજા લોકોને યથોચિત ઉપાયથી વશ કરવા. ૫૨

મનુષ્યની માયાઓ

देवताप्रतिमास्तम्भसुषिरान्तर्गता नराः ।
पुमान् स्त्रीवस्त्रसंवीतो निशि चाद्भुतदर्शनः ॥ ५३ ॥
वेतालानां पिशाचानां देवानां च सरूपता ।
इत्यादिमाया विज्ञेया मानुषी मानुषैश्वरैः ॥ ५४ ॥

રાજાઓએ, મનુષ્યોએ કરેલી માયાઓને જાણવી જોઈએ-તે માયાઓ આ પ્રમાણે છે;-દેવતાઓની મૂર્તિઓને પોલી કરવામાં આવે છે અને તેમાં શત્રુઓ અથવા તો તેના તરફના મારાઓ ગુપ્ત રીતે છૂપાઈ રહે છે અને રાજા જ્યારે દેવતાની પૂજા કરવાને આવે છે તે વખતે દેવતાની પ્રતિમામાંથી બહાર નિકળીને રાજાને મારી નાંખે છે. આ પ્રમાણે જ પોલા થાંભલામાં પણ ગુપ્ત રીતે છૂપાઈ રહે છે અને લાગ જોઈ બહાર નિકળીને શત્રુરાજાને મારી નાંખે છે. રાત્રે પુરુષ સ્ત્રીનો વેશ ધારણ કરીને શત્રુરાજાની ભેટ કરે છે ને તેને મારી નાખે છે, તથા અદ્‌ભુત દેખાવમાં રાજાની પાસે હાજર થઈને શત્રુરાજાને મારી નાખે છે. તે ઉપરાંત વેતાલોનાં, પિશાચોનાં તથા દેવોનાં સ્વરૂપો ધારણ કરીને પણ શત્રુરાજાને ડરાવે છે. આ રીતે મનુષ્યો અનેક પ્રકારની માયા કરીને શત્રુરાજાને ડરાવે

છે તથા તેને મારી નાંખે છે, માટે રાજાઓએ મનુષ્યની માયાને પણ અવશ્ય જાણવી જોઇએ. ૫૩–૫૪

દૈવી માયા

कामतो रूपधारित्वं शास्त्रास्त्राश्माम्बुवर्षणम् ।
तमोऽनिलोऽचलो मेघा इति माया ह्यमानुषी ॥ ५५ ॥

બીજી માયા દૈવી માયા છે; જે માયાના બળથી રાજાઓ શત્રુઓનો પરાભવ કરે છે. તે માયા આ પ્રમાણે છે;–ઇચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરવું, શસ્ત્ર, અસ્ત્ર, પત્થર અને પાણીની વૃષ્ટિ કરવી, અંધારું ફેલાવવું, પવન ઉત્પન્ન કરવો, પર્વતોથી અને મેઘોથી આકાશને ઘેરાઈ ગયેલું દેખાડવું, આ સર્વ દૈવી માયા ગણાય છે. રાજાએ તે પણ જાણવી જોઇએ. ૫૫

जघान कीचकं भीम आश्रितः स्त्रीसरूपताम् ।
चिरं प्रच्छन्नरूपोऽभूद् दिव्यया मायया नलः ॥ ५६ ॥

ભીમસેને સ્ત્રીનું રૂપ ધારણ કરીને કીચકને મારી નાંખ્યો હતો, અને નલ રાજા દિવ્ય માયાના પ્રભાવથી ઘણો વખત સૂધી ગુપ્ત રૂપમાં રહ્યો હતો. ૫૬

ભાવાર્થઃ–પાંડવોએ અને દ્રૌપદીએ એક વર્ષ સૂધી વિરાટ રાજાના નગરમાં ગુપ્ત વાસ કર્યો હતો. તે સમયે દ્રૌપદી વિરાટ રાજાની રાણી સુદેષ્ણા પાસે દાસી તરિકે રહી હતી; એક દિવસ કીચક પોતાની બહેન સુદેષ્ણાને મળવા માટે આવ્યો અને દ્રૌપદીનું અલૌકિક સૌંદર્ય જોઇને કામાતુર થઈ ગયો, અને તેણે પોતાની બહેનને કહ્યું કે; આજે તારી નવી દાસીને મારે ઘેર મોકલજે. સુદેષ્ણાએ પોતાના ભાઇની સૂચના અનુસાર ભોજનનો થાળ આપીને દ્રૌપદીને કીચકને ઘેર મોકલી. કીચકે દ્રૌપદીને માનપૂર્વક બેસવાનું કહ્યું અને પોતાની દુષ્ટ ઇચ્છા દર્શાવી. તે સાંભળી દ્રૌપદી તેનો તિરસ્કાર કરીને ત્યાંથી પાછી રાજમંદિરે આવી અને રાણીની પાસે તેના દુરાચારી ભાઈ વિશે ફરિયાદ કરી.

તે પછી એક દિવસે કીચકે પાછી દ્રૌપદીની પાસે દુષ્ટ માગણી કરી. તે ઉપરથી દ્રૌપદીને પોતાનાં શિયળને માટે ભય લાગ્યો અને તેણે ભીમસેનને સર્વ વાર્તા કહી. તે પછી ભીમસેને દ્રૌપદીને કહ્યું કે, તારે કીચકને કહેવું કે, અમુક દિવસે રાત્રે તું નૃત્યશાળામાં આવજે. ત્યાં હું તારી મનઃકામના પૂર્ણ કરીશ. હું તે દિવસે સ્ત્રીનો વેશ લઇને રાત્રિએ નૃત્યશાળામાં જઇશ અને કીચકને મારી નાંખીશ. દ્રૌપદીએ ભીમના શિખવ્યા પ્રમાણે બીજે દિવસે કીચકને કહ્યું અને મુકરર કરેલા દિવસે રાત્રે કીચક નૃત્યશાળામાં ગયો. ત્યાં પ્રથમથી જ ભીમસેન સ્ત્રીનો વેશ લઇને અંધારામાં બેઠો હતો. તેણે કીચકને પકડી પાડ્યો અને મૂઢ માર મારીને મારી નાંખ્યો.

નળ રાજા જુગારમાં રાજ્ય હારી જવાથી દમયંતીની સાથે વનમાં ગયો હતો અને છેવટે દમયંતીનો પણ ત્યાગ કરીને અરણ્યમાં એકલો ભટકવા લાગ્યો. તેણે ભટકતાં ભટકતાં દાવાનળમાં એક અજગરને દીઠો. તે અજગરે નળ રાજાને કહ્યું કે; તું આ દાવાનળમાંથી મારી રક્ષા કર! હું જીવતો રહીશ તો તારો ઉપકાર કરીશ. તે ઉપરથી નળે તેને દાવાનળમાંથી બહાર કાઢ્યો. તે પછી અજગરે નળ રાજાને કહ્યું કે; તું તારાં પગલાંને ગણતો ગણતો દશ પગલાં ચાલ, એટલે નળ રાજા પોતાનાં પગલાં ગણતો ગણતો જવા લાગ્યો, અને દશમે પગલે દશ એમ બોલ્યો કે, તુરત અજગર તેને કરડ્યો. દશ એ શબ્દનો અર્થ જેમ દશમું પગલું થાય છે તેમ 'કરડ્ય' આવો પણ તેનો અર્થ થાય છે; અજગરને નળના મુખમાંથી દશ એમ કહેવરાવવું હતું તે નળે કહ્યું કે, અજગર નળ રાજાને ડસ્યો. નળ રાજાનું સ્વરૂપ ભયંકર થઈ ગયું અને તે ઓળખાય નહિ તેવો થઈ ગયો. એટલે નળે અજગરને પ્રશ્ન પૂછ્યો કે; મને આ શું થયું? તે પછી અજગરે નળ રાજાને એક શ્વેત વસ્ત્ર આપીને કહ્યું કે; તું આ છૂપા અને વિકૃત આકારમાં કેટલોએક વખત સૂધી પૃથ્વી ઉપર ફરજે. જ્યારે તારા શરીરમાંથી કળિ દૂર થાય અને તને સ્ત્રીનો તથા પુત્રોનો મેળાપ થાય ત્યારે તું આ વસ્ત્ર પહેરજે એટલે તને તારું અસલ સ્વરૂપ પ્રાપ્ત થાશે અને રાજ્ય પણ મળશે. એમ કહીને નળને એક વસ્ત્ર આપ્યું. તે લઇને નળ રાજા દિવ્ય માયાથી પોતાનાં અસલ રૂપને ઢાંકી દઇને ઋતુપર્ણ

રાજાના દરબારમાં ગયો અને ત્યાં રસોયા તરિકે રહ્યો. દમયંતી પણ ત્યાં દાસી તરિકે રહેતી હતી. તેણે તેને ઓળખ્યો. તે પછી દમયંતીએ પોતાના પિતાને ઘેર જઇને પોતાનો સ્વયંવર આરંભ્યો. ત્યાં ઋતુપર્ણ રાજાની સાથે નળ રાજા પણ ગયો અને દિવ્ય માયાના પ્રભાવથી પોતાનાં અસલ રૂપમાં પ્રકટ થઇને દમયંતીને પરણ્યો. આને દિવ્ય માયા કહેવામાં આવે છે અને ઘણા સિદ્ધ પુરુષો દિવ્યમાયાથી પોતાનાં સ્વરૂપને છૂપાવીને પૃથ્વી ઉપર ફર્યા કરે છે.

अन्याये व्यसने युद्धे प्रवृत्तस्यानिवारणम् ।
इत्युपेक्षार्थकुशलैरुपेक्षा त्रिविधा स्मृता ॥ ५७ ॥

એક પુરુષ અન્યાયના કર્મમાં, મૃગયાદિકના વ્યસનમાં તથા વડીલ પુરુષની સાથે યુદ્ધ કરવાના કામમાં પ્રવૃત્ત થયો હોય, તેને અટકાવવો નહિ તેનું નામ ઉપેક્ષા. નીતિશાસ્ત્રમાં કુશળતા ધરાવનારા પુરુષો આ ઉપેક્ષાને ઉપર કહ્યા પ્રમાણે ત્રણ પ્રકારની કહે છે. ૫૭

अकार्ये सज्जमानस्तु विषयान्धीकृतेक्षणः ।
कीचकस्तु विराटेन हन्यतामित्युपेक्षितः ॥ ५८ ॥

કીચકનાં નેત્ર વિષયથી આંધળાં થઈ ગયાં હતાં અને તે અકાર્ય કરવામાં આસકત થઈ ગયો હતો. તે ઉપરથી આને કોઈ મારે તો ભલે મારે, આવી રીતે વિરાટ રાજાએ તેને માટે ઉપેક્ષા કરી હતી. ૫૮

संरब्धो भीमसेनेन स्वार्थविच्छेदभीतया ।
हिडिम्बया निजो भ्राता हन्यतामित्युपेक्षितः ॥ ५९ ॥

તે પ્રમાણે જ અરણ્યમાં હિડિંબા ભીમસેનનું સ્વરૂપ જોઇને તેના ઉપર મોહી પડી હતી, એટલામાં તેનો ભાઈ આવ્યો અને તે ભીમને જોઇને તેના ઉપર કોપાયમાન થઈ ગયો. તે સમયે હિડિંબાએ વિચાર કર્યો કે; હું જો મારા ભાઇની રક્ષા કરવાને જાઇશ તો મારો સ્વાર્થ પડી ભાગશે. તેથી તેણે ઉપેક્ષા કરી કે; ભલે ભીમ મારા ભાઇને મારી નાંખે. ૫૯

ભાવાર્થઃ—આ પણ એક જાતની ઉપેક્ષા કહેવાય છે કે જે પોતાનો સ્વાર્થ સાધવા માટે કરવામાં આવે છે. ૫૯

ઇંદ્રજાળ

मेघान्धकारवृष्ट्यग्निपर्वताद्भुतदर्शनम् ।
दूरस्थानां च सैन्यानां दर्शनं ध्वजमालिनाम् ॥ ६० ॥

આકાશમાં મેઘોનો દેખાવ કરવો, અંધારાનો દેખાવ કરવો, આકાશમાંથી પાણી વરસાવવું, અગ્નિના અદ્ભુત દેખાવો દેખાડવા, પર્વતોના અદ્ભુત દેખાવો દેખાડવા, દૂરના ભાગમાં ધ્વજાવાળાં સૈન્યોને ઉભેલાં દેખાડવાં, ૬૦

छिन्नपाटितभिन्नानां संस्रुतानां प्रदर्शनम् ।
इतीन्द्रजालं द्विषतां भीत्यर्थमुपकल्पयेत् ॥ ६१ ॥

કપાઈ ગયેલા, ચીરી નાંખેલા અને ભાલા બરછીથી વિંધી નાંખેલા તથા લોહીથી ખરડાયલા સીપાઇઓ દેખાડવા. શત્રુઓને ભય ઉપજાવવામાટે ઉપર કહ્યા પ્રમાણે ઇંદ્રજાળ કરવું. ૬૧

इत्युपायाः समाख्याता नाना नानार्थसाधकाः ।
साम तेषु हि कालज्ञो यथाकालं प्रयोजयेत् ॥ ६२ ॥

આ રીતે અનેક કાર્યને સિદ્ધ કરનારા અનેક ઉપાયો નીતિ-શાસ્ત્રમાં કહ્યા છે. તે ઉપાયોમાંથી દેશને તથા કાળને જાણનારા રાજાએ સમયને અનુસરીને સામનો પ્રયોગ કરવો. ૬૨

सामभेदौ तु कर्तव्यौ दानमानपुरस्सरौ ।
दानेन हि समायुक्तावेतावप्यर्थसिद्धये ॥ ६३ ॥

દાન તથા માનપૂર્વક સામનો તથા ભેદનો ઉપયોગ કરવો. આ બન્નેનો પણ જો દાનની સાથે ઉપયોગ કરવામાં આવે છે તો તે કાર્યને સિદ્ધ કરે છે. ૬૩

दानरिक्तेन सर्वत्र साम्ना कृत्यं तृणेन वा ।
निर्दानं साम नायाति कलत्रेष्वपि संस्थितिम् ॥ ६४ ॥

સામનો પ્રયોગ જો દાન વગર કરવામાં આવે છે તો તે તૃણના સમાન કાર્ય કરે છે. અર્થાત્ દાન વિનાનો સામ તુચ્છ ગણાય છે. સ્ત્રીઓ પણ દાન વિના કેવળ સામથી સમજતી નથી. ૬૪

ભાવાર્થ:—સ્ત્રીઓ કોઇક કારણથી ઉદાસ થઈ હોય અને તેને મનાવવી હોય તો આભૂષણ વગેરે કંઇક આપવાથી તે મનાય છે. પરંતુ કેવળ સામથી મનાતી નથી. આ વાત વ્યવહારમાં પ્રસિદ્ધ છે. તે જ પ્રમાણે શત્રુને પણ જો દાનની સાથે સામથી મનાવવામાં આવે તો તે મનાય છે.

इति ह्युपायान् निपुणं नयज्ञो विनिक्षिपेच्छत्रुबले निजे च ।
निरभ्युपायो नियतं प्रपातं षिचेष्टमानोऽन्ध इवाभ्युपैति ॥ ६५ ॥

નીતિશાસ્ત્ર જાણનારા રાજાએ આ રીતે શત્રુનાં સૈન્ય ઉપર તથા પોતાનાં સૈન્ય ઉપર નિપુણતાથી ચાર ઉપાયોના પ્રયોગ કરવા. જે રાજા ઉપાય વિના શત્રુનાં પ્રકૃતિમંડળની સાથે અને પોતાનાં પ્રકૃતિ-મંડળની સાથે કાર્ય કરે છે તો આંધળો મનુષ્ય જેમ કોઇનો પણ આશ્રય લીધા વગર ચાલવાથી જેમ અવશ્ય પડી જાય છે તેમ તે રાજા પણ ઉપાયનો આશ્રય ન લેવાથી અવશ્ય નાશ પામે છે. ૬૫

अवश्यमायान्ति वशं विपश्चितामुपायसन्दंशबलेन सम्पदः ।
भवत्युदारं विधिवत् प्रयोजिते फलं हि राज्ञां क्वचिदर्थसिद्धये ॥ ६६ ॥

ચાર ઉપાય સાંડસા સમાન છે. તેના બળથી સંપત્તિઓ વિદ્વા-નોને અવશ્ય વશ થાય છે. રાજાઓ જો ચાર ઉપાયોનો વિધિપૂર્વક પ્રયોગ કરે છે તો તેનાં કાર્ય સિદ્ધ થાય છે અને તે મહાન્ ફળ મેળવે છે. ૬૬

'ઉપાય વિકલ્પ' નામનું પ્રકરણ ૨૭ મું સમાપ્ત.

ઇતિ શ્રીકામંદકીય નીતિસારમાં 'ઉપાય વિકલ્પ' નામનો સર્ગ ૧૮ મો સમાપ્ત

સર્ગ ૧૯ મો–પ્રકરણ ૨૮ મું

સૈન્યના બળાબળનો વિચાર

सामादीनामुपायानां त्रयाणां विफले नये ।
विनयेन्नयसम्पन्नो दण्डं दण्ड्येषु दण्डवित् ॥ १ ॥

સામ, દામ અને ભેદ આ ત્રણેય ઉપાય જ્યારે નિષ્ફળ થાય ત્યારે નીતિવેત્તા તથા દંડના સ્વરૂપને જાણનારા રાજાએ શિક્ષા કરવા યોગ્ય રાજાઓને શિક્ષા કરવી. ૧

ભાવાર્થઃ–આ સર્ગની પૂર્વના સર્ગમાં સામાદિક ત્રણ ઉપાયથી શત્રુ વગેરેને વશ કરવાની વાત કહી હતી. હવે આ સર્ગમાં દંડનો ઉપયોગ કરવાની વાત કહેશે. આ સર્ગનાં ચાર પ્રકરણ છેઃ–૧ સૈન્યના બળાબળનો વિચાર એટલે સૈન્યના બળનો અને નિર્બળતાનો વિચાર, ૨ સેનાપતિનું કર્તવ્ય, ૩ ચઢાઇમાં વ્યસનો આવી પડે તો તેથી રક્ષણ તથા ૪ કૂટયુદ્ધ (કપટયુદ્ધ). શત્રુના સૈન્યના નાશનો આધાર પોતાના સૈન્યના બળ ઉપર હોય છે, તેથી પથમ પ્રકરણમાં સૈન્યના બળ વિશે તથા નિર્બળતા વિશે કહે છે.

देवानभ्यर्च्य विप्रांश्च प्रशस्तग्रहतारकाः ।
षड्विधं तु बलं व्यूह्य द्विषतोऽभिमुखं व्रजेत् ॥ २ ॥

રાજાએ શત્રુની સામે ચઢાઈ કરતી વખતે દેવતાઓનું, બ્રાહ્મણોનું, ઉત્તમ એવા નવ ગ્રહોનું અને તારાઓનું પૂજન કરી, છ પ્રકારના સૈન્યને વ્યૂહાકારમાં ગોઠવી શત્રુની સામે ચઢાઈ કરવી. ૨

છ પ્રકારનું સૈન્ય

मौलं भृतं श्रेणि सुहृद्द्विषदाटविकं बलम् ।
पूर्वं पूर्वं गरीयस्तु बलानां व्यसनं तथा ॥ ३ ॥

મૌલ સૈન્ય, (વંશપરંપરાથી ઉતરી આવેલું સૈન્ય) ભૃત સૈન્ય (પગારદાર સૈન્ય), શ્રેણિ સૈન્ય (રાજાને સહાયતા કરવામાટે

દેશના કામદાર લોકોમાંથી ઉભું થયેલું સૈન્ય), મિત્રનું સૈન્ય (સહાયતા કરવા માટે મિત્રે મોકલેલું સૈન્ય), શત્રુનું સૈન્ય (શત્રુના શત્રુનું સૈન્ય) તથા તાબામાં રહેનારા જંગલી લોકોનું સૈન્ય, આ રીતે છ પ્રકારનું સૈન્ય છે. આ સૈન્યમાં પૂર્વ પૂર્વનું સૈન્ય પછી પછીના સૈન્ય કરતાં ઉત્તમ ગણાય છે. તેમ તેનું અપમાનાદિક થવાથી તેના તરફથી અધિક ભયનો સંભવ પણ રહે છે. ૩

सत्कारादनुरागाच्च सहसंकथनासनात् ।
नित्यं तद्भावभावित्वान्मौलं भृतबलाद् गुरु ॥ ४ ॥

વિજિગીષુ રાજા મૌલ સૈન્યનો વારંવાર સત્કાર કર્યા કરે છે તેથી, તે સૈન્યને રાજાના ઉપર અત્યંત પ્રીતિ હોવાથી, રાજાને અને મૌલ સૈન્યને પરસ્પર રાજકીય કાર્ય વિશે વાતચીત કરવાનો પ્રસંગ પડવાથી, સાથે બેસવા ઉઠવાથી તથા નિત્ય રાજાના લાભનો અને હાનિનો સાથે સંબંધ ધરાવવાથી મૌલ સૈન્ય, ભૃત સૈન્ય (પગારદાર સૈન્ય) ના કરતાં ઉત્તમ ગણાય છે. ૪

सन्निकृष्टतया नित्यं क्षिप्रोत्थानतयापि च ।
वृत्तेश्च स्वाम्यधीनत्वाद् भृतं श्रेणिबलाद् गुरु ॥ ५ ॥

ભૃત સૈન્ય (પગારદાર સૈન્ય) નિત્ય રાજાની હજુરમાં રહે છે, રાજાનો હુકમ થતાં વેંત તે તુરત ચઢાઈ કરે છે અને તેની આજીવિકા રાજાને આધીન હોય છે. આ કારણથી શ્રેણિસૈન્ય કરતાં ભૃતસૈન્ય ઉત્તમ ગણાય છે. ૫

ભાવાર્થ:-જે ધર્મ ભૃતસૈન્યના કહ્યા, તે શ્રેણિસૈન્યમાં હોતા નથી, તેથી તે ઉતરતું ગણાય છે. ૫

तुल्यसङ्घर्षणामर्षात् सुखलाभात् तथैव च ।
बलाज्जानपदत्वाच्च मैत्राच्छ्रेणिबलं गुरु ॥ ६ ॥

શ્રેણિ સૈન્યને (પ્રજામાંથી ઉભાં થયેલાં સૈન્યને) પોતાના રાજાનાં જેટલી જ શત્રુ રાજાની સાથે સ્પર્દ્ધા તથા અમર્ષ હોય છે, સુખનો લાભ પણ સરખો હોય છે તથા તે વિજિગીષુ રાજાના દેશમાં જ જન્મેલું હોય છે, તેથી મિત્રનાં સૈન્ય કરતાં શ્રેણિ સૈન્ય ઉત્તમ ગણાય છે. ૬

असंख्यदेशकालत्वादेकार्थोपगमात् तथा ।
बलान्मेदनयोगाच्च शत्रोर्मित्रबलं गुरु ॥ ७ ॥

મિત્રનાં સૈન્યને ગમે તે દેશના ઉપર ગમે તે વખતે મોકલી શકાય છે તથા ગમે તેટલા સમય સૂધી રોકી શકાય છે. વળી તેને વિજિગીષુ રાજાની સાથે એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરવાની હોય છે, તથા તેને વિજિગીષુ રાજાની સાથે સ્નેહ પણ હોય છે, તેથી મિત્રનું સૈન્ય શત્રુના સૈન્ય કરતાં ઉત્તમ ગણાય છે. ૭

प्रकृत्याधार्मिका लुब्धा अनार्याः सत्यभेदिनः ।
तस्मादारण्यकतया तेभ्यः शत्रुबलं गुरु ॥ ८ ॥

અરણ્યવાસી લોકોનું સૈન્ય સ્વભાવથી જ અધાર્મિક હોય છે, લોભી હોય છે અનાર્ય જાતિનું હોય છે, કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરનારું હોય છે; તે માટે લોકોના કરતાં શત્રુસૈન્ય એટલે શત્રુના શત્રુનું સૈન્ય ઉત્તમ છે. ૮

उभयं तद्विलोपार्थं कालापेक्षं व्यवस्थितम् ।
विलोपे व्यसने चैव तत्रास्य विजयो ध्रुवः ॥ ९ ॥

શત્રુના સૈન્યને તથા આરણ્યક લોકોના સૈન્યને, આ બન્નેય સૈન્યને શત્રુરાજાની પ્રભુશક્તિનો નાશ કરવામાટે રાખવામાં આવે છે અને તે બન્ને સૈન્ય સમયની વાટ જોઇને બેસી રહે છે. આ સૈન્યને મોકલવાથી શત્રુરાજાની પ્રભુશક્તિનો નાશ થાય છે, તો પણ અથવા તો તે સૈન્ય પંડે વિપત્તિમાં આવી પડે છે તો પણ વિજિગીષુ રાજાનો અવશ્ય વિજય થાય છે. ૯

उपजापकृतात् तु स्याद् भयमस्माद् विशेषतः ।
परस्य चाप्युपजपेदुपजापाद् ध्रुवो जयः ॥ १० ॥

આ બન્ને સૈન્યને જો શત્રુ તરફથી ફોડવામાં આવે છે તો આ બન્ને તરફથી વિજિગીષુ રાજાને વિશેષ ભય આવી પડે છે. પરંતુ તે બન્ને સૈન્ય જો શત્રુરાજાનાં સૈન્યમાં ફાટફૂટ ઉભી કરે છે તો વિજિગીષુ રાજાનો અવશ્ય વિજય થાય છે. ૧૦

स्फीतसारानुरक्तेन मौलेनोपचितः परः ।
तत्तुल्येनैव यातव्यः क्षयव्ययसहिष्णुना ॥ ११ ॥

જે રાજાના ઉપર ચઢાઈ કરવી હોય, તે શત્રુરાજા મહાન્ બળવાળાં અને અનુરાગવાળાં મૌલ સૈન્યથી બળવાન્ હોય, તો વિજિગીષુ રાજાએ પણ મનુષ્યની હાનિને તથા ઢોરઢાંખરની અને ધનની હાનિને સહન કરી શકનારાં મૌલ સૈન્યને સાથે લઈને જ શત્રુરાજાના ઉપર ચઢાઈ કરવી. ૧૧

ભાવાર્થઃ-મૌલ સૈન્યમાં મનુષ્યનો ઘસારો તથા ધનનો ઘસારો સહન કરવાની શક્તિ હોય છે, માટે ખરે વખતે મૌલ સૈન્ય જ કામ લાગે છે. ૧૧

प्रकृष्टेऽध्वनि काले वा गच्छेन्मौलैः सुमानितैः ।
मौलास्तु दीर्घकालत्वात् क्षयव्ययसहिष्णवः ॥ १२ ॥

રાજાને ઘણા દૂર દેશ ઉપર ચઢાઈ કરવાની હોય અને તે ચઢાઈ લાંબા કાળ સૂધી ચાલવાની હોય તો રાજાએ અત્યંત માનીતા એવા મૌલ સીપાઈઓની સાથે (શત્રુના દેશ ઉપર) ચઢાઈ કરવી. કારણ કે વંશપરંપરાના સીપાઈઓ લાંબા કાળના હોવાથી મનુષ્યના ક્ષયને તથા વાહનાદિકના વ્યયને સહન કરે છે. ૧૨

एषु वस्तुषु मेधावी भृतादीनि विवर्जयेत् ।
दीर्घाध्वकालखिन्नेषु तेषु भेदभयं भवेत् ॥ १३ ॥

બુદ્ધિમાન્ રાજાએ ઉપર કહેલાં યુદ્ધોમાં ભૃતાદિક સૈન્યને સાથે લેવાં નહિ. કારણ કે લાંબો માર્ગ ખેડવાથી તથા ઘણો સમય સૂધી યુદ્ધમાં રોકાવાથી ભૃતાદિ સૈન્યને (શત્રુરાજાના તરફથી) ફોડવાનો ભય રહે છે. ૧૩

बहुत्वादेव सैन्यानां दीर्घकालाच्च खेदतः ।
नित्यप्रवासयानाभ्यां भेदोऽवश्यं हि जायते ॥ १४ ॥

સૈન્યની સંખ્યા ઘણી જ મોટી હોવાથી સર્વના ઉપર ધ્યાન આપી શકાતું નથી તેથી, સૈન્યને યુદ્ધમાં ઘણો વખત સૂધી રોકાવું પડે છે તેથી, નિત્ય મુસાફરી કરવી પડે છે તેથી, અને શત્રુના ઉપર નિત્ય ચઢાઈ કરવી પડે છે તેથી, સૈન્ય કંટાળી જાય છે અને તેથી (ગુપ્ત દૂતો) ભૃતાદિક સૈન્યોમાં અવશ્ય ભેદ ઉભો કરે છે અર્થાત્ તેને ફોડે છે. ૧૪

प्रभूतं मे भृतबलं मौलमल्पमसारवत् ।
अरेरल्पं विरक्तं वा मौलं प्रायोऽल्पसारवत् ॥ १५ ॥

મારું ભૃતસૈન્ય (પગારદાર સૈન્ય) મોટું છે અને મૌલસૈન્ય થોડું છે, ને તે બળ વિનાનું (કેળવણી વિનાનું) છે અને શત્રુનું મૌલ સૈન્ય* થોડું છે, પોતાના રાજા ઉપર પ્રીતિવિનાનું છે અને ઘણું કરીને થોડા બળવાળું છે. આમ જાણ્યા પછી વિજિગીષુ રાજાએ ભૃતસૈન્યને સાથે લઈને શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૧૫

प्रायो मन्त्रेण योद्धव्यमल्पायासेन चैव हि ।
अल्पः कालस्तु देशो वा प्रभूतौ च क्षयव्ययौ ॥ १६ ॥

---

* શત્રુનું મૌલ સૈન્ય પોતાના રાજા ઉપર અપ્રીતિ ધરાવતું હોય તો તે વખતે પોતાનું નાનું પણ ભક્તિવાળું મૌલ સૈન્ય ઘણું કામ કરી શકે છે અને પોતાના ચિત્તને વિનય અપાવે છે. જયમંગલાકાર આ શ્લોકમાં ભૃતબલ નામનાં સૈન્યને સાથે લેવાનું કહે છે, અને છેવટે લખે છે કે; किं मौलेन अल्प અને असार મૌલ શું કરી શકે ?

વિજિગીષુ રાજાએ ઘણું કરીને કૂટયુદ્ધ (કપટયુદ્ધ) કરવું. કારણ કે તેમાં પરિશ્રમ થોડો પડે છે, સમય પણ થોડો જાય છે, દેશ પણ થોડો ખેડવો પડે છે, અને મનુષ્યનો તથા ઢોરઢાંખર વગેરે પશુનો ક્ષય પણ થોડો થાય છે. ૧૬

ભાવાર્થ:–આ શ્લોકમાં કૂટયુદ્ધ એટલે કપટયુદ્ધ કરવાનું કહ્યું છે. તેનો તાત્પર્ય એ છે કે; કપટયુદ્ધ કરનારો પોતાના નાનાં સૈન્યથી પણ વિશેષ બલવાન શત્રુનો પરાજય કરી શકે છે અને તેને પરિશ્રમ પણ ઓછો પડે છે. મરાઠા લોકો પાસે થોડુંક સૈન્ય હતું ત્યારે તેના શત્રુઓની પાસે મોટું સૈન્ય હતું, તેથી તેઓ કપટયુદ્ધને પસંદ કરતા હતા ૧૬.

ભૃત સૈન્યનો ઉપયોગ કરવાનો સમય

शान्तोपजापविश्वस्तमस्मत्सैन्यं परस्य वा ।
अल्पप्रसारो हन्तव्य इत्युपेयाद् भृतैर्बलैः ॥ १७ ॥

જે સમયે પોતાના સૈન્યમાં શત્રુ તરફથી ઉપજાપ (ખટપટ) થાતો ન હોય, સૈન્ય વિશ્વાસુ થયેલું હોય અને શત્રુ તરફથી થોડી હીલચાલ થાતી હોય, તે સમયે વિજિગીષુ રાજાએ ભૃતસૈન્યની સાથે (પગારદાર સૈન્યની સાથે) શત્રુ રાજાના ઉપર ચઢાઈ કરવી. ૧૭

શ્રેણિસૈન્યનો ઉપયોગ કરવાનો સમય

स्फीतं श्रेणिबलं शक्यमाधातुं यानवर्त्मनि ।
ह्रस्वौ प्रवासव्यायामाविति श्रेण्या समुत्पतेत् ॥ १८ ॥

પોતાની પાસે શ્રેણિસૈન્ય ઘણું હોય અને તે યાત્રામાં સાથે લઈ શકાય તેટલું તથા મૂળ રાજધાનીમાં રાખી શકાય તેટલું હોય તથા પ્રવાસનો (મુસાફરીનો) અને યુદ્ધનો પરિશ્રમ થોડો હોય તો શ્રેણિ નામનાં સૈન્યની સાથે શત્રુરાજાના ઉપર ચઢાઈ કરવી. ૧૮

મિત્રના સૈન્યનો ઉપયોગ કરવાનો સમય

प्रभूतं हि सुहृत्सैन्यं शक्यमाधातुमात्मनि ।
अल्पप्रवासो मन्त्राच्च भूयो व्यायामयोधनम् ॥ १९ ॥

મિત્રનું સૈન્ય ઘણું મોટું હોય અને તે પોતાનાં સૈન્યમાં ભેળી શકાય તેવું હોય, પ્રવાસ થોડો કરવાનો હોય અને શત્રુના ઉપર કપટથી વારંવાર હુમલા કરવાના હોય ત્યારે મિત્રનાં સૈન્યને સાથે લઈને શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૧૯.

मित्रसाधारणे कार्ये मित्रायत्ते फलोदये ।
अनुग्राह्ये च पीड्ये च मित्रेणैव सह व्रजेत् ॥ २० ॥

પોતાનું અને મિત્રનું એક જ કાર્ય હોય અને તે કાર્યનો આધાર મિત્રના ઉપર હોય તથા જિતનો અર્ધભાગ આપીને મિત્રના ઉપર અનુગ્રહ કરવો હોય અથવા તો મિત્રની વૃદ્ધિ થઈ હોય તેથી તેને પીડા કરીને દુઃખી કરવો હોય ત્યારે મિત્રને સાથે લઈને શત્રુના ઉપર ચઢાઈ કરવી. ૨૦

શત્રુના સૈન્યનો ઉપયોગ કરવાનો સમય

प्रभूतेनारिसैन्येन योधयेन्महतो रिपुन् ।
श्वसूकरवधापेक्षी नयं चण्डालवन्नयेत् ॥ २१ ॥

ચંડાલ લોકો જેમ કુતરાંઓની પાસે સુવરોનો નાશ કરાવે છે, તે ન્યાયને અનુસરીને વિજિગીષુ રાજાએ પણ મોટાં શત્રુસૈન્યની પાસે પોતાના શત્રુના મોટા સૈન્યનો નાશ કરાવવો. ૨૧

ભાવાર્થઃ—વાધરીઓ જ્યારે સૂવરનો શિકાર કરવા જાય છે ત્યારે સાથે કુતરાઓને લઈ જાય છે અને સૂવરોના ઉપર પ્રથમ કુતરાઓને છૂટા મૂકે છે. જો કુતરાઓ સૂવરોને મારી નાંખે છે તો પોતાને ઓછી મહેનત કરવી પડે છે અને પોતાને લાભ થાય છે અને જો સૂવરો કુતરાઓને

ફાડી ખાય છે તો ચાંડાલોને કોઈ પણ જાતની હાનિ થાતી નથી. તેમજ વિજિગીષુ રાજાએ પણ મોટા શત્રુઓની સાથે શત્રુનાં સૈન્યને પ્રથમ લઢવાને મોકલવું. જો શત્રુસૈન્ય શત્રુઓને મારીને વિજય કરે છે તો પોતાનો વિજય થાય છે અને શત્રુસૈન્ય લઢાઇમાં મરી જાય છે, તોપણ તેથી પોતાને હાનિ થાતી નથી. ૨૧.

अत्यूर्जितं कोपभयादभ्याशे तु रिपोर्बलम् ।
वासयेत् कर्शयेच्चैव दुर्गकण्टकमर्दनैः ॥ २२ ॥

શત્રુનું સૈન્ય જો અત્યંત બળવાન્ હોય છે તો તે બાહ્ય કોપને ઉભો કરે છે. માટે રાજાએ તેને પોતાની પાસે જ રાખવું અને પ્રસંગે પ્રસંગે ભયંકર દેશમાં ચઢાઈ તરીકે મોકલીને તથા તેની પાસે શત્રુઓનો નાશ કરાવીને તેને નિર્બળ કરી નાંખવું. ૨૨

ભાવાર્થઃ-બાહ્યકોપ એટલે બહારના લોકોને ઉશ્કેરીને કોપાયમાન કરવા અને હુલ્લડ કરાવવું અને આંતરકોપ એટલે અંદરના મનુષ્યોને ઉશ્કેરીને કોપાયમાન કરવા અને તેઓની પાસે હુલ્લડ કરાવવું. આંતર મનુષ્યોમાં રાજાના અમાત્યો, સેનાપતિ, પુરોહિત, રાજાના ભાયાતો વગેરે જાણવા. ૨૨.

જંગલી સૈન્યનો ઉપયોગ કરવાનો સમય

नित्यमाटविकं सैन्यं दुर्गकण्टकशोधने ।
परदेशप्रवेशे च पुरस्कुर्वीत पण्डितः ॥ २३ ॥

નીતિનિપુણ રાજાએ આરણ્યક સૈન્યને (જંગલી લોકોનાં સૈન્યને) નિત્ય પરદેશની ચઢાઇમાં સૌથી પહેલું મોકલવું તથા ભયંકર દેશમાં વસનારા દુષ્ટ લોકોને શિક્ષા કરવા માટે પણ સૌથી પ્રથમ તેને મોકલવું. ૨૩

ભાવાર્થઃ-જંગલી લશ્કર જો જિત મેળવે છે તો રાજાનો વિજય થાય છે અને હારીને મરણ પામે છે તો તાદે પાણીએ ખસ ગયા જેવું થાય છે. કારણ કે જંગલી સૈન્ય તોફાની હોય છે તેથી તેને તાબે રાખવામાં રાજાને ઘણો જ પરિશ્રમ પડે છે. એક વખત તાબે થાય છે, પરંતુ બીજે વખતે ફરી બેસે છે માટે તેનો ઉપયોગ ઉપર પ્રમાણે કરવાનું કહ્યું છે.૨૩

एतन्मौलादि षड्भेदं चतुरङ्गं बलं विदुः ।
षडङ्गं मन्त्रकोशाभ्यां पदात्यश्वरथद्विपैः ॥ २४ ॥

આ રીતે નીતિશાસ્ત્રવેત્તાઓ મૌલ વગેરે છ પ્રકારનું સૈન્ય અને તેના ઉપયોગવિશે કહે છે, અને તે સૈન્યનાં મંત્ર, કોશ, હાથી, ઘોડા, રથ અને પાળા આ છ અંગ છે. ૨૪

ભાવાર્થઃ—અંગો એટલે અવયવો તે અંગીને સહાયતા કરે છે. આ વાત પ્રસિદ્ધ છે. તેથી અહીં મંત્રાદિકને સૈન્યના અંગની ઉપમા આપી છે. મંત્રાદિકની સહાયતાથી જ સૈન્ય શત્રુનો પરાજય કરી શકે છે. જો મંત્રાદિકની સહાયતા ન હોય તો સૈન્ય કંઈ પણ કરી શકતું નથી. ૨૪

इति षड्विधमेतद्धि यथायोगं बलं बली ।
सुनिश्छिद्रं प्रतिव्यूह्य यायात् परबलं बली ॥ २५ ॥

આ રીતે સર્વથા વ્યસન વિનાનાં છ પ્રકારનાં સૈન્યને નીતિશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વ્યૂહરચનામાં ગોઠવીને બળવાન્ વિજિગીષુ રાજાએ શત્રુનાં સૈન્ય ઉપર ચઢાઈ કરવી. ૨૫

ભાવાર્થઃ—સૈન્યને અનેક જાતનાં વ્યસન એટલે દુઃખ હોય છે; જેમકે ભોજનનો સમય થયા છતાં સૈન્યને ખોરાક પહોંચાડવામાં આવે નહિ, પાણીને માટે જોઇતી ગોઠવણ હોય નહિ, દારુ, રંડીબાજી વગેરે વ્યસનોમાં સૈન્ય મસ્ત રહેતું હોય, આ બધાં વ્યસનોને સેનામાંથી દૂર કરવાની જરૂર છે. ૨૫

योगमस्य विजानीयात् सर्वं मन्त्रादिना नृपः ।
कृताकृतं प्रचारं च साधु सेनापतेस्तथा ॥ २६ ॥

રાજાએ મંત્રાદિકદ્વારા (ગુપ્ત દૂતાદિકદ્વારા) પોતાના સૈન્યને પોતાના મનુષ્યોની સાથે તથા પારકા મનુષ્યોની સાથે કેવો સંબંધ છે તે જાણવું તથા સેનાપતિએ કયું કાર્ય કર્યું છે, કયું કાર્ય કર્યું નથી તથા વર્તમાન સમયમાં તે શું કરે છે, તે પણ સારી રીતે જાણ્યા કરવું. ૨૬

'સૈન્યના બળાબળનો વિચાર' આ નામનું પ્રકરણ ૨૮ મું સમાપ્ત.

સર્ગ ૧૯ મો-પ્રકરણ ૨૯ મું

સેનાપતિનું કર્તવ્ય

कुलोद्भूतं जानपदं मन्त्रज्ञं मन्त्रिसम्मतम् ।
दण्डनीतेः प्रयोक्तारमध्येतारं च तत्त्वतः ॥ २७ ॥

જે પુરુષ ઉત્તમ કુળમાં જન્મેલો હોય, પોતાના દેશમાં જ જન્મેલો હોય, રાજકીય ગુપ્ત વિચારો કરી જાણતો હોય, મંત્રીઓમાં માનીતો હોય, દંડનીતિનો પ્રયોગ કરી જાણતો હોય; તથા દંડનીતિને યથાર્થ રીતે ભણેલો હોય. ૨૭

ભાવાર્થઃ-જે પુરુષ સારા કુળમાં જન્મેલો હોય છે તે પોતાના રાજાની સાથે દગાથી રમતો નથી, જે પોતાના દેશનો હોય છે તેના ઉપર સર્વ પ્રજાનો વિશ્વાસ હોય છે, રાજકીય વિચાર જાણનારો કાર્યનો નિર્ણય કરવામાં કુશળ હોય છે અને સંકટના સમયમાં કાર્ય સિદ્ધ કરી શકે છે. તે મંત્રીઓનો માનીતો હોવાથી મંત્રીઓની સાથે મળીને જ સર્વ કાર્ય કરે છે તેથી તેનાં કાર્યને કોઈ વખોડતું નથી. વળી તે માત્રદંડનો ઉપયોગજ કરનારો ન હોય. પણ તેણે દંડનીતિનો અભ્યાસ પણ કરેલો હોવો જોઇએ. માટે કામંદક કહે છે કે, દંડનીતિને યથાર્થ રીતે જાણનારો પણ તે હોવો જોઇએ. કારણ કે પ્રયોગનો આધાર જ્ઞાનના આધીન હોય છે. ૨૭

सत्यसत्त्वक्षमास्थैर्यमाधुर्यार्यगुणान्वितम् ।
प्रभावोत्साहसम्पन्नमाजीव्यमनुजीविनाम् ॥ २८ ॥

વળી જે સત્યવાદી, ધૈર્યવાન્, ક્ષમાશીલ, કાર્ય કરવામાં દૃઢ, મીઠાસવાળો (મધુરભાષી) તથા આર્ય પુરુષના ગુણોથી (સત્યવાદિત્વાદિક ગુણોથી) ભરેલો હોય, પ્રભાવશક્તિ અને ઉત્સાહશક્તિવાળો હોય, પોતાના આશ્રિતોનું પોષણ કરનારો હોય. ૨૮

ભાવાર્થઃ-રાજકીય કાર્ય સાધવા માટે સમયને અનુસરીને સેનાપતિને ક્ષમા પણ ધારણ કરવી પડે છે, નહિતર તેનું કાર્ય સિદ્ધ થાતું નથી;

વખત જોઇને તેને મધુરતા પણ વાપરવી પડે છે, તેથી યોધાઓ તેને અનુસરે છે. વળી સેનાપતિમાં આર્ય પુરુષના ગુણ હોવા જોઇએ આમ કહ્યું છે. તે આર્ય પુરુષના ગુણ આ પ્રમાણે છેઃ—"कुलं शीलं दया दानं, धर्मः सत्यं कृतज्ञता अद्रोहः" । કુળ, શીલ, દયા, દાન, ધર્મ, સત્ય, કૃતજ્ઞતા અને અદ્રોહ. આ આર્ય પુરુષના ગુણ છે અને તે સેનાપતિમાં હોવા જોઇએ. સેનાપતિ શૌર્ય વગેરે ઉત્સાહના ગુણવાળો હોય, પરંતુ પ્રતાપ વિનાનો હોય અથવા પ્રતાપી હોય, પરંતુ તેનામાં ઉત્સાહના ગુણો ન હોય તો લોકો તેનો પરાજય કરે છે. પરંતુ તેનામાં શૌર્ય અને પ્રતાપ બન્ને હોય એટલે પ્રભાવશક્તિ અને ઉત્સાહશક્તિ બને હોય તો તેનું કોઈ અપમાન કરી શકતું નથી. તેમાં પણ ઉત્સાહશક્તિ પ્રધાન ગણાય છે. કારણ કે પ્રતાપાદિકની ઉત્પત્તિ ઉત્સાહથી થાય છે. ૨૮

मित्रवन्तमुदाराढ्यं बहुस्वजनबान्धवम् ।
व्यवहारिणमक्षुद्रं पौरप्रकृतिसम्मतम् ॥ २९ ॥

જે મિત્રવાળો, ઉદારતાવાળો મોટા કુટુંબવાળો, ઘણા ભાઇઓવાળો, પૈસાની લેવડદેવડના કાર્યમાં કુશળ, કજીયાથી દૂર રહેનારો, સત્પુરુષોની સાથે મિત્રતા રાખનારો અને નગરનાં મનુષ્યોમાં તથા રાજાના પ્રકૃતિમંડળમાં માનીતો હોય. ૨૯

ભાવાર્થઃ—જો સેનાપતિના ઘણા મિત્ર હોય છે તો તેનો કોઈ નાશ કરી શકતું નથી, તેથી કામંદક તેને ઘણા મિત્રવાળો હોવાનું કહે છે. ઉદારતાના ગુણથી લોકોનો તેના તરફ ભક્તિભાવ વધે છે. જેને ઘણા સગા સંબંધીઓ અને ભાઇઓ હોય છે તેવા મોટા કુટુંબવાળા સેનાપતિને પોતાના સંબંધીઓ તરફનાં તથા ભાઇઓ તરફનાં બળનો લાભ મળે છે, તેથી બીજાઓ તેનાથી ડરે છે. સેનાપતિએ કલહ તરફ પ્રીતિ રાખવી નહિ, પરંતુ સામ દામથી જ કાર્ય કરવું જોઇએ તેથી કામંદકે સેનાપતિને અક્ષુદ્ર એટલે કલહથી દૂર રહેનાર એવું વિશેષણ આપ્યું છે. વળી જે સેનાપતિ નગર જનોમાં તથા રાજાના અધિકારીઓમાં બળખામણો હોય છે, તે પોતાના

અધિકારનું કાર્ય કરી શકતો નથી; તેથી કામંદક કહે છે કે, સેનાપતિ નગર જનોમાં તથા રાજાના પ્રકૃતિમંડળમાં માનીતો હોવો જોઇએ. પ્રજાપ્રિય સેનાપતિ પોતાનાં સર્વ કાર્ય પરિશ્રમ વગર કરી શકે છે. ૨૯

नित्याकारणवैराणामकर्तारमनाविलम् ।
शुभानुबन्धिकर्माणमल्पामित्रं बहुश्रुतम् ॥ ३० ॥

વળી જે નિષ્ફળ તથા કારણ વગર વૈર કરનાર ન હોય, ચાડીખોર ન હોય, શુભ ફળ આપનારાં કર્મ કરનારો, થોડા શત્રુવાળો અને બહુશ્રુત (ઘણાં શાસ્ત્ર જાણુનારો) હોય. ૩૦

ભાવાર્થ:–જે પુરુષ શુભ પરિણામવાળાં કર્મ કરે છે, તે પુરુષ પોતાના તથા પારકા મંડળમાં પૂજ્ય થઈ પડે છે તથા જે પુરુષ બહુશ્રુત હોય છે એટલે ઘણાં શાસ્ત્ર જાણે છે, તેને સંકટને વખતે મોહ પામતો નથી. ૩૦

अरोगं व्यायतं शूरं त्यागिनं कालवेदिनम् ।
कल्याणाकृतिसम्पन्नं सत्सम्भाव्यपराक्रमम् ॥ ३१ ॥

આરોગ્ય, ઉંચી કાયાવાળો (ઉંચા શરીરવાળો), શૂરવીર, દાતા, સમયના સ્વરૂપને જાણુનારો, સુંદર દેખાવવાળો તથા જેનાં ઉત્તમ પરાક્રમો જોઇને લોકો જેના અસાધારણ ગુણનું અનુમાન કરી શકે તેવો હોય, ૩૧

गजाश्वरथचर्यासु शिक्षितं सुजितश्रमम् ।
खड्गयुद्धे नियुद्धे च शीघ्रचङ्क्रमणक्षमम् ॥ ३२ ॥
युद्धभूमिविभागज्ञं सिंहवद् दृढविक्रमम् ।
अदीर्घसूत्रं निस्तन्द्रममर्षणमनुद्धतम् ॥ ३३ ॥
हस्त्यश्वरथशस्त्राणां सम्यग् लक्षणवेदिनम् ।
नरान्तरविवेकज्ञं कृतज्ञमनुकम्पकम् ॥ ३४ ॥
धर्मकर्मसमायोगे कुशलं कुशलानुगम् ।
सर्वयुद्धक्रियोपेतं शक्तं तत्परिकर्मणि ॥ ३५ ॥

स्वभावचित्तज्ञतया युक्तमश्वनृदन्तिनाम् ।
तन्नाम्नां चापि वेत्तारं तद्विधानोपपादकम् ॥ ३६ ॥
देशभाषास्वभावज्ञं लिपिज्ञं सुदृढस्मृतिम् ।
निशाप्रचारकुशलं शकुनज्ञाननिश्चितम् ॥ ३७ ॥
उदयास्तमयज्ञं च नक्षत्राणां ग्रहैः सह ।
दिग्देशमार्गविज्ञानसम्पन्नं तज्ज्ञसेवितम् ॥ ३८ ॥

જે હાથી, ઘોડા તથા રથ ઉપર ચઢીને ફરવાનું જાણતો હોય, થાક વગર કાર્ય કરનારો, તરવારના યુદ્ધમાં તથા મલ્લયુદ્ધમાં કુશળ, વિજળીની પેઠે ઉતાવળથી ચાલનારો, યુદ્ધની ભૂમિના વિભાગોને જાણનારો, સિંહની પેઠે દૃઢ પરાક્રમવાળો, થાથાઈ વિનાનો, તંદ્રા વિનાનો, તિરસ્કારને સહન કરનારો, સરળ સ્વભાવનો, હાથીઓનાં, ઘોડાઓનાં, રથોનાં તથા શસ્ત્રોનાં લક્ષણોને સારી રીતે જાણનારે સામા મનુષ્યના ગુણોને જાણનારો, કરેલા ઉપકારને જાણનારો, દુઃખીઓના ઉપર દયા કરનારો, યુદ્ધના સર્વ ઉપાયોમાં કુશળ, યુદ્ધકુશળ પુરુષોથી અનુસરાતો, સર્વ પ્રકારની યુદ્ધક્રિયામાં કુશળ, વ્યૂહરચના વગેરે કરવામાં શક્તિમાન્, ઘોડાઓના, મનુષ્યોના તથા હાથીઓના સ્વભાવને તથા ચિત્તને જાણનારો, વ્યવહારમાં તેઓનો ઉપયોગ કરવા માટે તેઓનાં નામ જાણનારો, તેઓને ઉછેરવાના કાર્યમાં કુશળ, જૂદા જૂદા દેશની ભાષાને તથા તે તે દેશના મનુષ્યોના સ્વભાવને જાણનારો, દેશ દેશની લિપિને (અક્ષરોને) જાણનારો, અત્યંત દૃઢ સ્મૃતિવાળો, રાત્રે નગરમાં ફરવામાં કુશળ, શકુન ઉપરથી શુભાશુભનો નિર્ણય કરનારો, સત્યાવીશ નક્ષત્રોના તથા નવ ગ્રહોના શુભ અશુભ ફળ આપનારા ઉદયને તથા અસ્તને જાણનારો, દિશાઓને તથા દેશોના માર્ગને જાણવામાં કુશળ, દિશાઓને તથા દેશોના માર્ગને જાણનારા પુરુષોને પાસે રાખનારો, ૩૨–૩૮

क्षुत्पिपासाक्लमत्रासशीतवातोष्णवृत्तिभिः ।
अनाहितभयक्लान्तिं तत्संविग्नाभयप्रदम् ॥ ३९ ॥
हन्तारं परसैन्यानां दुःसाधाहितनिश्चयम् ।
हतानां च स्वसैन्यानां सम्यविष्टम्भनक्षमम् ॥ ४० ॥
अवस्कन्दाभिमन्तारं वेत्तारं सैन्यकर्मणाम् ।
परदूतप्रचारज्ञं महारम्भफलोपगम् ॥ ४१ ॥
शश्वत्संसिद्धकर्माणं सिद्धकर्मनिषेवितम् ।
पराभवेष्वनिर्विण्णं श्रीमद्राजार्थतत्परम् ॥ ४२ ॥
इत्यादिलक्षणोपेतं कुर्वीत ध्वजिनीपतिम् ।
ध्वजिनीं तु सदोद्युक्तः स गोपायेद् दिवानिशम् ॥ ४३ ॥

ક્ષુધા, તૃષા, પરિશ્રમ, ત્રાસ, તાઢ, પવન અને તડકો વેઠવાથી ભયને તથા ગ્લાનિને સહન કરનારો તથા ક્ષુધા વગેરેથી પીડા પામનારા સીપાઇઓને ક્ષુધાદિકની પીડામાંથી છૂટા કરીને અભય આપનારો, શત્રુનાં સૈન્યોનો નાશ કરનારો, દુઃસાધ્ય કાર્ય કરવામાટે દૃઢ પ્રતિજ્ઞા કરનારો, ઘાયલ થયેલાં પોતાનાં સૈન્યોને સારી રીતે આશ્રય આપવા માટે સમર્થ, શત્રુઓએ કેદ કરેલા પુરુષોને બળની સહાયતા આપીને તેના તરફ પોતાનું અભિમાન દર્શાવનારો, સૈન્યનાં સર્વ કર્મોને જાણનારો, શત્રુ તરફના દૂતની હીલચાલને જાણનારો, ફળની પ્રાપ્તિ સૂધી મહાન્ ઉદ્યમ કરનારો, જેનાં આરંભેલાં કાર્ય નિત્ય સિદ્ધ થાતાં હોય તેવો, કાર્યને સિદ્ધ કરનારા પુરુષોને પાસે રાખનારો, પરાભવ થયા છતાં પણ ખિન્ન નહિ થનારો, પોતાનાં રાજ્યની રક્ષામાટે રાત દિવસ તત્પર રહેનારો ઇત્યાદિક ગુણવાળા પુરુષને રાજાએ સેનાનો પતિ બનાવવો અને તે સેનાપતિએ નિત્ય હથિયારબંધ થઇને રાત દિવસ સેનાનું રક્ષણ કરવું. ૩૯-૪૩

नद्यद्रिवनदुर्गेषु यत्र यत्र भयं भवेत् ।
सेनापतिस्तत्रतत्र गच्छेद् व्यूहीकृतैर्बलैः ॥ ४४ ॥

વળી નદીના, પર્વતના અને વનના ભયંકર પ્રદેશોમાં જ્યાં જ્યાં ભય લાગે ત્યાં ત્યાં તે સેનાપતિએ સૈન્યને વ્યૂહ રચનામાં ગોઠવીને તુરત જવું. ૪૪.

'સેનાપતિ પ્રચાર' નામનું પ્રકરણ ૨૯ મું સમાપ્ત.

સર્ગ ૧૯ મો–પ્રકરણ ૩૦ મું

પ્રયાણવ્યસન રક્ષણવિશે

नायकः पुरतो यायात् प्रवीरपुरुषावृतः ।
मध्ये कलत्रं स्वामी च कोशः फल्गु च यद्बलम् ॥ ४५ ॥

સેનાના નાયકે મહાન્ વીર પુરુષોથી વિંટાઇને સેનાને મોખરે ચાલવું, સેનાના મધ્ય ભાગમાં રાણીઓને, રાજાને, કોશને (ધન ભંડારને) તથા વેઠે પકડેલાં સૈન્યને રાખવું. ૪૫

ભાવાર્થઃ–આ પ્રકરણનું નામ પ્રયાણવ્યસન રક્ષણ છે. એટલે ચઢાઈ વખતે સંકટ આવી પડે તો તેમાંથી કેમ રક્ષણ કરવું, આવો આનો અર્થ થાય છે. આ પ્રકરણમાં સેનાની કેવી રીતે ગોઠવણ કરીને ચઢાઈ કરવી, ચઢાઇમાં સંકટ આવી પડે ત્યારે પોતાનાં સૈન્યનું શત્રુઓથી કેવી રીતે રક્ષણ કરવું, તે વિષય વર્ણવવામાં આવશે. સેનાનાયક તથા સેનાપતિ આમ બન્નેને જૂદા જૂદા કહ્યા છે. તેમાં એક હજાર સીપાઇના સરદારને સેનાનાયક અને તેના ઉપરીને સેનાપતિ કહે છે. ૪૫

पार्श्वयोरुभयोरश्वा अश्वानां पार्श्वयो रथाः ।
रथानां पार्श्वयोर्नागा नागानां चाटवीबलम् ॥ ४६ ॥

રાજાની બન્ને બાજુ ઉપર ઘોડેસ્વારોએ ચાલવું, ઘોડેસ્વારોની

બન્ને બાજુ ઉપર રથોએ ચાલવું, રથોની બન્ને બાજુપર હાથીઓએ ચાલવું અને હાથીઓની બન્ને બાજુપર જંગલી સૈન્યે ચાલવું. ૪૬

पश्चात् सेनापतिः सर्वं पुरस्कृत्य कृती स्वयम् ।
यायात् सन्नद्धसैन्यौघः खिन्नानाश्वासयञ्छनैः ॥ ४७ ॥

કાર્યકુશળ સેનાપતિએ તે સર્વને આગળ કરીને પંડે સર્વ સૈન્યને હથિયારબંધ કરીને રાજાની પાછળ ચાલવું તથા જેઓ માર્ગના પરિશ્રમથી ખિન્ન થઈ ગયા હોય, તેઓને ધીરે ધીરે સમજાવીને ઉત્સાહી બનાવવા. ૪૭

यायाद् व्यूहेन महता मकरेण पुरोभये ।
श्येनेनोद्धृतपक्षेण सूच्या वा वीरवक्त्रया ॥ ४८ ॥

જો (શત્રુના તરફથી) આગળના ભાગમાં ભય જણાતો હોય તો મકરાકાર (મધરમચ્છના આકારનો) મોટો વ્યૂહ કરીને કુચ કરવી અથવા તો વિશાળ પાંખવાળા શકરાના આકારનો વ્યૂહ ગોઠવીને કુચ કરવી અથવા તો સોઇના આકારનો વ્યૂહ ગોઠવી, તે વ્યૂહના મોખરા ઉપર વીરપુરુષોને રાખી કુચ કરવી. ૪૮

पश्चाद्भये तु शकटं पार्श्वयोर्वज्रसंज्ञितम् ।
सर्वतः सर्वतोभद्रं भये व्यूहं प्रकल्पयेत् ॥ ४९ ॥

પાછળના ભાગમાં શત્રુ તરફનો ભય જણાય તો શકટાકાર (ગાડાના આકારનો) વ્યૂહ ગોઠવવો. બન્ને બાજુ ઉપર ભય જણાય તો વજ્રાકાર વ્યૂહ ગોઠવવો. ચોતરફ શત્રુનો ભય જણાય તો સર્વતોભદ્રના આકારનો વ્યૂહ ગોઠવવો. ૪૯

कन्दरे शैलगहने निम्नगावनसङ्कटे ।
दीर्घाध्वनि परिश्रान्तं क्षुत्पिपासाहितक्लमम् ॥ ५० ॥

व्याधिदुर्भिक्षमरणपीडितं दस्युभिर्द्रुतम् ।
पङ्कपांसुजलच्छन्नं व्यस्तं पुञ्जीकृतं पथि ॥ ५१ ॥
प्रसुप्तं भोजनव्यग्रमभूमिष्ठमसंस्थितम् ।
चोराग्निभयवित्रस्तं वृष्टिवातसमाकुलम् ॥ ५२ ॥
एवमादिषु जातेषु व्यसनेष्वसमाकुलः ।
स्वसैन्यं साधु संरक्षेत् परसैन्यं च घातयेत् ॥ ५३ ॥

પોતાનું સૈન્ય પર્વતની ગુફામાં તથા પર્વતના ગહન પ્રદેશોમાં ચઢવા ઉતરવાથી તથા નદીના અને વનના અત્યંત ગીચ પ્રદેશોમાં તથા લાંબા માર્ગ ઉપર મુસાફરી કરવાથી થાકી ગયું હોય, ભૂખથી તથા તૃષાથી ગ્લાનિ પામ્યું હોય, રોગથી, દુષ્કાળથી તથા મરકીથી પીડા પામેલું હોય, ચોરોએ અત્યંત દુઃખી કરેલું હોય, કાદવથી ખરડાઈ ગયું હોય, ધુડ ધુડ થઈ ગયું હોય, નદી, નેહર, ખાબોચિયાં કે વર્ષાદનાં પાણીથી ભીંજાઈ ગયું હોય, છુટું છુટું વેરાઈ ગયું હોય, (ભયને લીધે) માર્ગમાં એકઠું થઈને ઉભું રહ્યું હોય, ગાઢ નિદ્રામાં પડેલું હોય, જમવામાં રોકાયલું હોય, યુદ્ધમાં અનુપયોગી એવી ભૂમિ ઉપર ઉભેલું હોય, મર્યાદા વિનાનું થઈ પડેલું હોય, ચોરના તથા અગ્નિના ભયથી ડરી ગયેલું હોય, વરસાદથી તથા પવનથી ગભરાઈ ગયેલું હોય, તો એવા એવા સંકટોમાં સૈન્યને જોઈને સેનાપતિએ ગભરાયા વગર પોતાનાં સૈન્યની સારી રીતે રક્ષા કરવી. અને શત્રુનું સૈન્ય (જો ઉપર કહેલાં દુઃખમાં આવી પડ્યું હોય તો તેના ઉપર ચઢાઇ કરીને) તેને મારી નાંખવું. ૫૦-૫૩

'પ્રયાણ વ્યસન રક્ષણ' નામનું પ્રકરણ ૩૦ મું સમાપ્ત.

સર્ગ ૧૯ મો–પ્રકરણ ૩૧ મું

કૂટયુદ્ધના પ્રકાર

विशिष्टो देशकालाभ्यां भिन्नारिप्रकृतिर्बली ।
कुर्यात् प्रकाशयुद्धं हि कूटयुद्धं विपर्यये ॥ ५४ ॥

દેશ તથા કાળ પોતાને અનુકૂળ હોય, શત્રુનાં પ્રકૃતિમંડળને ઉપજાપથી પોતાને વશ કર્યું હોય અને પંડે શત્રુના કરતાં વિશેષ બળવાન્ હોઇએ ત્યારે જાહેર રીતે (કપટ વિના) યુદ્ધ કરવું. પરંતુ દેશ તથા સમય બન્ને પોતાથી વિરુદ્ધ હોય, પોતે શત્રુના પ્રકૃતિમંડળને વશ કર્યું ન હોય, તેમ શત્રુના કરતાં પોતે નિર્બળ હોઇએ ત્યારે કૂટયુદ્ધ કરવું. ૫૪.

ભાવાર્થઃ–આ પ્રકરણ કૂટયુદ્ધ નામનું છે. કૂટયુદ્ધ એટલે કપટયુદ્ધ. શત્રુના કરતાં પોતાનું બળ ઓછું હોય અને પોતાની પાસે સૈન્ય પણ ઓછું હોય, ત્યારે વિજિગીષુ રાજાએ કૂટયુદ્ધ કહેતાં કપટયુદ્ધ કરવું. તેના પ્રકાર આ પ્રકરણમાં કહ્યા છે.

तेष्ववस्कन्दकालेषु परं हन्यात् समाकुलम् ।
अभूमिष्ठं हि भूमिष्ठं तद्भूमौ चोपजापतः ॥ ५५ ॥
प्रकृतिग्रहाकृष्टं पार्श्वैर्वनचरादिभिः ।
हन्यात् प्रवीरपुरुषैर्भङ्गदानापकर्षणैः ॥ ५६ ॥
पुरस्ताद् दर्शनं दत्त्वा तल्लक्षकृतनिश्चयः ।
हन्यात् पश्चात् प्रवीरेण बलेनोत्पीड्य वेगिना ॥ ५७ ॥

(કપટ યુદ્ધ કરનારા રાજાએ) હલ્લો કરવાના તે તે સંકટના સમયોમાં ગભરાઈ ગયેલા શત્રુને હણવો, શત્રુ યુદ્ધને અનુકૂળ નહિ એવી ભૂમિમાં હોય ત્યારે તેને હણવો, યુદ્ધ કરવાને યોગ્ય ભૂમિમાં હોય

અથવા તો પોતાની રાજધાનીમાં હોય ત્યારે ઉપજાપ કરીને (તેના મંત્રી વગેરેમાં ભેદ ઉપજાવીને) તેને હણવો. ૫૫

શત્રુ રાજાનાં પ્રકૃતિ મંડળને કોપાયમાન કરીને તેરૂપી રજ્જુથી તેને પકડી પાડવો, અને જંગલી લોકો રૂપી પાશોથી તેને બાંધવો, તે પછી પોતાના પ્રવીર પુરુષો દ્વારા તેની સેનામાં ભંગાણ પાડીને, તથા તેનાં મનુષ્યોને દાન (લાચ) દઈને પોતાના પક્ષમાં કરવાં અને પછી શત્રુને હણવો. ૫૬

શત્રુના આગળના ભાગમાં દેખાવ દેવો, અને શત્રુ આગળના ભાગમાંથી ચઢાઈ કરશે આવો પંડને નિશ્ચય થાય, એટલે બળવાન તથા વેગવાળાં સૈન્યવડે પાછળના ભાગમાંથી શત્રુને સારી રીતે ઘેરી લઈને હણવો. ૫૭

पश्चाद् वा सङ्कुलीकृत्य हन्यात् सारेण पूर्वतः ।
आभ्यां पार्श्वावघातौ तु व्याख्यातौ कूटयोधने ॥ ५८ ॥

અથવા તો પાછળના ભાગથી શત્રુનાં સૈન્ય ઉપર ચઢાઈ કરીને શત્રુનાં સૈન્યને ગભરાવી મૂકવું અને બળવાન્ સૈન્યવડે આગળના ભાગમાંથી ચઢાઈ કરીને શત્રુનાં સૈન્યને મારી નાંખવું. આ પ્રમાણે જ કૂટયુદ્ધમાં પ્રથમ ડાબી બાજુ તરફ ચઢાઈ કરીને શત્રુને ગભરાવી મૂકવો અને પછી જમણી બાજુ તરફ બળવાન્ સૈન્યની સાથે ચઢાઈ કરીને શત્રુનાં સૈન્યને મારવું અથવા તો જમણી બાજુ તરફ ચઢાઈ કરીને શત્રુને ગભરાવી મૂકવો અને પછી ડાબી બાજુ તરફ ચઢાઈ કરીને શત્રુનાં સૈન્યને મારવું. ૫૮

पुरस्ताद् विषमे देशे पश्चाद्धन्यात्तु वेगवान् ।
पुरः पश्चाच्च विषम एवमेव तु पार्श्वयोः ॥ ५९ ॥

શત્રુનાં સૈન્યના આગલા ભાગમાં વિષમ દેશ અર્થાત્ પર્વત, ખાઈ વગેરે હોય ત્યારે વિજિગીષુ રાજાએ પાછલા ભાગમાંથી વેગથી

હલ્લો કરીને શત્રુનાં સૈન્યને મારવું અને જો પાછળના ભાગમાં વિષમ પ્રદેશ હોય તો આગલા ભાગમાંથી હલ્લો કરીને શત્રુનાં સૈન્યને મારવું. આ રીતે જ ડાબી તથા જમણી બાજુમાં વિષમ દેશનો પણ વિચાર કરીને (શત્રુના ઉપર ચઢાઈ કરવી અને કૂટયુદ્ધથી શત્રુનો નાશ કરવો.) ૫૯

प्रथमं योधयित्वा च दूष्यामित्राटवीबलैः ।
श्रान्तं सन्नं निराक्रन्दं हन्यादश्रान्तवाहनः ॥ ६० ॥

રાજાએ પ્રથમ શત્રુનાં સૈન્યને દૂષ્ય સૈન્યની સાથે, શત્રુનાં શત્રુ સૈન્યની સાથે તથા જંગલી સૈન્યની સાથે લઢાવવું અને શત્રુનું સૈન્ય જ્યારે થાકી જાય, ખિન્ન થઈ જાય, ક્ષીણ થવાથી નિરાશ થઈ જાય ત્યારે બળવાન્ વાહનોની સાથે પંડે ચઢાઈ કરીને શત્રુને હણવો. ૬૦.

ભાવાર્થઃ—જે સૈન્ય લોભી હોય છે, જે સૈન્ય માની હોય છે તથા તે સૈન્ય સ્વાર્થી હોય છે તે ધનની, માનની તથા સ્વાર્થની ખાતર પોતાના રાજાનો ત્યાગ કરીને સામા પક્ષમાં ભળી જાય છે. આવાં સૈન્યને દૂષ્ય સૈન્ય કહેવામાં આવે છે. વિજિગીષુ રાજાએ તે સૈન્યનો વિશ્વાસ કરવો નહિ. શત્રુના શત્રુનું સૈન્ય પણ વિશ્વાસપાત્ર ગણાતું નથી તેમ જ જંગલી સૈન્ય પણ ક્રૂર સ્વભાવનું હોય છે. તેના ઉપર પણ ભરોસો રાખવો નહિ. તોપણ યુદ્ધ સમયે તે સૈન્યને ઉપયોગમાં લેવાં અને શત્રુની સામે ચઢાઈ કરતી વખતે તે સૈન્યને પ્રથમ લઢવાને મોકલવાં; જો વિજય કરીને આવે તો ઠીક છે અને જો મરી જાય છે તો તેથી પોતાને હાનિ થાતી નથી. કામંદક આ શ્લોકમાં પ્રથમ ત્રણ સૈન્યનો યુદ્ધમાં ઉપયોગ કરવાનું કહે છે.

दूष्यामित्रबलैर्वापि भङ्गं दत्त्वा प्रयत्नवान् ।
जितमित्येव विश्वस्तं हन्यात् सत्रव्यपाश्रयः ॥ ६१ ॥

વિજિગીષુ રાજાએ વન, ગુફા વગેરેમાં છુપાઈ રહેવું અને દૂષ્ય સૈન્યને તથા શત્રુ સૈન્યને શત્રુના સૈન્યની સામે લઢવાને

મોકલવું અને તે બન્ને સૈન્ય લઢતાં લઢતાં રણમાંથી નાસી જાય, તે ઉપરથી શત્રુને વિશ્વાસ આવે કે મેં આ બન્ને સૈન્યને જીત્યું જ છે. આવી રીતે શત્રુનું સૈન્ય વિશ્વાસુ થાય એટલે વિજિગીષુ રાજાએ પ્રયત્નથી (હલ્લો કરીને) તેને મારી નાંખવું. ૬૧.

स्कन्धावारपुरग्रामसस्यसार्थव्रजादिषु ।
विलोभ्य च परानीकमप्रमत्तो विनाशयेत् ॥ ६२ ॥

શત્રુનાં સૈન્યને છાવણી, નગર, ગામ, ધાન્યનાં ક્ષેત્ર, વણઝાર, નેસડા વગેરે ઉપર ચઢાઈ કરવામાટે લોભ ઉપજાવવો અને શત્રુનું સૈન્ય ચઢાઈ કરે કે રાજાએ પ્રમાદ દૂર કરીને તે સૈન્યનો નાશ કરવો. ૬૨.

फल्गुसैन्यप्रतिच्छन्नं कृत्वा वा सारवद् बलम् ।
मन्दयत्नं तद्विलोपे हन्यादुत्प्लुत्य सिंहवत् ॥ ६३ ॥

અથવા તો પોતાનાં બળવાન્ સૈન્યને નિર્બળ સૈન્યની વચ્ચે છુપું રાખવું, તેથી શત્રુનું સૈન્ય પોતાનાં નિર્બળ સૈન્યનો નાશ કરવા માટે મંદ પ્રયત્ન કરે. તે પછી લાગ જોઈને સિંહની પેઠે હલ્લો કરીને તેનો નાશ કરવો. ૬૩.

मृगयासम्प्रसक्तं वा हन्याच्छत्रुमपाश्रयम् ।
अथवा गोग्रहाकृष्ट्या तल्लक्षं मार्गबन्धनात् ॥ ६४ ॥

અથવા તો શત્રુ જે સમયે મૃગયા કરવામાં આસક્ત થયેલો હોય અને નિરાધાર સ્થિતિમાં હોય તે સમયે તેને મારવો અથવા તો શત્રુને ગાયોના ધણનું હરણ કરવામાટે દૂર લઈ જવો અને તેનું મન ગાયોનું હરણ કરવામાં લાગે કે તે સમયે તેને માર્ગમાં અટકાવીને મારી નાંખવો. ૬૪.

ભાવાર્થઃ—આ શ્લોકમાં રાજાનું વર્ણન કર્યું છે પરંતુ રાજા ઉપરથી રાજાનું સૈન્ય સમજવું. ૬૪

अवस्कन्दभयाद् रात्रौ प्रजागरकृतश्रमम् ।
दिवाप्रसुप्तं वा हन्यान्निद्राव्याकुलसैनिकम् ॥ ६५ ॥

અથવા તો ચઢાઇના ભયને લીધે, રાત્રે ઉજાગરો કરવાથી થાકીને દિવસે નિદ્રા વશ થયું હોય અથવા તો નિદ્રાથી વ્યાકુળ થયું હોય-ઝોંકા આવતાં હોય ત્યારે શત્રુનાં સૈન્યને મારી નાંખવું. ૬૫.

पूर्वाह्ण आहतं श्रान्तमपराह्णे विनाशयेत् ।
निशि विस्रम्भसुप्तं वा तत् सौप्तिकविधानवित् ॥ ६६ ॥

દિવસના પૂર્વ ભાગમાં યુદ્ધ કરવાથી ઘાયલ થયેલાં અને થાકી ગયેલાં શત્રુનાં સૈન્યને દિવસના ઉત્તર ભાગમાં યુદ્ધથી મારી નાંખવું અથવા તો સુતેલાં સૈન્યને મારવાની વિધિને જાણનારા વિજિગીષુ રાજાએ, રાત્રે શત્રુનું સૈન્ય વિશ્વાસથી સુતું હોય તે સમયે તેને મારી નાંખવું. ૬૬.

सपादकोशावरणैर्नागैः कुर्यात् तु सौप्तिकम् ।
कुर्यादुग्रजवोपेतैर्नरैर्वा खड्गपाणिभिः ॥ ६७ ॥

હાથીઓના પગમાં લોઢાનાં બખતર ચઢાવવાં અને શત્રુનાં શસ્ત્રો ન વાગે એટલામાટે તેના આખા શરીર ઉપર પણ લોઢાનું બખતર પહેરાવવું અને પછી તે હાથીઓની પાસે સુતેલાં શત્રુનાં સૈન્યનો નાશ કરાવવો અથવા તો હાથમાં તરવાર ધારણ કરનારા અને ઉગ્ર વેગવાળા પુરુષોદ્વારા સુતેલાં સૈન્યનો નાશ કરાવવો. ૬૭.

प्रतिसूर्यमहावातं हन्यात् सम्मीलितेक्षणम् ।
इत्येवं कूटयुद्धेन हन्याच्छत्रून् लघूत्थितः ॥ ६८ ॥

સામે સૂર્યનાં દર્શન થવાથી અથવા તો સામેથી મહાપવન વાતો હોવાથી શત્રુ પોતાની આંખો વીંચી જાય તે સમયે એકદમ હલ્લો કરીને

શત્રુનો નાશ કરવો. આ રીતે વિજિગીષુ રાજાએ ઉતાવળથી ચઢાઈ કરીને કૂટયુદ્ધથી શત્રુઓને હણવા. ૬૮

नीहारतिमिराङ्गारश्वभ्राग्निवननिम्नगाः ।
वदन्ति सत्रमित्यादि सत्रं छद्म प्रकीर्तितम् ॥ ६९ ॥

ધૂમસ, અંધારું, અંગારા, ખાડાઓ કેાતરાં-લેખડો, અગ્નિ, ઝાડી, નદી વગેરેને નીતિશાસ્ત્રમાં सत्र કહે છે. અને सत्रનો અર્થ કપટ થાય છે. ૬૯

ભાવાર્થ:-કપટયુદ્ધમાં છુપાવા માટે ધૂમસ વગેરેનો આશ્રય લેવાની જરૂર પડે છે તેથી ધૂમસ વગેરે પદાર્થોને सत्र કહે છે અને તે આ શ્લોકમાં દર્શાવ્યા છે. ૬૯

(पुनरावर्तमानस्य निराशस्य तु जीविते ।
अनार्यो जायते वेग इति भग्नं न पीडयेत् ॥ १ ॥

(જે પુરુષ રણમાંથી પાછો ફરેલો હેાય અને જીવવામાટે નિરાશ થઈ ગયેા હેાય, તે પુરુષ ખુની હુમલેા કરે છે. માટે રણમાંથી પાછા ફરેલા પુરુષને પીડવેા નહિ.) ૧

अल्पागमातिव्ययता क्षयो वृद्धिर्विपर्यये ।
समायव्ययता स्थानं कर्मसु ज्ञेयमात्मनः ॥ २ ॥

(આવક થેાડી અને ખર્ચ વિશેષ હેાય તેને क्षय જાણવેા અને આવક વિશેષ હેાય અને ખર્ચ થેાડેા હેાય તેને वृद्धि જાણવી તથા આવક અને ખર્ચ બન્ને સરખાં હેાય ત્યારે स्थान જાણવું. રાજાએ પેાતાનાં રાજકીય કર્મમાં આ બાબતનેા વિચાર કરવેા. ૨

द्वावपि प्रस्तुतौ वध्यप्रमत्तौ व्यवसायवत् ॥ ३ ॥)

(અહીં મારવા યેાગ્ય કેાણ છે, તથા પ્રમત્ત કેાણ છે. એ બન્નેયનેા વિચાર કરવામાં આવ્યેા છે. ૩

ભાવર્થ-આ અર્ધા શ્લેાકનેા પૂર્વાપર કંઈ પણ સંબંધ નથી ને તેનેા

અર્થ પણ સમજાતો નથી. આનો પૂર્વાર્ધ ગલિત થયેલો જણાય છે ને તેથી ઉત્તરાર્ધનો અર્થ બરાબર સંબંધવાળો જણાતો નથી. તેથી અહીં અક્ષરાર્થ જ આપવામાં આવ્યો છે.

साध्वप्रमत्तो व्यवसायवर्ती येन प्रकारेण परं निहन्यात् ।
चरैः समावेदिततत्प्रचारः शङ्केत तेनैव ततोऽप्रमत्तः ॥ ७० ॥

દૂતોએ જેને શત્રુ રાજાની હીલચાલ નિવેદન કરેલી છે એવા વિજિગીષુ રાજાએ સારી રીતે સાવધાન રહેવું તથા ઉત્સાહી થઈને હર કોઈ પણ પ્રકારથી શત્રુને મારવો, અને પંડે સાવધાન થઈને શત્રુ રાજાનાં કાર્યોપર શંકાની નજર રાખ્યા કરવી. ૭૦

सुनियतमुपहन्यात् कूटयुद्धेन शत्रून्
न हि तिरयति धर्मं छद्मना शत्रुघातः ।
अचकितमवसुप्तं पाण्डवानामनीकं
निशि सुनिशितशस्त्रो द्रोणसूनुर्जघान ॥ ७१ ॥

કપટ યુદ્ધથી શત્રુઓનો અવશ્ય નાશ કરવો. કારણ કે કપટ યુદ્ધથી કરેલો શત્રુનો નાશ ધર્મને ઢાંકી દેતો નથી: (ધર્મનો નાશ કરતો નથી). પાંડવોનું સૈન્ય રાત્રે વિશ્વાસથી સુતું હતું તેને દ્રોણના પુત્ર અશ્વત્થામાએ તીક્ષ્ણ શસ્ત્રથી મારી નાખ્યું હતું. ૭૧

ભાવાર્થ:–જુઓ સૌપ્તિક પર્વ, મહાભારત.

'કૂટયુદ્ધ વિકલ્પ' નામનું પ્રકરણ ૩૧ મું સમાપ્ત.

ઇતિ કામંદકીય નીતિસારમાં "સૈન્યનું બળાબળ, સેનાપતિનો પ્રચાર, પ્રયાણ વ્યસનનું રક્ષણ, તથા કૂટયુદ્ધ વિકલ્પ" નામનો સર્ગ ૧૯ મો સમાપ્ત.

સર્ગ ૨૦ મો–પ્રકરણ ૩૨ મું

હાથી, ઘોડા, રથ અને પાળાનાં કર્મ હાથીનું કર્તવ્ય

प्रयाणे पूर्वयायित्वं वनदुर्गप्रवेशनम् ।
अकृतानां च मार्गाणां तीर्थानां च प्रवर्तनम् ॥ १ ॥

तोयावतारसन्तारावेकाङ्गविजयस्तथा ।
अभिन्नानामनीकानां भेदनं भिन्नसङ्ग्रहः ॥ २ ॥

विभीषिकाभिघातश्च प्राकारद्वारभञ्जनम् ।
कोशनीतिर्भयत्राणं हस्तिकर्म प्रचक्षते ॥ ३ ॥

યુદ્ધની યાત્રામાં આગળ ચાલવું, વનોમાં તથા દુર્ગમ પ્રદેશમાં દાખલ થવું, જ્યાં માર્ગ ન હોય ત્યાં માર્ગ કરવા, જળાશયમાં ઉતરવા માટે અવલંબનરૂપ થવું, નૌકાથી તરી શકાય તેવી નદીઓને ઉતરવી, તરીને સામે પાર જવું, (હાથીરૂપી) એક અંગથી શત્રુનાં સૈન્યનો પરાજય કરવો, એકઠાં થયેલાં શત્રુનાં સૈન્યમાં ભંગાણ પાડવું, પોતાના સૈન્યમાં ભંગાણ પડ્યું હોય તેને સાંધવું, શત્રુઓ તરફથી આવનાર ભયનો નાશ કરવો, કિલ્લાના દરવાજાને તોડી પાડવા; રણસંગ્રામમાં ખજાનાને ઉપાડી લાવવો અને ભયમાંથી રક્ષણ કરવું, આને હાથીનું કર્મ કહે છે. ૧-૩

ભાવાર્થ:–આ સર્ગમાં નીચે પ્રમાણે પાંચ પ્રકરણ છે:–૧ હાથી, ઘોડા, રથ અને પાળાનાં કર્મ, ૨ પાળા, ઘોડા, રથ અને હાથીઓને ચાલવા માટે યોગ્ય ભૂમિ, ૩ દાનનો વિધિ, ૪ વ્યૂહના ભેદ, અને ૫ પ્રકટ યુદ્ધ. હાથી, ઘોડા, રથ અને પાળા આ ચાર સેનાનાં અંગ ગણાય છે. તેનાં કર્મ નવ શ્લોકોથી કહેશે. તેમાં પ્રથમના ત્રણ શ્લોકમાં હાથીનું કર્મ કહ્યું છે. પૂર્વે સેનામાં હાથીઓને અંગ તરિકે ગણવામાં આવતા હતા, અને

યુદ્ધમાં તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. સિકંદરની સાથે પૌરસ રાજાને યુદ્ધ થયું તે સમયે પૌરસની સેનામાં ઘણા હાથીઓ હતા. મુસલમાન બાદશાહો પણ યુદ્ધમાં હાથીઓનો ઉપયોગ કરતા હતા. પ્રાચીન કાળના રાજા હાથીઓને સેનાના મોખરામાં રાખતા હતા તેનું કારણ એ હતું કે:— શત્રુઓએ માર્ગમાં કંઈ પણ અડચણ કરી હોય તો તેને હાથીઓ મારફત દૂર કરવામાં આવતી. કુચ કરતી વખતે વચ્ચે નદી, નાળાં વગેરે આવતાં તે વખતે, સૈન્ય, હાથીઓના ઉપર બેસીને સામે પાર જાતું; શત્રુના નગર આગળ ગયા પછી શત્રુના નગરના દરવાજા બંધ હોય તો તેને તોડવામાં હાથીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. શત્રુની સેનામાં ભંગાણ પાડવામાં તથા શત્રુઓને ભય દેખાડવામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. આવાં આવાં કારણોને લીધે હાથીઓને સૈન્યના મોખરામાં રાખવામાં આવતા હતા.

चतुरङ्गस्य सैन्यस्य निषेधो बलरक्षणम् ।
अभिन्नभेदनं भिन्नसन्धानं रथकर्म तत् ॥ ४ ॥

રથનું કર્મ

શત્રુના ચાર અંગવાળાં સૈન્યને આગળ વધતાં અટકાવવું, પોતાનાં સૈન્યનું રક્ષણ કરવું, શત્રુનાં એકઠાં થયેલાં સૈન્યમાં ભંગાણ પાડવું અને પોતાના સૈન્યમાં ભંગાણ પડ્યું હોય તો તેને સાંધવું, તે રથનું કર્મ છે.

ઘોડાનું કર્મ

वनदिङ्मार्गविचयो विद्रवधासाररक्षणम् ।
अनुयानापसरणे शीघ्रकार्योपपादनम् ॥ ५ ॥
दीनानुसरणं घातः कोटीनां जघनस्य च ।
इत्यश्वकर्म पत्तेश्च सर्वदा शस्त्रधारणम् ॥ ६ ॥

વનોનાં અને દિશાઓના (જુદા જુદા) માર્ગોને શોધી કાઢવા, દુધ, દહી, ઘી વગેરેની કાવડોને જવા આવવાના માર્ગોની રક્ષા કરવી, નાસી જતાં શત્રુનાં સૈન્યની પાછળ હલ્લો કરવો, સંકટ વખતે રણક્ષેત્રમાંથી પલાયન કરવું, યુદ્ધને લગતાં કાર્યો ઝડપથી કરવાં, સંકટમાં આવી પડેલાં સૈન્યની વારે ચઢવું, શત્રુના સૈન્યના મોખરાના ભાગને તથા પાછળના ભાગને ઘેરી લઈને તેનો નાશ કરવો. આ ઘોડેસ્વારનું કર્મ છે. ૪–૫

પાળાનું કર્મ

હમેશાં હથિયાર ધારણ કરીને યુદ્ધમાં ઉભા રહેવું આ પાળાનું કર્મ છે. ૬

વેઠે પકડેલાં માણસોનું કર્તવ્ય

शोधनं कूपतीर्थानां मार्गाणां शिबिरस्य च ।
यवसादि च यत्किञ्चिद् विज्ञेयं विष्टिकर्म तत् ॥ ७ ॥

કૂવા, વાવ વગેરે તીર્થોને શોધી કાઢવાં, રસ્તાઓને શોધવા, છાવણીને માટે જગ્યા જોવી તથા ધાન્ય વગેરેનો સંગ્રહ કરવો. આવું જે કંઈ હોય તેને વિષ્ટિ કર્મ જાણવું એટલે તે કર્મ વેઠે પકડેલા મનુષ્યોનું છે. ૭

ભાવાર્થઃ–ફાલતુ મનુષ્યોને પણ લસ્કરમાં રાખવાં અને તેઓએ છાવણીને માટે જગ્યા જોવી, છાવણીઓ ઉભી કરવી, અનાજ વગેરેનો સંગ્રહ કરવો અને સીપાઇઓને ખાવાપીવા માટે સર્વ સાધનો તૈયાર રાખવાં.

जातिः सत्त्वं वयःस्थानं प्राणिता वर्ष्म वेगिता ।
तेजः शिल्पमुदग्रत्वं स्थैर्यं साधु विधेयता ॥ ८ ॥
सुव्यक्षनाचारतेति पत्तिकुञ्जरवाजिनाम् ।
इति लक्षणमेतेन युक्तान् कर्मसु योजयेत् ॥ ९ ॥

જાતિ, મન, ઉમર, બળ, શરીર, વેગ, શૌર્ય, કેળવણી, ઉંચાઈ, કાયાની તથા મનની સ્થિરતા, ઉત્તમ પ્રતિની તાબેદારી, (૮) ઉત્તમ લક્ષણ અને ઉત્તમ આચાર આ પાળા, હાથી અને ઘોડાનાં લક્ષણો છે. જેનામાં આ લક્ષણ હોય તેવા પાળા, હાથી અને ઘોડાઓની રાજાએ તેમનાં કર્મો ઉપર યોજના કરવી. ૮-૯

ભાવાર્થ:-ક્ષત્રિય વગેરે લડાયક જાતિના પુરુષોને યોધા તરિકે વિશેષ પસંદ કરવા, કારણ તેઓ સંકટના સમયમાં ડર્યા વગર પોતાનું કાર્ય કરે છે. તેઓ દઢ મનના એટલે દુઃખ વખતે ગભરાય નહિ તેવા અને સુખના વખતમાં ફુલાઈ જાય નહિ તેવા હોવા જોઇએ, અવસ્થામાં તરૂણ હોવા જોઇએ, બળવાન્ હોવા જોઇએ, શરીરે ઉંચા હોવા જોઇએ, ઝડપથી ચાલનારા હોવા જોઇએ, શૌર્યસંપન્ન અને શસ્ત્રવિદ્યામાં કુશળ હોવા જોઇએ, ઉંચા શરીરવાળા અને વિશાળ છાતીવાળા જોઇએ, શરીરની પેઠે તેઓનું મન પણ દઢ હોવું જોઇએ, તેઓમાં ઉપરી અધિકારીને તાબે રહેવાનો ઉત્તમ ગુણ હોવો જોઇએ. આ સર્વ ગુણો જે પાળામાં હોય તેની સૈન્યમાં યોધા તરિકે યોજના કરવી. હાથીઓમાં પણ ભદ્ર, પ્રભદ્ર આદિ ઉંચી જાતિના હાથીની સેનામાં યોજના કરવી. તે ઉપરાંત ઉપર દર્શાવેલા ગુણો પણ તેનામાં હોવા જોઇએ; ઘોડામાં પણ અનેક જાતિ છે તેમાંથી ઉંચી જાતિના ઘોડાની સૈન્યમાં યોજના કરવી અને તેનામાં પણ ઉપર દર્શાવેલા ગુણો હોવા જોઇએ. એટલે તરૂણ વયનો, કેળવાયલો, ધણીની તાબેદારી ઉઠાવનારો, મજબૂત, ઉંચો વગેરે ગુણવાળા ઘોડાની સેનામાં ભરતી કરવી. ૮-૯

'હાથી, ઘોડા, રથ અને પાળાનાં કર્મ' આ નામનું પ્રકરણ ૩૨ મું સમાપ્ત.

સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૩ મું

પાળા, ઘોડા, રથ અને હાથીને યુદ્ધ કરવા યોગ્ય ભૂમિ

सस्थूलस्थाणुवल्मीकवृक्षगुल्मापकण्टका ।
सापसारा पदातीनां भूर्नातिविषमा मता ॥ १० ॥

મોટાં વૃક્ષો, રાફડા, સાધારણ વૃક્ષો, અને ગુલ્મ (ગુચ્છારૂપે ઉગનારાં વૃક્ષો) વાળી, કાંટા વિનાની, સંકટ વખતે નાસી શકાય તેવા માર્ગવાળી તથા અત્યંત ઉંચી પણ નહિ તેમ નીચી પણ નહિ એવી અર્થાત્ સપાટ ભૂમિ પાળાઓને યુદ્ધ કરવા માટે યોગ્ય માનેલી છે. ૧૦

स्वल्पवृक्षोपला क्षिप्रलङ्घनी विदरा स्थिरा।
निःशर्करा विपङ्का च सापसारा च वाजिभूः ॥ ११ ॥

જેમાં વૃક્ષો તથા પથરા થોડા હોય, જે ઉતાવળથી ચાલી શકાય તેવી હોય, જે ખાડા વિનાની હોય, જે મજબૂત (એટલે ચાલતી વખતે જેમાં ઘોડાની ખરી પેસી જાય નહિ તેવી) હોય, જે કાંકરા વિનાની, કાદવ વિનાની અને નાશી જવાના માર્ગવાળી ભૂમિ હોય તે ઘોડાઓને યુદ્ધ કરવામાટે ઉપયોગી ગણાય છે. ૧૧

ભાવાર્થઃ—આ શ્લોકમાં ઘોડા શબ્દથી ઘોડેસ્વાર જાણવા.

निःस्थाणुसिकतापङ्का निर्वल्मीकोपला समा ।
केदारव्रततिश्वभ्रवृक्षगुल्मविवर्जिता ॥ १२ ॥
निरुत्खाता निर्दरणा खुरचङ्क्रमणक्षमा ।
स्थिरा चक्रसहा चैव रथभूमिः प्रकीर्तिता ॥ १३ ॥

ઝાડ, રેતી અને કાદવ વિનાની, રાફડા અને પત્થરા વિનાની, સપાટ, ક્યારા, લતાઓ, બખોલ, વૃક્ષો અને ગુલ્મ વિનાની, (૧૨) ખાડા ખૈયા વિનાની, ફાટ વિનાની, ઘોડા બળદ વગેરેની ખરીઓથી ચાલી શકાય તેવી સપ્ત તથા રથનાં પૈડાંઓને સહન કરી શકે તેવી ભૂમિ રથને યોગ્ય કહી છે, ૧૨-૧૩

(रथानां शस्यते भूमिर्भुवः सर्वास्तु हस्तिनाम् ।
नागम्या नाम भूरेषां तेन नागाः स्मृता बुधैः ॥ १ ॥)

રથોને માટે (ઝાડ અને પત્થરા વગરની ભૂમિ ઉત્તમ ગણાય છે. પરંતુ હાથીઓને માટે સર્વ ભૂમિ ઉત્તમ ગણાય છે. હાથીઓને

કોઈ પણ ભૂમિ અગમ્ય નથી તે ઉપરથી વિદ્વાનો હાથીઓને નાગ (જેને કોઈ પણ સ્થાન અગમ્ય નથી તે.) કહે છે.) ૧

मर्दनीयतरुच्छेद्यव्रततिः पङ्क्तिवर्जिता ।
सुगम्यशैलविषमा हस्तिभूरिति कीर्तिता ॥ १४ ॥

હાથથી ભાંગી શકાય તેવાં વૃક્ષોવાળી તથા કાપી શકાય તેવી લતાવાળી, ગારા વિનાની, સારી રીતે ચઢી શકાય તેવા પર્વતવાળી તથા ઉંચાણ નીચાણવાળી ભૂમિ હાથીઓને યુદ્ધ કરવામાટે યોગ્ય કહેલી છે. ૧૪

(द्वे शते धनुषां गत्वा राजा तिष्ठेत् प्रतिग्रहे ।
भिन्नसन्धारणस्तस्मान्न युध्येताप्रतिग्रहः ॥ २ ॥

રાજાએ યુદ્ધની ભૂમિથી બસો ધનુષ દૂર જઈને પ્રતિગ્રહમાં–સૈન્યના ઘેરામાં ઉભું રહેવું તેથી ભેદાયલાં સૈન્યને ધારણા આપી શકાય છે. માટે પ્રતિગ્રહ સૈન્ય વિના યુદ્ધ કરવું નહિ.) ૨

ભાવાર્થ:–આ શ્લોક કૌટિલ્ય વિરચિત અર્થશાસ્ત્રનાં ૧૦ મા અધિકરણમાં છે.

(नागम्या नाम भूरेषां तेन नागाः स्मृता बुधैः ।
तस्मादेता भुवोऽत्यर्थं नागानां सम्प्रकीर्तिताः ॥ ३ ॥

હાથીઓને કોઈ પણ ભૂમિ અગમ્ય નથી તેથી વિદ્વાનો હાથીઓને નાગ કહે છે અને તે ઉપરથી નાગોના (હાથીઓના) યુદ્ધને માટે સર્વ ભૂમિ કહેલી છે.) ૩

(तुरगादीनि भिन्नानि प्रतिगृह्णाति यद् बलम् ।
प्रतिग्रह इति ख्यातः स तु कार्यो भरक्षमः ॥ ४ ॥

જે સૈન્ય ભંગાણ પાડનારા ઘોડા વગેરેને ધારણા આપીને ઉભા રાખે છે તે પ્રતિગ્રહ તરિકે કહેવાય છે. અને તે પ્રતિગ્રહ સૈન્યના ભારને સહન કરે તેવો કરવો.) ૪

ભાવાર્થ–આ પ્રતિગ્રહ સૈન્યને વ્યૂહના સાત અંગમાં ગણેલું છે, તે સૈન્ય વધારાનાં અનામત સૈન્ય તરીકે હોય છે. અને જ્યારે યુદ્ધ કરનારું સૈન્ય થાકી જાય છે ત્યારે આ સૈન્ય તેને મદદ કરે છે.

(तेन शून्यस्तु यो व्यूहः स भिन्न इव लक्ष्यते ।
तस्माद् विद्वाञ्जयाकाङ्क्षी न युध्येतामतिग्रहः ॥ ५ ॥

જે વ્યૂહ સૈન્યના ભારને સહન કરી શકે તેવા પ્રતિગ્રહ વિનાનો હોય છે તે વ્યૂહને ભેદાયલા જેવો જાણવો. માટે વિજયની ઇચ્છા રાખનારા વિદ્વાન્ રાજાએ પ્રતિગ્રહ વિના યુદ્ધ કરવું નહિ.) ૫

जयार्थी नृपतिस्तिष्ठेद् दूरं गत्वा मतिग्रहः ।
भिन्नं च प्रतिगृह्णीयान्न हि युध्येत तं विना ॥ १५ ॥

જયની ઇચ્છા રાખનારા રાજાએ પ્રતિગ્રહની સાથે દૂર જઇને ઉભા રહેવું અને સૈન્યમાં ભંગાણ પડે તો તેને સાંધવું, રાજાનું સૈન્ય પ્રતિગ્રહ વગર યુદ્ધ કરે નહિ.) ૧૫

ભાવાર્થઃ–ક્ષેપક શ્લોક બીજો અને આ શ્લોક ઘણે ભાગે મળતા છે. ક્ષેપકમાં રાજાને બસો ધનુષ દૂર ઉભા રહેવા માટે કહ્યું છે ત્યારે આ શ્લોકમાં રાજાને દૂર ઉભા રહેવાનું કહ્યું છે. કૌટિલ્ય કૃત અર્થશાસ્ત્રમાં પણ આ શ્લોકને મળતા જ અર્થનો શ્લોક કહ્યો છે અને તે ક્ષેપક બીજો શ્લોક છે. તેમાં પણ રાજાને યુદ્ધભૂમિથી બસો ધનુષ દૂર ઉભા રહેવાનું કહે છે. એક ધનુષના ચાર હાથ થાય છે એ હીસાબે ગણતાં જ્યાં યુદ્ધ થાતું હોય તે પ્રદેશથી રાજાએ આઠસો હાથ દૂર ઉભા રહીને સૈન્યને ઉત્સાહ આપ્યા કરવો. કામંદક કહે છે કે "नहि युध्येत तं विना સીપાઇઓ પ્રતિગ્રહની ગેરહાજરીમાં યુદ્ધ કરતા નથી," આ ઉપરથી સિદ્ધ થાય છે કે યુદ્ધ સમયે અમાનત સૈન્ય સાથે રાજાએ હાજર રહેવું જ જોઇએ.

'પાળા, ઘોડા, રથ અને હાથીને યુદ્ધ કરવાયોગ્ય ભૂમિનું વર્ણન આ નામનું
પ્રકરણ ૩૩ મું સમાપ્ત.

સર્ગ ૨૦ મો-પ્રકરણ ૩૪ મું

યોધાઓને દાન (ઇનામ)

गजेष्वारोपितः साधुः शीघ्रपातैरधिष्ठितः ।
यत्र राजा तत्र कोशः कोशाधीना हि राजता ॥ १६ ॥

યુદ્ધમાં સારભૂત ધનના ભંડારને હાથીના ઉપર લાદીને સાથે લેવો અને ઉતાવળે ચાલનારા વિશ્વાસુ મનુષ્યોને તેના ઉપરી નિમવા (અર્થાત્ ઉતાવળથી ચાલનારા વિશ્વાસુ પુરુષોએ તેની રક્ષા કરવી) જ્યાં રાજા હોય ત્યાં ધનના ભંડારને રાખવો; કારણ કે રાજાપણાનો આધાર ધનના ભંડાર ઉપર હોય છે. ૧૬

ભાવાર્થઃ–આ શ્લોકમાં સાધુ શબ્દ કોશનું વિશેષણ છે અને ટીકાકાર તેનો એવો અર્થ કરે છે, કે સારભૂત અથવા તો દેશને તથા સમયને ઉપયોગી થઈ પડે એવા પદાર્થોથી ભરપૂર.

प्रत्यग्रे कर्मणि कृते श्लाघमानः कृतादरः ।
योधेभ्यस्तु ततो दद्यात् को हि दातुर्न युध्यते ॥ १७ ॥

યોધાઓ શત્રુનો નાશ કરવારૂપી મહાન કર્મ કરે કે રાજાએ તે યોધાઓનાં વખાણ કરવાં, તેઓનો આદર સત્કાર કરવો, અને તે પછી તેઓને દાન (ઇનામ) આપવાં. દાન દેનારા રાજાના તરફથી કોણ યુદ્ધ ન કરે? ૧૭

ભાવાર્થઃ–યુદ્ધભૂમિનું વર્ણન કર્યા પછી વિજયી યોધાઓને દાન કહેતાં ઇનામ આપવાં જોઇએ. તે દાન કેવા યોધાને કેટલું આપવું તેનું વર્ણન આ પ્રકરણમાં કરશે.

दद्यात् प्रहृष्टो नियुतं भराणां राजघातने ।
तदर्धं तत्सुतवधे सेनापतिवधे तथा ॥ १८ ॥

જે યોધો રાજાનો નાશ કરે તે યોધાને રાજાએ અત્યંત પ્રસન્ન

થઈને એક લાખ મર દાન આપવું. રાજાના પુત્રનો તથા સેનાપતિનો નાશ કરે તો પચાસ હજાર મર દાન આપવું. ૧૮

ભાવાર્થ:–આ શ્લોકમાં મર શબ્દ છે, તે એક જાતના સિક્કાનું નામ છે અને તે સિક્કા કામંદકના સમયમાં ચાલતા હોવા જોઈએ. જયમંગલાકાર લખે છે કે– मराणां यथादेशप्रसिद्धानामाहतद्रव्याणाम्। દેશ પ્રસિદ્ધ છાપેલા સિક્કા તે મર. ૧૮

प्रवीराणां तु मुख्यस्य शतं शतगुणं वधे ।
तदर्धं कुञ्जरवधे प्रदेयं स्यन्दनस्य च ॥ १९ ॥

વીર પુરુષોના મુખ્ય અધિકારીને મારવામાટે દશ હજાર મર આપવા; મુખ્ય હાથીને મારવામાટે તથા રથીને મારવામાટે પાંચ હજાર મર આપવા. ૧૯

साहस्रोऽश्ववधः शत्यः पत्तिमुख्यवधः स्मृतः ।
शिरोविंशतिकं शेषं भोगद्वैगुण्यमेव च ॥ २० ॥

ઘોડેસ્વારને મારવામાટે એક હજાર મર આપવા, મુખ્ય પાળાને મારવામાટે સો મર આપવા, દર એક યોધાના એક એક માથા દીઠ વીશ વીશ મર આપવા, તથા સાધારણ વિજય કરવા માટે યોધાઓને જે જે પગાર આપવામાં આવતો હોય, તેથી બમણું દાન (ઈનામ) આપવું. ૨૦

युग्यं हेम च कुप्यं च यो यज्जयति तस्य तत् ।
दद्याद् वस्त्वनुरूपं वा हृष्टो योधान् प्रहर्षयेत् ॥ २१ ॥

વાહન (હાથી ઘોડા વગેરે), સુવર્ણ તથા રૂપું અને શાલ દુશાલા વગેરે પદાર્થોમાંથી જે પુરુષ જે પદાર્થ જિતે, તેને તે પદાર્થ આપવો, અથવા તો તે પદાર્થના બદલામાં તેની કીંમત આપવી. પંડે ઘણા જ ઉત્સાહમાં રહેવું અને યોધાઓને (પુરોહિત તથા અમાત્યદ્વારા) ઉત્સાહી બનાવવા. ૨૧

ભાવાર્થ:—રાજાએ યુદ્ધ સમયે પંડે ઉત્સાહી થવું અને પોતાના યોધાઓને દાન આપીને ઉત્સાહી બનાવવા, તથા પુરોહિતદ્વારા નીચેનાં શાસ્ત્રવચનો સંભળાવીને ઉત્સાહી બનાવવા. તે શાસ્ત્રવચન આ પ્રમાણે છે:—

यान् यज्ञसंवैस्तपसा च विप्राः स्वर्गैषिणः पात्रचयैश्च यान्ति ।
क्षणेन तानप्यतियान्ति शूराः प्राणान् सुयुद्धेषु परित्यजंतः ॥

સ્વર્ગની ઇચ્છાવાળા બ્રાહ્મણો યજ્ઞો કરવાથી, તપ કરવાથી તથા વૈદિક કર્મ કરવાથી, જે લોકોમાં જાય છે તે જ લોકોમાં શૂરવીર પુરુષો ધર્મયુદ્ધોમાં પોતાના પ્રાણ તજીને એક ક્ષણમાં જાય છે.

नवं शरावं सलिलस्य पूर्णं सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।
तत्तस्य माभून्नरकं च गच्छेत् यो भर्तृपिण्डस्य कृते न युध्येद् ॥

જે યોધો (સીપાઈ) પોતાના ધણીના ખાધેલા પિંડને માટે (અન્નને માટે) યુદ્ધ કરે નહિ, તે યોધાને પરલોકમાં સારા સંસ્કારવાળું અને જેના ઉપર દર્ભ મૂકેલો હોય એવું, પાણીથી ભરેલું, નવીન કોડિયું મળતું નથી, અને તે યોધો નરકમાં પડે છે.

આ ઉપરના બન્ને શ્લોકો સ્મૃતિના છે, અને ચાણક્ય ઉત્સાહના વિષયમાં **वेदेष्वप्यनुश्रूयते** એમ કહી, શ્રુતિનું પ્રમાણ આપ્યા પછી, ઉપરનાં બે સ્મૃતિ વચન ટાંકતાં કહે છે કે; 'अपीहश्लोकौ भवतः' આવી લેખપદ્ધતિ પ્રાચીન ગ્રંથકારોમાં જોવામાં આવે છે. ચરકસંહિતામાં આત્રેય પુનર્વસુ પ્રથમ વિવેચન કરે છે, અને પછી તે વિવેચન સપ્રમાણ છે, આમ દર્શાવવા માટે પ્રાચીન શ્લોકો ટાંકતાં કહે છે કે;—'अत्र श्लोको भवति' 'भवन्ति चात्रश्लोकाः' આ રીતે જે જે શ્લોકો કહેવામાં આવે છે, તે પ્રાચીન ગ્રંથના અને પ્રમાણ તરિકે ટાંકેલા હોય છે. આવી પદ્ધતિ સુશ્રુત, કામસૂત્ર વગેરેમાં જોવામાં આવે છે. આ શ્લોકમાંનો બીજો શ્લોક **'नवं शरावं'** ભાસ કવિકૃત પ્રતિજ્ઞાયૌગંધરાયણના ચોથા અંકના પ્રવેશમાં પણ છે. આ શ્લોક ઉપરથી રા. ગણપતિશાસ્ત્રી ચાણક્યના અને ભાસ કવિના કાળનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે. તે કહે છે કે, ચાણક્યે પોતાના અર્થશાસ્ત્રમાં આ શ્લોક ભાસના નાટકમાંથી લીધો

છે. એટલા માટે ભાસ કવિ, ચાણક્યની પહેલાં થયલો હોવો જોઇએ. આ એક કલ્પના જ છે. ચાણક્ય જેવો અર્થશાસ્ત્રકર્તા વેદનાં પ્રમાણ પછી, સ્મૃતિનાં અને પુરાણનાં પ્રમાણ તજી દઇને એક નાટિકાના શ્લોકને પ્રમાણ તરિકે ગ્રહણ કરે, એ સર્વથા અસંભવિત છે. ચાણક્ય સ્પષ્ટ લખે છે કે, 'અર્પાહ શ્લોકૌ મવતઃ' આ વિષયમાં બે શ્લોક છે. છતાં આપણે ક્ષણ ભર માની લઇએ કે, ચાણક્યે ભાસનો એક શ્લોક સ્વીકાર્યો છે તો પછી ચાણક્યે જેમ અન્ય-મતનો વિન્યાસ કરતાં તે તે વિદ્વાનોના નામનો નિર્દેશ કર્યો છે તેમ ભાસનો પણ શા માટે ન કરત ? વળી ચાણક્ય આ બે શ્લોકો ટાંકીને નીચે લખે છે કે;– इति मंत्रिपुरोहिताभ्यामुत्साहयेद्योधान्॥ આ રીતે રાજાએ મંત્રી અને પુરોહિત-દ્વારા આ બે શ્લોકથી યોધાઓને ઉત્સાહી કરવા. પ્રતિજ્ઞાયૌગંધરાયણનું પાત્ર મંત્રી પણ નથી, તેમ પુરોહિત પણ નથી; માટે આ બન્ને શ્લોકો પ્રાચીન સ્મૃતિના છે, અને ચાણક્યે ઉત્સાહના વિષયમાં શ્રુતિના પ્રમાણ પછી સ્મૃતિના પ્રમાણ તરિકે ટાંકયા છે, અને ભાસે તેમાંથી એક શ્લોકનો ઉતારો કર્યો છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે, કે ભાસ કવિ ચાણક્ય પછી બીજા કે ત્રીજા શતકમાં થયલો હશે. ૨૧

'દાનકલ્પના' નામનું પ્રકરણ ૩૪ મું સમાપ્ત.

સર્ગ ૨૦ મો–પ્રકરણ ૩૫ મું

વ્યૂહના વિભાગ

पञ्चारत्नि धनुस्तस्मिन् धन्विनं स्थापयेद् युधि।
त्रिगुणेऽश्वं गजरथौ योज्यौ पञ्चसु पञ्चसु ॥ २२ ॥

પાંચ અરત્નિનું એક ધનુષ થાય છે. તેટલી જગ્યામાં યુદ્ધ-સમયે ધનુર્ધારી યોધાને ઉભો રાખવો; ત્રણ ધનુષ જેટલી જગ્યામાં ઘોડેસ્વારને ઉભો રાખવો, અને હાથીને તથા રથને પાંચ પાંચ ધનુષ જેટલી ભૂમિમાં ઉભા રાખવા. ૨૨

ભાવાર્થઃ—આ પ્રકરણમાં વ્યૂહના જૂદા જૂદા ભેદ કહેવામાં આવશે. તેમાં પ્રથમ ધનુર્ધારી, ઘોડેસ્વાર, રથી, અને હાથીઓની આગલી તથા પાછલી હારો વચ્ચે કેટલો કેટલો અંતર રાખવો, તથા તેઓને કેટલા વિભાગમાં ઉભા રાખવા, તે વાત આ શ્લોકમાં કહી છે. હાથની મુઠી વાળી, ટચલી આંગળીને ઉંચી કરીને ઉભો કરેલો હાથ એક અરત્નિ કહેવાય છે. આવી પાંચ અરત્નિ એટલે સાત ફુટ અને એક ઇંચ થાય છે. આટલો અંતર ધનુર્ધારીઓની આગલી પાછલી હારોની વચ્ચે રાખવો; કે જેથી તેઓ અડચણ વગર પોતાનાં ધનુષને ખેંચી શકે, તેના ઉપર બાણ ચઢાવી શકે, અને ધનુષ ખેંચીને શત્રુને બાણ મારી શકે, અને આગળના ભાગમાં ઉભેલી હારને હરકત આવે નહિ. તે પ્રમાણે જ ઘોડાઓની આગલીપાછલી હારની વચ્ચે પંદર અરત્નિ એટલે ૨૧ ફુટ ને ત્રણ ઇંચ જેટલો અંતર રાખવો, અને હાથીની તથા રથની આગલી પાછલી હારની વચ્ચે પચીશ પચીશ અરત્નિ જેટલો અંતર રાખવો, એટલે પાંત્રીશ પાંત્રીશ ફુટ ને પાંચ પાંચ ઇંચ જેટલો અંતર રાખવો કે, જેથી તેઓ છૂટથી યુદ્ધ કરી શકે. ૨૨

शमान्तरस्तु पुरुषस्तुरङ्गस्त्रिंशमान्तरः ।
कुञ्जरः स्यन्दनश्चैव स्मृतौ पञ्चशमान्तरौ ॥ २३ ॥

યુદ્ધ કરનારા યોધાની વચ્ચે ચૌદ આંગળનો અંતર રાખવો, ઘોડાઓની વચ્ચે ખેંતાળીશ આંગળનો અંતર રાખવો, અને હાથીની તથા રથની વચ્ચે સીતેર આંગળનો અંતર રાખવો. ૨૩

ભાવાર્થઃ—આ શ્લોકમાં યુદ્ધ સમયે સીપાઇઓ, હાથીઓ, અને ઘોડેસ્વારોની આજુબાજુઓ વચ્ચે કેટલો અંતર રાખવો, તે વાત કહી છે. ૨૩

तथा वा खलु युध्येरन् पत्त्यश्वरथदन्तिनः ।
यथा भवेन्न सम्बाधो व्यायामविनिवर्तने ॥ २४॥

પાળા, ઘોડા, (ઘોડેસ્વાર), રથ (રથીઓ), અને હાથીઓએ યુદ્ધ કરતી વખતે અથવા તો પાછા હઠતી વખતે એકબીજાને હરવા ફર-

વામાં પીડા ન થાય તેવી રીતે (રણભૂમિ ઉપર ઉભા રહીને) યુદ્ધ કરવું. ૨૪

ભાવાર્થઃ–આ શ્લોકમાં યોધા વગેરેને ઉભા રહેવામાટે આગલા શ્લોકમાં જે માપ કહ્યું છે, તેના કરતાં અધિક જગ્યામાં પણ ઉભા રહેવું એમ કહ્યું છે. ૨૪

असङ्करेण युध्येरन् सङ्करः सङ्कुलावहः ।
महासङ्करयुद्धे च संश्रयेरन् महागजान् ॥ २५ ॥

યોધાઓએ સંકરતા (મિશ્રપણું) ન થાય તેમ યુદ્ધ કરવું. કારણ કે સંકરતાથી અવ્યવસ્થા ઉભી થાય છે. મહાસંકરના યુદ્ધમાં મોટા હાથીઓનો ઉપયોગ કરવો. ૨૫

ભાવાર્થઃ–આ શ્લોકમાં શુદ્ધ યુદ્ધની વાત કહી છે, એટલે પ્રત્યેક યોધાએ પોતાના સમાન યોધાની સાથે યુદ્ધ કરવું એમ કહ્યું છે. પરંતુ પાળાએ ઘોડેસ્વારની સાથે, અને ઘોડેસ્વારે રથીની સાથે, યુદ્ધ કરવું નહિ. તેને અશુદ્ધ યુદ્ધ કરવું એટલે સંકર યુદ્ધ કરવું કહ્યું છે. યોધાઓની સેળભેળ થવાથી અવ્યવસ્થા થાય છે. હાથી, ઘોડા, પાળા, રથી વગેરે બધા મિશ્ર થઈ જાય, અને તેઓનું મહાન્ યુદ્ધ ચાલે, ત્યારે મોટા હાથીઓની સહાયતા લેવી. ૨૫

अश्वस्य प्रतियोद्धारो भवेयुः पुरुषास्त्रयः ।
इति कल्प्यास्तु पञ्चाश्वा विधेयाः कुञ्जरस्य च ॥ २६ ॥
पादगोपाश्च तावन्तः पुरुषा दश पञ्च च ।
विधानमिति नागस्य कथितं स्यन्दनस्य च ॥ २७ ॥

ઘોડેસ્વારની આગળ ચાલીને યુદ્ધ કરનારા ત્રણ પુરુષ હોવા જોઇએ (જે ઘોડેસ્વારના રક્ષક હોય છે), અને એવા પાંચ ઘોડેસ્વારો હાથીની રક્ષા કરનારા હોવા જોઇએ, તથા હાથીનાં ચરણની રક્ષા કરનારા પંદર પાળા હોવા જોઇએ. આ પ્રમાણે એક હાથીનાં રક્ષણની વિધિ કહી છે. રથનાં રક્ષણની વિધિ પણ આવી રીતે જ છે. ૨૬–૨૭

ભાવાર્થઃ—આ શ્લોકમાં હાથીની ટુકડી ગોઠવવાની વાત કહી છે. એક હાથી, તેની રક્ષા કરવા માટે તેની આગળ રહીને યુદ્ધ કરનારા પાંચ ઘોડેસ્વારો, હાથીના પગની રક્ષા કરવા માટે પંદર પુરુષો, અને એક એક ઘોડેસ્વારની આગળ ત્રણ ત્રણ પુરુષ લડનારા એટલે પંદર પુરુષ આ બધા મળીને એક હાથીનો વ્યૂહ થાય છે. એક હાથીના વ્યૂહમાં પાંચ ઘોડા ને પાંત્રીસ યોધાઓ હોવા જોઇએ. તે ઉપરાંત હાથીને નિયમમાં રાખનારો એક માવત અને હાથી ઉપર બેસીને યુદ્ધ કરનારો એક યોધો પણ હોવો જોઇએ, ત્યારે એક હાથીનો વ્યૂહ થાય. રથનો વ્યૂહ પણ આવી રીતે જ થાય છે.

अनीकमिति विज्ञेयमिति कल्प्या नव द्विपाः ।
अनीकस्य च रन्ध्रं च पञ्च चापं प्रचक्षते ॥ २८ ॥

આ પ્રમાણે નવ હાથીઓની રચનાને એક અનીક (ટુકડી) જાણવી. તે અનીકની હારો વચ્ચે પાંચ પાંચ ધનુષ જેટલો માર્ગ રાખવો, એમ નીતિશાસ્ત્રવેત્તાઓ કહે છે. ૨૮

ભાવાર્થઃ—આ શ્લોકમાં અનીકનું લક્ષણ અને તેની આજુબાજુની ટુકડી વચ્ચે કેટલો અંતર રાખવો, તે વાત કહી છે. એક અનીકમાં ૯ હાથી, ૪૫ ઘોડા, ૪૫ તેની ઉપર બેસનારા, ૧૩૫ ઘોડાની આગળ ચાલનારા, અને ૧૩૫ હાથીનાં ચરણની રક્ષા કરનારા પુરુષ હોવા જોઇએ; તે ઉપરાંત નવ હાથી ઉપર બેસનારા, નવ માવત અને નવ યોધા પણ હોવા જોઇએ. આ અનીકની હારોની વચ્ચે આજુબાજુની પાંચ પાંચ ધનુષ જેટલો એટલે ૩૫ ફુટ અને ૫ ઇંચ જેટલો અંતર રાંખવો, જેથી તેઓ ખુલાસાથી લઢી શકે. ૨૮

इत्यनीकविधानेन स्थापयेद् व्यूहसम्पदः ।
उरस्यकक्षपक्षांश्च तुल्यानेतान् प्रचक्षते ॥ २९ ॥

આવી રીતે અનીકની ગોઠવણ કરવી, અને તેને અનુસરીને જૂદા જૂદા વ્યૂહો ગોઠવવા. આ રીતે સેનાના ઉરસ્યનો ભાગ, સેનાના બન્ને

કક્ષનો (કાખનો) પ્રદેશ, તથા સેનાના બન્ને પક્ષનો (પાંખનો) ભાગ એ સર્વે સરખાં કીમતી છે, એમ નીતિશાસ્ત્રવેત્તાઓ કહે છે. ૨૯


ભાવાર્થ–આ શ્લોકમાં ઉરસ્ય, કક્ષ, અને પક્ષ સરખા કીમતી છે એમ કહ્યું છે એટલે તે પ્રત્યેક ભાગમાં સૈન્ય એવી રીતે વહેંચવું કે, તે સર્વે તુલ્ય બળવાળા રહે. ૨૯

उरः कक्षौ च पक्षौ च मध्यः पृष्ठं प्रतिग्रहः ।
कोटी च व्यूहशास्त्रज्ञैः सप्ताङ्गो व्यूह इष्यते ॥ ३० ॥

[1]ઉરસ્ય, [2](બે) કક્ષ, [3](બે) પક્ષ, [4]મધ્ય, [5]પૃષ્ઠ, [6]કોટી, અને [7]પ્રતિગ્રહ આ સાતને વ્યૂહશાસ્ત્ર જાણનારા વ્યૂહનાં સાત અંગ કહે છે. ૩૦

ભાવાર્થ:–આ શ્લોકમાં યુદ્ધમાં વ્યૂહરૂપે ઉતરનાર સૈન્યનાં સાત અંગ દર્શાવ્યાં છે. તેમાં ઉરસ્ય, બે કક્ષ, અને બે પક્ષ, આ ત્રણ અંગને આગલી હારમાં ગોઠવવાં અને તેની પાછલી હારમાં એટલે ઉરસ્યની પાછળ મધ્ય, ને કક્ષની પાછળ પૃષ્ઠને, એટલે પ્રકક્ષને, અને પક્ષની પાછળ કોટીને એટલે પ્રપક્ષને ગોઠવવાં અને બન્ને હારની પાછળ પ્રતિગ્રહને ગોઠવવો. પ્રતિગ્રહ એટલે સૈન્યનો જે ભાગમાં રાજા અથવા મુખ્ય સેનાપતિ હોય, તે ખાસ અલગ રાખેલો ભાગ. યુદ્ધથી અલગ તૈયાર ઉભેલો તે સેનામાં ભંગાણ પડવા દેતા નથી; તેથી તેના ભાગનો પણ યુદ્ધમાં ઉતરનારાં સૈન્યમાં અંતર્ભાવ કર્યો છે.

આ વ્યૂહનાં સાત અંગને આ રીતે ગોઠવવાં.



યુદ્ધમાં ભાગ લેનાર સૈન્યના આ સાત અંગની પ્રારંભની સાધારણ સ્થિતિ કહી છે. યુદ્ધ શરુ થતાં શત્રુએ પોતાનાં સૈન્યની કેવી વ્યવસ્થા કરી છે, તે જોઇને પોતાનાં સૈન્યની, શત્રુનાં સૈન્યને ભેદવા માટે, યુદ્ધ ચાલુ હોય ત્યારે, ટુકડીઓની વ્યવસ્થા કરવી પડે છે. યુદ્ધ ચાલતાં સૈન્યની જે વ્યવસ્થા કરવામાં આવે છે, તે વ્યવસ્થાના ચાર મુખ્ય પ્રકાર છે. ૩૦

उरस्यकक्षपक्षैस्तु व्यूहोऽयं सप्रतिग्रहः ।
गुरोरेष च शुक्रस्य कक्षाभ्यां परिवर्जितः ॥ ३१ ॥

उरस्य, कक्ष, पक्ष, पृष्ठ, कोटी, અને प्रतिग्रह આ છ અંગ વ્યૂહમાં હોવાં જોઇએ, આવો બૃહસ્પતિનો મત છે, ત્યારે શુક્રનો મત એવો છે કે વ્યૂહમાંથી કક્ષને કાઢી નાંખવો. ૩૧

ભાવાર્થઃ–બૃહસ્પતિએ યુદ્ધમાં ઉતરનાર સૈન્યના પ્રતિગ્રહ સાથે છ અંગ માનેલાં છેઃ ૧ ઉર, ૨ કક્ષ, ૨ પક્ષ અને ૧ પ્રતિગ્રહ. શુક્રાચાર્ય કક્ષની આવશ્યકતા માનતા નથી. તે ઉર, ૨ પળ અને ૧ પ્રતિગ્રહ એમ ચાર અંગ માને છે. કક્ષ અને પક્ષ એક જ હેતુ સારતા હોવાથી પક્ષમાં કક્ષનો સમાવેશ કર્યો છે. યૂરોપની પ્રજાઓ તેમ જ ગણે છે. ૩૧

अभेद्याः कुलजा मौला लब्धलक्षाः प्रहारिणः ।
सेनाङ्गपतयः कार्या युद्धदृष्टप्रतिक्रियाः ॥ ३२ ॥

ફોડી શકાય નહિ તેવા, ઉત્તમ કુળમાં જન્મેલા, વંશપરંપરાથી નોકરીમાં જોડાયલા, નિશાન પાડવામાં કુશળ, શૂરવીર તથા જેણે યુદ્ધમાં શત્રુનો પરાજય કર્યો હોય આમ જાણવામાં આવ્યું હોય, તેવા પુરુષોને સેનાના અંગના અધિકારી બનાવવા. ૩૨

ભાવાર્થઃ–ઉરસ્ય, કક્ષ, વક્ષ, અને પ્રતિગ્રહ એવાં સેનાનાં જે અંગો કહ્યાં છે, તેના અધિકારીઓ કોને નીમવા જોઇએ, તેનાં લક્ષણો આ શ્લો-

કમાં કહ્યાં છે. અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે;–अंगदशकस्यैकः पतिः, पतिदशकस्यैकः सेनापतिः, तद्दशकस्यैको नायकः દશ અંગનો એક ઉપરી પતિ કહેવાય છે, તે દશ પતિનો ઉપરી સેનાપતિ કહેવાય છે, અને દશ સેનાપતિનો ઉપરી નાયક કહેવાય છે. હાલમાં પણ યુદ્ધકુશળ પુરુષને સેનામાં જમાદાર, નાયક વગેરેની પદવીઓ આપે છે, અને છેવટે સેનાપતિ પણ બનાવે છે. ૩૨

प्रवीरपुरुषैरेते तिष्ठेयुः परिवारिताः ।
अभेदेनैव युध्येरन् रक्षेयुश्च परस्परम् ॥ ३३ ॥

આ પુરુષોએ ચોતરફથી મહાવીર પુરુષોના ઘેરાથી ઘેરાઈને ઉભા રહેવું, પરસ્પરની રક્ષા કરવી, અને સૌએ એકઠા થઈને જ શત્રુની સામે યુદ્ધ કરવું.* ૩૩

फल्गु सैन्यस्य यत्किञ्चिन्मध्ये व्यूहस्य तद्भवेत् ।
युद्धवस्तु च यत्किञ्चित् प्रायस्तज्जघने भवेत् ॥ ३४ ॥

તાલીમ વિનાનાં સૈન્યને (irregulars) વ્યૂહની (લડનાર સૈન્યની) વચ્ચે રાખવું તથા યુદ્ધમાં ઉપયોગી એવી જે કંઈ વસ્તુ (તોપ, દારુ, હથિયાર વગેરે) હોય, તેને ઘણું કરીને વ્યૂહની પાછળના ભાગમાં રાખવી. ૩૪

युद्धार्थं युद्धकुशलं मुण्डानीकं प्रयोजयेत् ।
युद्धं हि नायकप्राणं हन्येत तदनायकम् ॥ ३५ ॥

યુદ્ધમાં કુશળ એવાં મુંડાનીક નામનાં સૈન્યને શત્રુની સામે યુદ્ધ કરવા માટે સેનામાં જોડવું. યુદ્ધના પ્રાણ નાયક ગણાય છે. કારણ કે નાયક વિનાનું સૈન્ય નાશ પામે છે. ૩૫

ભાવાર્થ:–કૌટિલીય અર્થશાસ્ત્રમાં કહ્યું છે:–पितृपुत्रभातृकाणामायुधीयानामध्वजं मुण्डानीकं राजस्थानं कुर्वीत (कौ. अ. १०–३–१५०) પિતા, પુત્રો અને ભાઇઓનું આયુધોને ધારણ કરનારું એક સૈન્ય ઉભું કરવું. આ સૈન્ય

* અંગ્રેજીમાં આ રીતિને Mass-formation કહે છે.

રાજપતાકા (વાવટો) રાખતું નથી, તેથી તે મુણ્ડાનીક એટલે બોડકા માથાવાળું સૈન્ય કહેવાય છે. આ સૈન્ય રાજાના વાવટા વગર લડવાને અહાર પડે છે, તેથી શત્રુઓ તેને ઓળખી શકતા નથી કે આ સૈન્ય કોનું છે, અને તેથી તેઓ ભૂલાવામાં પડે છે. ૩૫

(श्येनः सूची च वज्रश्च शकटं मकरध्वजः।
इत्येवमादयो व्यूहाः शास्त्रज्ञैः समुदाहृताः॥)

श्येन (શકરા)ના આકારનો, **सूची** (સોય) ના આકારનો, વજ્રના આકારનો, **शकट** (ગાડા)ના આકારનો, **मकरध्वज**ના આકારનો ઇત્યાદિ વ્યૂહ–સૈન્યરચના નીતિશાસ્ત્રવેત્તાઓએ કહી છે. ૧

ભાવાર્થઃ–આ શ્લોકમાં ચાલતા યુદ્ધે સૈન્ય ગોઠવવામાટે જૂદા જૂદા પદાર્થોનાં નામ આપી આકૃતિઓ સૂચવી છે. તેમાં છેલ્લો વ્યૂહ મકરધ્વજના આકારનો કરવાનું કહ્યું છે, પરંતુ મકરધ્વજ એ કામનું નામ છે, અને તેવા આકારનો વ્યૂહ કોઈ કોકાણે કહ્યો નથી, તેથી કામની મકરના ચિહ્નવાળી ધ્વજાના આકારનો વ્યૂહ કરવો, આવો ગ્રંથકર્તાનો આશય જણાય છે. ૧

મિશ્ર વ્યૂહની રચના.

व्यूहोऽनुपृष्ठमचलः पत्त्यश्वरथदन्तिभिः।
तथाप्रतिहतो ज्ञेयो हस्त्यश्वरथपत्तिभिः॥ ३६॥

આગલી હારમાં પાળા, તેની પાછળ ઘોડા, તેની પાછળ રથ, અને તેની પાછળ હાથી, એમ ગોઠવેલા વ્યૂહને **अचल** વ્યૂહ જાણવો. આગલી હારમાં હાથી, તેની પાછળ ઘોડા, તેની પાછળ રથ, અને તેની પાછળ પાળા એવી રીતે ગોઠવેલા વ્યૂહને **अप्रतिहत** વ્યૂહ જાણવો. ૩૬

उरसि स्थापयेन्नागान् प्रचण्डान् कक्षयो रथान्।
हयांश्च पक्षयोर्व्यूहो मध्यभेदी प्रकीर्तितः॥ ३७॥

સૈન્યના હૃદયસ્થળમાં એટલે મધ્ય ભાગમાં પ્રચંડ હાથીઓને ઉભા રાખવા, બન્ને કક્ષા (કાખ)ના ભાગમાં રથોને ઉભા રાખવા, બન્ને પક્ષના ભાગમાં ઘોડાઓને ઉભા રાખવા; આ વ્યૂહને **મધ્યભેદી** વ્યૂહ કહે છે. ૩૭

ભાવાર્થઃ—આ વ્યૂહનું નામ **'મધ્યભેદી'** છે, કારણ કે મધ્ય ભાગમાં હાથીઓને રાખી તે ભાગ મજબૂત બનાવેલો હોવાથી તે શત્રુનાં સૈન્યને મધ્ય ભાગથી વિંધે છે. ૩૭

मध्यदेशे हयानीकं रथानीकं तु कक्षयोः ।
पक्षयोश्च गजानीकं व्यूहोऽन्तभिदयं स्मृतः ॥ ३८ ॥

જે વ્યૂહના મધ્ય સ્થાનમાં ઘોડાનું સૈન્ય ઉભું રાખવામાં આવે, બન્ને કક્ષાના સ્થાનમાં રથનું સૈન્ય ઉભું રાખવામાં આવે, બન્ને પક્ષના ભાગમાં હાથીનું સૈન્ય ઉભું રાખવામાં આવે, તેવી સૈન્યરચનાને **અંતભિદ્** નામનો વ્યૂહ કહે છે. ૩૮

ભાવાર્થઃ—આ વ્યૂહના અંત ભાગને એટલે છેડાના ભાગને હાથીના સૈન્યથી મજબૂત કરવામાં આવે છે, તેથી તેના અંતભાગવડે શત્રુનાં સૈન્યને ભેદી શકાય છે. ૩૮

रथस्थाने हयान् दद्यात् पदातींश्च हयाश्रये ।
रथाभावे तु सर्वत्र नागानेव प्रकल्पयेत् ॥ ३९ ॥

રથને ઠેકાણે એટલે બન્ને કક્ષાના સ્થાનમાં ઘોડાઓને ઉભા રાખવા, અને ઘોડાઓના સ્થાનમાં એટલે મધ્ય ભાગમાં પાળાઓને ઉભા રાખવા, અને જો રથો ન હોય તો સર્વ ઠેકાણે હાથીઓને જ ગોઠવવા. આ વ્યૂહને પણ અંતભિદ્ નામનો વ્યૂહ કહે છે. ૩૯

विभज्य प्रक्षिपेद् व्यूहे रथपत्त्यश्वकुञ्जरान् ।
यदि स्याद् दण्डबाहुल्यं स चावापः प्रकीर्तितः ॥ ४० ॥

જો સૈન્ય ઘણું મોટું હોય તો (સૈન્યની દૃઢતા માટે) રથ, પાળા, ઘોડા, અને હાથીની, સૈન્યનાં સર્વ અંગ (ભાગો)માં ભરતી કરવી. આ ભરતીને આવાપ કહે છે. ૪૦

ભાવાર્થ:-સૈન્ય જો વધારે મોટું હોય તો તેમાંથી રથ, ઘોડા, હાથી વગેરેના વિભાગો પાડીને તેની, સૈન્યના સાત ભાગો કહ્યા છે, તેમાં, જરૂર પૂરતી ભરતી કરવી. આવી પાછળથી કરેલી ભરતીને સંસ્કૃત ભાષામાં **આવાપ** કહે છે. **આવાપ** શબ્દનું નિર્વચન આ પ્રમાણે છે:-समंतादुप्यते प्रक्षिप्यते इति आवापः। ચોતરફથી જે નાંખવામાં આવે છે તે આવાપ કહેવાય છે. ૪૦

मण्डलोऽसंहतो भोगो दण्डश्चेति मनीषिभिः ।
चत्वारः प्रकृतिव्यूहा भेदास्त्वेषां प्रकीर्तिताः ॥ ४१ ॥

મંડલ, અસંહત, ભોગ, અને દંડ આ ચાર પ્રકારની સૈન્યરચનાને વિદ્વાનો પ્રકૃતિવ્યૂહ કહે છે, અને આ વ્યૂહના બીજા ઘણા પેટાભેદ નીતિશાસ્ત્રમાં કહ્યા છે. ૪૧

ભાવાર્થ:-આ શ્લોકમાં જે ચાર રચના કહી છે. તે પ્રકૃતિવ્યૂહ એટલે મુખ્ય વ્યૂહ-સ્વાભાવિક સૈન્ય રચના કહેવાય છે, અને તે પ્રત્યેક વ્યૂહના પેટા વિભાગ ઘણા થાય છે. જે હવે પછી દર્શાવવામાં આવશે. ૪૧

तिर्यग्वृत्तिस्तु दण्डः स्याद् भोगोऽन्यावृत्तिरेव च ।
मण्डलैः सर्वतोवृत्तिः पृथग्वृत्तिरसंहतः ॥ ४२ ॥

જે વ્યૂહમાં પક્ષ, કક્ષ વગેરેનું તિર્યક્ વર્તન હોય, તે દંડ વ્યૂહ કહેવાય છે. સર્પના શરીરની પેઠે જે વ્યૂહમાં સર્વ અનીકો, એક પછી એક ગુંથાયેલી સાંકળની પેઠે ચાલે છે, તે ભોગ વ્યૂહ કહેવાય છે. જેમાં અનીકોને સર્વ તરફ ફેરવી શકાય છે, તે મંડલ વ્યૂહ કહેવાય છે; અને જેમાં છૂટી છૂટી અનીકોને ઉતારવામાં આવે છે, તે વ્યૂહ અસંહત વ્યૂહ કહેવાય છે. ૪૨

ભાવાર્થ–પક્ષીઓ તિર્યચ્ એટલે તિરછી ગતિ કરનારાં હોય છે, તેથી તેને તિર્યચ્ કહેવામાં આવે છે. તેમ દંડ વ્યૂહ column formation માં પણ સૈન્ય તિરછી ગતિથી શત્રુના સૈન્ય ઉપર ચઢાઈ કરે છે, તેથી તેને તિર્યગ્વૃત્તિ કહેવામાં આવે છે. પક્ષીઓ આકાશમાં ઉડતી વખતે જે પ્રમાણે ગતિ કરે છે, તે પ્રમાણે ગતિ કરવી તેનું નામ તિર્યક્ ગતિ. ભોગ એ સર્પનું નામ છે. સર્પનાં હાડકાં એક બીજામાં, સાંકળની પેઠે, સંકેલાયલાં હોય છે, અને તેથી સર્પ આડોઅવળો, અર્ધગોળાકાર, પૂર્ણગોળાકાર ગમે તેમ ફરી શકે છે. અત્રે અનીકો અથવા ટુકડીઓને શત્રુના સૈન્યપર એકની પાછળ એક, તૂટ્યા વગર, હલ્લો કરવાને ઉતારવામાં આવે છે. એ ટુકડીઓને એવી ખૂબીથી એક બીજામાં ગુંથી દીધેલી હોય છે કે, શત્રુ તેમાં આંચો પડતો જોઈ શકતો નથી. વળી એવી રીતે ગુંથેલી ટુકડીઓને આડીઅવળી ફેરવવામાં આવે છે. તેથી આવા પ્રકારની સૈન્યરચના કરી લડવામાં આવે ત્યારે ભોગવ્યૂહ રચેલો કહેવાય. અનીકો વ્યૂહમાં ગોઠવીને ચારે તરફ જ્યારે ઘુમાવવામાં આવે છે ત્યારે તે મંડલ વ્યૂહ કહેવાય છે. શત્રુઓ જ્યારે ચોતરફથી ઘેરી લે ત્યારે મંડલાકારમાં સૈન્યને ગોઠવીને તેની સામે યુદ્ધ કરવાનો પ્રસંગ પડે છે. સૈન્યની ટુકડીઓ છૂટી છૂટી વેરાઇને ચઢાઈ કરે, તેવા વ્યૂહને પૃથગ્વૃત્તિ–open formation, કહે છે. બીજા વ્યૂહોમાં આગલી પાછલી હારોમાં પાંચ પાંચ ધનુષના જેટલો માર્ગ રહેવો જોઇએ, પરંતુ અસંહત વ્યૂહમાં પાંચ ધનુષના કરતાં અધિક માર્ગ પણ રહે છે. ૪૨

प्रदरो दृढकोऽसह्यश्चापस्तत्कुक्षिरेव च ।
प्रतिष्ठः सुप्रतिष्ठश्च श्येनो विजयसञ्जयौ ॥ ४३ ॥
विशालविजयः सूची स्थूणाकर्णश्चमूमुखः ।
झषास्यो वलयश्चैव दण्डभेदाः सुदुर्जयः ॥ ४४ ॥

[१] प्रदर, [२] दृढक, [३] असह्य; [४] चाप, [५] चापकुक्षि, [६] प्रतिष्ठ; [७] सुप्रतिष्ठ, [८] श्येन, [९] विजय, [१०] संजय, [११] विशालविजय, [१२] सूची, [१३] स्थूणा-

કર્ણ, ૧૪ ચમૂમુખ, ૧૫ ઝષાસ્ય, ૧૬ વલય, અને ૧૭ સુદુર્જય, આ દંડ વ્યૂહના ભેદ છે. ૪૩-૪૪

अतिक्रान्तः प्रतिक्रान्तः कक्षाभ्यां कक्षपक्षतः ।
अतिक्रान्तश्च पक्षाभ्यां त्रयोऽन्ये तु विपर्यये ॥ ४५ ॥

જે દંડ વ્યૂહમાં કક્ષનો ભાગ બહાર નિકળતો હોય અને ઉરસ્યનો તથા પક્ષનો ભાગ અંદર રહેલો હોય, તે પ્રદર નામનો વ્યૂહ કહેવાય છે; જે દંડ વ્યૂહમાં કક્ષ તથા પક્ષના ભાગ અંદર પેઠેલા હોય અને ઉરસ્યનો ભાગ બહાર નિકળતો હોય, તે દૃઢક નામનો વ્યૂહ કહેવાય છે; જે દંડ વ્યૂહની બંને પક્ષો (પાંખો) બહાર નિકળતી હોય અને કક્ષ તથા ઉરસ્ય અંદરના ભાગમાં હોય, તે असह्य વ્યૂહ કહેવાય છે. પ્રદર આદિ ત્રણ વ્યૂહને ઉલટા ગોઠવવાથી चाप, चापकक्षि અને प्रतिष्ठ નામના બીજા ત્રણ વ્યૂહ થાય છે. (એટલે જે દંડ વ્યૂહમાં कक्ष અંદરના ભાગમાં હોય અને જેનો चापના જેવો એટલે ધનુષના જેવો આકાર હોય, તે चापव्यूह કહેવાય છે. જેના કક્ષ તથા पक्ष બંને બહાર નિકળતા હોય, અને उरस्यનો ભાગ અંદર પેઠેલો હોય, તે चापकक्षि કહેવાય છે. જેના બંને પક્ષ અંદર પેઠેલા હોય અને બીજી અનીક (સેના) રેખારૂપે રહેલી હોય, તે વ્યૂહ प्रतिष्ठ કહેવાય છે. ૪૫

पक्षोरस्यैरतिक्रान्तः प्रविष्टोऽन्यो विपर्यये ।
स्थूणापक्षो धनुःपक्षो द्विस्थूणो दण्ड ऊर्ध्वगः ॥ ४६ ॥

જે દંડ વ્યૂહના બહાર નિકળતા હોય અને उरस्य અંદર પેઠેલું હોય, તે सुप्रतिष्ठित વ્યૂહ કહેવાય છે; તેથી ઉલટો વ્યૂહ એટલે જેના પક્ષ અંદર પેઠેલા હોય અને उरस्यનો ભાગ બહાર નિકળેલો હોય અને કક્ષનો ભાગ મધ્યમાં આવ્યો હોય, તે श्येन (શકરો અથવા બાજ) વ્યૂહ કહેવાય છે. જેની બન્ને પક્ષ (પાંખ) स्थूणा કહેતાં થાંભલીના જેવી

લાંબી ને મજબૂત હોય, તેને વિજય વ્યૂહ કહે છે. (આ વ્યૂહનો સમુદાય એક ષષ્ઠાંશ હોય છે અને તેમાં સત્તર અનીક હોય છે.) જે દંડવ્યૂહ ની બન્ને પાંખમાં ચાપ વ્યૂહ ગોઠવ્યો હોય, તે સંજય નામનો વ્યૂહ કહેવાય છે. (આ વ્યૂહનો સમુદાય એક ષષ્ઠાંશ હોય છે, અને તેમાં તેર અનીક હોય છે.) જે દંડ વ્યૂહમાં સાથે સાથે ઉપર બે સ્થૂણા કર્ણની ગોઠવણ કરી હોય, તે વ્યૂહને વિશાલવિજય કહે છે. (આ વ્યૂહનો સમુદાય એક ષષ્ઠાંશ હોય છે અને આ વ્યૂહમાં ચૌદ અનીક હોય છે.) જે દંડવ્યૂહમાં પક્ષાદિકની ઉપરાઉપર દંડાકારે ગોઠવણ કરવામાં આવે, તે સૂચી વ્યૂહ કહેવાય છે. ૪૬

द्विगुणान्त्यस्त्रभिक्रान्तपक्षोऽन्योऽस्य विपर्यये ।
द्विचतुर्दण्ड इत्येते ज्ञेया लक्षणतः क्रमात् ॥ ४७ ॥

જે દંડ વ્યૂહમાં પક્ષ બમણો કરવામાં આવ્યો હોય, તે વ્યૂહ સ્થૂણાકર્ણ કહેવાય છે. જે દંડ વ્યૂહમાં ત્રણ ત્રણ પક્ષ બહાર નિકળ્યા હોય, તે चमूमुख વ્યૂહ કહેવાય છે. (તેમાં અગ્યાર અનીક હોય છે.) જે દંડવ્યૂહમાં પક્ષ અંદરના ભાગમાં રહેલો હોય, તે ઋષ નામનો વ્યૂહ કહેવાય છે. (તેમાં અગ્યાર અનીક હોય છે.) જેમાં બે દંડ વ્યૂહ ગોઠવ્યા હોય, તે बलय નામનો વ્યૂહ કહેવાય છે (ને તેમાં અગ્યાર અનીક હોય છે.) જેમાં ચાર દંડ વ્યૂહ ગોઠવ્યા હોય તે दुर्जय વ્યૂહ કહેવાય છે (અને તેમાં વીસ અનીક હોય છે.) આ રીતે તેનાં લક્ષણ ઉપરથી આ વ્યૂહોને અનુક્રમે જાણવા. ૪૭

गोमूत्रिकाहिसारी च शकटो मकरस्तथा ।
भोगभेदाः समाख्यातास्तथा परिपतान्तिकः ॥ ४८ ॥
दण्डपक्षौ युगोरस्यः शकटस्तद्विपर्यये ।
मकरो व्यवकीर्णश्च शेषः कुञ्जरवाजिभिः ॥ ४९ ॥

ભોગ વ્યૂહના ભેદ આ પ્રમાણે કહ્યા છેઃ–**ગોમૂત્રિકા, અહિસારી, શકટ, મકર,** અને **પરિપતન્તિક** બળદના મૂત્રનો સેરડો જેમ ચોકડીની પેઠે પડે છે તેવા આકારનો ભોગ વ્યૂહ **ગોમૂત્રિકા** વ્યૂહ કહેવાય છે. (આ નામ અર્થાનુસારી છે તેથી તેને માટે ખાસ લક્ષણ કહેવામાં આવ્યું નથી.) જે **ભોગ** વ્યૂહ સર્પની પેઠે ચાલે છે તે **અહિસારી** કહેવાય છે. (આ નામ પણ અર્થાનુસારી હોવાથી તેને માટે ખાસ લક્ષણ કહેવામાં આવ્યું નથી.) જેમાં ઉરસ્યને બમણો ગોઠવ્યો હોય અને તેની આસપાસ પક્ષોને દંડાકારે ઉત્તરોત્તર લાંબા ગોઠવ્યા હોય તે વ્યૂહ **શકટ** કહેવાય છે. તેનાથી ઉલટો વ્યૂહ **મકર** વ્યૂહ કહેવાય છે. (એટલે જેમાં ઉરસ્ય એક હોય અને તેના પક્ષો લાંબા ગોઠવ્યા ન હોય તે. આ બન્ને વ્યૂહમાં છ છ અનીક હોય છે.) જેમાં ઘોડાઓ તથા હાથીઓ ભરપૂર હોય, તે વ્યૂહ **પરિપતંતિક** કહેવાય છે. ૪૮–૪૯

ભાવાર્થઃ–અડતાલીસમા શ્લોકમાં ભોગ વ્યૂહનાં નામ કહ્યાં છે ને ૪૯ મા શ્લોકમાં તેનાં લક્ષણ કહ્યાં છે. ટીકાકાર આ શ્લોકમાં શેષઃ પદનો શકટ તથા મકર વ્યૂહની સાથે અન્વય કરે છે; પરંતુ શેષ પદનો પરિપતંતિકની સાથે અન્વય કરવાથી કુંજરવાજિભિઃ વ્યવકીર્ણશ્ચ એ વાક્યને પતંતિકનું વિશેષણ કરવાથી ગ્રંથ બરાબર લાગે છે અને દુરન્વય કરવાનો પ્રસંગ આવતો નથી. ૪૯ મા શ્લોકમાં પ્રથમ શકટ વ્યૂહનું લક્ષણ કહ્યું છે, તે પછી મકર વ્યૂહનું લક્ષણ કહ્યું છે, અને તે પછી પરિપતન્તિકનું લક્ષણ કહેવું જોઇએ. તે ૪૯ ના ચોથા ચરણથી કહ્યું છે. પરિપતંતિક એટલે ચારે તરફથી ચઢાઈ લઈ જનારો વ્યૂહ. ઉપાધ્યાયનિરપેક્ષા ટીકાના સંસ્કારકર્તા 'परिपतंतकः' આવો પાઠ કલકત્તાના પુસ્તકમાં છપાયેલો હતો, તે પાઠને અપ પાઠ (અશુદ્ધ પાઠ) માનીને કહે છે કે, 'पूर्वश्लोके (४८) परिपताकक: इत्यत्र परिपतंतकः इति मुद्रितपुस्तकपाठो न समीचीनः' પરંતુ કૌટિલીય અર્થશાસ્ત્રમાં पारिपतंतकः એવો પાઠ છે. અત્રે એક વાત ધ્યાનમાં રાખવાની છે અને તે એ કે ભોગવ્યૂહમાં અનીકો અથવા ટુકડીઓ એક બીજાની સાથે સંકલાયલી જ રહેવી જોઇએ. તે જો ભિન્ન પડી જાય તો સૈન્યની

હાર થાય. માટે નાયકે તે તૂટે નહિ, તેની સંભાળ રાખવામાં જ ખૂબી છે. એ ટુકડીઓ એક બીજામાં સંકેલાયલી રાખવામાં આકૃતિ ગમે તેવી થાય અને ટુકડીઓની ગતિ ગમે તેમ ફેરવવામાં આવે. ૪૮–૪૯

मण्डलव्यूहभेदौ च सर्वतोभद्रदुर्जयौ ।
अष्टानीको द्वितीयस्तु प्रथमः सर्वतोमुखः ॥ ५० ॥

મંડલ વ્યૂહના બે ભેદ છેઃ સર્વતોભદ્ર અને દુર્જય. બીજામાં આઠ અનીક હોય છે, અને પ્રથમ વ્યૂહનાં મુખ સર્વ તરફ હોય છે. ૫૦

ભાવાર્થઃ–આ શ્લોકમાં મંડલ વ્યૂહના ભેદ કહ્યા છે. મંડલ એટલે ચોતરફ ગોળાકાર ઉભા રહેવું તે. ટીકાકાર કહે છે કે;–'सर्वतोवृत्ति मंडलः' મંડલ વ્યૂહમાં સર્વ સૈન્યની મંડલાકારે રચના કરવામાં આવે છે કે જેથી તે સર્વ બાજુએ ગતિ કરી શકે છે. મંડલ વ્યૂહમાં જે સૈન્યવ્યૂહ સર્વ તરફ મુખ કરીને ઉભું રહે, તે વ્યૂહ સર્વતોભદ્ર કહેવાય છે. શત્રુઓ ચોતરફથી હલ્લો કરીને ઘેરી લે ત્યારે સર્વતોભદ્ર નામનો વ્યૂહ ગોઠવીને શત્રુની સાથે લઢવાનો પ્રસંગ આવે છે. જે તરફથી વિશેષ ભય જણાય, તે તરફ કક્ષને તથા પક્ષને બેવડું ગોઠવવામાં આવે ત્યારે તે દુર્જય નામનો વ્યૂહ કહેવાય છે. આ વ્યૂહ પણ મંડળાકાર તો ખરો. કારણ કે આ પણ મંડલ વ્યૂહનો જ એક ભેદ છે. આમાં આઠ અનીક હોય છે. કોઇને શંકા થશે કે; ૧૯મા સર્ગના ૪૯મા શ્લોકમાં કહ્યું છે કેઃ–'सर्वतोभद्रेण यायात् सर्वतोभद्रथી ચઢાઈ કરવી.' પરંતુ ચોતરફ મુખ કરીને ઉભેલું સર્વતોભદ્ર સૈન્ય બાજુના ભાગમાં અથવા તો સન્મુખના ભાગમાં કેવી રીતે કુચ કરી શકે? આનું સમાધાન એ છે કે;–જ્યારે ચોતરફથી ભય આવે, એટલે કે શત્રુની સેના ચોતરફથી આપણાં સૈન્યને ઘેરી લે ત્યારે સૈન્યે મંડળાકારે ઉભી જઈ, ચોતરફ મુખ કરીને શત્રુના ઘેરાની સામે યુદ્ધ કરવું. ચઢાઈ વખતે તો જે તરફ ચઢાઈ કરવી હોય, તે તરફ જ મુખ કરીને ચાલવું પડે છે, પણ શત્રુને ઘેરવાને માટે ચારે તરફથી સૈન્ય મોકલવું પડે છે. ૫૦

अर्धचन्द्रक उद्धानो वज्रो भेदास्त्वसंहते ।
तथा कर्कटशृङ्गी च काकपादी च गोधिका ॥ ५१ ॥

અસંહત વ્યૂહના [1]અર્ધચંદ્ર, [2]ઉદ્ધાનક, [3]વજ્ર, [4]કર્કટકશૃંગી (કાકડા-શીંગી), [5]કાકપાદી અને [6]ગોધિકા આટલા ભેદ છે. ૫૧

त्रिचतुःपञ्चसैन्यानां ज्ञेया आकारभेदतः ।
इति व्यूहाः समाख्याता व्यूहभेदप्रयोक्तृभिः ॥ ५२ ॥

અર્ધચંદ્ર અને કર્કટકશૃંગી માં ત્રણ અનીક હોય છે, ઉદ્ધાનક અને કાકપાદીમાં ચાર ચાર અનીક હોય છે, અને વજ્રમાં તથા ગોધિકામાં પાંચ પાંચ અનીક હોય છે. આ વ્યૂહ તેના નામાનુસાર આકાર ઉપરથી જાણવા. આ રીતે વ્યૂહના ભેદના પ્રયોગ કરનારાઓએ વ્યૂહ કહ્યા છે. ૫૨

ભાવાર્થ:-અર્ધચંદ્ર અને કર્કટશૃંગી (કાકડાશીંગી) પોતાના નામ પ્રમાણે અર્ધચંદ્રના આકારના તથા કાકડાશીંગીના આકારના હોય છે. ઉદ્ધાનક (ઢોલ) અને કાકપાદી (કાગડાના પગ) આ બે વ્યૂહ નગારાના જેવા ને કાગડાના પગની આંગળીના જેવા હોય છે. તે પ્રમાણે વજ્ર અને ગોધિકા વ્યૂહને પણ વજ્રના આકારના અને ચંદનધોના આકારના જાણવા. આજ દિવસ સૂધી ગદા, અંકુશ, પરશુ વગેરે શસ્ત્રોની પેઠે વજ્રનું ચિત્ર કોઈપણ ઠેકાણે કોઇએ પણ આલેખેલું જોવામાં આવ્યું નથી. વજ્રની ઉત્પત્તિ દધીચિના હાડકામાંથી થઈ છે, અને તેનું કોશમાં શતકોટિ એવું નામ છે. શતકોટિ એટલે સો અણીવાળું.

ટીકાકાર પ્રથમ અર્ધચંદ્ર અને કર્કટશૃંગી નામના વ્યૂહની રચના દર્શા-વતાં કહે છે:-કક્ષના ભાગને તેના સ્થાન ઉપર જ ગોઠવવો, ઉરસ્યના ભાગને મધ્યભાગથી કંઇક અંદરના ભાગમાં રાખવો, અને બન્ને પક્ષને બહાર નિકળતા રાખવા અને ત્રણ અનીક અંદર દાખલ થાય અને બહાર નિકળી શકે તેવી ગોઠવણ કરવી. આ વ્યૂહ અર્ધચંદ્રના આકારનો હોય છે, તેથી તેને અર્ધચંદ્ર કહે છે. આ વ્યૂહ, દણ્ડવ્યૂહના એક ભેદ ચાપવ્યૂહને મળતો આવે છે.

ઉરસ્યના ભાગને અંદર રાખવો, પક્ષના ભાગને કક્ષથી બમણો ગોઠ-

વવો અને તેમાં ત્રણ અનીકને ગોઠવવી. આ વ્યૂહ कर्कटकशृंगी કહેવાય છે. કારણ કે તેનો આકાર કર્કટકશૃંગી એટલે કાકડાશીંગના જેવો હોય છે.

જેમાં કક્ષ તથા પક્ષ ચાર ખૂણાના ભાગમાં રહે છે અને ઉરસ્ય મધ્ય ભાગમાં રહે છે તથા જેમાં ચાર અનીક પ્રવેશ કરી શકે અને બહાર પણ નિકળી શકે આવી વ્યવસ્થા હોય, અને જેનો આકાર उद्धानक ના જેવો એટલે ઢોલના જેવો હોય, તે उद्धानक વ્યૂહ કહેવાય છે.

જે વ્યૂહના મધ્યભાગમાં ઉરસ્યને સ્થાપવામાં આવે, બન્ને બાજુ ઉપર તથા આગળની અને પાછળની હારમાં કક્ષ તથા પક્ષને અનુક્રમથી વિસ્તારપૂર્વક ગોઠવવામાં આવે અને ચાર અનીકની ગોઠવણ કરી હોય, તથા જેની રચના કાગડાના પગની પેઠે કરવામાં આવી હોય, તે काकपदी વ્યૂહ કહેવાય છે. વજ્ર વ્યૂહ કરવો હોય ત્યારે ઉરસ્યના ભાગમાં નવ હાથીઓની ગોઠવણ કરવી, તેની પાછળના ભાગમાં અનુક્રમે પાંચ અને ચાર હાથીઓ ગોઠવવા, તેની પાછળ બે બે અને તેની પાછળ એક એક હાથીની ગોઠવણ કરવી, અને શાખાના ભાગમાં એટલે આજુબાજુના ભાગમાં ત્રણ ત્રણ હાથીની ગોઠવણ કરવી. આ વ્યૂહનો આકાર વજ્રના જેવો હોય છે, તેથી તે वज्रव्यूह કહેવાય છે.

વજ્રનો આકાર કોઈ ગ્રંથમાં વર્ણવ્યો નથી; પરંતુ તેના કાર્ય ઉપરથી જણાય છે કે, તે ધારવાળું હોવું જોઇએ. કારણ કે ઇંદ્ર વારંવાર પર્વતની પાંખો કાપવામાં તેનો ઉપયોગ કરતો હતો. વળી તેનું સંસ્કૃતમાં शतकोटि એવું નામ છે. જુઓ અમર કોશઃ 'शतकोटिःसरुःशंबो.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે, વજ્રને સો ધાર હોવી જોઇએ, પરંતુ તે ધાર કેવી રીતે હશે અને તેનો આકાર કેવો હશે, એ ધ્યાનમાં આવતું નથી. તેમ ટીકાકાર પણ આ વજ્ર-વ્યૂહની ટીકામાં તેનો જોઇએ તેવો ખુલાસો કરતા નથી, તેમ ટીકાગ્રંથ, ઉપરનીચે થઈ જવાથી અથવા તો ગલિત થવાથી વજ્રવ્યૂહનો યથાર્થ રીતે નિર્ણય થઈ શકતો નથી. છઠ્ઠો વ્યૂહ गोधाव्यूह છે.

આ વ્યૂહમાં ઉરસ્યના ભાગને અને પક્ષના ભાગને તેના સ્થાન ઉપર ગોઠવવા; गोधाव्यूहના મધ્ય ભાગમાં આરંભમાં બે, તે પછી ત્રણ અને તે પછી બે એમ અનીકની ગોઠવણ કરવી; મસ્તકના ભાગમાં એક અને જીભના ભાગમાં એક અનીક ગોઠવવી; મુખમાં એક, પક્ષમાં બે,

પગના ભાગમાં ત્રણ અને પુચ્છના ભાગમાં એક અનીકની ગોઠવણ કરવી. આ વ્યૂહની રચના ગોધાના જેવી હોવાથી આ વ્યૂહ ગોધાવ્યૂહ કહેવાય છે. આ વ્યૂહની ટીકા પણ અસ્તવ્યસ્ત અને ગલિત હોવાથી મૂળ ગ્રંથ સંદિગ્ધ રહે છે, ને ટીકાકારનો આશય જરા પણ સમજાતો નથી. છેવટે ગોધાવ્યૂહને પંચપુચ્છોડ્યં એમ કહે છે, પરંતુ તે પાંચ પુછડાવાળો કેવી રીતે, તે સમજાતું નથી.

एते सप्तदश प्रोक्ता दण्डव्यूहास्तु भेदतः ।
तथा व्यूहद्वयं चैव मण्डलस्य समासतः ॥ ५३ ॥
असंहतास्तु षड् व्यूहा भोगव्यूहास्तु पञ्चधा ।
व्यूहज्ञैस्ते प्रयोज्याः स्युर्युद्धकाल उपस्थिते ॥ ५४ ॥

આ રીતે દંડવ્યૂહના સત્તર ભેદ કહ્યા છે. મંડલવ્યૂહના સંક્ષેપમાં બે ભેદ કહ્યા છે. અસંહત વ્યૂહના છ ભેદ કહ્યા છે. યુદ્ધ કરવાનો સમય ઉપસ્થિત થાય ત્યારે વ્યૂહ જાણનારાઓએ આ વ્યૂહોનો પ્રયોગ કરવો. ૫૩-૫૪

(श्येनः सूचीमुखो वज्रः शकटो मकरोऽम्बुजः ।
इत्यादयः स्मृता व्यूहास्तदाकारान् प्रकारयेत् ॥)

श्येन (શકરો), सूचीमुख (સોઇના મુખ જેવો), वज्र, शकट, मकर અને अंबुज (કમળ) ઇત્યાદિ વ્યૂહ, શાસ્ત્રમાં કહ્યા છે. તેના આકારો (નામ પ્રમાણે) રચવા.

ભાવાર્થઃ-અત્રે વ્યૂહ રચના એટલે કે અમુક આકારમાં સૈન્ય ગોઠવવું એમ જ સમજવામાં આવે છે, પરંતુ લડાઇના મેદાનમાં લડાઈ શરુ થતાં તેવી રચના ટકી શકતી નથી. કોઈ પણ લડાઇમાં એવી રીતે ગોઠવેલું સૈન્ય અંત સૂધી ટકી રહેલું જાણીતું નથી. લડાઇમાં પોતાને હલ્લો ઝીલવાનો હોય ત્યારે અમુક રીતે પોતે સ્થિતિ કરીને રહે, પણ શત્રુના હલ્લાની સ્થિતિ જોઇને ટુકડીઓની ફેરફારી કરવી જ પડે છે. તેમ જ સામો હલ્લો કરવો હોય ત્યારે શત્રુનાં સૈન્યની વ્યવસ્થા પ્રમાણે પોતાને વ્યવસ્થા કરવી પડે છે. હુશિયાર યુદ્ધવિધાન આજે તે કહેવાય છે કે, જે શત્રુને પોતાની ઇચ્છાનુસાર સૈન્યની વ્યવસ્થા કરવાની ફરજ પાડે છે અને શત્રુની ગોઠ-

વણીને ઉંધી વાળે છે. ૪૨ મા શ્લોકમાં જૂદા જૂદા પ્રકારના વ્યૂહોની રચનાનાં લક્ષણ કહેતાં વૃત્તિ એ દરેક વ્યૂહનો સામાન્ય ગુણ કહ્યો છે. દણ્ડવ્યૂહમાં તિર્યક્ વૃત્તિ, ભોગ વ્યૂહમાં અન્વાવૃત્તિ, મણ્ડલ વ્યૂહમાં સર્વતો વૃત્તિ, અને અસંહત વ્યૂહમાં પૃથક્ વૃત્તિ કહી છે. તિર્યક્ એટલે આડા અવળી, અનુ+આ એટલે એકની પાછળ એક, સર્વતો એટલે સર્વ દિશામાં અને પૃથક્ એટલે છૂટી છૂટી વૃત્તિ એટલે ગતિ–ટુકડીઓની ગતિ. જેમ શેતરંજમાં ખેલાડી પ્યાદાંઓ, મોહરાંઓ ફેરવે, તેમ અત્રે રણાંગણમાં યુદ્ધવિધાનક પણ ટુકડીઓને ફેરવે–ઘૂમાવે. આ મૂળ લક્ષણો ધ્યાનમાં રાખીને વ્યૂહના પ્રકાર પાડવા જોઇએ. પરંતુ લેખકો તે વાત ભૂલી ગયા છે અને માત્ર આકારપર જ ધ્યાન આપ્યું છે. સોપાન વ્યૂહની રચના જે દણ્ડનો વ્યૂહનો ભેદ છે, તે મહાન્ યુદ્ધ વિધાનક નેપોલિયને કરી હતી, અને તેમાં ટુકડીઓનાં ચોસર ગોઠવી એકની પાછળ એક દાદરની માફક આડા ઉતાર્યા હતા. આવી જ રચના ગ્રીક સેનાની એપીમીનોન્ડાસે પણ કરી હતી. એ જ સૂચવે છે કે, વૃત્તિ એટલે ગતિ એ મુખ્ય ભાવ છે અને તે ધ્યાનમાં રાખ્યા વિના આકારપર જ આધાર રાખવો નિરર્થક છે.

'વ્યૂહ વિકલ્પ' નામનું પ્રકરણ ૩૫ મું સમાપ્ત.

સર્ગ ૨૦ મો–પ્રકરણ ૩૬ મું

પ્રકાશ યુદ્ધ

पक्षादीनामथैकेन हत्वा शेषैः परिक्षिपेत् ।
उरसा वा समाहत्य कोटिभ्यां परिवेष्टयेत् ॥ ५५ ॥

પક્ષ વગેરેમાંની કોઈ એક અનીકથી (સૈન્યથી) શત્રુનાં સૈન્યને હણવું (ઘાયલ કરવું) અને બીજી અનીકોથી ચઢાઈ કરીને (શત્રુના સૈન્યને) ચોતરફ નસાડવું અથવા તો ઉરસ્યના ભાગથી (શત્રુના સૈન્યને) સારી પેઠે હણીને (ઘાયલ કરીને) પ્રપક્ષથી તેને ઘેરી લેવું. ૫૫

ભાવાર્થઃ–આ છત્રીશમા પ્રકરણમાં પ્રકાશ યુદ્ધની એટલે જાહેર રીતે યુદ્ધ

કરવાની વાત કહેવામાં આવશે. જાહેર યુદ્ધ ક્યારે કરવું અને કૂટ યુદ્ધ ક્યારે કરવું, આ વાત આ ગ્રંથના ૩૧મા પ્રકરણના ૫૪મા શ્લોકમાં કહી છે. ૫૫

परकोटी समाक्रम्य पक्षाभ्यां सप्रतिग्रहः ।
कोटिभ्यां जघनं हन्यादुरसा च प्रपीडयेत् ॥ ५६ ॥

અથવા તો પ્રતિગ્રહની સાથે રહીને પોતાની બન્ને પાંખોથી શત્રુની ઉપ પાંખોને ઘેરી લેવી અને પોતાની ઉપ પાંખોથી શત્રુના વ્યૂહના જઘન (ઉપ ઉરસ્ય)ના ભાગનો નાશ કરવો અને પોતાના વ્યૂહના ઉરસ્ય ભાગથી શત્રુનાં સૈન્યને સારી પેઠે પીડવું. ૫૬

(एवं व्यूह्य प्रयत्नेन यत्नवान् पृथिवीपतिः ।
विदारयेद् व्यूहकृतैर्बलैर्वाद्विषतो बलम् ॥)

આવી રીતે રાજાએ પ્રયત્નથી વ્યૂહની રચના કરવી–સૈન્યને ફેરવવું અને વ્યૂહમાં ગોઠવેલાં સૈન્યોથી શત્રુનાં સૈન્યનો પ્રયત્નથી નાશ કરવો.

यतः फल्गु यतो भिन्नं यतो दूष्यैरधिष्ठितम् ।
ततो रिपुबलं हन्यादात्मनश्चोपबृंहयेत् ॥ ५७ ॥

જે બાજુ તરફ શત્રુનું સૈન્ય નિર્બળ હોય, જે બાજુમાં શત્રુનાં સૈન્યને ફોડીને વશ કર્યું હોય, જે બાજુનું સૈન્ય દૂષ્ય એટલે ક્રોધી અથવા તો લોભી હોય, તે તરફના શત્રુનાં સૈન્યનો પ્રથમ નાશ કરવો, અને પોતાનું સૈન્ય જો નિર્બળ હોય તો તેને બળવાન્ બનાવવું. શત્રુના પક્ષમાં ગયું હોય તો તેને સમજાવીને પોતાના પક્ષમાં લેવું, ક્રોધીને સમજાવીને શાંત કરવું અને લોભીને ધન આપીને વશ કરવું. ૫૭

सारं द्विगुणसारेण फल्गु सारेण पीडयेत् ।
संहतं च गजानीकैः प्रचण्डैरपसारयेत् ॥ ५८ ॥

શત્રુનું સૈન્ય બળવાન્ હોય તો તેને બમણા બળવાન્ સૈન્યથી પીડવું, જો નબળું હોય તો તેને બળવાન્ સૈન્યથી પીડવું અને એકઠું થઈને ઉભું હોય તો તેને હાથીઓની પ્રચંડ અનીકોથી પાછું હઠાડવું. ૫૮

दुर्जयान् कारिणः सिंहवसासिक्तैर्मतङ्गजैः ।
आहन्यात् करिणीनां वा समूहैः साध्वधिष्ठितैः ॥ ५९ ॥

મદમત્ત હાથીઓનાં શરીર ઉપર સિંહની ચરબી છાંટવી, તેના ઉપર સારા કેળવાયલા માવતોને બેસાડવા, અને પછી તેનાં સમૂહો (ટોળા)થી શત્રુઓના દુર્જય હાથીઓને હણવા. અથવા તો હાથણીઓના ઉપર સારા માવતોને બેસાડવા અને તેના સમૂહથી શત્રુઓના દુર્જય હાથીઓને હણવા. ૫૯

ભાવાર્થઃ—હાથી એ સેનાનું એક અંગ ગણાય છે અને પૂર્વે હિંદુસ્તાનના રાજાઓ યુદ્ધમાં હાથીઓનો ઉપયોગ કરતા હતા. આ શ્લોકમાં હાથીઓના યુદ્ધની વાત કહી છે. હાથીઓ સિંહની ગંધ આવવાથી ડરીને નાસી જાય છે. એટલામાટે આ શ્લોકમાં કહે છે કે; હાથીઓના શરીર ઉપર સિંહની ચરબી ચોપડવી. તેનો વાસ આવવાથી શત્રુઓના હાથીઓ એકદમ રણભૂમિ ઉપરથી નાસી જાય છે, અથવા તો ગભરાટને લીધે મરણ પામે છે. પરંતુ તેવી અસર પોતાના હાથીઓપર પણ કેમ ન થાય, તે સમજી શકાતું નથી. તેમ જ હાથણીઓને જોઇને પણ શત્રુના હાથીઓ કામાંધ બની જાય છે અને તેથી તેઓ યુદ્ધ કરી શકતા નથી, અને હાથણીઓ તેઓનો પરાજય કરીને શત્રુના સૈન્ય ઉપર વિજય મેળવે છે. ૫૯

सलोहजालैर्दृढबन्धदन्तैः सुकल्पितैरूर्जितपादरक्षैः ।
प्रवीरयोधैर्मददुर्निवारैर्हन्याद् गजेन्द्रैर्द्विषतामनीकम् ॥ ६० ॥

ગજેંદ્રોના શરીરને લોઢાની જાળીથી ઢાંકી દેવું (કે જેથી શત્રુનાં શસ્ત્રો તેના શરીરમાં પેસી શકે નહિ); તેના દંતુશળને બંધનથી મજબૂત રીતે બાંધવા, કે જેથી તે તૂટી જાય નહિ; તે ગજેંદ્રોને સારી રીતે બખતર પહેરેલા એક બળવાન્ પાદરક્ષકોની પાસે તે હાથીઓની રક્ષા કરાવવી, વીર યોધાઓને તેના ઉપર બેસાડવા, અને મદને લીધે દુઃખથી પાછા હઠાડી શકાય નહિ તેવા ગજેંદ્રોથી શત્રુઓની સેનાને હણવી. ૬૦

एकोऽपि वारणपतिर्द्विषतामनीकं
युक्तं निहन्ति मदसत्त्वगुणोपपन्नः ।
नागेषु हि क्षितिभृतां विजयो निबद्ध-
स्तस्माद् गजाधिकबलो नृपतिः सदा स्यात् ॥ ६१ ॥

મદમત્ત અને સત્વગુણ સંપન્ન (અડગ ધૈર્યવાન્) એવો એક પણ મહાન્ હાથી સ્પષ્ટ રીતે શત્રુની સેનાને હણે છે. રાજાઓનો વિજય હાથીઓના ઉપર આધાર રાખે છે. તે માટે રાજાએ સદા હાથીનું સૈન્ય અધિક રાખવું. ૬૧

ભાવાર્થ:–આ શ્લોકમાં હાથીની પ્રશંસા કરવામાં આવી છે. કામંદકે જ્યારે આ નીતિશાસ્ત્ર રચ્યું હશે ત્યારે અને તે પછી પણ કેટલાંએક સમય સુધી હિંદુસ્તાનના રાજાઓ યુદ્ધમાં હાથીનો ઉપયોગ કરતા હતા. આજથી પચાસ વર્ષ પહેલાં ગુજરાતના અને કાઠિયાવાડના રાજાઓ પણ પોતાના રાજ્યમાં હાથીઓને ખાસ રાખતા હતા. હાથી રાજ્યની શોભા ગણાતી હતી. ગાયકવાડ અને જુનાગઢના નવાબો જ્યારેજ્યારે નગરમાં ફરવા નિકળતા ત્યારે તેઓ હાથીઓની અંબાડીમાં બેસીને નિકળતા હતા. હાથીઓની શાળાઓમાં જેને ગુજરાતી ભાષામાં અઘડ કહે છે ત્યાં અઠવાડિયામાં બે વાર હાથીઓની સાઠમારી થાતી. સારા રાજાઓએ હાથી રાખવા જ જોઇએ અને હાથીઓ રાજનું ભૂષણ છે, એમ આજથી પચાસ વર્ષ પૂર્વે મનાતું હતું. પરંતુ હાલમાં એ બધું અસ્ત પામ્યું છે. કાઠિયાવાડમાં કોઈજ ઠેકાણે ભાગ્યે હાથી હશે. ૬૧

ઇતિ 'પ્રકાશયુદ્ધ' નામનું પ્રકરણ ૩૬ મું સમાપ્ત.

ઇતિ શ્રી કામંદકીયનીતિસારમાં હાથી, ઘોડા, રથ અને પાળાનાં કર્મ, પાળા, ઘોડા, રથ અને હાથીને ચાલવા યોગ્ય ભૂમિ, દાનપ્રકાર, વ્યૂહના પ્રકાર અને [illegible] નામનો ૩૭ મો સમાપ્ત.

સમાપ્ત